ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-103
# શિક્ષક-પ્રશિક્ષણ

વિભાગ

# 1

## શિક્ષક - પ્રશિક્ષણ : ભૂમિકા

**એકમ-1** શિક્ષક-શિક્ષણ

**એકમ-2** શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

**એકમ-3** શિક્ષક-શિક્ષણના પ્રકારો

## ES-103, શિક્ષક-પ્રશિક્ષણ (વિભાગ-1)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. સોનલ પટેલ** | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-078-6**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-103 શિક્ષક-પ્રશિક્ષણ


**વિભાગ-1 શિક્ષક - પ્રશિક્ષણ : ભૂમિકા**

એકમ-1 શિક્ષક-શિક્ષણ

એકમ-2 શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

એકમ-3 શિક્ષક-શિક્ષણના પ્રકારો

**વિભાગ-2 શિક્ષક - પ્રશિક્ષણમાં અધ્યયન-અધ્યાપન**

એકમ-4 શિક્ષક-પ્રશિક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

એકમ-5 શિક્ષક-શિક્ષણમાં આચાર્યોની ભૂમિકા

એકમ-6 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

એકમ-7 શિક્ષક-શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન

**વિભાગ-3 શિક્ષક-પ્રશિક્ષણની નીતિઓ**

એકમ-8 ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણને સંબંધિત બંધારણ

એકમ-9 ભારતમાં શિક્ષણ માટેનું નીતિ ઘડતર

એકમ-10 ભારતમાં શિક્ષક-શિક્ષણને સંબંધિત બંધારણ નીતિ ઘડતર અને પ્રતિનિધિ સંસ્થાઓ

**વિભાગ-4 ભારતમાં શિક્ષણ-પ્રશિક્ષણ**

એકમ-11 અધ્યયન એક વ્યવસાય

એકમ-12 બ્રેઈન સ્ટોર્મિંગ

એકમ-13 ભારતમાં સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ સંકલ્પના, માળખું, પ્રકારો

એકમ-14 શિક્ષણ-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 1

# શિક્ષક-શિક્ષણ

## : રૂપરેખા :

1. 1 ઉદ્દેશો

1. 2 પ્રસ્તાવના

1. 3 શિક્ષક-શિક્ષણ અંગેની સમજ

   1. 3. 1 અર્થ અને મહત્ત્વ

   1. 3. 2 શિક્ષક-પ્રશિક્ષણના ઘટકો

   1. 3. 3 શિક્ષક-શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણ

   1. 3. 4 શિક્ષક-શિક્ષણની જરૂરિયાત

   1. 3. 5 શિક્ષક-શિક્ષણના ઉદ્દેશો

   1. 3. 6 શિક્ષક-શિક્ષણના હેતુઓ

   1. 3. 7 શિક્ષણના હેતુઓ

1. 4 તમારી પ્રગતિ ચકાસો

1. 5 સારાંશ

1. 6 સ્વાધ્યાય

1. 7 ચર્ચા માટેના મુદ્દાઓ

1. 8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 1. 1 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે . . .

- એકમનો પરિચય મેળવી શકશો.
- શિક્ષક-શિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.
- શિક્ષક-શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણ વિશે સમજી શકશો.
- શિક્ષક-શિક્ષણની જરૂરિયાત જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણના ઉદ્દેશ્યો જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણના હેતુઓ જાણી શકશો.

## 1. 2 પ્રસ્તાવના

શિક્ષણ એ માનવના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે. માનવની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય તે કેળવણી (શિક્ષણ) છે. રાષ્ટ્રનું નવનિર્માણ તેના ચરિત્રવાન અને કર્તવ્યનિષ્ઠ નાગરિકોનું ઘડતર તેના ક્ષમતાવાન, કાર્યકુશળ અને પ્રતિબદ્ધ શિક્ષકો કરતા હોય છે. પરંતુ ક્ષમતાવાન, કાર્યકુશળ અને પ્રતિબદ્ધ એવા શિક્ષકોને તૈયાર કરે છે શિક્ષક-પ્રશિક્ષકો. આમ, શિક્ષક-પ્રશિક્ષકો સમગ્ર શિક્ષણ ઉપક્રમમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. તેઓ જ રાષ્ટ્ર નિર્માણ કે સામાજિક ક્રાંતિના અગ્રદૂત હોય છે. શિક્ષકના આ ઓજસને લક્ષ્યમાં રાખીને આચાર્ય ચાણક્યએ કહેલું, ''શિક્ષક કદી પામર નથી હોતો, તે સદૈવ અસાધારણ હોય છે. '' તેનો પડઘો સન 1986ની રાષ્ટ્રીય શિક્ષણનીતિના દસ્તાવેજમાં આ રીતે પડઘાય છે. કોઇ પણ સમાજનું સ્તર તેનાં વિદ્યાલયોમાં શિક્ષણ કાર્ય કરનાર શિક્ષકોના સ્તરથી કદી પણ વધુ ઊંચું હોતું નથી. તેથી જ રાષ્ટ્રના નવનિર્માણ કે સામાજિક નવોત્થાન માટે ક્ષમતાવાન, કાર્યકુશળ અને પ્રતિબદ્ધ શિક્ષક અનિવાર્ય ઠરે છે. ઓજસ પાથરતા શિક્ષકોના ઘડતર માટે શિક્ષક-શિક્ષણનો કાર્યક્રમ પણ ગુણવત્તાયુક્ત હોવો જરૂરી છે. આવા ગુણવત્તાયુક્ત શિક્ષક-શિક્ષણ કાર્યક્રમની સફળતા તેના સમર્પિત શિક્ષક-પ્રશિક્ષકો પર અવલંબે છે.

## 1. 3 શિક્ષક-શિક્ષણ અંગેની સમજ

સમાજની ઉન્નતિ, સમૃદ્ધિ અને જીવનની ગુણવત્તા (ક્વૉલિટી ઑફ લાઇફ)નો આધાર તે સમાજના સદસ્ય એવા નાગરિકોની ઉન્નતિ, સમૃદ્ધિ અને જીવનની ગુણવત્તા પર રહે છે. સમાજના સદસ્યોની ઉન્નતિ, સમૃદ્ધિ અને ગુણવત્તાનો વિકાસ તેમને અપાતા શિક્ષણની ગુણવત્તા કે સમ્પન્નતા સાથે સંકળાયેલો રહે છે. શિક્ષણની ગુણવત્તા કે સમૃદ્ધિ તેના શિક્ષકની ગુણવત્તા કે સમૃદ્ધિ પર અવલંબે છે. આ રીતે શિક્ષક જ મૂળ ઊર્જાસ્રોત છે તેથી તે ઊર્જિત બને તે અત્યંત જરૂરી છે. શિક્ષકને ઊર્જિત કરે કોણ ? તેથી શિક્ષકને ઊર્જિત કરી શકે તેવો અત્યંત સભર ક્ષમતાકેન્દ્રિ સર્વગ્રાહી શિક્ષક-શિક્ષણ કાર્યક્રમ હોવો જોઇએ.

શિક્ષણની ગુણવત્તાનો આધાર તેના શિક્ષકની ગુણવત્તા પર રહેલો છે. પરંતુ શિક્ષકની ગુણવત્તાનો આધાર તેના પ્રશિક્ષણ કાર્યક્રમની ગુણવત્તા ઉપર રહે છે. આમ, શિક્ષણની ગુણવત્તા શિક્ષક-શિક્ષણ કાર્યક્રમની ગુણવત્તા પર આધારિત છે. આ નિષ્કર્ષ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં શિક્ષક-શિક્ષણ કાર્યક્રમનું મહત્ત્વ સિદ્ધ કરે છે. આ કારણે વિકસિત દેશોમાં શિક્ષક-શિક્ષણ વિશે વિશેષ ચિંતા સેવાય છે, વધુ કાળજી લેવાય છે.

### 1. 3. 1 શિક્ષક-શિક્ષણ અર્થ અને મહત્ત્વ

શિક્ષણ એ એક એવી વિસ્તૃત પ્રક્રિયા છે. જેને માત્ર કોઇ પ્રકારના કૌશલ્ય કે કાર્યને પૂર્ણ કરવા સુધી સીમિત કરી શકાય નહિ. આ એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિમાં રહેલી આંતરિક ક્ષમતાઓના સમગ્ર વિકાસની સાથે-સાથે વ્યક્તિગત સામાજિક અને રાષ્ટ્રીય સંદર્ભમાં ઉપયોગી થાય એવું વ્યક્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

વાતાવરણ અને મૂલ્યોના સંરક્ષણ સાથે અનુકૂળ માહોલ સર્જવામાં સહાયરૂપ થઇ શકે એવા વ્યક્તિત્ત્વનું નિર્માણ માત્ર શિક્ષણ દ્વારા જ સંભવિત છે. વ્યક્તિમાં માનવતા અને સાંસ્કૃતિક ચેતનાની જાગૃતિ શિક્ષણ દ્વારા જ સંભવિત છે. બીજી કોઇ તાલીમ કે વ્યવહાર દ્વારા નહિ.

આમ, વ્યાપક સંદર્ભમાં કહી શકાય કે શિક્ષક-શિક્ષણ એ શિક્ષણનું એક એવું આયોજન છે જેમાં જુદાં-જુદાં સ્તર અને કક્ષાના શિક્ષકોને જ્ઞાન અને મૂલ્યો સહિત એવા પ્રકારનું શિક્ષણ આપવાનો પ્રયત્ન કરવામાં આવે જેથી તે શિક્ષણ અને વિકાસ સંબંધી જવાબદારીઓ સારી રીતે સમજી તેને નિભાવી શકવા માટે સમર્થ બને. તેમજ તેનામાં વિશિષ્ટ કૌશલ્ય, વૈજ્ઞાનિક ચેતના, સાધન સમ્પન્નતાની સાથે સાથે સાંસ્કૃતિક ચેતના અને માનવતાનો વિકાસ પણ શક્ય બને. શિક્ષણને એક વ્યવસાય તરીકે પસંદ કરતી વખતે શિક્ષક-પ્રશિક્ષણનું આયોજન વ્યક્તિને તેમાં કુશળતા પ્રદાન કરે તેવું હોવું જરૂરી છે. તેથી શિક્ષક-શિક્ષણનો મુખ્ય હેતુ સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક તેમજ રાષ્ટ્રીય મૂલ્યોનો પણ વિકાસ થાય તે માટે સફળ પ્રયત્નો કરવાનો છે.

**શિક્ષક-શિક્ષણનો અર્થ :**

શિક્ષક-શિક્ષણનો શાબ્દિક અર્થ વિવિધ શબ્દકોશ અનુસાર નીચે પ્રમાણે છે.

(1) ''શિક્ષક-શિક્ષણ એટલે વ્યક્તિને આપવામાં આવતાં બધા જ ઔપચારિક અને અનૌપચારિક અનુભવો તથા ક્રિયાઓ કે જે વ્યક્તિને શિક્ષણના વ્યવસાયમાં યોગ્યતા પ્રદાન કરે. ''

**— સી. વી. ગુડ. (Good's Dictionary)**

(2) ''શિક્ષક-શિક્ષણ એટલે એવા તમામ શૈક્ષણિક અનુભવો કે જે વ્યક્તિને શાળામાં આપવા માટે તૈયાર કરે. ''

**— મનરો (Munero's Encyclopedia & Education)**

(3) ''શિક્ષક-શિક્ષણ એટલે શૈક્ષણિક કાર્ય માટે તૈયાર કરવા માટેની સંસ્થામાં નક્કી કરેલી પ્રવૃત્તિઓ અને અનુભવોનો કાર્યક્રમ''

**— શિક્ષણ માટેનો પારિભાષિક શબ્દ સંગ્રહ**

આમ, ઉપર્યુક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે શિક્ષક-શિક્ષણ એ સંસ્થાત્મક શિક્ષણની પ્રક્રિયા છે જે શિક્ષકોને ઉદ્દેશ્યપૂર્ણ રીતે તૈયાર કરે છે અથવા એવા વ્યક્તિઓને અધીક શિક્ષણ પ્રદાન કરે છે કે જે જીવનમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે શિક્ષણ સાથે જોડાયેલાં હોય.

આમ, શિક્ષક-શિક્ષણ એ માત્ર એક કાર્યક્રમ નહિ પરંતુ એક એવું લક્ષ્ય છે, જેના દ્વારા રાષ્ટ્રના સંદર્ભમાં આધુનિક અને બદલાયેલી શિક્ષકની ભૂમિકાને સારી રીતે નિભાવી શકાય તે માટે કુશળતા પ્રાપ્ત કરી શકાય એવા પ્રકારનું શિક્ષણ આપવાનું છે. સંક્ષિપ્તમાં કહીએ તો શિક્ષક-શિક્ષણ એ શિક્ષક તરીકેની સજ્જતા મેળવવા માટે ઉપયોગી જ્ઞાન, કૌશલ્યો, વલણો અને ક્ષમતાઓના વિકાસ માટેનું શિક્ષણ.

**શિક્ષક-શિક્ષણનું મહત્ત્વ :**

આપણે જાણીએ છીએ કે શિક્ષણ એક વ્યાપક પ્રક્રિયા છે જે માત્ર કોઈ કૌશલ્ય કે કાર્ય સુધી સીમિત નથી આ એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિમાં રહેલી આંતરિક ક્ષમતાઓનો વિકાસ બધી જ રીતે કરીને સાથે-સાથે વૈયક્તિક સામાજિક તથા રાષ્ટ્રીય દષ્ટિકોણના સંદર્ભમાં સંપૂર્ણ વ્યક્તિત્ત્વના નિર્માણ માટે પ્રયત્ન કરવામાં આવે છે.

1. શિક્ષણ સમાજની જરૂરિયાતો પૂરી પાડનાર તથા સમાજમાં પરિવર્તન લાવનાર સાધન માનવામાં આવે છે. આથી શિક્ષક-શિક્ષણ એ સામાજિક અને શૈક્ષણિક માર્ગદર્શન સંબંધી જરૂરિયાત પૂરી પાડનાર એક સક્ષમ સાધન છે.
2. જ્ઞાન અને સમાજ સંબંધી આવશ્યકતા પૂરી કરવાની જવાબદારી સમાજ શિક્ષકને સોંપે છે તેથી આ જવાબદારીની પૂર્તિની ગુણવત્તાનો આધાર શિક્ષક પર રહેલો છે. કોઈ પણ સમાજ અને ધર્મ નિરપેક્ષ સમાજ માટે લાયક શિક્ષકમાં પ્રજાતાંત્રિક મૂલ્યોનો યોગ્ય વિકાસ થયો હોવો જરૂરી છે અને આવા પરિણામલક્ષી શિક્ષક-શિક્ષણ દ્વારા જ આવા શિક્ષકો તૈયાર કરી શકાય.
3. પ્રાચીનકાળનું શિક્ષક-શિક્ષણ આધુનિક સમયમાં ઉપયોગી નથી રહ્યું. આધુનિક શિક્ષક-શિક્ષણની અનેક કક્ષાઓ હોવાથી તેનું મહત્ત્વ વધી ગયું છે. વ્યાવસાયિક વિષયો, ટેક્નિકલ વિષયો તથા કોઈ પણ વિષયમાં પ્રભુત્વ મેળવવા માટે શિક્ષકોને તૈયારી કરવા માટે શિક્ષક-શિક્ષણ જ એક

માત્ર માધ્યમ છે. પ્રાથમિકથી લઇને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે પણ શિક્ષણ-પ્રશિક્ષણનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે.

4. વર્તમાન સંદર્ભમાં શિક્ષક-શિક્ષણ દ્વારા જ શાળાકીય શિક્ષણને ઉચ્ચ-શિક્ષણ સાથે જોડી શકાય છે. તેના દ્વારા સમાજ અને શિક્ષણ વચ્ચેનું અંતર દૂર કરી શકાય.

5. આજે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. ભારત સરકારે પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો નિર્ધાર કર્યો છે. પરિણામે સરકાર સમાજના શાળા વયકક્ષાના બાળકોને શાળાઓમાં લાવવાના પ્રયત્નો કરી રહી છે. તે સંજોગોમાં આવા કુમળા અને નાના બાળકોને સમજી શકે અને તેમના વૈયક્તિક તફાવતો જાણી તેમની જરૂરિયાતો નક્કી કરી શકે તેવા શિક્ષકો તૈયાર કરવા માટે શિક્ષક પ્રશિક્ષણની જરૂર છે.

6. સંસ્થાકીય આયોજન, કાર્યાનુભવ, સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્ય વગેરે અભ્યાસક્રમમાં દાખલ થયા છે. આ ઉપરાંત શિક્ષણની પ્રયુક્તિઓમાં પણ ફેરફાર થયા છે. આ બદલાતા પ્રવાહો અને નવા પ્રયોગોથી વાકેફ રહેવા માટે તેમજ શિક્ષણ સુધારણા માટે શિક્ષકો પોતોનો ફાળો આપી શકે તે માટે શિક્ષણ-પ્રશિક્ષણની જરૂર છે.

7. શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં આવ્યું, તેથી બહુમોટા પ્રમાણમાં શિક્ષકોની જરૂરિયાત ઊભી થઇ. શિક્ષક જ્યારે શિક્ષણ ક્ષેત્રમાં જોડાય છે ત્યારે વર્ગખંડમાં વિશ્વાસથી વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને શિક્ષણકાર્ય રસપ્રદ બનાવવા માટે પ્રયત્ન કરે ઉપરાંત શિક્ષણની વિવિધ પદ્ધતિઓથી માહિતગાર બને અને વિષયવસ્તુના જાણકાર બને તે હેતુથી શિક્ષકને પ્રશિક્ષણ આપવું જરૂરી બન્યું છે.

8. કોઇપણ કાર્યની સિદ્ધિ અર્થે કામ કરનારને ચોક્કસ અને યોગ્ય તાલીમ આપવી જ જોઇએ. પ્રશિક્ષણ દરમિયાન શિક્ષકને શૈક્ષણિક મનોવિજ્ઞાન, શાળા-સંચાલન, શિક્ષણના વર્તમાન પ્રવાહો જેવાં વિષયો શીખવવામાં આવે છે. ત્યારબાદ શિક્ષક જ્યારે શાળામાં જાય છે. ત્યારે વિદ્યાર્થી સાથેના વર્તનમાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવી શકે છે. તેમજ શાળા, શિક્ષણ, બાળકો અને સમાજના વાલીઓના પ્રશ્નો હલ કરવામાં મદદરૂપ નીવડી શકે છે. આ ઉપરાંત શાળાના વડા કે શિક્ષણખાતા તરફથી તેમને અન્યાય કરવામાં આવતો હોય તો તેની સાચી વિગતો રજૂ કરવાની અને ન્યાય મેળવવાની બાબતો તે શિક્ષક-પ્રશિક્ષણ દ્વારા જાણી શકે છે.

9. શિક્ષકે વિદ્યાર્થીને જીવન જીવવા માટેનું શિક્ષણ આપવાનું છે. ત્યારે સૌથી મોટો પ્રશ્ન બેકારીનો છે. આજે જીવનની જરૂરિયાત મુજબ શિક્ષકો શિક્ષણ આપતા નથી એ બાબત આપણે પરીક્ષા સમયે જોઇ શકીએ છીએ. આવા સમયમાં પ્રશિક્ષિત શિક્ષક જ સંસ્કાર પૂરાં પાડવા, સહિષ્ણુતા દાખવવી અને ખેલદિલીપૂર્વક અન્યના વિચારો સ્વીકારવા વગેરે બાબતોનું જ્ઞાન આપી શકે છે.

### 1. 3. 2 શિક્ષક-પ્રશિક્ષણના ઘટકો

(૧) **વલણો :** વલણો એટલે કોઇપણ વ્યવસાય માટેની સાર્વત્રિત માનસિક પરિસ્થિતિ કે જેતે વ્યવસાય માટેની લાગણી વ્યક્ત કરે છે અને આ લાગણીનું તત્ત્વ ખૂબ મહત્ત્વ ધરાવે છે. કોઇપણ વ્યવસાય માટેનું સાનુકૂળ વલણ સફળતા માટે અગત્યનું છે. જે વ્યક્તિ જે વ્યવસાય પ્રત્યે સારું વલણ ધરાવે તે વ્યક્તિ તે વ્યવસાયમાં સારી પ્રગતિ કરી શકે છે. શિક્ષકના વ્યવસાયમાં જોડાનાર વ્યક્તિ શિક્ષકના વ્યવસાય માટે હકારાત્મક વલણ ધરાવતો હોવો જોઇએ. તેનો વ્યવસાય તેને વેઠ ન લાગવો જોઇએ. જો વ્યક્તિ હકારાત્મક વલણ પોતાના વ્યવસાયમાં ધરાવે તો તે પોતાનું કાર્ય દિલથી કરે છે. તેને તે કાર્ય કરવામાં બોજરૂપ લાગતું નથી. શિક્ષણના વ્યવસાયમાં એ જીવંત વ્યક્તિઓ સાથે કામ કરવાનું હોય છે તેથી શિક્ષકે જીવંત વ્યક્તિની લાગણી ભાવનાઓને ધ્યાનમાં રાખવી પડે છે. જો તે પોતાના વ્યવસાયને પૈસા કમાવવાનું સાધન જ ગણે તો ઘણી વ્યક્તિ અને દેશને બરબાદ કરવા જઈ રહ્યો છે. માટે શિક્ષકના વ્યવસાયમાં જોડાનારનો અભિગમ, રસ, વલણ એ અતિ મહત્ત્વના રહે છે. કોઇના કહેવાથી બનેલ શિક્ષક પોતાના વ્યવસાયને સાચો ન્યાય આપી શકતો નથી. જીવનમાં પણ પ્રયોગ કરી શકતો નથી.

(૨) **કૌશલ્યો :**

શિક્ષણનો વ્યવસાય એ એવો વ્યવસાય છે કે જેમાં વર્ગમાં બેઠેલ જુદા જુદા સમાજ, વર્ગ,

જાતિના બાળકો તેમજ જુદી-જુદી શક્તિ ધરાવતા બાળકો સામે કામ કરવાનું હોય છે. પોતાની વાતને એવી રીતે રજૂ કરવાની હોય છે કે જેથી સામેની વ્યક્તિના ગળે ઊતરી જાય. તે માટે શિક્ષકમાં વિવિધ કૌશલ્યો હોવા જરૂરી છે. કથન કૌશલ્ય, વાંચન કૌશલ્ય, લેખન કૌશલ્ય, પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય, નિદર્શન કૌશલ્ય, વર્ગ-વ્યવહાર કૌશલ્ય અને વર્તન કૌશલ્ય જેવા હસ્તગત કરવા જરૂરી છે તો જ વર્ગના વિદ્યાર્થીમાં કઇ શક્તિ છુપાયેલી છે તે જાણી તેને બહાર લાવવામાં સફળ નીવડે છે. વિદ્યાર્થીના વર્ગ-વ્યવહાર, મેદાની પ્રવૃત્તિ, અંગત કુટુંબ વિશેની માહિતી વગેરે જાણી તેના વર્તનના કારણો જાણવાનું કૌશલ્ય પણ જરૂરી છે તો જ તેના ગેરવર્તન અંગે જાણી તેના પ્રશ્નો હલ કરવામાં સફળ નીવડે છે. શિક્ષક પાસે ગમે તેટલું સારું વિષયવસ્તુનું જ્ઞાન હોય પણ રજૂઆત કરવાનું કૌશલ્ય ન હોય તો તે સામે બેઠેલ બાળકોને સારી રીતે સમજાવી શકતા નથી. એ જ રીતે શિક્ષકે પ્રશ્ન પૂછી પોતાની સામે બેઠેલ બાળક પોતે રજૂ કરેલ વાત સમજ્યો છે કે નહિં તે જાણવા તેમજ તે કેટલું જાણે છે ? શું જાણતો નથી ? તે માટે પણ પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય હસ્તગત હોવું જરૂરી છે. વિવિધ કૌશલ્યોમાં પારંગત શિક્ષક જ સફળ બની શકે. વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. એ જ રીતે કાળા પાટિયા પર પોતાનું લખાણ એવું હોય કે જેથી બાળકો પણ તેનું અનુકરણ કરે એટલે કે સુંદર અક્ષરો તેમજ મુદ્દાસર લખાણ પણ બાળકોને આકર્ષે છે તે વિષય પ્રત્યેનો રસ જાગૃત કરે છે.

(૩) **વર્તન-તરાહો :** શિક્ષકનું વર્તન-વ્યવહાર એ શિક્ષણ-વ્યવસાયમાં ખૂબ અગત્યના છે. સામેની વ્યક્તિને શાંતિથી સાંભળવો એ શિક્ષિત વ્યક્તિનો આગવો ગુણ છે. વિદ્યા વિનયથી શોભે છે. એટલે કે નમ્રતા, વિનય સામેની વ્યક્તિના પ્રશ્નને સમજવાની આવડત હોવી જરૂરી છે તો જ વાલી સાથે, વિદ્યાર્થી સાથે અન્ય સહકર્મચારી સાથે હૂંફાળા-પ્રેમભર્યા સંબંધો રાખી શકે અને વર્ગમાં બેઠેલ દરેક વિદ્યાર્થીની શી જરૂરિયાત છે તે તેના વર્તન પરથી પીછાની શકે છે. શિક્ષક જરૂર પડે આંખ બતાવે પરંતુ તેટલો જ અગત્ય વિદ્યાર્થીના બરડામાં હાથ ફેરવી પિતાતુલ્ય વહાલ કરવાનો છે. શિક્ષક બાળકના વર્તન પરથી તે શું કહેવા માંગે છે તે સમજ્યો કે નહિ, કૌટુંબિક મુશ્કેલી, મિત્રો સામેની મુશ્કેલી, અણગમો વગેરે વર્તન પરથી જાણી શકે છે તેથી શિક્ષકનો વર્તન-વ્યવહાર, પહેરવેશ ખૂબ મહત્ત્વના રહે છે.

(૪) **તાલીમ-શિક્ષણ :** શિક્ષક-પ્રશિક્ષણ એ વિશિષ્ટ વલણ, વિશિષ્ટ જ્ઞાન અને વિશિષ્ટ કૌશલ્યો પર ભાર મૂકે છે. શિક્ષક પોતાના વ્યવસાય પ્રત્યેનું હકારાત્મક વલણ એ પ્રથમ ગુણ છે. પરંતુ એ સામે પોતે જે વિષય શીખવવાનો છે તેનું ઊંડું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. તેની સાથે પોતાના વિષયવસ્તુને રજૂઆત કરવાની કળા એટલી જ મહત્ત્વની છે. શિક્ષકની વિવિધ પદ્ધતિઓ અંગેની તાલીમ તેથી જ પૂર્વ સેવાકાલીન શિક્ષણ દરમ્યાન આપવામાં આવે છે. એ જ રીતે વિવિધ કૌશલ્યો હસ્તગત કરવા માઇક્રોટીચીંગ દ્વારા હસ્તગત કરાવવામાં આવે છે. આમ, શિક્ષકને સેવાકાલીન અને પૂર્વ સેવાકાલીન તાલીમ અગત્યની રહે છે. શિક્ષકનું વ્યક્તિત્વ ખીલે, તેમજ સારું પ્રવચન કરી શકે તે માટેની તાલીમ પણ પૂર્વ સેવાકાલીન સમય દરમ્યાન આપવામાં આવે છે. તાલીમનું મહત્ત્વ એટલા માટે છે કે પોતે પોતાના વ્યવસાયમાં કયા કૌશલ્યો જરૂરી છે તે જાણે કેવી રીતે હસ્તગત કરવા એ સમજી શકે છે. શિક્ષકને વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની તેમજ મેદાની પ્રવૃત્તિઓ અંગેની વિવિધ તાલીમ પણ આપવામાં આવે છે જેથી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ કરવામાં મદદરૂપ બની શકે છે. પ્રશિક્ષણ દરમ્યાન નેતૃત્વના ગુણો વિકશે તેવા પ્રયત્નો પણ કરવામાં આવે છે. ટૂંકમાં વર્ગ શિક્ષણને વધુ ગતિશીલ, આનંદદાયક, રસપૂર્ણ બનાવવા માટે તાલીમ મહત્ત્વની બની રહે છે.

(૫) **શિક્ષણ :**

શિક્ષણ એ એવી પ્રક્રિયા છે કે જેનાં દ્વારા વ્યક્તિના વર્તનમાં પરિવર્તન કરી શકાય છે. શિક્ષક એ સમાજ પરિવર્તન તેના શિક્ષણ કાર્ય દ્વારા કરી શકે છે. વિદ્યાર્થીના જ્ઞાન, નૈતિક મૂલ્યો, વલણો રસમાં પરિવર્તનનો આધાર સારા શિક્ષણ અને શિક્ષક પર રહેલો છે. એક સારો નાગરિક બનાવવામાં શિક્ષણ જ મહત્ત્વ ધરાવે છે. સારા સમાજ અને દેશના વિકાસ

માટે શિક્ષણ જ મહત્ત્વ ધરાવે છે જે દેશમાં સારું શિક્ષણ અપાતું હોય તે દેશનો વિકાસ ખૂબ સારો થાય છે. શિક્ષકે પોતાના વ્યવસાયને અનુરૂપ વ્યક્તિત્વ, વર્તન રાખવું જરૂરી છે. શિક્ષણના સામાન્યતઃ વર્તનના પરિમાર્જન, વ્યક્તિત્વનો વિકાસ અને જે તે વ્યાપક રીતે પર્યાવરણમાં રસ હોય તેવી વ્યક્તિના વિકાસ પર ભાર મૂકે છે. શિક્ષણ એ સમાજ અને વ્યક્તિના પરિવર્તન માટે આધારરૂપ છે. શિક્ષણ એ એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિમાં પરિવર્તન આવી શકે છે. વ્યક્તિ શિક્ષણ મેળવી ઉચ્ચ ગુણો, ઉચ્ચ પદવી, મહામાનવ, સારો કલાકાર, ઉમદા વ્યક્તિત્વ પ્રાપ્ત કરી શકે છે. શિક્ષણ વગરનો વ્યક્તિ પશુ સમાન ગણવામાં આવ્યો છે. શિક્ષણ જ સર્વ વિકાસનો આધાર છે. તેથી જ વર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને તેથી જ આજે દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓ નેતૃત્વ કરી રહી છે.

### 1. 3. 3 શિક્ષક-શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણ

શિક્ષક-શિક્ષણ એ આધુનિક સંકલ્પના છે પહેલા પ્રશિક્ષણ સ્નાતક (બી. ટી.)ની પદવી સાથે પ્રશિક્ષણ શબ્દ સંબંધિત હતો. શિક્ષક-શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીને Trainee Teacher, પ્રશિક્ષણાર્થી, તાલીમાર્થી કે વિદ્યાર્થી-શિક્ષક Pupil Teacher તરીકે ઓળખવામાં આવતો હતો. અધ્યાપન-અભ્યાસ માટેની શાળાઓને પ્રદર્શન શાળા કે અભ્યાસાત્મક વિદ્યાલય રૂપે ઓળખવામાં આવતી. આમ, પ્રશિક્ષણના બદલે 'શિક્ષણ' શબ્દ વધારે વ્યાપક બન્યો છે. પરિણામે શિક્ષણ-સ્નાતકની પદવી બી. એડ્. વિદ્યાર્થી-શિક્ષક (Student Teacher)ને ભાવિ શિક્ષક (Prospective Teacher) કહેવામાં આવે છે. પ્રદર્શન વિદ્યાલય આજે સહયોગી વિદ્યાલય (Associated School) તરીકે ઓળખાય છે. વળી માત્ર જ્ઞાનાત્મક તથા ક્રિયાત્મક પાસાંઓના બદલે ભાવાત્મક પાસાંના વિકાસને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કૌશલ્યો, ક્ષમતાઓ, ચારિત્ર અને સાંસ્કૃતિક મૂલ્યોને અને વ્યવસાયગત વહીવટનું માળખું અને અભિયોગ્યતાના પ્રદર્શનના સ્થાને ઉચ્ચ માનસિક ક્રિયાકલાપોને પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરીક્ષણની એકાંગી વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું અને તેમાં વૈયક્તિક તફાવતો, વ્યક્તિત્ત્વ નિર્માણ, અભિપ્રેરણા, પ્રત્યક્ષીકરણ, સર્જનાત્મકતા વગેરે વિવિધ મનોવૈજ્ઞાનિક પાસાંઓનો સમાવેશ શિક્ષક-શિક્ષણના ક્ષેત્રે કરવામાં આવ્યો.

શિક્ષક-પ્રશિક્ષણમાં નૈતિક સંદર્ભો અને આચરણના માપદંડોનું મહત્ત્વ ઓછું હતું અને સામાજિક પાયાની ઉપેક્ષા કરવામાં આવતી હતી. પરંતુ શિક્ષક-શિક્ષણનો આરંભ થતાં જ આ પાસાંઓને વધારે મહત્ત્વ આપવાની શરૂઆત થઈ. કાર્યકુશળતા, ક્ષમતા, પ્રત્યાયન ક્ષમતા અને કાર્યોત્કૃષ્ઠતા પ્રસ્થાપિત કરવા માટે પ્રશિક્ષણની જરૂરિયાતનો આજે પણ અસ્વીકાર કરી શકાય તેમ નથી પરંતુ માનવીય અને વાતાવરણ સંબંધી પાસાંઓનો વિકાસ કરવા માટે 'શિક્ષણ' શબ્દનો પ્રયોગ 'પ્રશિક્ષણ'ની જગ્યાએ વધુ ઉચિત છે.

આમ, સ્વાતંત્ર્ય પહેલાં શિક્ષક-શિક્ષણ માટે શિક્ષક-પ્રશિક્ષણ એવો શબ્દ પ્રયોજાતો હતો પરંતુ પ્રશિક્ષણ એટલે તાલીમ. સામાન્ય રીતે તાલીમ સરકસના પ્રાણીઓને અપાય છે. માનવ માટે તો શિક્ષણ જ અપાય એટલે કે શિક્ષક-શિક્ષણ એવો શબ્દ વાપરવો જ વધુ ઉચિત લેખાશે.

### 1. 3. 4 શિક્ષક-શિક્ષણની જરૂરિયાત

"Teachers are born not made" એ ઉક્તિ અનુસાર તો શિક્ષક-શિક્ષણની જરૂરિયાતોનો છેદ ઊડી જાય છે. પરંતુ પ્રવર્તમાન સમયમાં શિક્ષણનો વ્યાપ વધતા તેનો પ્રચાર અને પ્રસાર પૂર્વ પ્રાથમિક કક્ષાથી માંડી ઉચ્ચશિક્ષણ સુધી વધ્યો છે. શિક્ષણના દરેક તબક્કે અનેકવિધ સુધારાઓ થતાં રહે છે. વિવિધ સમિતિઓ પણ તેમનાં અહેવાલમાં અનેક ભલામણો કરે છે. વળી, વૈશ્વિકીકરણ, ઉદારીકરણ, ખાનગીકરણ અને માહિતી પ્રસારણ ટૅકનૉલોજીના યુગમાં અત્યંત ઝડપી પરિવર્તન અને પડકારોના સંદર્ભમાં શિક્ષક-શિક્ષણ વિના ચાલી શકે તેમ નથી.

આઝાદી પછીનાં વર્ષોમાં શિક્ષણમાં પ્રસાર અને પ્રચાર માટે સરકારે વિશેષ ધ્યાન આપેલ છે. શિક્ષણનું વિસ્તરણ ચોતરફ થઈ રહેલ છે. સમાજની જરૂરિયાત પ્રમાણે શિક્ષણનાં ધ્યેયોમાં પરિવર્તન આવે છે. પરિણામે શિક્ષણ આપનાર શિક્ષકની જવાબદારી વધે છે. આથી શિક્ષક-પ્રશિક્ષણ શા માટે જરૂરી છે તેને લગતી બાબતો આ પ્રમાણે છે.

- શિક્ષણ માનવીની લઘુત્તમ જરૂરિયાતોનો વિષય બનેલ છે. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. પરિણામે નવા શિક્ષકોની જરૂરિયાત વધતા શિક્ષક-શિક્ષણની જરૂરિયાત વધી છે.
- શાળામાં બધાં જ પ્રકારનાં વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત તફાવતો અને તેમની જરૂરિયાતોને સમજી શકે તેવા પ્રશિક્ષિત શિક્ષકો અનિવાર્ય છે.
- શિક્ષણનાં જૂના ખ્યાલો બદલાતા રહ્યાં છે. અભ્યાસક્રમો બદલાયા છે. નવા પ્રયોગો અમલમાં આવ્યા છે. આ સંજોગોમાં શિક્ષકની સજ્જતા અર્થે પ્રશિક્ષણ જરૂરી છે.
- વર્ગખંડની જરૂરિયાત પ્રમાણે અદ્યતન પ્રવાહોની જાણકારી, પદ્ધતિ, પ્રયુક્તિઓની સમજ શિક્ષકો મેળવે તે આવશ્યક બન્યું છે.
- પ્રશિક્ષણની તાલીમ લેનાર શિક્ષકને શિક્ષણનું તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, શૈક્ષણિક કાર્યનું આયોજન, મૂલ્યાંકન અને પ્રવર્તમાન પ્રશ્નો તથા શાળા પ્રશાસન જેવાં વિષયો શીખવાય છે. પરિણામે તે કાર્યક્ષમ બને છે.
- વર્તમાન જીવનની વિષમતાઓ દૂર કરવા, મૂલ્યલક્ષી શિક્ષણ આપવા અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી વહન કરતો નાગરિક તૈયાર કરવા શિક્ષકનું પ્રશિક્ષણ અતિ આવશ્યક છે.

અન્ય વ્યવસાયોની જેમ શિક્ષકના વ્યવસાય માટે પણ વ્યાવસાયિક કૌશલ્યોની જરૂર પડે છે. પ્રાચીન સમયમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત રહેતી અને શિક્ષણકાર્ય વંશપરંપરાગત થતું પરંતુ આજના જટિલ, સંકુલ અને પરિવર્તનશીલ સમાજમાં શિક્ષકની કુશળતા, કાર્યસંતૃપ્તિ અને શિક્ષણકાર્યની મહત્તમ નીપજના સંદર્ભમાં શિક્ષક-શિક્ષણ અનિવાર્ય બની ગયું છે. શિક્ષક-શિક્ષણની જરૂરિયાત નીચેના સંદર્ભોમાં દર્શાવી શકાય.

1. **વ્યાવસાયિક જરૂરિયાત :**

   આજે શિક્ષક બનવા માટે શિક્ષક-શિક્ષણની વિદ્યાશાખાકીય ઉપાધિ મેળવવી ફરજિયાત બની છે. પ્રાથમિક શિક્ષણ માટે પી. ટી. સી. કે ડી. એડ્. તથા માધ્યમિક શિક્ષણ માટે બી. એડ્. ની પદવી હોવી જરૂરી છે.

2. **શૈક્ષણિક જરૂરિયાત :**

   આજે વિજ્ઞાન અને ટૅકનૉલોજીના ક્ષેત્રે નીત નવીન શોધો થઇ રહી છે. જ્ઞાન વિસ્ફોટના આ યુગમાં જ્ઞાન ઝડપથી જૂનું બનતું જાય છે. નવા જ્ઞાન અને કૌશલ્યોને હસ્તગત કરવાની જરૂરિયાત સતત ઊભી થાય છે. પાઠ્યક્રમ ખૂબ જ ઝડપથી અપ્રસ્તુત બનતા જાય છે અને નવા એકમો એમાં જોડવાની જરૂરિયાત ઊભી થતી જાય છે. આ સંજોગોમાં શિક્ષકની સજ્જતા વધારવા માટે જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી શૈક્ષણિક જરૂરિયાતને સંતોષવા માટે શિક્ષક-શિક્ષણની જરૂરિયાત છે.

3. **મનોવૈજ્ઞાનિક જરૂરિયાત :**

   શિક્ષકની જવાબદારી વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ સાધવામાં યોગદાન કરવાની છે. અધ્યેતાઓની રુચિ, અભિયોગ્યતા, જરૂરિયાતો, ક્ષમતાઓ ઇત્યાદિની વિભિન્નતાના સંદર્ભમાં શિક્ષકે અધ્યેતાની પૂર્ણ ઓળખ મેળવી તેમની વિશિષ્ટ જરૂરિયાતોના સંતોષ માટે ઉચિત રીતે પ્રયાસ કરવાનું સામર્થ્ય કેળવવું પડે છે. અધ્યેતાના બૌદ્ધિક, સાંવેગિક, સામાજિક, નૈતિક, ઇત્યાદિ પાસાંઓનાં યોગ્ય વિકાસ માટેનું જ્ઞાન, પદ્ધતિઓ, મૂલ્યાંકન પ્રવિધિઓ ઇત્યાદિનું શિક્ષણ શિક્ષક-શિક્ષણ દ્વારા જ મળી રહે છે.

4. **સામાજિક જરૂરિયાત :**

   શિક્ષણનો એક ઉદ્દેશ અધ્યેતાનું સામાજિકીકરણનું છે. આ દિશામાં શિક્ષક પોતાનો યોગ્ય ફાળો આપી શકે તે માટે શિક્ષક-શિક્ષણની જરૂર છે. વળી શિક્ષણની જવાબદારી સામાજિક જરૂરિયાતને સંતોષવાની અને સમાજમાં યોગ્ય દિશામાં પરિવર્તન આણવાની છે. આ માટે પણ શિક્ષક-શિક્ષણ જરૂરી છે.

5. **આર્થિક જરૂરિયાત :**

   ભૌતિક અને માનવીય સંસાધનોની અછતના કારણે શિક્ષણકાર્ય મિતવ્યયી બને અને સંસાધનોની

જાળવણી થાય, ઓછા ખર્ચે સંસાધનોનું નિર્માણ કરી શકાય એવી પ્રવિધિઓ શોધવાનું અને જાણવાનું આવશ્યક બન્યું છે. આ દિશામાં શિક્ષક-શિક્ષણ મહત્ત્વનું કાર્ય કરી શકે તેમ છે.

**6. દાર્શનિક જરૂરિયાત :**

વિચાર, માન્યતા આદર્શ વગેરેના માન્ય સમુચ્ચયને દર્શન કહેવામાં આવે છે. દર્શન વિના કાર્યપ્રણાલીનો વિકાસ થવો સંભવ નથી. શિક્ષકનો વ્યવસાય એક પવિત્ર અને ઉમદા વ્યવસાય માનવામાં આવે છે. આથી શિક્ષકના આદર્શો, મૂલ્યો, કૌશલ્યો વગેરેનું જ્ઞાન મેળવવા માટે શિક્ષક-શિક્ષણ જરૂરી છે.

આમ, અલગ-અલગ દૃષ્ટિકોણથી શિક્ષક-શિક્ષણની જરૂરિયાત છે. રાષ્ટ્રીય શિક્ષક-શિક્ષણ પરિષદ દ્વારા ગુણવત્તા સંપન્ન શિક્ષકની તૈયારી અને સંવિધાનગત લક્ષ્યોની પ્રાપ્તિને અગ્રિમતા આપવામાં આવી છે. નીચેના મુદ્દાઓના આધારે શિક્ષક-શિક્ષણની અનિવાર્યતા સમજી શકાય છે.

1. રાષ્ટ્રનાં પ્રશ્નોને સમજવા.
2. બાળકને તેમજ તેની સમસ્યાઓને સમજવી.
3. શિક્ષકને સમાજમાં તેની ભૂમિકા સમજવી.
4. શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમમાં થતાં પરિવર્તનોથી શિક્ષક-સમાજને સજ્જ કરવા.
5. શિક્ષણમાં અધ્યાપન શાસ્ત્રનું મહત્ત્વ જાણવા અને સમજવા.
6. શિક્ષણનાં હેતુઓ, આયોજન અને મૂલ્યાંકનનાં સંદર્ભે જ્ઞાન મેળવવા.
7. શિક્ષણ વિષયક નવા ખ્યાલો તથા તેનો વર્ગખંડ વિનિયોગ જાણવા.
8. શિક્ષકો ભારતનાં ભાવિ ઘડવૈયા બને તે માટે તાલીમ જરૂરી છે.
9. શિક્ષણને એક વ્યવસાય તરીકે સ્વીકારી તેમાં વ્યાવસાયિક સજ્જતા કેળવવા.
10. શિક્ષકના ગુણાત્મક વિકાસ માટે.

### 1. 3. 5 શિક્ષક-શિક્ષણના ઉદ્દેશો

શિક્ષક-શિક્ષણના કેટલાંક ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

1. માનવ સંસાધનનો વિકાસ કરવો.
2. માનવ-વ્યવહારનું પ્રારૂપ નિર્ધારિત કરવું અને વિકસાવવું.
3. માનવીય જ્ઞાન અને અનુભવોના ક્ષેત્ર સાથે સંબંધિત તથ્યોના સંરક્ષણ, સંવર્ધનની સાથે કુશળ હસ્તાંતરણની સંભાવનાને સિદ્ધ કરવા.
4. શાશ્વત માનવીય મૂલ્યો, સાંસ્કૃતિક પરંપરાઓ અને નીતિગત આચરણ સંબંધી મર્યાદાઓને અક્ષુણ્ણ રાખવા માટે પ્રયાસ કરવો.
5. સમાજ અને માનવજાતિ માટે માર્ગદર્શક અને નેતૃત્વશીલ વ્યક્તિત્ત્વનો વિકાસ કરવો જે ચારિત્ર્યિક, વૈચારિક અને નૈતિક દૃષ્ટિએ આદર્શનું અનુકરણ કરનાર હોય.
6. સામાજિક ઉત્થાન અને પરિવર્તન લાવવા માટે સક્ષમ માધ્યમના રૂપમાં કાર્ય કરવું.
7. જાગૃત અને ચેતન વ્યક્તિ તથા સમાજનો વિકાસ કરવો, પર્યાવરણ, સ્વાસ્થ્ય, સુરક્ષા, માનવ અધિકાર, આદિ અનેકાનેક ક્ષેત્રોમાં આજે પણ આપણે પૂર્વપણે જાગૃત અને સચેતન નથી.
8. અધ્યયનના ક્ષેત્રને વૈજ્ઞાનિક દૃષ્ટિ અને માનસિકતાની સાથે જોડવા માટે પ્રેરિત કરવું.
9. માનવીય ગુણાત્મક પાસાંનો વિકાસ કરવો જેથી શિક્ષક-શિક્ષણ દ્વારા આ વ્યાપક રૂપે ગ્રહણ કરી શકે.
10. કૌશલ્યની સાથે-સાથે કલાઓનો વિકાસ કરવો સૌંદર્યબોધ, રસાસ્વાદ, પ્રકૃતિપ્રેમ વગેરે વ્યક્તિમાં કર્તવ્યનિષ્ઠ, પ્રતિબદ્ધતા, ઉત્તરદાયિત્વ વગેરેના વિકાસમાં સહાયક બને છે.

### 1. 3. 6 શિક્ષક-શિક્ષણના હેતુઓ

1. તાલીમાર્થીઓમાં શિક્ષણકાર્ય માટેના કૌશલ્યો વિકસે અને ક્ષમતાપૂર્ણ શિક્ષણકાર્ય કરે.
2. પ્રશિક્ષણાર્થીઓની અંતઃસૂઝ વિકસે અને વર્ગખંડની પરિસ્થિતિઓને પોતાની વિવેક શક્તિથી પહોંચી વળે.
3. પ્રશિક્ષણાર્થી પોતાની પદ્ધતિનું તલસ્પર્શી જ્ઞાન મેળવે.
4. પ્રશિક્ષણાર્થી વર્ગખંડમાં વિવિધ સમસ્યાઓનું સંશોધન કરતા થાય.
5. તાલીમાર્થીમાં આદર્શ શિક્ષક તરીકેના ગુણોનો વિકાસ થાય.
6. તાલીમ દરમિયાન પોતાની પદ્ધતિ ઉપરાંત શિક્ષણ વિષયક પુસ્તકોનો અભ્યાસ કરતો હોવાથી તાલીમાર્થી શૈક્ષણિક મનોવિજ્ઞાનનો વ્યાવહારિક ઉપયોગ કરવાની સૂઝ કેળવે.
7. પ્રશિક્ષણાર્થી પોતાના શિક્ષણકાર્યને જીવંત અને સ્વાભાવિક બનાવી શકે.
8. પ્રશિક્ષણાર્થી વર્ગખંડમાં મૂલ્યાંકન વિશેની પોતાની સૂઝ વિકસાવે.
9. વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે જ્ઞાન પીરસી શકે.
10. પ્રશિક્ષણાર્થી વિવિધ શૈક્ષણિક ઉપકરણો (T. L. M. )ના ઉપયોગથી પ્રભાવક શિક્ષણકાર્ય કરવાની ક્ષમતા કેળવી શકે.
11. પ્રશિક્ષણાર્થી શાળાકીય અનુભવો પણ મેળવી શકે.
12. શાળાકીય વહીવટ પણ શીખી શકે.

શિક્ષક-પ્રશિક્ષણના ઉપર્યુક્ત વિવિધ હેતુઓ પૂર્ણ કરવા વિવિધ સંસ્થાઓ કાર્યરત છે. આ હેતુઓની પૂર્તિ માટે સંસ્થાઓના સભ્યો દ્વારા સંનિષ્ઠ પ્રયાસો પણ કરવામાં આવે છે. શિક્ષકની ગુણવત્તાનો આધાર શિક્ષક-શિક્ષણ પર જ છે તેથી પ્રશિક્ષણાર્થીનો તાલીમી સમય માત્ર યંત્રવત્ ન બનતા આયોજનબદ્ધ અને સાર્થક બને તે પણ જરૂરી છે.

શિક્ષણ પ્રાપ્તિની પ્રક્રિયા એ એક પ્રવાસ જેવી છે. જો તમારો અંતિમ મુકામ નિશ્ચિત નહિ હોય અને તમારી પાસે માર્ગદર્શક નકશો નહિ હોય, તો તમે કોઈપણ અનિશ્ચિત સ્થાને પહોંચી જાઓ અને સંશયમાં પડી જાઓ કે તમે ત્યાં કેવી રીતે પહોંચી ગયા ? આયોજિત પ્રવાસો હંમેશા રસપ્રદ અને ફળદાયી રહે છે. ગામડાઓમાં હેતુવિહીન ઘુમવાનું કદાચ કોઈકવાર નવી શોધ કે ઉત્તેજનાને પ્રેરે, પરંતુ શાળાઓમાં તો હેતુવિહીન અધ્યયન હતાશાજનક અને કંટાળાજનક બની રહે.

જો ધ્યેયો સ્પષ્ટ નહિ હોય તો કાર્યક્રમની સુંગમતાનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ બને અને યોગ્ય અધ્યાપન સાધન સામગ્રીઓ કે પદ્ધતિઓ પસંદ કરવા માટેનો પણ કોઈ આધાર ન રહે. કોઈપણ યંત્રકામ કરનાર જ્યાં સુધી એણે યંત્ર પર શું કામ કરવાનું છે તે જાણે નહિ ત્યાં સુધી તેનું ઉપકરણ પસંદ કરતો નથી અને વાદ્યમંડળીના ગીતોની તરજ રચનારાઓ તેઓએ કેવી અસર ઊભી કરવાની છે તે નક્કી ન થાય ત્યાં સુધી તરજ રચતા નથી. તે જ પ્રમાણે એક મકાન બાંધનારો જ્યાં સુધી મકાનની 'બ્લ્યુ પ્રિન્ટ' તૈયાર ન થાય ત્યાં સુધી સાધન સામગ્રી પસંદ કરતો નથી. તેવી જ રીતે શિક્ષણમાં પણ શિક્ષકે હેતુઓ નક્કી કર્યા બાદ જ વર્ગશિક્ષણ કાર્ય કરવું આવશ્યક ગણાય. કારણ હેતુવિહીન વર્ગશિક્ષણને તો ધૂંધળા વાતાવરણ સાથે સરખાવી શકાય કે જ્યાં બધું જ અસ્પષ્ટ છે, શિક્ષકનું કાર્ય અને વિદ્યાર્થીઓની અધ્યયન દિશા બન્ને.

### 1. 3. 7 શિક્ષણના હેતુઓ

શિક્ષણમાં હેતુઓની આવશ્યકતા એટલા માટે પણ છે કે અધ્યયનકર્તાઓની કાર્યસિદ્ધિ કેવું કરી રહ્યાં છે તે જાણવું હોય તો મૂલ્યાંકન કરવું પડે. કસોટી કે પરીક્ષણ એ અધ્યયનના માર્ગ પરના માર્ગ સ્તંભો છે અને તે વિદ્યાર્થી અને શિક્ષક બન્નેને તેઓના હેતુઓની સિદ્ધિમાં કયા સ્તર સુધીની સફળતા પ્રાપ્ત કરી તે દર્શાવે છે પરંતુ જ્યાં સુધી શિક્ષક અને વિદ્યાર્થી બન્ને પક્ષે ધ્યેયો સ્પષ્ટ ન હોય ત્યાં સુધી કસોટીઓ ગેરમાર્ગે દોરનાર, અસંબદ્ધ, ગેરવાજબી અને બિનઉપયોગી બને છે. પરીક્ષણની કાર્યસિદ્ધિ હેતુઓના સંદર્ભમાં માપવામાં આવી હોય તો જ ઉપયોગી ગણાય. જો શિક્ષક પોતે જ હેતુઓથી સ્પષ્ટ નહિં હોય તો વિદ્યાર્થીઓમાં ઇચ્છિત કૌશલ્યોની શક્તિનું માપન કરવા માટેની વિગતો પસંદ કરવાનું એના માટે મુસ્કેલ છે.

હેતુઓ સ્પષ્ટ કરવા માટેની આવશ્યકતા એટલા માટે પણ છે કે જેથી વિદ્યાર્થી પણ પ્રગતિના માર્ગ પર પોતાનું સ્વ-મૂલ્યાંકન કરી શકે અને તેના સંદર્ભમાં પોતાના પ્રયાસો સંબંધિત પ્રવૃત્તિઓ માટે આદરી શકે. પોતાની સફળતા માટે કઇ પ્રવૃત્તિઓ ઉપયોગી બની શકે તે પણ વિચારી શકે.

**હેતુઓ : અર્થ**

કોઇપણ કાર્યનું અંતિમ રૂપ ધ્યેય કહેવાય છે. જે દૃષ્ટિબિંદુ તરફ પ્રવૃત્તિ કે કાર્ય મીટે માંડીને આગળ ધપે છે, તેને ધ્યેય તરીકે ઓળખવામાં આવે છે. કોઇપણ ક્રિયા દ્વારા વ્યવસ્થિત રૂપે જે પરિવર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તેને ધ્યેય કહેવામાં આવે છે. અર્થાત્ આપણે જે કોઇ લક્ષ્ય હાંસલ કરવા માટે પ્રયત્નશીલ અને ક્રિયાશીલ બનીએ તે લક્ષ્યને ધ્યેય કહેવાય છે.

બેન્જામિન બ્લૂમ (૧૯૭૧) એમના પુસ્તક 'ટેક્ષોનોમી ઑફ એજ્યુકેશનલ ઓબ્જેક્ટિવ્ઝ'માં લખ્યું છે કે,

"શૈક્ષણિક હેતુઓ એટલે શિક્ષણ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીમાં અપેક્ષિત પરિવર્તન લાવવા માટેના માર્ગોની સ્પષ્ટ રચના એટલે કે તેઓ કઇ રીતે તેમના વિચારો, તેઓની લાગણીઓ અને તેઓની ક્રિયાઓમાં પરિવર્તન લાવશે."

જ્યારે રોબર્ટ મેજર (૧૯૬૨) એના પુસ્તક 'પ્રિપેરીંગ ઇન્સ્ટ્રક્શનલ ઓબ્જેક્ટિવ'માં લખે છે કે,

"હેતુ એટલે અધ્યયનકર્તામાં સૂચિત પરિવર્તન આણવા માટેનું વર્ણન કરતું વિધાન. અધ્યયનકર્તા સફળતાપૂર્વક અધ્યયન અનુભવો પૂર્ણ કરે ત્યારે તે કેવો હશે (is to be like) તેનું વર્ણન કરતું વિધાન આપણી અધ્યયનકર્તા પાસેથી અપેક્ષિત વર્તન (કાર્યસિદ્ધિ)ને વ્યક્ત કરવા માટેની તરાહનું વર્ણન."

પરીક્ષણ અને મૂલ્યાંકન વિભાગ, એન.સી.ઈ.આર.ટી. હેતુની વ્યાખ્યા નીચે મુજબ આપે છે.

"હેતુ એ એવું બિંદુ છે કે જેની દિશામાં કાર્ય કરવામાં આવે છે. અથવા હેતુ એવું વ્યવસ્થિત પરિવર્તન છે જે ક્રિયા દ્વારા પ્રાપ્ત કરી શકાય."

આ વ્યાખ્યા અનુસાર હેતુમાં મુખ્યત્વે ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. (૧) દિશા (૨) વ્યવસ્થિત પરિવર્તન અને (૩) પ્રવૃત્તિ. સર્વ પ્રવૃત્તિઓનું અંતિમબિંદુ એ જ ધ્યેય છે. સર્વ પ્રવૃત્તિઓના નિષ્કર્ષનું મૂલ્યાંકન ધ્યેય પર અવલંબે છે. વ્યક્તિના કાર્ય અને દિશા ધ્યેયલક્ષી હોય છે. કઈ દિશામાં કયા માર્ગે આગળ વધવું તે ધ્યેય સમજાવે છે. હેતુ અથવા ધ્યેયમાં એવી શક્તિ છે કે જેનાથી વ્યક્તિની બધી પ્રવૃત્તિઓ અને ક્રિયાઓ વ્યવસ્થિત અને ક્રમિક બની જાય છે. દિશાશૂન્ય પ્રવૃત્તિ અથવા ક્રિયા કઢંગી અને અસ્તવ્યસ્ત બની જાય છે.


**ધ્યેયો અને હેતુઓ વચ્ચેનો તફાવત :**

બ્લૂમના મત પ્રમાણે શિક્ષણના હેતુઓ એટલે એવી સુસ્પષ્ટ તકનિકીનું નિર્માણ કે જેના દ્વારા શિક્ષણની પ્રક્રિયાના માધ્યમથી વિદ્યાર્થીના વ્યવહારમાં ઇચ્છિત પરિવર્તન સંભવી શકે છે એના પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે હેતુઓ ખૂબ જ નિશ્ચિત હોય છે. હેતુઓ અને ધ્યેયોમાં ખૂબ તફાવત છે.

**ધ્યેયોની બે મુખ્ય લાક્ષણિકતાઓ :**

૧. તેઓ ઈરાદા દર્શાવતા ખૂબ જ વિશાળ અને સામાન્ય વિધાનો છે.

૨. તેઓનું સ્પષ્ટીકરણ અને અર્થઘટન ઘણી રીતે થઇ શકે.




**ધ્યેયો અને હેતુઓ વચ્ચેનો સંબંધ**

પાઠ્યક્રમનો અમુક ભાગ પૂર્ણ કર્યા પછી કે અધ્યયનકર્યા પછી તેના પરિણામે વિદ્યાર્થી શું કરી શકવાને સમર્થ હશે તે દર્શાવતાં ચોક્કસ વિધાનો એટલે હેતુઓ, હેતુઓ બે પ્રકારના હોય છે :

૧. શિક્ષણના સામાન્ય હેતુઓ અને

૨. વિશિષ્ટ હેતુઓ

સામાન્ય હેતુઓ સમજ, જ્ઞાન, કૌશલ્યો, ઉપયોગ વગેરેના સંદર્ભમાં સામાન્ય સિદ્ધિને દર્શાવતા વિધાનોને આલેખે. સામાન્ય હેતુઓની સિદ્ધિ લાંબા ગાળાને અંતે થાય.

જ્યારે વિશિષ્ટ હેતુઓ એ અપેક્ષિત વર્તન પરિવર્તનના સંદર્ભમાં દર્શાવવામાં આવે. કોઈ એક વર્ગશિક્ષણના તાસ દરમિયાન કે કોઇ એક એકમ સંપૂર્ણ શીખ્યા પછી તેને અંતે વિદ્યાર્થીઓમાં કયા અપેક્ષિત વર્તન પરિવર્તનો આવી શકે તેની સ્પષ્ટતા કરતાં સઘન નિશ્ચિત વર્ણનવાળા વિધાનો, વિશિષ્ટ હેતુઓને શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણ પ્રક્રિયાઓ સાથે પણ સીધો સંબંધ હોય છે. વિશિષ્ટ હેતુઓ પર આધારિત શિક્ષણ વર્ગશિક્ષણનું આયોજન શિક્ષણની પદ્ધતિ, પ્રયુક્તિ કે માધ્યમોની પસંદગી કરી શકે છે. મૂલ્યાંકનનું આયોજન પણ વિશિષ્ટ હેતુઓને ધ્યાનમાં રાખીને થઈ શકે.

એક સામાન્ય હેતુના અનેક વિશિષ્ટ હેતુઓ હોઈ શકે.

આમ, ધ્યેયો સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓનો સંબંધ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

**અધ્યયન નિષ્પત્તિ તરીકે શિક્ષણના હેતુઓ :**

શિક્ષણના હેતુઓ વિવિધ રીતે લખી શકાય. એક તો સામાન્ય રીતે શિક્ષક શું કરશે તે જણાવવું દા.ત. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રયોગશાળાના સાધનોની ગોઠવણી કેવી રીતે કરવી તેનું નિદર્શન કરશે.

અહીં, આ હેતુમાં અધ્યયન નિષ્પત્તિ કરતા અધ્યયનની પ્રવૃત્તિ પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે. શિક્ષક નિદર્શન કરે એટલે એનો હેતુ પાર પડે, પણ પછી વિદ્યાર્થીઓ કંઇ શીખ્યા કે નહિ તેની સાથે એનો કોઇ નિસ્બત નથી.

ખરેખર તો શિક્ષકના અધ્યાપનને અંતે શિક્ષક કેવી નિષ્પત્તિ ઇચ્છે છે તેના સંદર્ભમાં હેતુઓ લખવા એ વધુ ફલપ્રદ ગણી શકાય. એટલે કે પ્રયોગના સાધનોની ગોઠવણી દર્શાવ્યા પછી વિદ્યાર્થીઓએ શું કરવું જોઇએ કે શું કરી શકે તે નીચેના હેતુઓ દ્વારા દર્શાવી શકાય.

૧. નિદર્શનમાં દર્શાવેલા પ્રયોગશાળાના સાધનોની ઓળખ આપી શકે.

૨. પ્રયોગશાળાના સાધનોની ગોઠવણી માટે અનુસરેલા પગથિયાઓનું વર્ણન કરી શકે.

૩. પ્રયોગશાળામાં સાધનોને ગોઠવવામાં અને ઉપયોગમાં લેતી વખતે રાખવાની આવશ્યક કાળજીઓની યાદી આપી શકે.

૪. તેઓ પોતે પણ પ્રયોગશાળાના સાધનોની ગોઠવણી અંગેના કૌશલ્યોનું નિદર્શન કરી શકે.

આ રીતે લખાયેલા શિક્ષણના હેતુઓ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અનુભવને અંતે કયા પ્રકારનું વિશિષ્ટ વર્તન કરવાનું છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે. ઓળખવું, વર્ણન કરવું, યાદી આપવી અને નિદર્શન કરવું એ વિશિષ્ટ વર્તન દર્શાવતાં શબ્દો છે.

આમ, આપણે શિક્ષક પરથી વિદ્યાર્થી તરફ અને અધ્યયન પ્રક્રિયા પરથી અધ્યયન નિષ્પત્તિ તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જેના દ્વારા આપણે શિક્ષણ અંગેનો ઇરાદો પણ સ્પષ્ટ થાય છે અને તેના મૂલ્યાંકન માટેના ભાવ પણ સ્પષ્ટ કરે છે.

શિક્ષણના હેતુઓ પરિભાષિત કરવામાં બે બાબતો પર ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. વર્તન-પરિવર્તન અને શિક્ષણ વસ્તુનું ક્ષેત્ર કે જેમાં વર્તન પરિવર્તન લાવવાનું છે. શિક્ષણના હેતુઓ નિર્ધારિત કર્યા પછી શિક્ષકે વિચારવાનું રહે છે કે કેવા પ્રકારની શિક્ષણ સામગ્રી બાળક સમક્ષ કેવી રીતે રજૂ કરવામાં આવે જેથી નિર્ધારિત હેતુઓ પ્રાપ્ત કરી શકાય. કોઇ એક હેતુ પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રકારના શૈક્ષણિક અનુભવોનું પ્રદાન કરવાનું હોય છે. શિક્ષકે નક્કી કરવાનું રહે છે કે કોઈ એક હેતુ પાર પાડવા માટે ચોક્કસ પ્રકારના શિક્ષણ અનુભવો બાળકને આપવાના છે અને આ અનુભવો વિદ્યાર્થીકેન્દ્રી હોય તો જ અધ્યયન નિષ્પત્તિ વધુ ફલદાયી બની શકે છે.

**શૈક્ષણિક હેતુઓ :** બ્લૂમ (૧૯૫૬)ની ટેક્ષોનોમી પ્રમાણે,

શિક્ષણના હેતુઓને ઓળખવામાં અને વ્યાખ્યાયિત કરવામાં ખૂબ જ સહાયક માર્ગદર્શન બ્લૂમના હેતુઓની ટેક્ષોનોમી (વર્ગીકરણ)માંથી મળે છે. આ ટેક્ષોનોમીમાં શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ વનસ્પતિ અને પ્રાણીઓના વર્ગીકરણ જેવું જ છે. એમાં શિક્ષણમાંથી અપેક્ષિત બધી જ શક્ય અધ્યયન નિષ્પત્તિઓને સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના સ્વરૂપમાં આવરી લે છે.

આ વર્ગીકરણ એવી ધારણા પર આધારિત હોય છે કે, ‘‘અધ્યયન નિષ્પત્તિને વિદ્યાર્થીના વર્તન-

પરિવર્તનના સંદર્ભમાં શ્રેષ્ઠ રીતે વર્ણવી શકાય.'' અને તેથી જે શિક્ષકે શિક્ષણના હેતુઓને વર્તનના સંદર્ભમાં દર્શાવવા ઇચ્છતાં હોય તેઓ માટે આ વર્ગીકરણ ખૂબ જ મદદરૂપ બની શકે છે.

આ ટેક્ષોનોમીનું વર્ગીકરણ ત્રણ ક્ષેત્રોમાં થયું છે.

૧. જ્ઞાનાત્મક ક્ષેત્ર (Congnitive Domain)

૨. ભાવાત્મક ક્ષેત્ર (Affective Domain)

૩. ક્રિયાત્મક ક્ષેત્ર (Psychomotor Domain & Conetive Domain)

**જ્ઞાનાત્મક અને ભાવાત્મક ક્ષેત્રો :**

એક વાત નોંધી લઈએ કે ટેક્ષોનોમીના પ્રત્યેક ક્ષેત્રમાં હેતુઓનું વર્ગીકરણ શ્રેણીબદ્ધ રીતે ગોઠવવામાં આવ્યું છે. એકદમ સરળ વર્તન નિષ્પત્તિથી કઠિનતા તરફ તેની ગતિ દર્શાવી છે. ઉદાહરણ સ્વરૂપે જ્ઞાનાત્મક ક્ષેત્ર સરળ જ્ઞાનની નિષ્પત્તિથી શરૂ થાય છે અને પછી કઠિનતાના ચઢતા ક્રમમાં સમજ ઉપયોગિતા, વિશ્લેષણ, સંશ્લેષણ અને મૂલ્યાંકન સુધી પહોંચે છે. દરેક વર્ગમાં તેની નીચેના સ્તરનો સમાવેશ થાય છે. જેમ કે, સમજના હેતુમાં જ્ઞાનાત્મક સ્તરનું વર્ણન પણ સમાવિષ્ટ થઈ જાય, ઉપયોગિતામાં સમજ અને જ્ઞાન બન્નેનો સમાવેશ થઈ જાય અને એ રીતે આગળ ધપે.

ભાવાત્મક હેતુઓમાં પણ આ જ રીતે શ્રેણીને અનુસરવામાં આવે છે.

જ્ઞાનાત્મક હેતુઓનું વર્ગીકરણ નીચે મુજબ છે.

જ્ઞાનાત્મક ક્ષેત્રના મુખ્ય હેતુઓનું વર્ણન બ્લૂમ (૧૯૫૬)

**૧. જ્ઞાન (Knowledge)**

જ્ઞાન એટલે અગાઉ શીખેલી વસ્તુઓને યાદ રાખવું એમાં વિશાળ વિસ્તારમાંની સામગ્રીનું પુનઃ સ્મરણ સંકળાયેલું છે. વિશિષ્ટ હકીકતોથી માંડીને તે સંપૂર્ણ સિદ્ધાંતો સુધીની પરંતુ એ બધામાં આવશ્યક બાબત એ યોગ્ય માહિતીને યોગ્ય સમયે યાદ કરવાની છે. જ્ઞાન એ જ્ઞાનાત્મક ક્ષેત્રની અધ્યયન નિષ્પત્તિઓમાં એકદમ નિમ્ન સ્તરે છે.

**૨. સમજ (Comprehension)**

સમજનો અર્થ થાય છે સામગ્રીઓના અર્થને સમજવાની શક્તિ. અધ્યયન સામગ્રીને એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં ફેરવીને સમજ દર્શાવી શકાય (શબ્દોને આંકડામાં ફેરવવું) સામગ્રીનું અર્થઘટન કરવું (સ્પષ્ટીકરણ કરવું કે ઉપસંહાર દર્શાવવો) અને ભાવિ પ્રવાહોનો અંદાજ આપવો. (પરિણામો કે અસરની આગાહી કરવી) અધ્યયનના આ તબક્કે વિગતોને માત્ર સરળ યાદ રાખવા કરતાં એક પગથિયું ચડિયાતું છે. નિમ્ન કક્ષાની સમજ દર્શાવે છે.

**૩. ઉપયોગિતા (Application)**

ઉપયોગિતા એટલે શીખેલી બાબતોનો નવી અને વાસ્તવિક પરિસ્થિતિઓમાં ઉપયોગ કરવો. એમાં નિયમો, પદ્ધતિઓ, સંકલ્પનાઓ સિદ્ધાંતો અને કાયદાઓ વગેરેના ઉપયોગનો સમાવેશ થઇ શકે. આ ક્ષેત્રની અધ્યયન નિષ્પત્તિ સમજના ક્ષેત્ર કરતાં ઉચ્ચ સ્તરની સમજ માંગી લે છે.

**૪. વિશ્લેષણ (Analysis)**

વિશ્લેષણ એટલે અધ્યયન સામગ્રીનું તેના પેટા વિભાગોમાં વિભાજન કરવું જેથી તેના વ્યવસ્થિત સ્વરૂપને સમજી શકાય. એમાં ભાગોને ઓળખવા, ભાગો વચ્ચેના સંબંધોનું પૃથક્કરણ કરવું અને સંયોગીકરણના સિદ્ધાંતોને ઓળખવાનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં અધ્યયન નિષ્પત્તિ એ સમજ અને ઉપયોગિતા કરતાં ઉચ્ચ બૌદ્ધિક સ્તર દર્શાવે છે. કારણ એમાં અધ્યયન સામગ્રીનું વિષયવસ્તુ અને સ્વરૂપ એમ બંનેની સમજ આવશ્યક બને છે.

**૫. સંશ્લેષણ (Synthesis)**

સંશ્લેષણ એટલે એક નવું સમગ્ર બનાવવા માટે ભાગોને એકબીજા સાથે જોડવાની શક્તિ અદ્વિતીય સંદેશ વ્યવહાર (unique communication)નું સર્જન (વક્તવ્ય), કાર્યવાહીનું આયોજન (સંશોધન યોજના) કે અમૂર્ત સંબધોનો ગણ (માહિતીના વર્ગીકરણની પ્રયુક્તિ) વગેરે સાથે એ સંબંધિત છે. આ ક્ષેત્રમાંની અધ્યયન નિષ્પત્તિ સર્જનાત્મક વર્તન પર ભાર મૂકે છે અને એમાં પણ નવીન તરાહ

કે સ્વરૂપ પર વિશેષ ભાર મૂકે છે.

### ૬. મૂલ્યાંકન (Evaluation)

મૂલ્યાંકનનો સંબંધ આપેલા હેતુ માટે સંબંધિત અધ્યયન સામગ્રી (વિધાન, નવલકથા, કાવ્ય, સંશોધન નિબંધ)નાં મૂલ્યનો નિર્ણય કરવા સાથે છે. આ નિર્ણયો ચોક્કસ માપદંડો પર આધારિત હોવાં જોઇએ. આ માપદંડો આંતરિક (વ્યવસ્થા સંબંધિત) અથવા બાહ્ય (હેતુ સાથે સંબંધિત) હોઈ શકે અને માપદંડો ક્યાંતો વિદ્યાર્થીઓ નક્કી કરે અથવા તો તેઓને આપવામાં આવે. આ ક્ષેત્રમાંની અધ્યયન નિષ્પત્તિ જ્ઞાનાત્મક શ્રેણીમાં સૌથી ઉચ્ચ કક્ષાની હોય છે કારણ એમાં અન્ય બધાં જ વર્ગોના ઘટકો સમાયેલાં હોય છે. તદ્‌ઉપરાંત સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત માપદંડો પર આધારિત જાગૃત મૂલ્યની નિર્ણય શક્તિ હોય છે.

**જ્ઞાનાત્મક ક્ષેત્રના સામાન્ય શિક્ષણ હેતુઓ અને વર્તનલક્ષી શબ્દોના ઉદાહરણ**

| **શિક્ષણના સામાન્ય હેતુઓના ઉદાહરણો**<br>**૧** | **વિશિષ્ટ અધ્યયન નિષ્પત્તિ દર્શાવવા માટેના વર્તનલક્ષી શબ્દોના ઉદાહરણો**<br>**૨** |
|---|---|
| **૧. જ્ઞાન (Knowledge)** | |
| • સામાન્ય પરિભાષાઓ જાણે<br>• વિશિષ્ટ હકીક્તો જાણે<br>• પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ જાણે<br>• પાયાની સંકલ્પનાઓ જાણે<br>• સિદ્ધાંતો જાણે | વ્યાખ્યા આપવી, વર્ણન કરવું, ઓળખવું, નામ નિર્દેશન કરવું, યાદી આપવી, જોડકાં જોડવાં, નામો આપવા, રૂપરેખા આપવી, પુનઃ રજૂઆત કરવી, પસંદગી કરવી, પુનઃ સ્મરણ કરવું, વ્યક્ત કરવું વગેરે. |
| **૨. સમજ (Comprehension)** | |
| • હકીક્તો અને સિદ્ધાંતો સમજે.<br>• મૌખિક સામગ્રીનું અર્થઘટન કરે<br>• ચાર્ટો અને આલેખોનું અર્થઘટન કરે<br>• શાબ્દિક માહિતીને ગણિતના સૂત્રોના સ્વરૂપમાં ફેરવે<br>• આપેલી માહિતીમાં સૂચિત ભાવિ બનાવોનો અંદાજ દર્શાવે.<br>• પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનું સમર્થન કરે. | રૂપાંતર કરવું, દલીલો કરવી, તફાવતો દર્શાવવા, અંદાજો કરાવવા.<br>સ્પષ્ટીકરણ કરવું વિસ્તારણ કરવું, સામાન્યીકરણ કરવું.<br>ઉદાહરણો આપવા, અનુમાન કરવું. શાબ્દિક રૂપાંતર કરવું, આગાહી કરવી, પુનઃ લેખન કરવું ઉપસંહાર આપવો વગેરે. |
| **૩. ઉપયોગિતા (Application)** | |
| • નવી પરિસ્થિતિઓમાં સંકલ્પના અને સિદ્ધાંતોનો ઉપયોગ કરવો.<br>• પ્રાયોગિક પરિસ્થિતિઓમાં સિદ્ધાંતો અને નિયમોનો ઉપયોગ કરવો.<br>• ગણિતની સમસ્યાઓ ઉકેલવી<br>• ચાર્ટો અને આલેખોની રચના કરવી.<br>• પદ્ધતિ કે પ્રયુક્તિના સાચા ઉપયોગનું નિદર્શન કરવું. | પરિવર્તન કરવું ગણતરી કરવી, નિદર્શન કરવું, શોધ કરવી, કુશળ વ્યવહાર કરવો. કાર્યક્ષમતા દાખવવી, ક્રિયા કરવી, તૈયારી કરવી, સર્જન કરવું, સબંધ સ્થાપવો, દર્શાવવું, ઉકેલવું વગેરે. |
| **૪. વિશ્લેષણ (Analysis)** | |
| • અવ્યક્ત ધારણાઓ<br>• કારણોમાના ખોટા તર્ક ઓળખે.<br>• હકીક્તો અને અનુમાનો વચ્ચેનો ભેદ પારખે<br>• માહિતીની સુસંગતતાનું મૂલ્યાંકન કરે.<br>• કાર્ય (કલા, સંગીત, લેખન)ના વ્યવસ્થિત તંત્રનું વિશ્લેષણ કરે | મુદ્દાઓ સ્પષ્ટ કરવા, પસંદગી કરવી, પૃથક્કરણ (અલગ) કરવું, વિભાજન કરવું સંબંધ શોધવો ..વગેરે. |

| ૫. સંશ્લેષણ (Synthesis) | |
|---|---|
| • સુઆયોજિત રીતે લખાણ કરે.<br>• સર્જનાત્મક ટૂંકી વાર્તાઓ (કાવ્યો) લખે.<br>• પ્રયોગ માટેનું આયોજન સૂચવે.<br>• સમસ્યા ઉકેલવા માટે વિવિધ ક્ષેત્રોમાના અધ્યયનનું સંક્લન અને સંગઠન કરી આયોજન કરે.<br>• વસ્તુઓ (કે બનાવો કે વિચારો) નું વર્ગીકરણ કરવા માટેની નવી યોજના ઘડે. | આયોજન કરવું, પુનઃ ગોઠવણી કરવી, પુનઃ રચના કરવી સંબંધ સ્થાપવો, ઓળખવું, પુનરાવર્તન કરવું, પુનઃ લેખન કરવું, ઉપસંહાર આપવો વગેરે.. |
| **૬. મૂલ્યાંકન (Evaluation)** | |
| • લેખિત સામગ્રીની તાર્કિક સુસંગતતાનો નિર્ણય કરે.<br>• તારણો જે માહિતી પર આધારિત હોય તેની પર્યાપ્તતાનો નિર્ણય કરે.<br>• રૂપાંતરિત માપદંડોનો ઉપયોગ કરીને (સંગીત, કલા, લેખન, મૂલ્ય નક્કી કરે.)<br>• શ્રેષ્ઠતાના બાહ્ય ધોરણોનો ઉપયોગ કરીને (સંગીત, કલા, લેખન)નું મૂલ્ય નક્કી કરે. | મૂલવણી કરવી, સરખામણી કરવી, તારણો કાઢવા, તફાવતો દર્શાવવા, સમીક્ષા કરવી, વર્ણન કરવું, ભેદ સ્પષ્ટ કરવો, સ્પષ્ટીકરણ કરવું, સમર્થન કરવું, સંબંધ સ્થાપવો, ઉપસંહાર આપવો, ગુણદોષો દર્શાવવા વગેરે. |

**ભાવાત્મક ક્ષેત્રના મુખ્ય હેતુઓનું વર્ગીકરણ, કેથવોલ (Krathwohl, 1964)**

**૧. ગ્રહણ કરવું (Receiving)**

ગ્રહણ કરવું એટલે વિદ્યાર્થીઓની ચોક્કસ ઘટના કે ઉદ્દીપક (વર્ગ પ્રવૃત્તિઓ, પાઠ્ય પુસ્તક, સંગીત વગેરે)ની તરફ ધ્યાન આપવાની સ્વેચ્છા, શિક્ષણની દૃષ્ટિએ તે વિદ્યાર્થીના ધ્યાનને આકર્ષવા, જાળવી રાખવા અને ચોક્કસ દિશામાં વાળવા સાથે સંબંધિત છે. આ ક્ષેત્રની અધ્યયન નિષ્પત્તિ એ અધ્યયનકર્તાને પક્ષે અસ્તિત્વ ધરાવતી વસ્તુ અંગેની સરળ સભાનતાથી માંડીને પસંદગીયુક્ત ધ્યાન સુધી વિસ્તરે છે. ભાવાત્મક ક્ષેત્રના હેતુઓમાં ગ્રહણ એ નિમ્ન સ્તરની અધ્યયન નિષ્પત્તિ દર્શાવે છે.

**૨. પ્રતિક્રિયા કરવી (Responding)**

પ્રતિક્રિયા કરવી એટલે વિદ્યાર્થીના પક્ષે સક્રિય સહભાગિતા દર્શાવવી. આ સ્તરે વિદ્યાર્થી માત્ર કોઈ ચોક્કસ ઘટના તરફ જ ધ્યાન આપતો નથી. પરંતુ તેની સામે કોઈક રીતે પ્રતિક્રિયા પણ દર્શાવે છે. આ ક્ષેત્રમાંની અધ્યયન નિષ્પત્તિ એ પ્રતિક્રિયા માટેની માન્યતા આપવી (સ્વાધ્યાય સામગ્રીનું વાંચન કરવું) પ્રતિક્રિયા માટેની સ્વેચ્છા દર્શાવવી (સ્વાધ્યાય ઉપરાંતની સામગ્રી પણ વાંચવી) અથવા પ્રતિક્રિયા આપવામાં સંતોષ અનુભવવો. (આનંદ કે મોજને ખાતર વાંચવું) વગેરે પર ભાર મૂકે છે. આ ક્ષેત્રના ઉચ્ચ સ્તરમાં 'રસ'ના શિક્ષણના હેતુઓનો પણ સમાવેશ થાય. અર્થાત્ આનંદને ખાતર ચોક્કસ પ્રવૃત્તિઓના આદરવા પર ભાર મૂકે છે.

**૩. મૂલ્ય આકારવું (ધારણ કરવું)**

મૂલ્ય આકારવું એટલે કે વિદ્યાર્થી દ્વારા કોઇ ચોક્કસ ઘટના, વસ્તુ કે વર્તન અંગેનું મૂલ્ય કે ઉપયોગિતા સ્થાપવી. એનાં વિસ્તરણની માત્રા મૂલ્યના ખૂબ સરળ (જૂથ કૌશલ્યોમાં સુધારણા કરવાની ઇચ્છા) સ્વીકારથી માંડીને ખૂબ જ કઠિન સ્તર (જૂથની અસરકારક કાર્યવાહી માટે જવાબદારી ઉપાડવી) સુધીના સ્વીકાર લગી વિસ્તરે છે. મૂલ્યાંકન એ વિશિષ્ટ મૂલ્યોના ગણોની વાસ્તવિકતા પર આધારિત હોય છે. પરંતુ આ મૂલ્યોની હકીકતો વિદ્યાર્થીના બાહ્ય વર્તન દ્વારા વ્યક્ત થાય છે. આ ક્ષેત્રની અધ્યયન નિષ્પત્તિ એ સુસંગત (Consistent) અને મૂલ્યને સ્પષ્ટ રીતે ઓળખવા પૂરતા સ્થિર વર્તન સાથે સંબંધિત હોય છે. 'વલણો' (Attitudas) અને 'મૂલવણી' (Appreciation) સાથે સંકળાયેલા શિક્ષણના હેતુઓ સામાન્ય રીતે આ વર્ગમાં સમાવિષ્ટ થાય છે.

૪. **સંગઠન (Organisation)**

સંગઠન એ વિવિધ મૂલ્યોને એકસાથે ભેગા કરવા સાથે તેઓ વચ્ચેના સંઘર્ષનો નીવેડો લાવવો અને આંતરિક રીતે સુસંગત મૂલ્યતંત્રની રચનાના પ્રારંભ સાથે સંબંધિત છે. આમ, મૂલ્યોની તુલના કરવી, સંબંધ સ્થાપવો અને સંશ્લેષણ કરવા પર ભાર મૂકે છે. અધ્યયન નિષ્પત્તિ એ મૂલ્યોના સંકલ્પનાકરણ (માનવસંબંધોની સુધારણા માટે પ્રત્યેક વ્યક્તિની જવાબદારીને ઓળખવી) અથવા મૂલ્યતંત્રના સંગઠન (આર્થિક સંરક્ષણ અને સામાજિક સેવા એમ બંનેની આવશ્યકતાઓને સંતોષવા માટેનું વ્યાવસાયિક આયોજન) સાથે સંબંધિત છે. જીવનની ફિલસૂફીનો વિકાસ કરવા સાથે સંબંધિત શિક્ષણના હેતુઓ આ વર્ગમાં આવે.

૫. **મૂલ્ય કે મૂલ્ય સંકુલ દ્વારા ચારિત્ર્યનું આલેખન (Characterization by value or value system) :**

ભાવાત્મક ક્ષેત્રના આ સ્તરે, વ્યક્તિ પાસે એક મૂલ્યતંત્ર હોય છે કે જેણે એક લાક્ષણિક 'જીવનશૈલી' વિકસાવવા માટે તેના વર્તનનું નિયંત્રણ કર્યું હોય છે. આમ, વર્તન વ્યાપક, સુસંગત અને ભાવિસૂચક હોય છે. આ સ્તરે અધ્યયન નિષ્પત્તિ એ પ્રવૃત્તિઓના વિશાળ પદને આવરી લે છે. પરંતુ વિશેષભાર તો વિદ્યાર્થીની લાક્ષણિક વર્તણૂક પર જ મૂકવામાં આવે છે. વિદ્યાર્થીની સમાયોજનની સામાન્ય તરાહ (વ્યક્તિગત, સામાજિક, ભાવાત્મક)ની સાથે સંબંધિત શિક્ષણના હેતુઓ અહીં યોગ્ય ગણાય.

ભાવાત્મક ક્ષેત્રના શિક્ષણના સામાન્ય હેતુઓ અને વર્તનલક્ષી શબ્દો (ક્રિયાપદો)ના ઉદાહરણો

| શિક્ષણના સામાન્ય હેતુઓના ઉદાહરણો<br>૧ | વિશિષ્ટ અધ્યયન નિષ્પત્તિ દર્શાવવા માટેના વર્તનલક્ષી શબ્દોના ઉદાહરણો<br>૨ |
|---|---|
| **૧. ગ્રહણ કરવું (Receiving)** | |
| • ધ્યાનપૂર્વક સાંભળે<br>• અધ્યયનની અગત્યતા પ્રતિ સભાનતા દાખવે<br>• માનવ જરૂરિયાતો અને સામાજિક સમસ્યાઓ પ્રતિ સંવેદના પ્રગટ કરે.<br>• જાતિ અને સંસ્કૃતિના ભેદોને સ્વીકારે<br>• વર્ગ પ્રવૃત્તિઓમાં ઝીણવટથી ધ્યાન આપે. | પૂછવું, પસંદ કરવું, વર્ણન કરવું, અનુસરવું, આપવું, જાળવી રાખવું, વિચારવું ઓળખવું, ચોક્કસ સ્થાન શોધી કાઢવું, નામો આપવા, મુદ્દાઓ દર્શાવવા, પ્રત્યુત્તરો આપવા, ઉપયોગ કરવો વગેરે... |
| **૨. પ્રતિક્રિયા કરવી (Responding)** | |
| • આપેલું ગૃહકાર્ય પૂર્ણ કરે.<br>• શાળાના નિયમોને પાળે<br>• વર્ગચર્ચામાં ભાગ લે<br>• પ્રાયોગિક કાર્ણ પૂર્ણ કરે<br>• વિશિષ્ટ કાર્યો માટે સ્વેચ્છાએ આગળ આવે.<br>• વિષયમાં રસ દાખવે<br>• બીજાને મદદ કરવામાં આનંદ અનુભવે | પ્રત્યુત્તરો આપવા, મદદ કરવી, સંકલન કરવું, પાલન કરવું, ચર્ચા કરવી. આવકારવું, નામ નિર્દેશન કરવું, કાર્ય કરવું, મહાવરો કરવો, રજૂઆત કરવી, વાંચવું, મુખપાઠ કરવો, નોંધ કરવી, પસંદ કરવું કહેવું, લખવું ... |
| **૩. મૂલ્ય આકારવું (Valuing)** | |
| • લોકશાહી પ્રક્રિયામાં માન્યતા દર્શાવવી.<br>• સારા સાહિત્યની મૂલવણી કરે (કલા કે સંગીત)<br>• વિજ્ઞાનના કે અન્ય વિષયોના દૈનિક જીવનમાં ફાળાની મૂલવણી કરે.<br>• અન્યના કલ્યાણ માટે રસ દાખવે.<br>• સમસ્યા ઉકેલનું વલણ દાખવે.<br>• સામાજિક સુધારણા માટે જવાબદારી દાખવે | પૂર્ણ કરવું, વર્ણન કરવું, તફાવતો દર્શાવવા, સ્પષ્ટીકરણ કરવું, અનુસરવું, રચના કરવી, પ્રારંભ કરવો, આવકારવું, જોડવું, દરખાસ્ત કરવી, વાંચવું, નોંધ કરવી, પસંદગી કરવી, સહભાગિતા દર્શાવવી, અભ્યાસ કરવો, કાર્ય કરવું વગેરે. |
| **૪. સંગઠન (Organization)** | |
| • લોકશાહીમાં સ્વતંત્રતા અને જવાબદારી વચ્ચેની આવશ્યકતાઓને ઓળખે.<br>• સમસ્યા ઉકેલવામાં વ્યવસ્થિત આયોજનની ભૂમિકા સમજે<br>• સ્વના વર્તન અંગેની જવાબદારી સ્વીકારે<br>• સ્વની શક્તિ અને મર્યાદાઓને સ્વીકારે | ટેકો આપવો, ફેરફાર કરવો, ગોઠવણી કરવી, જોડવું, તુલના કરવી, પૂર્ણ કરવું, બચાવ કરવો, સ્પષ્ટીકરણ કરવું, સામાન્યીકરણ કરવું, ઓળખવું, એકત્રિકરણ કરવું, પરિવર્તન કરવું, વ્યવસ્થિત કરવું, સંકલન કરવું, તૈયારી કરવી, સંબંધ સ્થાપવો, સંશ્લેષણ કરવું વગેરે |
| **૫. ચારિત્ર્યનું આલેખન (Characterization)** | |
| • સંરક્ષણની સભાનતા દાખવે<br>• સ્વતંત્ર રીતે કાર્ય કરવામાં આત્મનિર્ભરતા દર્શાવે<br>• જૂથ પ્રવૃત્તિઓમાં સહકાર દાખવે.<br>• સમસ્યા ઉકેલવામાં અનાત્મલક્ષી અભિગમનો ઉપયોગ કરે.<br>• ઉદ્યમીપણું, નિયમિતપણું અને સ્વશિસ્ત દાખવે.<br>• સારી સ્વાસ્થ્ય ટેવો જાળવે. | કાર્ય કરવું, ભેદ દર્શાવવો, પ્રદર્શિત કરવું, અસર કરવી, સંભાળવું, પરિવર્તન કરવું, મહાવરો કરવો, દરખાસ્ત કરવી, લાયકાત કેળવવી, મર્યાદા દર્શાવવી, પુનરાવર્તન કરવું, સેવા કરવી, સમસ્યા ઉકેલવી, ઉપયોગ કરવો, પ્રમાણિત કરવું. |

**ક્રિયાત્મક ક્ષેત્ર (Psychomotor Domain)**

ક્રિયાત્મક ક્ષેત્ર એ ગતિવાહી કૌશલ્ય (Motor Skills) સાથે સંબંધિત છે જો કે આ ક્ષેત્ર એવી કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ સાથે સંબંધિત છે કે જે મહ્દઅંશે ઘણાં વિષયો (લેખન, વક્તવ્ય, પ્રાયોગિક કૌશલ્યો)માં સામાન્ય હોય છતાં વ્યાપાર-વાણિજ્યના વિષયો, ગૃહ અર્થશાસ્ત્ર ઔદ્યોગિક શિક્ષણ, શારીરિક શિક્ષણ, કલા અને સંગીત જેવા વિષયો પર વિશેષ ભાર મૂકે છે. આ ક્ષેત્રના હેતુઓમાં ક્રિયાત્મક કૌશલ્યો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલા શિક્ષણના હેતુઓનું હાલમાં પ્રચલિત વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

**ક્રિયાત્મક ક્ષેત્રના હેતુઓનું હાલમાં પ્રચલિત વર્ગીકરણ :**

૧. **ઉત્તેજના (આવેગ) (Impulsion)**

જ્યારે વિદ્યાર્થીને અવલોકનક્ષમ કાર્ય સમક્ષ મૂકવામાં આવે છે ત્યારે તે એક પ્રકારનો આવેગ અનુભવે છે અને તેવું જ કાર્ય કરવા માટે ઉત્તેજિત થાય છે અને અનુકરણ કરવાનો પ્રયાસ કરે છે. જો કે એની કાર્યસિદ્ધિમાં ચેતાસ્નાયુ સંકલન કે નિયંત્રણનો અભાવ જોવા મળે છે અને તેથી સામાન્ય રીતે અપરિપક્વ સ્વરૂપમાં હોય છે. જેનું કારણ છે સમજનો અભાવ, મહાવરાની જરૂરિયાત અને વિદ્યાર્થીની અપરિપક્વતા.

૨. **ક્રિયાત્મકતા (Manipulation)**

આ વર્ગમાં કૌશલ્યોનો વિકાસ નીચેની દિશાઓ પર ભાર મૂકે છે.

અધ્યયનકર્તા આવેગના તબક્કાની જેમ માત્ર અવલોકન પર આધાર રાખવાને સ્થાને સૂચનો પર આધારિત કાર્ય કરવા શક્તિમાન બને છે. અધ્યયનકર્તા વિવિધ હિલચાલો વચ્ચેનો ભેદ સમજી શકે છે અને તેમાંથી યોગ્ય પસંદગી કરી શકે છે તે ધીરે-ધીરે સ્થિરતા તરફ ગતિ કરે છે. તેની કાર્યસિદ્ધિ સરસ રીતે ગોઠવાયેલી હોય છે. ટૂંકમાં કાર્યની કાર્યવાહીમાં વિવિધ હિલચાલો વચ્ચેનો તફાવત અને તેમાંથી યોગ્યની પસંદગી સમાયેલી છે.

૩. **નિયંત્રણ (Control)**

આપેલા કાર્યને ફરીથી કરી દેખાડવા કાર્યસિદ્ધિની કુશળતા ઉચ્ચ સ્તર સુધીની સુધારણાએ પહોંચે છે. અધ્યયનકર્તા સ્વતંત્ર રીતે કાર્ય કરે છે તે આવશ્યકતા પ્રમાણે ઝડપનું નિયંત્રણ કરી શકે અને આત્મવિશ્વાસ દર્શાવે.

આમ, આપેલા કાર્યને પુનઃ કરી દેખાડવાના નિયંત્રણમાં કાર્યસિદ્ધિની ચોક્સાઈ, અપ્રમાણતા અને યથાર્થતા સમાયેલા છે.

૪. **સંયોગીકરણ (Co-Ordination)**

આ વર્ગ યોગ્ય ક્રમ સ્થાપીને કાર્યોની શ્રેણીનું સંકલન કરવા પર અને વિવિધ કાર્યો વચ્ચે સંવાદિતા પ્રાપ્ત કરવા પર ભાર મૂકે છે.

૫. **સ્વાભાવીકરણ (Naturalization)**

આ તબક્કે કૌશલ્ય ઉચ્ચ કક્ષાની કુશળતા પ્રાપ્ત કરે છે અને ઓછામાં ઓછી માનસિક શક્તિને ખર્ચીને કાર્ય હાથ ધરાય છે. કાર્ય સહજતાથી સભાનતા વિના પણ થાય છે અને અધ્યયનકર્તાને કાર્યની ટેવ પડી જાય છે.

બ્લૂમ (૧૯૫૬) જ્યારે ક્રિયાત્મક ક્ષેત્રની વાતો કરી ત્યારે આ ક્ષેત્રના શિક્ષણના હેતુઓનું વર્ગીકરણ હજી વિકાસાત્મક તબક્કામાં હતું, આથી તેના સામાન્ય શિક્ષણના હેતુઓ અને વર્તનલક્ષી શબ્દોને વર્ગીકરણ વિના જ દર્શાવ્યાં છે જે સામેના પેજ નં. ૧૯ પર છે.

**ક્રિયાત્મક ક્ષેત્રના શિક્ષણના સામાન્ય હેતુઓ અને વર્તનલક્ષી શબ્દો (ક્રિયાપદો)ના ઉદાહરણો :**

| શિક્ષણના સામાન્ય હેતુઓના ઉદાહરણો | વિશિષ્ટ અધ્યયન નિષ્પત્તિ દર્શાવવા માટેના વર્તનલક્ષી શબ્દોના ઉદાહરણો |
|---|---|
| • સરળતાપૂર્વક અને વાંચનક્ષમ રીતે લખાણ કરે.<br>• ચિત્ર કે નકશો, જીવવિજ્ઞાનનો નમૂનો વગેરેનું ચોક્સાઈપૂર્વક પુનઃ આલેખન કરે. પ્રયોગશાળાના સાધનોને ઝડપથી અને સાચી રીતે ગોઠવે.<br>• ઝડપ અને ચોક્સાઈ સાથે ટાઈપ કરે.<br>• કૌશલ્યયુક્ત રીતે સિવવાના સંચાનો ઉપયોગ કરે.<br>• શક્તિશાળી કરવતનો સંરક્ષણાત્મક અને કૌશલ્યયુક્ત રીતે ઉપયોગ કરે.<br>• વાયોલિન કૌશલ્યયુક્ત રીતે વગાડે<br>• નૃત્યના પગથિયાંઓ સાચી રીતે રજૂ કરે.<br>• વાદન ચલાવવાનું કૌશલ્ય દાખવે.<br>• કાર્યના નવા માર્ગોનું સર્જન કરે. | ભાગો જોડવા, રચના કરવી, ગણતરી કરવી, સ્વર યોજના કરવી, ક્રમાનુસાર ગોઠવવું, જોડાણો સ્થાપે, સર્જન કરવું, ભાગો છૂટા પાડવા, મહાવરો કરવો, ભાગો ઓળખવા, કાર્યવાહી કરવી, ચિત્રો દોરવા, સીવવું, વજન કરવું, ઠોકઠાક કરવી, શરૂ કરવું વગેરે. |

આમ, આપણે કહી શકીએ કે બાળકનું વર્તન ત્રણ ક્ષેત્રોમાંના વિકાસ દ્વારા નિયંત્રિત થાય છે. જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક નીચેની આકૃતિ શૈક્ષણિક હેતુઓની ટેક્ષોનોમીના ત્રણે ક્ષેત્રોને દર્શાવે છે.

**રોબર્ટ મેજરની પ્રણાલી**

મેજર (૧૯૬૨) કહે છે કે તમે હેતુઓ કેવી રીતે લખશો કે જે બાળકના ઇચ્છિત વર્તનને દર્શાવતાં હોય ? સારું, તે માટેના ઘણા રસ્તાઓ હોઇ શકે, પરંતુ રોબર્ટ મેજરની દૃષ્ટિએ એના ત્રણ માર્ગો છે.

૧. લક્ષ્ય વર્તનને તેના નામ દ્વારા ઓળખો, અધ્યયનકર્તા એ હેતુ પ્રાપ્તિ કરી છે તેના પુરાવારૂપ સ્વીકાર્ય વર્તનના પ્રકારને તમે સ્પષ્ટ કરી શકે.

૨. જે મહત્ત્વની પરિસ્થિતિઓની અંતર્ગત તમે વર્તનને ઉદ્ભવવા અપેક્ષા રાખતા હો તેના વર્ણન દ્વારા ઇચ્છિત વર્તનને વ્યાખ્યાયિત કરો.

૩. સ્વીકાર્ય ગણી શકાય એ માટે અધ્યયનકર્તાએ કેટલું સારું કાર્ય કરવું જોઇએ તેના વર્ણન દ્વારા કાર્યસિદ્ધિના સ્વીકાર માટેના માપદંડો સ્પષ્ટ કરો.

જો કે આમાંની પ્રત્યેક વિગત હેતુને વિશેષ વિશિષ્ટ બનવામાં મદદરૂપ બની શકે, પરંતુ એક જ હેતુમાં એ ત્રણેનો સમાવેશ થવો જ જોઇએ એવું પણ આવશ્યક નથી.

રોબર્ટ મેજરે પણ હેતુઓ લખવા માટે બ્લૂમના વર્ગીકરણને જ આધારભૂત માન્યું. એના મત પ્રમાણે હેતુઓને વર્તનલક્ષી રીતે દર્શાવવા માટે વિષયવસ્તુના ઘટકો અને ક્રિયાપદોને જોડવા પડે.

વર્તનલક્ષી હેતુ = વિષયવસ્તુનો ઘટક + ક્રિયાપદ

દા.ત. ભૂગોળમાં 'હવામાન'

વિદ્યાર્થીઓ <u>હવામાન શબ્દને વ્યાખ્યાયિત કરી શકે</u>

'વિષયવસ્તુ' 'ક્રિયાપદ'

આપણે બ્લૂમની ટેક્ષોનોમીના વર્ગીકરણમાં આવા ભાવાત્મક બંને ક્ષેત્રો માટે દર્શાવી છે, જેનો ઉપયોગ વર્તનલક્ષી હેતુઓ લખવા માટે થઈ શકે. એમાં તો માત્ર ઉદાહરણાત્મક ક્રિયાપદો દર્શાવ્યાં છે અને એવા અનેક ક્રિયાપદોની યાદી આપી શકાય. વળી, ક્રિયાપદો એકબીજા વર્ગમાં સામાન્ય પણ હોય છે. એક વર્ગ માટે અમુક જ નિશ્ચિત ક્રિયાપદો હોય શકે એવું નથી.

**રોબર્ટ મેજરની પ્રણાલીની મર્યાદાઓ :**

વર્તનલક્ષી હેતુઓ લખવા માટે રોબર્ટ મેજરની પ્રણાલીઓ સંપૂર્ણ અને યથાર્થ નથી તેની કેટલીક મર્યાદાઓ છે :

૧. તે કાર્ય સાથે સંબંધિત માનસિક ક્રિયાઓ કરતાં ક્રિયાપદો પર વિશેષ ભાર મૂકે છે.

૨. નિમ્નકક્ષાના શિક્ષણના હેતુઓ આ પદ્ધતિથી લખી શકાય. ઉચ્ચ કક્ષાના શિક્ષણના હેતુઓ આ પદ્ધતિથી સ્પષ્ટ રીતે લખી શકાય નહીં.

૩. સમાન ક્રિયાપદો એકબીજા વર્ગોમાં જોવા મળે પરિણામે હેતુઓ લખવામાં ગૂંચ અનુભવી શકાય.

૪. રોબર્ટ મેજરની પ્રણાલી માત્ર જ્ઞાનાત્મક અને ભાવાત્મક ક્ષેત્ર પૂરતી મર્યાદિત છે. ક્રિયાત્મક હેતુઓ તે દ્વારા દર્શાવી શકતા નથી.

## 1. 4 તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** (અ) નીચે આપવામાં આવેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(બ) એકમના અંતે આપવામાં આવેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

(1) શિક્ષક-શિક્ષણ અંગેની સમજ આપો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(2) શિક્ષક-શિક્ષણની કોઈ પણ બે વ્યાખ્યા આપો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(3) શિક્ષક-શિક્ષણનું મહત્ત્વ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(4) શિક્ષક-શિક્ષણ અને શિક્ષકપ્ર-શિક્ષણ વચ્ચેનો ભેદ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(5) શિક્ષક-શિક્ષણ અંગેની જરૂરિયાતો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) શિક્ષક-શિક્ષણના ઉદ્દેશ્યો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(7) શિક્ષક-શિક્ષણના હેતુઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(8) શિક્ષણના હેતુઓનો અર્થ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

(9) ધ્યેયો અને હેતુઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

(10) બ્લૂમની ટેક્ષોનોમી પ્રમાણે શૈક્ષણિક હેતુઓ લખો.

..................................................................

..................................................................

..................................................................

## 1.5 સારાંશ

પ્રસ્તુત એકમમાં શિક્ષક-શિક્ષણ અંગેની સમજ તેમજ તેનું મહત્ત્વ ઉપરાંત શિક્ષક-શિક્ષણના ઘટકોની ચર્ચા કરેલ છે. શિક્ષક-શિક્ષણની જરૂરિયાત, શિક્ષણના ઉદ્દેશો તેમજ તેના હેતુઓ વિશેની સમજ આપેલ છે. વર્તમાન સમયમાં શિક્ષણ અંગે મહત્ત્વની વિશદ્ સમજૂતી આપેલી છે.

## 1.6 સ્વાધ્યાય

૧. શિક્ષક-શિક્ષણ અંગેનો અર્થ અને મહત્ત્વ સમજાવો.

૨. શિક્ષક-શિક્ષણ અર્થ અને મહત્ત્વ સમજાવો.

૩. શિક્ષક-શિક્ષણના ઉદ્દેશો જણાવો.

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૧. જુઓ ૧.૩

૨. જુઓ ૧.૩.૧

૩. જુઓ ૧.૩.૧

૪. જુઓ ૧.૩.૩

૫. જુઓ ૧.૩.૪

૬. જુઓ ૧.૩.૫

૭. જુઓ ૧.૩.૬

૮. જુઓ ૧.૩.૭

૯. જુઓ ૧.૩.૭

૧૦. જુઓ ૧.૩.૭

એકમ 2

# શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

: રૂપરેખા :

2. 1 પ્રસ્તાવના

2. 2 ઉદ્દેશો

2. 3 શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

- 2. 3. 1 શિક્ષક-શિક્ષણની સંકલ્પનાનો વિકાસ
- 2. 3. 2 પ્રાચીન ભારતમાં શિક્ષક-શિક્ષણ
- 2. 3. 3 સ્વાતંત્ર્ય પૂર્વ ભારતમાં શિક્ષક-શિક્ષણ
- 2. 3. 4 સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષક-શિક્ષણ
- 2. 3. 5 શિક્ષકની જવાબદારીઓ, સામાજિક દરજ્જો તેમજ વ્યાવસાયિક દરજ્જો

2. 4 સારાંશ

2. 5 ચર્ચા માટેના મુદ્દાઓ

2. 6 તમારી પ્રગતિ ચકાસો

2. 7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 2. 1 પ્રસ્તાવના

ભારતને પોતાનો સંસ્કાર વારસો છે. ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન સંસ્કૃતિ છે. આશરે આજથી 4000 વર્ષ પહેલાં ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણનું બીજારોપણ થયું હતું. શિક્ષણનો સુવ્યવસ્થિત પ્રયાસ ભારતમાં વૈદિકકાળથી આરંભાયો.

## 2. 2 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :-

- શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા વિશે જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણની સંકલ્પનાના વિકાસ વિશે જાણી શકશો.
- પ્રાચીન ભારતમાં શિક્ષક-શિક્ષણ વિશે જાણી શકશો.
- સ્વાતંત્ર્ય પૂર્વ ભારતમાં શિક્ષક-શિક્ષણ વિશે જાણી શકશો.
- સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષક-શિક્ષણ વિશે સમજી શકશો.

## 2. 3 શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

કેળવણી એ કોઇ પણ રાષ્ટ્રની સાંસ્કૃતિક ઘટના છે. કેળવણી એ વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ કરનારી પ્રક્રિયા છે. કેળવણી દ્વારા વ્યક્તિનો, વ્યક્તિ દ્વારા સમાજનો અને સમાજ દ્વારા રાષ્ટ્રનો ઉત્કર્ષ શક્ય બને છે. ભારતની પ્રાચીન વૈદિક શિક્ષણ પ્રણાલીએ ભારતના ભવ્ય ભૂતકાળના સાંસ્કૃતિક વારસાને ચિરંજીવ રાખવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાનપ્રાપ્તિ એક સાધના છે, ઉપાસના છે. પ્રાચીન ભારતીય વિદ્વતજનો વ્યક્તિ અને સમાજના સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણને અનિવાર્ય માનતા હતા. આથી પ્રાચીન શિક્ષણ પ્રથાનો એવી રીતે વિકાસ સધાયો કે જેથી ભારતમાં ઉચ્ચકોટિના બહુમુખી પ્રતિભાવાળા પ્રતિભા સંપન્ન મહાઋષિઓનો જન્મ થયો જેમણે ભારતીય સંસ્કૃતિમાં પોતાનું મૌલિક પ્રદાન કર્યું છે. શિક્ષક-શિક્ષણ વ્યવસ્થાને નીચેના ભાગોમાં વિભાજીત કરી શકાય છે.

**1. પ્રાચીન અને મધ્યકાલીન શિક્ષણ :**

વૈદિકકાળમાં શિક્ષણ જાતિ વ્યવસ્થા પર આધારિત હતું. દરેક જાતિ પોતાના વ્યવસાય પ્રત્યે સમર્પિત હતી. બ્રાહ્મણો શિક્ષણ આપીને પોતાનું જીવિકોપાર્જન કરતા હતા. તે સમયે શિક્ષણ આપતી કોઇ ઔપચારિક સંસ્થા હતી નહીં. વિદ્યાર્થી પોતાના ગુરુ, માતા-પિતા કે વાલી દ્વારા શિક્ષિત થતાં હતાં. આ એક આનુવંશિક પ્રક્રિયા હતી. શિક્ષણની કળા શિક્ષક પોતાના પરિવારના માધ્યમથી શીખતા હતાં. શિક્ષણનો વ્યવસાય એક પેઢીથી બીજી પેઢીને મળતો હતો.

વૈદિકકાળની શિક્ષણ પદ્ધતિઓ સરળ હતી. વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે શિક્ષક પર નિર્ભર રહેવું પડતું હતું. શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે ખૂબ ઘનિષ્ઠ સંબંધ હતો. પરંતુ આ સમય દરમ્યાન શિક્ષક શિક્ષણની કોઇ ઔપચારિક વ્યવસ્થા ન હતી.

**2. બૌદ્ધકાલીન શિક્ષણ :**

આ કાળમાં શિક્ષક-શિક્ષણનું મહત્ત્વ સમજાઇ ગયું હતું. આ સમયે જ આ ધારણા બની હતી કે શિક્ષણનો વ્યવસાય કેવળ બ્રાહ્મણોની ધરોહર ન હતી પરંતુ કોઇ પણ વર્ગ કે સમુદાયનો કોઇ પણ પ્રતિભાશાળી વ્યક્તિ શિક્ષણ ઉપરાંત શિક્ષકનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે. આમ, આ સમયમાં જ શિક્ષકને શિક્ષણ આપવાની શરૂઆત થઈ. શિક્ષક-શિક્ષણની વ્યવસ્થા દ્વારા શિક્ષણનો વ્યવસાય વિકસિત થયો. શિક્ષકો માટે શિક્ષણની વ્યવસ્થા પણ ઉભી થઇ. આ શિક્ષણ બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે શિક્ષકો તૈયાર કરવા માટે હતું, ના કેવળ વિદ્યાલયો (શાળાના) શિક્ષકો માટે આ વ્યવસ્થા હતી. શિક્ષણ પ્રાપ્ત કરનાર ભિક્ષુક હતાં જેઓએ બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે કાર્ય કર્યું.

**3. મુસ્લિમકાલીન શિક્ષણ :**

ભારતની આર્થિક પ્રગતિ અને સંપત્તિથી આકર્ષાઇને મુસલમાનોએ આઠમી સદીમાં ભારત ઉપર આક્રમણો શરૂ કરી દીધા હતાં. મહંમદ ગઝનીએ અનેકવાર અહીંનું ધન લૂંટી પ્રત્યેકવાર તે સ્વદેશ પાછો ફર્યો. મહંમદ ગઝની પ્રથમ મુસ્લિમ શાસક હતો. જેણે 12મી સદીના અંતમાં

ભારતમાં મુસ્લિમ સલ્તનતનો પાયો નાંખ્યો. ઇ. સ. 1296માં તેના મૃત્યુ સમયથી ઇ. સ. 1757માં જ્યારે પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજોએ વિજય પ્રાપ્ત કર્યો ત્યાં સુધી ભારતમાં મુસલમાનોનું આધિપત્ય રહ્યું. લગભગ 550 વર્ષના આ દીર્ઘકાલીન આધિપત્ય દરમિયાન ભારતીય સંસ્કૃતિ તેમજ સભ્યતાનું માળખું સંપૂર્ણપણે બદલાઇ ગયું. આ સમયગાળો ભારતીય ઇતિહાસમાં નવાં પરિમાણો ઊભા કરે છે. આ સમગ્ર સમયગાળો ભારતીય ઇતિહાસમાં 'મધ્યકાલીન યુગ' તરીકે ઓળખાયો છે.

ભારતમાં મુસ્લિમ શાસનની સ્થાપના પહેલાં અહીં બૌદ્ધ તથા બ્રાહ્મણીય શિક્ષણનો પ્રચાર અને પ્રસાર હતો. પરંતુ મુસલમાનોની ધાર્મિક કટ્ટરતાના કારણે અનેક હિન્દુ શિક્ષણ કેન્દ્રો નષ્ટ કરી દેવામાં આવ્યાં અને તેમનાં પુસ્તકોને સળગાવી દેવામાં આવ્યાં. આમ છતાં, પ્રાચીન તેમજ સુવ્યવસ્થિત સંસ્કૃતિ પર આધારિત ધર્મથી પ્રેરાઇ ભારતીય શિક્ષણની દ્વારા મુસ્લિમ પ્રભાવથી દૂર રહી, પોતાની રીતે અવિરતપણે વિકાસ પામતી રહી. આની સાથે જે નગરોમાં મુસલમાન વિશાળ સંખ્યામાં રહેતા હતા અથવા કોઇ મુસ્લિમ શાસક રહેતો હતો ત્યાં મુસ્લિમ શિક્ષણનો પ્રભાવ વર્તાવા લાગ્યો.

મોહમ્મદ સાહેબનો એક ઉપદેશ હતો, પોતાના બાળકને દાનમાં સોનું આપવું તેના કરતાં શિક્ષણ આપવું શ્રેષ્ઠ છે. તેમના અનુયાયીઓએ આ આદેશનું અક્ષરશઃ પાલન કર્યું અને વિશ્વમાં જ્યાં સર્વપ્રથમ વિશ્વવિદ્યાલયો માંથી એક હતી.

ભારતના કમનસીબે તેમણે શિક્ષણ પ્રત્યે એવી રુચિ ન દાખવી આનું કારણ દર્શાવતાં ટી. એન. સ્કિવેરા નોંધે છે કે ભારત ઉપર મુસલમાનોનો વિજય ઇસ્લામી શિક્ષણના અંધકાર યુગ સમકાલીન હતો. જ્યાં વિદ્યાલયોએ સંસ્કૃત વિષયમાં પોતાનાં વિસ્તૃત આદર્શો ખોઇ નાંખ્યા હતા. અકબર સિવાય કોઇપણ મુસ્લિમ શાસકને તેના શિક્ષણ માટેના પ્રયત્નો માટે યશ આપી શકાય તેમ નથી.

### 2. 3. 1 શિક્ષક-શિક્ષણની સંકલ્પનાનો વિકાસ

વ્યાવહારિક શિક્ષણ એ સમાજની વર્ણવ્યવસ્થાનું પરિણામ છે. પુરાતન સમાજમાં શાળા અને શિક્ષકનું કોઇ અસ્તિત્ત્વ ન હતું તેમની જરૂરિયાત પણ ન હતી. સીધા સાદા સમાજના સાંસ્કૃતિક વારસાના આદાન-પ્રદાનનું કાર્ય બહુ સરળ હતું. આ કાર્ય માટે પરિવાર અને આડોશ-પાડોશનો સમાજ પર્યાપ્ત હતો. પરંતુ ધીમે-ધીમે જીવનની જટિલતા બેવડાતી ગઇ અને સામાજીકરણની વ્યવસ્થા તેમજ સમાજ જીવનમાંથી શિક્ષણ અપૂરતું સાબિત થયું. આવી પરિસ્થિતિને પહોંચી વળવા અને તેમને સમાજના એક અભિન્ન અંગ બનાવવા માટેની જવાબદારી સારી રીતે ઉપાડી શકે એવી કોઇ વિશિષ્ટ સંસ્થાની જરૂરિયાત ઊભી થઇ. આથી શાળા અને શિક્ષકનું આગમન સમાજના ફલક પર થયું. જો કે તે અરસામાં કાર્યો ઘણાં સીમિત હતાં.

સમય જતાં સામાજિક વિકાસ થતાં તેમાં અનેક ગૂંચવણો ઊભી થઇ ને વધતી ગઇ. કાર્યનાં પારંપરિક વિભાજનની અપૂર્ણતાને કારણે સમાજના માળખા અને કાર્યોમાં વધારો કરવાની જરૂરિયાત ઊભી થઇ. પરિણામે નવાં-નવાં કામો, વિશિષ્ટ શાળાઓ, શિક્ષકો અને તાલીમ અસ્તિત્ત્વમાં આવ્યાં. નવા સામાજિક-આર્થિક અને રાજકીય તેમજ સાંસ્કૃતિક પડકારો ઊભા થતાં પરિસ્થિતિના સંદર્ભમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા અને સંબંધિત માંગ સાથે ગોઠવવા માટે શિક્ષણ અને શિક્ષક-શિક્ષણમાં સમય પ્રમાણે પરિવર્તન આવતું ગયું. વિશ્વવ્યાપી આ ચમત્કારમાં ભારત ક્યાંથી અપવાદ હોઇ શકે ?

સૌનો અનુભવ છે કે કોઇપણ કાર્ય સુચારુ રૂપે કરવા માટે કાર્યકર્તા પાસે વિશિષ્ટ જ્ઞાન (Knowledge) તેનું ઉપયોજન (Application) કૌશલ્ય (Skill) તથા હકારાત્મક વર્તન (Behaviour) હોવું અત્યંત જરૂરી છે. આ KASB ના વિકાસ માટે પ્રશિક્ષણ જરૂરી છે. શિક્ષણ-પ્રશિક્ષણ પ્રશિક્ષણાર્થીને આ ચાર ઘટકોથી માત્ર પરિચિત નથી કરતું પરંતુ તેનામાં વિકસાવે છે. તેને પરિણામે શિક્ષક સફળ શિક્ષક/વ્યાવસાયિક શિક્ષક બની શકે છે.

ઇ. સ. 1911માં લંડનના રોજગાર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી અઘરાં શબ્દોની યાદીમાં Training શબ્દનો અર્થ આ રીતે આપવામાં આવ્યો છે.

''સોંપાયેલા કોઈપણ કાર્ય, જવાબદારીને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા માટેના જરૂરી વલણો, જ્ઞાન, કૌશલ્યો અને વર્તનોનો ક્રમબદ્ધ વિકાસનું નામ પ્રશિક્ષણ (Training) છે. ''

બ્રુનરે પોતાના અધ્યાપન ટૅકનૉલોજી નામના પુસ્તકમાં આ પ્રમાણે નોંધ કરી છે. ''જ્ઞાન, પ્રશિક્ષણનો એક ઘટક એટલે શિક્ષકને ઉપયોગી એવા તથ્યો, સિદ્ધાંતો, ધારણાઓ, દૃષ્ટિકોણો અને સામાન્યીકરણોનું સંમિશ્રણ''

આ ઉપરથી એવું તારવી શકાય કે શિક્ષક તૈયાર કરવાનો એક એવો વૈજ્ઞાનિક, બૌદ્ધિક, ભાવાત્મક અને વ્યાવહારિક ચોક્કસ પદ્ધતિને અનુસરતો શ્રૃંખલાબદ્ધ કાર્યક્રમ અથવા તો ટૂંકમાં શિક્ષકને વ્યાવસાયિક શિક્ષક (પ્રોફેશનલ) બનાવવાનો ચુસ્ત અને શ્રૃંખલાબદ્ધ કાર્યક્રમ એટલે શિક્ષક-પ્રશિક્ષણ.

આજે શિક્ષક તાલીમ (Teacher Training)થી શિક્ષક-પ્રશિક્ષણ (Teacher Education) સુધી નવી સંકલ્પના વિસ્તરી છે. કોઠારી પંચે તેના અહેવાલમાં 'Training' ને બદલે 'Education' શબ્દ સ્વીકાર્યો છે. શિક્ષક માટે તાલીમ કરતાં પ્રશિક્ષણની આવશ્યકતા વધારે છે. પ્રશિક્ષણની વર્તમાન સંકલ્પનામાં દાર્શનિક, સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક આધારો છે તેથી જ શિક્ષણથી તાલીમી કૉલેજ 'Training College' ને બદલે 'College of Education' (પ્રશિક્ષણ કૉલેજ)ના નામે ઓળખાય છે. શાળામાં શિક્ષણનું કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર શિક્ષક વર્ગખંડના શિક્ષણકાર્ય પૂરતો મર્યાદિત ન હોઇ અનેકવિધ કૌશલ્યો ધરાવનાર હોવો જોઇએ તે અપેક્ષિત છે. તેથી શિક્ષકની ક્ષમતાઓ અને કુશળતાઓ વિકસાવવાનાં કાર્યક્રમોને 'શિક્ષક-પ્રશિક્ષણ' કહે છે.

### 2. 3. 2 પ્રાચીન ભારતમાં શિક્ષક-શિક્ષણ

પ્રાચીન ભારતમાં શિક્ષણ એ બ્રાહ્મણોનો અબાધિત અધિકાર હતો. શિક્ષણકાર્ય માત્ર બ્રાહ્મણો જ કરી શકતાં હતાં. પરંતુ ખાસ કરીને ઇતિહાસના પ્રથમ ચરણમાં વેદ અને ઉપનિષદના યુગમાં જાતિવાદમાં જડતા ન હતી. આ યુગમાં કોઇપણ જાતિના લોકો જેને સાહજિક રીતે અધ્યયન-અધ્યાપન તરફ રસ હોય તે બ્રાહ્મણપદ પામી શકતાં હતાં. બ્રાહ્મણો એ શિક્ષણના વ્યવસાય પર પોતાનું આધિપત્ય જમાવી દીધું હોવા છતાં કોઇપણ જાતિના સ્ત્રી-પુરુષ આ કાર્ય કરી શકતા હતા અને શિક્ષિત બ્રાહ્મણો પણ તેમની પાસે શીખવા જતા હતાં. જો કે શિક્ષણ એ બ્રાહ્મણોનો પારંપરિક વ્યવસાય હતો તે નકારી શકાય નહિ.

કેટલાંક ધાર્મિક સંસ્કારો કર્યા પછી વિદ્યાર્થી ગુરુકુળમાં દાખલ થતો અને તેનો એક સભ્ય બની જતો. વિદ્યાર્થીના અભ્યાસમાં ગુરુ, તેમનો પરિવાર અને કુશળ વિદ્યાર્થીઓ તેમાં જોડાતા ગુરુપુત્રો ગુરુની હાજરીમાં અભ્યાસ કરી મહાવરો કરી સમય જતા ગુરુનું સ્થાન લેતાં. તેમના માટે અધ્યયન અને અધ્યાપન સાથે જ થતાં.

ભારતમાં તાલીમી શિક્ષણ ગુરુકુળના સમયથી શરૂ થયું. જ્યાં ગુરુ પોતાના પુત્રને શિક્ષણ આપતા હતાં. બૌદ્ધ અને જૈન લોકોએ પણ થોડા ફેરફાર સાથે આ પદ્ધતિ અપનાવી હતી. બૌદ્ધ અને જૈન ગુરુઓ ગૃહસ્થો ન હતાં. તેઓ પોતાના પુત્રને નહિ પરંતુ જેનામાં ગુરુ બનવાની ક્ષમતા હોય તેઓને ચૈત્ય કે વિહારોમાં શિક્ષણ આપતા હતાં. 12મી સદીનાં અંત સુધીમાં જૈન અને બૌદ્ધ શિક્ષણ પદ્ધતિ લુપ્ત થઇ ગઇ પરંતુ હિન્દુ શિક્ષણ પદ્ધતિ જગતના ઇતિહાસમાં ઘણાં વર્ષો સુધી જીવિત રહી. ગ્રીક, રોમન કે ઈજિપશિયન પદ્ધતિ પણ સમયની માંગ સાથે ટકી શકી નહિ. પરંતુ ભારતીય શિક્ષણ પદ્ધતિ તે કરી શકી અંતે લોર્ડ મેકોલે શિક્ષક-શિક્ષણ સહિતના શિક્ષણને એક નવો આયામ (વળાંક) આપવામાં સફળ રહ્યાં.

ભારતે જીવનશૈલીમાં અધ્યયન-અધ્યાપનને વધુ પ્રાથમિકતા આપેલ છે. વિદ્વાનો અને શિક્ષકોને સમાજમાં આદરણીય સ્થાન આપવામાં આવતું હતું. તેમનાં જીવનનિર્વાહની જવાબદારી સમાજ પર હતી પરંતુ બ્રિટીશોના આગમન સાથે જ પરિસ્થિતિ બદલાઇ ગઇ. વુડના ખરીતાની ભલામણ મુજબ સામાન્ય શાળાઓની સ્થાપના કરવામાં આવી. ઇન્ડિયન એજ્યુકેશન કમિશનના અહેવાલના અમલીકરણ માટે 1882 પછી શિક્ષક-શિક્ષણમાં ફેરફારો પણ કરવામાં આવ્યાં.

અત્રે એ નોંધનીય છે કે દેશી શિક્ષણ, શિક્ષક તૈયાર કરવાનું આયોજન અને પટ્ટશિષ્ય બનાવવાની પ્રથા એ ભારતીય સમાજની જરૂરિયાતો પૂરી કરી શકતું અને ઇંગ્લેન્ડની સરખામણીમાં ભારતના કેટલાંક પ્રદેશોમાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચું હતું. અંગ્રેજોએ તેમની આ પદ્ધતિ વિભિન્ન વર્ગોની શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે અપનાવવાની કોશિશ કરી પણ વ્યર્થ ગઇ. આમ, શિક્ષક તૈયાર કરવાના ભારતીય અભિગમનો અંત આવ્યો અને અંગ્રેજોએ શિક્ષક-શિક્ષણ માટેની પરદેશી પદ્ધતિનો આરંભ કર્યો.

### 2. 3. 3 સ્વાતંત્ર્ય પૂર્વ ભારતમાં શિક્ષક-શિક્ષણ

અંગ્રેજી શાસનકાળના પ્રારંભમાં શિક્ષક-શિક્ષણ એ એમનો મુખ્ય હેતુ ન હતો. પરંતુ આ સમયમાં મુંબઇ, મદ્રાસ અને કલકત્તાના શિક્ષણ બોર્ડેપ્રથમ વખત શિક્ષક-શિક્ષણની જરૂરિયાત અનુભવી.

- તેઓએ શાળાના શિક્ષકો માટે કેટલાંક તાલીમ કેન્દ્રો સ્થાપિત કર્યા.
- મુંબઇના પ્રાદેશિક બોર્ડે 25 શિક્ષકોને તાલીમ આપીને પ્રાથમિક શાળાના શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે અલગ-અલગ પ્રાંતીય પ્રદેશોમાં મોકલ્યા.
- 1812 કલકત્તા સ્કૂલ સોસાયટીની કલકત્તામાં સ્થાપના કરવામાં આવી જેમાં મોનીટર (પટ્ટશિષ્ય) પદ્ધતિના આધારે શિક્ષકની તાલીમ માટે સુવિધા કરવામાં આવી.
- 1825 થી ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ મહિને 500 રૂા. વેતન આપવાનું શરૂ કર્યું.
- મદ્રાસના ગર્વનર મનરો (Manro)ના સૂચન મુજબ સોસાયટીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે 1825માં મદ્રાસમાં શિક્ષકોની તાલીમ માટે તાલીમશાળા શરૂ કરવામાં આવી.

**વિવિધ શિક્ષણ-પંચ :**

**(1) Wood's Dispatch (વુડનો ખરીતો)**

1854માં વુડના ખરીતામાં જણાવ્યું કે, ''આપણે ભારતમાં દરેક પ્રેસિડેન્સીમાં શક્ય તેટલી વહેલી તકે શિક્ષકો માટે શાળાઓ અને વર્ગો ખોલવા માંગીએ છીએ.''

**(2) 1859 થી 1882 લોર્ડ સ્ટેનલી**

લોર્ડ સ્ટેનલીએ તેના ખરીતામાં જણાવ્યું કે શિક્ષક-શિક્ષણને વિશિષ્ટ મહત્ત્વ (ધ્યાન) આપવું જોઇએ. તેના સત્તા પરિવર્તન પછી ભારતમાં નિમાયેલાં બ્રિટીશ વહીવટકર્તા માટે ભારતના રાજ્યોના મંત્રીઓના હુકમનો અનાદર કરવો સંભવિત ન હતો. તેથી તેઓએ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાલીમશાળાઓ શરૂ કરવા માટે ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું. પરિણામ સ્વરૂપ 1882 સુધીમાં દરેક પ્રેસિડેન્સીમાં ઘણી તાલીમ શાળાઓની સ્થાપના કરવામાં આવી. 1882 સુધીમાં પુરુષો માટે 7 અને સ્ત્રીઓ માટે 2 તાલીમકેન્દ્રો ખુલ્યાં. આ શાળાઓમાં અભ્યાસ કરનારાની સંખ્યા 559 હતી.મધ્યપ્રદેશમાં પુરુષો માટે 43 અને સ્ત્રીઓ માટે 1 ટૅક્નિકલ સ્કૂલ હતી જેમાં અભ્યાસ કરનારની સંખ્યા 48 હતી.

1862માં બંગાળમાં નોર્મલ સ્કૂલ પદ્ધતિ શરૂ કરવામાં આવી. આ પદ્ધતિ પ્રમાણે નેટીવ સ્કૂલ શાળાના અને તેની સાથે સંકળાયેલા શિક્ષકોને નોર્મલ શાળામાં મોકલવામાં આવ્યા. 1874માં પ્રેસિડેન્સીના ગર્વનર કેમ્પબેલે (Campbell) શિક્ષક-પ્રશિક્ષણ માટેની નવી યોજના બનાવી. તે અનુસંધાનમાં રૂા. 1, 64, 000 ના ખર્ચે 46 નોર્મલ સ્કૂલની સ્થાપના કરવામાં આવી.

મદ્રાસમાં 32 તાલીમશાળાઓ હતી જેમાં 927 વિદ્યાર્થીઓ હતા. બીજા પ્રોવિન્સીસમાં પણ પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ માટે સુવિધા કરવામાં આવી. 1802 સુધીમાં આખા ભારતમાં 106 નોર્મલ શાળાઓ થઇ ગઇ જેમાં વાર્ષિક 4 લાખ રૂપિયાના ખર્ચે 3886 પુરુષો અને સ્ત્રીઓને તાલીમ આપવામાં આવી.

**(3) શિક્ષક-શિક્ષણની નિયમિત પદ્ધતિ :**

ભારતીય શિક્ષણ પંચોની ભલામણ મુજબ ભારતમાં શિક્ષક-શિક્ષણની નિયમિત પદ્ધતિ શરૂ થઇ તેથી 19મી સદીના અંત સુધીમાં મદ્રાસ, લાહોર, અલ્હાબાદ, રાજમુન્દ્રી અને જબલપુર એમ છ પ્રશિક્ષણ કૉલેજ અને 50 માધ્યમિક પ્રશિક્ષણ વિદ્યાલયો અસ્તિત્ત્વમાં આવ્યા.

**(4) શિક્ષણનીતિ સંબંધી સરકારી ઠરાવ (1904) :**

લોર્ડ કર્ઝને શિક્ષકના શિક્ષણ અને પ્રશિક્ષણ પ્રત્યે પોતાના શાસનકાળ દરમ્યાન ખૂબ ધ્યાન કેન્દ્રિત કર્યું. પરિણામે ઈ.સ. 1904ના શિક્ષણ નીતિના ઠરાવમાં ભલામણો કરવામાં આવી.

1. ભારતીય શિક્ષણ સેવા માટે યોગ્ય અને અનુભવી શિક્ષકોને ઉચ્ચ પ્રકારની તાલીમ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

2. પ્રશિક્ષણ કૉલેજમાં શૈક્ષણિક સાધનોનું (ઉપકરણો) પ્રાધાન્ય બીજી કૉલેજ જેવું જ હોવું જોઇએ.

3. સ્નાતકો માટે (તાલીમનો) પ્રશિક્ષણનો સમયગાળો એક વર્ષનો જ હોવો જોઇએ ત્યારબાદ તેને વિશ્વવિદ્યાલય તરફથી પદવી મળવી જોઇએ.

4. પ્રશિક્ષણ અભ્યાસક્રમમાં શિક્ષણ પદ્ધતિ અને પ્રાયોગિક તાલીમ એ બન્ને સામેલ હોવાં જોઇએ. સ્નાતક ન હોય તેવા વિદ્યાર્થી માટે પ્રશિક્ષણનો સમયગાળો બે વર્ષનો હોવો જોઇએ.

5. સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રશિક્ષણ એકબીજાં સાથે સંકળાયેલાં હોવાં જોઇએ. દરેક પ્રશિક્ષણ કૉલેજ સાથે શિક્ષણની તાલીમીશાળા જોડાયેલી હોવી જોઇએ.

6. પ્રશિક્ષણ મહાવિદ્યાલય સામાન્ય શાળા સાથે જોડાયેલી હોવી જોઇએ. જેથી તાલીમાર્થી શિક્ષક મહાવિદ્યાલયમાં લીધેલી તાલીમ પદ્ધતિનો ઉપયોગ કરી શકે.

(5) 1913ના શિક્ષણનીતિના સરકારી ઠરાવ અનુસાર ઘોષણા કરવામાં આવી કે, 'આધુનિક શિક્ષણનીતિ અનુસાર કોઇ પણ શિક્ષક, જેની પાસે શિક્ષણકાર્ય કરવાની યોગ્યતાનું પ્રમાણપત્ર ન હોય તેને શિક્ષણકાર્ય કરવાની અનુમતિ આપવામાં આવશે નહિ'

(6) ત્યારબાદ કલકત્તા વિશ્વવિદ્યાલય પંચે (1917-19) નીચે મુજબ ભલામણો કરી.

1. પ્રશિક્ષિત શિક્ષકોની સંખ્યામાં વધારો કરવો.

2. પ્રશિક્ષણ મહાવિદ્યાલય સાથે તેમના પ્રાયોગિક કાર્ય માટે એક નિદર્શન શાળા પણ સંલગ્ન હોવી જોઇએ.

3. શિક્ષણ સંબંધી સંશોધન કાર્યને પ્રોત્સાહન આપવું જોઇએ.

4. શિક્ષણને એક અધ્યયન વિષય તરીકે, ઇન્ટર મિડિયેટ, બી. એ. અને એમ. એ. ના અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઇએ.

5. ઢાકા અને કલકત્તા વિશ્વવિદ્યાલયમાં એક-એક શિક્ષણ વિભાગની સ્થાપના કરવી જોઇએ.

(7) હાર્ટોગ પંચ (1929)

હાર્ટોગ પંચે નીચે મુજબ ભલામણો કરી છે :

1. પ્રાથમિક શાળાના શિક્ષકોનું શિક્ષણ સ્તર ઊંચું લાવવું.

2. પ્રશિક્ષણ અભ્યાસક્રમનો સમયગાળો વધારવો.

3. શિક્ષણ સંસ્થાઓ માટે પૂરતા કર્મચારીઓની વ્યવસ્થા કરવી.

4. સમયાંતરે પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે અભિસ્થાપન વર્ગોની વ્યવસ્થા કરવી.

5. શિક્ષણના વ્યવસાયમાં યોગ્ય લાયકાતવાળા લોકોને આકર્ષિત કરવા માટે શિક્ષકનો દરજ્જો સુધારવો અને આકર્ષિત બનાવવો.

આમ, આ બધી સમિતિઓની ભલામણને કારણે સ્નાતક, પૂર્વસ્નાતક અને પ્રાથમિક કક્ષાના શિક્ષણના પ્રશિક્ષણ માટે અલગ-અલગ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. ઈ.સ. 1937માં આંધ્ર વિશ્વવિદ્યાલયમાં બી. એડ્. ના નવા પાઠ્યક્રમની અને ઈ.સ. 1936માં મુંબઇ વિશ્વવિદ્યાલયમાં એમ. એડ્. નાં પાઠ્યક્રમની શરૂઆત કરવામાં આવી.

આમ, 1947 સુધીમાં લગભગ 4 લાખ પ્રાથમિક શિક્ષકો નિમણૂક પામેલા જોવા મળ્યા. જેમાંથી 64 ટકા પ્રશિક્ષણ પામેલા હતા. મિડલ (ધોરણ 5 થી 7) સ્કૂલમાં અધ્યાપકોમાંથી 59 ટકા અને માધ્યમિક શાળાઓમાં 88000 માંથી 51 ટકા અધ્યાપકો પ્રશિક્ષણ પામેલા હતા. 649 પ્રશિક્ષણની કૉલેજ હતી. 42 માધ્યમિક કક્ષાના પ્રશિક્ષણ મહાવિદ્યાલયોમાં 3000 શિક્ષક-તાલીમાર્થીઓના પ્રવેશની ક્ષમતા હતી.

**2. 3. 4 સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષક-શિક્ષણ**

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી શિક્ષક-શિક્ષણ અને તેના પછી શિક્ષણક્ષેત્રે ઉલ્લેખનીય પરિવર્તન આવવા લાગ્યા. શિક્ષણ સંબંધી અનેક પંચોની રચના કરવામાં આવી. જેમના તરફથી ઘણી ભલામણો કરવામાં

આવી. જેમાંથી આપણે કેટલીક ભલામણોનો અમલ કરી શક્યા. ઈ.સ. 1947માં કેન્દ્રિય શિક્ષા સંસ્થા અને ઈ.સ. 1948માં વિશ્વભારતી વિશ્વવિદ્યાલયમાં 'વિનય ભવન' ની સ્થાપના થઇ.

**1. ભારતીય વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચ (1948)**

ઈ.સ. 1948માં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં ભારતીય વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચની રચના કરવામાં આવી. આ પંચના અહેવાલમાં વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ સાથે જ શિક્ષક-પ્રશિક્ષણના ક્ષેત્રમાં કેટલાંક મહત્ત્વપૂર્ણ સૂચનો (ભલામણો) કરવામાં આવ્યાં.

- સમયની માંગ પ્રમાણે પ્રશિક્ષણ કૉલેજના (અભ્યાસક્રમ)ની ફરી રચના કરવામાં આવે અને અભ્યાસ સમય દરમ્યાન વિદ્યાર્થીઓના કૌશલ્ય પ્રદર્શન તરફના મૂલ્યાંકન પર વધુ ભાર મૂકવામાં આવે.
- પ્રાયોગિક તાલીમ માટે યોગ્ય શાળાઓની પસંદગી કરવામાં આવે.
- સ્થાનિક સૈદ્ધાંતિક શિક્ષણમાં પરિવર્તન કરવાનું માન્ય રાખવું.
- કેટલાંક વર્ષોનાં શૈક્ષણિક અનુભવવાળા વિદ્યાર્થીઓને જ એમ. એડ્. માં પ્રવેશ આપવો.
- સમગ્ર ભારતમાં રાષ્ટ્ર કક્ષાએ અધ્યાપકોના મૂળ કાર્યોને મહત્ત્વ આપવામાં આવે.
- હાઈસ્કૂલ અને ઇન્ટરમિડિયેટ કક્ષાઓના નીચેના સ્તરમાં સુધારો કરવામાં આવે. ઓછા પગારવાળા અધ્યાપકોના વેતનમાં સુધારો કરવામાં આવે.
- વેકેશનના સમયમાં અધ્યાપકો માટે અભિસ્થાપન વર્ગો ચલાવવામાં આવે, જેમાં વ્યાખ્યાન, પ્રદર્શન, પ્રવાસ વગેરેને સ્થાન આપવામાં આવે.

**2. ભારતીય બંધારણ (1950)**

ભારતીય બંધારણની કલમ-45ની જોગવાઇ અનુસાર બંધારણનો અમલ થતાં જ દસ વર્ષના ગાળામાં રાજ્ય સરકાર દરેક બાળક 14 વર્ષનું થાય ત્યાં સુધી સાર્વત્રિક, મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડશે.

બંધારણીય આદેશ અનુસાર દેશમાં શિક્ષક-શિક્ષણ કાર્યક્રમોને મજબૂત બનાવવાની અને પુનઃ રચના કરવાની તાતી જરૂરિયાત ઊભી થઇ. જે રાષ્ટ્રીય પુનઃરચનાની ઉદ્દેશ્યપૂર્તિ માટે પાયારૂપ છે.

**3. માધ્યમિક શિક્ષણપંચ (1952-53)**

માધ્યમિક શિક્ષણ પંચે બે પ્રકારની શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓની હિમાયત કરી છે. એક જ્યાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલા શિક્ષકો માટે પ્રશિક્ષણ થતું હોય અને બીજું જ્યાં સ્નાતક કક્ષાના અધ્યાપકોને પ્રશિક્ષણ આપી શકાય. પ્રશિક્ષણનો સમય ક્રમશઃ બે અને એક વર્ષનો હોય. એક વર્ષનો સમય જરૂરિયાત પ્રમાણે બે વર્ષ સુધી વધારી શકાશે.

શિક્ષણ વ્યવસ્થામાં જોડાવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે એક કે વધારે પાઠ્યેત્તર કાર્યક્રમમાં પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવે.

બહુહેતુક શિક્ષણની ભલામણના અમલીકરણ માટે શિક્ષક-શિક્ષણના નવા કાર્યક્રમો રચવામાં આવે. સાથે એ પણ ધ્યાન રહે કે શિક્ષક તાલીમાર્થીને એક કે વધારે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની પણ તાલીમ મળે. શિક્ષક પ્રશિક્ષણ કૉલેજોએ અભિસ્થાપન અભ્યાસક્રમ, કેટલાંક મુખ્ય વિષયો માટે શોર્ટ ઇન્ટર્નશીપ કોર્સ, પ્રાયોગિક તાલીમ માટેની કાર્યશાળા અને વ્યાવસાયિક પરિષદોનું આયોજન કરવું જોઇએ.

ઇ. સ. 1952-53માં નિમાયેલા મુદલિયાર શિક્ષણપંચે શિક્ષક-પ્રશિક્ષણ અંગે નીચેના મંતવ્યો રજૂ કરેલ છે.

- શિક્ષણના પુનઃ નિર્માણમાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન શિક્ષકનું છે તેથી તાલીમ દ્વારા શિક્ષકની વિશેષતાઓ, શૈક્ષણિક યોગ્યતાઓ, વ્યાવસાયિક પ્રશિક્ષણ અને શાળા તથા સમાજનું સ્થાન સૌથી વધુ મહત્ત્વનું છે.

- વિવિધ પ્રકારની તાલીમનો સમાવેશ કરતો અભ્યાસક્રમ રચવો.

  પ્રશિક્ષણ સંસ્થાઓ, કાર્ય શાળાઓ (Work Shop) પરિસંવાદ (Seminar) તથા સેવાકાલીન તાલીમ (In Service Training) જેવાં કાર્યક્રમોનું આયોજન કરે.

- શિક્ષણક્ષેત્રે શોધકાર્ય કરી શકાય તે માટે સંસ્થા પાસે પ્રાયોગિક (Experimental) શાળા હોવી જોઇએ.
- પ્રશિક્ષણ સંસ્થાઓમાં કોઇ ફી લેવાવી જોઇએ નહિ. ઉપરાંત તાલીમાર્થીઓને તાલીમ દરમિયાન યોગ્ય આર્થિક મદદ રાજ્ય સરકાર દ્વારા મળવી જોઇએ.
- પ્રશિક્ષણ મહાવિદ્યાલયો પાસે છાત્રાલયની સુવિધા હોવી જોઇએ. જેથી અભ્યાસ સિવાયની અન્ય પ્રવૃત્તિઓનું આયોજન થઇ શકે.

**4. NCERT ની સ્થાપના (1961)**

રાષ્ટ્રીય શિક્ષણ અને સંશોધન તાલીમ પરિષદ (NCERT)ની ઈ.સ. 1961માં કરેલી સ્થાપના એ શાળાકીય શિક્ષણ વિકાસ માટેનું મહત્ત્વનું સોપાન છે, જેમાં શિક્ષક-શિક્ષણ પણ સામેલ છે. NCERT ની કેટલીક મહત્ત્વની ભલામણો નીચે મુજબ છે :-

- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષક-શિક્ષણ અભ્યાસક્રમનું પુનર્ગઠન
- શિક્ષક-શિક્ષણ અને મૂલ્યાંકનનું પુનઃ આયોજન
- શિક્ષક-શિક્ષણ માટેના સર્વેક્ષણો માટેની રાષ્ટ્રકક્ષાએ સંસ્થાની સ્થાપના
- નિરંતર શિક્ષણ કેન્દ્રોની સ્થાપના દ્વારા શિક્ષકોના નિરંતર શિક્ષણ પર પ્રકાશ પાડવો.
- રાષ્ટ્રીય પારિતોષિક યોજના દ્વારા શિક્ષણક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનાર શાળા શિક્ષક તેમજ શિક્ષક-પ્રશિક્ષકની કદર કરવી.

**5. શિક્ષણની પ્રાદેશિક કૉલેજની સ્થાપના (1963-65)**

શિક્ષણની પ્રાદેશિક કૉલેજની સ્થાપના એ દેશભરમાં શિક્ષક-શિક્ષણના પુનઃ અભિમુખતાની દિશામાં એક નવું પરિવર્તન છે. વિશિષ્ટ વિષય માટેની સુગ્રથિત પદ્ધતિ દ્વારા શિક્ષકોમાં વ્યાવસાયિકરણની સૂઝ અને સમજ આરોપિત કરવા માટે 1963 થી 1965 ના ગાળા દરમ્યાન અજમેર, ભોપાલ, ભૂવનેશ્વર અને મૈસૂર એમ ચાર શહેરોમાં પ્રાદેશિક RCE કૉલેજની સ્થાપના કરવામાં આવી. રીજીયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન (RCE) એવું નામ આપવામાં આવ્યું. 1995 શિલોંગમાં પણ પાંચમી રીજીયોનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાઓ NCERT અંતર્ગત કાર્યરત છે.

RCE ના મુખ્ય લક્ષણો અને કાર્યક્રમો આ મુજબ છે.

- ઉપર દર્શાવેલાં મોટાભાગના વિસ્તારોમાં ચાર વર્ષની સમય મર્યાદાવાળા સુગ્રથિત અભ્યાસક્રમોની યોજના અને વિકાસ.
- સીમિત સમયમાં પરંપરાગત અપાતા પ્રાયોગિક અભ્યાસ પાઠોને સ્થાને ઇન્ટર્નશીપ વિભાવનાને વ્યવહારમાં રાખવી.

**6. ભારતીય શિક્ષણપંચ - કોઠારી પંચ (1964-66)**

ભારતીય શિક્ષણપંચ જે કોઠારી પંચના નામે ઓળખાય છે તેની ભલામણ મુજબ :

- પ્રશિક્ષણ સંસ્થાઓ વચ્ચેની ભિન્નતા દૂર કરવી.
- પ્રશિક્ષણ કાર્યક્રમોની ગુણવત્તા અને પ્રશિક્ષણ સુવિધાના વિસ્તૃતીકરણમાં સુધારો કરવો.
- બધા જ શિક્ષકોના નિરંતર વ્યાવસાયિક શિક્ષણની વ્યવસ્થા કરવી.
- શિક્ષક-શિક્ષણની જાળવણી માટે યોગ્ય સંસ્થાઓ સ્થાપિત કરવી.
- શિક્ષક-શિક્ષણ સંસ્થાઓ દ્વારા નજીકમાં આવેલી શાળાઓ અને કર્મચારીઓને પ્રવૃત્તિઓના આયોજન અને નવી શિક્ષણની પદ્ધતિઓના ઉપયોગ વિશે માર્ગદર્શન આપવું.

- દરેક શિક્ષક-શિક્ષણ સંસ્થાઓમાં વિસ્તરણ વિભાગ હોવો જોઇએ.
- શિક્ષણના વિવિધ સ્તરો માટે શિક્ષકો તૈયાર કરવા માટે સર્વગ્રાહી શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજની સ્થાપના કરવી.
- આંતરિક મૂલ્યાંકન દાખલ કરવું અને તેના નિયમિત અમલ પર ભાર મૂકવો.
- પ્રશિક્ષકો અને બઢતી મેળવેલા આચાર્યો માટે ખાસ અભ્યાસક્રમ તૈયાર કરવો.

**7. રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986)**

સરકાર દ્વારા બનાવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986) અંતર્ગત શિક્ષક-શિક્ષણ સંબંધિત ભલામણો રજૂ કરવામાં આવી.

- શિક્ષકની લાયકાત અને જવાબદારીઓના સંદર્ભમાં તેનું વેતન અને બીજી સેવાકીય શરતો યોગ્ય અને સંતોષજનક હોવી જોઇએ.
- શિક્ષકની મુક્ત-સ્વતંત્ર અભ્યાસને અનુસરવાની અને સંશોધન પ્રકાશિત કરવાની તેમજ મહત્ત્વના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ વિશે બોલવાની અને લખવાની શૈક્ષણિક સ્વાયત્તતાનું રક્ષણ થવું જોઇએ.

ભારત સરકારના ઠરાવ મુજબ NCERT માં નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર એજ્યુકેશન (NCTE)ની સ્થાપના કરવામાં આવી જે પાછળથી ઈ.સ. 1993માં બંધારણીય સ્વાયત્ત સંસ્થા બની. શિક્ષક-શિક્ષણના પદ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું માર્ગદર્શન પૂરું પાડવા NCTE એ શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમનું એક માળખું બનાવ્યું, જે અર્થપૂર્ણ અને હેતુપૂર્ણ પ્રયાસ રહ્યો ઘણાં વિશ્વવિદ્યાલયો અને રાજ્ય સરકારે શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમમાં સુધારો કર્યો. આ કાર્ય કેટલાંક અંશે યોગ્ય દિશામાં થયું હોવાથી શિક્ષક-શિક્ષણમાં સુધારાની પ્રક્રિયા ચાલુ રહી.

ઈ.સ. 1983ના શિક્ષક માટેના રાષ્ટ્રીય પંચે શિક્ષક-શિક્ષણની સમસ્યા અને સમાજમાં શિક્ષકના સ્થાન (હોદ્દા) વિશે ગહન અભ્યાસ કર્યો તેમની મુખ્ય ભલામણો પ્રશિક્ષણનો સમયગાળો, શિક્ષકની પસંદગી પ્રક્રિયામાં પરિવર્તન શિક્ષક-શિક્ષણનું પદ્ધતિશાસ્ત્ર, પ્રાયોગિક કાર્ય અને અભ્યાસક્રમનું સમૃદ્ધિકરણ વગેરેને આગળ વધારે છે. એમ. એડ્. કાર્યક્રમના માળખામાં પણ પરિવર્તન લાવવાનું સૂચન કરે છે. આ બધાં સૂચનોને આધારે ઈ.સ. 1985માં અભ્યાસક્રમનું બીજું માળખું અમલમાં મૂકવામાં આવ્યું. પરંતુ કંઇક અંશે આંતરિક ખામીઓને કારણે અને મહદ્અંશે ઈ.સ. 1986ની રાષ્ટ્રીય નીતિ જેણે શિક્ષણક્ષેત્રમાં નવા માર્ગો ખોલીને અભ્યાસક્રમના માળખા તરફથી રાષ્ટ્રીય નીતિ તરફ ધ્યાન ખેંચી લીધું તેના લીધે અભ્યાસક્રમનું નવું માળખું રાષ્ટ્રને આકર્ષી શક્યું નહિ.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ પૂર્વ સેવાકાલીન અને શિક્ષક-શિક્ષણની અભિન્નતા અને સાતત્યને ઓળખીને કાયમી શૈક્ષણિક પ્રયુક્તિઓની ભલામણ કરી. પરિણામ સ્વરૂપે DIET, CTE અને IASE સંસ્થાઓની સ્થાપના થઇ. આ નીતિ પછી (Programme of Action) (1992) અમલીકરણનો કાર્યક્રમ આપ્યો. જેણે નીતિ અમલમાં મૂકવા માટેની વિગતો આપી. જેમાં પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષક-શિક્ષણ કાર્યક્રમો, કમ્પ્યૂટર શિક્ષણ, શિક્ષણ-પ્રશિક્ષણનાં પ્રતિમાનોને સક્ષમ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો. રાષ્ટ્રીય નીતિ અને અમલીકરણના મહત્ત્વનાં સૂચનો પ્રોત્સાહક પરિણામો સાથે આંશિક રીતે અમલમાં મૂકાયાં. સૈદ્ધાંતિક દૃષ્ટિએ સૂચનો યોગ્ય હતાં પરંતુ તેના પાયાના હેતુને સમજ્યા વગર અમલીકરણ થયું હતું. આથી રાષ્ટ્રીય નીતિ અને અમલીકરણના આધારે NCERT / NCTE એ શિક્ષક-શિક્ષણ માટે અભ્યાસક્રમનું નવું માળખું પ્રસ્તુત કર્યું.

શિક્ષક-શિક્ષણના સ્તરની જાળવણી અને સંયોજનનું ઉત્તરદાયિત્વ સંભાળનાર સંસ્થા તરીકે NCTE એ 1998માં શિક્ષક-શિક્ષણની ગુણવત્તા માટે એક અભ્યાસક્રમ માળખું તૈયાર કર્યું અને તેની તરફેણમાં રાષ્ટ્રીય સંમતિ મેળવી લીધી.

પ્રાથમિક શિક્ષણમાં DIET, CTE, IASE સંસ્થાઓએ, પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષક શિક્ષણમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સરખામણી થઇ શકે તેવી નોંધપાત્ર પ્રગતિ કરી છે પરંતુ માધ્યમિક, વ્યાવસાયિક શિક્ષણમાં શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમ, પદ્ધતિશાસ્ત્ર અને મૂલ્યાંકનમાં

ખૂબ સુધારાની જરૂર છે. શિક્ષકની વેતન-પરિસ્થિતિમાં સુધારો થવા છતાં આ વ્યવસાય બુદ્ધિશાળી વર્ગને બહુ આકર્ષી શકતો નથી.

શિક્ષક-પ્રશિક્ષકને તૈયાર કરવા માટે B. Ed. અને M. Ed. નો અભ્યાસક્રમ ખૂબ જાણીતો છે. પણ તે વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ તજ્જ્ઞો તૈયાર કરવા સક્ષમ નથી. M. Phil અને Ph. D. કક્ષાની પણ એ જ સ્થિતિ છે. શિક્ષક-શિક્ષણની નીતિએ આ ક્ષેત્રમાં હજુ પણ ખૂબ કાર્ય કરવાનું બાકી છે.

### 2. 3. 5 શિક્ષકની જવાબદારીઓ, સામાજિક દરજ્જો તેમજ વ્યાવસાયિક દરજ્જો

શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીઓના ઘડતરનું છે. શિક્ષકે મુખ્યત્વે બે પ્રકારમાં કાર્યો કરવાનાં હોય છે.

(1) શિક્ષણકાર્ય (2) સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું સંચાલન. આ ઉપરાંત થોડા અંશે તેણે વહીવટી કાર્યો કરવાનાં હોય છે. શિક્ષકે શાળામાં એક કે એક કરતાં વધારે વિષયો શીખવવાના હોય છે. આ વિષયોની શિક્ષકે સંગીન તૈયારી કરવાની હોય છે. જો શિક્ષક પોતાના વિષયના વિષયવસ્તુમાં નબળો હોય તો વિદ્યાર્થીઓ ઉપર પ્રભાવ પાડી શકતો નથી. શીખવવાના એકમ વિશે શિક્ષકે અગાઉથી જ તૈયારી કરી લેવી જોઇએ. આ ઉપરાંત જરૂરી શૈક્ષણિક સાધનો વિશે પણ અગાઉથી વિચારવું જોઇએ. પાઠ્યપુસ્તક ઉપરાંત અન્ય સંદર્ભોનો ઉપયોગ તેણે કરવો જોઇએ.

આ પછી શિક્ષકનું બીજું કાર્ય છે તેને સોંપવામાં આવેલ સહઅભ્યાસિક પ્રવૃત્તિનું સુંદર સંચાલન. શાળામાં ચાલતાં વિવિધ મંડળો પૈકી શિક્ષક જે મંડળ સાથે સંબંધ ધરાવતો હોય એવી પ્રવૃત્તિઓનું તેણે સંચાલન કરવું જોઇએ. આ ઉપરાંત સાંસ્કૃતિક સાહિત્યિક કે ખેલકૂદ જેમાં તેને રસ હોય એ પ્રવૃત્તિમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય અને પ્રવૃત્તિ સારી રીતે હાથ ધરાય એ શિક્ષકે જોવું જોઇએ.

આ ઉપરાંત શિક્ષક વર્ગશિક્ષક હોય તો હાજરીપત્રક તૈયાર કરવું, સત્ર ફીનો હિસાબ, કસોટીઓનાં પરિણામપત્રકો તૈયાર કરવા, માસના અંતે પ્રગતિ પત્રક ભરવાં, સંગ્રહીત માહિતી પત્રક ભરવા, વિદ્યાર્થીઓના વાલીઓ સાથે મુલાકાત યોજવી, શિક્ષક વાલીમંડળની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો, વગેરે કાર્યો પણ શિક્ષકે કરવાનાં હોય છે.

**શિક્ષકનો સામાજિક દરજ્જો**

સમાજમાં શિક્ષકનું પ્રતિષ્ઠાભર્યું સ્થાન હોય ત્યારે શિક્ષકનો સામાજિક દરજ્જો છે તેમ કહેવાય. શિક્ષકનો સામાજિક દરજ્જો વધે તે માટે સતત પ્રયત્નો હોવા છતાં હજી પરિસ્થિતિમાં વધારે ફેર પડ્યો નથી. આજે પણ સમાજમાં શિક્ષકને માસ્તર, પંતુજી, વેદિયો, બિચારો એવું કહેનાર લોકો છે. સમાજ વ્યક્તિને સત્તા અને નાણાંના માપદંડથી માપે છે. આદર્શ ચારિત્ર્ય, સદ્‌વિચાર, સેવા, પ્રેમ કે અન્ય સદ્‌ગુણો કરતાં કેટલી અને કેટલાં 'સત્તા' અને 'નાણાં' વ્યક્તિ પાસે છે તેના આધારે સમાજ વ્યક્તિને મહત્ત્વ આપે છે. વર્તમાન સમયમાં સમાજ 'સત્તાપૂર્વક' અને 'નાણાંપૂર્વક' છે. મૂલ્યવાન શિક્ષક પાસે નથી કોઇ સત્તા કે નથી નાણાં. આવાં શિક્ષકો સામાજિક સદ્‌ગુણોની કે મૂલ્યોની વાતો કરે તો તેની હાંસી ઉડાડવામાં આવે છે.

**શિક્ષકનો વ્યાવસાયિક દરજ્જો**

શિક્ષણને હજી એક વ્યવસાય તરીકે સમાજ દ્વારા સ્વીકૃતિ મળી નથી. શિક્ષકને વ્યવસાયી વ્યક્તિત્વ મળી રહે તે માટે શિક્ષક સંઘો દ્વારા પ્રયત્નો કરવા છતાં અન્ય વ્યવસાયોની જેમ શિક્ષકો માટે કોઇ ચોક્કસ તરાહ નક્કી થઇ શકતી નથી.

દાક્તરી, ઇજનેરી કે કાયદાના વ્યવસાયની જેમ શિક્ષણને વ્યવસાય કહેવાય છે. છતાં પણ સમાજ હજુ પણ ડૉક્ટર, એન્જિનિયર કે વકીલની જેમ શિક્ષકને વ્યવસાયી વ્યક્તિ તરીકે સ્વીકારતો નથી. શિક્ષક જે સંસ્થામાં સેવા આપે છે ત્યાં સંચાલકો, ક્લાર્ક કે પટાવાળાને જેટલું માન આપે છે તેટલું માન શિક્ષકને આપતા નથી. શહેરી વિસ્તારની ઘણી શાળાઓનાં સંચાલક અને શિક્ષક વચ્ચેનો સંબંધ શેઠ અને હાથ નીચેના કર્મચારી જેવો હોય છે.

## 2. 4 સારાંશ

કેળવણી એ કોઇપણ રાષ્ટ્રની સાંસ્કૃતિક ઘટના છે. કેળવણી એ વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ કરનારી પ્રક્રિયા છે માટે જ ગુજરાતના મૂર્ધન્ય કવિ શ્રી ઉમાંશકર જોષીએ જોયેલું આ સ્વપ્ન. . .

**'વ્યક્તિ મટી બનું વિશ્વ માનવી,**
**માથે ધરું ધૂળ વસુંધરાની'**

એકવીસમી સદીમાં આ સ્વપ્ન નજીક આવતું જણાય છે. પશ્ચિમના દેશોએ તો આ સપનું છેક વીસમી સદીના અંતે જોયું અને તે પણ મારોલ મેકલુહાનના નેત્રોથી, તેણે 'ગ્લોબલ વિલેજ'નું સપનું જોયું. આ સપનાને સત્ય પુરવાર કરવા તેની વહારે ચડી પ્રૌદ્યોગિકી, પ્રોદ્યોગિકીના વિકાસથી ઇન્ટરનેટની ગૂંથણીથી વિશ્વ વિલેજ જેવું બનવા લાગ્યું. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીએ મનુષ્યના જીવનને ખૂબ પ્રભાવિત કર્યું. હવે તેનાં કાર્યો, વિચારો, મૂલ્યો બદલાયાં. તેની અસર શિક્ષણ પર પણ પડી. તેથી જુદાં પ્રકારનાં કાર્યોને દાયિત્વો અદા કરી શકે તેવા શિક્ષકની જરૂર ઊભી થઇ.

શિક્ષકને માર્ગદર્શકની ભૂમિકા ભજવવા નહિ, પરંતુ અધ્યયન ખોજ યાત્રાના અધ્યેતાના સાથીદાર તરીકેની ભૂમિકા અદા કરવા સજ્જ કરશે. શિક્ષકને પરંપરા અને આધુનિકતા વચ્ચે યોગ્ય સંતુલન સાધતાં શીખવશે. વર્ગખંડમાં વિશ્વના પ્રવેશને કોઇ અટકાવી નહિ શકે તેથી વૈશ્વિક સમસ્યાઓનો મુકાબલો આવતી કાલના શિક્ષકોને કરવાનો થશે. આથી વૈશ્વિક સમસ્યાઓને સમજવાની અને તેના ડહાપણભર્યા ઉકેલ શોધવાની વિશિષ્ટ ક્ષમતાઓની ખીલવણી કરનારું હશે. જાણવા માટેનું શિક્ષણ, સજન માટેનું શિક્ષણ, સહજીવન માટેનું શિક્ષણ અને અસ્તિત્ત્વ માટેનું શિક્ષણ એમ શિક્ષણની આ ચતુર્ભૂજાઓ ઉપર શિક્ષક-શિક્ષણના મંડાળ થયાં હશે. એકવીસમી સદીનો સમાજ બહુસાંસ્કૃતિક સમાજ હશે. દેશ કાળમાં બંધનો અસરકારક નહિ રહે તેથી પ્રશિક્ષણ પણ મૂલ્યનિષ્ઠ વૈશ્વિક અને આતંરિક મૂલ્યો પ્રશિક્ષણ કાર્યક્રમ હશે. શિક્ષક-પ્રશિક્ષણ પ્રશિક્ષણાર્થીને વિવિધતામાં એકતા અને સમભાવ જેવાં મૂલ્યોનાં સંક્રમણ માટે સમર્થ બનાવશે.

એકવીસમી સદી તો માહિતી, સમાજ, જ્ઞાન સંસ્કૃતિની સદી હશે. આજીવન શિક્ષણના સંદર્ભમાં શાળા શિક્ષણના હેતુઓ, શિક્ષણ પ્રક્રિયા, મૂલ્યાંકન વિધિ તથા શાલેય શિક્ષણ અને શાળા બહારના શિક્ષણ માટે વ્યવસ્થા કરનાર શિક્ષણ ઇજનેર તૈયાર કરનારું હશે. શિક્ષક ખુદ આજીવન વિદ્યાર્થી બની રહેશે. તથા ત્યારબાદ શિક્ષક પોતે અધ્યયન પ્રક્રિયાનો પ્રેરક, અધ્યયન પ્રક્રિયાનો સંયોજક અને અધ્યેતાના સહાયક સાથી મિત્ર બની તે પણ અધ્યયનકર્તા બનશે. શિક્ષક-પ્રશિક્ષણ પ્રશિક્ષણાર્થીને ચિંતનાત્મક શિક્ષક બનાવશે. શિક્ષકની વિવિધ ભૂમિકા અદા કરવા માટે પાયાની શરત રૂપે પ્રશિક્ષણાર્થીએ ચિન્તનાત્મક શિક્ષક બનવું પડશે.

એકવીસમી સદીના શિક્ષકે ચિંતનાત્મક થવા સિવાય કોઇ વિકલ્પ નથી. એકવીસમી સદીનો સમાજ અતિ સંકુલ હશે, માટે વર્ગખંડ પણ સંકુલ સામાજિક તાણાવાણાંથી ગૂંથાયેલો હશે. વર્ગખંડીય સમાજ બહુ સાંસ્કૃતિક પણ હોવાનો તેથી આવા વર્ગખંડમાં (અધ્યાપન) શિક્ષણ એક પડકાર બની રહેશે. આ પડકારને ઝીલી લેવા શિક્ષકે ચિંતનાત્મક થયે જ છૂટકો છે, કારણ કે ચિંતનાત્મક શિક્ષણ અભિગમ શિક્ષકનો સર્વતોમુખી વિકાસ કરીને જ અટકે છે.

## 2. 5 સ્વાધ્યાય

1. હાર્ટોગ પંચની ભલામણો જણાવો.
2. પ્રાચીન અને મધ્યકાલિન શિક્ષણ વચ્ચે ભેદ તારવો.
3. NCERT એટલે સું ?

## 2.6 ચર્ચા માટેના મુદ્દાઓ

1. પ્રાચીન ભારતની શિક્ષક-શિક્ષણ સ્થિતિની ચર્ચા કરો.
2. પ્રાચીન ભારત અને આધુનિક ભારતની શિક્ષણ-શિક્ષણની સ્થિતિની ચર્ચા કરો.
3. શિક્ષક-શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણ વચ્ચે શો ભેદ છે તેની ચર્ચા કરો.
4. સાંપ્રત સમયની શિક્ષક-શિક્ષણની સ્થિતિની ચર્ચા કરો.

## 2. 7 તમારી પ્રગતિ ચકાસો :

**નોંધ :** (અ) નીચે આપવામાં આવેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(બ) એકમના અંતે આપવામાં આવેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

(1) શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) શિક્ષક-શિક્ષણની સંકલ્પનાનો વિકાસ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) પ્રાચીન ભારતમાં શિક્ષક-શિક્ષણ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) સ્વાતંત્ર્યપૂર્વ ભારતમાં શિક્ષક-શિક્ષણનો ચિતાર આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષક-શિક્ષણ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) શિક્ષકની જવાબદારીઓ, સામાજિક દરજ્જો તેમ જ વ્યાવસાયિક દરજ્જા વિશે જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 2. 8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

| | |
|---|---|
| (1) જુઓ 2. 3 | (4) જુઓ 2. 3. 3 |
| (2) જુઓ 2. 3. 1 | (5) જુઓ 2. 3. 4 |
| (3) જુઓ 2. 3. 2 | (6) જુઓ 2. 3. 5 |

એકમ 3

# શિક્ષક-શિક્ષણના પ્રકારો

## : રૂપરેખા :


3. 1 પ્રસ્તાવના

3. 2 ઉદ્દેશો

3. 3 શિક્ષક-શિક્ષણના પ્રકારો

  3. 3. 1 પૂર્વ સેવાકાલીન શિક્ષક-શિક્ષણ

  3. 3. 2 પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષક-શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ અને મૂલ્યાંકન

  3. 3. 3 સેવાકાલીન શિક્ષક-શિક્ષણ

  3. 3. 4 હેતુઓ, કાર્યક્રમો, સુવિધાઓ અને મૂલ્યાંકન

3. 4 તમારી પ્રગતિ ચકાસો

3. 5 સારાંશ

3. 6 સ્વાધ્યાય

3. 7 ચર્ચા માટેના મુદ્દાઓ

3. 8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 3. 1 પ્રસ્તાવના

આપણાં દેશની શિક્ષક-શિક્ષણની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તેના બે પ્રકારો પાડવામાં આવે છે. (1) પૂર્વ સેવાકાલીન શિક્ષક-શિક્ષણ અને (2) સેવાકાલીન શિક્ષક શિક્ષણ.

પૂર્વ સેવાકાલીન શિક્ષક-શિક્ષણ અંતર્ગત પ્રશિક્ષણાર્થીને ઉત્તમ શિક્ષક બનાવવાની તાલીમ આપવામાં આવે છે. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીઓના ઘડતરનું હોવાના કારણે પૂર્વ સેવાકાલીન તાલીમ ખૂબ જ આવશ્યક છે.

શિક્ષકને તેના સેવા અંતર્ગત શિક્ષણ અંગેના નવાં વિચારો, પદ્ધતિઓ, સિદ્ધાંતોનો પરિચય કરાવી તેની કાર્યક્ષમતા અને કૌશલ્યોમાં વધારો કરવા માટેની જે તાલીમ અપાય છે તેને સેવાકાલીન તાલીમ કહેવાય છે. જે શિક્ષક માટે ખૂબ જ આવશ્યક છે.

## 3. 2 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે . . .

- એકમનો પરિચય મેળવી શકશો.
- શિક્ષક-શિક્ષણમાં શિક્ષક-શિક્ષણના પ્રકારો વિશે સમજી શકશો.
- પૂર્વ સેવાકાલીન શિક્ષક-શિક્ષણ વિશે સમજી શકશો.
- પૂર્વ પ્રાથમિક શિક્ષક-શિક્ષણ વિશે સમજી શકશો.
- માધ્યમિક કક્ષાએ શિક્ષક-શિક્ષણ વિશે સમજી શકશો.
- સેવાકાલીન શિક્ષક-શિક્ષણ વિશે જાણી શકશો.

## 3. 3 શિક્ષક-શિક્ષણના પ્રકારો

અંદાજે ઇ. સ. પૂર્વે 4000 વર્ષ પહેલાં પ્રાથમીક શિક્ષણ માટેની કોઇ વ્યવસ્થા ન હતી. કુટુંબ દ્વારા બાળકોને જે શિક્ષણ મળતું તે પૂરતું હતું. ભારતમાં સંગઠિત સ્વરૂપે શિક્ષણ અપાતું. વિદ્યાર્થી ગુરુનાં આશ્રમમાં કે ગુરુના ઘરે રહીને વિદ્યાભ્યાસ કરતો હતો. વૈદિક સમયમાં સંઘ, પરિષદ, ચરણ, મઠ, ગુરુકુળ તેમજ આશ્રમો સ્થપાયા હતા. જ્યાં ગુરુ વ્યક્તિગત રીતે શિષ્યોને શિક્ષણ આપતા બ્રાહ્મણો પ્રાથમીક શિક્ષણની જવાબદારી સ્વીકારતા ન હતા. આ શિક્ષણની શરૂઆત પાંચ વર્ષથી બધી જાતિના બાળકો માટે થતી. વિદ્યારંભ સંસ્કારથી પ્રાથમીક શિક્ષણની શરૂઆત થતી. પ્રથમ મૌખિક જ્ઞાન આપવામાં આવતું ત્યારબાદ વાચન અને લેખનથી પરિચિત કરવામાં આવતા મંત્રો કંઠસ્થ થયા બાદ સાહિત્ય અને વ્યાકરણનો અભ્યાસ થતો. પાઠ્યક્રમમાં વૈદિક મંત્રોનું સ્મરણ, ગાન, પઠન, લેખન, ભાષા, સાહિત્ય અને વ્યાકરણનો સમાવેશ થતો હતો.

સૌ પ્રથમ પ્રાથમીક શિક્ષણની વ્યવસ્થા હતી. સમાજની પ્રગતિ સાથે શિક્ષણના વિષયોમાં વધારો થયો અને ત્યારબાદ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ અસ્તિત્ત્વમાં આવી. ઉચ્ચશિક્ષણના વિદ્યાલયો ઇ. સ. પૂર્વેની પાંચમી સદી દરમિયાન અસ્તિત્ત્વમાં આવ્યા.

સાંપ્રત સમયમાં આપણાં દેશની શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને શિક્ષક-શિક્ષણના બે પ્રકારો પાડવામાં આવે છે.

(1) પૂર્વ સેવાકાલીન શિક્ષક-શિક્ષણ અને (2) સેવાકાલીન શિક્ષક-શિક્ષણ

આપણા દેશની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણને અમુક ભાગોમાં વહેંચવામાં આવ્યું છે જે પૂર્વ પ્રાથમીક, પ્રાથમીક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આ પ્રમાણે વિભાજીત કરેલ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષક-શિક્ષણમાં ભાવિ શિક્ષકને પૂર્વ સેવાકાલીન તાલીમ અને સેવાકાલીન તાલીમ અંતર્ગત 21મી સદીના પડકારને ઝીલી શકે તેવા શિક્ષકને સજ્જ કરવામાં આવે છે.

### 3. 3. 1 પૂર્વ સેવાકાલીન શિક્ષક-શિક્ષણ

ભારતે હવે ત્રણ સ્તરમાં વિભાજિત થયેલી દસ વર્ષીય શાળા પદ્ધતિ સ્વીકારેલી છે. જેમાં પૂર્વ પ્રાથમીક શિક્ષણ, પ્રાથમીક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણનો સમાવેશ કરવામાં આવે છે. ત્યાર બાદ બે વર્ષના

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વિષય અને વિદ્યાશાખાકીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીની પરિપક્વતા અને મનોસામાજિક વિકાસ તથા અભ્યાસક્રમની જરૂરિયાતો પ્રમાણે શાળાકીય શિક્ષણના આ ત્રણ તબક્કા માટે અલગ-અલગ શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમની જરૂરિયાત છે.

### 3. 3. 2 પૂર્વ પ્રાથમીક, પ્રાથમીક અને માધ્યમિક કક્ષાએ શિક્ષક-શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ અને મૂલ્યાંકન

પૂર્વ પ્રાથમીક કક્ષાએ ઔપચારિક શિક્ષણ માટેની કક્ષા નથી. આ કક્ષા વિદ્યાર્થીને પ્રાથમીક શાળા માટે સજ્જ કરતી હોવા છતાં આ સ્તરે સાક્ષરતા શિક્ષણ શરૂ થવું જરૂરી નથી. આ તબક્કે શિક્ષણ (અભ્યાસ) જૂથ કાર્ય, ભાષાકીય રમતો, અંકક્રીડા સમાજ અને પર્યાવરણ અંગે જાગૃતિ લાવનારી પ્રવૃત્તિઓ, શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસની પ્રક્રિયામાં મદદ કરનારી પ્રવૃત્તિઓવાળું હોવું જોઇએ. જીવન કૌશલ્યો, સદ્‌ગુણોનું ઘડતર અને સહઅસ્તિત્ત્વનો વિકાસ થાય એવો અભિગમ અપનાવવો જોઇએ. સુખી અને સ્વસ્થ બાળપણની ખાતરી કરાવી શકે એવી પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થાને રાખવી જરૂરી છે.

આ તબક્કે શિક્ષક-શિક્ષણ માટેના વિશિષ્ટ હેતુઓ નીચે મુજબ છે :

- વ્યક્તિગત અને જૂથ કાર્યો દ્વારા બાળકોના શારીરિક, માનસીક, સામાજિક, સાંવેગિક, સૌંદર્યલક્ષી અને ભાષાકીય વિકાસમાં મદદ કરવા માટે શિક્ષકો તૈયાર કરવાં.
- બાળમનોવિજ્ઞાન, સાંસ્કૃતિક નૃવંશ, સમાજશાસ્ત્ર, ભારતીય વારસો અને બાળ પર્યાવરણ સંબંધી જ્ઞાન આપવું.
- સહકાર મેળવવા માટે અને એવા ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ સાથે સહયોગ કેળવવાની ઇચ્છા અને ક્ષમતાનો તેમનામાં વિકાસ કરવો.
- બાળકો માટે શૈક્ષણિક રમતો અને પૂરક પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે તેમનું સશક્તિકરણ કરવું.
- પ્રકૃતિ દર્શન માટે ક્ષેત્ર પ્રવાસનું આયોજન કરવું અને તેમની અવલોકન શક્તિ અને રસાસ્વાદ કેળવવો.
- બાળકોની ઇન્દ્રિય શક્તિ અને ક્રિયાશક્તિને ખીલવવા માટે ઓછા ખર્ચે વિવિધ પ્રકારની સામગ્રીની બનાવટ, પસંદગી અને ઉપયોગ માટે સમર્થ બનાવવાં.
- બાળકોમાં રસાસ્વાદની સંવેદના, સ્વ-અભિવ્યક્તિ અને સ્વ-સંકલ્પનાનો વિકાસ કરવા તેમને સમર્થ બનાવવાં.

**અભ્યાસક્રમ :**

આ તબક્કે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમ માટે લવચિક (Flexible) અભિગમ અપનાવવો જોઇએ, છતાં પણ તેમાં ઊભરતા ભારતીય સમાજ, પ્રાદેશિક અને સ્થાનિક વિશિષ્ટતા સાથે ભારતીય સાંસ્કૃતિક વારસો, ભારતીય તત્ત્વજ્ઞાન અને શૈક્ષણિક અનુદેશ, બાળમનોવિજ્ઞાન, સામાજિક નૃવંશ, બાળઉછેર, શારીરિક, માનસીક, સાંવેગિક, સૌંદર્યલક્ષી, ભાષાકીય સામાજિક અને નૈતિક વિકાસી પ્રક્રિયા, ટેવોનું ઘડતર, સ્વ-અભિવ્યક્તિ, સ્વાસ્થ્ય અને આરોગ્ય, અવલોકન શક્તિ જેવાં ઘટકો ઇચ્છનીય છે. નૃત્ય, નાટક, વાર્તાકથન, સમૂહગાન, માટીકામ, વ્યાયામ, યોગ, શૈક્ષણિક રમતોનું આયોજન, ક્ષેત્રકાર્ય, સ્થાનિક લોકોના સંપર્ક, પેપર-પેન્સિલ વર્ક, રમકડાં અને બ્લોક બનાવવા પ્રાપ્ય સામગ્રીનો ઉપયોગ ઇત્યાદિ સહિતના શિક્ષણને લગતી રચનાત્મક પ્રવૃત્તિઓનો વિકાસ એ પ્રાયોગિક કાર્યના ભાગરૂપે છે. વ્યવસાય અનુભવ કાર્યક્રમ (ઇન્ટર્નશીપ)નું આયોજન વાસ્તવિક સ્થિતિમાં કરવું પડશે.

**અભ્યાસક્રમ વ્યવહાર (Curruculm Translation)**

અભ્યાસક્રમના સંચાલન (વ્યવહાર)નો પાયાનો સિદ્ધાંત એ છે કે કોઇ પણ રૂઢિવાદી પદ્ધતિનું અનુસરણ કર્યા વગર ક્રીડા પદ્ધતિનો ઉપયોગ કરી શિક્ષણને આહ્‌લાદક બનાવવું અને આવી જ વિવિધ પ્રયુક્તિનો ઉપયોગ કરવા માટે ભાવિ શિક્ષકોને સશક્ત બનાવવા. પ્રશિક્ષકો વિવિધ ઉપકરણોના પ્રાયોગિક ઉપયોગનું નિદર્શન કરે, પ્રશિક્ષણાર્થીઓને કૉલેજની બહાર લઇ જઇ માનવીય વર્તણૂંક અને પ્રાકૃતિક

પરિવેશ (ઘટનાઓ)નું અવલોકન કરીને આવી પરિસ્થિતિમાંથી કેવી રીતે શૈક્ષણિક અનુભવો મેળવવા તેનું માર્ગદર્શન આપે એવી અપેક્ષા રાખવામાં આવે છે. જરૂરિયાત આધારિત સાંસ્કૃતિક પદ્ધતિશાસ્ત્ર પસંદ કરવું વિદ્યાર્થીઓની વાસ્તવિક પરિસ્થિતિથી ભાવિ શિક્ષકોને વાકેફ કરવા માટે સામુદાયિક સર્વેક્ષણો અને ક્ષેત્રકાર્યો હાથ ધરવાં જોઇએ. વ્યાવસાયિક કાર્ય સંબંધિત સૈદ્ધાંતિક જ્ઞાન આપવું જોઇએ. અભ્યાસક્રમની સંચાલનની પ્રક્રિયામાં સમસ્યા સમાધાન પદ્ધતિને મહત્ત્વ આપવું જોઇએ. વ્યાખ્યાનની સાથે સેમિનાર, કાર્યશાળા, સ્વ-અધ્યયન, સ્વનિર્ભર શિક્ષણના અંતે જૂથચર્ચાનું આયોજન પણ હોવું જોઇએ. પ્રાથમીક પૂર્વ પ્રાથમિક શિક્ષક અને આ ક્ષેત્રમાં કાર્ય કરનારી અન્ય બિનસરકારી સંસ્થાઓના માર્ગદર્શન હેઠળ વાસ્તવિક અને અર્થપૂર્ણ અનુભવ મેળવવા માટે તથા પ્રત્યક્ષ પ્રયુક્તિઓ શીખવા માટે સમયાંતરે ઇન્ટર્નશીપ કાર્યક્રમોનું આયોજન કરી શકાય.

**મૂલ્યાંકન : (Evaluation)**

મૂલ્યાંકન વિકાસાત્મક (Formative), સર્વગ્રાહી (Summative) અને સતત (Continuous) થવું જોઇએ. પ્રશિક્ષણાર્થીઓના પ્રગતિપત્રક અને સંગ્રહીત પ્રગતિ ચાર્ટ રાખવાં જોઇએ. દરેક પ્રશિક્ષણાર્થીના સ્વ-મૂલ્યાંકન અને તેમના સહપાઠી દ્વારા મૂલ્યાંકનને પ્રોત્સાહન આપવું જોઇએ. મૂલ્યાંકન માટે માત્ર વાર્ષિક પરીક્ષા જ આધાર ન હોવી જોઇએ. ગુણાંકનને બદલે ગુણવત્તા આંક (ગ્રેડિંગ પદ્ધતિ)ને પ્રાધાન્ય હોવું જોઇએ.

**પ્રાથમિક શિક્ષક-શિક્ષણ :**

રાષ્ટ્રીય વિકાસમાં મહત્ત્વનો ફાળો આપનાર પ્રાથમીક શિક્ષણ, શિક્ષણ પદ્ધતિમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. પ્રવર્તમાન શિક્ષિત પરિવારમાંથી આવનારી પ્રથમ પેઢીના અધ્યેતા અને સમાજના ઉપેક્ષિત અને કચડાયેલાં વર્ગના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. તે નાગરિકતા, મૂલ્યસિંચન, જીવન કૌશલ્ય અને યોગ્ય વર્તનના વિકાસ માટેનું ઉછેર કેન્દ્ર છે. આ અવસ્થામાં તેમના પર પડેલી અસરો જીવનપર્યંત રહે છે. આ કક્ષાએ નીચેની જવાબદારીઓ નિભાવવા માટે શિક્ષકોને સજ્જ કરવા તે શાળા-શિક્ષણ પ્રણાલીનો એક અંતર્ગત ભાગ છે.

- ઔપચારિક અધ્યયન અને શિક્ષણને પ્રોત્સાહિત કરવું.
- વર્ગ આયોજક તરીકે કાર્ય કરવું.
- શિક્ષણ સંસાધનોની પ્રાપ્તિ, સંગઠન અને આયોજન કરવું.
- નવાચારાત્મક અનુદેશો હાથ ધરવા.
- વિદ્યાર્થી અને વાલીઓને માર્ગદર્શન આપવું.
- પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંગઠન અને આયોજન કરવું.
- સામુદાયિક સહભાગિતા અને નેતૃત્વ કરવું.
- વિદ્યાર્થીઓના કર્તૃત્વનું મૂલ્યાંકન કરવું.

શિક્ષકો દ્વારા આવા પાઠ નિભાવવાના અનુસંધાનમાં પ્રાથમીક કક્ષાએ શિક્ષક-શિક્ષણના હેતુઓ નીચે મુજબ હોઇ શકે :

- શાળા અભ્યાસક્રમના હાર્દરૂપ ક્ષેત્રોને સમજવાં.
- પ્રશિક્ષણાર્થીને નવા શૈક્ષણિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં સંકલિત અને સુગ્રથિત વિષયો, તેના સ્વરૂપ અને હેતુઓનું શિક્ષણ આપવા સક્ષમ બનાવવાં.
- જીવનની સમસ્યાઓને સમજવા અને સમાધાન માટે અખંડતાના અભિગમનો વિકાસ કરવો.
- પર્યાવરણનું સંરક્ષણ/જાળવણીના હેતુ સહિત પર્યાવરણ વિષયક જાગરૂકતા કેળવવી.
- બાળકના બહુઆયામી વિકાસ અને શિક્ષણ પ્રદાન માટે બાળકના સ્વભાવ અને પરિપક્વતાને સમજવી.
- શાળા અને અધ્યાપન માટે સામુદાયિક સંસાધનોનું વ્યવસ્થાપન કરવા માટે સક્ષમ બનાવવાં.
- જરૂરિયાત આધારિત સમુદાય વિશિષ્ટ અને દેશીય અધ્યયન પદ્ધતિ સહિત બાળકેન્દ્રિ શિક્ષણ પદ્ધતિનો વિકાસ કરવા સશક્ત બનાવવાં.

- આજીવન અધ્યયન માટે તેમનામાં ઇચ્છા, રસ અને ક્ષમતાની અભિવૃદ્ધિ કરવી તથા તેમના ક્ષેત્રમાં તથા વ્યવહાર કૌશલ્યમાં થયેલા આધુનિક વિકાસથી તેમને માહિતગાર કરવાં.
- ICT ના ફાયદા સમજવા અને વર્ગમાં તેમનો ઉપયોગ કરવા માટે સશક્ત બનાવવાં.
- સામાન્ય શાળા પદ્ધતિમાં શારીરિક, યોગિક, સ્વાસ્થ્ય અને નાગરિકતા વિષયક શિક્ષણનું પ્રાથમીક જ્ઞાન આપવું.
- આધુનિક શિક્ષણ શાસ્ત્રીય અને મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ કરવા તૈયાર કરવાં.
- સમાજના ઉપેક્ષિત વર્ગના શિક્ષણ માટેની જવાબદારી સમજાવવી અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને કાર્યશિક્ષણ આપવા માટે સક્ષમ બનાવવાં.

**અભ્યાસક્રમ :**

નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી પ્રાથમીક શાળા શિક્ષણ-શિક્ષણનો અભ્યાસક્રમ તૈયાર કરવો.

- શાળા શિક્ષણનો અભ્યાસક્રમ અને તેની વ્યવહાર અને મૂલ્યાંકનની પ્રયુક્તિઓના અમલીકરણ માટે જરૂરી સ્વ-સુધારણા લાવવા માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.
- પ્રાદેશિક અને સ્થાનિક વિશિષ્ટતાઓ અને રાષ્ટ્રીય જરૂરિયાતો
- પ્રાથમીક શાળા કક્ષાએ શિક્ષકોના વ્યાવહારિક કૌશલ્યો અને શૈક્ષણિક જ્ઞાનના ધોરણો સુધારવા.

આ તબક્કે શિક્ષક-શિક્ષણનો અભ્યાસક્રમ લવચિક અને રાષ્ટ્રીય પ્રાદેશિક અને સ્થાનિક વાસ્તવિકતાને પ્રતિચાર આપનારો હોવો જોઇએ. પરંપરાગત પદ્ધતિઓને બદલે નવાચારાત્મક અનુદેશનો ઉપયોગ કરવો જોઇએ. સંસ્થાઓએ પોતાની સ્થાનિક જરૂરિયાતના આધારે અભ્યાસક્રમ નક્કી કરવો જોઇએ. સૈદ્ધાંતિક શિક્ષણની ભરમાળને બદલે ક્રિયાત્મક જ્ઞાન આપવું જરૂરી છે. સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયવસ્તુ યોગ્ય રીતે પરસ્પર સંબંધિત હોવા જોઇએ. અભ્યાસક્રમમાં બાળ મનોવિજ્ઞાન ધાર્મિક એકતા, ભારતીય સાંસ્કૃતિક વારસો, ઇતિહાસ, શારીરિક શિક્ષણ, વ્યક્તિગત અને જૂથ પ્રવૃત્તિઓ, પર્યાવરણ સંરક્ષણ, શૈક્ષણિક વાતાવરણનું ઘડતર આદિને મહત્ત્વનું સ્થાન આપવું જોઇએ.

પ્રાયોગિક અનુભવો માટે સમયાંતરે ઇન્ટર્નશીપ, નિદર્શન પાઠોનું અવલોકન અને અહેવાલ શાળાકીય દસ્તાવેજો બનાવવા, શાળા સુશોભન, ક્રિયાત્મક સંશોધન આદિનો અધ્યાપન મહાવરામાં સમાવેશ કરવો જોઇએ. પ્રાયોગિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ એ શિક્ષક-શિક્ષણની શાળા અને કૉલેજની સંયુક્ત જવાબદારી છે.

**મૂલ્યાંકન :**

ભાવિ શિક્ષકોને નવી મૂલ્યાંકન પ્રયુક્તિઓ અને ગ્રેડ પદ્ધતિથી વાકેફ કરવા પ્રાપ્તિ અને નિષ્પત્તિઓની ચર્ચાના અંતે સ્વ-મૂલ્યાંકન અને સહપાઠી મૂલ્યાંકન દ્વારા વક્તૃત્વ સુધારણા તેનો મુખ્ય હેતુ હોવો જોઇએ. આંતરિક અને બાહ્ય મૂલ્યાંકનના આધુનિક સંયોજનના સ્થાને ટૂંકાગાળામાં માત્ર આંતરિક મૂલ્યાંકનને મૂકવું જોઇએ. વ્યાવસાયિક ક્ષમતા અને વક્તૃત્વ કૌશલ્યોના વિકાસમાં સ્વ-સુધારણા લાવવા માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

**માધ્યમિક શાળા શિક્ષણ :**

માધ્યમિક શિક્ષણ પણ શિક્ષણ વિભાગમાં તેના વિશિષ્ટ શૈક્ષણિક કાર્યોને લીધે નિર્ણાયક સ્થાન ધરાવે છે. તેનો અભ્યાસક્રમ વધુ સમૃદ્ધ છે અને પ્રાથમીક તથા ઉચ્ચતર માધ્યમિકની વચ્ચે આવેલો છે. જીવનમાં પ્રવેશ કરવા ઇચ્છતા મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે તે શિક્ષણનો સ્વનિર્ભર તબક્કો છે. આ તબક્કાના શિક્ષકો માટે વિદ્યાર્થીના જીવન માટેની જરૂરિયાતો પૂરી પાડવી તેમજ તેમને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે તૈયાર કરવા એમ બેવડી જવાબદારી નિભાવવાની હોય છે. અભ્યાસક્રમના વિકાસ અને વ્યવહારાત્મક વ્યૂહરચનામાં સુગ્રથિત અભિગમના સાતત્યની જાળવણી અને ભવિષ્યમાં વિષય કેન્દ્રિત અભિગમ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે પ્રશિક્ષકોનું ધ્યાન ખેંચવું તે મુખ્ય હેતુ છે. માધ્યમિક કક્ષાએ શિક્ષકો વિદ્યાર્થીઓની તરુણાવસ્થા અને યુવાવસ્થા સાથે સંકળાયેલાં હોવાથી તેમણે વિદ્યાર્થીઓને HIV/AIDS વિષેનું સંરક્ષણાત્મક જ્ઞાન આપવું તે તેમની સામાજિક અને નૈતિક ફરજ બને છે. સ્વસ્થ જીવન અને મહત્ત્વાકાંક્ષા સંબંધી અનેક સમસ્યાઓ પ્રત્યે તેમના વલણ પરિવર્તન માટે તેમને અભિમુખ કરવા અને સંવેદનશીલ બનાવવાનું કાર્ય પણ આ શિક્ષકોનું છે. આ પરિવર્તન માટે શિક્ષક-શિક્ષણને નીચેના હેતુઓ સમજવા માટે સમૃદ્ધ બનાવવું જરૂરી છે.

- ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓને વિષયોની યોગ્ય પસંદગી કરવા અને વિસંવાદિત અભ્યાસક્રમોના અભ્યાસ માટે તૈયાર કરવા અને પ્રાથમીક શિક્ષણ સાથે સાતત્ય જાળવી રાખવું.
- ભાવિ શિક્ષકોને અધ્યાપનમાં વિદ્યાશાખાકીય અભિગમ અપનાવવા અને વિદ્યાર્થીઓમાં આવા અભ્યાસક્રમ માટે રુચિ વધારવા સક્ષમ બનાવવા.
- ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ, મુક્ત બજાર, W. T. O. અને શિક્ષણના બાહ્ય સ્ત્રોતોની ફલશ્રુતિઓને સમજવા માટે અને ભારત પર તેની હાનિકારક અસરોને રોકવા માટે સાવચેતીનાં પગલાં લેવાં માટે સક્ષમ બનાવવા.
- ICT ના ઉપયોગ, તેના ફાયદા અને ગેરફાયદા માટે કેળવવા.
- યોગ્ય શૈક્ષણિક અભિગમ અપનાવી અમીર અને ગરીબ વચ્ચેની શૈક્ષણિક અને સાંસ્કૃતિક ખાઇ પૂરવી.
- ભાવિ શિક્ષકોમાં ભારતીય સંસ્કૃતિ અને જગતમાં તેના યોગદાન પ્રત્યે આદર વિકસાવી રાષ્ટ્રીય ગૌરવ અને ઓળખની ભાવના મજબૂત બનાવવી.
- સામુદાયિક, સહકારી, પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન, ICT જેવાં યોગ્ય ઉપકરણોનો ઉપયોગ કરી પોતે શીખવાડવાના વિષયો માટે અધ્યાપન ક્ષમતા અને વકૃતૃત્વ કૌશલ્યોનો વિકાસ કરવા માટે સક્ષમ બનાવવા.
- મૂલ્યોના સિંચન, નાગરિકત્વ અને દેશપ્રેમની ભાવના, વ્યક્તિત્ત્વના વિકાસ માટે તૈયાર કરવા.
- પર્યાવરણ સંરક્ષણ અને પરિસ્થિતિકીય (Ecological) સંતુલનની જાળવણી માટે જાગૃત કરવા.
- અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે યોગિક, સ્વાસ્થ્ય વિષયક, શારીરિક, સૌંદર્યલક્ષી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના સુગઠન માટે સક્ષમ કરવા.
- જીવન કૌશલ્ય શિક્ષણ, HIV/AIDS સંરક્ષણાત્મક શિક્ષણ, પ્રજનન સ્વાસ્થ્ય વિષેની કાળજી અને સાવચેતી સાથે સંવેદનશીલ બનાવવા ભાવિ શિક્ષકોને સક્ષમ કરવા.
- શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સમસ્યાઓ હલ કરવા માટે સંશોધન કાર્ય કરવા માટેની શક્તિનો વિકાસ કરવો.
- આજીવન શિક્ષણમાં રુચિ અને શાળા તથા સમુદાય સાથે સ્વસ્થ સંબંધો કેળવવા મદદ કરવી.
- ભારતની 'વિવિધતામાં એકતા'થી પરિચિત કરી તેને મજબૂત બનાવવા અભ્યાસક્રમ અપનાવવો.

**અભ્યાસક્રમ :**

નીચે દર્શાવેલ મુદ્દાઓને ધ્યાનમાં રાખી માધ્યમિક શાળા શિક્ષક-શિક્ષણ પાઠ્યક્રમ માટે અભ્યાસક્રમનો વિકાસ કરવો.

- માધ્યમિક શિક્ષણ/શિક્ષક-શિક્ષણના હેતુઓ
- અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને ICT સહિત અધ્યાપન-અધ્યયનની ઉપલબ્ધતા.
- પ્રાદેશિક પરિસ્થિતિની જરૂરિયાતો અને રાષ્ટ્રજીવનની મુખ્યધારા
- સ્થાનિક ઉપલબ્ધ સ્ત્રોતોનો વિનિયોગ

માધ્યમિક શાળા શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમમાં કેટલીક બાબતોમાં સાતત્ય જાળવવું જરૂરી છે. છતાં પણ તે તેની સંવર્ધિત આવૃત્તિથી ભિન્ન હોવું જોઇએ. આ તબક્કે શિક્ષકોએ બહુઆયામી સામાજિક અને જીવનના અનુભવો સાથે કામ કરવાનું હોવાથી અભ્યાસક્રમ સ્વતંત્ર અસ્તિત્ત્વ ધરાવતો હોવો જોઇએ. વિદ્યાર્થીઓ નવાં મનોવૈજ્ઞાનિક લક્ષણો ધરાવતા થાય છે અને નવી સમસ્યાઓ હલ કરવા માટે યોગ્ય શિક્ષણ વ્યૂહરચનાની માંગ કરે છે.

આ તબક્કે શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમમાં ભારતીય સાંસ્કૃતિક વારસો, વિવિધતામાં એકતા, ભારતીય તત્ત્વજ્ઞાન, સામાજિક સમસ્યાઓ, આધુનિકીકરણ, પાશ્ચાત્યીકરણ, હિંસા અને આતંકવાદ, મૂલ્યોનું સિંચન, HIV/AIDS, સંયમનું શિક્ષણ, માનસીક આરોગ્ય, ગેરમાર્ગે દોરાવું, પર્યાવરણ જાગરૂકતા, શાળા વિષયો શીખવવાની ક્ષમતા, ભાષાકીય અને ગાણિતિક કૌશલ્યોનો વિકાસ, શારીરિક યોગિક અને આરોગ્ય વિષયક શિક્ષણ, વસ્તીવિસ્ફોટ પ્રત્યે જાગરૂકતા, શાળા સંચાલન, કોમી

એખલાસ, દેશભક્તિની ભાવના, આપત્તિ વ્યવસ્થાપન વગેરેનો સમાવેશ કરવો જોઇએ. આ સૈદ્ધાંતિક ઘટકોએ અભ્યાસક્રમની ધ્યેય પ્રાપ્તિ અને તેના વિષયવસ્તુના વ્યવહાર પર ખાસ ધ્યાન રાખવું જોઇએ.

શિક્ષણના અનુદેશમાં પ્રાયોગિક શિક્ષણ વિવિધ કક્ષાના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન અને શારીરિક વિજ્ઞાન સંબંધી વાચન સામગ્રીનો વિકાસ, વૈદિક ગણિત સહિત ભાષા અને ગણિત અને સમયાંતરે પ્રશિક્ષકના માર્ગદર્શન હેઠળ ઇન્ટર્નશીપનો સમાવેશ થવો જોઇએ. પાઠ આયોજન અને પાઠ અધ્યાપનની કુશળતા સાથે વર્ગ વ્યવસ્થાનું પ્રાયોગિક વ્યવસ્થાપન, શાળા સભાનું આયોજન, પ્રાર્થના વિદ્યાર્થી અને શાળાની સફાઇ દેખભાળ, વિદ્યાર્થીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા આદીમાં પણ કુશળતા મેળવવી જરૂરી છે. અધ્યેતાનો મહાવરો એ ખૂબ કઠિન કાર્ય છે. જે અવાજના આરોહ-અવરોહને સમાવે છે. પ્રત્યાયન કૌશલ્યો, માહિતી અને પ્રસારણ તકનિકી અને શૈક્ષણિક ઉપકરણોની સંરચના કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. શાળામાં દરેક શિક્ષકે કેટલાંક દસ્તાવેજો જાળવવા અને સંભાળવા પડશે. વિભિન્ન પ્રકારની કસોટીઓ તૈયાર કરવી પડશે.

**અભ્યાસક્રમ વ્યવહાર :**

સાંપ્રત સમયે અભ્યાસક્રમ વ્યવહારની જવાબદારી પ્રશિક્ષકના માથે છે જે ખાસ કરીને આ હેતુને પૂર્ણ કરવા પ્રવચન પદ્ધતિ અપનાવે છે. ભાવિ શિક્ષકો શૈક્ષણિક ક્ષેત્રે ઘણાં પરિપક્વ છે અને તે પોતાનો અધ્યયન બોજો બીજા સાથે વહેંચી શકે છે. માટે પ્રશિક્ષકે સ્વઅધ્યયન અને સ્વતંત્ર અધ્યયન પર, જૂથ ચર્ચા, ક્ષેત્ર પ્રવાસ અને પર્યટન, સમસ્યા સમાધાન અને પ્રકલ્પ બનાવવા પર ભાર મૂકવો જોઇએ. તેઓ કસોટી બનાવતા અને મૂલ્યાંકન સાધનો બનાવતા શીખે તે જરૂરી છે. સામુદાયિક ભાગીદારી અને અવલોકન, કાર્યશાળા અને સેમિનાર દ્વારા અધ્યયન પ્રોત્સાહિત કરવું જોઇએ. વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર શીખવવા માટે પ્રયોગ શાળાકીય પ્રયુક્તિઓ અને અવલોકનને મહત્ત્વ આપવું જોઇએ.

**મૂલ્યાંકન :**

આ તબક્કે પ્રશિક્ષણાર્થીઓનું મૂલ્યાંકન સર્વગ્રાહી અને સતત થવું જોઇએ. પ્રશિક્ષણાર્થીઓની પ્રગતિનો રિપોર્ટ રાખતા શાળા-શિક્ષકો તેમજ નિરીક્ષકોના અભિપ્રાયને યોગ્ય મહત્ત્વ આપવું જોઇએ. વિચારોનું સંગઠન અને તેની સંવાદિત અભિવ્યક્તિ, વાંચન સામગ્રીમાંથી નોંધ કરવી, ઉપકરણો અને માહિતી અને સંપ્રસારણ સાધનોનો યોગ્ય સમયે યથોચિત ઉપયોગ એ મૂલ્યાંકનનાં ઘટકો હોવાં જરૂરી છે. આધુનિક મૂલ્યાંકન પ્રયુક્તિઓ વર્ણનની પરંપરાગત પદ્ધતિઓ, ચર્ચા સમીક્ષા, કારણ અને અસર વચ્ચેના સંબંધમાં સંયોજન હોવું જોઇએ. સ્વ-મૂલ્યાંકન અને જૂથ મૂલ્યાંકન વચ્ચે સરખામણી પ્રશિક્ષકોના અભિપ્રાયો અને તેમના મત મતાંતરોને સંપૂર્ણપણે સમજાવવા જોઇએ. વાર્ષિક પરીક્ષાને બદલે સતત મૂલ્યાંકનને મહત્ત્વ આપવું જોઇએ. આ મૂલ્યાંકન ગુણાંકન આધારિત નહિ પરંતુ ગુણવત્તા આંક (Grading) આધારિત હોવું જોઇએ.

**3. 3. 3 સેવાકાલીન શિક્ષક-શિક્ષણ :**

શિક્ષણ એ આજીવન પ્રક્રિયા છે. શિક્ષણક્ષેત્રમાં પડેલી વ્યક્તિઓ પોતાની શૈક્ષણિક કાર્યક્ષમતાને તેમજ પોતાના કૌશલ્યોને વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. શિક્ષણ મહાવિદ્યાલયમાં તાલીમ લીધા પછી શિક્ષક વ્યવસાયમાં પ્રવેશે છે. તાલીમ એ શિક્ષક માટેનું નવપ્રસ્થાન બનવું જોઇએ તેને બદલે તે પૂર્ણવિરામ ક્યારેક બની જાય છે. શિક્ષણના વ્યવસાયની તાલીમી કૉલેજમાં તાલીમ લીધા બાદ સમય પસાર થતાં શિક્ષકની તાલીમ કાલગ્રસ્ત બની જાય છે. શિક્ષણમાં પલટાતા વહેણોથી શિક્ષણક્ષેત્રે પણ નૂતન આવિષ્કારો, સંશોધનો થતાં નવાં નવાં પરિવર્તનો આવતાં જાય છે. આમ, અભ્યાસક્રમમાં આવતાં પરિવર્તનો શિક્ષણક્ષેત્રે જન્મતાં પરિવર્તનોને પામવા માટે શિક્ષકને પોતાના સેવાકાળ દરમિયાન પૂરતી તકો પૂરી પાડવી જોઇએ. શિક્ષકની પ્રતિભા નવનવોન્મેષશાલિની હોવી જોઇએ. નૂતન પરિવર્તનોને પહોંચી વળવાની જે શિક્ષકની સજ્જતા નથી તે સાચો શિક્ષક કહી શકાય નહિ. આથી શિક્ષકને તેના સેવાકાળ દરમિયાન શિક્ષણ અંગેના નવા વિચારો, પદ્ધતિઓ, સિદ્ધાંતો વગેરેનો પરિચય કરાવી તેની વ્યાવસાયિક ક્ષમતા અને કૌશલ્યોમાં વધારો કરવા માટે જે પ્રકારની તાલીમ તેની ચાલુ નોકરીએ કે સેવાકાળ દરમિયાન આપવામાં આવે છે તેને સેવાકાલીન તાલીમ કહેવામાં આવે છે.

રવિન્દ્રનાથ ટાગોરે સાચું કહ્યું છે કે -

''શિક્ષક ત્યાં સુધી સાચું શિક્ષણ ક્યારેય આપી શકતો નથી કે જ્યાં સુધી તે પોતે શીખતો ન હોય. એક દીવો બીજા દીવાને ત્યારે જ જલતો રાખી શકે જ્યારે તે પોતે જ પ્રદીપ્ત હોય. ''

આમ, પોતાના શિક્ષણને વૈવિધ્યસભર બનાવવા, શિક્ષણને જીવંત અને રૂચિકર બનાવી, તેને અધ્યયન બનાવવા શિક્ષક માટે સેવાકાલીન તાલીમ અનિવાર્ય આવશ્યકતા છે.

સેવાકાલીન તાલીમના મહત્ત્વ પર ભાર મૂકતાં રાષ્ટ્રીય શિક્ષણ પંચ કોઠારી કમિશને પણ નોંધ્યું છે કે —

''જ્ઞાનના સમગ્ર ક્ષેત્રોમાં થઇ રહેલી કે થવાની તીવ્ર પ્રગતિ અને શિક્ષણના સિદ્ધાંતો અને સંશોધન કે પ્રયોગોને કારણે નિરંતર થતાં વિકાસને કારણે શિક્ષણના વ્યવસાયમાં સેવાકાલીન પ્રશિક્ષણની ખાસ જરૂર છે. ''

### 3. 3. 4 સેવાકાલીન શિક્ષણના હેતુઓ, કાર્યક્રમો, સુવિધાઓ અને મૂલ્યાંકન (Objectives of In-service Education)

સેવાકાલીન તાલીમ એ શિક્ષકને અદ્યતન પ્રવાહોથી પરિચિત બનાવી વ્યાવસાયિક સજ્જતામાં વધારો કરી તેને સફળ અને પ્રતિભાવંત શિક્ષક બનાવે છે. તેના નીચે મુજબના હેતુઓ છે.

**હેતુઓ :**

- શિક્ષકની વ્યાવસાયિક સૂઝ અને ક્ષમતાનો વિકાસ કરવો.
- શિક્ષણક્ષેત્રે થતાં નૂતન સંશોધનો, પ્રયોગ અને પદ્ધતિઓથી શિક્ષકોને પરિચિત કરવા. દા. ત. કમ્પ્યૂટર પદ્ધતિ.
- શિક્ષકના રોજબરોજના શિક્ષણકાર્ય દરમિયાન ઊભી થતી સમસ્યાઓથી પરિચિત થવું અને તે સમસ્યાઓનો વ્યવહારુ ઉકેલ શોધવો. દા. ત. વિદ્યાર્થીઓ શાળા તરફનું બેદરકારીભર્યું વલણ અને ટ્યુશનક્લાસ તરફ ધ્યાન.
- વિદ્યાકીય વિષયોમાં થતાં સંશોધનોથી તેમજ જે તે વિષયના વિવિધ પ્રવાહોથી શિક્ષકોને માહિતગાર કરવાં.
- દેશમાં અને વિશ્વમાં શિક્ષણમાં આવી રહેલા પડકારોથી અને તેને પરિણામે જન્મતાં પરિવર્તનોથી પરિચિત કરવાં.
- વર્ગખંડમાં અસરકારક શિક્ષણ આપવા માટે વિવિધ પ્રવૃત્તિઓ, પ્રયુક્તિઓનો પરિચય કરાવવો અને તેના અમલીકરણ અંગે માર્ગદર્શન આપવું.
- પલટાતાં જતા સમાજની જરૂરિયાતો અનુસાર શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ વિશે વિચારવું અને અને તેમના વ્યવહારલક્ષી પ્રયોગ કરવાં.
- શિક્ષણક્ષેત્રે એટલે કે શાળામાં અને શાળા બહાર સમાજમાં શૈક્ષણિક સંશોધનો, પ્રકલ્પો હાથ ધરવા આયોજન કરવું અને આવા સંશોધનો પ્રકલ્પોમાં શિક્ષકોને માર્ગદર્શન આપવું.
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓના આયોજન અને અમલમાં માર્ગદર્શન આપવું.
- અભ્યાસક્રમો બદલાય ત્યારે જે-તે વિષયના શિક્ષકોમાં વ્યાવસાયિક સજ્જતા વધે તે માટે અભ્યાસક્રમના એકમો તેમને શીખવવાની વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓ અંગે શિક્ષકોને સજ્જ કરવા. દા. ત. ધોરણ-11ના અભ્યાસક્રમ બદલાતા તેને અનુરૂપ પદ્ધતિઓ.
- કેટલીક શાળાઓમાં જે-તે વિષયનાં નિષ્ણાત શિક્ષકો ક્યારેક તે વિષયો માટે ઉપલબ્ધ થતાં નથી. આથી અન્ય વિષયના શિક્ષકો તે વિષય શીખવે છે. આવા શિક્ષકોને ખાસ પ્રકારની સેવાકાલીન તાલીમ આપી તેમને સજ્જ કરવાં.

**સેવાકાલીન તાલીમના કાર્યક્રમો :**

સેવાકાલીન તાલીમ આપતી સંસ્થાઓ સ્થાનિક શૈક્ષણિક જરૂરિયાતો અનુસાર જુદાં-જુદાં સેવાકાલીન તાલીમી કાર્યક્રમોનું આયોજન કરે છે. જે નીચે મુજબ છે.

- અભ્યાસક્રમનાં વિષયવસ્તુ, પદ્ધતિઓ, શૈક્ષણિક સાધન-સામગ્રીનો ઉપયોગ, મૂલ્યાંકન, પ્રવિધિઓ ઉપર જ્ઞાનસત્રો, કાર્ય શિબિરો કે પરિસંવાદોનું આયોજન કરી શકે છે.

- શૈક્ષણિક વહીવટ અને સંચાલન અંગે આચાર્યો અને શિક્ષકોની કાર્ય શિબિરો, જ્ઞાનસત્રો અને પરિસંવાદો ગોઠવે છે.
- પુસ્તકાલય સેવાઓનું આયોજન કરે છે.
- તાલીમ કૉલેજના સંદર્ભમાં સામગ્રીના ઉપયોગ માટે વિનિમય સેવાઓ, ક્ષેત્રિય મુલાકાતો યોજે છે.
- સહઅભ્યાસ પ્રવૃત્તિના આયોજન અને સંચાલન માટે માર્ગદર્શન આપે છે.
- શિક્ષણના વિવિધ પ્રવાહોથી સુપરિચિત કરવા માટે કેટલાંક પ્રકાશનો હાથ ધરે છે અને તેનું વિતરણ કરે છે.
- ફિલ્મ નિદર્શન સેવાઓનું આયોજન કરે છે.
- કલા વિષયક સર્જનાત્મક પ્રવૃત્તિઓના આયોજન અંગેની માર્ગદર્શન સેવાઓ પૂરી પાડે છે. દા.ત.સંગીત, ચિત્ર વગેરે.

**સેવાકાલીન તાલીમ કાર્યક્રમોની જરૂરિયાત :**

**શિક્ષક માટેનું શિક્ષણ :**

શિક્ષણ સતત અને આજીવન ચાલતી પ્રક્રિયા છે. આ માટે શિક્ષકે હંમેશા શીખતા રહેવું જોઇએ. સેવાકાલીન શિક્ષણ એ શિક્ષકની વ્યાવસાયિક કારકિર્દી દરમિયાન મળતું રહે છે. જેના દ્વારા શિક્ષક તેની સમગ્ર કારકિર્દી દરમિયાન નવું નવું શીખતો રહી પોતાનાં કાર્યક્ષેત્રમાં તેનો ઉપયોગ કરતો રહે છે.

**શિક્ષણનો વ્યાપ :**

સેવાકાલીન શિક્ષણ એ શિક્ષણને ગુણવત્તાભર્યું બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સેવાકાલીન તાલીમ દ્વારા શિક્ષકો શિક્ષણનાં નવા પ્રવાહો, નવા ખ્યાલો જેવાં કે સમૂહ માધ્યમો અભિક્રમિત અધ્યયન અભિગમ, નિપુણતાલક્ષી અધ્યયન અભિગમ, મૂલ્યલક્ષી શિક્ષણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં હાર્દરૂપ તત્ત્વ લઘુત્તમ અધ્યયન કક્ષા ક્ષમતાકેન્દ્રિ શિક્ષણ જેવાં અનેક નવા ખ્યાલો શિક્ષણમાં પ્રવેશ્યા છે. તે અંગે માહિતગાર થાય છે. એમના દ્વારા શિક્ષણ સમય સાથે બદલાઇ જઇ એમાં સુધારા-વધારા થઇ તેને ગુણવત્તાભર્યું બનાવે છે.

**માનવજાતિનાં વિસ્તાર પ્રમાણે બદલાતી સેવાકાલીન તાલીમનો વિસ્તાર :**

સમયાંતરે માનવજાતિમાં ફેરફારો આવતા જાય છે અને માનવજાતિ બદલાતા કે તેમાં ફેરફાર આવતાં શિક્ષણમાં પણ ફેરફારો આવે છે અને શિક્ષણમાં ફેરફાર થતાં શિક્ષકોએ બદલવાનું રહે છે. આ તમામ પ્રકારનાં બદલાવો સેવાકાલીન શિક્ષણ દ્વારા શિક્ષકો સુધી પહોંચે છે. શિક્ષણનાં બદલાતાં જતાં પ્રવાહો જેવાં કે, શિક્ષણનાં હેતુઓ, અભ્યાસક્રમ, પાઠ્યક્રમ શીખવાની નવી પદ્ધતિઓ, માહિતીના સાધનો આ તમામ પ્રવાહોથી સેવાકાલીન તાલીમ શિક્ષકોને માહિતગાર કરી તેમનાં સેવાકાર્યને ઉત્કૃષ્ટ બનાવે છે.

ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ, ઈ.સ. 1986 પછી અનેક નવા ખ્યાલો શિક્ષણમાં પ્રવેશ્યા છે. શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં ફેરફારો થયા છે. NCERT દ્વારા પણ શિક્ષક-શિક્ષણ ક્ષેત્રે 1988માં નવો અભ્યાસક્રમ તૈયાર કરાયો છે. જે શિક્ષકો શાળાઓમાં સેવા આપે છે તેમણે આ બધી બાબતોથી પરિચિત રહેવું જોઇએ. જે સેવાકાલીન કાર્યક્રમોથી જ શક્ય બને. આમ, સેવાકાલીન કાર્યક્રમો શિક્ષકોને પ્રયોગશીલ બનાવવામાં તેમને વિચાર કરતાં કરવામાં, સાથીમિત્રો સાથે ભેગા મળી પોતાનાં પ્રશ્નોનું નિરાકરણ શોધવામાં પોતે કરેલ પ્રયોગોની અન્યોને જાણ કરવામાં, નવા સંશોધનો અને પ્રયોગોથી માહિતગાર કરવામાં નવા શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરવામાં શિક્ષણની નવી પદ્ધતિઓ અને પ્રવાહોથી પરિચિત કરવામાં સહ અભ્યાસ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં મૂલ્યાંકનની નૂતન સંકલ્પના સમજી પરીક્ષણ અને મૂલ્યાંકન વધારે શાસ્ત્રીય બનાવવામાં અને વિદ્યાર્થી સમાજ અને શિક્ષણમાં વ્યવસાય તરફનાં તેમનાં માનસીક વલણોમાં આરોગ્યપ્રદ ફેરફાર કરવામાં ઉપયોગી થશે.

### શિક્ષકના શિક્ષણ અંગેના પ્રશ્નોનું નિરાકરણ :

સેવાકાલીન તાલીમ દ્વારા શિક્ષકને પોતાના પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ મળી શકે છે. શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકને અનેક પ્રશ્નો ઉભા થાય છે. બાળકોની જરૂરિયાત અનુસારની માહિતી અને શૈક્ષણિક પદ્ધતિનો ઉપયોગ અને કેવા બાળકોને કઇ રીતે શિક્ષણકાર્ય આપવું, કયા મુદ્દા માટે કઇ પદ્ધતિનો ઉપયોગ, શિક્ષણકાર્ય માટેની અસરકારક પદ્ધતિ વગેરે તમામ અને વળી આ ઉપરાંત અનેક તકનિકી પ્રશ્નો વગેરેનું યોગ્ય માર્ગદર્શન અને નિરાકરણ માટે પણ સેવાકાલીન તાલીમ ઉપયોગી થઇ પડે છે અને વળી શિક્ષકો આ તમામ પ્રશ્નો પોતાની સ્વતંત્રતા મુજબ હલ કરી શકે છે.

### શિક્ષકને આધુનિક શૈક્ષણિક પદ્ધતિથી માહિતગાર કરવા :

આજના આ આધુનિક યુગમાં શિક્ષણક્ષેત્રે પણ અનેક આધુનિક સાધનોનો પ્રવેશ થયો છે. આજે શિક્ષણકાર્યમાં અનેક આધુનિક સાધનોનો ઉપયોગ કરી શિક્ષણને વિવિધતાસભર રીતે અને રસપ્રદ બનાવી શિક્ષણને બાળકો સુધી પહોંચાડવામાં આવે છે. શિક્ષણ હવે કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, ટી. વી., રેડિયો, LCD પ્રોજેક્ટર વગેરે જેવાં અત્યાધુનિક સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી, હવે શિક્ષણની પદ્ધતિમાં પણ ફેરફાર આવ્યો છે. હવે પ્રાચીન Chalk & Talk પદ્ધતિ રહી નથી અને એની જગ્યાએ નવી Communative પદ્ધતિ, સંશોધન પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ વગેરે અમલમાં આવી છે. આ તમામ નવા સાધનો અને પદ્ધતિઓનો ઉપયોગ શિક્ષણકાર્યમાં કરતા પહેલાં શિક્ષક તે અંગે તાલીમ લે એ આવશ્યક છે અને તેનો ઉપયોગ યથાર્થ રીતે કરવા માટે સેવાકાલીન તાલીમો તેને માહિતગાર કરે છે.

આ ઉપરાંત પણ શિક્ષકમાં જ્ઞાનભંડોળમાં વધારો કરવા, શિક્ષકની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા અને શિક્ષણની ઉચ્ચકક્ષાને ઉત્કૃષ્ટ અને આદર્શ બનાવવામાં સેવાકાલીન તાલીમો અગત્યનો ભાગ ભજવે છે.

આમ, સેવાકાલીન કાર્યક્રમો શિક્ષણનો અને સમાજનો કાયાકલ્પ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પરિવર્તન પામતા સામાજિક અને શૈક્ષણિક મૂલ્યોને સંક્રાન્ત કરવાની અને શિક્ષણ અને સમાજના આધુનિકીકરણની જવાબદારી આવા સેવાકાલીન તાલીમી કાર્યક્રમો પર ભાર મૂકે છે.

### મૂલ્યાંકન :

સેવાકાલીન કાર્યક્રમ અને તેની નીપજો એ આ કાર્યક્રમની સૌથી નબળી કડી છે. સહભાગીઓ તથા કાર્યક્રમોનું ક્યારેક કામચલાઉ ધોરણે મૂલ્યાંકન થતું હોય છે. માત્ર ઔપચારિકતા ખાતર જ આવું મૂલ્યાંકન કરવામાં આવે છે. તજજ્ઞો અને સહભાગીઓએ કાર્યક્રમની અસરકારકતા અંગે પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવા જોઇએ. માહિતીપત્રકને પૂર્ણ કરવાની વિધી તો માત્ર દૈનિક કાર્યની ઔપચારિકતા બની જાય છે. મૂલ્યાંકનની અન્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ શોધવાની ખાસ જરૂર છે. ધ્યેયો, અમલીકરણ સુસંગતતા, આયોજન, સમયગાળો, તજજ્ઞો, નિષ્પત્તિઓ અને આર્થિક બદલો વગેરે મૂલ્યાંકનમાં યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય તે જરૂરી છે.

આ રીતે પૂર્વ સેવાકાલીન તાલીમ મેળવ્યા બાદ શિક્ષકની સજ્જતાને સતત સંકોરતા રહેવા માટે સેવાકાલીન તાલીમની પણ અત્યંત આવશ્યકતા છે. પરંતુ કાર્યક્રમોની પાછળ કરવામાં આવતો ખર્ચ સો એ સો ટકા ઊગી નીકળે એ પ્રકારના આયોજનો માટેની માનસીકતા ઘડવાનું કામ શિક્ષક-શિક્ષણનું છે.

---

## 3. 4 તમારી પ્રગતિ ચકાસો

---

**નોંધ :** (અ) નીચે આપવામાં આવેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(બ) એકમના અંતે આપવામાં આવેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

(1) આપણા દેશની શિક્ષક-શિક્ષણની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તેનો કેટલાં પ્રકારો પાડવામાં આવે છે ? કયા કયા ?

..................................................................

..................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) પૂર્વ પ્રાથમીક શિક્ષક-શિક્ષણના હેતુઓ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) પૂર્વ-પ્રાથમીક કક્ષાએ અભ્યાસક્રમ કઇ રીતે રાખવામાં આવે છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) પૂર્વ પ્રાથમીક કક્ષાએ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કઇ રીતે કરવામાં આવે છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) પ્રાથમીક શિક્ષણના હેતુઓ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) પ્રાથમીક શિક્ષણનો અભ્યાસક્રમ કઇ બાબતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(7) માધ્યમિક શિક્ષણના હેતુઓ જણાવો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(8) માધ્યમિક શિક્ષણનો અભ્યાસક્રમ કઇ બાબતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(9) સેવાકાલીન શિક્ષક-શિક્ષણ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(10) સેવાકાલીન શિક્ષક-શિક્ષણના હેતુઓ જણાવો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(11) સેવાકાલીન શિક્ષણના કાર્યક્રમો જણાવો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(12) સેવાકાલીન કાર્યક્રમોની જરૂરિયાત જણાવો ?

.................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

(13) શિક્ષકમાં શિક્ષણ અંગેના પ્રશ્નોનું નિરાકરણ શિક્ષક કઇ રીતે કરશે તે જણાવો ?

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 3. 5 સારાંશ

શિક્ષક-શિક્ષણ એટલે પ્રારંભિક કક્ષાથી માંડીને ઉચ્ચકક્ષા સુધીના શિક્ષણકાર્ય માટે શિક્ષકોને સજ્જ કરવાનો કાર્યક્રમ. આપણે ત્યાં આ કાર્યક્રમ પૂર્વ પ્રાથમીક, પ્રાથમીક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષકો તૈયાર કરવા માટે ચલાવવામાં આવે છે. પ્રત્યેક સ્તરે યોગ્ય અને કુશળ ઉત્તમ શિક્ષક-શિક્ષિકાઓને તૈયાર કરવાની મોટી જવાબદારી શિક્ષક-શિક્ષણ કાર્યક્રમ પર હંમેશા રહી છે અને આજે પણ છે.

આપણા દેશમાં હવે ત્રણ સ્તરમાં વિભાજીત થયેલી દસવર્ષીય શાળા પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. જેમાં પૂર્વ પ્રાથમીક શિક્ષણ, પ્રાથમીક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણનો સમાવેશ કરવામાં આવે છે. ત્યાર બાદ બે વર્ષના ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વિષય અને વિદ્યાશાખાકીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીની પરિપક્વતા અને મનોસામાજિક વિકાસ તથા અભ્યાસક્રમની જરૂરિયાતો પ્રમાણે શાળાકીય શિક્ષણના ત્રણ તબક્કા માટે અલગ-અલગ શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમની જરૂરિયાત છે. શિક્ષણ એ એક એવી વિસ્તૃત પ્રક્રિયા છે જેને માત્ર કોઇ પ્રકારના કૌશલ્ય કે કાર્યને પૂર્ણ કરવા સુધી સીમિત કરી શકાય નહિ. આ એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિમાં રહેલી આંતરિક ક્ષમતાઓનો સમગ્ર વિકાસની સાથે-સાથે વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય સંદર્ભમાં ઉપયોગી થાય તેવું વ્યક્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

સેવાકાલીન તાલીમ એ શિક્ષકને અદ્યતન પ્રવાહોથી પરિચિત બનાવી વ્યાવસાયિક સજ્જતામાં વધારો કરી તેને સફળ અને પ્રતિભાવંત શિક્ષક બનાવે છે. આમ, સેવાકાલીન કાર્યક્રમો શિક્ષણનો અને સમાજનો કાયાકલ્પ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 3. 6 સ્વાધ્યાય

1. શિક્ષક-શિક્ષણમાં પૂર્વ સેવાકાલીન શિક્ષણ શા માટે આવશ્યક છે ? તમારા મંતવ્યો રજૂ કરો.
2. પૂર્વ પ્રાથમિક શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમમાં કઇ-કઇ બાબતોને ધ્યાનમાં રાખીને બનાવવો જોઇએ તે જણાવો.
3. પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ સમજાવો.
4. માધ્યમિક શિક્ષણની મૂલ્યાંકન પદ્ધતિ વિશે ચર્ચા કરો.
5. શું સેવાકાલીન તાલીમ આવશ્યક છે ? તમારા મંતવ્યો રજૂ કરો.

## 3. 7 ચર્ચા માટેના મુદ્દાઓ

1. પૂર્વ-પ્રાથમિક શિક્ષણની અગત્યતા વિશે ચર્ચા કરો.
2. પ્રાથમિક શિક્ષણમાં સાર્વત્રિકરણની ચર્ચા કરો.

3. સાંપ્રત સમયમાં આપણી શિક્ષણ વ્યવસ્થામાં સુધાર લાવવો છે તો કઇ પ્રવૃત્તિઓનું આયોજન કરશો ? ચર્ચા કરો.

## 3. 8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### 3. 4 તમારી પ્રગતિ ચકાસો

| | | | |
|---|---|---|---|
| 1. | જુઓ 3. 1 | 8. | જુઓ 3. 3. 2 |
| 2. | જુઓ 3. 3. 2 | 9. | જુઓ 3. 3. 3 |
| 3. | જુઓ 3. 3. 2 | 10. | જુઓ 3. 3. 6 |
| 4. | જુઓ 3. 3. 2 | 11. | જુઓ 3. 3. 4 |
| 5. | જુઓ 3. 3. 2 | 12. | જુઓ 3. 3. 4 |
| 6. | જુઓ 3. 3. 2 | 13. | જુઓ 3. 3. 4 |
| 7. | જુઓ 3. 3. 2 | | |

## 3. 9 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. રાવલ નટુભાઇ વી., કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.
2. મહેતા દીપક (અનુ. ) શિક્ષણ ભીતરનો ખજાનો, યુનેસ્કો અહેવાલ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. દેસાઇ ધનવંત, શૈક્ષણિક પ્રશાસન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
4. જોષી હરિપ્રસાદ, અધ્યયન-અધ્યાપન, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**ES-103**

**શિક્ષક-પ્રશિક્ષણ**

વિભાગ

# 2

## શિક્ષક - પ્રશિક્ષણમાં અધ્યયન-અધ્યાપન


એકમ-4 શિક્ષક-પ્રશિક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

એકમ-5 શિક્ષક-શિક્ષણમાં આચાર્યોની ભૂમિકા

એકમ-6 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

એકમ-7 શિક્ષક-શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન

**ES-103, શિક્ષક-પ્રશિક્ષણ (વિભાગ-2)**

**લેખક**

**ડૉ. સોનલ પટેલ** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પરામર્શક (વિષય)**

**ડૉ. રામજીભાઈ એન. પટેલ** એમ. એડ્. કૉલેજ, વડું

**પરામર્શક (ભાષા)**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**સંપાદન અને સંયોજન**

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**સંયોજન સહાય**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-079-3**

Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-103 શિક્ષક-પ્રશિક્ષણ

**વિભાગ-1 શિક્ષક - પ્રશિક્ષણ : ભૂમિકા**

એકમ-1 શિક્ષક-શિક્ષણ

એકમ-2 શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

એકમ-3 શિક્ષક-શિક્ષણના પ્રકારો

**વિભાગ-2 શિક્ષક - પ્રશિક્ષણમાં અધ્યયન-અધ્યાપન**

એકમ-4 શિક્ષક-પ્રશિક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

એકમ-5 શિક્ષક-શિક્ષણમાં આચાર્યોની ભૂમિકા

એકમ-6 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

એકમ-7 શિક્ષક-શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન

**વિભાગ-3 શિક્ષક-પ્રશિક્ષણની નીતિઓ**

એકમ-8 ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણને સંબંધિત બંધારણ

એકમ-9 ભારતમાં શિક્ષણ માટેનું નીતિ ઘડતર

એકમ-10 ભારતમાં શિક્ષક-શિક્ષણને સંબંધિત બંધારણ નીતિ ઘડતર અને પ્રતિનિધિ સંસ્થાઓ

**વિભાગ-4 ભારતમાં શિક્ષણ-પ્રશિક્ષણ**

એકમ-11 અધ્યયન એક વ્યવસાય

એકમ-12 બ્રેઈન સ્ટોર્મિંગ

એકમ-13 ભારતમાં સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ સંકલ્પના, માળખું, પ્રકારો

એકમ-14 શિક્ષણ-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 4

# શિક્ષક-પ્રશિક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

## : રૂપરેખા :

**4. 1** પ્રસ્તાવના

**4. 2** ઉદ્દેશો

**4. 3** શિક્ષક-શિક્ષણમાં શિક્ષક

- **4. 3. 1** શિક્ષકનું સ્થાન
- **4. 3. 2** આદર્શ શિક્ષકના ગુણો
- **4. 3. 3** શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા
- **4. 3. 4** શિક્ષકની ફરજો
- **4. 3. 5** શિક્ષકની ભૂમિકા

**4. 4** શિક્ષક-શિક્ષણ ગુણવત્તા

**4. 5** તમારી પ્રગતિ ચકાસો

**4. 6** સારાંશ

**4. 7** સ્વાધ્યાય

**4. 8** ચર્ચા માટેના મુદ્દાઓ

**4. 9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 4. 1 પ્રસ્તાવના

શાળા કે સંસ્થાને ભવ્ય મકાન હોય, વર્ગખંડો વિદ્યાર્થીઓથી ઊભરાતા હોય તો પણ આ શાળા કે સંસ્થામાં ઉત્તમ શિક્ષકો ન હોય તો શાળા કે સંસ્થા નિષ્પ્રાણ છે. સારા શિક્ષકો જ શાળા કે સંસ્થાનો આત્મા છે. સમગ્ર અધ્યયન પ્રક્રિયાને વેગવાન બનાવનાર આ ઉદ્દીપકો છે. ઘણી શાળાઓ કે સંસ્થાઓ તેના શિક્ષકોના નામે પ્રખ્યાત બની હોય તેવા ઉદાહરણો શિક્ષણ જગતના ઇતિહાસમાં નોંધાયા છે. પ્રસ્તુત પ્રકરણમાં આવા જ સત્ત્વશીલ શિક્ષકો અંગેની ચર્ચા કરવામાં આવેલ છે.

## 4. 2 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે એકમનો પરિચય મેળવી શકશો.

- શિક્ષક-શિક્ષણમાં શિક્ષકનું સ્થાન સમજી શકશો.
- શિક્ષક-શિક્ષણમાં આદર્શ શિક્ષકના ગુણો સમજી શકશો.
- શિક્ષક-શિક્ષણમાં શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા વિશે જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણમાં શિક્ષકની ફરજો જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા જાણી શકશો.

## 4. 3 શિક્ષક-શિક્ષણમાં શિક્ષક

પ્રવર્તમાન સમયમાં બાળકોના શિક્ષણની જવાબદારી સરકારે અને સમાજે શિક્ષકોને સોંપી છે. બાળકોને શિક્ષણની સાથે-સાથે તેમના જીવન ઘડતર, વ્યક્તિ ઘડતર અને ચારિત્ર્ય ઘડતરની જવાબદારી પણ શિક્ષકની બને છે. કારણ કે બાળકના જીવનઘડતરમાં માતા-પિતા પછીનું સ્થાન શિક્ષકનું છે. શિક્ષક થવા માટે વિદ્રોહી, જાગ્રત અને સચેત જીવંત આત્મા જોઇએ. શિક્ષકની અંદર ચિંતન, વિચાર, વિદ્રોહનો જ્વલંત અગ્નિ હોવો જોઇએ. આમ, શિક્ષક-શિક્ષણમાં શિક્ષકમાં રહેલાં ગુણો, વ્યાવસાયિક સજ્જતા અને કૌશલ્યો તેની ફરજો વગેરે શિક્ષકે નિષ્ઠાપૂર્વક અદા કરવા જોઇએ.

### 4. 3. 1 શિક્ષકનું સ્થાન

શિક્ષકો એ શિક્ષણ સંસ્થાનું મહત્ત્વનું સ્થાન છે. કોઇ પણ શિક્ષણ સંસ્થાની કાર્યક્ષમતા, વાતાવરણ અને દૈવત મહ્દઅંશે શિક્ષકો પર અવલંબે છે.

માધ્યમિક શિક્ષણ પંચ (આયોગ) લખે છે, "We are however, convinced that most important factor in the contemplative educational reconstruction is the teacher - his personal qualities, his educational qualifications, his professional trainning and place that the occupies in the school as well as in the community. The Reputation of a school and its influence on the life of the community invariably depend on the kind of the teacher working in it. " કોઇ પણ શાળાનું મકાન, વિદ્યાર્થી, ઉપયોગી સાધનો વગેરે કેટલાં જ પ્રભાવશાળી કેમ ન હોય, પણ જ્યાં સુધી ત્યાંનો શિક્ષક ચારિત્ર્યવાન અને યોગ્ય નહીં હોય તો તે શાળાનું શિક્ષણ સ્તર ઊંચું આવી શકશે નહીં.

શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા અને ભાગ્યવિધાતા છે. તે રાષ્ટ્રના ભાવિનો અને ઇતિહાસનો સર્જક છે.

આથી જ કહેવાય છે કે, "The teacher is the maker of histiry" શિક્ષક એ બાળકનો ભાગ્યવિધાતા છે તેને શિક્ષણ દ્વારા તે જીવન જીવવાની કલા શીખવે છે. બાલકેન્દ્રી શિક્ષણની સફળતાનો આધાર શિક્ષકકેન્દ્રી કે અધ્યાપકકેન્દ્રી શાળાઓ પર રહેલો છે. શિક્ષણના મહત્ત્વના અંગ તરીકે શિક્ષક કાર્ય કરે છે. શિક્ષકનું કાર્ય માળીનું છે. છોડ મેં ઉગાડ્યો એવો દાવો માળી કદી કરતો નથી. છોડના ઊગવાની પ્રક્રિયા આપોઆપ થતી પ્રક્રિયા છે. માળી માત્ર નિંદામણ કરીને તથા ખાતર, પાણી આપી છોડના વિકાસમાં મદદ કરે છે. એવી જ રીતે અધ્યયનની પ્રક્રિયા પણ આપોઆપ થતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયા યોગ્ય દિશામાં અને સારી રીતે થાય એ જોવાની જવાબદારી શિક્ષકની છે.

શિક્ષકના વ્યક્તિત્ત્વને વર્ણવતાં કવિશ્રી ઉમાશંકર જોષી સાચી રીતે જ કહે છે,

''બાળકને જોઇ જે રીઝે, રીઝે બાળક જેને જોઇ,
સ્નેહલ સૂરત, વત્સલ મૂરત, હ્રદય હ્રદયનાં વંદન તેને ''

વિનોબાજી શિક્ષણનાં લક્ષણનું વર્ણન કરતાં કહે છે કે; ''શીલવાન સાધુ, ક્ષમાવાન સંત અને દયાવાન માતા, પરંતુ શિક્ષકમાં તો આ ત્રણે ગુણોનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. શિક્ષકનો વ્યવહાર ખૂબ પવિત્ર અને ઊંચી ગુણવત્તાવાળો છે. સાચા અર્થમાં તે રાષ્ટ્રવિધાતા છે કારણ કે ભારતના ભાવિ નાગરિકો ઘડનાર તે સામાજિક ઇજનેર છે. ''

શિક્ષકો સમાજનું નવનિર્માણ કરે છે. અનાયાસે સહજ રીતે શિક્ષકત્વની સમાધિના આધારે તેઓ વસે છે. બાળકોના હૈયામાં. આ પ્રેમબીજ જ્યારે તે બાળકના સફળતાના શિખરે, એક ઉંચાઇએ પહોંચે છે ત્યારે પણ તે વટવૃક્ષની માફક પાંગરેલું, છવાયેલું રહે છે. સફળતાના શિખરે બિરાજમાન વ્યક્તિ તો સમાજ માટે ઉદાહરણીય છે. તે કોઇ પણ વ્યવસાયમાં હોય પણ અગ્રહરોળમાં હોવાથી તેનું જીવન અનુકરણીય બની રહે છે. આવા અનુકરણીય વ્યક્તિ તો સમાજમાં 'ગુરુ' છે. શિક્ષણના વ્યવસાયમાં નહીં પણ બીજા વ્યવસાયોમાં આવા 'ગુરુ' પ્રતિષ્ઠા પામે છે. તે વ્યક્તિ પણ પોતાના અંતરપટ પર અંકિત શિક્ષકની મૂર્તિને ગુરુ તરીકે સ્મરતા હોય છે. આવા નિષ્ઠાવાન શિક્ષાગુરુઓ ક્યારેક દીક્ષા ગુરુઓથી પણ વધારે ઊંચું સ્થાન પ્રાપ્ત કરતા હોય છે.

શાળા-મહાશાળાના અભ્યાસક્રમના એકમોનું અધ્યાપનકાર્ય કરનાર 'શિક્ષક' કહેવાય છે અને ધર્મ આધ્યાત્મનું પ્રબોધન કરનાર, મુક્તિનો માર્ગ બતાવનાર 'ગુરુ' કહેવાતા હોય છે. અંધકારમાંથી મુક્તિ અપાવી પ્રકાશમાં લઇ જનાર 'ગુરુ' કહેવાય છે. આ જીવનની મોક્ષદાયિની વિદ્યા આપનાર 'વિદ્યાગુરુ' કહેવાય છે. જ્યારે વર્ગખંડમાં વિષયનું અધ્યાપન કરાવનાર 'શિક્ષણ ગુરુ' કહેવાય છે. વિદ્યાર્થીને જીવનભર યાદ રહી જનાર અને શિક્ષણને જીવન સાથે સાંકળી ઉત્કૃષ્ટતા માટે સંદેશ આપનાર શિક્ષક, શિક્ષણ ઉપરાંત ચારિત્રિક શિક્ષણ આપનાર શિક્ષકો 'દિક્ષા ગુરુ' સમાન કે ક્યારકે વિશેષ સન્માનપૂર્ણ સ્થાન ધરાવતાં હોય છે. આવા શિક્ષકોને 'ગુરુણામ્ ગુરુ' કહી શકાય.

'ગુરુણામ્ ગુરુ' શિક્ષક પોતાના બાળકને પુત્રવત્ ચાહે તો છે જ પણ તેમની ખામીઓ, અવળચંડાઇઓ કે તોફાનોને સહન કરી લઇ પ્રેમપૂર્વક સુધારે છે.

સાધના-ઉપાસનામાં પણ ગુરુનું અત્યંત મહત્ત્વ હતું. તે ગુરુઃ બ્રહ્મા, ગુરુઃ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ ગુરુ એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્વરૂપ ધારણ કરતા તે સર્જક, પાલક અને વિસર્જક બની શકતો. વિદ્યાર્થીઓની દુર્વૃત્તિઓ અને વિકૃતિઓ હણવાનું કાર્ય કરનાર મહેશ્વર હતો. વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન કરી તેનું સંસ્કાર શિલ્પ ઘડનાર બ્રહ્મા સ્વરૂપ હતો અને વિદ્યાર્થીઓના સંસ્કારોનું સંવર્ધન કરનાર વિષ્ણુ સ્વરૂપ હતો. જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણી સંગમનું સંગમતીર્થ હતો. તેનું સ્થાન સમાજમાં સર્વોચ્ચ હતું. અજ્ઞાનના અડાબીડ આરણ્યમાં અટવાતા શિષ્યને તે જ્ઞાનની અંજનશલાકા વડે જ્યોતિ પ્રદાન કરતો. તે તેનો આધ્યાત્મિક પિતા હતો. 'જન્મના જાયતે શુદ્રઃ' જેવાં વિદ્યાર્થીને તે સંસ્કારાત દ્વિજ બનાવતો. જ્ઞાન અને સંસ્કાર વડે ગુરુના ચરણ સ્પર્શથી શિષ્ય દ્વિતિય જન્મ પુર્નજન્મ પામતો. ઉચ્ચ વિચારો અને સાદું સંયમિત જીવન એ એનો જીવનમંત્ર હતો. આ ગુરુઓ પાસે શિષ્યો વિનમ્રતાથી વિદ્યાભ્યાસ કરતા. તે જ્ઞાનના અને શીલના ઉચ્ચત્તમ શિખર પર બિરાજીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપતો. પ્રાચીન સમયમાં ગુરુ એ શિષ્યની પ્રેરણાની આદ્યગંગોત્રી અને આરાધ્ય દેવ બની રહેતો. તે તેની વાણીનો વિસામો અને પ્રશ્નાર્થનું પૂર્ણવિરામ હતો. વિદ્યાર્થીએ ગુરુના અસ્તિત્ત્વનું અવિભાજય અંગ અને તેના અસ્તિત્ત્વનો લઘુત્તમ સાધારણ અવયવ હતો. તેના અસ્તિત્ત્વનું એ વિસ્તરણ બની રહેતો. વિદ્યાની પ્રાપ્તિ અને સાધનાનો શિષ્ય 'ગુરુકૃપા હિ કેવલમ્' માનવામાં આવતું.

ગાંધીજીની દૃષ્ટિએ શિક્ષક બાળકનો સાચો ભાગ્યવિધાતા છે. તેઓ આજીવન અને સમર્પિત શિક્ષક અને શિક્ષણકાર હતા. સાચો શિક્ષક વ્યવસાયને સમર્પિત હોય વ્યવસાય પ્રત્યે તેની અનન્ય નિષ્ઠા હોય. આવો શિક્ષક એ રાષ્ટ્રનો વિધાયક દ્દષ્ટા બની શકે. ગાંધીજીના શિક્ષક વિશેના વિચારો વ્યક્ત કરતાં એક કેળવણીકારે નોંધ્યું છે કે –

"The role that a teacher can play is to be a lamp post, a signboard, a reference book, a dictionary, a dissolvent, a compound processor"

**– N. R. Ranga**

સ્વામી વિવેકાનંદના મંતવ્ય અનુસાર,

"No, one was really taught by another. Each of us has to teach himself. The external teacher offers only the suggetion which rouses the internal teacher to work to understand things. "

વાસ્તવમાં કોઇ કોઇને શીખવી શકતું નથી. દરેકે સ્વયં શિક્ષણ મેળવવું પડે છે. બાહ્ય શિક્ષણ આપણને અંદરના શિક્ષકને (આત્મા-ચૈતન્ય)ને વિવિધ બાબતો સમજવા પ્રેરે છે.

શ્રી મહર્ષિ અરવિંદ કહે છે, ''શિક્ષણ, ઉદાહરણ અને પ્રભાવ ગુરુનાં શિક્ષણ આપવાનાં ત્રણ સાધનો છે. પરંતુ જો શિક્ષક ડાહ્યો હશે તો શિષ્યોનાં ગ્રહણશીલ મનમાં પોતાની જાતને અથવા પોતાના અભિપ્રાયોને ઠોકી બેસાડવાનું કરતો નથી. એ તો એક ખાતરીપૂર્ણ અને સર્જક-બીજ જેની વસ્તુ હોય તેનો જ પ્રક્ષેપ કરે છે, જેથી તે વસ્તુ અંતરમાં રહેલી દિવ્ય ઉષ્મા હેઠળ વૃદ્ધિ પામે. '' જો શિક્ષક પોતાના વિદ્યાર્થી પાસેથી સન્માન પ્રાપ્ત થાય એમ ઇચ્છતો હોય તો તેને પોતાને માટે સન્માન હોવું જોઇએ, તથા સન્માનને લાયક બનવું જોઇએ. તેઓ શિક્ષકને કહે છે : ક્યારેક આપખુદ, અન્યાયી, નિરંકુશ, સ્વચ્છંદી, અસહિષ્ણુ અને તુંડમિજાજી ન બનો.

''શિક્ષણના શિક્ષણની પ્રક્રિયામાં અગત્યના સ્થાન વિશે નિર્દેશ કરતાં કમિશને અવલોકન કર્યું છે કે, શિક્ષણનાં બધાં પરિબળોમાં જે શિક્ષણની ગુણવત્તા પર વ્યાપક અસરો જન્માવે છે અને રાષ્ટ્રીય વિકાસમાં જે મહત્ત્વનો ભાગ ભજવે છે તેમાં શિક્ષકની ગુણવત્તા, કાર્યક્ષમતા અને શિક્ષકનું ચારિત્ર્ય અતિ મહત્ત્વનું પરિબળ છે. ''

પ્રો. હમાયુ અને કબીર કહે છે તેમ,

without good teacher even the best system is bound to fail, with good teacher even the defecte of the system can be largely.

"If a nations teachers are $C_3$ the nation itself cannot but be $C_3$ and let there be no doubt about this - if we wish to be an $A_1$ nation, our teachers will have to be $A_1$."

**– Dr. E. A. Pires**

સારા ગુણવતાપુકત શિક્ષકો વિના ઉત્તમ શિક્ષણનું તંત્ર પણ નિષ્ફળતાને વરે છે. જો સારા શિક્ષક હોય તો તંત્રની ખામીયો આપો આપ મહ્દ અંરો દૂર કરી શકાય છે.

આમ, શિક્ષણની સફળતા અને નિષ્ફળતામાં શિક્ષક જ મહત્વનો ભાગ ભય છ. રાષ્ટ્રના વિકાસની આધાર શિળા શિક્ષકો છે. શિક્ષક વિના રાષ્ટ્રીય વિકાસ કયારેય સકય નથી.

જો આપણા રાષ્ટ્રના શિક્ષકો નિમ્ન કોટિના હશે તો રાષ્ટ સ્વયં નિમ્ન કોટિનું બનશે. આપણે ઉચ્ચકક્ષાનું રાષ્ટ્ર ઇચ્છતા હોઇએ તો તેના શિક્ષકો પણ ઉચ્ચકક્ષાના મૂર્ધન્ય હોવાં જોઇએ.

આમ, રાષ્ટ્રના ભાવિ વિકાસની ગુણવત્તા શિક્ષકોની ગુણવત્તા પર આધારિત છે.

શિક્ષકે વિદ્યાર્થી સમક્ષ આદર્શ વ્યક્તિત્ત્વ પ્રદર્શિત કરવાનું છે. તે જોઇને વિદ્યાર્થી પણ આદર્શ વ્યક્તિત્ત્વ પ્રાપ્ત કરે અને તે આધ્યાત્મિકતા તરફ દોરાય. શિક્ષકમાં આત્મજ્ઞાન, આત્મક્રિયાશીલતા તથા આધ્યાત્મિક ગુણો હોવાં જોઇએ. આ ઉપરાંત શિક્ષક વ્યવહારું, તાલીમ પામેલો અને કાર્યક્ષમ હોવો જોઇએ. તેનામાં દૂરદર્શિતા અને આંતરસૂઝ હોવાં જોઇએ. તેણે શિક્ષણ માટેની પરિસ્થિતિઓ ઊભી કરીને વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરવા જોઇએ. શિક્ષક એ બાળકોનો ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ હોવો જોઇએ. તે બાળકોનો સતત પ્રેરણાસ્ત્રોત બની રહેવો જોઇએ. તે આદર્શોનો એકલવ્ય હોય, અધ્યયનનો આરાધક હોય, અધ્યાપનમાં એકનિષ્ઠ હોય અને વિદ્યાર્થીઓને 'पुत्रमेवामिकांक्षन्' પુત્રની જેમ ચાહતો હોય તેવો હોવો જોઇએ. તે વિદ્યાર્થીવત્સલ હોય. તે વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વને તેમની અપેક્ષાઓ, આકાંક્ષાઓ સમજી શકે તેવો અને શિક્ષક બુદ્ધિમાન, મેઘાવી અને સંવેદનશીલ હોવો જોઇએ. વિદ્યાર્થીની અપૂર્ણતા દૂર કરી તેમને પૂર્ણત્વને પંથે પ્રયાણ કરવા માટે પ્રેરે તેવો હોવો જોઇએ. તેનામાં કાર્યનિષ્ઠા, માનવધર્મ, પરોપકારીવૃત્તિ વિશાળ પ્રમાણમાં હોવી જોઇએ. 'જનસેવા એ જ પ્રભુસેવા' એ તેનો જીવનમંત્ર હોવો જોઇએ.

શિક્ષક વિષ્યવસ્તુનાં તાંત્રિક સ્તરીય જ્ઞાનથી માંડીને તાર્કિક સ્તરીય જ્ઞાન ધરાવે છે. તેઓ વિષયવસ્તુના નિષ્ણાત હોય છે અને પોતાના શિક્ષણ દરમિયાન જરૂરી માહિતી વિશે પણ જાણકાર હોવો જોઇએ. ભારતીય શાસ્ત્રોમાં પણ સારા શિક્ષકનો એક નિષ્કર્ષ દર્શાવ્યો છે.

"श्लिष्टा क्रिया कस्यचिदात्मसंस्या ।<br>
सन्क्रान्तिरन्यस्य विशेषयुक्ता ।।<br>
यस्य भयं साधु स शिक्षकाणां ।<br>
धुरि प्रतिष्ठापयितत्त्व एव ।।"

કોઇ શિક્ષકમાં જ્ઞાન હોય છે, કોઇ શિક્ષકમાં અભિવ્યક્તિ હોય છે. પરંતુ સાચો શિક્ષક એ કહેવાય છે જેનામાં જ્ઞાન અને અભિવ્યક્તિ બન્ને એકસાથે હોય.

આથી જ શિક્ષકનું સ્થાન શિક્ષણમાં ખૂબ જ મહત્ત્વનું છે. અત્યંત આવશ્યક છે. શિક્ષક જ સમાજ અને રાષ્ટ્રનું ઘડતર કરી શકે છે. શિક્ષક જ શૂન્યમાંથી સર્જન કરી શકે છે. શિક્ષકનો વ્યવસાય બીજા વ્યવસાયો કરતાં આદર્શ છે. આથી જ ચાણક્યે શિક્ષક માટે કહ્યું છે, ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ.''

### 4. 3. 2 આદર્શ શિક્ષકના ગુણો

શિક્ષકે માનવજાત અને વિશ્વનું નિર્માણ કરવાનું છે. તે આવતીકાલનો સર્જક અને ભાગ્યવિધાતા છે. આથી શિક્ષકમાં વૈયક્તિક, સામાજિક અને વ્યાવસાયિક ગુણો હોવા અત્યંત આવશ્યક છે.

1. પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ
2. ચારિત્ર્ય અને નૈતિક ગુણો
3. જ્ઞાન પિપાસાં અને જિજ્ઞાસા
4. સહાનુભૂતિ અને મૈત્રીપૂર્ણ વ્યવહાર
5. સામાજિકતા અને સહકારની ભાવના

**1. પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ :**

શિક્ષકનું વ્યક્તિત્ત્વ ખૂબ જ પ્રભાવશાળી હોવું જોઇએ. તેના વ્યક્તિત્ત્વના સ્પર્શથી વિદ્યાર્થીના જીવનમાં પરિવર્તન આવે છે. આથી, તેનું વ્યક્તિત્ત્વ આકર્ષક, પ્રભાવશાળી અને અનુકરણીય હોવું જોઇએ. તે બહુપરિમાણીય વ્યક્તિત્ત્વ ધરાવતો હોવો જોઇએ. તેનામાં Magnetic Personality એટલે કે 'ચુંબકીય પ્રતિભા' હોવી જોઇએ કે જેથી વિદ્યાર્થીઓને તેના વ્યક્તિત્ત્વમાંથી પ્રેરણા પ્રાપ્ત થઇ શકે. તેની વાણીમાં, આચાર-વિચારમાં ઐક્ય હોવું જોઇએ. તેનામાં ઔદાર્ય, સહાનુભૂતિ, સાહસ અને નિર્ભયતા હોવાં જોઇએ. તેને બાળકના સ્વતંત્ર વ્યક્તિત્ત્વ વિકાસમાં તે બાળકોની વ્યક્તિત્ત્વવેલનું પ્રેમથી સિંચન કરી સંવર્ધન કરતો હોવો જોઇએ. તેનો જીવનમંત્ર 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ તેનો આદર્શ હોવો જોઇએ. તેનો અવાજ અસરકારક તેમજ કર્ણપ્રિય હોવો જોઇએ. તે પક્ષપાત, પૂર્વગ્રહો, અંધશ્રદ્ધાઓથી દૂર રહેતો હોવો જોઇએ એટલે કે તેનું મનોબળ મજબૂત હોવું જોઇએ. શિક્ષકનું વ્યક્તિત્ત્વ વિનમ્ર, મધુર અને અતીતને અજવાળે તેવું હોવું જોઇએ.

શિક્ષક માટે માત્ર અગાધ વિદ્વતા જ પૂરતી નથી. તે વ્યાખ્યાન કળામાં નિપુણ પ્રવૃક્વાક્છટા જાતિવાળો એટલે હાજરજવાબી, જુદાં-જુદાં દૃષ્ટાંત આપી શકે તેવો, વિનોદવૃત્તિવાળો અને પ્રતિભાવાન હોવો જોઇએ. એટલું જ નહિ તે વ્યવસાયની તાલીમ પામેલો વ્યાવસાયિક કુશળતાથી સજ્જ હોવો જોઇએ કે જે અઘરામાં અઘરા પુસ્તકોને કોઇ પણ મુશ્કેલી વિના સમજાવી શકે તેવો સારો વક્તા હોવો જોઇએ. તે વિદ્યાર્થીઓનો માર્ગદર્શક અને રહેમદિલ રાહબર હોવો જોઇએ. તે વિદ્યાર્થીઓની જીવંત પ્રેરણા મૂર્તિ બની રહે તેવો હોવો જોઇએ. શિક્ષકની પ્રતિભામાં સ્વ-પ્રતીતિ, આકર્ષક દેખાવ, આશાવાદ, સંચય, ઉત્સાહ, માનસિક પારદર્શકતા, નિષ્ઠા, સુદૃઢતા, વિદ્વતા અને આ ઉપરાંત તેનામાં બુદ્ધિવૈભવ, અસરકારક અભિવ્યક્તિ, નેતૃત્વશક્તિ અને મૈત્રી પૂર્ણના ગુણો હોવાં જોઇએ.

**2. ચારિત્ર્ય અને નૈતિક ગુણો :**

શિક્ષકનું ચારિત્ર્ય ઉચ્ચ કોટિનું અને ઉમદા પ્રકારનું હોવું જોઇએ. ચારિત્ર્ય એટલે નૈતિક ગુણોનો સરવાળો. શિક્ષકના ઉચ્ચ ચારિત્ર્ય અને નૈતિક ગુણોની અસર વિદ્યાર્થીઓ પર પડે છે. તેના આચાર અને વિચારમાં એકતા હોવી જોઇએ. શિક્ષકોએ પોતાના શુદ્ધ અને અનુકરણીય આચરણ દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો પ્રત્યે સભાનતા કેળવવી જોઇએ. 'Example is bater than precepr' હજારો ઉપદેશ કરતાં અઘોળ આચરણ વધારે સારું છે. તેનામાં રહેલા ગુણોથી વિદ્યાર્થીઓને ગુણ સંપન્ન બનાવવા જોઇએ. તેનામાં આદર્શોની આરાધના, ધ્યેય માટેની ઝંખના, સેવા માટેનું સમર્પણ હોવું જોઇએ. ચારિત્ર્ય એટલે સુટેવોનો સમુચ્ચ્ય. આથી શિક્ષકમાં દૃઢ નિશ્ચય, પરિશ્રમ, સહાનુભૂતિ, અનુશાસન પ્રિયતા, એકાગ્રતા, સત્યતા, સદ્‌વૃત્તિ, સદાચાર,

કર્તવ્યનિષ્ઠા જેવાં ગુણો હોવાં જોઇએ. આ ઉપરાંત શિક્ષકમાં નિયમિતતા, સમય પ્રત્યેની સભાનતા, નિષ્પક્ષતા, પૂર્વગ્રહિતા, પારદર્શિતા વગેરે હોવાં જોઇએ. તેનામાં વિદ્યાર્થી વત્સલતા, વાક્ સંયમ, સુરમ્યતા, પ્રામાણિકતા, આત્મનિર્ભરતા, જીવનાનુરાગિતા વગેરે ગુણ હોવાં જોઇએ. આવા ઉચ્ચ ચારિત્ર્ય ધરાવતા ગુરુને ચરણે બેસીને વિદ્યા પ્રાપ્ત કરવામાં શિષ્યો ગૌરવ અનુભવે છે. શિક્ષક માટે પ્રાચીન પરંપરામાં સૂચિદક્ષ શબ્દ પ્રયોજાયો છે. તેથી શિક્ષકની નીતિમત્તા, શબ્દચારિત્ર્ય, વિદ્વતા અને સાંસારિક જીવન, જે બળ વિદ્યાર્થીઓ તેને ચરણે બેસીને વિદ્યોપાસના કરતાં હોય તેમના પર સૂક્ષ્મ અને શાશ્વત ગુણો અસર કરી શકે તેવાં હોવાં જોઇએ. શિક્ષક તેના દૈનિક કાર્યો અને વ્યવહાર દ્વારા બાળકોમાં ધૈર્ય, પ્રેમ, નિષ્ઠા, જવાબદારી, સ્વાપર્ણ, સહિષ્ણુતા, અનુકંપા, ઉદારતા, દેશપ્રેમ, અન્ય પરત્વે આદર ભાવ, સમભાવ તથા સદ્ભાવના જેવાં ગુણો ધરાવતો હોવો જોઇએ. આમ, શિક્ષક એ આદર્શોનું એવરેસ્ટ હોવો જોઇએ.

**3. જ્ઞાન પિપાસાં અને જિજ્ઞાસા :**

આદર્શ શિક્ષક જ્ઞાનપિપાસાં અને જિજ્ઞાસા વૃત્તિવાળો હોવો જોઇએ. સર્વે દિશાઓમાંથી સારા વિચારો પ્રાપ્ત થાય તે તેનો જીવનમંત્ર હોવો જોઇએ. જ્યાંથી જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાંથી પ્રાપ્ત કરવાની તેની જિજ્ઞાસા પ્રબળ હોવી જોઇએ. પ્રાચીન ગ્રંથોમાં કહ્યું છે, 'यावज्जीवेद अधीते विपुः' શિક્ષક આજીવન વિદ્યાર્થી હોવો જોઇએ. પ્રાચીન સમયમાં જ્યારે પુસ્તકો નહોતાં ત્યારે ગુરુ એ જ જ્ઞાનપ્રાપ્તિનો મહત્ત્વનો સ્ત્રોત હતાં. તેથી જ્ઞાન પ્રાપ્તિ માટે 'गुरुकृपा हि केवलम्' એમ મનાતું.

શિક્ષક એ છે કે જે જ્ઞાનનો જીવંત ફુવારો હોય, સતત વહેતી જ્ઞાનગંગા હોય જે સદૈવ કંઇક શીખવા અને શીખવવા માટે તત્પર હોય. જેના પ્રત્યેક કર્મમાં જ્ઞાનનો વિનિયોગ થયો હોય, તે જે જ્ઞાન ગ્રહણ કરતો હોય તેનાથી વિશેષ વહેંચતો હોય. ઉમાશંકર જોષીએ કહ્યું છે તેમ, ''ચાલે મારી અહો અહો અહોર્નિશ શાળા હું છું શિક્ષક''

શિક્ષકની શાળાનો વિદ્યાર્થી શિક્ષક પોતે જ હોય તે સતત વિદ્યાર્થી બનવાનો આગ્રહ રાખતો જ્ઞાનના ઊંચા શિખરોને આંબવા મથતો પુરુષાર્થી પ્રયાસાર્થી જ હોય. તે જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખાઓનો નિરંતર અભ્યાસી હોય. જ્ઞાનના મહાસાગરમાંથી જ્ઞાનનાં મૌક્તિકો પામવા માટે સતત મથતો જ્ઞાનનો મરજીવો જે બની શકે તે સાચો શિક્ષક થઇ શકે. પુસ્તકો એ તેનાં સહ સાથીદાર હોય અને ચિંતકોનું નિરંતર પરિશીલન જે કરતો હોય તે જ સાચો શિક્ષક બનવાને અધિકારી છે. શિક્ષક એ વિદ્યાર્થીઓ માટેની જંગમ વિદ્યાપીઠ સમો હોવો જોઇએ.

**4. સહાનુભૂમિક અને મૈત્રીપૂર્ણ વ્યવહાર :**

શિક્ષકમાં સહાનુભૂતિ અને સહભાગીપણું હોવું જોઇએ. તેણે પોતાની શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય કર્મચારીઓ અને વાલીઓ સાથે સહાનુભૂતિપૂર્ણ વર્તનવ્યવહાર રાખવો જોઇએ. શિક્ષકે બાળકોના વાલીઓનો અને તેની સાથેના કર્મચારીઓનો વિશ્વાસ સંપાદિત કરવો જોઇએ. તેનામાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ અને વાલીઓની સમસ્યાઓ ઉકેલવા માટે પ્રયત્ન કરવો જોઇએ. તેણે વિદ્યાર્થીઓને અને અન્ય કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સન્માનપૂર્ણ વ્યવહાર કરવો જોઇએ. તેણે વિદ્યાર્થીઓને સન્માન આપવું જોઇએ. તે વિદ્યાર્થીઓનો નિર્દેશક, પથદર્શક અને માર્ગદર્શક હોવો જોઇએ. શિક્ષક એ પૂજનીય વ્યક્તિ છે. વિદ્યાર્થીઓ સાથે તેણે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરવો જોઇએ. શિક્ષક એ વિદ્યાર્થીઓનો પ્રેરણાસ્ત્રોત છે. તેમજ વાલીઓનું આશ્રયસ્થાન છે.

**5. સામાજિકતા અને સહકારની ભાવના :**

શિક્ષકમાં સામાજિક સભાનતા હોવી જોઇએ. તેનામાં પ્રેમ, વાત્સલ્ય, સહાનુભૂતિ, સહકાર જેવાં ગુણો વિકસિત હોવો જોઇએ. સમાજમાં તેનું સ્થાન અને આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે તેનામાં ઔદાર્ય, સંપ અને સહકારની ભાવના જાગૃત થવી જોઇએ. તે એક સામાજિક ઇજનેર છે. તે સમાજના પરિવર્તનનો પયગંબર હોવાથી તેણે સામાજિકતા વિકસાવવી જોઇએ. બાળક સમાજને માટે સહાયક સભ્ય બને અને ઉત્સાહી નાગરિક બને તે માટે બાળકમાં તેણે સામાજિક ગુણોનું સિંચન કરવાનું છે. તે સમાજના કાર્યકર્તાઓ, વાલીઓ અને આગેવાનો સાથે

સરળતાથી હળીમળી શકે તેવી રીતનો સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર સમાજમાં સ્થાપિત કરવો જોઇએ. જે શિક્ષક સમાજથી દૂર રહીને માત્ર પોતાના અહમ્‌ના કોચલામાં પૂરાંઇ રહે છે અને સમાજને ઉપયોગી બનતો નથી, તે ક્યારેય સમાજની અપેક્ષાઓ કે આકાંક્ષાઓને તૃપ્ત કરી શકતો નથી. ક્યારેક તેનો અહમ્‌વૃત્તિવાળો સ્વભાવ સમાજમાં અવરોધક બને છે. શિક્ષક માનસિક રીતે મજબૂત હોવો જોઇએ. તેને સ્વભાવ મળતાવડો હોવો જોઇએ. જેના કારણે સમાજનાં સૌ વર્ગના દિલ જીતી શકે. આ માટે તેનામાં સામાજિકતા, ચતુરાઇ, નિર્ણયશક્તિ, વિષમ પરિસ્થિતિનો સામનો કરવાની ધીરજ, કૌશલ્ય વગેરે હોવાં જોઇએ. તે નિખાલસ અને પક્ષપાત વગર કાર્ય કરી શકે તેવો પૂર્વગ્રહરહિત હોવો જોઇએ. તેનામાં અન્યના ગુણોને આત્મસાત્ કરવાનું, શ્રદ્ધાનું ઔદાર્ય અપેક્ષિત છે. આ માટે તેનામાં જીવન અને સમાજ પ્રત્યે આદર, હકારાત્મક અને વિદ્યાલક્ષી દૃષ્ટિકોણ હોવો જોઇએ.

### 4. 3. 3 શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા :

શિક્ષકે પોતાના વ્યાવસાયિક સજ્જતા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. શિક્ષકે પોતાના વ્યવસાયને લગતાં કૌશલ્યો આત્મસાત કરવાં જોઇએ. તેણે વિદ્યાર્થીઓને માટે સર્વજ્ઞાન સંગ્રહ હોય તે ઇચ્છનીય છે. તે પોતાના વિદ્યાર્થીની આકાંક્ષા અને જરૂરિયાતને સંપૂર્ણપણે સંતોષી શકે તે માટે વ્યવસાય પ્રત્યે સજ્જતા કેળવવી જોઇએ. પરિવર્તન પામતાં શૈક્ષણિક માહોલમાં ઇન્ટરનેટ અને વેબસાઇટ પર જે માહિતી ઉપલબ્ધ છે તેને માટે શિક્ષકમાં વિશિષ્ટ સજ્જતા, કુશળતા, આવડત અને દક્ષતા અપેક્ષિત છે.

સારાં અને આદર્શ શિક્ષકમાં નીચે મુજબનાં વ્યાવસાયિક ગુણો અને સજ્જતાની અપેક્ષા રાખવામાં આવે છે.

1. અધ્યાપનમાં અભિરૂચિ
2. વિષય પરનું પ્રભુત્વ
3. અસરકારક અભિવ્યક્તિ
4. અધ્યાપન કળાનું જ્ઞાન
5. શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગનું કૌશલ્ય
6. બાળમનોવિજ્ઞાનનું જ્ઞાન
7. સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં રૂચિ
8. સંશોધન, નવવિચાર અને પ્રયોગો
9. બાલકેન્દ્રિ શિક્ષણમાં શ્રદ્ધા
10. સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શ્રદ્ધા

**1. અધ્યાપનમાં અભિરૂચિ :**

આદર્શ શિક્ષક એ વિદ્યાનો આદ્ય ગંગોત્રી હોય, પરંતુ તે અધ્યાપનમાં યોગ્ય અભિરૂચિ ધરાવતો હોવો જોઇએ. અસરકારક અધ્યાપન કાર્ય કરવા માટે અધ્યાપકની કેટલીક વાકય રચતા એક કરવા અધ્યાપન કાર્ય ઉપર સારું એવું પ્રભુત્વ હોવું જોઇએ. જો શિક્ષક અધ્યાપન કાર્ય પર પ્રભુત્વ ધરાવતો હશે તો જ તેનું અધ્યાપન કાર્યમાં રસ ન હોય અથવા નિપુણતા ધરાવતો ન હોય તો વર્ગશિક્ષણ કાર્ય અસ્તવ્યસ્ત થઇ જાય છે. પરિણામે વિદ્યાર્થીઓ અધ્યયન કાર્યમાં રસ અને આનંદ લઇ શકતાં નથી. પરિણામે અધ્યાપન કાર્ય નિરર્થક નીવડે છે. શિક્ષકે અધ્યાપન કાર્યને એક ધર્મ અને કર્તવ્ય તરીકે સ્વીકારેલું હોવું જોઇએ. તે પોતાના વ્યવસાયને સમર્પિત હોવો જોઇએ. તેને માટે વર્ગકાર્ય સ્વર્ગ સમાન હોવું જોઇએ. શિક્ષણ પ્રત્યે અભિરુચિ ધરાવનાર શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે. વિદ્યાર્થી તેના અસ્તિત્ત્વનો અણુ બનીને તે સ્વયં પાંગરે છે અને વિદ્યાર્થીઓને પાંગરવા પ્રેરે છે. સાચો શિક્ષક એ છે કે વર્ગમાં હલન-ચલન કરતાં શીખવવાને બદલે એક જગ્યાએ ઉભા રહી સમગ્ર વર્ગ પર નજર રાખીને શિક્ષણકાર્ય કરે એ વધુ અસરકારક અને વિદ્યાર્થીઓને ધ્યાનકેન્દ્રિત રાખવામાં મદદરૂપ બને. જેનો એકાદ સ્મિત વળાંક બાળકોમાં પ્રસન્નતાના પ્રાદુર્ભાવ કરાવે. આથી જ ગાંધીજી કહેતા કે ‘ગંભીરતા વગરનું હાસ્ય અને હાસ્ય

વગરની ગંભીરતા બંને નકામા' એટલે કે શિક્ષકે વર્ગશિક્ષણમાં હળવા બનવું આવશ્યક છે. જેના વ્યક્તિત્ત્વના અને જ્ઞાનના સ્પર્શથી વિદ્યાર્થીઓની મૂર્છિત ચેતના જાગી ઊઠે.

**2. વિષય પરનું પ્રભુત્વ**

શિક્ષક પોતાના વિષય પર પ્રભુત્વ ધરાવતો હોવો જોઇએ. એટલે કે તેણે જે વિષય શીખવવાનો છે તે વિષયના અભ્યાસક્રમને લગતા જ્ઞાન પર, પાઠ્યપુસ્તકના સંદર્ભે પાઠ્યપુસ્તકના વિષયવસ્તુ પર તેનું પ્રભુત્વ જરૂરી છે. શિક્ષકે વિષયવસ્તુ સાથે સુસંગત પ્રવર્તમાન ઘટનાઓથી વાકેફ રહેવું જોઇએ. શિક્ષકનું વિષય પરનું પ્રભુત્વ હોય તો તે સારી રીતે પોતાનું કર્તવ્ય નિભાવી શકે છે. એક અજ્ઞાની ડોક્ટર જેમ પોતાના દર્દી માટે પ્રાણઘાતક નીવડી શકે તેમ પોતાના વિષયનો અજ્ઞાની શિક્ષક રાષ્ટ્ર માટે પણ રાષ્ટ્રઘાતક નીવડે એ સંભવ છે. આ માટે શિક્ષકે આજીવન વિદ્યાર્થી રહીને પોતાના વિષયનું સતત વાંચન અને સંશોધન કરતાં રહેવું જોઇએ. શિક્ષકે પોતાના વિષયમાં સતત જાગૃત રહીને વિષયજ્ઞાનને સભર બનાવવું જોઇએ. આજના સમયમાં સતત વિસ્તરતી જતી જ્ઞાનક્ષિતિજોને સ્પર્શવા માટે શિક્ષકે નિત્ય નિરંતર અધ્યયનશીલ બનવું જોઇએ.

**3. અસરકારક અભિવ્યક્તિ :**

શિક્ષક પાસે અભિવ્યક્તિની આગવી તાકાત હોવી જોઇએ. તેનો અવાજ કર્ણરમ્ય, મધુર અને સંવેદનશીલ હોવો જોઇએ. શિક્ષક એ શબ્દનો કીમિયાગર છે. યોગ્ય સમયે, વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર યોગ્ય શબ્દો વાપરવાની કળા તેનામાં હોવી જોઇએ. તેની ભાષામાં મર્મગ્રહિતા, મિતાક્ષરિતા, મધુરતા અને સંવેદનશીલતા હોય તે જરૂરી છે. તેનામાં યોગ્ય ઉચ્ચારણ, અવાજની માત્રા, ઝડપ, આરોહ-અવરોહ, હાવભાવ સાથે તેની અભિવ્યક્તિ અસરકારક અને રસપ્રદ બની રહેવી જોઇએ. શિક્ષકમાં પોતાની વાક્પટુતાથી વિદ્યાર્થીઓને બોલવાની યોગ્ય તક આપી શકે છે અને ધીમે ધીમે એને ગંભીરતારૂપી સરોવરમાંથી બહાર કાઢી શકે તેવી હોવી જોઇએ. શિક્ષકની અસરકારક અભિવ્યક્તિ હોવી અત્યંત લાભકારક છે. એના કથનથી વિદ્યાર્થીઓ પર ખૂબ અસર પડે છે. શિક્ષકે હંમેશા આ વાતનું ધ્યાન રાખવું જોઇએ. અસરકારક અભિવ્યક્તિને કારણે શિક્ષક પોતાની જાતને કોઇ પણ પરિવેશમાં સરળતાથી ઢાળી શકે છે અને સાથે સાથે પોતાના વિદ્યાર્થીઓને પણ યોગ્ય બનાવે છે. તેમાં વાણી વિદ્યાર્થીઓને માટે સુગ્રાહ્ય અને સુશ્રાવ્ય બની રહેવી જોઇએ. એટલા જ માટે શિક્ષકનું એક લક્ષણ ચિત્રકથઃ આબેહૂબ ચિતાર આપી શકે તેવું કહ્યું છે.

**4. અધ્યાપન કળાનું જ્ઞાન :**

શિક્ષકની પાસે વિષયનું જ્ઞાન હોવાની સાથે તે શીખવવાની કળા પણ તેને હસ્તગત હોવી જોઇએ. આ કળા તેણે શિક્ષણની તાલીમ દરમિયાન હસ્તગત કરેલી હોવી જોઇએ. તાલીમ પછી પણ સેવાકાર્ય દરમિયાન અધ્યાપન કળા અંગેની નવપરિવર્તિત વિચારો, પ્રયોગો અને સંશોધનોથી પરિચિત રહીને પોતાના શિક્ષણમાં તેનો યોગ્ય વિનિયોગ કરવો જોઇએ. શિક્ષક હંમેશા પ્રયોગશીલ અને પ્રયોગવીર હોવો જોઇએ. હંમેશા ચિંતનશીલ રહી શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓનો વર્ગખંડમાં જો ઉપયોગ કરતો રહે તો તેનું શિક્ષણ રસપ્રદ, જીવંત અને અત્યંત અસરકારક બની શકે. આમ, શિક્ષક તેની કળામાં સજ્જ સામર્થ્યવાળો, કુશળ અને કાર્યદક્ષ હોય તો વિદ્યાર્થીઓનો સુસ્પષ્ટ, સુનિશ્ચિત અને સુદૃઢ વિકાસ કરી શકે.

**5. શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગનું કૌશલ્ય :**

શિક્ષક પાસે પ્રત્યાયનની યોગ્ય સમજ હોવી જરૂરી છે. તે પોતાના જ્ઞાનનું યોગ્ય રીતે પ્રત્યાયન કરી શકે તે માટે વિવિધ પ્રકારનાં દશ્ય-શ્રાવ્ય ઉપકરણોની પસંદગી અને તે ઉપકરણોનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનું કૌશલ્ય શિક્ષકમાં હોવું જોઇએ. આ પ્રકારની કાર્ય કરવાની ક્ષમતા શિક્ષકમાં હોવી જોઇએ. શિક્ષકે દશ્ય-શ્રાવ્ય ઉપકરણોનો સમયસર ઉપયોગ કરીને શિક્ષણને રસપ્રદ, યથાર્થ અને જીવંત બનાવવું જોઇએ. વિવિધ વિષયોમાં નકશા, ચાર્ટ્સ, પ્રતિકૃતિઓ તેમજ યાંત્રિક સાધનોનો ઉપયોગ કરવાની કળા વર્ગખંડના શિક્ષણને સક્રિય બનાવે છે અને વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે અભિમુખ કરે છે. આજના આધુનિક યુગમાં શિક્ષકમાં કમ્પ્યૂટરના ઉપયોગનું જ્ઞાન હોય તો તે વધુ આવકાર્ય છે. વિવિધલક્ષી વિષયોમાં ટેપરેકોર્ડર, એપિડાયોસ્કોપ, ફિલ્મસ્ટ્રીપ

પ્રોજેક્ટર અને એપિસ્કોપ તેમજ વિવિધ મૉડેલ્સનો ઉપયોગ કરીને શિક્ષક વિદ્યાર્થીઓના શિક્ષણને અસરકારક તથા જીવંત બનાવી શકે છે.

**6. બાળ મનોવિજ્ઞાનનું જ્ઞાન :**

શિક્ષકે બાળકોને શિક્ષણ આપવા માટે બાળકોના રસ, રુચિ અને અભિયોગ્યતાઓનો અભ્યાસ કરવો જોઇએ. તો જ એનું શિક્ષણકાર્ય સફળ બને છે. બાળકોના વ્યક્તિત્ત્વનાં વળાંકો, તેમનામાં રહેલા વ્યક્તિગત તફાવતોથી પણ શિક્ષકે સુપરિચિત રહેવું જોઇએ. તેની સમસ્યાઓ, તેના અનુકૂલનના પ્રશ્નો સમજીને બાળકો યોગ્ય રીતે સમાયોજન કરી શકે તે રીતે તેણે શિક્ષણકાર્યનું આયોજન કરવાનું રહે છે. આ ઉપરાંત બાળકોની વયજ્ઞાન કક્ષા, વિવિધ અવસ્થાઓનો શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક વિકાસને ધ્યાનમાં રાખીને શિક્ષકે બાળકો માટેના શિક્ષણકાર્યનું આયોજન કરવાનું રહે છે. આ માટે શિક્ષક અને નૈતિક બાળમનોવિજ્ઞાનનો અભ્યાસુ હોય એ અનિવાર્ય છે. બાળકના વિકાસના તબક્કાઓ અને વિવિધ કક્ષાએ અધ્યેતાના વૈયક્તિક અને સામૂહિક અભ્યાસ માટે બાળમનોવિજ્ઞાનનો અભ્યાસ કરવો અનિવાર્ય બની જાય છે. આથી શિક્ષક પાસે બાળમનોવિજ્ઞાનનું જ્ઞાન અનિવાર્ય છે.

**7. સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં રૂચિ :**

બાળકોના બૌદ્ધિક અભ્યાસના વિષયો સાથે બાળકોનો સર્વાંગી વિકાસ થઇ શકે તે હેતુથી શાળામાં વિવિધ પ્રકારની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રકારની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ બાળકોની મૂળભૂત વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરે છે અને બાળકોના શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. આ પ્રવૃત્તિઓમાં સાહિત્ય, સંગીત, નાટ્ય ઉપરાંત રમત-ગમત તેમજ શારીરિક અને માનસિક વિકાસની પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડે છે. આયોજન માટે શિક્ષકે વ્યક્તિગત રસ લઇને પોતાની રુચિ અનુસાર આવી પ્રવૃત્તિઓમાં સક્રિય બનવું પડે છે. આવી પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા પૂરાં પાડવાનું કાર્ય શિક્ષકે કરવાનું હોય છે. તેથી શિક્ષકે આ પ્રકારની પ્રવૃત્તિઓમાં વિધેયાત્મક વલણો રાખી વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે સહાયભૂત થવું જોઇએ.

**8. સંશોધન, નવવિચાર અને પ્રયોગો :**

શિક્ષકે પોતાની વ્યાવસાયિક સજ્જતા માટે શૈક્ષણિક સંશોધનમાં રસ લઇને પોતાના કાર્યને વધુ અસરકારક બનાવી શકે. શિક્ષકે શિક્ષણને લગતાં અગાઉ થયેલાં સંશોધનોથી માહિતગાર રહીને તેનો વર્ગખંડમાં યોગ્ય રીતે વિનિયોગ કરવો જોઇએ. વર્ગખંડની અંદર શિક્ષણકાર્યને અસરકારક બનાવવા માટે શિક્ષણક્ષેત્રે પ્રવર્તમાન વિચારોની જાણકારી મેળવીને તેમાં થતાં નિતનવીન પ્રયોગો અને પ્રોજેક્ટ્સ હાથ ધરવાં જાઇએ. શિક્ષકે વર્ગશિક્ષણને લગતી સમસ્યાઓનું અધ્યયન કરી તેના ઉકેલ માટે જે સંશોધનો જરૂરી હોય તે હાથ ધરવાં જોઇએ. આ રીતે કરવાથી વર્ગખંડમાં શિક્ષણકાર્ય સફળ અને અસરકારક નીવડે અને શિક્ષકને પોતાના કાર્યમાં વધારે રસ પડે છે. આને કારણે શિક્ષક અન્ય શિક્ષકો અને શિક્ષણશાસ્ત્રીઓ માટે પ્રેરણાનું સ્ત્રોત બની જાય છે.

**9. બાલકેન્દ્રિ શિક્ષણમાં શ્રદ્ધા :**

બાળક એ ઇશ્વરનું વરદાન છે. જે બાળકોને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે અને તેમને સ્વ-અધ્યયન તરફ દોરી જાય છે તે સાચો શિક્ષક કહેવાય. સ્વ-અધ્યયન દ્વારા બાળકો વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે અને તેમની અભ્યાસ પ્રત્યેની રુચિ વધી જાય છે. આથી શિક્ષકને બાલકેન્દ્રિ શિક્ષણમાં વિશ્વાસ હોવો જોઇએ.

**10. સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શ્રદ્ધા :**

શિક્ષકે માત્ર વર્ગખંડમાં શિક્ષણકાર્ય જ કરવાનું નથી. પરંતુ તેણે વિદ્યાર્થીના વિકાસનું સતત મૂલ્યાંકન કરતાં રહેવાનું છે. શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો છે, તેથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક બાબતો અને તેના સર્વાંગી વિકાસને આવરી લેતી વિદ્યાર્થી પ્રતિભા ક્ષેત્રની બધી જ બાબતોનું મૂલ્યાંકન થવું જોઇએ. સતત મૂલ્યાંકનથી વર્ષાંતે થતી પરીક્ષામાં છેલ્લી ઘડીએ પસંદ કરેલું વાંચવાની ટેવ પડતી નથી. વિદ્યાર્થી સમગ્ર વર્ષ દરમિયાન અનિયમિત રહે, બે ધ્યાન રહે, છતાં વાર્ષિક પરીક્ષાના અંતિમ દિવસોમાં ગોખણપટ્ટી કરી વધુ ગુણ લઇ

આવે તેને આપણે વિષયનો જ્ઞાતા ગણીએ છીએ. આવા અનિચ્છનીય પરિણામને ટાળી શકાય છે.

સતત સર્વગ્રાહી મૂલ્યાંકનથી વિદ્યાર્થીનું સામર્થ્ય અને વિદ્યાર્થીની નબળાઇ બંનેનો ખ્યાલ આવે છે. તેની નિયમિત રીતે શૈક્ષણિક પ્રગતિની ગતિવિધિ જાણવા મળે છે. આ ગતિવિધિ શિક્ષણના હેતુઓ સિદ્ધ કરવા માટે તેમજ નિદાન અને ઉપચારાત્મક કાર્ય માટે ઉપયોગી બને છે. સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વિદ્યાર્થીના વ્યક્તિત્ત્વનાં અન્ય પાસાંઓનું પણ મૂલ્યાંકન કરવાનું હોય છે. શાળાના દરેક વિદ્યાર્થીના શારીરિક સ્વાસ્થ્ય, સામાજિક વિકાસ, તેનો વર્તન વ્યવહાર એ સર્વગ્રાહી મૂલ્યાંકનનો અંતર્ગત ભાગ છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986) એ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પર સવિશેષ ભાર મૂક્યો છે. આથી શિક્ષકને સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શ્રદ્ધા અને તેના વ્યવસ્થાપનની કુશળતા હોવી જોઇએ. આજના આધુનિક યુગમાં વિજ્ઞાનની શોધખોળથી અનેક પરિવર્તનો આવતાં રહે છે. સતત જ્ઞાનનો વિસ્ફોટ થતો જાય છે. આવતીકાલના નાગરિક તરીકે આજના વિદ્યાર્થીએ આ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. આ માટે તેનામાં વિવિધ ક્ષમતા અને જરૂરી કૌશલ્યોનો વિકાસ થયેલો હોવો જોઇએ. તે દૃષ્ટિએ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પ્રવિધિથી શિક્ષક પરિચિત હોવો જોઇએ અને તેના અમલની ક્ષમતા ધરાવતો હોવો જોઇએ.

### 4. 3. 4 શિક્ષકની ફરજો

એક શ્રેષ્ઠ શિક્ષક તરીકે શિક્ષકે નીચે મુજબની ફરજો નિભાવવાની હોય છે.

1. આયોજન
2. શિક્ષણ
3. સંગઠન
4. નિરીક્ષણ
5. માર્ગદર્શન
6. મૂલ્યાંકન
7. શિસ્ત જાળવણી
8. પત્રકો તૈયાર કરવા
9. માનવ સંબંધો વિકસાવવા અને જાળવવા
10. આદર્શ નાગરિક બનાવવાના ગુણોનો વિકાસ કરવો.
11. ઉત્કૃષ્ટ મૂલ્યોનું સિંચન કરવું.

**1. આયોજન :**

શિક્ષકે પોતાના શિક્ષણકાર્યને અસરકારક બનાવવા માટે અગાઉથી શિક્ષણકાર્યનું આયોજન કરવું પડે છે. પોતાના શિક્ષણને અસરકારક બનાવવા માટે તેણે વાર્ષિક, અર્ધવાર્ષિક, માસિક અને દૈનિક આયોજન કરવાનું હોય છે. શિક્ષકે દરરોજ વર્ગમાં શિક્ષણકાર્ય કરવા જતાં પહેલાં તેણે પોતાના વિષયને અનુરૂપ શિક્ષણ માટે યોગ્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ વિચારીને, યોગ્ય શૈક્ષણિક સાધનોના ઉપયોગનું આયોજન કરીને વર્ગખંડમાં જવું જોઇએ. આ માટે શિક્ષકે દૈનિક આયોજન નોંધપોથીમાં આયોજન કર્યું હોય તે અનિવાર્ય છે. શિક્ષકે પોતાના સમયપત્રકમાં સમયનું યોગ્ય વિભાજન કરીને, સમયનું આયોજન કરીને પોતાને ફાળે આવેલ જે તે વિષયના અભ્યાસક્રમને ન્યાય આપવાનો હોય છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન પણ તેને માટે જરૂરી બને છે.

**2. શિક્ષણ :**

શિક્ષણકાર્ય એ શિક્ષકનો સ્વધર્મ છે. બાળકોને શિક્ષણ પૂરું પાડવાનું કાર્ય શિક્ષકનું છે. તેણે પોતાના વિષયમાં નિપુણતા પ્રાપ્ત કરેલી હોવી જોઇએ. વર્ગખંડમાં શિક્ષણકાયને વધારે અસરકારક બનાવવા માટે શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકે સમયનો ઉપયોગ કરીને વિષયવસ્તુના પ્રત્યેક મુદ્દાને લાગણીપૂર્વક સમજાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. શિક્ષકે વિદ્યાર્થીઓમાં પડેલ સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરી સર્જનાત્મક અભિગમ તરફ તેને વાળી શકે તેવા પ્રયત્નો કરવાં જોઇએ. શિક્ષણકાર્ય દરમિયાન ક્ષમતા સિદ્ધ કરનારને પ્રોત્સાહિત કરી અને નબળાને યોગ્ય માર્ગદર્શન

આપી વર્ગકાર્યને સંગીન બનાવીને અને દેશ માટે ઉત્તમ નાગરિક તૈયાર થાય તેવું વર્ગખંડનું વાતાવરણ સર્જવાની જવાબદારી શિક્ષકની છે. તેણે શિક્ષણકાર્યને રસપ્રદ અને જીવંત તેમજ અસરકારક બનાવવા વિવિધ પ્રયુક્તિઓ અને પ્રવિધિઓનો વર્ગખંડમાં વિનિયોગ કરવો જોઇએ. આ માટે વિવિધ પ્રકારનાં શૈક્ષણિક ઉપકરણોનો વર્ગમાં ઉપયોગ કરવો જોઇએ.

**3. સંગઠન :**

શિક્ષકે શાળાની વિવિધ અભ્યાસકીય અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સુસંકલિત અને સુસંગઠિત કરવી જોઇએ. આ પ્રવૃત્તિઓનું યોગ્ય સંગઠન ન થાય કે યોગ્ય રીતે તેમનું સંકલન કરવામાં ન આવે તો પ્રવૃત્તિઓ નિષ્ફળ જાય છે. આ ઉપરાંત તેણે અભ્યાસક્રમ, વિદ્યાર્થીઓનું વર્ગીકરણ, સમય પત્રકની રચના, સ્વાધ્યાય કસોટીઓ, રમત-ગમતો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેનું સુસંગઠન કરવું જોઇએ. શાળાની આરોગ્ય વિષયક સુવિધાઓ પર પણ શિક્ષકે પૂરું ધ્યાન આપવું જોઇએ.

**4. નિરીક્ષણ :**

શિક્ષકે શાળાની બધી જ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવાનું હોય છે. વિદ્યાર્થીઓની શાળામાં નિયમિત હાજરી, વિદ્યાર્થીઓની નિયમિતતા, શિસ્તપાલન વગેરેનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવું જોઇએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓના લેખનકાર્યની તપાસણી કરવી, તેમાં સુધારા કરવાનું કાર્ય પણ તેને કરાવાનું હોય છે. વિદ્યાર્થીઓ શાળાની પ્રવૃત્તિઓમાં પૂરતા પ્રમાણમાં ભાગ લે છે કે કેમ તેનું પણ તેને નિરીક્ષણ કરવું જોઇએ. શાળાના નીતિ-નિયમો અને પરંપરાઓનું વિદ્યાર્થીઓ દ્વારા યોગ્ય રીતે પાલન થાય તેનું પણ તેને નિરીક્ષણ કરવું જોઇએ.

**5. માર્ગદર્શન :**

શિક્ષકની મહત્ત્વની ફરજોમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડવાની છે. શિક્ષકના સંપર્કમાં વિદ્યાર્થીઓ અવાર-નવાર આવે છે. શિક્ષક સાથે વિદ્યાર્થીઓની ઘનિષ્ટતા હોય છે. આથી શિક્ષકે વિદ્યાર્થીઓમાં રસ, રુચિ અને વલણો જાણીને તેમને યોગ્ય રીતે તેમની કક્ષાનુસાર શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડવું જોઇએ.

**6. મૂલ્યાંકન :**

શિક્ષકે વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવાનું હોય છે. આ માટે શિક્ષકે વિદ્યાર્થીઓની સામયિક પરીક્ષાઓ માટે જે તે વિષયનાં પ્રશ્નપત્રો તૈયાર કરવા, ઉત્તરવહીઓ તપાસીને ગુણાંકન કરવું વગેરે જવાબદારી પણ અદા કરવાની હોય છે. શિક્ષકે તટસ્થ અને નિષ્પક્ષ રીતે મૌખિક કે લેખિત કસોટીઓ લઇને વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવું જોઇએ. આ ઉપરાંત વિદ્યાર્થીના વ્યક્તિત્ત્વના અન્ય પાસાંઓનું પણ મૂલ્યાંકન કરવાનું હોય છે. તેણે વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું જોઇએ. વિદ્યાર્થીઓનાં ગુણપત્રકો અને પરિણામપત્રકો બનાવવાં, સંગ્રહિત પ્રગતિપત્રકો તૈયાર કરવાં આ બધું કામ શિક્ષકે પોતાની ફરજના ભાગ રૂપે કરવાનું હોય છે.

**7. શિસ્ત જાળવણી :**

વર્ગખંડમાંથી અને શાળામાંથી ગેરશિસ્ત દૂર કરવામાં શિક્ષક નિર્ણાયક ભૂમિકા ભજવી શકે. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રવૃત્તિલક્ષી શૈક્ષણિક અનુભવો પૂરાં પાડીને શિક્ષણકાર્ય કરવું જોઇએ. શિક્ષકનું વ્યક્તિત્ત્વ ઓજસ્વી અને તેજસ્વી હોય તો શાળામાં શિસ્તના પ્રશ્નો ઓછા ઉદ્ભવે છે. શિક્ષકો એ તો બાળકોની પ્રેરણાની આદ્યગંગોત્રી છે. શિસ્તની બિમારીનું પ્રેમ વાત્સલ્ય અસરકારક ઔષધ છે. શિક્ષકનાં વાણી અને વર્તન વિદ્યાર્થીઓ માટે અનુકરણીય હોવાં જોઇએ. બાળકો પ્રત્યે મમતા અને આત્મીયતા હોય, તેમના પ્રત્યેનું વર્તન ન્યાયી, પૂર્વગ્રહરહિત અને બંધુભાવથી પ્રેરાયેલું હોય, બાળકોને વારંવાર ઉતારી પાડવામાં આવતા ન હોય, પોતાની ભૂલની સ્વીકૃતિ કરવાનું ખુલ્લાપણું હોય, બાળકોને માટે શિક્ષા કે દંડનો આશ્રય લેવામાં આવતો ન હોય તો શિસ્ત જળવાઇ રહે છે. શિક્ષક સંયમપૂર્વક વાણી અને વર્તન દાખવીને વિદ્યાર્થીને પોતીકા કરી લે છે. શિક્ષકોમાં સ્વયંશિસ્ત હોવી જોઇએ. તેઓ પોતાના જીવન અને વ્યવહારમાં શિસ્તના આગ્રહી હોવા જોઇએ. શિક્ષકએ શિસ્તનો પરમ ઉપાસક અને સાધક હોવો જોઇએ. તેનામાં સર્જનાત્મકતા, નૈતિકતા, મિતભાષિતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, તાર્કિક ચિંતન હશે તો શાળામાં શિસ્તના પ્રશ્નો ભાગ્યે જ ઊભા થશે. માટે વાલી શિક્ષક સંઘનો સહયોગ પ્રાપ્ત કરી શિસ્તના પ્રશ્નો ઉકેલી શકાય.

**8. પત્રકો તૈયાર કરવા :**

શિક્ષકે શાળામાં કેટલાંક પત્રકો તૈયાર કરવાનાં હોય છે. તે પત્રકોમાં કાળજીપૂર્વક ખાનાપૂર્તિ કરી, પત્રકોની યોગ્ય માવજત કરવી પડે છે. હાજરી પત્રકો, પરિણામ પત્રકો, સંગ્રહિત પ્રગતિપત્રકો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો અહેવાલ, માસિક પ્રગતિપત્રકો વગેરે તથા પત્રકો ક્ષતિરહિત તૈયાર કરવા પડે છે. શાળાના કાર્યાલયને અને આચાર્યને વિદ્યાર્થીઓ અંગે જે તે પત્રકો ભરવામાં શિક્ષકે મદદ કરવાની રહે છે.

**9. માનવ સંબંધો વિકસાવવા અને જાળવવા :**

શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે મમતાપૂર્ણ આત્મીય સંબંધો વિકસાવવા જોઇએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અંગે વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકાય તે માટે વાલીઓ સાથે પણ ઉષ્માપૂર્ણ સક્રિય સંબંધો વિકસાવવા જોઇએ. વાલીઓ ઉપરાંત સમાજના વિવિધ વર્ગો, સંચાલક મંડળ સાથે તેના સંબંધ નિષ્ઠાપૂર્ણ હોવા જોઇએ.

### 4. 3. 5 શિક્ષકની ભૂમિકા

શિક્ષણ એ સામાજિક સાહસ છે. શાળા એ સમાજની લઘુ આકૃતિ છે. શાળા એ સમાજનું પ્રતિબિંબ છે. સમાજની સંવેદના છે. સમાજને જ્ઞાનનું પાથેય પાડનારું અક્ષયપાત્ર છે. આથી, જે શિક્ષક સમાજને જ્ઞાનનું વિતરણ કરે છે તે સમાજના આવતીકાલનો ભાગ્યવિધાતા છે. સમાજનો શિલ્પી છે. સમાજનો ક્રાન્તદ્રષ્ટા છે. તે એક એવો શિલ્પી છે કે જે વર્ગખંડના કલામંદિરમાં અભ્યાસક્રમરૂપી ટાંકણા વડે, પોતાના આદર્શો અને ધ્યેયો અનુસાર વિદ્યાર્થીઓરૂપી પથ્થરમાંથી તેમની સંસ્કાર પ્રતિમાનું અનુપમ શિલ્પ કંડારે છે.

લોર્ડ એરાબીનું આ વિધાન શિક્ષકના કર્તવ્ય પર વેધક પ્રકાશ ફેંકે છે.

- શિક્ષકનું કર્તવ્ય બે પેઢી વચ્ચેનો સેતુ બનાવે છે.
- યુવાનો સાથેના જીવંત સંપર્ક દ્વારા અને સંવાદ સાધવાનો છે.
- શિક્ષકની પ્રતિબદ્ધતા માત્ર જ્ઞાનનું સંક્રમણ કરવાની નથી, પરંતુ વિદ્વતાનું સંક્રમણ, જ્ઞાન પ્રત્યેનો અનુરાગ અને એકાત્મક સ્થાપવાની છે.

આમ, શિક્ષકનું સામાજિક કર્તવ્ય બે પેઢી વચ્ચેના સેતુ નિર્માણનું અને નૂતન પેઢીને જ્ઞાનાનુરાગી બનાવવાનું છે. આ ઉપરાંત, શિક્ષકે કેટલીક અન્ય સામાજિક પ્રતિબદ્ધતાઓ તરફ જાગૃતિ કેળવીને સામાજિક જવાબદારીઓ નિભાવવાની છે. શિક્ષકની વિવિધ સામાજિક ભૂમિકાઓ નીચે મુજબ છે.

**1. શિક્ષણ અને સમાજનો સમન્વય સેતુ**

શિક્ષક સમાજનો શૈક્ષણિક ભાગ્યવિધાતા છે. તેણે શિક્ષકના જ્યોતિર્ધર બની સમાજને માર્ગદર્શન પૂરું પાડવાનું છે. તેણે સતત જ્ઞાનની આરાધના કરતા રહી વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરવાનું છે. સમાજને અજ્ઞાનના અડાબીડ અરણ્યમાંથી ઉગારીને જ્ઞાનનો પ્રકાશ સમાજમાં રેલાવવાનો છે. તે તમસમાંથી સમાજને જ્ઞાનની જ્યોતિ તરફ લઇ જાય છે. આ તેની મહત્ત્વની સામાજિક ભૂમિકા છે. તેણે એક શિક્ષણકાર તરીકે વિવિધ ભૂમિકાઓ ભજવીને સમાજને શૈક્ષણિક નેતૃત્વ પ્રદાન કરવાનું છે. તેને વર્ગખંડનું શિક્ષણકાર્ય નિષ્ઠાપૂર્વક બજાવવા ઉપરાંત નીચેની બાબતોનું શૈક્ષણિક નેતૃત્વ સાર્થક કરવાનું છે.

- **શિક્ષણનો પ્રચાર અને પ્રસાર :**

  સામાન્ય જનસમાજમાં શિક્ષકે શૈક્ષણિક નેતૃત્વ સંભાળીને શિક્ષણનું મહત્ત્વ સમજાવીને બાળકોને શાળામાં લાવવાનું મહત્ત્વનું કાર્ય કરવાનું છે. મોટા ભાગનો જનસમાજ જ્યારે નિરક્ષર અને અજ્ઞાન છે ત્યારે તે જનસમાજમાં શિક્ષકનું મહત્ત્વ સમજાવી શિક્ષણનો પ્રચાર અને પ્રસાર શિક્ષક દ્વારા થાય તે હિતાવહ છે.

- **નિરક્ષરતા નિવારણ :**

  શિક્ષણ ક્ષેત્રે શિક્ષકે સમાજમાં નિરક્ષરતા દૂર કરવાનો પ્રયાસ પણ કરવો જોઇએ. કેળવણી એ લોકશાહીનો પ્રાણવાયુ છે, તેના અસ્તિત્ત્વની આધારશીલા છે. આ સંજોગોમાં નિરક્ષર લોકોને સાક્ષર બનાવવાનું કાર્ય પણ શિક્ષકે ઉપાડી લેવું જોઇએ. સામાન્યતઃ પ્રૌઢો જ્યારે મોટી સંખ્યામાં નિરક્ષર હોય ત્યારે નિરક્ષર પ્રૌઢોને પણ શિક્ષિત કરવામાં શિક્ષકે પોતાનું મહત્ત્વનું યોગદાન આપવું જોઇએ. આ સાથે સમાજશિક્ષણ આપવાની જવાબદારી પણ સમાજમાં શિક્ષકે વહન કરવી જોઇએ.

- **વસ્તીશિક્ષણ :**

  શિક્ષકે તેની શાળાકીય શૈક્ષણિક જવાબદારી વહન કરવા ઉપરાંત દેશની સામે ઊભા થયેલા પડકારોમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. વર્ગશિક્ષણ ઉપરાંત સામાન્ય જનસમાજમાં વધતી જતી વસ્તી, તેમાંથી ઊભી થતી સમસ્યાઓ, કુટુંબનિયોજનનું મહત્ત્વ અને પરિવાર કલ્યાણની યોગ્ય જાણકારી પણ શિક્ષકે રાખવી જોઈએ અને જનસમાજને પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે વસ્તીશિક્ષણ આપી શૈક્ષણિક નેતૃત્વ સંભાળવું જોઈએ.

- **પર્યાવરણ શિક્ષણ :**

  પ્રવર્તમાન અને ઉદ્‌ભૂત થતાં સમાજમાં પર્યાવરણ ક્ષેત્રે અનેક સમસ્યાઓ ઉદ્‌ભવી રહી છે. પર્યાવરણનું સંતુલન ખોરવાતું ચાલ્યું છે. પ્રદૂષણની વિકટ સમસ્યાઓનો સમાજે સામનો કરવાનો છે. આથી, પર્યાવરણનું મહત્ત્વ, પર્યાવરણીય સમસ્યાઓ સમજાવી પર્યાવરણનું યોગ્ય શિક્ષણ આપવાની સાંપ્રત સમયની માંગ છે. આ અંગે શિક્ષકે વર્ગખંડના કાર્ય ઉપરાંત પર્યાવરણના સુયોગ્ય સંરક્ષણ માટે જનસમાજમાં પર્યાવરણ અંગેનું યોગ્ય શિક્ષણ આપી તે અંગે યોગ્ય જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો કરવાં જોઈએ.

- **શિક્ષણનું નવસંસ્કરણ :**

  શિક્ષકે પોતાના વ્યવસાયને પૂરેપૂરી નિષ્ઠાથી ન્યાય આપવા માટે સમાજની બદલાતી જતી જરૂરિયાતોના સંદર્ભમાં પોતાના શિક્ષણકાર્યમાં પ્રયોગશીલતા દ્વારા નવીનીકરણને ઉત્તેજન આપવાનું રહેશે. શિક્ષણની નૂતન વિચારધારાઓ અને અદ્યતન પ્રવાહોનું શિક્ષણમાં સમાયોજન કરી પોતાની આંતર્દષ્ટિ દ્વારા શિક્ષણને પોતાની પ્રતિભાની મૌલિકતાનો સ્પર્શ આપવાનો રહેશે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના આવિષ્કરણો સાથે સમાજની બદલાતી જતી જરૂરિયાતોના સંદર્ભમાં પોતાના શિક્ષકનું નવસંસ્કરણ કરીને શિક્ષણ અને સમાજને નૂતન દૃષ્ટિ અને નૂતન દિશા આપવાનો પ્રયાસ કરવો પડશે. એટલું જ નહિ, સમાજની પરિવર્તનશીલ અપેક્ષાઓ અને આકાંક્ષાઓના સંદર્ભમાં પોતાની આગવી દૃષ્ટિ અને આગવું દર્શન વિકસાવવાનાં રહેશે.

**2. સામાજિક પરિવર્તનનો પરિવ્રાજક :**

સમાજ પરિવર્તનમાં શિક્ષક એ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સામાજિક પરિવર્તન એટલે સામાજિક માળખામાં, સામાજિક આંતરક્રિયાઓમાં, સામાજિક સંબંધો, સમાજ જીવનની રહેણીકરણી અને જીવનશૈલી, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો, માન્યતાઓ, પરંપરાઓ, પ્રણાલીકાઓ વગેરેમાં પરિવર્તનકારની ભૂમિકા ભજવવાની છે. શિક્ષણ જ સામાજિક પરિવર્તનનો પ્રસ્થાનકાર છે. આથી તેણે સામાજિક પરિવર્તનના પ્રસ્થાનકાર તરીકે જર્જરિત મૂલ્યો, પરંપરાઓ અને પ્રણાલીકાઓનું ઉન્મૂલન કરી નૂતન પ્રણાલીકાઓ પાડવાની જવાબદારી અદા કરવાની છે. સમાજમાં પ્રવર્તતા દહેજપ્રથા, સતીપ્રથા જેવાં કુરિવાજો સામે ઝુંબેશ ચલાવી સામાજિક સુધારાના શ્રી ગણેશ કરવા જોઈએ. બાળલગ્નો અટકાવવાની ફરજ પણ શિક્ષકની છે. આ ઉપરાંત લગ્નઅનાવરણનાં વૈભવી પ્રદર્શનો અટકાવી યોગ્ય તંદુરસ્ત પ્રણાલીકાઓ વિકસાવવામાં સમાજને માર્ગદર્શન આપવાનું છે. તેણે સમાજને કુરુઢિઓમાંથી મુક્ત કરી નૂતન પ્રણાલીકાઓ સ્થાપવાની છે. તે અજ્ઞાન તિમિરમાં અટવાતાં જનસમૂહને જ્ઞાનના પ્રકારોથી આલોકિત કરે છે.

**3. સંસ્કૃતિનો જ્યોતિર્ધર :**

શિક્ષકે સમાજમાં સંસ્કૃતિનાં તરીકે કાર્ય કરવાનું છે. આપણા દેશની સંસ્કૃતિનાં ઉચ્ચત્તમ સામાજિક, રાષ્ટ્રીય, આધ્યાત્મિક મૂલ્યોનું સંરક્ષણ કરવાની અને તે મૂલ્યોનું સંવર્ધન કરવાની જવાબદારી શિક્ષકે વહન કરવાની છે. આમ, શિક્ષક એ રાષ્ટ્રની સંસ્કૃતિનો ઉદ્‌વગાતા અને જ્યોતિર્ધર છે.

**4. શ્રેષ્ઠ માર્ગદર્શક :**

શિક્ષકે વિદ્યાર્થીઓને તેમની ભાવિ કારકિર્દી માટે શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડવાનું છે. તેની મૂર્છિત ચેતનાને જગાડી તેનામાં ઉત્સાહ પ્રેરે છે. તેનામાં નવજીવનનો સંચાર કરી તેને નવપલ્લવિત કરે છે. બાળકોને પ્રગતિના પંથે પ્રયાણ કરવા તે પ્રેરે છે. તેનો સાચો જીવનપંથ બતાવે છે. તે સાચા અર્થમાં બાળકોના જીવનનો હમસફર બને છે. તેથી જજ એલેકઝાન્ડરે એમ કહેલું છે કે, ''I

owe my birth to my father but life to my teacher. '' ગુરુ જ વિદ્યાર્થીને જીવનનો અર્થ પીછાણવાનું માર્ગદર્શન આપે છે.

5. **શિક્ષક : રાષ્ટ્ર નિર્માતા :**

પ્રો. હુમાયુ અને કબીરે કહ્યું છે કે શિક્ષક એ રાષ્ટ્રનો ભાગ્યવિધાતા છે. નિર્માતા છે. શિક્ષક એ બાળકોને આવતીકાલના ઉત્પાદક નાગરિક તરીકે તૈયાર કરે છે. તેનામાં રહેલી સંભવિત નેતૃત્વશક્તિ પીછાણીને તેને બહાર લાવે છે. આવતીકાલના ભાવિ નાગરિકો અને નેતાઓનું ઘડતર આ સરસ્વતી મંદિરોમાં થાય છે. એમ કહેવાય છે કે ઇંગ્લેન્ડના યુદ્ધોના વિજેતા નેતાઓ ઇટન અને હેરોની શાળાના મેદાનો પર તૈયાર થયા હતા. આથી શિક્ષક એ સમાજને અપેક્ષિત એવા નાગરિકોને વહીવટકારો, વ્યવસ્થાપકો અને નેતાઓ તરીકે તૈયાર કરી રાષ્ટ્રના ભાવિનિર્માણનો પાયો નાખે છે. કોઠારી કમિશને યથાર્થ જ કહ્યું છે ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.

''Teachers are literally the arbiters of a nations destiny''

આમ, શિક્ષક વિવિધ ભૂમિકાઓ ભજવીને પોતાના રાષ્ટ્રના ચારિત્ર્ય ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 4. 4 શિક્ષક-શિક્ષણ ગુણવત્તા

ગુણવત્તાએ અંગ્રેજીમાં Quality તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે સારી ગુણવત્તા, ખરાબ ગુણવત્તા તરીકે ઓળખાય છે. તેમાં વ્યય, સૌજન્ય, સૌંદર્ય, સત્ય, આદર્શયુક્તતા વગેરેના સંદર્ભમાં વપરાય છે. ગુણવત્તા એ વસ્તુના સંદર્ભમાં પણ વપરાય છે. વિશ્વની દરેક વસ્તુ ગુણવત્તાના સંદર્ભમાં નિહાળી શકાય છે. શિક્ષણની ગુણવત્તા જળવાય એ ખૂબ મહત્ત્વની બાબત છે. શિક્ષક શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે અનેક કૌશલ્યો, વર્તનો, વર્ગ-વ્યવહારો કરે છે.

**શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા :**

શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તાની વૃદ્ધિ માટે નીચેની શરતોનું કોઇપણ જાતના પૂર્વગ્રહ વિના પાલન કરવું જોઇએ.

- ગુણવત્તા માટે NCTE દ્વારા સૂચવેલ શૈક્ષણિક ડીગ્રી ધરાવતા કર્મચારીગણ રાખવા જરૂરી છે.
- શિક્ષણની ગુણવત્તા જાળવવા NCTE દ્વારા દર્શાવેલ સંસ્થાકીય સુવિધાઓ હોવી જરૂરી છે.
- શિક્ષણ ગુણવત્તા જાળવવા અધ્યયન-અધ્યાપનની જરૂરી સાધન સામગ્રી વસાવવી જરૂરી છે.
- અધ્યાપન કાર્ય કેટલું સફળ રહ્યું તે માટે સમયાંતરે મૂલ્યાંકન કરવું જરૂરી છે.
- અધ્યાપન કાર્યની સફળતા કેટલે અંશે રહી તે માટે સમયાંતરે મૌખિક, લેખિત પરીક્ષાઓનું આયોજન અને મૂલ્યાંકન જરૂરી છે.
- શિક્ષણકાર્ય વધુ ગુણવત્તાસભર બને તે માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ મેદાની પ્રવૃત્તિઓનું આયોજન પણ તેટલું જ જરૂરી છે.
- શિક્ષકોને સેવાકાળ દરમ્યાન વર્તમાન, નવીન અધ્યાપન પ્રવૃત્તિઓ, પ્રવિધિઓથી વાકેફ બને તે માટે તાલીમનું આયોજન જરૂરી છે.
- શિક્ષકોને વિષયવસ્તુ અંગે જરૂરી સાધન સામગ્રીનું નિર્માણ અને તૈયાર સાધન સામગ્રી વસાવવી જરૂરી છે.
- અધ્યાપન નીપજોનું અસરકારક મૂલ્યાંકન કરવું અને કરાવવું જરૂરી છે.

**શિક્ષક-પ્રશિક્ષણનું પ્રવર્તમાન ચિત્ર :**

ભવિષ્યના શિક્ષકો શિક્ષણની પદ્ધતિઓ અને પ્રવિધિઓથી વાકેફ બને એ અતિ મહત્ત્વનું છે. વર્તમાન યુગ એ ટેકનોલોજીનો યુગ છે ત્યારે ચોક એન્ડ ટોકનું શિક્ષણ ચાલી શકે નહી. ઇન્ટરનેટના જમાનામાં જ્ઞાનની વૃદ્ધિ, માહિતીનું પ્રસારણ ક્ષણવારમાં થતું હોય ત્યારે જૂની પદ્ધતિઓને પકડી રાખવી યોગ્ય નથી. ઘણી શાળાઓમાં આજે પણ કમ્પ્યૂટર હોતા નથી અને હોય તો શિક્ષકો કમ્પ્યૂટર વિદ્યાર્થી

અજાણ હોય છે. ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો હોતા નથી. પૂરતો શૈક્ષણિક કર્મચારીગણ હોતો નથી. પુસ્તકાલયની સુવિધાનો અભાવ જોવા મળે છે. હવા ઉજાસવાળા ઓરડાનો અભાવ જોવા મળે છે. બાળકોને સુવિધા ન મળે તો કેવી રીતે સારું ગ્રહણ કરી શકે ? એજ રીતે શિક્ષણ-પ્રશિક્ષણની સંસ્થાઓ પણ આવી જ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. જેથી સારા શિક્ષક-પ્રશિક્ષકો તૈયાર કરી શકાતા નથી. તેના માટે તાલીમી સંસ્થાઓ પણ એટલી જ સુવિધા અને ગુણવત્તાસભર બનાવવી જરૂરી બની છે.

**શિક્ષક-પ્રશિક્ષણની જરૂરિયાતો :**

શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે શિક્ષક-પ્રશિક્ષણના ધોરણોમાં સુધારણા કરવી જરૂરી બની છે. પ્રશિક્ષણાર્થીઓની ગુણવત્તા સુધારવા તાલીમ સઘન બનાવવી જરૂરી બની છે. પ્રશિક્ષણાર્થીઓની લાયકાતો, તેમને પ્રવેશ પરીક્ષા લઇ પ્રવેશ આપવો, હાજરીનું પ્રમાણ, ઇન્ટર્નશીપ વગેરે પર ભાર આપવો જરૂરી બન્યો છે. પ્રશિક્ષણાર્થી અનુસ્નાતક પદવી ધરાવે તેના પર ભાર જરૂરી છે. પ્રશિક્ષણાર્થીના રસ, રુચિ, વલણોની અભિયોગ્યતા ટેસ્ટ લઈ પછી પ્રવેશ આપવામાં આવે તો સાચાં અને સારા શિક્ષકો તૈયાર કરી શકાય. શિક્ષકોની લઘુત્તમ લાયકતાના ધોરણોમાં કોઇ બાંધ છોડ ન કરવી જોઇએ.

**૧. પ્રશિક્ષણની મર્યાદા :**

પ્રશિક્ષણનો સમયગાળો એ એક વર્ષનો હતો જે વધારીને બે વર્ષનો કરવો જરૂરી હતો. જે વર્તમાન સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બે વર્ષના સમયગાળો હોય તો જ ઇન્ટર્નશીપ દરમિયાન પ્રાયોગિક કૌશલ્ય કેળવી શકે. તેમજ વધુ સઘન અનુભવો પુરા પાડી શકાય.

**૨. અભ્યાસક્રમનું વિષયવસ્તુ :**

શિક્ષણ-પ્રશિક્ષણનો સમયગાળો વધારવાની સાથે તેના અભ્યાસક્રમમાં નવીન વિષયવસ્તુનો સમાવેશ જરૂરી બન્યો છે. ખાસ કરીને કૌશલ્યો વધુ વિકસે તે માટેના અભ્યાસક્રમનો સમાવેશ જરૂરી બન્યો છે તેમજ પ્રાયોગિક કૌશલ્યોની વધુ ખીલવણી શક્ય બને તે માટે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન વચ્ચેનો સમયગાળો ઘટાડવો વધુ જરૂરી બન્યો છે.

**ગુણવતાસભર શિક્ષણ-પ્રશિક્ષણના અવરોધક પરિબળો :**

**૧. ખાનગીકરણ :**

ખાનગીકરણને લીધે યેનકેન પ્રકારે સંસ્થાઓની માન્યતા મેળવવામાં આવે છે. ગુણવત્તાસભર સ્ટાફનો અભાવ, સંસ્થાકીય સગવડોનો અભાવ, નીચું પગાર ધોરણ વગેરે શિક્ષક-પ્રશિક્ષકની ગુણવત્તા ઘટાડે છે.

**૨. વૈશ્વિકરણ :**

વૈશ્વિકરણની સારી અને ખરાબ અસરો પડે છે. ટેકનોલોજીના વિકાસને લીધે જે સંસ્થા આ બાબતો અપનાવતી નથી તે ગુણવતા જાળવી શકતી નથી. આજે વિશ્વમાં અનેક યુનિવર્સિટીઓ બની છે. તેની સામે કદમ મિલાવી શકે તે માટે ગુણવત્તા ટકાવવા જરૂરી સુધારા ન કરે તો ટકી શકાતુ નથી. આર્થિક, સામાજિક અને રાજકીય સંસ્કૃતિઓના અતિક્રમને લીધે વિપરીત અસરો પડી છે.

**૩. દૂરવર્તી અધ્યાપન :**

આજે દૂરવર્તી શિક્ષણે પણ ખૂબ પ્રગતિ સાધી છે જેને લીધે પ્રશિક્ષણાર્થીઓની સંખ્યામાં ખૂબ જ વૃદ્ધિ થઈ છે. પરંતુ પ્રશિક્ષકો અને પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે ખૂબ જ અંતર હોવાથી શિક્ષણની ગુણવતા ઘટે છે. દૂરવર્તી શિક્ષણ કૌશલ્યો વિકસાવવા માટે અસમર્થ બને છે. પરિણામે ગુણવતાસભર શિક્ષકો પેદા કરી શકાતા નથી.

**શિક્ષણ-પ્રશિક્ષણની ગુણવત્તા સુધાર માટેના સૂચનો :**

૧. શિક્ષણ-પ્રશિક્ષણનો કાર્યક્રમ વ્યવહારું હોવો જોઈએ.

૨. શિક્ષણ-પ્રશિક્ષણનો કાર્યક્રમમાં કૌશલ્ય વિકાસને ભાર આપવો.

૩. પ્રશિક્ષણાર્થીને શાળાની વાસ્તવિક પરિસ્થિતિને હલ કરવાની તાલીમ મળવી જોઇએ.

૪. પ્રશિક્ષણાર્થીને ગૃહઉદ્યોગ કે હસ્તકલાની તાલીમ મળવી જોઇએ.

૫. તાલીમાર્થીએ સમાજ સાથે જોડાણ વધારવાની તાલીમ મળવી જોઇએ.

૬. પ્રશિક્ષણ કાર્યક્રમ દ્વારા માત્ર વર્ગ-શિક્ષણ કાર્યને વધુ મહત્ત્વ ન આપવું જોઇએ. પરંતુ શાળા બહારની પ્રવૃત્તઓ દ્વારા, કુદરતમાંથી કે પ્રવૃત્તિ દ્વારા કંઇ શીખે તે રીતે કરવું જોઈએ.

૭. પ્રશિક્ષણ કાર્ય દ્વારા ભાવિ સમાજની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને તાલીમ આપવી જોઈએ.

૮. અવૈધિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, કન્યા કેળવણીને વધુ મહત્ત્વ આપવું જોઈએ.

૯. શિક્ષણ પ્રણાલી દ્વારા મૂલ્યોનું જતન થાય, આધ્યાત્મિક ગુણો વિકસે, દેશ પ્રેમ ટકે તેવા પ્રયત્નો કરી પ્રશિક્ષણાર્થીને તૈયાર કરવા જોઈએ.

## 4. 5 તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** (અ) નીચે આપવામાં આવેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(બ) એકમના અંતે આપવામાં આવેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

(1) આજના સંદર્ભમાં શિક્ષકનું સ્થાન સ્પષ્ટ કરો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) આદર્શ શિક્ષકના ગુણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) શિક્ષકની ફરજો સ્પષ્ટ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.....................................................................

(5) સાંપ્રત સમયમાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.6 સારાંશ

માનવજાતના ઉદ્ગમ કાળથી કેળવણીની પ્રક્રિયાનો ઉદય થયો છે. યુગોથી માનવજાતને કેળવણીનું મહત્ત્વ સ્વીકાર્યું છે. સભ્ય સમાજની તે અનિવાર્ય જરૂરિયાત છે. તેથી જ પ્રાચીન સમયથી વિવિધ ચિંતકોએ કેળવણીનાં ગુણગાન ગાયાં છે. શિક્ષણ એ એક એવી સામાજિક પ્રવૃત્તિ છે કે જેને ઘનિષ્ટ સંબંધ દેશ અને કાળ સાથે છે. શિક્ષણ પ્રત્યક્ષ રીતે વ્યક્તિનું ઘડતર કરે છે પરંતુ દરેક વ્યક્તિ પોતાના સમાજ સાથે સંકળાયેલી હોય છે. આથી જ શિક્ષકનું સ્થાન શિક્ષણમાં ખૂબ જ મહત્ત્વનું છે. અત્યંત આવશ્યક છે શિક્ષક જ સમાજ અને રાષ્ટ્રનું ઘડતર કરી શકે છે. શિક્ષક જ શૂન્યમાંથી સર્જન કરી શકે છે. અસરકારક અભિવ્યક્તિને કારણે શિક્ષક પોતાની જાતને કોઇપણ પરિવેશમાં સરળતાથી ઢાળી શકે છે અને સાથે-સાથે પોતાના વિદ્યાર્થીઓને પણ યોગ્ય બનાવે છે.

આમ, શિક્ષકનું સામાજિક કર્તવ્ય બે પેઢી વચ્ચેના સેતુનિર્માણનું અને નૂતન પેઢીને જ્ઞાનાનુરાગી બનાવવાનું છે.

## 4.7 સ્વાધ્યાય

1. સાંપ્રત સમયમાં શિક્ષકની ફરજો જણાવો ?
2. આપના મતાનુસાર શિક્ષકમાં કયા-કયા ગુણો હોવાં જોઇએ તેની ચર્ચા કરો.
3. આજના શિક્ષકમાં કયા-કયા વ્યાવસાયિક ગુણોની અપેક્ષા રાખવામાં આવે છે ?
4. શું શિક્ષકને સામાજિક પરિવર્તનનો પરિવ્રાજક કહેવામાં આવે છે ? તમારા મંતવ્યો રજૂ કરો.

## 4.8 ચર્ચા માટે મુદ્દાઓ

1. આદર્શ શિક્ષકમાં કયા-કયા ગુણો હોવા જોઇએ ? ચર્ચા કરો.
2. શિક્ષકમાં વ્યાવસાયિક સજ્જતા વધારવા શાળા કક્ષાએ કઇ-કઇ પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય ? ચર્ચા કરો.
3. શું શિક્ષક દ્વારા સામાજિક પરિવર્તન શક્ય છે ? ચર્ચા કરો.
4. એક શ્રેષ્ઠ શિક્ષકને શિક્ષકોની ફરજો સિવાય બીજી કઇ-કઇ ફરજો નિભાવવાની હોય છે તેની યાદી તૈયાર કરો.

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**2. 4 તમારી પ્રગતિ ચકાસો**

1. જુઓ 1. 3. 1
2. જુઓ 1. 3. 2
3. જુઓ 1. 3. 3
4. જુઓ 1. 3. 4
4. જુઓ 1. 3. 5

એકમ 5

# શિક્ષક-શિક્ષણમાં આચાર્યોની ભૂમિકા

: રૂપરેખા :


5. 1 પ્રસ્તાવના

5. 2 ઉદ્દેશો

5. 3 શિક્ષક-શિક્ષણમાં આચાર્ય

- 5. 3. 1 શાળામાં આચાર્યનું સ્થાન
- 5. 3. 2 આચાર્યની પાત્રતા
- 5. 3. 3 આચાર્યના વિશિષ્ટ ગુણો
- 5. 3. 4 આચાર્યના કાર્યો
- 5. 3. 5 આચાર્યની મુખ્ય ભૂમિકાઓ

5. 4 તમારી પ્રગતિ ચકાસો

5. 5 સારાંશ

5. 6 સ્વાધ્યાય

5. 7 ચર્ચા માટેના મુદ્દાઓ

5. 8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 5. 1 પ્રસ્તાવના

શાળા એક નિશ્ચિત હેતુની સિદ્ધિ અર્થે સમાજ દ્વારા સ્થપાયેલી સમાજ દ્વારા સંચાલિત સંસ્થા છે. સામાજિકતાનો સ્પર્શ આ સંસ્થા કરાવે છે એટલું જ નહીં, સમાજની ઉત્તમોત્તમ પ્રણાલીઓ, પરંપરાઓ અને સંચિત જ્ઞાનની સંક્રાંતિ એવી રીતે એ કરે છે કે જેથી બાળકો એમનામાં રહેલી શક્તિઓને વિકસાવી શકે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે બુદ્ધિ, કલ્પના, ઉદ્યમશીલતા અને સાંવેગિક સ્થિરતા તેના બનવા માટે આવશ્યક ગુણો છે. મૂળભૂત એવા આ ગુણોને વિકસવાને સુયોગ્ય વાતાવરણ મળે અને યોગ્ય તાલીમ મળે તો અસરકારક નેતૃત્વનો આવિર્ભાવ થઇ શકે.

આચાર્યત્વના આદર્શ વિશે ઘણું-ઘણું કહેવાયું છે લખાયું છે એ વિશે અનેક સંશોધનો પણ થયાં છે. એક આદર્શ આચાર્યમાં કયા લક્ષણો હોવાં ઘટે ? કયાં લક્ષણો આચાર્યત્વને ધ્યેય સિદ્ધિ સુધી કે સાફલ્ય સુધી લઇ જઇ શકે ? તે વિષયક ચર્ચા પ્રસ્તુત એકમમાં કરવામાં આવી છે.

## 5. 2 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે એકમનો પરિચય મેળવી શકશો.

- શિક્ષક-શિક્ષણ અંતર્ગત શાળામાં આચાર્યનું સ્થાન સમજી શકશો.
- શાળામાં આચાર્યની પાત્રતા જાણી શકશો.
- શાળામાં આચાર્યના વિશિષ્ટ ગુણો સમજી શકશો.
- શાળામાં આચાર્યના કાર્યો જાણી શકશો.
- શાળામાં આચાર્યની મુખ્ય ભૂમિકા સમજી શકશો.

## 5. 3 શિક્ષક-શિક્ષણમા આચાર્ય

કોઇપણ સંસ્થાના વિકાસમાં તેના કર્મચારીઓનો મહત્ત્વનો ફાળો હોય છે. શૈક્ષણિક સંસ્થા કે શાળાના વિકાસમાં આચાર્યનો ફાળો મહત્ત્વનો હોય છે. શાળાનું મહત્ત્વનું પાવર સ્ટેશન આચાર્ય છે. આચાર્ય શાળાની સમગ્ર પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે.

### 5. 3. 1 શાળામાં આચાર્યનું સ્થાન

કોઇપણ સંસ્થા કે શાળાના સંચાલનમાં આચાર્યનું સ્થાન ખૂબ જ અગત્યનું છે. આચાર્ય એ શાળાનો પ્રાણ છે. શાળાની નિષ્ઠા અને પ્રતિષ્ઠાનો એ આધારસ્તંભ છે. શાળાની કીર્તિ, પ્રગતિ, ઉન્નતિ અને અધોગતિ સર્વ આચાર્ય પર નિર્ભર હોય છે. આચાર્ય એ શાળાનો સૂત્રધાર છે. તે શાળા સમાજના આગેવાન છે. આચાર્યની વિચારશૈલી, આચાર્યની ગતિશીલતા, આચાર્યની માનવસંબંધો વિકસાવવાની આવડત, આચાર્યનો શિક્ષણપ્રેમ, શિક્ષણસૂઝ, શૈક્ષણિક કૌશલ્યોમાં પ્રાવીણ્ય, આચાર્યની સાથીઓને પ્રેરવાની શક્તિ વગેરે ગુણોથી મંડિત આચાર્યની પ્રતિભા શાળાના સમગ્ર પર્યાવરણને મહેકતું અને પ્રવૃત્તિમય રાખી શકે છે.

આચાર્ય શિક્ષણસંસ્થા સાથે સંકળાયેલા સૌના વર્તનમાં ઇચ્છનીય પરિવર્તન આણવાને સદાય પ્રયત્નશીલ રહે છે. પરિવર્તન દૂત અને પરિવર્તન ચાલકની બેવડી કામગીરી એણે બજાવવાની રહે છે. સંસ્થાના સર્વ ઘટકોની ભૌતિક, સાંવેગિક અને સામાજિક જરૂરતો પર્યાપ્ત માત્રામાં, અસરકારકતાથી અને શક્ય એટલી ત્વરાથી સંતોષવાનો પ્રયત્ન આચાર્યે કરવાનો રહે છે. આચાર્ય સાથીઓ માટે અસ્ખલિત અને અખૂટ એવો પ્રેરણાસ્ત્રોત છે. આયોજનની કેડીએ સૌને સાથે રાખી શ્રમ અને સહયોગના સથવારે ધ્યેયસિદ્ધિ તરફ સાથીઓની નિષ્ઠાને એ વાળે છે. પ્રસન્નતા, આત્મીયતાથી ઓપતું એવું વ્યક્તિત્ત્વ કર્મઠતા અપનાવીને માનવીય વ્યવહાર દ્વારા સાથીઓમાં આત્મીયતાની ભાવના દૃઢ કરે છે.

આચાર્યના સ્થાન વિશે રાયબર્ન નામના એક ચિંતક કહે છે –

''Headmaster holds a key position in the school just like a captain holds in the ship.''

આચાર્ય એ શાળારૂપી નાવનો એક કુશળ કપ્તાન છે. તે શાળાની નાવને કુશળતાપૂર્વક હંકારીને યોગ્ય

મંઝિલે પહોંચાડવાનું કાર્ય કરે છે. શાળાની પ્રતિભા વિકસાવવામાં તે મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. આચાર્ય માટે ભૂમિકા સમજાવતાં એક સંનિષ્ઠ કેળવણીકાર કહે છે.

''He is an organiser a leader, governer, business director, co-ordinator, superintendent, teacher's guide, philosopher and friend. ''

તે સંગઠક, નેતા, સંચાલક, નિયામક, સંયોજક, નિરીક્ષક, શિક્ષકો માટે ચિત્ર, તત્ત્વજ્ઞ અને માર્ગદર્શક છે.

કોઇપણ શાળા કે સંસ્થામાં સામાન્ય રીતે બે જૂથ કાર્યાન્વિત હોય છે. એક છે શિક્ષકોનું જૂથ અને બીજું છે વિદ્યાર્થીઓનું જૂથ. બંને જૂથને અસરકારક નેતાની જરૂર પડે છે. આચાર્યે આ બંને જૂથોનું અસરકારક નેતૃત્વ સંભાળી શાળાના વિવિધ અંગોનું સંયોજન કરવું પડે છે. આવો સુમેળ સાધવાથી તે સફળ સંચાલન કરી શકે છે. આ પ્રકારનું સંયોજન એટલે વિદ્યાર્થીઓની સંખ્યા, વિષય અને તેને માટે શીખવવાની વિવિધ પદ્ધતિઓ, સમયની વહેંચણી, શિક્ષકોનો કાર્યભાર વગેરેનું સંયોજન. કુશળ અને દષ્ટિવંત આચાર્ય પોતાની કાર્યદક્ષતા, સૂઝ અને આવડત દ્વારા સંયોજન સાધે છે. આમ, આચાર્ય એ કુશળ સંયોજક છે.

આમ, સમગ્ર શાળાના ઘડતરમાં આચાર્ય મહત્ત્વનો ભાગ ભજવે છે. આચાર્યને માટે કહેવાયું છે કે ''He is the despatching center of all educational endeavour. ''

- સમગ્ર શિક્ષણ જગતનો પયગંબર છે. આચાર્ય શાળાની બધી જ પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન સાધે છે.
- વિવિધ જૂથો વચ્ચે સંયોજન અને સંકલન સાધે છે.
- શાળાની વિવિધ સમસ્યાઓનું સમાધાન શોધે છે.
- શાળાની સમગ્ર છાપ ઉપસાવવાનો પ્રયાસ કરે છે.
- શાળાની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરે છે.
- શાળાની પ્રવૃત્તિઓથી સમાજ અને અધિકારીઓને વાકેફ રાખે છે.
- શાળા પત્રકો તૈયાર કરાવી તેની માવજત કરે છે.
- શૈક્ષણિક સંશોધન કરે છે અને ઉત્તેજન આપે છે.
- શાળાની શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું અધિક્ષણ કરે છે.

આમ, આચાર્ય એ શાળાની મુખ્ય ધરી છે. શાળા એ આચાર્યનું પ્રતિબિંબ પાડે છે. કોઇપણ સંસ્થાના હવામાનનો આધાર સંસ્થા સાથે આચાર્યની સંલગ્નતા અને તાદાત્મ્ય પર રહેલો છે. તેથી એમ કહેવાયું છે કે ''Headmaster sets the tone of the school and moulds the traditions of the school. ''

શાળાની પરંપરાઓ અને પ્રણાલીકાઓના ઘડતરમાં આચાર્યનો ફાળો અનન્ય છે. તે શાળાના વાતાવરણનો ઘડવૈયો છે. આચાર્યના સ્થાન વિશે 1953ના માધ્યમિક શિક્ષણપંચે નોંધ્યું છે કે . . . .

''On him the proper looking of the school ultimately depends. The reputation of the school and the position that he holds in the society depends in a large measure on the influence that he exercises over his colleagues, his pupils, and the general public. ''

શાળાનો વિકાસ અને અધોગતિ શાળાના આચાર્ય ઉપર અવલંબે છે. સાચી જ રીતે કહેવામાં આવ્યું છે કે As is the head master so is the school. જેવાં આચાર્ય એવી શાળા. આચાર્ય શાળાનો શિલ્પી છે. તે એક સારો સર્જક, સારો આયોજનકાર, સારો વહીવટકર્તા અને સારો શિક્ષક છે. તે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેનો પ્રેરણાસ્ત્રોત છે. યુદ્ધના મેદાનમાં જેટલું મહત્ત્વ સેનાપતિનું છે એટલું જ મહત્ત્વ શાળામાં આચાર્યનું છે. આચાર્ય શિક્ષકો, સંચાલક મંડળ અને સમાજ વચ્ચેની કડી છે. સારો આચાર્ય માત્ર સારો વહીવટકર્તા હોય એટલું પર્યાપ્ત નથી. એ ઉત્તમ શિક્ષક હોય એ પણ એટલું જ જરૂરી છે. તે પ્રગતિશીલ દષ્ટિબિંદુવાળો, પ્રયોગશીલ અને કલ્પનાશીલ હોવો જોઇએ. વિનોબા ભાવેએ સાચી

રીતે જ કહ્યું છે કે જે ''આચરે તે આચાર્ય'' આચાર્યે ઉપદેશક નહીં પણ આચરણમાં બની દૃષ્ટાંતરૂપ બનવાનું છે. તે માત્ર નોટિસો દ્વારા કે મૌખિક સૂચનો દ્વારા કાર્ય કરતો નથી, પરંતુ દરેક બાબત માટે નમૂનારૂપ આચરણ કરી દેખાડે છે. આમ, શાળાના નામથી આચાર્યની નહિ, આચાર્યના નામથી શાળાની ગરિમા વધે તેમાં આચાર્યનું ગૌરવ છે.

**2. 3. 2 આચાર્યની પાત્રતા :**

આચાર્ય થવા માટે કોઇપણ વિદ્યાશાખાના સ્નાતક કે અનુસ્નાતકની પદવી મેળવેલી હોવી જોઇએ. તેમનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો શિક્ષણનો અનુભવ ઉપરાંત વહીવટી અનુભવ ધરાવનારા હોવાં જોઇએ. આચાર્યની નિમણૂક માટે સરકારશ્રીએ વખતો-વખત નક્કી કરેલી લઘુતમ લાયકાત પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. એક સક્ષમ આચાર્ય બનવા માટે આચાર્ય પાસે નિમ્ન નિર્દેશક પાત્રતા હોવી જરૂરી છે.

– પ્રશિક્ષણ

– વિવિધ વિષયોનું જ્ઞાન

– શૈક્ષણિક દર્શન

– અધ્યાપન કૌશલ્યો

– અસરકારક અભિવ્યક્તિ

– માનવસંબંધોનો મર્મજ્ઞ

– શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય

– પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ

- **પ્રશિક્ષણ :**

  શિક્ષક તરીકે નિયુક્તિ પામવા માટે શિક્ષક-શિક્ષણ મેળવવું જરૂરી છે. આ શિક્ષણ દ્વારા તે શિક્ષણ પ્રયુક્તિઓ અને પ્રવિધિઓ અને પદ્ધતિઓ, મનોવિજ્ઞાન, શાળા વ્યવસ્થાપન અને પ્રબંધ વગેરેનું સૈદ્ધાંતિક તેમજ વર્ગખંડ શિક્ષણ માટેનું પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા વ્યાવહારિક જ્ઞાન મેળવે છે.

- **વિવિધ વિષયોનું જ્ઞાન :**

  એક કુશળ આચાર્ય પાસે વિવિધ વિષયોનું જ્ઞાન હોવું જોઇએ. જો બધાં જ વિષયોનું સામાન્ય જ્ઞાન આચાર્ય ધરાવતાં ન હોય તો તે શિક્ષકોને આ વિષયો અંગેનું યોગ્ય માર્ગદર્શન આપી શકે નહિ. આ ઉપરાંત તેમણે શિક્ષકોના શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવાનું હોય છે. જુદાં-જુદાં વિષયોનું નિરીક્ષણકાર્ય કરીને શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન આપવા માટે પણ પોતાના વિશિષ્ટ વિષયો ઉપરાંત બધા વિષયોનું જ્ઞાન હોવું અનિવાર્ય છે.

- **શૈક્ષણિક દર્શન :**

  આચાર્યને પોતાનું આગવું અને વિશિષ્ટ શિક્ષણ દર્શન હોવું જોઇએ. શિક્ષણનાં વ્યાપક ધ્યેયો અને હેતુઓની સ્પષ્ટ સમજ આચાર્યમાં વિકસેલી હોવી જોઇએ. વ્યક્તિગત જીવનના બદલાતા અને સમાજના બદલાતા પ્રવાહો અને પરિવર્તનોથી તે સુપરિચિત હોય તો જ તે પોતાનું વિશિષ્ટ શૈક્ષણિક દર્શક વિકસાવી શકે. શિક્ષણ જગતના અદ્યતન પ્રવાહો અને થતાં સંશોધનોથી તે સુજ્ઞાત હોવો જોઇએ. વ્યક્તિ અને સમાજની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આવતાં પરિવર્તનો, શિક્ષણક્ષેત્રે પ્રસરતા નવવિચારો અને નવપરિવર્તનોથી તેની અંતર્દૃષ્ટિ વિકાસ પામે છે અને તેનો અલગ શૈક્ષણિક દૃષ્ટિકોણ ઘડાય છે. આથી પી.સી. રેન જેવાં અનુભવી ચિંતક કહે છે કે ; ''આચાર્ય વિદ્વાન અને અધ્યયનશીલ હોય છે. પોતાના સાથી શિક્ષકો કરતાં વધુ સારો અને ઉત્તમ શક્તિ, ગુણવત્તા અને ચારિત્ર્ય ધરાવતો શિક્ષક હોવો જોઇએ.''

- **અધ્યાપન કૌશલ્યો :**

  આચાર્ય થવા માટે પાંચેક વર્ષનો શિક્ષણનો અનુભવ જરૂરી છે તે સાચું, પરંતુ આચાર્ય થયા પછી કેટલાંક આચાર્યો શાળાના વહીવટી કાર્યમાં ખોવાઇ જાય છે. શાળાના વહીવટની પાછળ પોતાનો

મોટા ભાગનો સમય ખર્ચતા આચાર્યો ઘણીવાર શિક્ષણકાર્યની કુશળતા ગુમાવી દે છે. તેઓ વર્ગખંડમાં અસરકારક શિક્ષણ આપી શકતાં નથી. અધ્યાપનની નૂતન પદ્ધતિઓથી માહિતગાર થતાં નથી. તેમજ શિક્ષણ ક્ષેત્રે થતાં નૂતન પ્રવાહોથી પણ વાકેફ થતાં નથી. આની વિપરીત અસરો તેમની વ્યાવસાયિક સજ્જનતા પર પડે છે. આથી આચાર્ય ધીરે-ધીરે કુશળ શિક્ષક મટીને વહીવટદાર બની જાય છે. જેના કારણે તેઓ વર્ગખંડમાં બાળકો સાથે સંવાદ સાધી શકતા નથી. તેમનાથી બાળકો ડરે છે. આથી શિક્ષણકાર્યમાં તેઓ સહજતા અને સ્વાભાવિકતા ગુમાવી દે છે.

આમ, કુશળ આચાર્યે શ્રેષ્ઠ શિક્ષક પહેલાં બનવું જોઇએ ત્યારબાદ આચાર્ય બનવું જોઇએ. આથી પોતાના વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપી શકે તે માટે શિક્ષકોને અધ્યાપન કળાનું માર્ગદર્શન આપી શકે તેવું સામર્થ્ય તેની પાસે હોવું જોઇએ.

- **અસરકારક અભિવ્યક્તિ :**

  કુશળ આચાર્ય પાસે અસરકારક અભિવ્યક્તિ હોવી જોઇએ. શાળામાં અપાતાં શિક્ષણકાર્ય દરમિયાન, શાળાની વિવિધ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દરમિયાન, આ ઉપરાંત શાળાની સિદ્ધિઓના અસરકારક પ્રચાર અને પ્રસાર માટે તેનામાં ઉચ્ચ પ્રકારની ભાષાકીય સજ્જતા હોવી જરૂરી છે. તે શબ્દનો શિલ્પી હોવો જોઇએ. યોગ્ય પ્રસંગે, યોગ્ય શ્રોતાઓ સમક્ષ, યોગ્ય વિચારો રજૂ કરવાની કળા તેનામાં હોવી જોઇએ. આચાર્યે કેટલાંક પ્રસંગે ઉદ્‌બોધન કરવાનું હોય છે તે વખતે જો તેની અસરકારક અભિવ્યક્તિ ન હોય કે પ્રસંગોચિત ઉદ્‌બોધન ન કરી શકે તો ગમે તેઓ કાર્યક્રમ તેની સાર્થકતા ગુમાવી બેસે છે. આથી આચાર્ય કુશળ વક્તા હોવો જોઇએ.

- **માનવસંબંધોનો મર્મજ્ઞ :**

  આચાર્યમાં માનવસંબંધો કેળવવાની અને સંબંધોની માવજત કરવાની આવડત હોવી જોઇએ. તેના સંપર્કમાં આવનાર વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો કે કર્મચારી દરેકને આત્મીયતાની અનુભૂતિ થવી જોઇએ. વિદ્યાર્થીઓ માટે રહમદિલ રાહબર, શિક્ષકોનો સંનિષ્ઠ સાથીદાર, વાલીઓનો વિવેકપૂર્ણ માર્ગદર્શન હોવો જોઇએ. તે બધાને માન આપીને સન્માન મેળવતો હોય. આચાર્ય એ શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વિશ્વાસનું વાતાવરણ સર્જીને, વાસ્તવિક ધ્યેયો સિદ્ધ કરવા માટે પ્રોત્સાહન આપીને અને તેમણે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓને યોગ્ય રીતે બિરદાવી જોઇએ. આચાર્ય એ શાળા પરિવારનો વડો છે. તેથી તેની સાથે સંકળાયેલ દરેક માટે સુખ દુઃખનો સાથીદાર બની રહેવો જોઇએ. તેમજ દરેક સાથેના સંબંધો નિષ્ઠાપૂર્ણ હોવાં જોઇએ. તે પોતાના પ્રસન્નમુદ્રિત વ્યક્તિત્ત્વથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સૌ સાથી કર્મચારીઓમાં પણ પ્રસન્નતાનાં પુષ્પો વેરી શકે તેવો હોવો જોઇએ.

- **શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય :**

  આચાર્યને પોતાની ફરજો નિભાવવા માટે ખૂબ જ શારીરિક અને માનસિક પરિશ્રમ કરવો પડે છે. તેમણે સતત ઘરમાં કે બહાર શિક્ષણકાર્ય અને તેને આધારિત ચિંતન કરતા હોય છે. આ સંજોગોમાં આચાર્યનું શરીર સુદઢ અને સ્વસ્થ હોય તે ખૂબ જ જરૂરી છે. માનસિક સ્વાસ્થ્યનો આધાર શારીરિક સ્વાસ્થ્ય પર રહેલો હોય છે. આથી તેણે પોષણયુક્ત આહાર લેવો જોઇએ. તે નિર્વ્યસની અને મિતાહારી હોય તે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત માનસિક રીતે તે સુદઢ મનોબળવાળો તેમજ પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવતો હોય તે ખૂબ જ જરૂરી છે. ગમે તેવા પડકારોને માનસિક રીતે ઝીલી શકે, તેનો સામનો કરીને સંઘર્ષમય પરિસ્થિતિમાં બહાર આવી શકે તેવી સુદઢ મનોશક્તિ તેણે કેળવેલી હોવી જોઇએ. ગમે તેવી મુશ્કેલીઓથી તે ઘેરાયેલાં હોય છતાં પણ તે સતત પોતાની મંઝિલે પહોંચી શકે તેવું મનોબળ અને માનસિક સ્વાસ્થ્ય ધરાવતો હોવો જોઇએ.

- **પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ :**

  આચાર્ય એ પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ ધરાવતો હોવો જોઇએ. તેના ચુંબકીય વ્યક્તિત્ત્વનો પ્રભાવ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પર પડવો જોઇએ. સુગઠિત શરીર, પ્રસન્ન મુદ્રા, યોગ્ય

વેશ પરિધાન, મધુર અને મિષ્ટવાણી, આત્મીયતાપૂર્ણ વ્યવહાર વડે તેનું વ્યક્તિત્ત્વ નીખરી ઊઠે છે.

આંખોમાંથી વરસતી વાત્સલ્યની અમીધારા, મુખમાંથી સ્ખલિત થતાં સુગંધિત શબ્દ પુષ્પો, મિતભાષિતા વડે તેના વ્યક્તિત્ત્વની ગરિમા વધી જાય છે. તે ઉદ્યમી હોય, સતત અભ્યાસશીલ હોય, સખત પરિશ્રમી હોય તો તેનું વ્યક્તિત્ત્વ સુગ્રથિત બને છે. તેના મન, વચન અને કાર્યમાં એકતા હોય, તે વિદ્યા વ્યાસંગી, કર્મયોગી અને સર્વેકલક્ષી હોવો જોઇએ. તેનો દૃષ્ટિકોણ વૈજ્ઞાનિક હોવો જોઇએ. તે આદર્શોનો આરાધક એકલવ્ય સમ હોય એટલે જ એમ કહેવાયું છે કે આચરિત ઇતિ આચાર્ય : જે શ્રેષ્ઠ આચરણ કરે છે તે આચાર્ય છે. यद यद आचरित श्रेष्ठ, तद्तध्व तरो जनः । તેનું અનુકરણીય આચરણ વિદ્યાર્થીઓ શિક્ષક અને સમાજ માટે પ્રેરણાથી બને છે. તેને પોતાના કાર્યનો આત્મસંતોષ હોય.

તે માત્ર ઉચ્ચ ચારિત્ર્યવાળો જ નહિ, પરંતુ તેને પોતાનામાં, પોતાના વિદ્યાર્થીઓમાં, પોતાના વ્યવસાયમાં, માનવ સ્વભાવમાં અને પોતાના કાર્યકરોમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઇએ. આ ઉપરાંત આચાર્યમાં કેટલાંક ગુણો અપેક્ષિત છે તે નીચે મુજબ છે.

**5. 3. 3 આચાર્યના વિશિષ્ટ ગુણો :**

- પોતાની ફરજ પ્રત્યેની ઊંડી નિષ્ઠા
- સહાનુભૂતિ
- ત્વરિત નિર્ણયશક્તિ
- આંતરસૂઝ
- પોતાના વ્યવસાય પ્રત્યેની અભિરુચિ
- કાર્યસાધક પ્રશાસન ક્ષમતા
- પહેલવૃત્તિ, મૌલિકતા, પ્રગતિશીલતા
- સર્જનાત્મકતા
- આત્મસંયમ
- સંગઠનશક્તિ
- સુદૃઢ મનોધૈર્ય
- અસરકારક અભિવ્યક્તિ
- શિસ્તપાલનનો આગ્રહ
- વ્યાવહારિક શાણપણ, ગાંભીર્ય
- પરિપક્વતા અને પુખ્તતા
- વિશાળ, વિકાસોન્મુખ, વૈજ્ઞાનિક અને પ્રગતિશીલ દૃષ્ટિકોણ
- સિદ્ધિપ્રેરિત
- આશાવાદી, વિધાયક વિચારધારા ધરાવનાર
- સખત પરિશ્રમી
- સંવેદનશીલ
- પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટેની તત્પરતા
- મનવસંબંધોના મર્મજ્ઞ
- મૂલ્યરક્ષક
- નિઃસ્વાર્થી પક્ષપાતવિહીન, નિરાડંબરી
- સમ્યક્ દૃષ્ટિ, આધ્યાત્મિક જીવનદૃષ્ટિ ધરાવનાર
- કુશળ આયોજક

- નિષ્ઠાવાન નેતા
- અન્ય પાસે કામ લેવાની શક્તિ અને સૂઝ ધરાવનાર

આમ, આચાર્ય વ્યક્તિ તરીકે સમજુ અને વ્યક્તિત્ત્વના ગુણો ધરાવતો હોય તો જ તે સમાજને અને રાષ્ટ્રને પ્રગતિને પંથે પ્રયાણ કરવા પ્રેરી શકે.

**5. 3. 4 આચાર્યના કાર્યો :**

આચાર્ય એ માત્ર શાળાનો જ નહિ પણ રાષ્ટ્રનો પણ ઘડવૈયો છે. શાળામાં રાષ્ટ્રના ભાવિ નાગરિકનું ઘડતર થાય છે. આથી, શાળામાં ઉજ્જવળ પરંપરાઓ ઊભી કરી, સફળ શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા તે રાષ્ટ્રના સમુજ્જવલ ભાવિનું શિલ્પ કંડારે છે. આદર્શ આચાર્ય આજ અને આવતીકાલના સમાજની અપેક્ષાઓ અને આકાંક્ષાઓને આકારિત કરવા માટે પ્રયત્નશીલ હોય છે. વ્યક્તિ અને વ્યક્તિના માધ્યમ દ્વારા સમાજનું ઘડતર કરવા માટે તેણે મહત્ત્વનાં કાર્યો નીચે મુજબ છે :

- આયોજન
- સંગઠન
- શિક્ષણ
- નિરીક્ષણ
- માર્ગદર્શન
- માનવ સંબંધોની માવજત
- **આયોજન :**

  દરેક શાળા કે સંસ્થાના વહીવટ માટે આયોજન અગત્યની અનિવાર્યતા છે. આચાર્યે શાળાના કે સંસ્થાના શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું ઝીણવટપૂર્વક આયોજન કરવું પડે છે. આ પ્રકારનું આયોજન શાળાના સત્રારંભ પહેલાં, શાળાના સત્રારંભ થાય પછી અને શાળાના સત્ર સમાપ્તિ બાદ કરવું પડે છે. તેણે શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અભ્યાસક્રમનું, પૂરક સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું પરીક્ષણ અને મૂલ્યાંકનનું આયોજન કરવું પડે છે. શિક્ષકોનો કાર્યભાર, સમયપત્રક, પરીક્ષા વગેરેનું આયોજન કરવું જોઇએ. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનો તેમજ શાળાના સંચાલકોને પણ વિશ્વાસમાં લઇને આયોજન કરવું જોઇએ. આયોજન એ એક પ્રકારની શિસ્ત અને વ્યવસ્થા જન્માવે છે. આયોજન સિવાય કેટલાંક કાર્યક્રમો વ્યર્થ બને છે અને નિષ્ફળ પણ જાય છે. શાળા કે સંસ્થાના કાર્યક્રમોની અને પ્રવૃત્તિઓની સફળતા આચાર્યના કુશળતાપૂર્વકના આયોજન પર આધાર રાખે છે. આયોજન જેટલું વ્યવસ્થિત તેટલું જ કાર્યક્રમોનું અમલીકરણ સફળ થાય છે.

- **સંગઠન :**

  આચાર્યની મહત્ત્વની ફરજ શાળાને સંગઠિત કરીને શિક્ષણની ગુણવત્તા સુધારવાની છે. આ માટે તેનામાં યોગ્ય સંગઠનશક્તિ હોવી જોઇએ. સંગઠન એક પ્રકારની વ્યવસ્થા છે. જેના દ્વારા માનવબળ, સમય અને નાણાંનો દુર્વ્યય થતો અટકે છે અને વહીવટ કરકસરયુક્ત બને છે. તેણે સંગઠનમાં નીચેની બાબતોનો સમાવેશ કરવો પડે છે.

**(i) ભૌતિક આવશ્યકતાઓ :**

કોઈપણ સંસ્થામાં જરૂરી ભૌતિક સુવિધાઓ યોગ્ય રીતે પૂરી પાડવામાં ન આવે તો શાળાનો સર્વાંગીણ વિકાસ થઇ શકતો નથી. આ માટે શાળાનું મકાન, પૂરતા વર્ગખંડો, પ્રયોગશાળા, પુસ્તકાલય, આરોગ્ય વિષયક સુવિધાઓ વગેરે પૂરતા પ્રમાણમાં હોવી જોઇએ. આચાર્યે ખાસ ધ્યાન આપીને શાળામાં આ પ્રકારની ભૌતિક સગવડો પૂરી પાડવા માટે પ્રયાસ કરવો જોઇએ. આ ઉપરાંત શિક્ષણની અસરકારકતા વધે તે માટે કેટલાંક દશ્ય-શ્રાવ્ય સાધનો કે પ્રયોગશાળાના ઉપકરણોની પણ સુવિધાઓ ઊભી કરવાની જવાબદારી આચાર્યની છે. આ માટે સંચાલક મંડળ કે વ્યવસ્થાપક મંડળ પાસેથી યોગ્ય સંમતિ મેળવીને તેને માટે યોગ્ય આર્થિક સુવિધાઓ પ્રાપ્ત કરીને તે શાળાની ભૌતિક આવશ્યકતાઓને સંતોષવાનો પ્રયાસ કરે છે. આ માટે આચાર્યે કેટલુંક પૂર્વ આયોજન કરવું જોઇએ. તો જ આ કાર્ય તે સફળતાપૂર્વક પાર પાડી શકે.

**(ii) શાળા સંચાલનના નિયમોનું પાલન**

કોઈપણ સંસ્થા કે શાળાના વ્યવસ્થિત સંચાલન માટે કેટલાંક નિયમો ઘડવામાં આવે છે. શિક્ષણખાતા તરફથી ઘડાયેલા નિયમોનું યોગ્ય પાલન કરવાની જવાબદારી પ્રત્યેક શાળાના કે સંસ્થાના આચાર્યની છે. ખાસ કરીને વિદ્યાર્થી પ્રવેશ અને બઢતી, કર્મચારીઓ અને શિક્ષકોની ભરતી, આર્થિક અનુદાન, પાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમ, પરીક્ષણ અંગેના વખતોવખત ઘડવામાં આવેલાં નિયમોનું આચાર્ય તરીકે પાલન કરવાનું હોય છે. આ નિયમોને ધ્યાનમાં રાખીને શાળાનું સંચાલન આચાર્યે કરવાનું રહે છે.

**(iii) સમયપત્રક :**

શાળાનું કાર્ય વ્યવસ્થિત અને નિયમિતપણે ચાલે તે માટે શાળાનું સમયપત્રક અનિવાર્ય છે. શિક્ષકોને ક્યારે, કઈ શ્રેણીમાં, કયા વિષયનું અધ્યાપનકાર્ય કરવાનું છે તે સમયપત્રક દ્વારા નિર્ધારિત થાય છે. આચાર્ય શિક્ષકોને વિષયોની વહેંચણી કરીને તદ્નુસાર સમયપત્રક બનાવે છે. સમયપત્રક શાળાનું અવિભાજ્ય અંગ છે. તે સમયને અને કર્મચારીઓને નિયંત્રણ અને નિયમનમાં રાખે છે. શાળામાં વિવિધ પ્રકારનાં સમયપત્રકો હોય છે. વર્ગવાર સમયપત્રક, શિક્ષકોનું સમયપત્રક, મુક્ત તાસનું સમયપત્રક, વિવિધ વિષયોનું સમયપત્રક, આ પ્રકારના સમયપત્રકો બનાવીને આચાર્ય શાળાની વ્યવસ્થા જાળવે છે. સમયપત્રકની રચના કરતી વખતે આચાર્યે સાથી શિક્ષક મિત્રોને વિશ્વાસમાં લેવા જોઈએ. અને તેમના રસ, રુચિ અનુસારના વિષયોનું શિક્ષણકાર્ય જે તે શિક્ષકને સોંપી સમયપત્રક બનાવવું જોઈએ.

**(iv) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

શાળામાં બાળકોમાં સર્વાંગીણ વિકાસ માટે પ્રવૃત્તિઓનુ આયોજન આચાર્યે કરવાનું હોય છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ એ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ નથી. પરંતુ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ છે. આ પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ-પર્યટન વગેરેનું આયોજન કરવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓને પોતાને ગમતી પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે. આથી તેમનામાં સદ્‌ભાવના, નેતૃત્વશક્તિ, ખેલદિલી, સહનશીલતા જેવાં લક્ષણોનો વિકાસ થાય છે. આ પ્રવૃત્તિઓનુ સમયબદ્ધ આયોજન કરી તેનુ સફળ રીતે અમલીકરણ થાય તે આચાર્યની જવાબદારી છે. આ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તિ માટેનો સમય, તેનું નેતૃત્વ, તે અંગેના નિયમો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સહકાર, ખર્ચ આ બધા અંગે આચાર્યે વિચારપૂર્વક નિર્ણયો લઈને તેને સુગ્રથિત કરવી પડે છે.

**(v) શિક્ષણની ગુણવત્તા :**

આચાર્યની મહત્ત્વની ફરજ શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે તેવો પ્રયત્ન કરવાનો છે. આચાર્ય તરીકે વિદ્યાર્થીઓના શિક્ષણની ગુણવત્તા સુધારવા તેણે સતત પ્રયાસો કરવા જોઈએ. શિક્ષકોને શિક્ષણની ગુણવત્તા ઊચીં લાવવા માટે સતત પ્રેરણા અને માર્ગદર્શન આચાર્યએ પૂરાં પાડવા જોઈએ. વર્ગશિક્ષકનુ પ્રત્યેક વિષયનું શિક્ષણ સ્તર ઊચું આવે તે માટે શિક્ષણના નૂતન અને અદ્યતન અભિગમો, પ્રયુક્તિઓ અને પ્રવિધિઓથી શિક્ષકોને પરિચિત રાખવાનુ કામ આચાર્યનું છે. આ માટે શાળામાં આચાર્યે સ્વયં અને કુશળ શિક્ષકોએ યોગ્ય નિર્ણયોને પૂરાં પાડવા જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓના અધ્યયનની ગુણવત્તા સુધરે તે માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ આપવાની જવાબદારી આચાર્યે અદા કરવી જોઈએ.

**(vi) શિસ્ત પાલન :**

આચાર્ય શિસ્તના આગ્રહી હોવાં જોઈએ. આચાર્યે શૈક્ષિણક અને બિનશૈક્ષિણક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે શિસ્તના નિયમોનું ચુસ્ત પાલન કરે અને અનુશાસનની શ્રેષ્ઠ પ્રણાલીકાઓ જળવાઈ રહે તે જોવાની આચાર્યની જવાબદારી છે. આવશ્યકતા અનુસાર કડક શિસ્તના પુરસ્કર્તા આચાર્ય અવ્યવસ્થા, ગેરશિસ્ત કે અંધાધૂંધી ભાગ્યે જ ચલાવી લે છે. આ સંજોગોમાં આચાર્યે નિર્ભીકપણે શિસ્તનુ પાલન કરાવવું જોઈએ. શિસ્તનુ પાલન કરાવવામાં આચાર્યનુ વ્યક્તિત્ત્વ, સંસ્થાની પ્રણાલીકાઓ, શિક્ષકો અને શિક્ષકકર્તાઓ, કર્મચારીઓનો સહકાર, આચાર્ય અને શિક્ષકની વર્તણૂંક વગેરે મહત્ત્વનો ભાગ ભજવે છે.

- **શિક્ષણ સંબંધી ફરજો :**

  આચાર્ય એક શ્રેષ્ઠ શિક્ષક હોવાં જોઈએ. તેમણે એક કે બે વિષયમાં સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. પોતાના વિષયના શિક્ષણકાર્યમાં તે ઓતપ્રોત રહેવા જોઈએ. તે વિદ્યાર્થીઓને વિવિધ પદ્ધતિઓથી શિક્ષણ આપી શકે તેવી ક્ષમતા ધરાવતા હોવા જોઈએ. અન્ય શિક્ષકાની તુલનામાં તેઓમાં શિક્ષક તરીકે નુ શ્રેષ્ઠત્વ હોવું જોઈએ. આ માટે આચાર્યે સતત અધ્યયનશીલ રહી પોતાના વિષયો પરનુ પ્રભુત્વ અને અન્ય વિષયોની યોગ્ય જાણકારી મેળવી લેવી જોઈએ.

- **નિરીક્ષણ સંબંધી ફરજો**

  શાળાના શિક્ષણનું, શાળાની સર્વ પ્રવૃત્તિઓનુ, શિક્ષકોના શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવાની જવાબદારી આચાર્યની છે. આચાર્યે નીચેની બાબતોનું વર્ગીકરણ કરવાનું હોય છે :

  1. શિક્ષકોનુ શિક્ષણકાર્ય, શાળાનો વિકાસ, મૂલ્યાંકન કાર્યક્રમ
  2. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ
  3. શાળા પત્રકે - કાર્યાલય પત્રકો અને હિસાબી નિરીક્ષણ
  4. શાળાની સામાન્ય બાબતો
  5. વિદ્યાર્થીઓના શાળાકીય અને શાળા બહારના વર્તનનું નિરીક્ષણ

  આચાર્ય અધ્યયન, અધ્યાપન સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, છાત્રાલય વગેરેનું નિરીક્ષણ કરી તે પ્રવૃત્તિઓને યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન પૂરાં પાડે છે. આ પ્રકારનું નિરીક્ષણ એ માત્ર ખામી કે ભૂલ બતાવવા માટે કરવામાં આવતું નથી, પરંતુ શાળાના શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કરવામાં આવે છે.

**1. શિક્ષકોનું શિક્ષણકાર્ય :**

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે આચાર્યે અવારનવાર વર્ગખંડમાં જઈ શિક્ષકોના પ્રત્યક્ષ શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવાનો હેતુ શિક્ષકની નિર્બળતાનો કે ક્ષતિઓ બતાવવાનો હોઈ શકે નહીં. દૃષ્ટિવંત આચાર્ય ખૂબ જ સૂઝ-બૂઝ અને કુશળતાથી શિક્ષકનું શિક્ષણકાર્ય વધુ ને વધુ ક્ષમતાપૂર્વક અને અસરકારક બને તે રીતે તેને સહાનુભૂતિપૂર્વક સલાહ-સૂચનો અને માર્ગદર્શન પૂરાં પાડે છે. શિક્ષકને પૂર્ણ પણે વિશ્વાસમાં જોઈ તેની ક્ષતિઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી તેની ભુલો સુધારવામાં મદદરુપ થાય છે. વર્ગખંડના શિક્ષકને અસરકારક, રસપ્રદ અને વિદ્યાર્થી યોગ્ય બનાવવા માટે તે વિવિધ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનું નિર્દેશન કરી શિક્ષકોને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે. આમ કરવાથી શિક્ષકોનો અહમ્ સંતોષાય છે. અને આચાર્ય દ્વારા કરાયેલાં સૂચનોનો તે સહર્ષ સ્વીકારે પણ કરે છે.

**2. અભ્યાસક્રમમાં સુધારણા અને વિકાસ**

આચાર્ય સ્થાનિક, સામાજીક અને રાષ્ટ્રીય આવશ્યકતાઓના પરિપ્રેક્ષ્યમાં શાળાનાં વિવિધ સ્તરના અભ્યાસક્રમોનું ઝીણવટપૂર્વક આયોજન અને સતત નિરીક્ષણ કરતો રહે છે. સમાજની કે રાષ્ટ્રની પરિવર્તન પામતી જરૂરિયાતોના સંદર્ભમાં તે અભ્યાસક્રમોનું નિરીક્ષણ કરે છે. અભ્યાસક્રમના ક્ષેત્રે નૂતન પ્રયોગો આદરે છે. શિક્ષકો અને શિક્ષણવિદો સાથે વિચાર વિમર્શ કરી અભ્યાસક્રમનું સતત મૂલ્યાંકન કરતો રહે છે અને આવશ્યકતા જણાય ત્યારે અભ્યાસક્રમમાં નવા સુધારા સૂચવે છે. આચાર્યનો અભિગમ હકારાત્મક યા વિવાદાત્મક હોવો જોઈએ અને પોતાના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ તબક્કાઓના અભ્યાસક્રમનું સતત નિરીક્ષણ, મૂલ્યાંકન, અજમાયશ કરી તે અંગે તેણે કેટલાંક પગલાં લેવા જોઈએ. જો કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલીકરણ પછી રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે અભ્યાસક્રમમાં પરિવર્તનો થતાં જ રહ્યા છે, છતાં કુશળ આચાર્યો નૂતન પ્રયોગો કરી અભ્યાસક્રમ પરિવર્તન અને સુધારણા માટે સૂચનો કરવા જોઈએ.

**3. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ :**

શાળામાં યોજાતી સાંસ્કૃતિક, સામાજીક, સાહિત્યિક અને રમતગમતની પ્રવૃત્તિઓ બાદ તેનું યાગ્ય અમલીકરણ થાય તે માટે આચાર્યે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનુ સતત નિરીક્ષણ કરતાં રહેવુ જોઈએ. આ પ્રવૃત્તિઓના આયોજન કે અમલીકરણમાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો તેના ઉકેલ

માટે જાગૃતિપૂર્વક પ્રયાસો કરી શિક્ષકો અને વિદ્યાર્થીઓને સહાયરૂપ થવું જોઈએ. પ્રવૃત્તિઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ યોગ્ય રીતે ભાગ લે છે કે નહીં તેનું નિરીક્ષણ શાળાના આચાર્યે કરવું પડે છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ માત્ર વેઠ ન બની જાય અને તેના પ્રત્યે વિદ્યાર્થીઓ ઉદાસીનતા ન સેવે તે માટે આચાર્યે વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિઓનું સતત નિરીક્ષણ કરતા રહેવું પડે છે. તો જ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ ફળદાયી અને વિદ્યાર્થીઓ માટે વિકાસપ્રેરક બની શકે છે.

**4. શાળાપત્રકોનું નિરીક્ષણ :**

આચાર્યે શાળા કે કાર્યાલયના વિવિધ પત્રકોની નિરીક્ષણ કરવાની પણ ફરજ બજાવવાની છે. શાળાનું કાર્યાલય એ શાળાનું હાર્દ છે. જ્યાંથી શાળાની સમગ્ર પ્રવૃત્તિઓનુ સારી રીતે સસંચાલન શક્ય બને છે. તે શાળા સંચાલનના પ્રાણરૂપ એવું અભિન્ન અંગ છે. તેને માટે કહેવાયું છે કે તે શાળાનું મગજ છે. શાળાની માહિતીનો સર્વજ્ઞાન સંગ્રહ છે, માહિતી સ્ત્રોત છે. આચાર્યે વિદ્યાર્થીઓનાં હાજરી પત્રક, શિક્ષણેતર કર્મચારીઓનું હાજરીપત્રક, શાળામાં આવતા પરિપત્તો. માહિતી મોકલવા માટેનાં પત્રકો, વિવિધ પરીક્ષાઓના પરિણામ પત્રકો, ગુણાંકન પત્રકો, નિરીક્ષકોની નિરીક્ષણ પોથીઓ, વિવિધ સમય પત્રકો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓની નોંધ કે હેવાલ પત્રકો, શાળાના અધિક્ષણની ફાઈલો, સરકારશ્રી કે અન્ય સંસ્થાઓ તરફથી આવેલાં પત્રો અને તેના પ્રતિ ઉત્તરો, કન્ટિજન્સી રજિસ્ટરો, ડેડસ્ટોક રજિસ્ટર વગેરે યોગ્ય રીતે અને સમયાંતરે નિરીક્ષણ કરવું જોઈએ. આ રીતે આચાર્યે શાળાના વિવિધ પત્રકોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને શાળાનો વહીવટ યોગ્ય રીતે ચલાવી શકે. જો આ પ્રકારનું નિરીક્ષણ ન થાય તો ઘણીવાર શિક્ષકો અને શિક્ષણેત્તર કર્મચારીઓ પોતાની કાર્ય સાધનામાં શિથિલ બને છે ને સારી શાળાનું વ્યવસ્થાતંત્ર જોખમાય છે.

**5. આર્થિક આવક-જાવકના પત્રકોનું નિરીક્ષણ**

શાળાના સર્વાંગી વિકાસની આધારશીલા એ શાળાની આર્થિક સદ્ધરતા પર આધાર રાખે છે. આચાર્યે આવક-જાવકના હિસાબો ચોકસાઈથી, ચીવટપૂર્વક તપાસવાં જોઈએ અને તેવું સતત નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. આર્થિક વહીવટ શુદ્ધ, સ્વચ્છને પ્રામાણિક હોય તે જોવાની જવાબદારી આચાર્યની છે. રોજે રોજના આવક-જાવકના હિસાબ બરાબર રાખવામાં આવે છે કે નહીં તેની માહિતી આચાર્યને હોવી જોઈએ. આ માટે આચાર્યે શિક્ષણેત્તર કર્મચારીઓના કાર્યાલયની અવાર-નવાર અને અચાનક મુલાકાત લઈ શાળા પત્રકોનું અને હિસાબોનું ચીવટપૂર્વક અને ચોકસાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. આર્થિક બાબતો અંગે કર્મચારીઓ અને આચાર્યે પૂરતી સાવધાની અને જાગૃતિનું પાલન કરવું જોઈએ. આ ઉપરાંત આચાર્યે કેશબુક, રાજમેળ, હિસાબપત્રકો, વાર્ષિક આવક-જાવકના ચોપડાઓનું નિરીક્ષણ કરી હસ્તાક્ષર કરવાં જોઈએ.

**6. શાળાની ભૌતિક સુવિધાઓનું નિરીક્ષણ :**

વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય અને તેમની અનુકૂળતાઓ જળવાય તેવી ભૌતિક સુવિધાઓનું નિરીક્ષણ આચાર્યે કરવાનું હોય છે.

- શાળાનું મકાન
- વર્ગખંડો
- આરોગ્ય વિષયક સુવિધાઓ
- પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ખંડો
- છાત્રાલય

**શાળાનું મકાન :** આચાર્યે શાળાના મકાનની સ્વચ્છતા જળવાય, તેને સમયાંત્તરે રંગરોગાન થાય અને તેની મરામત થાય તેની કાળજી રાખવાની હોય છે. શાળાના મકાનની સાથે-સાથે શાળાના મેદાનની પણ સ્વચ્છતા જળવાઈ રહે તે જોવાનું કાર્ય પણ આચાર્યનું છે.

**વર્ગખંડો :** આચાર્યે દિવસમાં એકવાર શાળાના વર્ગખંડોની મુલાકાત લઈને વર્ગખંડની સ્વચ્છતા, તેમાં રહેલ ફર્નિચર એટલે કે પાટલીઓ, ટેબલ, ખુરશી, બારી-બારણાં, વગેરેનું નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. વર્ગખંડમાં પૂરતા પ્રમાણમાં ટેબલ, ખુરશી, પાટલીઓ કે ફર્નિચર ન હોય તો તેની ગોઠવણીની જવાબદારી આચાર્યની છે.

**આરોગ્ય વિષયક સુવિધાઓ :** વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે પૂરતા પ્રમાણમાં આરોગ્ય વિષયક સગવડો ઊભી કરવાની જવાબદારી આચાર્યની છે. આચાર્યે વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યો માટે પૂરતા પ્રમાણમાં શૌચાલયો, બાથરૂમો ઉપલબ્ધ થાય તે ઉપરાંત તેની વ્યવસ્થિત રીતે સફાઈ થાય છે કે નહિં તેમજ પૂરતા પ્રમાણમાં સ્વચ્છતા જળવાય છે કે નહિં તેની પણ કાળજી લેવી જોઈએ. આચાર્યે આ બધા સ્થળોની મુલાકાત લઈને તેનું નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. વિદ્યાર્થીઓ માટે પાણીની પૂરતાં પ્રમાણમાં વ્યવસ્થા છે કે નહિં તે જોવું જોઈએ. એટલું જ નહીં પણ પાણીની ટાંકીની સફાઈ અને સ્વચ્છતા જળવાય છે કે નહિં તેનું પણ નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. પાણી શુદ્ધ અને સ્વચ્છ રહે અને તેમાં કોઈ પણ પ્રકારનું પ્રદૂષણ ના ભળે તેની આચાર્યે સતત કાળજી રાખવી જોઈએ.

**પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ખંડો :** પુસ્તકાલય એ જ્ઞાનમદિર છે. તેથી તે અત્યંત સ્વચ્છ અને પવિત્ર હોવું આવશ્યક છે. પુસ્તકાલયમાં પુસ્તકોની ગોઠવણી, સામયિકોની વ્યવસ્થા, યોગ્ય ફર્નિચર વગેરેની ગોઠવણીનું આચાર્યે નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. તેમજ પુસ્તકાલયમાં વાચકોને કોઈ મુશ્કેલીના પડે તેમ જ શાંતિ જળવાય તેનું પણ આચાર્યે નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

પ્રયોગશાળાની સ્વચ્છતા, સાધનોની વ્યવસ્થિત ગોઠવણી, પ્રયોગશાળામાં કબાટોની નિયમિત સફાઈ વગેરેનું પણ આચાર્યે નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. તેમજ આચાર્યે અનેક વિષયના ખંડો જેવાં કે રમત-ગમતના ખંડો, વ્યાખ્યાન ખંડ કે પ્રાર્થનાખંડ, ચિત્રકલા ખંડ વગેરે જેવાં ખંડોની સ્વચ્છતા અને સુસજ્જતાની ચકાસણી કરવા માટે તેનું યોગ્ય નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ.

**છાત્રાલય :** છાત્રાલય એ વિદ્યાર્થીઓની નિવાસી શાળા છે. શાળામાં મળતાં જ્ઞાનાનુભવો બાળકોને છાત્રલસ માંથી પ્રાપ્ત થાય છે. છાત્રાલય એ બાળકોને વાસ્તિવક જીવનનાં અનુભવો પૂરાં પાડી તેમને ભાવિ નાગરિકો તરીકે તૈયાર કરે છે. આ અનુભવો જેટલાં સઘન અને શિષ્ટ હોય તેટલા જ પ્રમાણમાં બાળકનુ જીવનઘડતર સંગીન બને છે. છાત્રાલયની જવાબદારી સામાન્ય રીતે છાત્રાલયોનાં ગૃહપતિ વહન કરતાં હોય છે. આમ છતાં કેટલીકવાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નો ઊભા થાય છે. છાત્રાલયના મકાનની સ્વચ્છતા, છાત્રાલયની સુવિધાઓ વગેરેનુ આચાર્યે અવારનવાર મુલાકાત લઈ નિરીક્ષણ કરવું જોઈએ. છાત્રાલયનુ વાતાવરણ નિરામય અને પ્રસન્ન રહે તે માટે આચાર્યે પ્રયત્નો કરવાં જોઈએ.

### 7. વિદ્યાર્થીઓના વર્તનનું નિરીક્ષણ

આચાર્ય શાળામાં ભણતાં વિદ્યાર્થીઓનો જનક છે. તેઓએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના શાળાની બહાર અને શાળાની અંદરના વર્તન માટે પૂરતી તકેદારી અને સાવધની રાખવી જોઈએ. વિદ્યાર્થીઓના આંતરવર્તનો અને વ્યવહારો વગેરેનું સૂક્ષ્મ નિરીક્ષણ આચાર્યે કરતાં રહેવું જોઈએ. શાળાનું વાતાવરણ પ્રસન્ન અને શાંતિમય રહે તે માટે વિદ્યાર્થીઓના વર્તન-વ્યવહારો મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ વચ્ચેના વ્યવહારમાં, વિદ્યાર્થીઓ શિક્ષક કે કર્મચારીઓ સાથેના વ્યવહારોમાં શિષ્ટતા અને શાલિનતાની લક્ષ્મણરેખા ન ઓળંગે તેની આચાર્યે સતત કાળજી રાખવી જોઈએ. વર્ગખંડમાં કે વર્ગખંડ બહાર, શાળાના મેદાન માં કે પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓના વર્તન પર આચાર્યની નજર રહે તે જરૂરી છે. તેમજ વિદ્યાર્થીઓના સારા વર્તન-વ્યવહાર માટે યોગ્ય પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

### 8. સામાન્ય બાબતો

આચાર્યે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે તેમજ શાળાના સર્વાંગી વિકાસ માટે શાળાની સર્વસામાન્ય બાબતોનું નિરીક્ષણ કરવું જોઈએ. શાળાના કર્મચારીઓનું ચોકસાઈપણું, કર્મચારીઓની નિયમિતતા, શાળાના કર્મચારીઓના વર્તન-વ્યવહારોનું સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. શાળાની પરંપરા અને પ્રણાલીકાઓનું યોગ્ય પાલન શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા થાય છે કે નહીં તેનું પણ નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. આ ઉપરાંત આચાર્યે દર વર્ષે શાળાના સત્રની શરૂઆત પહેલાં અમુક બાબતોને ધ્યાનમાં રાખીને તે કાર્યો પૂરાં કરવાં જોઇએ જેવાં કે, :-

- શાળાનુ વાર્ષિક કેલેન્ડર બનાવવું.
- શાળાની રજાઓની યાદી તૈયાર કરવી.
- સમયપત્રક બનાવવું અને શિક્ષકોને કાર્યભારની વહેંચણી કરવી.
- શૈક્ષણિક પુસ્તકોની ખરીદી કરવી, સામયિકોની યાદી બનાવવી અને તે મંગાવવી.
- વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો.
- વર્ગોની ગોઠવણી કરવી.
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓના સંગ્રહિત પત્રકો તૈયાર કરવાં વગેરે.

**9. પરીક્ષણ અને મૂલ્યાંકન**

આપણી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986) અનુસાર વિદ્યાર્થીઓના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પર ભાર મૂકવામાં આવે છે. વિદ્યાર્થીઓનુ પરીક્ષણ દ્વારા મૂલ્યાંકન થાય એ શાળાનો એક અગત્યનો અને અનિવાર્ય ક્રમ છે. મૂલ્યાંકનનો વાસ્તવિક ઉદ્દેશ વિદ્યાર્થીઓના અધ્યાપન અને અપેક્ષિત વર્તન, પરિવર્તન અંગે જાણકારી મેળવવાનો, તેમની યોગ્યતા, ક્ષતિઓ, ખામીઓ અને કચાશ જાણવાનો અને તેમની ક્ષમતા સુધારવાનો છે. વર્તમાન પરીક્ષા પદ્ધતિ આ હેતુઓને સિદ્ધ કરી શકી નથી. મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. આચાર્યની જવાબદારી વિદ્યાર્થીઓના પરીક્ષણ અને મૂલ્યાંકન માટે આયોજન કરવાની અને તેનું યોગ્ય અમલીકરણ કરવાની છે. તે વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની કસાટીઓની રૂપરેખા તૈયાર કરે, સમયાવિધ નક્કી કરે, તેનો યોગ્ય અમલ કરે. વિદ્યાર્થીઓના યાગ્ય પરીક્ષણ અને મૂલ્યાંકન માટે સાથી શિક્ષકોને વિશ્વાસમાં લઈ ચોક્કસ રૂપરેખા ઘડી તેમને યાગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. પરીક્ષાનો કાર્યક્રમ ઘડી સમયબદ્ધ કાર્યક્રમ મુજબ પરીક્ષા લેવાય, ઉત્તર વહીઓ યોગ્ય સમયમાં તપાસાય, અને પરિણામો સમયબદ્ધ રીતે બહાર પડે તે જોવાની જવાબદારી આચાર્યની છે. ઉત્તરવહીઓની ઉત્તર તપાસણી યોગ્ય થઈ છે કે નહીં, ગુણાંકન યોજના મુજબ થયું છેકે નહીં, તેનું પણ આચાર્યે નિરીક્ષણ કરવું જોઈએ. પરીક્ષાના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓની ગતિ-પ્રગતિનું યાગ્ય મૂલ્યાંકન કરી, તેમના માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક પગલાં લેવાની જવાબદારી પણ આચાર્યે વહન કરવાની હોય છે. આ પરીક્ષણ મૂલ્યાંકન કાર્યના સંચાલનમાં આચાર્યના રસરુચિ, પ્રેરણા તથા સક્રીય સહયોગ અનિવાર્ય છે. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં શિક્ષકો અને આચાર્યોની કાર્યકુશળતાનું પણ મૂલ્યાંકન થાય છે. પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો કે વાલીઓ ગેરરીતિ કે ભ્રષ્ટાચાર આદરે નહીં તે જોવાની જવાબદારી પણ આચાર્યની રહે છે. આ માટે આચાર્યે શિક્ષકોને અને સાથી કર્મચારીઓને વિશ્વાસમાં લેવા જોઈએ.

**10. માર્ગદર્શન :**

આચાર્યની જવાબદારી વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓને યોગ્ય સમયે યોગ્ય પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવાની છે. તેઓએ તેજસ્વી અને નિર્બળ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. વિધાર્થીઓને સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રેરણા પૂરી પાડવી જોઈએ. વાલીઓને પોતાના બાળકોને યોગ્ય રીતે સમજે અને સહાયક નીવડે તે માટે વિદ્યાર્થીઓની શક્તિ-મર્યાદાઓને સમજીને તેમને માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. આ ઉપરાંત સંચાલક મંડળને શાળાની પ્રગતિ અને વિકાસ માટે શૈક્ષિણક માર્ગદર્શન પૂરું પાડવાની અને તેમને યોગ્ય સલાહસૂચનો કરવાની જવાબદારી આચાર્યની છે. આમ, આ રીતે આચાર્યના શીરે ફરજો અને જવાબદારીઓનો માટો ભારવહન હોય છે. તેમણે વહીવટ, શિક્ષણ, નિરીક્ષણ, પરીક્ષણ અને મૂલ્યાંકન, આયોજન અને માર્ગદર્શન તેમજ માનવ સંબંધોની જાળવણીમાં ઉત્તરદાયિત્વ નિભાવવાનું હોય છે. આચાર્ય શાળા સંચાલનની પ્રાણવાન ધરી છે. આચાર્ય જો દૃષ્ટિવાન હોય તો શાળા એક ઉદ્યાનમાં ફેરવાઈ જાય છે.

**5. 3. 5 આચાર્યની ભૂમિકાઓ**

આચાર્યની શાળામાં મહત્ત્વની ભૂમિકાઓ છે. તેમાં ઘણી બધી વિદ્યાકીય અને વ્યવસાયકીય ભૂમિકાઓનો સમાવેશ થાય છે. વિખ્યાત કેળવણી ચિંતક મિટ્ઝબર્ગના મતે વ્યવસ્થાપકમાં નીચેના જેવાં કૌશલ્યો હોવા જોઈએ ;

- ♦ સંપર્ક કૌશલ્ય
- ♦ નેતૃત્વ કૌશલ્ય
- ♦ સંઘર્ષ નિવારણ માટેનું કૌશલ્ય
- ♦ માહિતી પ્રક્રિયા કૌશલ્યો
- ♦ નિર્ણય કૌશલ્યો
- ♦ સંસાધનોના ઉપયોગનું કૌશલ્ય
- ♦ નવા વિચારના અમલીકરણ માટેનું કૌશલ્ય
- ♦ આત્મ સંસાધનનું કૌશલ્ય

આમ, આચાર્ય સ્વયં આત્મનિરીક્ષણ કરીને વિચારપૂર્વક નિર્ણયો લઈને શાળામાં નવવિચાર પરિવર્તન પણ સાધી શકાય

ઉપરોક્ત કૌશલ્યના સંદર્ભમાં આચાર્યની વિવિધ ભૂમિકાઓ સ્પષ્ટ થાય છે.

**1. સંયોજન તરીકેની ભૂમિકા :**

આચાર્યે શાળા કે સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સંયોજક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવવાની હોય છે. શૈક્ષણિક સંસ્થાનું કાર્યક્ષમ સંચાલન અપેક્ષા રાખે છે. સારા સંયોજનની સંસ્થા કે શાળામાં શિક્ષકો અને શિક્ષકેત્તર કર્મચારીઓ વિવિધ પ્રકારના કાર્યો કરે છે. સંસ્થા બૃહદ સમાજની અને ખાસ કરીને જેમનાં બાળકો સંસ્થામાં પોતાનો વિકાસ સાંધતા હોય એવા વાલીઓની અપેક્ષાઓ સંતોષવાનું કાર્ય કરે છે. સંસ્થાના વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પર દુર્લક્ષ કરવું સંસ્થાને પરવડે નહીં. સાથે સાથે સંસ્થાને નાણાંકીય સહાય કરનાર સરકાર અને સમાજનું ધ્યાન પણ સંસ્થાએ રાખવું પડે છે. આ વિવિધ કાર્યોને ન્યાય આપવાનું ઉત્તરદાયિત્વ આચાર્ય નિભાવે છે. રંગભૂમિના દિગ્દર્શકને જેમ નિર્માતા, અભિનેત્રી, કસબીઓ, પ્રેક્ષકો, લેખકો અને જનરુચિનો ખ્યાલ રાખી પોતાની કલાકૃતિ સમાજ સમક્ષ રજૂ કરી દાદ મેળવવાની હોય છે. તેમ આચાર્ય પણ સંસ્થા કે શાળાના અનેક પરિબળોના સંયોજન વડે ધ્યેયસિદ્ધિ તરફ પ્રયાણ કરવાનું હોય છે. આચાર્યે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ સાથે જ સંયોજક બની રહેવાનું હોય છે. એવું નથી કે તેણે વિદ્યાર્થીઓના જૂથોને પણ ધ્યેય તરફ ગતિશીલ રાખવાનાં છે. આ માટે આચાર્યે સંયોજક તરીકેની ભૂમિકા અદા કરવાની છે. આ ઉપરાંત વ્યવસ્થાપક મંડળ કે સંચાલક મંડળ સાથે યોગ્ય સંકલન સાંધી શાળા કે સંસ્થાને વિકાસને માર્ગે અગ્રેસર કરવાની હોય છે. સરકારના શિક્ષણખાતાના આદેશો સાથે શાળાની પ્રવૃત્તિઓને કાર્યક્રમોનું સંકલન સાધીને સંયોજન કરવાનું હોય છે. આમ આચાર્યે એક કુશળ સંયોજનની ભૂમિકા અદા કરવાની હોય છે.

**2. શૈક્ષણિક નેતૃત્વ :**

આચાર્ય માત્ર સંસ્થા કે શાળાના વહીવટી વડા જ નથી, એમણે સંસ્થાને વિદ્યાકીય નેતૃત્વ પણ પૂરું પાડવાનું હોય છે. સંસ્થા કે શાળાના સર્વાંગી શિક્ષણના હેતુઓ સિદ્ધ કરે એ માટે અભ્યાસક્રમ, પ્રવૃત્તિઓ અને એ પ્રવૃત્તિઓ જેમના દ્વારા સંચાલિત કરતી હોય એ શિક્ષકો પર ધ્યાન આપવાનું કહે છે. પ્રો.આર.એમ. સ્ટોગડિલના એક સર્વેક્ષણમાં આચાર્ય પાસે રખાતી અપેક્ષાઓનું ક્રમાંકન કરવામાં આવ્યું હતું. સરેરાશ આવડતની અપેક્ષા નેતૃત્વ પાસે જેમાં વધુ રાખવામાં આવે એવા ગુણો હતાં. બુદ્ધિ, વીરતા, જવાબદારી અદા કરવા અંગેની વિશ્વસનીયતા, પ્રવૃત્તિ અને સામાજીકતા તથા આર્થિક-સામાજીક મોભો, આમ શિક્ષણ જગત પણ નેતૃત્વની વિધાકીય ક્ષમતા પર ભાર મૂકે છે.

વિધાકીય હેતુઓ સિદ્ધ કરવાં માટે સંસ્થા કે શાળામાં સૌ કટિબદ્ધ અને પ્રતિબદ્ધ રહે એ જોવાની

જવાબદારી આચાર્યની છે. એ માટેનું પ્રથમ સોપાન છે વિધાકીય આયોજન. અભ્યાસક્રમના અનુસંધાનમાં સાથીઓને સથવારે આચાર્ય આયોજન પ્રક્રિયા પાર પાડે છે. આ આયોજનમાં શૈક્ષિણક પ્રવૃત્તિઓ અને તેના મૂલ્યાંકનની જોગવાઈ હોય છે. સમય અને પ્રાપ્ત માનવશક્તિની સમતુલા જાળવવાની જવાબદારી આચાર્યની છે. પ્રત્યેકની શક્તિને પડકારરૂપ એવી પ્રવૃત્તિઓ મળી રહે અને પડકારો ઝીલવાના એમના ઉમંગ ને યોગ્ય પર્યાવરણ પ્રાપ્ત થાય એ જોવાની જવાબદારી આચાર્યની છે. સાથીઓના કાર્યનું નિરીક્ષણ કરીને, તેમને સુયોગ્ય માર્ગદર્શન પૂરું પાડીને અને વખતોવખત પ્રોત્સાહક અભિગમ દ્વારા એમને કાર્યરત રાખવાના પ્રયત્નો કરીને આચાર્યએ જવાબદારી અદા કરવાની છે. આ જવાબદારી અદા કરવામાં એમની વૈયક્તિક નિષ્ઠા અને વિષયજ્ઞાન એમને અત્યંત ઉપયોગી નીવડે છે. શાળા કે સંસ્થામાં કાર્ય કરતાં શિક્ષકોમાં ઓછીવત્તી શક્તિ હોય છે. જે શિક્ષકો વિષય સજ્જતામાં ઊણા ઊતરતા લાગે એમના માટે એવા તાલીમ કાર્યક્રમોનું આયોજન પણ આચાર્યએ જ કરવું જોઈએ.

વ્યાવસાયિક ક્ષમતોઓનો વિકાસ તેઓ સિદ્ધ કરે અને અપેક્ષાઓ પૂર્ણ કરે એ માટે આંતરિક કે બાહ્ય સ્વરૂપના કાર્યક્રમો યોજી શકાય, શૈક્ષણિક સંસ્થાઓમાં વિષય સમિતિઓ રચીને અને સમિતિઓની ચર્ચા-વિચારણાને યોગ્ય દિશા આપીને આચાર્ય આંતરિક સેવાકાલીન કાર્યક્રમોના હેતુઓ પાર પાડી શકે, સેવા વિસ્તરણ વિભાગો, માધ્યમિક શિક્ષણ બોર્ડ કે અન્ય એજન્સી દ્વારા યોજાયેલા પરિસંવાદોમાં, કાર્ય શિબિરોમાં કે ગોષ્ઠીમાં શિક્ષકોને મોકલીને પણ એમની સજ્જતામાં વધારો કરી શકાય. શિક્ષકોને ગતિશીલ અને વિચારવંત રાખવા એ આગવું કૌશલ્ય છે. શિક્ષકોની વિચારશીલતા અને સર્જનાત્મકતા રૂઢિગત કારકુનીના જંગલમાં કે પ્રણાલીઓના વમળમાં અટવાઈ ન જાય એ પણ આચાર્યે જોવું પડે. શિક્ષકની વિષય સજ્જતા અને કૌશલ્યો ને ઓપ આપવાના અનેક નવનવીન કર્તાઓની અજમાયશ થઈ ચૂકી છે, થઈ રહી છે. વિદ્યાકીય સિદ્ધિઓ આ શિક્ષકો જ છે ને આચાર્ય વર્ગખંડની મુલાકાત લે અને શિક્ષકના વર્ગવ્યવહારને કે વિદ્યાકીય પર્યાવરણ ઊભું કરવાની એની ક્ષમતાને જુએ, મૂલવે અને માર્ગદર્શન આપે . આ ઉપરાંત એ શિક્ષકોને વચૈક્તિક અને સામૂહિક રીતે મળીને પણ વિદ્યાકીય પ્રશ્નોની ચર્ચા અને પ્રશ્નોના ઉકેલ માટેની વિચારણા કરી શકાય. શિક્ષકો માટે આદર્શ અને નમૂનેદાર એવા શિક્ષણપાઠોનું આયોજન પણ કરી શકાય છે. શિક્ષણ સંમેલનો કે શૈક્ષણિક અધિવેશનમાં શિક્ષકોને પ્રતિનિધિ તરીકે મોકલી શકાય છે. માઈક્રોટીચિંગ દ્વારા શૈક્ષણિક કૌશલ્યોની ધાર ને વધુ તીક્ષ્ણ બનાવી શકાય છે, કેટલીક સંસ્થા કે શાળાઓ વિશિષ્ટ પ્રકલ્પો કે વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિઓનો પ્રયોગ કરે છે. આવી શાળા કે સંસ્થાઓની મુલાકાત ગોઠવી પોતાની સંસ્થાકે શાળાના પરિવર્તન ના સાદને ઝીલવા માટે આચાર્ય તૈયાર કરી શકે. આચાર્ય એ જૂથ વ્યવહાર અને પ્રત્યાયન પ્રક્રિયાના કસબી હોવાં જોઈએ. આચાર્યે જૂથ વ્યવહાર દ્વારા જૂથના સૌ સભ્યો સહકારની ભાવનાથી કામ કરે તે જોવું જોઈએ. વર્તમાનયુગ એ પ્રત્યાયન યુગ છે. પ્રત્યાયન દ્વારા આચાર્ય શિક્ષકો કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પ્રતિપોષણ આપે છે. શાળા કે સંસ્થાની પ્રતિભાના પ્રસ્થાપન અને સંવર્ધનમાં આચાર્યની પ્રત્યાયન ક્ષમતા મહત્ત્વનો ભાગ ભજવે છે. આચાર્યના શૈક્ષણિક કે વિદ્યાકીય નેતૃત્વ દ્વારા નોનગ્રાન્ટેડ સ્કૂલ, ટીમ ટીચિંગ કે ડીફરેન્શિયલ સ્ટાફિંગ જેવાં અભિગમો માટેની ભૂમિકા તૈયાર કરાવે એ ઈચ્છનીય છે. આચાર્યનું શૈક્ષણિક નેતૃત્વ આ રીતે પોતાની શિક્ષણ સંસ્થાને સજ્જતા, કૌશલ્યો, નવા વિચારો અને નવા પ્રવાહો તરફ અભિમુખ કરવાને પ્રવૃત્ત રહે અને સંસ્થાની વિદ્યાકીય પ્રતિમાને ઉજજ્વળ બનાવે એવી સમાજે સેવેલી અપેક્ષાને સંતોષી શકે.

**3. પરિવર્તનના પયગંબર :**

આજના આધુનિક સમયમાં ચક્રની ગતિશીલતા સાથે પરિવર્તન અનિવાર્ય છે, પરિવર્તનના પ્રણેતા નવવિચાર છે. કોઈ પણ સંસ્થા કે શાળાને ચેતનવંતી રાખવા માટે નવવિચારનો પ્રાણવાયુ મળતો રહે તે ખૂબ જરૂરી છે. વ્યક્તિ કે જૂથને નવો લાગતો અને અસ્તિત્ત્વ ધરાવતાં વિચાર કે પ્રણાલીથી જુદોં પડતો વિચાર કે વિચાર સમૂહ એટલે નવવિચાર. નવવિચાર ને પગલે-પગલે શાળા કે સંસ્થામાં પરિવર્તનનાં પવનો ફૂંકાય છે. કોઈ પણ શાળા કે સંસ્થા પરિવર્તન વિમુખ રહે તો એની સ્થગિતતા એનો મૃત્યુલેખ જ બની રહે. પરિવર્તન એ જીવનનો અને જગતનો સનાતન ક્રમ છે. કોઈ પણ શાળાકે સંસ્થાનું નેતૃત્વ પરિવર્તનના

પડકારને ઝીલવા માટે સદાય તત્પર રહે છે. સંસ્થાકે શાળામાં ઈચ્છનીય પરિવર્તનો લાવવામાં આચાર્યની ભૂમિકા સાચે જ ચાવીરૂપ બની રહે છે. પરિવર્તનની આ પ્રક્રિયાનાં પરિવર્તનના પરિવ્રાજક સમાં આચાર્યમાં કેટલાંક લક્ષણાં હોવા જરૂરી છે. નેતૃત્વ અપેક્ષિત છે. તાજગી અને સ્ફૂર્તિ, નેતાની સામાજીક પ્રતિષ્ઠા, તેનું જ્ઞાન, કૌશલ્ય અને નિષ્ઠા પણ નેતૃત્વમાં શ્રદ્ધા પ્રેરવાં માટે વપરાય છે. નવ વિચારોનુ વહન કરવા માટે અલગ અભિપ્રાય અડગ રીતે વ્યક્ત કરવાનું ખમીર પણ એટલું જ આવશ્યક. પૂર્વગ્રહથી મુક્ત એવું વ્યક્તિત્ત્વ નવ વિચાર તરફ વળવા માટે ઘણું ઉપયોગી બની રહે. નવવિચારના સ્વીકાર માટેની ભૂમિકા રચવામાં નેતા ને પોતાના સાથીઓને પ્રેરવા પડે છે. અને શ્રદ્ધા અનુપ્રેરિત પણ કરવા પડે છે. સાથીઓને માત્ર પરિપત્રો વંચાવી કે તેનો અમલ કરવા માટેનો આદેશ આપીને નિશ્ચિત બનનાર નેતા પરિવર્તનની પ્રક્રિયા ચાલુ કરી શકતા નથી. આને માટે આચાર્યે શિક્ષકને કાર્યરત કરવા માટે આરંભ વિચારમા કે પરામર્શનની પ્રક્રિયામાં તેમને સામેલ કરવા ઘટે. તેમના રજૂ કરાયેલા વિચારોને ચકાસી લઈને તેમને સામેલ કરવા ઘટે, તેમની બુદ્ધિ ક્ષમતાને બિરદાવીને તેમને નવવિચારો તરફ ફેરવાય તેવાં કાર્યો કરવાં જોઈએ.

આચાર્ય પરિવર્તનના અગ્રહત તરીકે જૂની અને જર્જરિત પરંપરાઓનો ત્યાગ કરીને, નૂતન પ્રણાલીકાઓની કેડીઓ કંડારીને શાળાકે સંસ્થાને નવપલ્લિત કરે છે. નવું શૈક્ષણિક હવામાન સર્જે છે. નવ પ્રસ્થાનકાર તરીકે નવા ઊભા થતાં પડકારોને ઝીલવાનું સામથ્ય કેળવે છે. અને તે માટે સાહસિકતા અને ઉત્સાહ વડે શરૂઆત કરે છે. શાળા કે સંસ્થાઓને જૂની પરંપરાઓના પિંજરામાંથી બહાર કાઢીને નવી પ્રણાલીઓનું સર્જન કરે છે. તે વર્તમાનની પળે પળને પિછાણી ને ભાવિના સ્વપ્ન દ્રષ્ટા અને ક્રાંતિદ્રષ્ટા બને છે. તે વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નૂતન પ્રવાહથી પ્રાણસંચાર કરે છે. તેમનામાં ઉત્સાહ જગાડે છે. શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતાના સંવર્ધનમાં બીડાયેલાં દ્વારા ખોલે છે. અને એની આવતીકાલના પડકારો ઝીલવા માટે શિક્ષકોને સજ્જ બનાવે છે.

આમ, શાળાકે સંસ્થાનું નવપલ્લન કે નવવિચાર આચાર્યના નેતૃત્વ પર આધાર રાખે છે. આચાર્યે આવતીકાલ માટે જાગૃત રહેવું જોઈએ. તેનામાં ચિંતનશીલતા અને સર્જનાત્મક્તા હોવાં જોઈએ. વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ વિચારસરણી સંસ્થાના કે શાળાના માંગલ્ય તરફ દોરી જાય છે. નવાં વિચારો અને પરિવર્તનમાં તેને શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ. આચાર્યમાં સ્વપ્રતિતિ અને આત્મનિર્ભરતાં પૂરતાં પ્રમાણમાં હોય તોજ તે નવપરિવર્તનો સ્વીકારી તેને આત્મસાત્ કરી શકે છે. આમ, આચાર્ય આશાવાદી, વિધાયક વલણવાળા, દઢસંકલ્પયુક્ત, પ્રોત્સાહક પ્રતિપોષણ આપનાર અને નવપલ્લવની અદમ્ય સુખને સેવનાર હોય તો જ તે શાળાકે સંસ્થાને નવપલ્લવિત કરવામાં સફળતા મેળવી શકે છે.

**માનવીય સંબધોના મર્મજ્ઞ તરીકેની ભૂમિકા**

આચાર્ય એ માનવ સંબધોનો મર્મજ્ઞ હોવો જોઈએ. આચાર્ય પૂર્વગ્રહરહિત, નિષ્પક્ષ, નિર્દભ અને નિખાલસ વ્યક્તિત્ત્વ ધરાવતો હોવો જોઈએ. આચાર્યનું ઉત્તરદાયિત્વ અનોખું છે. એક બાજુ એમણે સાધનો અને વ્યવહાર કૌશલ્યોના ઉપયોગમાં કુશળતા દાખવવાના છે. તો બીજી બીજુ માનવસંબંધોના પુરસ્કર્તા અને શિલ્પી પણ બનવાનું છે. વ્યક્તિ, જૂથ, અને સમાજને પણ એમણે પ્રભાવિત કરવાં અર્થે પ્રયત્નો કરવાના છે. વાલીઓ, સંચાલક-મંડળ અને શિક્ષકો, શિક્ષકેતર કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સાથેના માનવ-સંબંધોને વધુ વિકસાવવાનું કાર્ય આચાર્યના નેતૃત્વ વ્યવહાર પર નિર્ભર રહે છે. આમ, આચાર્યમાં નિષ્ઠા, પ્રેરણા અને સમાન વ્યવહારના ગુણો હોયતો તે માનવ-સંબંધો ઝડપીથી વિકસાવી શકે છે. શાળા કે સંસ્થા સાથે સંકળાયેલા સર્વ કર્મચારીઓ સવળા માનવ-સંબંધો કે સંસ્થા કે શાળાના ઉત્કર્ષ માટે અત્યંત ઉપયોગી બની રહે છે. માનવ-સંબંધોને સજ્જ કરવાનું કામ આચાર્યનું છે. માનવ-સંબંધોની સંવાદિતતા હોયતો સંસ્થાની પ્રગતિ જરૂર થશે. માનવ-સંબંધોને વિકસાવવા માટે આચાર્ય પાસે આગવી હેત્વી અનિવાર્ય છે. સૌ સાથે સમાન વ્યવહારો, ન્યાય સંગતતા, વિચાર-વાણી-વર્તનમાં નિખાલસતા આચાર્યને સફળ નેતા બનાવી શકે છે.

## 5.4 તમારી પ્રગતિ ચકાસો

1. શાળામાં આચાર્યનુ સ્થાન સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. આચાર્યમાં કઈ કઈ પાત્રતાં હોવી જોઈએ, તેનું સંક્ષિપ્તમાં વર્ણન કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. આચાર્ય પાસે અપેક્ષિત વિશિષ્ટ ગુણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. આચાર્યના કાર્ય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. આચાર્યની ફરજો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. શાળામાં આચાર્યની ભૂમિકા સ્પષ્ટ કરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 5. 5 સારાંશ

વિદ્યાર્થીઓ ઉત્સાહ અને ઉમંગથી ભર્યા-ભર્યા હોય છે. એમના ઉમંગને આરંભ વૃત્તને જાળવી રાખવાનો પ્રયત્ન આચાર્યે કરવો ઘટે. શાળામાં વિદ્યાર્થી મંડળને પ્રવૃત્તિરત રાખવાથી આ હેતુ સિદ્ધ કરી શકાય છે. જવાબદારી વિદ્યાર્થીઓને સોંપતા રહેવાથી તેમના વ્યક્તિત્ત્વ નો વિકાસ થાય છે. અને ભીતર રહેલી શક્તિઓ બહાર આવે છે.

શાળામાં આચાર્યે શિક્ષકો નવવિચાર તરફ આકર્ષાયેલાં રહે તે માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. શિક્ષકો વિકાસભિમુખ રહે એ માટે એમનામાં નેતૃત્વ ભાવના અને નિર્ણયમાં ભાગ લેવાની તત્પરતાં પ્રેરતું વાતાવરણ તૈયાર કરવું જોઈએ. શિક્ષકે મુક્ત મને તેઓ પોતાની સમસ્યાઓ ચર્ચી શકે, ઉકેલી શકે, અભિપ્રાય વ્યક્ત કરી શકે, અને જવાબદારી સ્વીકારી શકે એ માટેની ભૂમિકા તૈયાર કરવી અત્યંત આવશ્યક બની રહે છે. આવું મોકળાશભર્યું માળખું રચવા માટે આચાર્યે પણ કેટલીક જવાબદારીઓ અદા કરવાની રહે છે. એણે એવું હવામાન સંસ્થામાં સર્જવું ઘટે કે જેમાં સર્જનાત્મક્તાભર્યા અભિગમનું આગવું મૂલ્ય હોય રૂઢિગત કે કહેવાતા વ્યવહાર નિર્ણયો કે વિચારધારાથી જુદાં પડવું એ એમની વૈદ્ધતિક મૂડી લેખાતી હોય, પોતાનો ફાળો આપવા માટેની કે જવાબદારીના સ્વીકાર માટેની ઉત્સુક્તા હોય કે જેમાં જૂથ પોતાની સહિયારી જવાબદારીઓ અદા કરવા હોંશભેર ઉત્સુક રહેતું હોય. શિક્ષકો, સંચાલકો અને આચાર્ય પારસ્પરિક અપેક્ષાઓને વાચાં આપવામાં નિખાલસ હોય. આચાર્ય અને શિક્ષકોમાં સુષુપ્ત શક્તિ હોય છે. અને તેમના વ્યક્તિત્ત્વમાં વણાઈ ગયેલી મર્યાદાઓ પણ આ સુષુપ્ત શક્તિઓની ઓળખ અને આદર કરાય એ ખૂબ જરૂરી છે. શિક્ષકોની વ્યક્તિગત મર્યાદાઓ પ્રત્યે અસહિષ્ણુ બનવાને બદલે એ મર્યાદાઓમાંથી તેમને મુક્ત કરવાનાં પ્રયત્ન આપણે સતત કરતા રહીએ એ પણ એટલુ જ ઈચ્છનીય છે. આમ, શાળા એક પરિવાર છે અને એ પરિવારના વડા કે વકીલ છે. આચાર્ય શાળારૂપી લઘુસમાજમાં આવા વડીલો એ વિશ્વાસ અને સ્નેહની સૃષ્ટિ રચવાની રહે છે.

## 5.6 સ્વાધ્યાય

(1) આચાર્ય એ પરિવર્તનનો દૂત છે. પ્રસ્તુત વિધાનની ચર્ચા કરો.

(2) આચાર્યના અપેક્ષિત ગુણો જણાવો.

(3) આચાર્યની પાત્રતા અને યોગ્યતાનું સંક્ષિપ્તમાં વર્ણન કરો.

(4) આચાર્યની શાળા સંગઠન સંબંધી જવાબદારીઓની ચર્ચા કરો.

(5) શાળામાં આચાર્યના સ્થાન વિશે જણાવો.

(6) આચાર્યના કાર્યો જણાવો.

## 5.7 ચર્ચા માટેના મુદ્દાઓ

(1) આચાર્ય બનવા માટે આચાર્યમાં કઈ કઈ લાયકાત હોવી જોઈએ તેની ચર્ચા કરી નોંધ કરો.

(2) કુશળ આચાર્ય શાળાના નવા વર્ષનું આયોજન કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખીને કયા સમયગાળામાં કરવું જોઈએ તેની ચર્ચા કરો.

(3) પ્રત્યેક શાળાના અસરકારક વહીવટ માટે આચાર્યમાં કયા-કયા ગુણો હોવાં જોઈએ તેની ચર્ચા કરો.

(4) શાળામાં આચાર્ય અને શિક્ષકો વચ્ચે માનવસબંધ વિકસાવવા તમે કઈ-કઈ પ્રવૃત્તિઓનું આયોજન કરશો તેની ચર્ચા કરો.

(5) શાળામાં આચાર્ય અને વિદ્યાર્થીઓ વચ્ચેના માનવસંબંધ વિકસાવવા તમે કઈ-કઈ પ્રવૃત્તિઓનું આયોજન કરશો તે જણાવો.

## 5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

| | |
|---|---|
| 1. જુઓ 2. 3. 1 | 4. જુઓ 2. 3. 4 |
| 2. જુઓ 2. 3. 2 | 5. જુઓ 2. 3. 4 |
| 3. જુઓ 2. 3. 3 | 6. જુઓ 2. 3. 5 |

એકમ 6

# શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

: રૂપરેખા :


6. 1 પ્રસ્તાવના

6. 2 ઉદ્દેશો

6. 3 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

6. 3. 1 પ્રવેશ અને સંસ્થાગત સમસ્યાઓ.

6. 3. 2 આર્થિક સમસ્યાઓ.

6. 3. 3 વહીવટી સમસ્યાઓ.

6. 3. 4 વ્યવસાયીકરણ તાલીમ અને પુનઃ તાલીમની સમસ્યાઓ

6. 3. 5 પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણના પ્રશ્નો

6. 4 તમારી પ્રગતિ ચકાસો

6. 5 સારાંશ

6.7 ચર્ચા માટેના મુદ્દાઓ

6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

## 6.1 પ્રસ્તાવના

શિક્ષકે માનવજાત અને વિશ્વનું નિર્માણ કરવાનું છે. તે આવતીકાલનો સર્જક અને ભાગ્યવિધાતા છે શિક્ષક-શિક્ષણના કાર્યક્રમ દ્વારા શિક્ષકો-શિક્ષિકાઓને તૈયાર કરવાની મોટી જવાબદારી છે. આજના આ યુગમાં સ્વનિર્ભર કૉલેજનું પ્રમાણ વધતાં શિક્ષક-શિક્ષણ સંબંધિત ઘણી સમસ્યાઓ અને પ્રશ્નો ઉદ્ભવે છે જેની પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે.

**ઉદ્દેશો :**

- આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે. . . . .
- એકમનો પરિચય મેળવી શકશો.
- શિક્ષક-શિક્ષણ સંબંધી સમસ્યાઓ જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણ અંતર્ગત પ્રવેશ અને સંસ્થાગત સમસ્યાઓ વિશે જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણ સંબંધી આર્થિક સમસ્યાઓ વિશે જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણ સંબંધી વહીવટી સમસ્યાઓ વિશે જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણ સંબંધી વ્યાવસાયિકરણ, તાલીમ અને પુનઃતાલીમની સમસ્યાઓ વિશે જાણી શકશો.
- શિક્ષક-શિક્ષણનાં પ્રવર્તમાન પ્રશ્નો વિશે જાણી શકાશો.

## 6.3 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

શિક્ષક-શિક્ષણ એટલે પ્રારંભિક કક્ષાથી માંડીને ઉચ્ચ કક્ષા સુધીના શિક્ષણકાર્ય માટે શિક્ષકોને સજ્જ કરવાનો કાર્યક્રમ પર હંમેશા રહી છે આજે પણ છે. પરંતુ આજે આ ક્ષેત્રમાં દિન-પ્રતિદિન અનેક સમસ્યાઓ અને પ્રશ્નો ઉદ્ભવતાં જ હોય છે. આથી શિક્ષક-શિક્ષણ કાર્યક્રમનાં માધ્યમથી નિર્ધારિત ઉદ્દેશોની પ્રાપ્તિ વધુ ને વધુ કઠિન બનતી જાય છે. આ સમસ્યાઓને વિવિધ વર્ગોમાં વિભાજિત કરીને વર્ણવામાં આવેલ છે.

### 6. 3. 1 પ્રવેશ અને સંસ્થાગત સમસ્યાઓ

રાજ્યની અલગ-અલગ શિક્ષક-શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ માટેનાં અલગ-અલગ ધોરણો હોય છે. મહદ્અંશે પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણાંકોને આધારે તૈયાર કરેલ મેરીટ અનુસાર આપવામાં આવે છે. આ પદ્ધતિ આટલી વિશ્વસનીય નથી. વિદ્યાર્થીએ વિષયવસ્તુની ગોખણપટ્ટી કરીને અથવા કોઈ ગેરરીતિ આચરીને વધુ ગુણ મેળવ્યા હોવાની સંભાવના પણ નકારી શકાતી નથી. ઘણીવાર એવું પણ બને છે કે વધુ ગુણ મેળવવા માટે યોગ્ય બુદ્ધિશાળી વિદ્યાર્થી શિક્ષણના વ્યવસાય પ્રત્યે અભિયોગ્યતા કે રૂચિ ન ધરાવતો હોય . ક્યારેક વિદ્યાર્થી કુટુંબીજનોના દબાણથી કે ન છૂટકે આ વ્યવસાયમાં આવ્યો હોય ત્યારે વૈયક્તિક અને સામાજીક સંસાધનોનો વ્યય થાય છે સાથે-સાથે શિક્ષક-શિક્ષણની ગુણવત્તા પણ ઘટે છે.

પ્રવેશ અંગે પરીક્ષાની જોગવાઈ ન હોવાને કારણે સાચું મેરીટ લક્ષ્યમાં લેવાતું નથી. વળી જ્યાં પ્રવેશ પરીક્ષા લેવાય છે ત્યાં પણ સામાન્ય જ્ઞાન સંબંધિત જ્ઞાનાત્મક પ્રશ્નો જ પૂછવામાં આવે છે. આથી વિદ્યાર્થીની વ્યાવસાથિક અભિયોગ્યતા, ક્ષમતાઓ કે અભિરૂચીને જાણી શકાતા નથી.

પ્રવેશ આપનાર સંસ્થાઓ દ્વારા પ્રવેશ આપવાની પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલે છે. પ્રવેશ કાર્યવાહીની શીથિલતા ને કારણે કેટલાંક વિદ્યાથીઓને ખૂબજ મોડા પ્રવેશ મળે છે. આથી તેમનો અભ્યાસ અધૂરો કે ક્ષતિપૂર્ણ રહે છે. વિષયની પસંદગીમાં પણ મર્યાદિત તકો ને કારણે રસ અને ક્ષમતાના સંદર્ભમાં વિસંવાદિતતા સર્જાય છે. પ્રવેશપાત્રતાની યોગ્યતાનું ધોરણ ખૂબ જ નીચું હોવાથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું રહે છે. સ્વનિર્ભર કૉલેજનું પ્રમાણ વધતાં મેનેજમેન્ટ ક્વોટા અને ડોનેશન પ્રવેશ પ્રક્રિયા દૂષિત કરે છે. ઉપર્યુક્ત સમસ્યાઓના નિરાકરણ માટે પ્રવેશની એક સાર્વત્રિક નીતિ ઘડવી જોઈએ અને તેનો ચુસ્ત રીતે અમલ થવો જોઈએ. માત્ર ગુણાંકના આધારે નહીં પરંતુ વ્યાવસાયીક અભિયોગ્યતાનું માપન કરે તેવી પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવો જોઈએ. આ ઉપરાંત પ્રવેશ પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય અને વિષય પસંદગીની યોગ્ય તકો પૂરી પાડી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. પ્રવેશ માટે પરીક્ષાની સાથે-સાથે જૂથ ચર્ચા, મુલાકાત અને અન્ય મનોવૈજ્ઞાનિક

કસોટીઓ દ્વારા વ્યાવસાયિક યોગ્યતાની ચકાસણી કરીને પ્રવેશ આપવો ઉચિત ગણાય.

**સંસ્થાગત સમસ્યાઓ**

રાજ્ય શિક્ષણ વિભાગ અને વિશ્વ વિદ્યાલય શિક્ષણ વિભાગનું નિયંત્રણ શિક્ષક-શિક્ષણ ઉપર ઓછું હોવાને કારણે નવી સંસ્થાઓ ખોલવામાં મુશ્કેલી પડે છે. રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરે શિક્ષણ-શિક્ષિકાઓની માંગના અનુસંધાનમાં પ્રવેશની સંખ્યા નિર્દિષ્ટ કરવા માટેની પણ કોઈ યોજના કે વ્યવસાય નથી. આથી શિક્ષિત બેરોજગારીની સમસ્યા ઉદ્ભવે છે. જ્યારે વિજ્ઞાન શિક્ષકોની માંગ વધારે જણાતી હોય ત્યારે શિક્ષક-શિક્ષણની સંસ્થાઓ અનેક વિષયોમાં વધુ શિક્ષકોને શિક્ષણ આપતી જોવા મળે છે. શિક્ષિત બેરોજગારીને કારણે સમાજમાં તણાવની સાથે અભાવ અને ભ્રષ્ટાચાર વ્યાપક બને છે. શિક્ષકોનું શોષણ કરતી સંસ્થાઓનું પ્રમાણ વધવા લાગે છે. શિક્ષક-શિક્ષણની સંસ્થાઓનો શાળાઓ સાથેનો સંબંધ ન હોવાને કારણે વિસંવાદિત સ્થિતિ જન્મે છે. કેટલીક સંસ્થાઓમાં સંસાધનો નોસદંતર અભાવ જોવા મળે છે. મકાન, ફર્નિચર, શૈક્ષણિક સાધનો કે શિક્ષકો સુદ્ધાનો અભાવ હોવા છતાં સંસ્થાઓ ચાલે છે. શિક્ષક-શિક્ષણમાં રાજનીતિનો પ્રભાવ સંસ્થાકીય વહીવટમાં ભ્રષ્ટાચાર અને નિરંકુશતા જન્માવે છે. શિક્ષક-શિક્ષણ જાતિગત, વ્યક્તિત્ત્વ અને સમુદાયગત રાજનીતિનો અખાડો બની ગયું છે. જ્યાં માનવ અધિકારનું કોઈ મૂલ્ય હોતું નથી. અસંખ્યાના નિરાકરણ માટે આંતરરાજકીય અને આંતર વિશ્વવિધાલય સ્થાણાંતર આવશ્યક બને છે. વળી સ્વાયત્તાના નામે મનમાની કરનારાની નિયમિત તપાસ વિના આ સમસ્યા દૂર કરવી શક્ય નથી . સંસાધનો વિનાની અને ગુણવત્તા વિનાની સંસ્યાઓની માન્યતા રદ કરી દેવી જોઈએ.

**6. 3. 2 આર્થિક સમસ્યાઓ :**

શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારની છે. પરંતુ રાજ્ય સરકારની જવાબદારીનું વહન કરવામાં સક્ષમ ન હોવાથી સ્વનિર્ભર સંસ્થાઓનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે. રાષ્ટ્રીય શિક્ષક-શિક્ષણની પરિષદ દિશા-દર્શનની સાથે-સાથે આર્થિક સહાય ન કરી શકે તો દિશા નિર્દેશોનો કોઈ અર્થ રહેતો નથી. વિભિન્ન સંસ્થાઓમાં ફી ના ધોરણ અલગ-અલગ હોય છે. શિક્ષક-શિક્ષણમાં કોઈ એક સામાન્ય રાષ્ટ્રીય નીતિ, ધોરણ કે માપદંડ જોવા મળતો નથી. આથી એક બાજુ સારી સંસ્થાઓને વિદ્યાર્થીઓ માટે સરકારે નિશ્ચિત કરેલી યુ. જી. સી ના ધોરણો પ્રમાણે ખર્ચ કરવાનું મુશ્કેલ પડે છે, તો બીજી બાજું શિક્ષકો અને વિદ્યાર્થીઓનું આર્થિક શોષણ કરી સંસ્થાઓ માલામાલ થઈ જાય છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે શિક્ષક-શિક્ષણ મેળવવું દિવાસ્વપ્ન બની રહ્યું છે. આર્થિક સમસ્યાના ઉકેલ માટે સરકારે પોતાની જવાબદારીનું આંશિક રીતે પણ વહન કરવું જોઈએ. શિક્ષક-શિક્ષણની ગુણવત્તાયુક્ત સંસ્થાઓ જ માન્ય રાખી તેને આર્થિક સહાય આપવી જોઈએ. વિદ્યાર્થીઓના ફીનું ચોક્કસ માળખું નક્કી કરી તેમાં સમાનતાનું ધોરણ સ્વીકારવું જોઈએ. આર્થિક રીતે પછાત યોગ્ય વિદ્યાર્થીઓ માટે છાત્રવૃત્તિ અને સહાય આપવાની વ્યવસ્થામાં વૃદ્ધિ કરવી જોઈએ.

**6. 3. 3 વહીવટી સમસ્યાઓ :**

- એન. સી. ટી. ઈ, યુ. જી. સી અને યુનિવર્સિટીઓના ધારા-ધોરણ તેમજ વારંવાર બદલાતી સરકારી નીતિઓ સાથે વહીવટદારો તાલ મિલાવી શકતા નથી.
- સંચાલકો માળખાકીય વ્યવસ્થા જાળવવામાં અનુભવના અભાવે નિષ્ફળ નીવડે છે. સંચાલકો એ જે શિક્ષણ સંસ્થા ઊભી કરી હોય છે તે અંગેની માહિતી ધરાવતા નથી. આથી વહીવટમાં મુશ્કેલી પડે છે.
- સંચાલકો જે નિયમોના આધારે મંજૂરી મેળવી શક્યા હોય તે નિયમોનું પાલન સંસ્થા શરૂ થયા પછી પણ કરવામાં આવતુ નથી. આથી તેમના ગેરવહીવટનું ફળ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને ભોગવવું પડે છે.
- સંચાલકો અન્ય વ્યવસાયો સાથે સંકળાયેલા હોવાથી તથા શિક્ષણને વેપાર સમજતાં હોવાથી વહીવટમાં પૂરતો સમય ફાળવી શક્તા નથી તેની શિક્ષણની ગુણવત્તા પર ગંભીર અસર પડે છે.
- સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયા મોડી થતી હોવાથી પ્રથમ સત્રના અંત સુધી આ પ્રક્રિયા પૂરી થતી નથી. આથી વિદ્યાર્થીઓ પર્યાપ્ત શૈક્ષણિક અનુભવોથી વંચિત રહે છે.

- આથી સજ્જતા વગરનાં શિક્ષકો ભાવિ પ્રાથમીક અને માધ્યમિક શિક્ષણ માટે ખતરારૂપ બની શહે છે. યોગ્ય પરિપત્રો સમયસર મળતાં નથી. આથી દિશાસૂચનના અભાવે વહીવટીકાર્ય પ્રણાલીમાં ભિન્નતાં જોવા મળે છે. વહીવટ ખોરવાય છે અને સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે. વહીવટમાં ભ્રષ્ટાચાર એ મૂલ્યનિષ્ઠ શિક્ષક-શિક્ષણના મૂળમાં જ કુઠારાઘાત છે. કર્મચારીઓ અને બૌદ્ધિક સંસાધનોના અભાવનાં વહીવટી કાગળ પર ઘોડો જેવોં બની જાય છે અને ભ્રષ્ટાચાર વિષચક્રમાં સમગ્ર વહીવટી તંત્ર ઘસડાતું જાય છે. શિક્ષણ અને સમાજ માટે આ ખૂબ જ દુઃખદ અને નિરાશાજનક સ્થિતિ છે. આ સમસ્યાના ઉકેલ માટે વહીવટને પારદર્શક બનાવવા માટેના માર્ગદર્શક સૂચનો સંસ્થાને મળતાં રહે. નિરીક્ષણની અસરકારકતા દ્વારા વહીવટમાં સુધારો આવતો રહે અને ભ્રષ્ટાચારને કડક હાથે નિયંત્રિત કરવામાં આવે, સાથે-સાથે વહીવટી કર્મચારીઓની સજ્જતા માટે તાલીમની વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે.

### 6.3.4 વ્યાવસાયિકરણ, તાલીમ અને પુનઃતાલીમની સમસ્યાઓ

- આજે શિક્ષણ સવેતન વ્યવસાય બન્યો છે, છતાં વ્યાવસાયિક ક્ષમતાઓ ઉપરનો ભાર એટલો મૂકવામાં આવતો નથી. વ્યવસાયમાં પ્રવેશનાર વ્યક્તિ જ વ્યાવસાયિક અભિયોગ્યતાં, ક્ષમતા કે રસ ધરાવતો ન હોવા છતાં શિક્ષણનાં ક્ષેત્રમાં ખોટા સિક્કાની જેમ ફેંકાઈ જવાને બદલે ચાલ્યા કરે છે. શિક્ષક-શિક્ષણનું વ્યાવસાયિકરણ થવાને કારણે વેપારી ધારણે શરૂ કરાયેલી સંસ્થાઓ ચોમાસામાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે, જે શિક્ષકોને વ્યાવસાયિક સજ્જતા આપવાં માટે જ હોવા છતાં એ દિશામાં રતિભર પણ કાર્ય કરતી નથી.
- વ્યાવસાયિક વલણના વિકાસની જવાબદારી શિક્ષક-શિક્ષણની છે, પરંતુ શિક્ષક-શિક્ષણની સંસ્થાઓ આ જવાબદારી ઉપાડવામાં ઊણી ઉતરે છે.
- શિક્ષણના વેપારી કરણને કારણે વિદ્યાર્થીઓ ફી પર જ ઘણી શિક્ષણની સંસ્થાઓ વધુ કમાણીની વૃત્તિથી યોગ્ય સગવડો પૂરી પાડતી નથી . પ્રશિક્ષકોની નિમણૂક પણ કરતી નથી. આથી શિક્ષક-શિક્ષણના ઉત્સાહ સ્તર કાર્યક્રમો ફ્લોપ થઈ જાય છે. પરિણામે પ્રશિક્ષણાર્થીઓમાં શિક્ષણના વ્યવસાય પ્રત્યેનું વિધેયાત્મક અને વ્યાવસાયિક વલણ વિકસાવી શકાતું નથી.
- વ્યાવસાયિકરણને કારણે અધ્યાપકોને નિમણૂંકો મેળવવા અને વિધાર્થીઓને પ્રવેશ મેળવવામાં અસંખ્ય ગેરરીતિઓના ભોગ બનવું પડે છે.
- વ્યાવસાયિક મંડળો વ્યક્તિના વ્યાવસાયિક વિકાસ અને કલ્યાણને બદલે ઘણીવાર સત્તાધારી તંત્રના સ્ક્રુ બનીને પોષક કડીરૂપે કાર્ય કરે છે અને રાજકરણના હાથા બનીને કાર્ય કરે છે.
- G.A.T.S. કરાર પછી વિદેશી સેવાવિતરકોના સંખ્યામાંવધારો થવાને કારણે સંસાધનો વિનાની અને આર્થિક સહાય વિનાની સરકારી સંસ્થાઓની ગુણવત્તા અને સંસાધનોની અછત ઊભી થાય છે. આથી ગુણવત્તામાં $A^+$ ધારણો ધરાવતી સંસ્થાઓ પણ અસ્તિત્ત્વ છે અને સાથે-સાથે સંસાધનોના સદંતર અભાવવાળી સંસ્થા પણ કાર્યરત છે. શિક્ષણના વ્યાવસાયિકરણને લીધે ઉદ્‌ભવતી સમસ્યાઓને દૂર કરવા શિક્ષણનું વ્યાવસાયિકરણ શિક્ષકની પ્રતિબદ્ધતા અને સજ્જતામાં અભિવૃદ્ધિ કરવામાં કારણભૂત બને અને શિક્ષણકલ્યાણ માટેની સમાન યોજનાઓ સાકાર કરવાની નીતિનું નિર્માણ કરવામાં સફળ બને તે જરૂરી છે. શિક્ષણનું વ્યાવસાયિકરણ એ વેપારીકરણ અને વકરેલા ભ્રષ્ટાચારને પોષક બને તે માટે કડક નિયંત્રણોના અમલની આવશ્યકતા છે.

### તાલીમ અને પુનઃતાલીમની સમસ્યાઓ

- શિક્ષક-શિક્ષણ માટે પ્રત્યેક સ્તરે ચાલતાં કાર્યક્રમો સૌથી ઉપેક્ષિત પાસું છે. પૂર્વસેવાકાલીન કાર્યક્રમો સૌથી ઉપેક્ષિત પાસું છે. આયોજન પણ થાય છે પરંતુ આ કાર્યક્રમો કર્મકાંડ કે નાટકથી વિશેષ કઈં જ ફલિત કરી શકાતા નથી. સૈદ્ધાંતિક અને પ્રયોગિક કાર્યો ઓછા સમયમાં આટોપવાના હોઈ ક્ષમતા વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકતાં નથી.
- પ્રશિક્ષણાર્થીઓ પણ વ્યવસાય પ્રત્યેના સુયોગ્ય સંકલ્પનાનો વિકાસ થયેલો જોઈ શકાતો નથી.
- શિક્ષક-પ્રશિક્ષકોની મર્યાદાઓ પણ તાલીમને અસફળ બનાવવામાં જવાબદાર છે.
- એક વાર તાલીમ લીધા પછી તેનો ઉપયોગ નોકરી દરમિયાન કરવો જોઈએ એવી માનસીકતાનો સદંતર અભાવ જોવા મળે છે.

- સતત બદલાતા જતાં સમાજની માંગને પૂરી કરવા માટે શિક્ષક માટે સતત વિકસત્તાં રહેવાની જરૂર છે. આ માટે તાલીમ અને પુનઃતાલીમ અતિ આવશ્યક છે. પરંતુ એ માટેના આયોજનોનું પ્રમાણ નહિવત્ જોવા મળે છે.
- શિક્ષક તાલીમ માટે કાર્યશાળાઓ, સેમિનાર, કોન્ફરન્સ, ઈત્યાદિ ના આયોજનો, અભિમુખતા અને અભિસ્થાપન વર્ગોનાં આયોજન થવાં જોઈએ. સાથે-સાથે તેના નક્કર પરિણામો મળે તે રીતે આયોજનો થાય તે જોવું જરૂરી છે. તાલીમ કાર્યક્રમોને સંગીન બનાવવા માટે અભ્યાસક્રમની પુનર્રચના કરવાની અને શિક્ષણના વ્યાવહારિક પાસાં ઉપર વધુ ભાર મૂકવાની જરૂર છે.

### 6.3.5 પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણનાં પ્રશ્નો

સમાજની બદલાતી જતી માંગના સંદર્ભમાં શિક્ષક-શિક્ષણમાં જરૂરી પરિવર્તન તુરંત આવતું નથી. આથી ઉપર્યુક્ત સમસ્યા ઉપરાંત વૈશ્વિકરણ અને ખાનગીકરણ તથા વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રભાવને લીધે અનેક પ્રશ્નો સર્જાયા છે. હાલની શિક્ષક-શિક્ષણની પરિસ્થિતિનું અવલોકન કરતાં નીચેના જેવાં પ્રશ્નો કે સમસ્યાઓ જોવા મળે છે.

શિક્ષક-શિક્ષણની અવધિ કેટલા સમય માટેની હોવી જોઈએ. એક વર્ષ, બે વર્ષ કે પાંચ વર્ષનો સંગ્રહીત અભ્યાસક્રમ આમાંથી કઈ વ્યવસ્થા શ્રેષ્ઠ કહી શકાય ? આ પ્રશ્નનો જવાબ મેળવતાં જણાય છે કે ફક્ત એક વર્ષનો સમય તાલીમ આપવા માટે ખૂબજ ઓછો જણાય છે. આથી શિક્ષકની પૂર્ણ સજ્જતા જાળવવા માટે શિક્ષણની અવધિ વધારીને બે વર્ષની કરવી જોઈએ અથવા સુગ્રથિત અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવાં જોઈએ.

ગુણવત્તાયુક્ત અધ્યાપકોનો અભાવ એ પણ શિક્ષક-શિક્ષણનો મોટો પ્રશ્ન છે. લાયકાત ન ધરાવતા નવનિયુક્ત શિક્ષકો અધ્યાપન કાર્યમાં અનુભવી હોતા નથી. તેથી અધ્યાપનની ગુણવત્તા જળવાતી નથી. આ માટે સારા અધ્યાપકો તૈયાર કરવા તાલીમના સ્તરને ઊંચુ લઈ જવુ જોઈએ અને સેવાકાલીન તાલીમવર્ગોનું આયોજન કરવું જોઈએ. અભિમુખતા કાર્યક્રમો દ્વારા તેમને તૈયાર કરવાં જોઈએ.

શિક્ષક-શિક્ષણમાં મૂલ્યાંકનના ચોક્કસ માપદંડો નિશ્ચિત થયેલાં નથી. આથી પ્રયોગિક મૂલ્યાંકન મનફાવે તેમ કોઈ જ ધોરણો વિના થતું હોય છે. ક્ષમતા વિનાના વિદ્યાર્થીઓ ડિસ્ટીકંશન ગુણ મેળવી પાસ થઈ જાય છે. ગુણ આપવાની ઉદાર નીતિમાં ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓને લાભ થતો નથી. આ માટે મૂલ્યાંકનનું અનાત્મલક્ષી માળખું હોવું જોઈએ . જેને અનુસરીને જ મૂલ્યાંકન થાય વળી મૂલ્યાંકનની એકથી વધુ પ્રવિધિઓનો ઉપયોગ કરવો જોઈએ.

શિક્ષક-શિક્ષણનો સમાજ સાથે અનુબંધ છે કે નહીં એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. ક્રમાનુસાર બદલતા જતા સમાજમાં શિક્ષણે પણ તેની માંગ પૂરી કરવા સતત બદલાતા રહેવું જોઈએ. પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણનું માળખું સમાજની માંગને અનુસરીને બદલાયું છે. પરંતુ પરિવર્તન અને પરિવર્તિત સ્થિતિના પ્રસ્થાપન વચ્ચે એટલો સમય પસાર થાય છે કે ત્યારે સમાજની માંગ બદલાઈ ગઈ હોય છે. ધીમી ગતિએ પરિવર્તનનો સ્વીકાર શિક્ષણનાં ગતિશીલતા લાવી શકતો નથી. આ માટે ખુલ્લા મન અને વિવેકબુદ્ધિના વિકાસની આવશ્યકતા રહે છે. શિક્ષણ સમાજ સાથેનો અનુબંધ ગુમાવી દે તો તે શિક્ષણ રાષ્ટ્ર માટે બોજારૂપ બને છે. નવીન દષ્ટિકોણ, નવા અભિગમો તથા વિચારોને સ્વીકારવાની અને અમલમાં મૂકવાની શિથિલતા વિકાસને અવરોધક છે. વળી વસ્તીવધારો, નિરક્ષરતા, પર્યાવરણ જાળવણી, એઈડ્સ અને વ્યસન જેવાં ભયંકર પડકારો સામે પ્રતિકારના કૌશલ્યોનો વિકાસ વગેરે સામાજીક રાષ્ટ્રીય સમસ્યાઓના ઉકેલ માટેની નિષ્ઠા અને ઉત્તરદાયિત્વ પ્રસ્થાપિત કરવાની જવાબદારી પણ શિક્ષક-શિક્ષણની બને છે. શિક્ષક-શિક્ષણનો કાર્યક્રમ સંસ્થાગત હોય છે. આથી પ્રશિક્ષણાર્થીઓને શાળાની અને સમાજની વાસ્તવિક્તાનો પરિચય થયો નથી. આ માટે ઈન્ટર્નશીપ, પ્રેકટીસ ટીચીંગ, પ્રેક્ટીકલ અને પૂરક પ્રવૃત્તિઓ પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં આવે અને શિક્ષક-શિક્ષણના અભ્યાસક્રમ, પદ્ધતિઓ અને મૂલ્યાંકનમાં માળખાગત પરિવર્તન લાવવામાં આવે તે જરૂરી છે.

પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણનો એક મહત્ત્વનો પ્રશ્ન એ પણ છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો આટલો બધો વિકાસ થયો હોવા છતાં તેનો ન્યૂનતમ ઉપયોગ શિક્ષક-શિક્ષણનાં થતો જોવા મળે છે. આજે સામાજિક, ઔદ્યોગિક, રાજકીય ક્ષેત્રોની સાથે-સાથે શિક્ષણનાં ક્ષેત્રમાં પણ ટેક્નોલાજીનો જબરજસ્ત પ્રભાવ છે. વસ્તીના વિસ્ફોટની ખાળી ઉભરાતા વર્ગખંડોમાં સુચારુ શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવા અને સાર્વત્રિક શિક્ષણ કે સર્વ શિક્ષા અભિયાનના લક્ષને સિદ્ધ કરવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ એક

અક્સીર ઉપાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી આજના સમાજના અંગભૂતસત્વ લેખે જણાઈ ચૂક્યાં છે, ત્યારે શિક્ષણમાં તેના ઉપયોગી અલ્પતા ચાલી શકે નહીં. શિક્ષકો અને પ્રશિક્ષકો માટે તેના અક્ષરજ્ઞાન વિના ચાલી શકે તેમ નથી. કમ્પ્યૂટર અને મલ્ટીમીડીયાના ઉપયોગ દ્વારા શિક્ષણના વ્યાપને પહોંચી વળવા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.

પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણમાં સૌથી મહત્ત્વનો અને અનેકવિધ અસરો જન્માવતો પ્રશ્ન છે માંગ અને પૂરવઠાના સંતુલનનો શિક્ષકોની સમાજમાં માંગ અને શિક્ષકોના નિર્માણની પ્રક્રિયામાં વિસંગતતા જોવા મળે છે. કેટલીક જગ્યાએ શિક્ષકોની સંખ્યા માળખાના પ્રમાણમાં ઘણી વધારે જોવા મળે છે. શિક્ષિત બેકારો અનેક વ્યવસાયમાં જોડાય છે કે બેકાર રહે છે. જ્યારે કેટલીક જગ્યાએ શિક્ષકની એટલી અછત છે કે જુદાં જુદાં નામે લાયકાત વગરનાં શિક્ષકોને પણ ચલાવવામાં આવે છે. શિક્ષક-શિક્ષણમાં માનવ-શક્તિનાં આયોજનનો સદંતર અભાવ છે. જેના પરિણામે શિક્ષણની ગુણવત્તા પર અસર થાય છે. પ્રશિક્ષકોની પણ અત્યારે મોટી અછત સર્જાઈ છે. આ સમસ્યાના નિરાકરણ માટે માંગ માટે સર્વેક્ષણ કરાવવા જોઈએ અને શિક્ષક-શિક્ષણની કૉલેજમાં જ કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા નોકરીની બાહેંધરી મેળવવી જોઈએ.

વ્યાવસાયિક સજ્જતા અને વિકાસ માટેની મર્યાદિત તકો પણ શિક્ષક-શિક્ષણની ગુણવત્તા પર અસર કરે છે. વિવિધ વ્યવસાયોનો વિચાર કરીએ તો ડૉક્ટર, એન્જીનિયર કે વકીલ બનવા ચાર કે પાંચ વર્ષના અભ્યાસની આવશ્યકતા રહે છે. જ્યારે શિક્ષકના વ્યવસાયની સજ્જતા માટે માત્ર એક વર્ષની અને તેમાંય પ્રવેશની મર્યાદાઓનાં સંદર્ભમાં કેટલાંક વિદ્યાર્થીઓનો માત્ર પાંચ કે છ મહિનામાં જ એક પૂર્ણ શિક્ષક બનવા માટેના તમામ કૌશલ્યો હસ્તગત કરવાના હોય છે. આ ઉપરાંત વેપારી પેઢી જેવી શિક્ષક-શિક્ષણની સંસ્થાઓનો શિક્ષણના હેતુ માટે ચાલતી જ નથી. અહીં શિક્ષણની સજ્જતા કેવી રીતે મળતી હશે તે પ્રશ્ન છે. આટલા ટૂંકા ગાળામાં વર્ગખંડ, વિવિધ પદ્ધતિઓ, અધ્યાપન અને અધ્યયન કૌશલ્યો, પૂરક પ્રવૃત્તિઓ, ઉપરકણો અને સૈદ્ધાંતિક તથા ક્રિયાત્મક જ્ઞાન અને તાલીમ મેળવી લેવાના હોય છે. નોકરીમાં જોડાયા પછી પણ સમાજની અપેક્ષાઓને સંતોષવા શિક્ષક સક્ષમ ન બને તો તેના માટે કોઈ શિક્ષાત્મક ઉપાય નથી. આટલા ટૂંકા ગાળામાં જે મેળવ્યું હોય છે તેનો પણ વાસ્તવિક શાળામાં ઉપયોગ તો થતો જ નથી. આ માટે વિધેયાત્મક વલણ કેળવાય તેવા પ્રયત્નો થવાં જોઈએ. સંચાલક મંડળે તથા આચાર્ય એ સેમિનાર, કાર્યશાળાઓનું આયોજન કરવામાં અને આવા કાર્યક્રમોમાં અધ્યાપકોને ભાગ લેવા પ્રોત્સાહિત કરવાં જોઈએ.

ભારતીય વિચારધારા અનુસાર વ્યકિત એ એક વિધેયાત્મક સંપદા છે અને એક મૂલ્યવાન રાષ્ટ્રીય સ્ત્રોત છે, જેનું ખૂબ જ નજાકત, કાળજી અને ગતિશીલતાથી પોષણ થવું જોઈએ, વિકાસ થવો જોઈએ બીબાંઢાળ શિક્ષકના અભિગમો આ ધ્યેયને પહોચી વળવા સમર્થ નથી. મૂલ્યનું ધોવાણ, નીતિમત્તાનો હ્રાસ, સમાજના પ્રસ્થાપિત ધોરણોનો વિરોધ, માતા-પિતાનો અનાદર, અનુચિત માર્ગે ઈચ્છાપૂર્તિની આકાંક્ષાઓ, મનોવિકૃતિઓ, કામચોરી હિંસા જેના સામાજીક દોષોને ક્ષમવા સામાજીક દબાણની કે ચારિત્ર્યનિર્માણની પરંપરાગત પદ્ધતિઓ નબળી અને બિનઅસરકારક પૂરવાર થઈ છે. આવી પરિસ્થિતિ ગંભીર પરિણામો જમાવી સમાજના માળખાને અને તેના પાયાને ટકાવતી સંસ્થાઓને અસ્થિર કરી મૂકે છે. આ માટે શિક્ષક-શિક્ષણની એક બાજુ શિક્ષણ વ્યવસ્થાના પડકારોની માંગને પહોંચી વળવાનું છે. અને સાથે-સાથે સામાજીક વ્યવસ્થાની બદલાતી જતી માંગને પહોંચી વળવાનું છે. બિનસાંપ્રદાયિક, સમાજવાદ, રાષ્ટ્રપ્રેમ, એકતા અને વ્યાવસાયિક નીતિમત્તા ધ્યેયોની તાણની દિશામાં શિક્ષકની જાગૃતિ માટે શિક્ષક-શિક્ષણે પૂર્ણ તૈયારી સાથે આગળ આવવું પડશે આજના બદલાતા જ્ઞાન સમાજની ભૂખને સંતોષવા આજીવન શિક્ષણ તકનિકી સાક્ષરતા, સાંવેગિક સાક્ષરતા, વિશ્વ સાંસ્કૃતિક, જૂથ કાર્યો અને અનેક ક્ષેત્રો સાથેનો સંશ્લેણાત્મક નવીન અને લચીલો અભિપ્રાય ધરાવતાં સંપ્રજ્ઞ અને સુસજ્જ શિક્ષકોને તૈયાર કરવાનું કામ શિક્ષક-શિક્ષણે કરવાનું હોય છે.

## 6.4 તમારી પ્રગતિ ચકાસો

**સૂચનો**

1. નીચે આપેલાં પ્રશ્નોનો ઉત્તર આપો. ઉત્તરો પ્રશ્નોની નીચેની ખાલી જગ્યામાં લખો.

2. આ ઉદ્દેશને છેલ્લે આપેલા ઉત્તરો સાથે સરખાવો.

(1) શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ જણાવો.

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

(2) પ્રવેશગત સમસ્યાઓ જણાવો.

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

(3) સંસ્થાગત સમસ્યાઓ જણાવો.

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

(4) આર્થિક સમસ્યાઓ વિશે જણાવો.

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

(5) વહીવટી સમસ્યાઓ જણાવો.

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

(6) વ્યાવસાયિકરણ, તાલીમ અને પુનઃતાલીમની સમસ્યાઓ વિશે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(7) પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણનાં પ્રશ્નો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 6.5 સારાંશ

આપણા દેશમાં શિક્ષણનાં એક વર્ષ, બે વર્ષ કે પાંચ વર્ષના અભ્યાસક્રમોના જુદાં-જુદાં મૉડેલ છે. આ અભ્યાસક્રમો મહદ્અંશે પૂર્ણકાલીન અભ્યાસક્રમો છે. નોકરી દરમિયાન પણ અભિમુખતા કાર્યક્રમો અભિસ્થાપન વર્ગો જેવાં સેવાકાલીન શિક્ષક-શિક્ષણની સુવિધાઓ પણ સેવા વિસ્તરણ કેન્દ્રો અને અન્ય અનુદાન કાર્યક્રમો દ્વારા ચલાવવામાં આવે છે ભારતમાં વિશ્વવિધાલયનો શિક્ષણ વિભાગોથી માંડી તેમની સાથે સંકળાયેલી કૉલેજ, અનુદાનથી ચાલતી સંસ્થાઓ અને સ્વાયાત કૉલેજ, ઓપન યુનિવર્સિટીઓ શિક્ષક-શિક્ષણના કાર્યમાં જોડાયેલી છે. હંમેશા દરેક સ્તરે યોગ્ય અને પ્રતિબદ્ધ શિક્ષક-શિક્ષિકાઓને તૈયાર કરવાની મોટી જવાબદારી શિક્ષક-શિક્ષણ કાર્યક્રમ પર હંમેશા રહેલી છે. આજનાં આ સમયમાં દરેક ક્ષેત્રમાં કોઈને કોઈ સમસ્યાઓ અને પ્રશ્નો ઉદ્ભવતાં હોય છે. પ્રસ્તુત પ્રકરણમાં શિક્ષક-શિક્ષણની વિવિધ સમસ્યાઓ અને પ્રવર્તમાન શિક્ષક-શિક્ષણમાં નડતાં પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે.

## 6.6 ચર્ચા માટેના મુદ્દાઓ

1. સાંપ્રત સમયની શિક્ષક-શિક્ષણની સમસ્યાઓની ચર્ચા કરો.
2. સાંપ્રત સમયમાં શિક્ષક-શિક્ષણની સમસ્યાઓને દૂર કરવાના ઉપાયો સૂચવો.
3. સાંપ્રત સમયમાં શિક્ષક-શિક્ષણને નડતી મુશ્કેલીઓની ચર્ચા કરો.
4. આધુનિક યુગમાં શિક્ષક-શિક્ષણને નડતી મુશ્કેલીઓને દૂર કરવા માટેના પ્રયત્નો સૂચવો.

## 6.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

| | |
|---|---|
| 1. જુઓ 3. 3. 1 | જુઓ 3. 3. 2 |
| 2. જુઓ 3. 3. 1 | જુઓ 3. 3. 3 |
| 3. જુઓ 3. 3. 1 | જુઓ 3. 3. 4 |
| જુઓ 3. 3. 5 | |

## 6.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. રાવલ નટુભાઈ વી. કેળવણીના તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ
2. શાહ ગુણવંત, શિક્ષણદર્શન, બી. એસ. શાહ અમદાવાદ.
3. દવે જયેન્દ્રશાસ્ત્રી, કેળવણીના તાત્ત્વિક આધારો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ.

4. રાવલ નટુભાઈ અને અને (2002) વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, નીરવ પ્રકાશન અમદાવાદ.
5. પટેલ એમ. કે. અને અન્ય (2009) ભારતનાં શિક્ષણને વિકાસ અને માધ્યમિક શિક્ષણનું વ્યવસ્થાપન, વારિષણ પ્રકાશન, અમોલ પ્રકાશન અમદાવાદ.
6. રાવલ નટુભાઈ વી., શૈક્ષણિક પ્રકાશન અને વ્યવસ્થાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ.
7. જોષી હરિકૃષ્ણ, આચાર્યનો નેતૃત્વ વ્યવહાર અને નવપલ્લવન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

# એકમ 7 શિક્ષક શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન

## : રૂપરેખા :

**7.1 ઉદ્દેશો**

**7.2 પ્રસ્તાવના**

**7.3 શિક્ષણ પ્રતિમાન**

**7.4 અધ્યયન-અધ્યાપનમાં નૂતન પ્રવાહો**

**7.4.1 ICT નો પરિચય અને શિક્ષણ ક્ષેત્રે ICT નું મહત્ત્વ**

**7.4.2 વિવિધ ICT નો શિક્ષણમાં ઉપયોગ**

**7.4.3 ઈ-લર્નિંગ**

**7.4.4 અધ્યેતા કેન્દ્રિય અભિગમ**

**7.4.5 21મી સદીમાં શિક્ષણ ICT સંશોધન વ્યાવસાયિક મૂલ્યો સંદર્ભે**

**7.5 તમારી પ્રગતિ ચકાસો**

**7.6 સારાંશ**

**7.7 સ્વાધ્યાય**

**7.8 ચર્ચા માટેના મુદ્દાઓ**

**7.9 તમારી પ્રગતિ ચકાસોના ઉતરો**

## 7.1 ઉદ્દેશો

(1) ICT નો પરિચય મેળવી શકશો

(2) ICT નું મહત્ત્વ સમજી શકશો.

(3) વિવિધ ICT નો શિક્ષણમાં ઉપયોગથી પરિચિત બનશે

(4) ઈ-લર્નિંગનો ખ્યાલ પ્રાપ્ત કરે

(5) અધ્યેતા કેન્દ્રિ અભિગમથી પરિચિત બનશે.

(6) 21 મી સદીમાં શિક્ષક અંગેનો ખ્યાલ મેળવશે.

## 7.2 પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં શાળામાં આવતો વિદ્યાર્થી માત્ર કોરી સ્લેટ જેવોં હોય છે તેવી માન્યતા હવે કામમાં આવે તેમ નથી કારણ કે શાળાએ આવતો વિદ્યાર્થી ઘરથી શાળા સુધીના અંતરમા ઘણી માહિતીને સાથે લેતો આવે છે. આથી શિક્ષક પાસેની તેની અપેક્ષાઓ વધી જાય છે. આજના શિક્ષકે આ બાબતોને પહોંચી વળવાનો પ્રયાસ કરવાનો છે આ માટે શૈક્ષણિક ટેકનૉલોજી આપણને મદદરૂપ થઈ શકે છે.

શૈક્ષણિક ટેકનૉલોજી એ સામાન્ય ઔદ્યોગિક પ્રક્રિયાનું વ્યવસ્થિત જ્ઞાન અને ક્રિયા છે. ટેકનૉલોજીને વિજ્ઞાન અને ઈજનેરી વિધાશાખા સાથે નજીકનો સંબંધ છે. વિજ્ઞાન માણસને વાસ્તવિક દુનિયાની સમજ આપે છે જયારે ઈજનેરી શાખાનો આયોજનો પાર પાડવા માટેના ઉપકરણો અને પ્રયુકિતઓ સાથે સંબંધ છે. ટેકનૉલોજીએ ઉત્પાદનની કરોડરજજુ છે. ટેકનૉલોજી એ જીવનનો માર્ગ છે આજનો માનવ ટેકનૉલોજીની સહાય વિના માનવ જીવનની કલ્પના ન કરી શકાય, ટેકનૉલોજીએ આજે વિજ્ઞાનનું રૂપાંતર કરી દીધુ છે. જેનાથી માનવ સમસ્યા અને માનવ સંબંધો ટેકનૉલોજીની સાથે જોડાય ગયા છે ટેકનૉલોજીએ માનવ સમાજની જીવન દષ્ટિ અને દિનચર્યા બદલી નાંખી છે. આથી એમ કહી શકાય કે વિજ્ઞાન એ સાધના છે અને આ ટેકનૉલોજી એ સાધન છે ટેકનૉલોજી રૂપી સાધનની સહાય વિના

વિજ્ઞાનરૂપી સાધના સંભવી શકે નહીં પ્રસ્તુત પ્રકરણમાં ICTનાં પરિચય, મહત્ત્વ, અને ઉપયોગથી વિદ્યાર્થી ઓ જ્ઞાત થશે તેમજ ઈ-લર્નિંગ અને અધ્યેતાકેન્દ્રિ અભિગમથી પરિચિત થશે

## 7.3 અધ્યયન-અધ્યયાપનમાં નૂતન પ્રવાહો

સાંપ્રત સમયમાં ટૅકનૉલોજીનો શિક્ષણમાં ઉપયોગ કર્યા વિના નવી ચાલે તેમ નવી ટૅકનૉલોજી એટલે માત્ર શૈક્ષણિક

સાધનો કે દૃશ્ય-શ્રાવ્ય સાધનો જ નથી પરંતુ ટૅકનૉલોજી એ શિક્ષણને અસરકારક બનાવવા માટેની અધ્યયન અને અધ્યયન માટેની પ્રવિધિઓનો વિકાસ પણ ગણી શકાય

પ્રવર્તમાન પરિસ્થિતીમાં પ્રચાર માધ્યમનું આક્રમણ ખૂબ જ ઝડપી રીતે થઈ રહયુ છે. વિદ્યાર્થીઓ સાથે જ જ્ઞાન પ્રાપ્તીના વિવિધ અને વિશાળ વિકલ્પો ખુલી રહ્યાં છે. આધુનિક ઔદ્યોગિક સમાજમાં શિક્ષકોની ભૂમિકા ઘણાં દબાણો અને વિવાદોથી ઘેરાયેલી છે. ને આપણાં પરિવર્તનશીલ સમાજમાં શિક્ષક સામાજિક, આર્થિક, રાજનૈતિક, સામાજિક અને આર્થિક પરિબળોની વ્યાપક અને ઊંડી અસરો થઈ રહી છે. આ બધા પરિબળોની વ્યાપક અસરો શિક્ષણ પ્રણાલી પર પણ જોવા મળે છે. આર્થિક નીતિઓમાં આવેલાં પરિવર્તનો જેવાં કે ઉદારીકરણ, ખાનગીકરણ, વગેરે એ શિક્ષણ વ્યવસ્થામાં વ્યવસ્થાપન કાર્ય પર ઊંડી અસરો નિપજાવી છે. અને શિક્ષકની ભૂમિકાને વધુ તકનિકી યુકત અને વિશિષ્ટ બનાવી દીધી છે.

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં અધ્યયનકર્તાને અધ્યયન અનુભવો પૂરાં પાડવાના છે. શિક્ષણ યોગ્ય શિક્ષણ પધ્ધતિ અને પ્રવિધિની પસંદગી અને તેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીમાં અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવવું ખૂબજ આવશ્યક છે. યોગ્ય સુદકોનો ઉપયોગ કરી સાયુજય સ્થાપવું જોઈએ શિક્ષક વિદ્યાર્થી અને વિદ્યાર્થી- વિદ્યાર્થીના આંતરસંબંધો વિકસાવી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને પોષક બને એવા સંસ્થાકીય પર્યાવરણની સંરચના કરવી.

આમ, ઝડપી વસ્તી વધારા અને જ્ઞાન માહિતીના વિસ્ફોટ તથા વિજ્ઞાન ટૅકનૉલોજી ક્ષેત્રે પરિવર્તનના પરિણામ સ્વરૂપ અતિ ઝડપથી પરિવર્તન પામતા સમાજ સાથે કદમ મીલાવવા અધ્યયન-અધ્યાપનમાં નૂતન પ્રવાહોથી શિક્ષણકાર્ય કરાવવું ખૂબજ આવશ્યક છે.

### 7.3.1 ICT નો પરિચય અને શિક્ષણ ક્ષેત્રે ICT નું મહત્ત્વ

#### ICT નો પરિચય

માનવ હંમેશા સંશોધનશીલ રહ્યો છે. તે પોતાની સગવડો વધારવા માટે નવી નવી શોધ કરતો રહ્યો છે માનવે ઘણી ક્રાન્તિકારી શોધો કરીને પોતાની રહેણીકરણીમાં ક્રાન્તિકારી ફેરફારો લાવી દીધા છે. ટેલિવીઝન અને રેડિયોની શોધે વિશ્વને ઘરનાં બેઠક રૂમમાં લાવીને મૂકી દીધું છે વીસમી સદીમાં થયેલી કમ્પ્યૂટરની શોધે તો દરેક ક્ષેત્રમાં અકલ્પનીય પરિવર્તનો કર્યા છે. તેના કારણે આજનો યુગ કમ્પ્યૂટર સંચાલિત યુગ બની ગયો છે.

આજે આપણે સાયબર યુગમાં જીવી રહ્યાં છીએ. જીવનના દરેક ક્ષેત્રમાં એક યા બીજી રીતે કમ્પ્યૂટરનો ઉપયોગ થાય છે. હવે કમ્પ્યૂટરનાં બદલે ઈન્ફરમેંશન કમ્યુનિકેશન ટૅકનૉલોજી શું છે, તે સમજતા પહેલા કેટલાંક પારિભાષિક શબ્દો સમજી લઈએ.

#### Information (માહિતી)

સામાન્ય રીતે આપણે Data અને Information બન્નેનો એક જ અર્થ- માહિતી કરતાં હોઈએ છીએ. પરંતુ ઈનફરમેંશન એ ડેટા કરતા વિશેષ છે. ‘‘અભ્યાસ, અનુભવ, સૂચના કે કમ્પ્યૂટરમાં દાખલ કરેલ ડેટાના આધારે તારવેલા અર્થપૂર્ણ સત્ય કે જ્ઞાન એટલે માહિતી’’ ટૂંકમાં કહીયે તો

‘‘Information means the meaning assigned to data by known convention”

માહિતી એટલે સચોટ રીતે ગોઠવાયેલ હકીકતો કે જે કોઈ બાબત પ્રત્યેની સમજ સ્પષ્ટ કરે. ઉદાહરણ તરીકે પરીણામ પત્રકમાં વિવિધ વિષયનાં ગુણ-ટકાવારી, પરિણામ જેવી હકીકતોની રજૂઆતથી વ્યકિતનાં શૈક્ષણિક સ્તરની માહિતી પ્રાપ્ત થાય છે.

**Communication**

(પ્રત્યાયન) એટલે લેખિત, મૌખિક કે અન્ય અશાબ્દિક રીતે માહિતીને તેના મૂળ અર્થમાં જ એક સ્થળથી બીજા સ્થળે અથવા એક વ્યકિતથી બીજી વ્યકતિ ઓ સુધી પહોંચાડવાની ક્રિયા ઉદાહરણ તરીકે વર્ગમાં શિક્ષક પરીક્ષા સબંધિત જાહેરાત કરે અને વિદ્યાર્થી સુધી જો તે યોગ્ય રીતે પહોંચશે તો ત્યાં પ્રત્યાયન થાય છે. નોટીસ બોર્ડ ઉપર મૂકેલ પરીક્ષક સમયપત્રક વિદ્યાર્થી વાંચે ત્યારે ત્યાં પણ સમયપત્રક બનાવનાર દ્વારા પરીક્ષાની માહિતીનું પ્રત્યાયન થાય છે. પ્રત્યાયન એ માહિતીને એક સ્ત્રોત પાસેથી લઈને અન્યોને પહોંચાડવાની પ્રક્રિયા છે. પ્રત્યાયન પ્રક્રિયાઓ સંકેતના માધ્યમ થકી સંકેતો અને બે પરિબળો વચ્ચે સમાન સંકેતો અને સંકેત સંબંધી સંગ્રહ છે. પ્રત્યાયન એટલે "વિચારો અને મતને વ્યકત કરવા કે તેનું આદાન-પ્રદાન કરવું અથવા તો ભાષણ, લેખન કે ઈશારા દ્વારા માહિતી આપવી."

**Technology**

પ્રૌદ્યોગિકી એટલે કોઈ ચોકકસ હેતુ માટે વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ કરવો ઉદાહરણ તરીકે આજે તમે એક બીજાં સાથે વાતચીત કરવાના હેતુસર મોબાઈલ નો ઉપયોગ કરો છો તો તે ટૅકનૉલોજી છે. કલાનો વિજ્ઞાનમાં વિનિયોગ એટલે ટૅકનૉલોજી.કલાને વિજ્ઞાનમાં વણી લેવાની પ્રક્રિયા એટલે ટૅકનૉલોજી.

| તત્ત્વજ્ઞાન | ઈજનેરી | ટૅકનૉલોજી |
|---|---|---|
| -તથ્યો ચકાસે નિયમો | -નિયમો, સિધ્ધાંતો હકીકતોને | - ઉત્પાદન આયોજનના આધારે |
| પ્રસ્થાપિત કરે | વ્યવહારુ બનાવવા માટે આયોજન કરે છે. | |

આ પરથી કહી શકીએ કે માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકી એટલે માહિતી, પ્રત્યાયન અને માહિતીનાં પ્રત્યાયન સંબંધિત પ્રૌદ્યોગિકી.

Free online dictionary of computing અનુસાર માહિતીનું નિયંત્રણ કરવાની તથા પ્રત્યાયનને સહાયક હોય તેવી પ્રૌદ્યોગિકી.

માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકી એ વ્યાપક શબ્દ છે. તેની અંતર્ગત અને ઉપકરણો જેવાં કે રેડિયો, ટેલિવિઝન, મોબાઈલ ફોન, કમ્પ્યૂટર, નેટવર્કના હાર્ડવેર, સોફટવેર, સેટેલાઈટ, ઈન્ટરનેટ વગેરેનો સમાવેશ થાય છે. અને સાથો સાથ વિડીયો કોન્ફરન્સિંગ, દૂરવર્તી શિક્ષણ જેવી સુવિધાઓનો પણ સમાવેશ થાય છે.

બર્લ્ટન (1999) UNESCO'S World communication and Information Report 1999 મા ICTની વ્યાખ્યા આપતાં જણાવે છે કે "Information and communication Technologies (ICT) are a diverse set of Technological tools and resources used to communicate, and to create, disseminate, stor and manage Information" અર્થાત, માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકી એ એવા વિવિધ પ્રૌદ્યોગિકીય ઉપકરણો અને સ્ત્રોતોનો સમૂહ છે કે જેનો ઉપયોગ માહિતીના પ્રત્યાયન, સર્જન, પ્રસાર, સંગ્રહ અને વ્યવસ્થાપન માટે થાય છે.

આ વ્યાખ્યાને વધુ વિસ્તૃત કરીએ તો, ટી.વી., રેડિયો, કમ્પ્યૂટર, ટેલિફોન, મોબાઈલ, સેટેલાઈટ જેવાં અનેક આધુનિક ઉપકરણો કે જે પ્રૌદ્યોગિક વિકાસ પછી આપણને પ્રાપ્ત થાય છે તેવા ઉપકરણોને ઈન્ટરનેટ, વિવિધ સોફટવેર્સ જેવાં અનેક સ્ત્રોતોની મદદથી માહિતીનું સર્જન, પ્રસાર, સંગ્રહ અને વ્યવસ્થાપન કરવું.

"માહિતી ટૅકનૉલોજી એ એવા પ્રકારની ટૅકનૉલોજી છે કે જે ઉપભોક્તા(યુઝર્સ)ને તેની સમસ્યાઓનાં ઉકેલ માટે તથા તેમાં જ્ઞાનને સમૃધ્ધ કરવા અને નિર્ણય પ્રક્રિયામાં વિકાસ કરવા માટે શકય એટલી ચોકસાઈ અને અસરકારક રીતે માહિતીનાં એકત્રિકરણ, સંગ્રહ, પ્રક્રિયાકરણ પુન: પ્રાપ્તિ, ઉપયોગ અને પ્રસારણમાં મદદ કરતાં હોય."

**શિક્ષણ ક્ષેત્રે ICT નું મહત્ત્વ**

પ્રવર્તમાન સમયમાં

(1) ગમે તે સમયે, ગમે ત્યાં શિક્ષણની સુવિધા મળી શકે છે

(2) ઈન્ટરનેટ, કમ્પ્યૂટર અને મોબાઈલની મદદથી આજે એવી શિક્ષણ વ્યવસ્થા ઊભી થઈ છે કે જેની મદદથી વિદ્યાર્થી શાળા- કૉલેજ સમય બાદ પણ પોતાના ઘરેથી, મુસાફરી દરમ્યાન અને ગમે તે સ્થળેથી શિક્ષણ મેળવી શકે છે. દિવસના ચોવીસ કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ રહી શકે તેવી વ્યવસ્થા ICT થકી ઊભી થઈ શકે છે.

(3) જયાં ત્વરિત અને અદ્યતન જ્ઞાનની જ મદદ લેવી પડે તેમ હોય ત્યાં ICT ઘણું ઉપયોગી છે.

(4) કમ્પ્યૂટરમાં રજૂ થતાં અધ્યયન પ્રેઝન્ટેશન-પ્રોગ્રામ, મોબાઈલમાં જોઈ શકાતા વિડીયો, અધ્યાપકના વ્યાખ્યાનની ઓડિયો ફાઈલ, પુન: જોઈ કે સાંભળી શકે છે. જેથી અધ્યેતા સ્વગતિએ અધ્યાપન કરી શકે છે.

(5) ઉપભોક્તાને પોતાની સમસ્યાનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવા પ્રેરિત કરે છે.

(6) ઉપભોક્તાને પોતાની સમસ્યા અને તેના ઉકેલ માટેની વર્તમાન પરિસ્થિતિમાં હાજર હોય તેવી માહિતી મેળવવામાં ઉપયોગી છે.

(7) માહિતી ટૅકનૉલોજી ઉપભોક્તાનાં જ્ઞાનમાં વધારો કરે છે. અને સમસ્યાનો ઉકેલ લાવવા માટે મદદરૂપ બને છે.

(8) ICTએ ઉપભોક્તાને સમસ્યા સંબંધિત વિવિધ નિર્ણાયક સ્થિતિમાં મદદરૂપ બની શકે છે.

(9) ICTનાં કારણે યુઝર્સની નિર્ણય લેવાની ક્ષમતામાં વધારો કરે તેમજ અને વિવિધ સમસ્યાઓમાં નિરૂપણમાં મદદરૂપ બને છે.

(10) ICT એ માહિતીનાં એકત્રિકરણમાં અને વિસ્તારમાં મદદરૂપ બને છે.

**7.3.2 વિવિધ ICT નો શિક્ષણમાં ઉપયોગ**

**ડિજિટલ પ્રકાશનો**

મુદ્રણકલાની શોધથી અધ્યયન – અધ્યાપન ક્ષેત્રે ક્રાંતિ થઈ હતી. આવી જ ક્રાંતિ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ પુસ્તકો દ્વારા થઈ છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તકો મંડળ દ્વારા ધોરણ 1થી12 નાં પાઠ્ય પુસ્તકો ગુજરાતી અને અંગ્રેજી જ્ઞાન ભાષાનાં ઈન્ટરનેટનાં માધ્યમ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. NCERT દ્વારા CBSEનાં અભ્યાસક્રમ માટેનાં ધોરણ 1 થી 12 નાં પુસ્તકો પણ હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. અસંખ્ય વેબસાબઈટનો ઉપયોગ કરીને પણ શૈક્ષણિક પુસ્તકો પ્રાપ્ત કરી શકાય છે. આ જ પ્રમાણે Amazon.com, books google.com, bookboon.net જેવી અસંખ્ય વેબસાઈટ પરથી પણ ઉત્તમ પુસ્તકો પ્રાપ્ત થાય છે. કેટલાંક પુસ્તકો ઓડિયો સ્વરૂપે પણ ઉપલબ્ધ છે. જેને સાંભળી શકાય છે. આ પુસ્તકોમાં ઈન્ટરનેટનાં અન્ય સ્ત્રોતો જેવાં કે વિડીયો-ઓડિયો, એનિમેશન વગેરેની લિન્ક મૂકી શકાય છે. જેથી વાચક લખાણ –ચિત્રો ઉપરાંત પણ વિવિધ મલ્ટીમીડિયાનો લાભ મેળવી પોતાના જ્ઞાનને સમૃદ્ધ કરી શકે છે અને વિદ્યાર્થીઓ પણ તેની મદદથી અધ્યયન કરી શકે છે.

**ટેલિવિઝન**

ટેલિવિઝનને મનોરંજનના એક સાધન તરીકે ઘર ઘરમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સમય જતાં આ જ ટેલિવિઝનનો શિક્ષણમાં વ્યાપ વધવા માંડ્યો છે. દૂરદર્શન પર વર્ષોથી ચોકકસ સમયે શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત થતાં આવ્યા છે. હાલમાં દૂરદર્શને જ્ઞાનદર્શન નામની ફકત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરતી ચેનલ શરૂ કરી છે. જેની મદદ થી IGNOUનાં શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ થાય છે. આ ઉપરાંત MHRD અને UGCના સંયુકત ઉપક્રમે ઉચ્ચશિક્ષણ માટેની વિશેષ ટેલિવિઝન ચેનલ પણ શરૂ કરી છે. ગુજરાતનાં શૈક્ષણિક ટેલિવિઝન ક્ષેત્રે BIASGના માધ્યમથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ માટેનાં શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરતી DTH ચેનલો કાર્યરત છે. આ ઉપરાંત ડિસ્કવરી

ચેનલ, નેશનલ જીઓગ્રાફી જેવી અનેક ખાનગી કંપની દ્વારા ચલાવાતી ચેનલો શિક્ષણનાં મહત્ત્વનાં કાર્યક્રમોનું પ્રસારણ કરે છે ડી.ડી ગિરનાર ચેનલ દ્વારા રવિવારે બપોરનાં સમયે આવા કાર્યક્રમો પ્રસારીત રીત થાય છે જેને જોવાની ભલામણ વિદ્યાર્થીને કરવી જોઈએ. જેથી તે ઘરે બેઠાં પણ રજાના દિવસે શિક્ષણ મેળવી શકે.

**ધ્વનિ પ્રસારણ**

ઓગણીસમી સદીના ઉતરાર્ધમાં સંદેશા વ્યવહારમાં આવેલાં પરિવર્તનો એક ભાગ સ્વરૂપે રેડીયો આવિસ્કાર પામ્યો એની શરૂઆત તો માહિતી અને મનોરંજન માટે થઈ, ક્રમશઃ ઓસ્ટ્રેલિયા જેવાં વિશાળ અને ઓછી વસ્તી વાળા દેશોમાં દૂરદૂરના માણસોને અને તેમના બાળકોને માટે શાળાઓ ખોલવાનું આર્થિક રીતે પરવડે તેમ ન હતુ. આ સમસ્યાના ઉકેલ માટે દૂરસ્થ શિક્ષણનો વિચાર, અમલમાં મૂકાયો. જો વિષયવસ્તુ સંક્રામત કરવાની હોય તે કરવા માટે સમગ્ર રેડિયો પદ્ધતિ દ્વારા એટલે કે રેડિયો સ્ટેશનથી માંડી શ્રોતાઓના ઘરમાં રેડિયો સેટ સુધીના બધા સાધનો હર્ડવેર ઉપયોગમાં લેવાય છે ભારતમાં પ્રસારભારતી દ્વારા સંચાલિત ઓલ ઈન્ડિયા રેડિયો પરથી વિવિધ રાજયમાં 29 રેડિયા સ્ટેશનો પરથી 5 થી 14 વર્ષના બાળકો માટે પ્રાદેશિક ભાષા શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત થાય છે આ ઉપરાંત જ્ઞાનવાણી નામના વિશિષ્ટ શૈક્ષણિક કાર્યક્રમોનાં પ્રસારણનું સમયપત્રક ઓલ ઈન્ડિયા રેડિયો પાસેથી મેળવી શકાય તેનો ઉપયોગ શાળામાં કરી શકાય તેમજ નોટિસ બોર્ડ પર તે પ્રદર્શિત કરી વિદ્યાર્થીને ઘરે પણ તે સાંભળવાની માહિતી આપી શકાય ગુજરાત યુનિ. એ વર્ષ 2012નાં યુનિ.ની એફ.એમ ચેનલ શરૂ કરી હતી.આ પ્રકારના સંસ્થાકીય પ્રસારણો પણ ઉપયોગી નીવડી શકે છે.

**કમ્પ્યૂટર**

કમ્પ્યૂટરની શોધ અને તેના પ્રસારે દુનિયાને જાણે મુઠીમાં કરી નાખી છે. આજથી બસો વર્ષ પહેલાં વિદ્યાર્થી શિક્ષણકાર્ય માટે આશ્રમમાં જતો આજે ICTના પ્રવેશ થકી આશ્રમશાળાને વર્ગખંડમાં લાવી શકયા છે અને તેમાં પણ શિક્ષક કેન્દ્રિય શિક્ષણને વિદ્યાર્થી કેન્દ્રિય બનાવવામાં અત્યંત ઉપયોગી ICTકમ્પ્યૂટર છે. અસંખ્ય પુસ્તકોને નાની સીડીમાં સંગ્રહવા, રંગીન-અક્ષરો- આકર્ષક એનિમેશન સ્વરૂપે પ્રેઝન્ટેશન રજૂ કરવી, સચોટ વિડીયો-ઓડિયો સ્ત્રોતો દ્વારા અસરકારક માહિતીનું પ્રત્યાયન, કમ્પ્યૂટર દ્વારા શિક્ષણ અને અધ્યાપન જેવી નવીન પદ્ધતિઓ, ટાઈપિંગ ટયુટોરિયલ્સ જેવાં અનેક કૌશલ્યોનાં સિમ્યુલેશન્સ, બાળકોને પ્રિય ગેઈમ્સ દ્વારા શિક્ષણ અને આવુ તો ઘણુ બધું શિક્ષણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ દર્શાવે છે.

**ઈન્ટરનેટ**

ઈન્ટરનેટ એટલે વિશ્વભરમાં પથરાયેલું કમ્પ્યૂટરનું પરસ્પર સંકલિત જાળું એવું અર્થ આપણે લઈ શકીએ છીએ.વોઈસ મેઈલનો ઉપયોગ કરીને, ફોન કરીને કરી શકાય છે. ઓન લાઈન સર્વિસનો ઉપયોગ કરીને સંદેશા સ્વરૂપે માહિતી મોકલી શકાય છે. તે સંદેશાને યોગ્ય પ્રતિચાર આપી શકાય છે. ન્યુઝ ગ્રુપ દ્વારા કોઈ ચોકકસ વિષયને લગતી માહિતી નેટવર્કમાં મોકલી શકાય છે. તે વિષયમાં રસ ધરાવતા લોકો તે માહિતી કે સંદેશા અંગે પોતાના પ્રતિચાર આપી શકે છે. આ સંદેશ કોઈપણ વ્યકિત વાંચી શકે છે. અને પોતાના પ્રતિભાવો આપી શકે છે. જુદી જુદી વેબસાઈટ પર જુદાં જુદાં વિષયો અંગે મુકવામા આવેલી માહિતી મેળવી શકાય છે. અપેક્ષિત માહિતી શોધવા માટે સર્ચ એંજિન કે ગોફરનો ઉપયોગ કરી રકાય છે. છેલલી શોધ મુજબ કમ્પ્યૂટર નિષ્ણાતોએ 24 કલાક સમાચાર આપતી ઉદ્‌ઘોષિકાનું નિર્માણ કર્યુ છે જેના દ્વારા ચોવીસ કલાક વિશ્વભરના સમાચાર સાંભળી શકાય છે. ઈન્ટરનેટ માહિતી મેળવવા માટે અને માહિતીના આદાન-પ્રદાન માટે એક ઉમદા માધ્યમ બન્યું છે. વિશ્વની કોઈપણ માહિતી આજે ઈન્ટરનેટની મદદથી ક્ષણવારમાં જ મેળવી શકાય છે.

**મોબાઈલ**

મોબાઈલ ફોનના વિકાસ અને સહજ સુલભતા દ્વારા ટેલિકોમ્યુનિકેશન-પ્રત્યાયન ક્ષેત્રે જે ક્રાંતિ આવી છે તેની કલ્પના અગાઉના વર્ષોમાં કરવી મુશ્કેલ હતી તેમાં પણ સ્માર્ટફોનની શોધથી મોબાઈલ

કમ્પ્યૂટર જેવાં બની ગયા છે. આજે મોબાઈલ ફોનથી શિક્ષણ મેળવી શકાય તેવી અનેક એપ્સ આવે છે જેનાથી ભાષા, ગણિત, સમાજશાસ્ત્ર, સામાન્ય જ્ઞાન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓનું શિક્ષણ મેળવી શકાય છે મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરેલી વિડીયો અને ઓડિયો લેકચર દ્વારા વિદ્યાર્થી પોતાના સમયે શિક્ષણ મેળવી શકે છે. સોશ્યલ મીડિયાના માધ્યમથી શાળાઓ અને શિક્ષકો શિક્ષણમાં વાલી-સમાજની ભાગીદારી મેળવી શકે છે. સૂચનાઓ, ઘરકામ, પ્રેકટિસ વગેરેમાં સહાયકારી અધ્યયન પણ મોબાઈલ દ્વારા શકય બન્યું છે.

### 7.3.3 ઇ-લર્નિંગ

વીસમી સદીના અંતમાં 'ઈ' પ્રત્યય ખૂબ પ્રચલિત બન્યો છે. 'ઈ' એટલે ઈલેકટ્રોનિકસ, વિજાણુશાસ્ત્રમાં આવતા સતત ફેરફારોની સીધી અસર માનવજીવન પર જોવા મળે છે. કમ્પ્યૂટર એ ઈલેકટ્રોનિકસ સાધન છે જે આપણે કમ્પ્યૂટરના પરિચયમાં જોયું કમ્પ્યૂટરર્સને એકબીજા સાથે જોડી નેટવર્ક બનાવવામાં આવે છે. આવા નેટવર્કને ઈન્ટરનેટ કહેવામા આવે છે. કમ્પ્યૂટર દ્વારા ઈન્ફોર્મેશન ટૅકનૉલોજીની મદદથી અધ્યયન થઈ શકે તેવી સંકલ્પનાને ઇ-લર્નિંગ કરી શકાય આમ ઇ-લર્નિંગ એટલે ઈલેકટ્રોનિકસ સાધનોની મદદથી થતું અધ્યયન, પરંતુ પ્રચલિત અર્થમાં ઇ-લર્નિંગ એટલે કમ્પ્યૂટરની મદદથી નેટવર્ક દ્વારા પ્રયોજાયેલું અધ્યયન.

E-learning is electronic learning and typically this means Using a computer to deliver or all of a course whether it's in a school, part of your mandatory business training or a full distance learning course.

"A method of learning that covers a wide set of application and processes, such as web -based learning, computer - based learning virtual classrooms, and digital collaboration. It includes the delivery of content via the internet/extranet (lane/wan), audio/video tape, satellite board cast, interactive TV and CDS"

- એટલે કે "અધ્યયનની એક એવી પદ્ધતિ કે જેમાં ઈલેકટ્રોનિકસ સાધનોના ઉપયોગ અને પ્રક્રિયાઓને સમાવી લે છે જેમાં વેબ-બેઈઝડ લર્નિંગ, કમ્પ્યૂટર- વેબ-બેઈઝડ લર્નિંગ, વર્ચ્યુઅલ કલાસરૂમ અને ડિઝિટલ ટૅકનૉલોજીનો ઉપયોગ થાય છે. તેમા વિષય વસ્તુનુ નિરૂપણ કે રજૂઆત ઈન્ટરનેટ, એકસ્ટ્રાનેટ (લેન-વેન), ઓડિયો, વીડિયો, ટેઈપ્સ, ઉપગ્રહપ્રસારણ, ઈન્ટરેકિટવ ટી.વી. અને સીડી દ્વારા થાય છે.
- આમ, ઇ-લર્નિંગ સામાન્યત: માહિતીની ઓનલાઈન ઉપલબ્ધિ છે; એટલે કે ઈન્ટરનેટ દ્વારા તાલીમ કે શિક્ષણ આપવાના કાર્યને કે શૈક્ષણિક વિચારધારા કે જેમાં અધ્યયન પ્રવિષ્ટ છે તેને ઇ-લર્નિંગ કહી શકાય.
- ઇ-લર્નિંગની કેટલીક સંકલ્પના આપવામાં આવી છે. વીજાણુયુકત સાધનોની સહાય દ્વારા વિવિધ સ્વરૂપે થતું અધ્યયન-અધ્યાપન
- જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનવિકાસ, જ્ઞાન અર્થઘટન માટે, જ્ઞાનની રજૂઆત માટે અને ઘટનાત્મક વર્તનો નીપજાવવા માટે કોઈપણ વીજાણુયુકત માધ્યમોનો, પ્રૌદ્યોગિકીનો ઉપયોગ એટલે E-learning.
- વ્યકિત અને સંસ્થાની કાર્યનિષ્ણાંતને આગળ વધારવા માટે સતત અને ઉદભવતું અને સહયોગયુક્ત પ્રક્રિયાઓ દ્વારા કેન્દ્રિત અધ્યયન પર્યાવરણ એટલે E-learning.

**સંકલ્પના**

- E-learning website, પ્રત્યાયન, સંબંધો, દસ્તાવેજો દ્વારા અને વયવસ્થાપનનાં ઉપકરણો દ્વારા થઈ શકે છે.
- Computer +net working દ્વારા જ્ઞાન અને કૌશલ્ય પ્રશિક્ષણ સંક્રમણ અને મહત્તમ કાર્યનિષ્પત્તિ થાય છે.
- સ્વગતિ પ્રમાણે અધ્યયન અધ્યેતાનું નિયંત્રણ, પ્રતિચારો આપવાની તક.
- E-learning ઔપચારિક રીતે અધ્યેતાને માહિતી પૂરી પાડે છે.

- અધ્યેતા અને અધ્યયન લવચીક પર્યાવરણને અનુરૂપ એમાં પરિર્વતન લાવી શકાય છે. તેને વૈયકિતક પણ બનાવી શકાય છે. રૂઢિગત રીતે પણ પ્રાપ્ત કરી શકાય છે.

**ઈ-લર્નિંગની જરૂરિયાતો/ મહત્ત્વ**

(1) નવીન ટૅકનૉલોજીનાં વિકાસ આધશરિત અધ્યયન કરવા માટે ઈ-લર્નિંગ ઉપયોગી બને છે.

(2) આજના ICTના સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા માટે ઇ-લર્નિંગની તાતી જરૂરી છે.

(3) આજે જયારે આખું વિશ્વ ICTના કબજા હેઠળ હોય ત્યારે વૈશ્વિવક સ્પર્ધા સામે ટકી રહેવા ICTના ઉપયોગી છે.

(4) માહિતીની જાગ્રતતા વિકાસાવવા ICTનો ઉપયોગ છે.

(5) વ્યકિતને સ્વગતિએ અધ્યયન કરવા માટે ICTની જરૂર છે.

(6) અધ્યયન સાહિત્ય પ્રાપ્ત કરવા ઈ-લર્નિગ ઉપયોગી છે.

(7) નીત-નવીન પ્રોજેકટો તૈયાર કરવા માટે ઈ-લર્નિગ ઉપયોગી છે.

(8) નવીન ટૅકનોલૉજીનો ઉપયોગ કરવા માટે ઉપયોગી છે.

(9) ઈ-લર્નિગ દ્વારા સંશોધન કાર્ય પણ કરી શકાય છે.

**ઈ-લર્નિંગના લાભ**

- વૈશ્વિક સંશાધનો ઉપયોગ કરી અધ્યાપક અધ્યાપન સામગ્રી વિકસાવી શકે છે
- પાઠ્યપુસ્તક કરતા પણ ગતિશીલ એવું કમ્પ્યૂટર સોફટવેર પાઠ્યક્રમ કે વિષયવસ્તુને તેની યોગ્ય લાક્ષણિકતાઓ મુજબ દર્શાવતું હોવાના કારણે શિક્ષક અધ્યાપન સામગ્રીનામાં વિવિધતા લાવે છે.
- અધ્યાપક અધ્યેતા કમ્પ્યૂટર દ્વારા વર્ગ શિક્ષણ દરમ્યાન થયેલી આંતરક્રિયાનુ રેકોર્ડિંગ કરી શકે છે
- સેવાંકાલીન તાલીમ માટે બિનજરૂરી પ્રવાસ અને ખર્ચ પર નિયંત્રણ લાવી શકાય છે.
- અધ્યાપન શાળા મહાશાળામાંથી વૈશ્વિક વ્યવહાર સુધી વિસ્તરે છે
- અધ્યેતા પોતાની ઝડપે ઈચ્છે ત્યારે અધ્યયન કરે છે જેના પરિણામ સમય અને ખર્ચમાં પણ બચત થાય છે.
- અધ્યેતા વિશ્વના કોઈપણ સ્થળે સર્વરમાં ઉપલબ્ધ જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકે છે
- ઈન્ફર્મેશન ટૅકનૉલોજીના કૌશલ્ય પર પ્રભુત્વ મેળવે છે જે ભવિષ્યમાં જીવન જીવવા માટે જરૂરી છે.
- અધ્યેતા સ્વ-અધ્યયનની ટેવ વિકસાવે છે.
- અધ્યેતામાં આંતરરાષ્ટ્રીય સમજની ભાવના ખીલે છે.
- અધ્યેતા અધ્યયનમાં જવાબદારી સાથે પ્રવર્તક બને છે. જે તેનો જ્ઞાનપ્રાપ્તિ અને આત્મવિશ્વાસનો ગુણ વિકસાવે છે.

**ઈ-લર્નિંગના ગેરલાભો**

- ટૅકનૉલોજીના ઉપયોગનું કૌશલ્ય ન જાણતા અધ્યેતા માટે ઈ-લર્નિગ સમસ્યારૂપ બને છે.
- નબળા વિદ્યાર્થીઓને અપૂરતું માર્ગદર્શન મળે ત્યારે અધ્યયન સફળતા પૂર્વક થઈ શકતું નથી.
- દરેક સમયે માર્ગદર્શક ઉપલબ્ધ ન હોવાથી અધ્યેતાની મૂંઝવણનો ત્વરિત ઉકેલ લાવી શકાતો નથી.
- અધ્યેતાની આર્થિક સ્થિતિ નબળી હોય ત્યારે ઈ-ઈર્નિગ દ્વારા અધ્યયન મુશ્કેલ બને છે.
- ઈન્ટરનેટની ધીમી ઝડપ અધ્યેતાને કંટાળા જનક સ્થિતિમાં મૂકી દે છે.
- વીજળીના અભાવે ઈ-લર્નિગ દ્વારા અધ્યયન અશકય બને છે.

### 7.3.4 અધ્યેતાનો કેન્દ્રિય અભિગમ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ઈ.સ. 1986માં ભલામણ કરવામાં આવી છે. કે ''માનવી એક હકારાત્મક સંપત્તિ અને મૂલ્યવાન કુદરતી અને પરિવર્તનશીલ સ્ત્રોત છે. જેથી તેની સુકોમળતાથી અને પ્રેમથી સંભાળ લેવી, માવજત કરવી અને વિકાસ કરવો જરૂરી છે.''

નીતિ અને હકીકત પર ભાર મૂકે છે કે દરેક માનવીના ઉછેરમાં જન્મ થી મૃત્યુ સુધીના દરેક તબક્કે જુદાં જુદાં પ્રશ્નો અને જરૂરિયાતો હોય છે. દરેક વ્યકિતત્ત્વ અને દરજ્જાને માન આપવું જોઈએ અને તેની જરૂરિયાત, રસના વિષયો તથા શકિતઓને શિક્ષણ પદ્ધતિઓને ધ્યાનમાં લેવાવી જોઈએ.

શિક્ષકે અધ્યેતાઓમાં કાંઈક નવું જાણવાની ઝંખના અને સ્વતંત્ર વિચારશકિતને ઉત્તેજિત કરવી, સમસ્યાઓના ઉકેલનું કૌશલ્ય કેળવવું, પરિયોજનાઓનુ આયોજન અને અમલીકરણ કરવું અને ઘટનાઓના નિરીક્ષણ, રચનાત્મક વિચારો અને પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન પ્રાપ્તિની સામેલગીરીવાળા સ્વ-અધ્યયનને ઉત્તેજન આપવું જોઈએ.

અધ્યેતાકેન્દ્રિ અભિગમ એટલે અધ્યેતા અથવા બાળક જ શિક્ષણના કેન્દ્રસ્થાને હોવો જોઈએ. અભિગમ અન્વયે અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જેના દ્વારા બાળકની જરૂરિયાતો, રસના વિષયો, અભિરુચિ અને જુદાં જુદાં તબક્કે બાળકની શકિતઓ ઉપર રચાયેલો હોય કે જેથી બાળક જરૂરી કૌશલ્યો, જ્ઞાન, વલણો અને મૂલ્યો મેળવી શકે, જે તેની અંદર પડેલી શકિતઓની અનુભૂતિ કરાવે છે.

બાળકના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમમાં, જ્ઞાન, વલણો, શારીરિક તંદુરસ્તી, નૈતિક અને આત્મિક મૂલ્યો, સૌંદર્યલક્ષી વૃત્તિઓ અને કાર્યાનુભવ જેવાં પાસાંઓને આવરી લેવાવાં જોઈએ. અધ્યેતાકેન્દ્રિ અભિગમ એટલે ''શીખવવાની પ્રક્રિયા'' નહીં, પણ ''શીખવાની પ્રક્રિયા'' આનો અર્થ થાય છે કે શીખવા માટે, અધ્યયન માટે કૌશલ્યો કેળવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, એવાં કૌશલ્ય કે જે તેમને પોતાની જાતે શીખવા માટે શકિતમાન બનાવે. સતત વધતાં જતાં જ્ઞાનના પ્રવાહની માંગ અને શક્યતાઓને પહોંચી શકે તેવા શકિતમાન પણ બનાવે.

અધ્યેતાકેન્દ્રિ અભિગમમાં દરેક શિક્ષકે એ વસ્તુ પ્રત્યે વિશિષ્ટ ધ્યાન આપવાનું રહેશે કે, વર્ગમાં દરેક બાળકે વિષય માટે નકકી કરેલ અધ્યયન નીપજ પ્રાપ્ત કરી શકે કે કેમ?, શિક્ષકે માત્ર અભ્યાસક્રમ પૂરો કરવાની જ ચિંતા કરવાની નથી, પરંતુ દરેક બાળક નિર્ધારિત અધ્યયન નીપજ પ્રાપ્ત કરે, તે માટે વિવિધ સાધન સાહિત્ય અને પદ્ધતિઓનો ઉપયોગ કરે અને તેને અનુરૂપ મૂલ્યાકંનનુ આયોજન કરવું જોઈએ.

**અધ્યેતાકેન્દ્રિ અભિગમના હેતુઓ**

- વર્ગખંડની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં અધ્યેતા અને અધ્યયન સાથે સંબંધ સ્થાપિત થાય.
- શિક્ષણની પ્રક્રિયા એક માર્ગી ન રહેતાં, દ્વિમાર્ગી બને.
- અધ્યેતામાં સ્વ-અધ્યયન કૌશલ્યો વિકસે.
- અધ્યેતા પોતે પ્રવૃત્તિઓની પસંદગી કરે અને તેમાં પોતાની ભાગીદારી અંગે નિર્ણયો કરે.
- અધ્યયન માટે અધ્યેતા પોતાની સૂઝબૂઝનો ઉપયોગ કરે.
- અધ્યયન અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિમાં આત્મવિશ્વાસ કેળવે.

**અધ્યેતાકેન્દ્રિ અભિગમમાં શિક્ષકની ભૂમિકા**

- બાળકો જૂથમાં કામ કરે તે માટે પ્રોત્સાહન આપવું
- વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ પર વિશ્વાસ રાખવો
- અધ્યેતાકેન્દ્રિ અભિગમના બધાં જ હેતુઓનો સ્વીકાર કરીને વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા જરૂરી સ્પષ્ટીકરણ અને માર્ગદર્શન આપવું
- વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયનની પ્રક્રિયા માટે જે જે સાધન સામગ્રીની જરૂરિયાત જણાય તે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે તેવી વ્યવસ્થા કરવી

➢ સ્વાધ્યાય, જૂથ ચર્ચા, પરિસંવાદ, પ્રદર્શન, પ્રોજેકટ જેવી અધ્યેતાકેન્દ્રિ પદ્ધતિઓનો વર્ગખંડમાં ઉપયોગ કેવી રીતે થાય તેની જાણકારી કેળવીને સમજ કેળવે અને અસરકારક આયોજન કરે.

**અધ્યેતાકેન્દ્રિ અભિગમની અસરો**

**1. અધ્યેતા-અધ્યયનની પ્રક્રિયામાં વધારો**

અધ્યેતાકેન્દ્રિ અભિગમને આધારે વિદ્યાર્થી અધ્યયન પ્રક્રિયામાં પોતે રસ લેતો થયો છે, રસપૂર્વક અધ્યયન કરતો થયો છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા તેના માટે બોજારૂપ ન બનતા રસદાયક બની છે.

**2. કાર્યસંચાલન અને નેતૃત્વની શકિતની ખીલવણી**

અધ્યેતાકેન્દ્રિ અભિગમમાં સ્વાધ્યાય, જૂથ-ચર્ચા, પરિસંવાદ જેવી પ્રવૃત્તિ વર્ગખંડમાં દાખલ થવાને પરિણામે શિક્ષક ચર્ચાના મુદ્દાને માત્ર વિદ્યાર્થી સમક્ષ મૂકે છે. વિદ્યાર્થી અંદરોઅંદર ચર્ચા કરે છે અને અધ્યેતાઓ અધ્યયનના મુદ્દાનું સ્વઅધ્યયન કરે છે. આવાં જૂથના આગેવાનમાં સ્વાભાવિક રીતે જૂથના સભ્યો પાસેથી કામ લેવાની, તમને એકસાથે લઈ ચાલવાની, નીયત સમયમાં કાર્ય પૂર્ણ કરવાની વગેરે જેવી કાર્યસંચાલન અને નેતૃત્વની શકિતઓ બાળપણથી જ વિકસે છે.

**3. જૂથ ભાવનાનો વિકાસ**

જૂથકાર્ય, ટીમ ટીચિંગ જેવી અધ્યાપન પ્રવૃત્તિઓના પરિણામે વિદ્યાર્થીઓમાં એકબીજાં પ્રત્યેનું વલણ હકારાત્મક બને છે. તેમજ તેઓમાં જૂથભાવના અને સામાજીકતા જેવાં ગુણોનો વિકાસ થાય છે. અહીં જૂથના તમામ સભ્યો પોતાના કાર્ય પ્રત્યે નિષ્ઠાવાન હોય છે તેમજ જૂથના અન્ય સભ્યોને મદદ માટે તત્પર રહે છે. તેઓનો આ પ્રત્યેનાં અભિગમ હકારાત્મક હોય છે તેઓ પોતાને સોંપવામાં આવેલ કાર્ય જવાબદારીપૂર્વક પૂર્ણ કરે છે.

**4. વ્યકિતગત શકિતઓનો વિકાસ**

અધ્યેતાકેન્દ્રિ અભિગમ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં અધ્યેતાનો વધુ મહત્ત્વપૂર્ણ ફાળો હોવાથી તેનામાં હકારાત્મક અધ્યયન સંક્રમણ સારી રીતે થઈ શકે તેવી શકિતઓ સરળતાથી ખીલે છે. અધ્યયન માટેનું જરૂરી વિષયવસ્તુ જુદાં-જુદાં સ્ત્રોતોમાંથી મેળવવું, એ વિષયવસ્તુને સરળતાથી સમજવું અને તેની પુનઃરજૂઆત કરવાના કૌશલ્યનો વિકાસ થાય છે.

**5. સ્વ-અધ્યયનની ટેવનો વિકાસ**

અહીં વિષયવસ્તુના ઊંડાણમાં જવાની વિદ્યાર્થીને તક મળે છે. તેનામાં વિષયવસ્તુના મુદ્દા તેને કયાંથી પ્રાપ્ત થશે તેની ખોજમાં રહે છે. તેના આધારે તે પોતે સ્વ-અધ્યયયન કરે છે. અધ્યેતાને ખ્યાલ હોય છે કે અધ્યયનની પ્રક્રિયામાં તેનો મોટો ફાળો રહેશે તેથી સ્વાભાવિક પણે જ શીખેલાં વિષયવસ્તુનું સ્વ-અધ્યયન અને પુનરાવર્તન કરવાની ટેવ તેનામાં વિકસે છે.

**6. જવાબદારીની ભાવનાનો વિકાસ**

અધ્યાપક વિષયવસ્તુ પ્રવેશ કરાવી આગળ વધવાનું ઘણી વખત અધ્યેતા ઉપર છોડી દેતા હોય છે આવા સંજોગોમાં આગળનું અધ્યયન-અધ્યેતાએ જાતે જ કરવાનું હોય છે આ પ્રક્રિયા તેનામાં વિષયવસ્તુની શોધ, અભ્યાસક્રમનું પુનરાવર્તન, સ્વઅધ્યયન જેવાં ગુણો કેળવે છે અને આ કારણે અધ્યેતા અધ્યયન પ્રત્યે વધુ જવાબદાર બને છે

**7. આત્મવિશ્વાસનો વિકાસ**

અધ્યેતા સ્વઅધ્યયન માટેની ટેવ કેળવે છે અને અધ્યયન પ્રત્યે વધુ જવાબદાર બને છે તેના પરિણામે તેનામાં શીખેલી વસ્તુઓ આત્મસાત કરવાનો વિશ્વાસ વધે છે. આવા અધ્યેતા જીવનની કોઈ પણ કસોટીનો આત્મવિશ્વાસપૂર્વક સામનો કરી તેને સરળતાથી પાર કરી શકે છે.

**8. અધ્યયન ગતિશીલ બને**

અધ્યયન માટેના વિષયવસ્તુના નવા નવા સ્ત્રોત અધ્યેતા સરળતાથી શોધી કાઢતા હોય છે જેને

કારણે વિષયવસ્તુનું પ્રમાણ અને ગુણવત્તા પણ વધે છે અને અધ્યયનની ગતિશીલતામાં વધારો થાય છે.

**9. પ્રવૃત્તિઓનો આનંદ માણે**

નૂતન અધ્યાપન પ્રયુક્તિઓને કારણે આ અભિગમ અધ્યેતાઓને કારણે આ અભિગમ અધ્યેતાઓ માટે ખુબ જ બને છે રસપ્રદ બને છે. અધ્યેતા અધ્યયન માટેના નવા-નવા ઉપાયો અને સ્ત્રોતો શોધી કાઢે છે. આ અભિગમમાં પ્રવૃત્તિલક્ષી અધ્યયનનું પ્રમાણ વધારે હોવાથી જેમકે પ્રાયોગિક કાર્ય, ક્ષેત્ર કાર્ય વગેરેમાં અધ્યેતા માટે પોતાના રસની પ્રવૃત્તિઓનો આનંદ માણવા મળે છે.

### 7.3.5 21મી સદીમાં શિક્ષણ ICT સંશોધન વ્યાવસાયિક મૂલ્યો સંદર્ભે

'Digital' ટૅકનૉલોજીનાં આ યુગમાં જો આપણે આપણા ઘરને અદ્યતન તકનિકી દ્વારા 'Digital' બનાવી શકીએ તો આપણો વર્ગખંડ પણ 'Digital'ન બનાવીએ. ICT નાં સંદર્ભમાં આપણે વર્ગખંડમાં એવા ફેરફારો કરવા જોઈએ જેથી સમગ્ર અધ્યાપન પ્રક્રિયા નવીનતમ, રસપ્રદ, રોચક, બને જેથી વિદ્યાર્થીઓની જિજ્ઞાસા પણ સંતોષાય સાથે શ્રેષ્ઠ અધ્યયન નીપજ તૈયાર થાય.આવી શ્રેષ્ઠ અને ગુણવત્તાયુકત અધ્યયન નીપજ તૈયાર કરવા માટે "Teaching Action plan" ના પરિમાણોનું આયોજન નક્કી દર્શાવ્યા પ્રમાણે શિક્ષણ પ્રક્રિયામાં પ્રયોજી શકાય.

**A) શિક્ષકની ભૂમિકા**

**(1) Opener :** શિક્ષકે વિદ્યાર્થીની આંતરિક શકિતઓ, લાગણીઓ, સુષુપ્ત કૌશલ્યો, દ્વારા, ટેલેન્ટ વગેરે જેવી શકિતઓને ખીલવવાનું કાર્ય કરવાનું છે.

**(2) Depriciate :** વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહીને તેને પ્રકાશિત કરતા રહેવાનું છે. આ રીતે આખી જિંદગી શિક્ષકે રોશની આપવાની છે.

**(3) Player :** શિક્ષકે વિદ્યાર્થી સાથે વધુમાં રમીને તેને વધુમાં વધુ ઊંચાઈએ મોકલવાનું કાર્ય કરવાનું છે.

જેમ હવા ભરેલો ફુગ્ગો રમતાં રમતાં આપણે તેને નીચે પડવા દીધા વગર ઊંચે ને ઊંચે લઈ જઈએ છીએ સાથે સાથે તે ફુટી પણ ન જાય તેનું ધ્યાન રાખીએ છીએ, તે રીતે શિક્ષકે વિદ્યાર્થીને વધુ ને વધુ અધ્યયન અનુભવો, અધ્યયન પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થી સામે શૈક્ષણિક રમત રમવાની છે અને વિદ્યાર્થીને વધુમાં વધુ અધ્યયન સિદ્ધિ તરફ ઊંચે ને ઊંચે લઈ જવાનો છે. તે પણ ધ્યાનમાં રાખવાનું છે કે વિદ્યાર્થી માનસિક રીતે "Not-out" રહેવો જોઈએ તેણે વિદ્યાર્થી માટે 'તારું' જે થવું હોય તે થાય પણ મારો પગાર તો ચાલુ રહેવો જોઈએ, તેવી ભાવનાનો સદાયે ત્યાગ કરવો જોઈએ.

(4) Ideal Leader શિક્ષક વર્ગ ખંડમાં ઉત્તમ નેતૃત્વ પ્રદાન કરતા હોવો જોઈએ આદર્શ નેતૃત્વ દ્વારા શિક્ષકે દર વર્ષે એવા શિક્ષકો ઊભા કરવાના છે કે જેઓ ભવિષ્યમાં પોતાની જેમ અન્ય નેતૃત્વ સભર શિક્ષકો તૈયાર કરી શકે. આ છે શિક્ષકની ખરી ભૂમિકા જો આવું શકય ન બનાવાય તો કલાર્ક અને શિક્ષક ની નોકરીમાં કંઈ જ તફાવત નથી.

(5) Good Speaker શિક્ષકે પોતાના વકતવ્ય માં તેણે વ્યવહારુ, જીવંત અને પ્રસંગો, ઉદાહરણો, ઘટનાઓ, બનાવો વગેરેનો ઉપયોગ કરી કે આધાર લઈ અધ્યયનને રોચક, રસપ્રદ અને ઉન્નત બનાવવું જોઈએ.

(6) Role of faith : વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે પરસ્પર વિશ્વાસની લાગણી હોવી જોઈએ.

શિક્ષકે પોતાની અધ્યયન ક્ષમતા દ્વારા વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠ સિદ્ધિનું નિર્માણ કરવાનો અતૂટ વિશ્વાસ હોવો જોઈએ.

**(7) Communicator:** શિક્ષક આદર્શ પ્રત્યાયન-કાર હોવો જોઈએ. તેનું કાર્ય પ્રેષક તરીકેનું છે. રિસીવરને બહુકેન્દ્રિય જ્ઞાન મળે આ માટે શિક્ષકે યોગ્ય માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો પૂરાં પાડવા જોઈએ. આમ, સમર્ગ વર્ગખંડમાં શિક્ષકનું પ્રત્યાયન દ્વિધ્રુવી, બહુ માધ્યમી પ્રેરક અને અદ્યતન હોવું જોઈએ.

**(8) Life time learner:** સ્વયં શીખે અને શીખતા કરે તેવી ભૂમિકા શિક્ષકે જીવનપર્યંત ભજવવી જોઈએ નૂતન પ્રવાહો, ટેકનૉલોજી, નૂતન અધ્યાપન પદ્ધતિ અને પ્રવિધિઓ વગેરેથી વાકેફ રહેવું જોઈએ અને વર્ગખંડમાં તેનો વિનિયોગ કરવો જોઈએ.

**(9) Mind set :** વર્ગખંડમાં ચાલતી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન શિક્ષકે કોઈ પણ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય તેમ છતાં તેના મન ઉપરનો અંકુશ ગુમાવવો જોઈએ નહીં. કોઈપણ પ્રકારની પરિસ્થિતિમાં શિક્ષકે વિદ્યાર્થી સાથે શાંત ચિતે, હૃદયથી, લાગણી પૂર્વક અને પ્રેમપૂર્વક વ્યવહાર કરી વિદ્યાર્થીઓની કોઈપણ સમસ્યા ઉકેલવાનો સાર્થક પ્રયત્ન કરવો જોઈએ.

**B) ICT નાં સંદર્ભમાં શૈક્ષણિક પાઠ તૈયાર કરવા**

પ્રવર્તમાન સમયમાં વર્ગખંડમાં આદર્શ અધ્યયન પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે શિક્ષકે વિદ્યાર્થીઓને અદ્યતન શૈક્ષણિક સંશોધનોનો ઉપયોગ કરીને વર્ગખંડને માહિતી સભર બનાવવા પડશે જે માટે ICT નાં સંદર્ભમાં શૈક્ષણિક પાઠ આયોજનનું અહીં દર્શાવેલ માળખું વિચારી શકાય

**પાઠ આયોજનનું માળખું**

(1) પાઠનાં હેતુઓ

A) સામાન્ય હેતુઓ

B) વિશિષ્ટ હેતુઓ

- વિદ્યાર્થીલક્ષી હેતુઓ
- મલ્ટિમીડિયા પ્રેઝન્ટેશનને લગતા હેતુઓ
- પ્રકાશનને લગતા હેતુઓ
- વેબસાઈટને લગતા હેતુઓ
- વાર્તનિક હેતુઓ

(2) અપેક્ષિત પરિણામ

(i) અધ્યયન નીપજ

(ii) અધ્યયન વર્તન –પરિવર્તન

(iii) જરૂરી કૌશલ્યોનો વિકાસ

(3) સમય

- તાસ વિભાજનના સંદર્ભમાં

(4) શૈક્ષણિક સાધનો

- પ્રોજેકટર- ICTmultimedia પ્રોજેકટર-L.C.D, O.H.P
- ફોટોગ્રાફ્સ - .C.D, floppy, flimstrip

(5) સંદર્ભ સામગ્રી

- હાર્ડવેર, સોફ્ટવેર, અન્ય

(6) શિક્ષણની પદ્ધતિ -પ્રયુકિત

- પ્રસ્તાવના લખવી
- પ્રસંગ કથન, વાર્તા, ઘટના, બનાવ
- જૂથ ચર્ચા
- પ્રશ્નોત્તરી
- અભિવ્યકિત લેખન

- ➢ સમૂહ ચર્ચા
- ➢ નિદર્શન

(7) કા.પા. કાર્ય

- ➢ શૈક્ષણિક મુદ્દા

(8) પૂરક પ્રશ્નોત્તરી

- ➢ ચર્ચાને આધારે પૂરક પ્રશ્નોત્તરી કરવી
- ➢ સામાન્ય તારણો મેળવવા

(9) મૂલ્યાંકન

- ➢ સતત મૂલ્યાંકન
- ➢ સમગ્ર મૂલ્યાંકન
- ➢ સર્જનાત્મક, મલ્ટિમીડિયા, વેબસાઈટ, પ્રોજેક્ટરનો ઉપયોગ અને વિદ્યાર્થીની ભૂમિકાનું મૂલ્યાકંન

(10) સ્વાધ્યાય

- ➢ સંશોધક વિદ્યાર્થીને લગતો સ્વાધ્યાય
- ➢ તેજસ્વી વિદ્યાર્થીને લગતો સ્વાધ્યાય
- ➢ પ્રવૃત્તિલક્ષી સ્વાધ્યાય
- ➢ મૌખિક સ્વાધ્યાય

**(C) કેટલાંક ચલોના સંદર્ભમાં શિક્ષક પાસેથી અપેક્ષિત કૌશલ્યની આવશ્યકતા**

શિક્ષકે વર્ગખંડમાં વૈવિધ્યપૂર્ણ અને જીવંત અનુભવો પૂરાં પાડવા માટે કેટલાંક કૌશલ્યો વિકસાવવા જોઈએ.

જેવાકે,

- ➢ વિષયવસ્તુની સજ્જતા
- ➢ ટેકનૉલોજીનું જ્ઞાન
- ➢ વ્યકિતત્ત્વ વિકાસ
- ➢ શીખવવાની કળા
- ➢ વ્યાવસાયિક સજ્જતા
- ➢ વર્ગવ્યવહાર
- ➢ અનુભવ
- ➢ મૂલ્યાંકનકર્તા
- ➢ પ્રત્યાયનકાર
- ➢ શૈક્ષણિક સાધનનો ઉપયોગ

**(D) અધ્યયન પદ્ધતિ**

અધ્યયનમાં ઉત્તમતા ત્યારે જ આવી શકે જયારે શિક્ષક દ્વારા વૈયકિતક તફાવતોનાં સંદર્ભમાં અધ્યયન પદ્ધતિનું નિર્માણ કરવામાં આવે છે.

આ માટે અધ્યયેતાની પાંચેય ઈન્દ્રિયો આંખ, નાક, સ્વાદ, સ્પર્શ અને શ્રવણ દ્વારા Visual kinaesthetic અને Auditory અધ્યયન અનુભવો પૂરાં પાડી શકાય.

શિક્ષકે વર્ગખંડનાં વિદ્યાર્થીને અધ્યયન માટે પ્રેરિત કરવા નીચેનું સૂત્ર યાદ રાખવું જોઈએ.

M = R + V + P + L

R = Rediness (તત્પરતા) V = Value (ઉપયોગિતા)

P = Probabiliy (સંભવિતતા) I = Impact (પ્રભાવ)

**(E) અધ્યયન-અધ્યાપન સામગ્રી (T.L.M)**

શિક્ષકે અધ્યેતાની જિજ્ઞાસા, રમૂજવૃત્તિ, અભિરૂચિ, સર્જનાત્મકતા, અર્થમયતા, ગ્રહણશીલતા, એકાગ્રતા વગેરે જેવાં ચલોના સંદર્ભમાં વર્ગખંડમાં નવ વિચારાત્મક, નવપરિણાત્મક, ગુણવત્તાયુકત, બહુહેતુક અધ્યયન-અધ્યાપન સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ શિક્ષકે નીચે દર્શાવેલ અધ્યયન-અધ્યાપન સામગ્રીનો વર્ગખંડમાં ઉપયોગ કરવો જોઈએ

- અદ્યતન ચિત્રો, લખાણ, ડાયાગ્રામ, ફોટોગ્રાફ્સ
- ફિલ્મ સ્ટ્રીપ, ટ્રાન્સપરન્સી, સ્લાઈડ
- આકૃતિ, નકશા, માઈક્રોફિલ્મ
- સ્વ-અધ્યયન સામગ્રી

**(F) શૈક્ષણિક સાધનોનો ઉપયોગ :**

**દશ્ય સાધનો :** પ્રતિકૃતિઓ, નમૂનાઓ, કઠપૂતળીઓ, ઠઠ્ઠાચિત્રો, એપિ સ્કોપ ચિત્રો, ફલોપી, 3D ચિત્રો, O.H.P, એપિડાયોસ્કોપ.

**શ્રાવ્ય સાધનો :** ટેપ રેકોર્ડર, CD, મોબાઈલ ફોન, ભાષા પ્રયોગશાળા, ટેલિફોન સિસ્ટમ, રેડીયો, સ્ટીરિયો સિસ્ટમ.

**દશ્ય-શ્રાવ્ય સાધનો:-** ટેલિવિઝન, ફિલ્મ પ્રોજેકટર, C.C.T.V., વીડિયો-રેકોર્ડર, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ, VCD પ્લેયર, ચલચિત્રો, પ્રક્ષેપણ-સાધનો, મોબાઈલ ફોન, ટેલિ-કોન્ફરન્સ.

**બહુમાધ્યમ સંપૂટ :** એક કરતાં વધુ માધ્યમને ભેગા કરીને તૈયાર કરવામાં આવે છે જે બહુ માધ્યમ સંપૂટ તરીકે ઓળખાય છે. દા.ત રેડિયો + સ્લાઈડ કે પોસ્ટર

ચલચિત્રો + પોસ્ટર+ કાર્યપોથી

દૂરદર્શન+પોસ્ટર+ કાર્યપોથી + જૂથ ચર્ચા

અન્યરોલ પ્લે, નાટક, સેમિનાર, વર્કશોપ, પ્રયોગશાળાના પ્રયોગો, કાર્યાનુભવો, નિદર્શનો વગેરે.

**(G) મૂલ્યાંકન**

"શિક્ષણ પ્રક્રિયામાં અધ્યયન અનુભવોની અસરકારકતા અને નીપજની પ્રાપ્તિનું વિશ્લેષણ કરવું એટલે મૂલ્યાંકન"

માહિતી, સૂચના અને અધ્યયન અનુભવો ગમે તેટલા પ્રમાણમાં અદ્યતન કે ટેકનિકલ હશે, પરંતુ અધ્યયન પ્રક્રિયા દરમિયાન અને અંતે શિક્ષક અને વિદ્યાર્થીઓનું બે બાબતોનું મૂલ્યાંકન થવું જોઈએ.

**(A) પ્રક્રિયા (Process)**

**(B) નીપજ (Product)**

પ્રક્રિયાના મૂલ્યાંકનમાં વિષયવસ્તુ, શૈક્ષણિક સાધન, અધ્યયન પદ્ધતિ-પ્રયુકિત, માધ્યમ જેવી બાબતોના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે.

નીપજના મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓમાં આવેલું અપેક્ષિત વર્તન-પરિવર્તન, વિદ્યાર્થીની સિદ્ધિ, હેતુઓની પ્રાપ્તિ, વલણ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત શૈક્ષણિક ટૅકનૉલોજીના સંદર્ભમાં નીચેની બાબતોનું મૂલ્યાંકન થઈ શકે.

- અંકુશ વિશ્લેષણ (Control Analysis)
- વિષયવસ્તુ વિશ્લેષણ (ContentAnalysis)
- સાધન-સામગ્રી વિશ્લેષણ (Media Analysis)

- શ્રોતા વિશ્લેષણ (Audiance Analysis)
- અસરકારકતા (Effect Analysis)
- સંક્ષિપ્ત વિશ્લેષણ (Summative Analysis)
- વિસ્તૃત વિશ્લેષણ (Formative Analysis )

## 7.4 તમારી પ્રગતિ ચકાસો

નીચે આપેલા પ્રશ્નોના ઉતરો આપેલી ખાલીજગ્યામાં લખો.

**(1) માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકીનો અર્થ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(2) ICTનાં મહત્ત્વને લગતા ચાર મુદ્દાને જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(3) કોઈ બે મુદ્દાને આધારે ICTનો શિક્ષણમાં ઉપયોગ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(4) ઈ-લર્નિંગનુ મહત્ત્વ સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 7.5 સારાંશ

શિક્ષણ ક્ષેત્રે ICTના ઉપયોગથી વિદ્યાર્થી શિક્ષક કેન્દ્રિ મટીને સ્વ શિક્ષણ કેન્દ્રિ બનાવા પામ્યો છે. આ ICT વિદ્યાર્થીના જીવનમાં જાણે કે ઊંડાણ ભરી છે. વિદ્યાર્થી નીતનવા પરિવર્તનથી જાણકાર બને છે.

જેમાં ICT નો ફાળો અગત્યનો છે. માહિતી ટૅકનૉલોજીએ ઉપભોક્તાના જ્ઞાનમાં વધારો કર્યો છે. અને ICTએ ઉપભોક્તા ને સમસ્યા સંબંધિત નિર્ણયો લેવામાં પણ સહાયભૂત બની શકે છે.

## 7.6 સ્વાધ્યાય

(1) ICTનો પરિચય ટૂંકમાં દર્શાવી તેનું મહત્ત્વ સમજાવો

(2) વિવિધ ICTનો શિક્ષણમાં ઉપયોગ જણાવો.

(3) 21મી સદીમાં શિક્ષક ICTના સંદર્ભમાં સમજાવો.

(4) અધ્યેતાકેન્દ્રિ અભિગમ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરો.

## 7.7 ચર્ચા માટેના મુદ્દા

(1) ''કોઈપણ મકાન વ્યકિતના બ્લોગ પરથી માહિતી મેળવી તેની સટીક આલોચના કરો.''

(2) ''ટવીટર પર આવેલાં દેશના સળગતા પ્રશ્નો અંગેની માહિતી મેળવો.''

## 7.8 કેટલાંક ઉપયોગી પુસ્તક

1. મોતીભાઈ પટેલ અને અન્ય,
શૈક્ષણિક ટૅકનૉલોજી, બી.એસ.શાહ પ્રકાશન

2. શાહ દીપિકા
શૈક્ષણિક સંશોધન, બી.એસ.શાહ પ્રકાશન

3. શાહ દીપિકા
શૈક્ષણિક પ્રૌદ્યોગિકી, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ.

## 7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(1) 3.4.1

(2) 3.4.1

(3) 3.4.2

(4) 3.4.3

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-103
# શિક્ષક-પ્રશિક્ષણ

## વિભાગ
# 3

## શિક્ષક-પ્રશિક્ષણની નીતિઓ


એકમ-8 ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણને સંબંધિત બંધારણ

એકમ-9 ભારતમાં શિક્ષણ માટેનું નીતિ ઘડતર

એકમ-10 ભારતમાં શિક્ષક-શિક્ષણને સંબંધિત બંધારણ નીતિ ઘડતર અને પ્રતિનિધિ સંસ્થાઓ

## ES-103, શિક્ષક-પ્રશિક્ષણ (વિભાગ-3)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સોનલ પટેલ** | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-080-9**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-103 શિક્ષક-પ્રશિક્ષણ

**વિભાગ-1 શિક્ષક - પ્રશિક્ષણ : ભૂમિકા**

એકમ-1 શિક્ષક-શિક્ષણ

એકમ-2 શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

એકમ-3 શિક્ષક-શિક્ષણના પ્રકારો

**વિભાગ-2 શિક્ષક - પ્રશિક્ષણમાં અધ્યયન-અધ્યાપન**

એકમ-4 શિક્ષક-પ્રશિક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

એકમ-5 શિક્ષક-શિક્ષણમાં આચાર્યોની ભૂમિકા

એકમ-6 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

એકમ-7 શિક્ષક-શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન

**વિભાગ-3 શિક્ષક-પ્રશિક્ષણની નીતિઓ**

એકમ-8 ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણને સંબંધિત બંધારણ

એકમ-9 ભારતમાં શિક્ષણ માટેનું નીતિ ઘડતર

એકમ-10 ભારતમાં શિક્ષક-શિક્ષણને સંબંધિત બંધારણ નીતિ ઘડતર અને પ્રતિનિધિ સંસ્થાઓ

**વિભાગ-4 ભારતમાં શિક્ષણ-પ્રશિક્ષણ**

એકમ-11 અધ્યયન એક વ્યવસાય

એકમ-12 બ્રેઈન સ્ટોર્મિંગ

એકમ-13 ભારતમાં સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ સંકલ્પના, માળખું, પ્રકારો

એકમ-14 શિક્ષણ-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 8

# ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણને સંબંધિત બંધારણ


8.1 પ્રસ્તાવના

8.2 ઉદ્દેશો

8.3 ભારતીય બંધારણમાં આમુખનો અભ્યાસ

- આમુખની વ્યાખ્યા અને હેતુઓ
- આમુખના ઉદ્દેશો

8.3.1 આમુખના સિદ્ધાંતો

8.3.2 બંધારણ અનુસાર નાગરિકતાના મૂળભૂત હકો

- નાગરિકત્વ મેળવવાની રીતો
- બંધારણના મૂળભૂત છ અધિકારો

8.4 બંધારણ અનુસાર નાગરિકની ફરજો

- સમાપન

8.5 તમારી પ્રગતિ ચકાસો

8.6 સારાંશ

8.7 સ્વાધ્યાય

8.8 ચર્ચા માટેના મુદ્દા

8.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો


## 8.1 પ્રસ્તાવના

એક તરફ ભારતીય નેતાઓના અને બીજી તરફ બ્રિટિશ સરકારના અભિપ્રાયોના લાંબા વિવાદને અંતે ભારત એક આઝાદ રાષ્ટ્ર બન્યું હતું બ્રિટિશરો આપણને એવી દલીલ કરીને આઝાદી આપવા ઈચ્છતા ન હતા કે ભારત ધર્મ, જ્ઞાતિ, જાતિ અને ભાષામાં એટલું બંધુ વહેંચાયેલું છે કે લોકશાહી સરકાર અહીં ચાલી શકે તેમ નથી. ભારતીય અભિપ્રાય આ દલીલો સાથે સહમત થઈ શકયો નહીં. આથી વિપરીત એણે ભારપૂર્વક કહ્યું કે બ્રિટિશ શાસકો પોતાની સત્તા કાયમી રાખવા માટે વિવિધતાના આ તત્ત્વોને અતિશયોક્તિભરી રીતે રજૂ કરી રહ્યો છે. 'સાંપ્રદાયિકતા' અંગેની દલીલનો ઈન્ડિયન નેશનલ કોંગ્રેસે આપેલો સત્તાવાર જવાબ એજ હતો કે આ અમારી મૂળભૂત સ્વતંત્રતા છે સાંપ્રદાયિકતાને રાજકારણ સાથે સંબંધ નથી. જો આ સ્વાતંત્ર્ય વ્યકિતગત રીતે આપવામાં આવશે તો એનો ઉકેલ આપોઆપ આવી જશે. અલબત્ત, સાંપ્રદાયિકતા અંગે કાયદાકીય જોગવાઈ ન કરીને સરકારી સત્તાને મર્યાદિત કરવી એ જ સાચો ઉકેલ હતો.

1946માં બ્રિટને ભારતની દલીલનો સ્વીકાર કર્યો હતો સમસ્યાના ઉકેલ માટે ઉત્સુક બ્રિટિશ સરકારે મૂળભૂત સ્વતંત્રતાઓના સિદ્ધાંત અને અભિપ્રાયો એકત્ર કરી લઘુમતીની ચોકકસ સલામતી માટે પગલાં લેવા. આગળ વધી આથી 1946ની બંધારણસભાએ એક સમિતિની રચના કરી તંત્ર ઊભુ કર્યું અને તેથી 1947ની ધારાસભાને વેગ મળ્યો.ભારતનું બંધારણ ઘડવામાં 2વર્ષ 11 મહિના અને 18દિવસ થયા હતાં. ભારતમાં બંધારણનો અમલ 26મી જાન્યુઆરી 1950માં થયો.

## 8.2 ઉદ્દેશ્યો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

(1) એકમનો પરિચય મેળવી શકશો.

(2) ભારતના બંધારણ વિશે જાણી શકશો.

(3) ભારતીય બંધારણમાંના મૂલ્યો જાણી શકશો.

(4) આમુખમાંના સિદ્ધાંતો વિશેની સમજ મેળવી શકશો.

(5) નાગરિકોના મૂળભૂત હકો વિશેની સમજ મેળવી શકશો.

(6) બંધારણ અનુસાર નાગરિકોની મૂળભૂત ફરજો વિશે સમજ મેળવી શકશો.

## 8.3 ભારતીય બંધારણમાં આમુખનો અભ્યાસ

ભારતનુ બંધારણ એના આમુખની સાથે જ આગળ વધે છે.

બંધારણની પ્રસ્તાવના નાગરિકોને ન્યાય, સ્વાતંત્ર્ય, સમાનતા અને એકતાની સલામતીની ખાતરી ઉચ્ચારી છે, જે લોકશાહીનાં આવશ્યક લક્ષણો છે.

આમુખ આ મુજબ છે :-

અમે, ભારતનાં લોકો ગંભીરતાપૂર્વક ભારતને સાર્વભૌમ સમાજવાદી, બિનસંપ્રદાયિક, લોકશાહી પ્રજાસત્તાક તરીકે સ્થાપવાનો ઠરાવ કરીએ છીએ અને તેના તમામ નાગરિકોને સલામતીની ખાતરી આપીએ છીએ-

**ન્યાય :** સામાજીક, આર્થિક અને રાજકીય

**સ્વાતંત્ર્ય :** વૈચારિક, અભિવ્યકિત, માન્યતા, વિશ્વાસ અને પૂજા

**સમાનતા :** દરજ્જા અને તકો માટે

**એકતા :** વ્યકિતના ગૌરવની ખાતરી અને એકતા તથા દેશની અખંડિતતા માટે સૌને પ્રોત્સાહિત કરવા.

આજે, 26 મી નવેમ્બર, 1949ના દિને આપણી બંધારણ-સભામાં આથી, અપનાવીએ છીએ અને આ બંધારણ અમને પોતાને જ અર્પણ કરીએ છીએ.

### આમુખની વ્યાખ્યા

વિધાનમંડળ દ્વારા ઘડાતા કોઈપણ કાયદાની શરૂઆતમાં એ કાયદો કોણે ઘડ્યો હતો ? ક્યારે ઘડ્યો હતો અને કયા હેતુઓ માટે તે ઘડવામાં આવ્યો હતો. એ દર્શાવતું એક વકતવ્ય આલેખાતું હોય છે. એવી ત્રિવિધ હકીકતો દર્શાવતું વક્તવ્ય આમુખ (Problem) કહેવાય છે.

ભારતમાં બંધારણના 1 થી 395 સુધીના નિયમો અનુચ્છેદો (Articles) પણ ભારતની પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી બંધારણ સભાએ 26મી નવેમ્બર 1949 ના રોજે સ્વીકાર્યા હતાં. એ રીતે બંધારણીય કાયદો પણ એક કાયદો જે છે અને તેથી એની શરૂઆત પણ ઉપર જણાવ્યા મુજબના ત્રણ પ્રશ્નોના જવાબ આપતું વક્તવ્ય કે આમુખથી થઈ છે. એમાં કુલ ત્રણ પ્રશ્નોના જવાબ આપણને મળી શકે છે.

1. ભારતનું બંધારણ કોણે ઘડ્યું હતું ?
2. ભારતનો બંધારણીય કાયદો કયા હેતુ માટે ઘડવામાં આવ્યો હતો ?
3. ભારતીય બંધારણીય કાયદો ક્યારે ઘડ્યો હતો ?

બંધારણના ઘડવૈયાઓએ બંધારણના આમુખમાં એ ત્રણેય પ્રશ્નોના સ્પષ્ટ રીતના જવાબો આપ્યા છે. પંડિત જવાહરલાલ નહેરુએ 13મી નવેમ્બર 1946ના રોજ બંધારણસભામાં હેતુદર્શી પ્રસ્તાવ (Resolution of objectives) રજૂ કરી સભ્યો સમક્ષ નવા ઘડનારા બંધારણીય કાયદા અંગે રૂપરેખા દોરી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ‘‘આ પ્રસ્તાવ આપણે માટે પ્રસ્તાવ કરતાં કંઈક વિશેષ છે, એ એક ઘોષણા છે, દૃઢ નિર્ધાર છે, પ્રતિજ્ઞા છે. ’’ અને લક્ષ્યને અનુરૂપ આમુખનું હેતુનિર્ધાર કાવ્ય રચાયું છે, તથા તેમાંના હેતુઓને ચરિતાર્થ કરવા સમગ્ર બંધારણનું વિગત સ્તર માળખું ઘડાયું છે.

### સ્થાન અને મહત્ત્વ :

બંધારણના બાહરી માળખાની માહિતી આપવા ઉપરાંત એના શબ્દોની પાછળ રહેલી ભાવના અને તત્ત્વજ્ઞાનને આમુખ પ્રગટ કરે છે. બંધારણની જોગવાઈઓ અસ્પષ્ટ અર્થવાળી જણાય, તો આમુખમાં વ્યક્ત થતી ભાવનાના પ્રકાશમાં તેનું યોગ્ય અર્થઘટન કરી શકાય છે. ચોક્કસ જોગવાઈ ઘડવા પાછળ બંધારણના ઘડવૈયાઓના મનમાં રહેલી ભાવના અને હેતુઓને ઉકેલવા માટે આમુખ ચાવીરૂપ છે.

**આમુખમાં વ્યક્ત થતાં ઉદ્દેશો :**

1. **સાર્વભૌમત્વ :** આમુખમાં ભારતને સાર્વભૌમ સમાન ધર્મનિરપેક્ષ, લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય બનાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

2. **સમાજવાદી સમાજની રચના :** સમાજવાદી શબ્દ ઈ.સ. 1976 કટોકટી સમય દરમ્યાન સંસદે બંધારણના અનુચ્છેદ 368થી મળેલી સત્તાને આધારે ઘડેલા 42માં બંધારણીય સુધારાથી દાખલ કરાયો હતો. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે આવક સ્થાન તથા જીવન ધોરણમાં રહેલી અસમાનતાઓને ઓછી કરવાનો એમાં સંકલ્પ રહેતો હોય છે. વ્યક્તિના જન્મથી માંડીને મરણ સુધી સલામતી પ્રદાન કરવાનું એનું મૂળભૂત લક્ષ્ય છે.

3. **ધર્મનિરપેક્ષ રાજ્ય :** આ લક્ષણ પણ ઈ.સ. 1906ના કટોકટી કાળ દરમ્યાન થયેલાં 42માં બંધારણીય સુધારાથી દાખલ કરવામાં આવ્યું હતું. જો કે રાજકારણ અને ધર્મને ભિન્ન ગણીને સર્વધર્મ સમભાવ ઉપરાંત ધાર્મિક લઘુમતીઓ માટે ખાસ રક્ષણ તથા કેટલા / કેટલાંક વિશેષાધિકારો અંગેની વિસ્તૃત જોગવાઈઓમાં જ એ અભિપ્રેત હતું. ભારતની પ્રજામાં રહેલી ધાર્મિક વિભિન્નતાના સંદર્ભમાં રાષ્ટ્રની એકતા સિદ્ધ કરવા માટે સ્વીકારેલો ધર્મનિરપેક્ષનો ખ્યાલ, બંધારણ અંતર્ગતનો ભાગ છે.

4. **લોકશાહી :** લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં સરકાર પોતાની ઈચ્છામાંથી પ્રાપ્ત કરે છે. પ્રજા જ શાસકોને પસંદ કરે છે.

5. **પ્રજાસત્તાક :** તમામ રાજકીય સત્તા જ્યારે પ્રજામાં જ સ્થાપિત થયેલી હોય અને તે નિશ્ચિત સમય માટે એક વ્યક્તિને પોતાના વડા કે પ્રમુખ તરીકે ચૂંટીને તેનામાં પ્રત્યાર્પિત કરે, ત્યારે એ વ્યવસ્થા રાજાશાહી પ્રથાથી વિપરીત એવી પ્રજાસત્તાક વ્યવસ્થા બને છે.

6. **પ્રજાના અધિકારો :** આમુખમાં વ્યક્ત થતું બીજું ધ્યેય ભારતના નાગરિકોને ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વ પ્રાપ્ય બનાવવાનું છે. યૂનોની મહાસભાએ 10મી ડિસેમ્બર 1948ના રોજ માનવ હક્કોના આંતરરાષ્ટ્રીય જાહેરનામા (Universal Declaration of Human Rights) નો સ્વીકાર કર્યો હતો. અંગ્રેજ શાસકો સામેની આઝાદીની લડત મૂળ તરત રીતે એવા અધિકારો માટેની જ લડત હતી.

   આમુખમાં આમુલ પરિવર્તન કરવાની કે સુધારવાની સત્તા ભારતની સંસદને પણ નથી.

### 8.3.1 આમુખના સિદ્ધાંતો

**પ્રસ્તાવના :**

આમુખ બે ભાગમાં વહેંચાયેલું છે. પહેલા ભાગમાં પ્રજાસત્તાકના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે. બીજા ભાગમાં સિદ્ધાંતો દર્શાવાયા છે. આ સિદ્ધાંતો પ્રમાણે ભારતમાં પ્રજાસત્તાકે ચલાવાનું છે, તે આદેશો છે.

1 **ન્યાય :**

ન્યાય સિદ્ધાંત હેઠળ માત્ર અદાલતી ન્યાય સ્થાપવાનું કહેવામાં આવ્યું નથી. અદાલતી ન્યાયનો એમા ઉલ્લેખ જ નથી. આમુખ એવું દર્શાવવા માંગે છે કે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે તે રીતે અદાલતી ન્યાયની સ્થાપના થશે. આમ, આમુખમાં ત્રણ પ્રકારના ન્યાયનો આગ્રહ રાખવામાં આવ્યો છે, એમાં સૌથી પહેલો આગ્રહ સામાજિક ન્યાયનો રાખવામાં આવે છે. ભારતનો ઈતિહાસ જોતાં માલૂમ પડ્યું છે કે વિદેશી સત્તા હોય કે નહીં હોય પણ ભારતમાં સામાજિક અસમાનતા કાયમી સ્વરૂપે ઘર કરી ગઈ છે. આ અસમાનતાના કારણે એક અભ્યાસ જણાવે છે તેમ 70 થી 75 ટકા લોકો અસમાનતાનો ભોગ બને છે. એમને સ્વમાન અને સમાજમાં હકથી રહેવાનું સ્થાન મળતું નથી. સામાજિક ન્યાય હેઠળ દેશની દરેક વ્યક્તિ સ્વનિર્ભર જીવી શકે અને સમાજમાં કોઈ જૂથના ઓશિયાળા થઈને નહીં પણ એક હક તરીકે સ્થાન પામે તેવા આ આદેશ છે.

ન્યાયના સિદ્ધાંત તરીકે એ ભાગ સ્વરૂપ આર્થિક ન્યાય સ્થાપવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. હવે પછી સમાનતાના સિદ્ધાંત હેઠળ જે આદેશની આપણે ચર્ચા કરવાની છે. તેમાંથી આર્થિક ન્યાયમાં

છૂપાયેલો ધ્વનિ જરા જુદોં છે, વ્યક્તિ શ્રમ કરે અને તેનું એને સંતોષકારક વળતર મળે તો તે આર્થિક ન્યાય છે. સંતોષકારક વળતર બજારનાં પરિબળો અને શ્રમિકની અપેક્ષાની વચ્ચે હોય છે. બજારના પરિબળો કોઈ એક પ્રકારના શ્રમનો પુરવઠો પ્રમાણમાં વધારે હોય તો તેનું વળતર ઓછું નક્કી કરે છે, પરંતુ બીજી બાજુ શ્રમિકની પોતાના જીવનધોરણને ટકાવી રાખવા જેટલું વળતર મળે તેવી એની ન્યૂનતમ અપેક્ષા હોય છે. આ પરિસ્થિતિમાં સરકારી રાહે નક્કી થતું લઘુત્તમ વેતન આર્થિક ન્યાયની. પરિભાષા કહી શકાય.

**રાજકીય ન્યાય :** રાજકીય ન્યાય એવું સૂચવે છે કે અંગત અને સામૂહિક રીતે ચોક્કસ વિચારો કે વિચારધારાનો પ્રચાર મુક્ત રીતે કરી રાજકીય વ્યક્તિઓ સત્તા મેળવે અને લઘુમતી વિચારધારાવાળા પોતાના વિચારોનો પ્રચાર મુક્ત રીતે કરી શકે.

બંધારણના આમુખમાં પ્રજાસત્તાક શબ્દ પ્રયોગ થયો છે, તેથી આપણા દેશમાં રાજકીય ન્યાય લોકશાહી રાજ્ય વ્યવસ્થા સ્થાપીને પ્રાપ્ત કરવાનો છે, ભારતના મોટી વસ્તી અને વિશાળ વિસ્તારને કારણે પક્ષીય, સંસદીય લોકશાહીની સ્થાપના થઈ છે. આપણો અનુભવ એવું દર્શાવે છે કે આ પ્રકારની લોકશાહીમાં રાજકીય ન્યાય મેળવો મુશ્કેલ છે. ખાસ કરીને નિષ્પક્ષ અને નિર્ભય તેમજ લોભ લાલચ વિનાનું મતદાન થાય ત્યાંથી શરૂ થઈને વડાપ્રધાનના પદ પર વ્યક્તિની પસંદગીની બાબતમાં હજી ઘણી મંજિલ કાપવાની બાકી છે, ધર્મ, જ્ઞાતિ, ન્યાતિ, આર્થિક અસમાનતા જેવાં અનેક મુદ્દા રાજકીય વિચારસણી પર પ્રભાવ પાથરે છે. આથી રાજકીય ન્યાયની સંકલ્પના દર્શાવવામાં આવી છે તે માટે બિનસાંપ્રદાયિક સત્તાની સાચી ભાવનાને ઉજાગર કરતું રાજકારણ સ્થપાય તે જરૂરી છે. સ્થાપવાની દિશામાં અગત્યનું પગલું બને છે. આ અંગ્રેજીમાં કહેવાયું છે કે (To each accoding his need and from each according capacity) જેનો અર્થ થાય છે કે અને દરેક પાસે તેની ક્ષમતા પ્રમાણે મેળવો.'' દરેકને એની જરૂરિયાત પ્રમાણે આપો અને દરેકને એની જરૂરિયાત પ્રમાણે આપવાની કાળજી લઘુત્તમ વેતન છે. જેઓ બેકાર છે એમને બેકારીભથ્થું આપીને આર્થિક ન્યાય સ્થાપી શકાય. ભારતમાં ગ્રામ વિસ્તારમાં મહાત્મા ગાંધી રોજગાર યોજના એક ઉદાહરણ છે. દરેક પાસેથી એની ક્ષમતા અનુસાર કેટલું લેવું તે ચર્ચાસ્પદ બન્યું છે. વ્યક્તિની કામ કરવાની શક્તિ, વ્યક્તિની આવક અને વ્યક્તિ પાસે જમા થયેલી સંપત્તિ આ બધું જ એની ક્ષમતા છે. કે માત્ર એની બૌદ્ધિક, શારીરિક શક્તિને ક્ષમતા ગણાવીને મુદ્દાથી વિવાદ શરૂ થાય છે. અલબત્ત એ મુદ્દા પર સંમતિ સધાય છે કે વ્યક્તિનું શોષણ થાય ત્યાં સુધી એની પાસેથી મેળવવું જોઈએ નહીં.

**સ્વતંત્રતા**

આપણું બંધારણ જ સ્વતંત્રતાની પેદાશ છે. આથી બંધારણમાં સ્વતંત્રતાનો અવાજ મોટો સ્વભાવિક છે. એ મોટો હોવાની જરૂર પણ છે કારણ કે, અનુભવે એવું સમજાયું છે કે આજ આમુખમાં લખાયેલા અન્ય સિદ્ધાંતોની જનની પણ સ્વતંત્રતા જ છે. જે એમ સૂચવે છે કે અમારા તંત્રો અને ચલાવીશું અને અમારા જ એ તંત્રો દોરેલી એ લક્ષ્મણ રેખાને ઓળગીશું નહીં. તંત્ર શબ્દ જ સ્વછંદતાને સ્વીકારતો નથી. જેમ એ ગુલામી સ્વીકારતો નથી. બંધારણો જે જુદાં જુદાં પ્રકારની સ્વતંત્રતા સ્થાપવાનો આદેશ આવ્યો છે તે દરેક પ્રકારને જોઈશું.

**વિચારોની સ્વતંત્રતા :** વિચારો મનની આંતરિક બાબત છે. એટલે દેખીતી રીતે એવું કહી શકાય કે જ્યારે એના ઉપર કોઈ જોરજૂલમ થઈ શકતાં જ નથી તો તેની સ્વતંત્રતાને અલગ રીતે વિચારવાની જરૂર નથી. આ અંગે વાસ્તવિકતાને તપાસીએ તો વિચારો પણ બાહ્ય જગતમાંથી જ માણસોને મળતા હોય છે. બાહ્ય જગત સાથેનો સંપર્ક તૂટવાથી વિચારો કુંઠિત થઈ જાય છે. વાંચન, પર્યટન, સંગઠન અને હવે તો ઈન્ટરનેટ, વોટ્સએપ, ટ્વીટર, ફેસબુક વગેરે સાધનો અને માધ્યમો એટલી માહિતી પૂરી પાડે છે કે માણસોને ભૂતકાળ કરતાં આજે ઘણાં વધારે આપે છે. આ સંદર્ભ 2015 માં ઈન્ટરનેટ તટસ્થતાં (Neturality) માટે કરવામાં આવે છે. આ ઝુંબેશ એક ઉદાહરણ છે.

**અભિવ્યક્તિ :** મન પ્રદેશમાં જે વિચારો પેદા થાય છે તેની અભિવ્યક્તિની પણ સ્વતંત્રતા હોવી જોઈએ એવું આપણું બંધારણ જણાવે છે. અભિવ્યક્તિ માટે અનેક માધ્યમો છે. બે મિત્રો વચ્ચેની વાતચીતથી માંડી અનેક માધ્યમો વ્યક્ત થાય છે. બે મિત્રો વચ્ચેની વાતચીતથી માંડી લાખો, કરોડો

લોકોના અનેક માધ્યમો હાલ કાર્યરત છે. અખબારો ઉપરાંત સોશ્યલ મીડિયા સુધી અભિવ્યક્તિ અન્યોને, રાષ્ટ્રને અને કેટલાંક સંજોગોમાં વિશ્વને નુકસાનકારક નહિં હોય એટલું જ તપાસવું જોઈએ ખાસ કરીને સત્તાધીશો.

**માન્યતા :** કોઈ એક વિચાર શૃંખલા વ્યક્તિ કે જૂથના મનપ્રદેશમાં દૃઢ થતી હોય છે ત્યારે તે માન્યતા (belief) બને છે. કોઈ એક વ્યક્તિ કે જૂથને કોઈ એક વિચાર આપે તો તે અનેક કારણોસર ભૂલાઈ જાય છે, પરંતુ વિચાર શૃંખલામાંથી જે માન્યતા પેદા થાય છે તે દૃઢ હોય છે. તે સહેલાઈથી વિસરાઈ જતી નથી. માન્યતાનો આધાર છે કે કેમ એ તપાસવામાં પણ આવતું નથી. મોટાભાગની માન્યતાઓ વંશપરંપરાગત ઉતરે છે. બાળપણમાં અમાન્યતાઓ વડીલો અને સમાજ તરફથી વ્યક્તિના માનસમાં ખૂબ દૃઢતાપૂર્વક ઉતારવામાં આવે છે. કેટલીકવાર માન્યતાઓ નુકસાનકારક હોય અને વૈજ્ઞાનિક રીતે નિરાધાર પુરવાર થતી હોય તો પણ તેને 'સંસ્કાર'નું રૂપાળું નામ આપી વ્યક્તિના મનમાં દૃઢ કરવામાં આવે છે. આ સંદર્ભે પૃથ્વી સપાટ હોવાની માન્યતા હજુ આજે પણ ગણનાપાત્ર લોકોના મનમાંથી ભૂંસાઈ જતી નથી તે માન્યતાની દૃઢતા અને જડતાનો પુરાવો છે. આ સંદર્ભે બેટી બચાવોની સખત ઝુંબેશ ચાલે છે તો પણ ભ્રુણ હત્યાથી માંડી એમને અપૂરતું પોષણ આપીને ધીમે-ધીમે મારી નાખવાની પ્રવૃત્તિ ચાલી રહી છે કારણ કે, 'દીકરી સાપનો ભારો' હોવાની માન્યતા ભૂંસાતી નથી.

સ્વતંત્રતા હેઠળ આવી નુકસાનકારક, અવૈજ્ઞાનિક, વૈજ્ઞાનિક કે લાભકારક માન્યતા ધરાવવાની દરેક માણસ અને જૂથને સ્વતંત્રતા છે. એવું બંધારણના આ આમુખમાં સ્પષ્ટ દર્શાવે છે.

**ધર્મ ઉપાસના :-** આપણે જાણીએ છીએ કે ભારત દેશમાં જુદાં-જુદાં જૂથો જુદાં-જુદાં ધર્મો પાળે છે. ધર્મના પાયામાં પણ માન્યતાઓ હોય છે. ધર્મની વ્યાખ્યા આપવી સરળ નથી. કોઈ પણ જૂથ અને વ્યક્તિને કોઈપણ ધર્મ પાળવાનો અને તેનાથી અન્યને નુકસાન ન થાય રીતે પ્રચાર કરવાની સ્વતંત્રતા છે. ધર્મની જે માન્યતાઓ અને વિવિધ વિધાનો અન્યને નુકસાનકારક હોય તો તે પર પ્રતિબંધ મૂકી શકાય છે. ધર્મના પાયામાં માન્યતા હોય છે. મોટાભાગની માન્યતાઓમાં પ્રતીતિકારક આધારો હોતા નથી. આથી વિશ્વમાં કોઈ પણ ધર્મ કે અપાર્થિવ તત્ત્વના અસ્તિત્વને નહીં માનનારો વ્યક્તિ (belivers) નો વર્ગ પણ અસ્તિત્ત્વ ધરાવે છે. ધર્મના સ્વાતંત્ર્ય હેઠળ આ વર્ગને કોઈ પણ એક ધર્મ પાળવાની ફરજ પાડી શકાતી નથી. આમ, કોઈ પણ ધર્મ કે અપાર્થિવ તત્ત્વમાં નહીં માનવાની સ્વાતંત્રતા પણ આમુખ હેઠળ આપવામાં આવી છે.

મોટાભાગના ધર્મોની માન્યતા અનુસાર વિવિધ પ્રકારની ઉપાસનાઓ કરવામાં આવે છે. આ ઉપાસનાઓ અન્યોને નુકસાનકારક નહીં અને તે રીતે કરવાની સ્વતંત્રતા આમુખમાં આપવામાં આવી છે. આ સંદર્ભે શ્રદ્ધા, અંધશ્રદ્ધા અને વહેમ અંગે આવી ચર્ચા થતી હોય છે. આમુખમાં આ અંગે કશું જણાવ્યું નથી તેથી ખાસ કરીને અંધશ્રદ્ધા અને વહેમ વિરુદ્ધ ચાલતી ચળવળને સ્વતંત્રતા પર મુકાતા કાપ તરીકે જોવામાં આવતી નથી.

**સમાનતા :** આ પૂર્વે ન્યાય અંગેની જે ચર્ચા કરવામાં આવી છે તે અને બંધારણમાં સમાનતાને અલગ રીતે દર્શાવવામાં આવ્યું છે તે સૂચવે છે કે પાપ અને સમાનતાની સંકલ્પનાઓ અલગ છે. અલબત્ત ન્યાય હેઠળ સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની અપેક્ષા રાખવામાં આવી છે તે સમાનતાના ખ્યાલની ખૂબ નજીક છે.

આ બે વચ્ચેના સૂક્ષ્મ તફાવતનું એક ઉદાહરણ સમજીએ. સમાનતા મુખ્યત્વે આર્થિક બાબત અંગે હોય છે, તેથી આર્થિક ન્યાય અને આર્થિક સમાનતા વચ્ચેના તફાવતને સમજીએ આર્થિક ન્યાયની બાબતમાં આપણે જોયું કે દરેકને એની જરૂરિયાત પ્રમાણે આપવું. તેની સાથે સાથે લઘુત્તમ વેતનનો પણ ઉલ્લેખ થયો. જરૂરિયાત અનુસાર જો કોઈ વ્યક્તિ દિવસના અંતે 2015ના ભાવે રૂ.100 મેળવે તો તેની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય. તે જ સમયે બીજી વ્યક્તિ રૂ.100નું પાન ખાઈને ફેંકી દે છે તો પણ લઘુત્તમ વેતન મેળવનાર વ્યક્તિને ન્યાય મળ્યો છે એમ કહી શકાય, પરંતુ આ આર્થિક પરિસ્થિતિ અસમાનતાની ચાડી ખાય છે. સવાલોનો જવાબ એ છે કે રોજના રૂ.100 મેળવીને જેમ તેમ કોઈ એક વ્યક્તિને રોટલા ભેગી કરાતી હોય ત્યારે એટલી જ રકમનું પાન ખાઈને ફેંકી દે તે ચલાવી લેવું જોઈએ નહીં. અત્યાર સુધી જે ન્યાય અને આમુખમાં કહેવામાં આવ્યું છે તેનાથી આગળ વધીને સમાનતા હેઠળ સમાનતાને વ્યાપક બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આમ, સ્વતંત્રતા માટે સમાજે

સૂચવવામાં આવ્યું છે. આપેલા દાખલામાં બે રીતે સમાનતા સ્થાપી શકાય. (1) સમાજની દરેક વ્યક્તિ રૂ.100નું પાન ફેંકી શકે અથવા (2) તેવું પાન ફેંકનાર પાસેથી એ રકમ લઈને લઘુત્તમ વેતન વધારવામાં આવે.

આ બંને છેડે સમાનતા ત્યા સુધી સ્થાપવાની છે કે જ્યાં સુધી પ્રત્યેક નાગરિકને દરજ્જો અને તક મળવામાં સમાનતા રહે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, ગરીબ તવંગર જેવાં ભેદોને કારણે કોઈ એક વ્યક્તિને ચોક્કસ દરજ્જો અને તક મળવાપાત્ર હોય છતાં જો એ નહીં મળે તો તે અસમાનતા છે.

વ્યક્તિની આંતરિક શક્તિઓ વિકસે તેવી દરેકને સમાન તક મળે તો આ શક્ય બને છે. આથી શિક્ષણમાં અને અન્યત્ર ગરીબો દલિતો, સ્ત્રીઓ અપંગો અને પછાતોને આગળ વધવાનું પ્રોત્સાહન આપવાનો આદેશ આ સમાનતા હેઠળ ગર્ભિત રીતે આપવામાં આવ્યો છે.

**બંધુતા :** ફ્રાંસના વિપ્લવ અને યુરોપના નવજાગૃતિકાળ દરમિયાન સ્વતંત્રતા, સમાનતા અને લઘુતા સ્થાપવાની માંગ બુલંદ બની હતી. બંધારણના ઘડવૈયાઓએ આમુખમાં આ ત્રણેયને સ્થાન આપીને ભારતના આધુનિકતા તરફના પ્રયાણને લીલીઝંડી આપી છે.

બંધુતાનો ''વ્યક્તિના ગૌરવ'' જેવાં ટૂંકા ઉલ્લેખથી ખ્યાલ આપવામાં આવ્યો છે. ગૌરવ શબ્દ પર ઘણી મીમાંસા થઈ છે. એ મીમાંસાનો ટૂંકસાર એ છે કે સમાજમાં વ્યક્તિ તેનું પોતાનું સ્વમાન જાળવીને અને અન્યોના સ્વમાનને અકબંધ રાખીને જીવે. પરસ્પર સ્વમાનને જ્યારે જાળવવાનો થાય ત્યારે આપોઆપ નાગરિકો વચ્ચે પરસ્પરનો આદર ખીલે. એમની વચ્ચે સ્નેહ જળવાય બંધારણ એવું સૂચવે છે કે અન્યોનું ગૌરવ હણીને બંધુતા સ્થાપી શકાતી નથી.

આમુખમાં બંધુતા હેઠળ રાષ્ટ્રીય એકતા તથા અખંડિતતા સુદૃઢ કરે તેવી ખાતરી આપવાનું જણાવ્યું છે. રાષ્ટ્રીય એકતા માટે બંધુતા જરૂરી છે. તે અહીં આપોઆપ સમજાઈ જાય છે. બંધુતા હેઠળ રાષ્ટ્રની એકતા તથા અખંડિતતાના સુદૃઢ કરવાનું બંધારણ ઘડવૈયાઓએ સમજપૂર્વક જણાવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ તેમ અને અત્યાર સુધી કરેલી ચર્ચાથી એ સ્પષ્ટ થયું છે કે ભારત વિવિધ ભાષા, ધર્મ, પ્રાદેશિકતા, રીત-રિવાજો અને ગરીબ-તવંગરના વર્ગો ધરાવતો દેશ છે. આ દેશમાં પુષ્કળ વૈવિધ્ય છે. આથી, આ પૂર્વ વિવિધતામાં એકતા અંગેની સમગ્ર ચર્ચા ભારતની એકતા તથા અખંડતા સુદૃઢ કરવા માટે પ્રસ્તુત છે. એ પ્રકારની એકતા જો સિદ્ધ થાય તો જરૂર આપણા દેશની એકતા અને અખંડિતતા સુદૃઢ થાય.

આમ, આ મુખમાં જે આદેશો આપવામાં આવ્યા છે અને આદેશો સિદ્ધ કરવાનું જણાવવામાં આવ્યું છે તેથી છેવટે ભારતની પ્રજા આ અંગે ગંભીરતાપૂર્વક સંકલ્પ કરે છે તેવું જણાવવામાં આવ્યું છે. બંધારણસભાએ આ બંધારણ 26 નવેમ્બર, 1949ના રોજ સુપ્રત કર્યું હતું. પરિણામે દુનિયામાં આપણો દેશ એક એવો દેશ છે કે જેમાં આઝાદીને લગતી બે વાર ઉજવણી થાય છે. એક વખત સ્વાતંત્ર્ય દિન તરીકે 15મી ઓગષ્ટ, અને સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે 26મી જાન્યુઆરી.

**8.3.2 બંધારણ અનુસાર નાગરિકતાના મૂળભૂત હકો,**

**નાગરિકત્વ :**

દેશની જનસંખ્યાને બે ભાગમાં વહેંચી શકાય છે.

(1) નાગરિક (2) વિદેશી (બિનનાગરિક)

જે તે દેશના નાગરિકને તે દેશના બંધારણ મુજબ તમામ પ્રકારના અધિકારો મળે છે જે બિનનાગરિકને મળતાં નથી.

ભારતમાં એકલ નાગરિકતાની વ્યવસ્થા કરાઈ છે જ્યારે વિશ્વના પરિસંઘીય બંધારણો જેવાં કે અમેરિકા તથા સ્વિટઝેલેન્ડમાં બેવડા નાગરિકત્વની જોગવાઈ છે. એક, રાષ્ટ્રીય નાગરિકતા તથા બીજાએ રાજ્યની નાગરિકતા જ્યાં એ વ્યક્તિનો જન્મ થયો હોય.

- ભારત બંધારણના ભાગ-2માં અનુચ્છેદ થી 5થી લઈ અનુરછદે 11 સુધી ઉલ્લેખ કરાયો છે.

અનુચ્છેદ 5 : જો કોઈ વ્યક્તિ બંધારણના પ્રારંભે ભારતના રાજ્યક્ષેત્રમાં વસવાટ કરે છે, તેનો અથવા તેના માતા-પિતામાંથી કોઈ એકનો ભારતમાં જન્મ થયો હોય અથવા તે બંધારણના પ્રારંભના બરાબર

પહેલાના ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ભારતના રાજ્યક્ષેત્રમાં રહેતો હોય, તો તે ભારતના નાગરિકત્વનો હકદાર બની શકે છે.

- નાગરિકત્વ અંગે કાયદો ઘડવાની સત્તા કેન્દ્રને આપવામાં આવી છે.

ભારતમાં નાગરિકત્વ પ્રાપ્ત કરવા મિલકત જરૂરી નથી.

નાગરિકત્વ મેળવવાની પાંચ રીતો

(1) જન્મ દ્વારા નાગરિક્ત્વ

(2) વંશાનુક્રમ દ્વારા નાગરિકત્વ

(3) નોંધણી દ્વારા નાગરિકત્વ

(4) દેશીયકરણની પદ્ધતિ પ્રમાણે નાગરિકત્વ

(5) પ્રદેશનો સમાવેશ થવા દ્વારા નાગરિકત્વ

**મૂળભૂત હક્કનો ખ્યાલ**

અધિકાર કે હક (Right) ની કોઈ સર્વમાન્ય વ્યાખ્યા નથી.

"કોઈ વ્યક્તિની તરફેણમાં કાયદાએ માન્ય રાખેલી લાભકારી અને હિતકારી સ્થિતિ છે."

વ્યક્તિનું પોતાનું જાત કે શરીરમાનું સૌથી મોટું હિત પોતાના જીવન અંગેનું હોય છે. જીવન ટકાવી રાખવા ખોરાકપાણીની અને શ્વાસ લેવાની કે પ્રજોત્પત્તિની જરૂર હોય છે. એના વિના જીવન કે તેનું સાતત્ય શક્ય નથી. એને વ્યક્તિના નૈસર્ગિક અધિકાર (Natural Rights) કહી શકાય.

**મૂળભૂત હક્ક :**

આમુખમાં જણાવ્યું છે તેમ મૂળભૂત હક્કો પણ નાગરિકોને અપાતી દાન-દક્ષિણા નથી. તેઓ તે મેળવવાને પાત્ર છે. તેથી તો ભારતની પ્રજાઓ ભારતની પ્રજાને બંધારણ આપ્યું છે. મૂળભૂત અધિકારો મેળવવાનો નાગરિકોને હક્ક છે, પરંતુ એ અધિકારો તેમને મળે અને તે અનુસાર તેઓ તેનો ઉપયોગ કરે અને તે જોવાની જવાબદારી બંધારણો રાજ્ય ઉપર મૂકી છે. આથી અર્થ એ થયો કે જો કોઈ પણ વ્યક્તિ કે જૂથના મૂળભૂત અધિકારો ઝૂંટવાય તો તે માટે રાજ્ય એટલે કે સરકાર જવાબદાર ઠરે. કોઈપણ નાગરિક કે જૂથ કોઈપણ મૂળભૂત અધિકારથી વંચિત થાય તો તે અદાલતમાં જઈને પડકાર ફેંકી શકે છે.

બંધારણમાં મૂળભૂત છ અધિકારો આપવામાં આવ્યા છે. આ અધિકારો અનેક કાયદાઓની જનેતા બનતા હોય છે. કાયદાઓ દ્વારા અધિકારોનું પાલન કરાવી શકાય છે કારણ કે તો જ તંત્રો તે માટે જરૂરી સત્તા પ્રાપ્ત કરી શકે છે.

**બંધારણમાં છ મૂળભૂત અધિકારો :-**

- બંધારણીય ઈલાજોનો અધિકાર
- સમાનતાનો અધિકાર
- સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો
- સ્વાતંત્ર્યનો અધિકાર
- ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
- શોષણ વિરુદ્ધનો અધિકાર

**સમાનતાનો અધિકાર :**

ભારતના લોકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા વગેરે અધિકારો પ્રાપ્ય બનાવવાનું ધ્યેય બંધારણના આમુખમાં સ્પષ્ટ થયેલું છે.

સમાનતાનો સર્વમાન્ય (General) સ્વરૂપનો અધિકાર અનુચ્છેદ14માં આપવામાં આવેલોં છે.

ભારતની સીમામાં કોઈ પણ વ્યક્તિને કાયદા સમક્ષની સમાનતાનો તથા કાયદાના સમાન રક્ષણનો રાજ્ય ઈનકાર કરી શકશે નહીં.

આ તમામ અધિકારો સામાન્ય રીતે રાજ્યની સામે લોકોને મળેલાં છે. અને રાજ્યના કોઈ પણ કૃત્ય દ્વારા વ્યક્તિઓના એ અધિકારનો ભંગ થાય, તો સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટમાં રાજ્યની સામે રિટ અરજી દ્વારા ફરિયાદ કરી શકાય છે.

સમાજમાં જ્યારે અસમાનતા હોય ત્યારે સાચા અર્થમાં સમાનતા સ્થાપવા માટે જેઓ અસમાનતાના ભોગ બન્યા હોય તેમના પર વિશેષ ધ્યાન આપવાનું બંધારણમાં જણાવાયું છે. આર્થિક અસમાનતાની બાબતમાં પણ બંધારણે કેટલાંક સૂચનો કર્યા છે કે જે હેઠળ ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોને રાહત દરે અનાજ જેવી યોજનાથી માંડી મનરેગા સુધીની યોજનાઓ અમલમાં આવી છે સામાજિક અસમાનતાને કારણે જેમને અન્યાય થાય છે તેમને માટે અનામત નીતિ, મહિલાઓની અનામત, અશ્પૃશ્યતા નિવારણ અને અપંગોને ખાસ સવલતો જેવાં પગલાં લેવાયા છે.

અસ્પૃશ્યતા નાબૂદીનો તો બંધારણમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**સ્વાતંત્ર્યતાનો અધિકાર : (Right to Freedom)**

સ્વાતંત્ર્યના અધિકારમાં બંધારણે નીચેની પાંચ સ્વતંત્રતા ગણાવી છે.

1. વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય
2. શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠાં થવાનું અને સંગઠન કરવાનું સ્વાતંત્ર્ય.
3. ભારતના બધા વિસ્તારોમાં હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય
4. જમ્મુ-કાશ્મીર સિવાય ભારતના કોઈપણ ભાગમાં રહેવાનું તથા સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય.
5. કોઈપણ વ્યાવસાય કરવાનું સ્વાતંત્ર્ય.

**1 વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય : અનુ : (1) એ (Right to freedom of speech & Expression)**

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય તમામ લોકશાહી સંગઠનો માટે આધારસ્તંભ છે. એના વહીવટી અંગેની મુક્ત ચર્ચા વિના મુક્ત કેળવણી શક્ય નથી. મુક્ત કેળવણી લોકશાહી શાસન વ્યવસ્થાનું અનિવાર્ય તત્ત્વ છે. વિચારવાની અને વિચારેલું વાણી કે અન્ય રીતે વ્યક્ત કરવાની સ્વતંત્રતા એટલે માનવીની સ્વતંત્રતા એવું સમીકરણ માંડી શકાય. બંધારણમાં વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના નીચે મુજબના ઉદ્દેશો, ગણાવી શકાય.

પોતાની સ્વયં-સંપૂર્ણતા પ્રાપ્ત કરવામાં વ્યક્તિને સહાયભૂત થવા માટે સત્યની ખોજ માટે

નિર્ણયો લેવાની વ્યક્તિની ક્ષમતામાં વધારો કરવા માટે તથા સ્થિરતા અને સામાજિક પરિવર્તન વચ્ચે વિચાર-વિનિમય દ્વારા સમતુલન જાળવવા માટે.

સમાજનો પ્રત્યેક સભ્ય એ હેતુ માટે પોતાના વિચારો અને માન્યતાઓ અન્યને મુક્ત રીતે સંવહન કરવાની સ્થિતિમાં હોવો જોઈએ.

**2 શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠાં થવાનું અને સંગઠન કરવાનું સ્વાતંત્ર્ય :**

આ સ્વાતંત્ર્યના ઉલ્લેખ દરમિયાન જ તેના પર કઈ મર્યાદા લાદવામાં આવી છે તે જણાવી દેવામાં આવ્યું છે. પહેલી મર્યાદા શાંતિથી ભેગા થવાના આદેશ હેઠળ માલૂમ પડે છે. અંશાતિ કરવાના હેતુસર ભેગા થવાનું કે સંગઠન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કોઈપણ વિરોધ વ્યક્ત કરવો હોય તે શાંતિથી જ કરવાનું જણાવવામાં આવ્યું છે. એજ પ્રમાણે શસ્ત્રો વિના ભેગા થવાનું અને સંગઠનો રચવાનું બંધારણમાં જણાવવામાં આવ્યું છે. કોઈ પણ વ્યક્તિ કે જૂથ અભિવ્યક્તિ કે વિરોધ કરી શકે છે. પરંતુ શાંતિથી અને શસ્ત્રોના ઉપયોગ વિના કરવાનું બંધારણમાં જણાવ્યું છે.

**3 ભારતના બધા વિસ્તારોમાં હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય :** આ મથાળુ સ્વયં સ્પષ્ટ કરે છે કે ભારતના કોઈપણ વિસ્તારમાં કોઈ પણ નાગરિક વિના સંકોચે હરવા-ફરવા જઈ શકે છે. જે કોઈપણ સામાન્ય મર્યાદા હોય તે જાળવીને આ સ્વાતંત્ર્ય ભોગવી શકાય.

**4 જમ્મુ-કાશ્મીર સિવાય ભારતના કોઈપણ ભાગમાં રહેવાનું તથા સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય :**

બંધારણમાં જમ્મુ અને કાશ્મીરનો વિશિષ્ટ દરજ્જો છે. તેનો તે રાજ્યમાં તે રાજ્ય સિવાયના

નાગરિક, રહી શકતા નથી. તેમજ સ્થાયી થઈ શકતાં નથી. તે સિવાયના સમગ્ર દેશમાં કોઈપણ વ્યક્તિ કે જૂથ કોઈપણ સ્થળે રહી શકે છે અને એ સ્થાયી થઈ શકે છે. આપણે ત્યાં મોટા શહેરોમાં આ સ્વાતંત્ર્યનો ઉપયોગ થઈ રહ્યો છે તે સામાન્ય માણસ પણ સમજી શકે છે. આમ થતાં ઉગ્ર પ્રાંતવાદ, ભાષાનું ઝનૂન અને સ્થાનિકોને જ નોકરી આપવા માટેનો આગ્રહ આ સ્વતંત્રતા પર કાપ મૂકે છે. પાંચમી ઓગસ્ટે ભારતની સંસદે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો આર્ટિકલ ૩૭૦ને રદ કરી રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરતા ખરડા પ્રસાર કર્યાના ૮૬ દિવસ બાદ મધરાતથી જમ્મુ-કાશ્મીરના રાજ્ય તરીકેના અસ્તિત્વનો અંત આવી ગયો હતો હવે જમ્મુ-કાશ્મીર અને લદાખ બંને અલગ-અલગ કેન્દ્રશાસિત પ્રદેશો ગણવામાં આવશે.

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ વિધાનસભા અને સી.એમ. ધરાવતો કેન્દ્રશાસિત પ્રદેશ બની જશે આ બદલાવ ૩૧ ઓક્ટોબરથી અમલમાં આવ્યો.

(1) જમ્મુ-કાશ્મીરનો રાજ્ય તરીકેનો દરરજો-નાબુદ જમ્મુ-કાશ્મીર અને લદાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશોની તરીકેની ગણના કરવામાં આવશે.

(2) જમ્મુ-કાશ્મીર વિધાનસભા સાથેનો અને લદાખ વિધાનસભા વિનાનો કેન્દ્રશાસિત પ્રદેશ રહેશે.

(3) રાજ્યપાલના સ્થાને હવે બંને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉપરાજ્યપાલ રહેશે જે સીધા કેન્દ્રને જવાબદાર ગણાશે.

(4) બન્ને કેન્દ્રશાસિત પ્રદેશની હાઈકોર્ટ એક જ રહેશે પરંતુ એડવોકેટ જનરલ અલગ-અલગ રહેશે.

(5) સરકારી કર્મચારીઓને નિયુક્તિ માટે પસંદગીનો પ્રદેશ પસંદ કરવાનો વિકલ્પ અપાયો.

(6) કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્ર સરકારના ઓછામાં ઓછા ૧૦૬ કાયદા અમલી બનશે.

(7) કેન્દ્ર સરકારની યોજનાઓ સાથે કેન્દ્રીય માનવ અધિકાર કાયદો માહિતી કાયદા એનિમ પ્રોપર્ટી એકટ જાહેર સંપત્તિન્ નુકશાને અટકાવતા કાયદા પણ અમલમાં આવ્યા.

(8) જમીન સાથે સંકળાયેલા ૭ કાયદામાં સુધારો અને જૂના રાજ્ય દ્વારા ઘડાયેલા ૧૫૩ કાયદા નાબૂદ કટવામાં આવ્યા અને ૧૬૬ કાયદા હજુ પણ અમલમાં રહેશે.

(9) યુ.ળી. જમ્મુ-કાશ્મીરની વિધાનસભાનો કાર્યકાળ હવે ૬ વર્ષના બદલે ૫ વર્ષનો રહેશે અને વિધાનસભામાં એસ.સી., એસ.ટી. માટેની બેઠકો અનામત રહેશે.

(10) જમ્મુ-કાશ્મીરમાં કુલ ધારાસભ્યોની સંખ્યા ૧૦ કરતા વધુ મંત્રી બનાવી શકાશે નહિ પહેલા ૨૪ મંત્રી નિયુકત કરી શકાતા હતા.

(11) જમ્મુ-કાશ્મીર પરિષદનું અસ્તિત્વ નહી રહે લોકસભા અને સાજ્યસભાની બેઠકો પર હાલ કોઇ અસર રહેશે નહિ.

(12) હવે ચૂટણી પંચ જમ્મુ-કાશ્મીરમાં પરિસીમાની કાર્યવાહી કરી સકશે. કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ૭ બેઠકો વધી શકે છે.

(13) રહિમોની જગ્યાએ હવે ઓલ ઇન્ડિયા રેડિયો જમ્મુ-કાશ્મીર તરીકે ઓળખાશે.

(14) જમ્મુ-કાશ્મીર અને લદાખમાં સી.આર.પી.સી. અને આઇ.પી.સી. અંતર્ગત પોલિસ કાર્યવાહી થઇ હતી.

(15) જમ્મુ-કાશ્મીરમાં દાયકોઓથી પશ્રિમ પાકિસ્તાને, વાલ્મીકી સમાજ, ગોરખા સહિતના નિરાશ્રીતોને નાગરિકતા મળશે બહારના રાજ્યમાં લગ્ન કરનાર કાશ્મીરી યુવતીયો નાગરિકતા ગુમાવશે નહિ.

5 **કોઈપણ વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય :** કોઈપણ વ્યક્તિ કોઈપણ ધંધો-રોજગાર કે વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય ભોગવે છે એવું બંધારણમાં જણાવ્યું છે. કેટલાંક ધંધા, રોજગારીઓ મજૂરીમાં ચોક્કસ લાયકાતની જરૂર પડતી નથી. તેથી એવા કાયદેસરના કામકાજમાં કોઈપણ વ્યક્તિ આર્થિક ઉપાર્જન કરી શકે છે. અન્ય કેટલાંક ધંધા અને ખાસ કરીને વ્યાવસાયમાં શૈક્ષણિક અને અથવા અન્ય લાયકાતોની અનિવાર્યતા થઈ શકે છે તેવી લાયકાત ધરાવનારી કોઈ પણ વ્યક્તિ તે વ્યવસાય કરી શકે છે.

**શોષણ વિરુદ્ધનો અધિકાર (Right to oppose exploitation) (અનુચ્છેદ 23 તથા 24)**

માનવીની મુક્તિ વિરુદ્ધની સ્થિતિ ગુલામી છે. ગુલામી એવું માનવ પ્રાણી છે. જે શોષિતો છે તેમનું શોષણ થાય છે. જેઓ નબળાં છે તેમનું શોષણ થાય છે નબળાઓનું શોષણ થાય છે. તેથી તેઓ વધારે નબળાં પડે છે. એનાથી ઊલટું શોષણ સબળા છે અને શોષણ કરીને વધારે સબળા થાય છે. ભારતીય સમાજમાં કોઈપણ સમયે ગુલામીની પ્રથાનો રાજકીય સ્વીકાર થયો નથી. અસમાનતા વધારવા માટે સૌથી મહત્ત્વનું પરિબળ શોષણ છે, બંધારણના ઘડવૈયાઓ આ સમજ્યા હતા, તેથી આ હક માત્ર નબળાં વર્ગને આપવામાં આવ્યો છે. શોષણ કોને કહેવાય તેના માપદંડો સમયે-સમયે બદલાય છે. લઘુત્તમ વેતનથી ઓછું વેતન જો શ્રમિકોને આપવામાં આવે તો તે શોષણ છે. તેના પર પ્રતિબંધ મૂકતા કાયદા થયા છે. બાળમજૂરી, મનુષ્ય વેપાર, લોહીનો વેપાર, ફરજિયાત વેઠપ્રથા વગેરે પર પ્રતિબંધ મૂકતા કાયદા છે. અનુચ્છેદ-૨૩ મુજબ,

(૧) દરેક વ્યક્તિને કામ કરવાનો નોકરીની સ્વતંત્ર પસંદગીનો કામની ન્યાયી અને ફાયદાકારક શરતો અને બેકારી સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.

(૨) દરેક વ્યક્તિને કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના સમાન કાર્ય માટે સમાન પગાર મેળવવાનો અધિકાર છે.

(૩) કામ કરનાર દરેક વ્યક્તિને તેના પોતાના અને કુટુંબના માનવ પ્રતિષ્ઠાને અસ્તિત્વની ખાગી આપતો ન્યાયી ફાયદાકારક બદલે મેળવવાનો અને જરૂરી જણાય તો સામાજીક રક્ષણનાં બીજા સાધનો મેળવવાનો અધિકાર છે.

(૪) દરેક વ્યકિતતે પોતાના હિતોના રક્ષણને માટે ટ્રેડ યુનિયનો રચવાનો કે તેમા જોડાવાનો અધિકાર છે. અનુરછદે-૨૪ મુજબ દરેક વ્યક્તિને કામના કલાકોની વ્યાજબી મર્યાદા અને પગાર સાથેની સહિત આરામ અને ફુરસદનો અધિકાર છે.

**ધાર્મિક સ્વાતંત્ર્યતાનો અધિકાર : (Right to Religion Freedom) (અનુરછેદ 25થી 58)**

ધર્મની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા આપી શકાતી નથી ધર્મ એ વ્યક્તિ કે વ્યક્તિ સમૂહની શ્રદ્ધાની બાબત છે ધર્મના પાયામાં એના અનુયાયીઓની માન્યતા તથા સિદ્ધાંતો રહેલાં છે. વ્યક્તિ કે જૂથ પોતાનો ધર્મ પાળતા કે ધર્મના વિધિ-વિધાન કરતાં જો તે સામાજિક કલ્યાણ અને સુધારાને નુકસાનકારક હોય તો તેના પર અંકુશ મૂકવાનો રાજ્યને હક છે. ધર્મને પ્રચારની સ્વતંત્રતા આપવામાં આવી છે, પરંતુ પ્રચારના નામે વ્યક્તિની અનિચ્છાએ કે તેના પર જોરજૂલમથી કે તેને લલચાવીને ધર્માતર કરાવવાનો હક કોઈપણ વ્યક્તિ કે જૂથને મળતો નથી. કોઈ એક ધર્મના અનુયાયીઓ પોતાના કે અન્ય ધર્મીઓ પાસેથી કોઈ એક ચોક્કસ ધર્મને આગળ વધારવા માટે કર કે અન્ય કોઈ રીતે ફરજિયાતપણે નાણાં ઉઘરાવી શકાતાં નથી. ધાર્મિક સ્વાતંત્ર્યના હકને બંધારણમાં સંપૂર્ણ વૈયક્તિક અને સમજણ વધારવા માટેના પ્રચાર કરવાના સ્વાતંત્ર્ય તરીકે સ્વીકારવામાં આવ્યો છે, આ સ્વાતંત્ર્ય હેઠળ આથી કોઈ પણ ધર્મના અનુયાયીઓ, ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો અને તે માટે સ્થાવર અને જંગમ મિલકત ધરાવવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર ધરાવે છે.

**બંધારણીય ઈલાજોનો અધિકાર (Right to constitutional Remedies) અનુરછેદ 32 બંધારણીય ઉપચારોનું મહત્ત્વ**

ઉપચાર વિનાનો અધિકાર એક અર્થહીન ઔપચારિક ઉપચાર વિનાનો અધિકાર એક અર્થહીન ઔપચારિકતા છે. ઉપચારને કારણે જ અધિકાર જીવંત વાસ્તવિકતા બની શકે છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ હક્કથી ભોગવી શકાય તેવા મૂળભૂત અધિકારો આપવાનું પસંદ કરેલું છે. બંધારણમાં આ છઠ્ઠો અધિકાર નાગરિકોને આપીને બાકીના પાંચ અધિકારો મળે જ તેની ખાતરી આપવામાં આવી છે. જે વ્યક્તિ/જૂથને ઉપરના પાંચ અધિકારો નહીં મળે તે વ્યક્તિ આ અંગેની ફરિયાદ સુપ્રીમ કોર્ટને કરી શકે છે. આ ફરિયાદ કરવાનો એનો મૂળભૂત અધિકાર છે. આ ફરિયાદ ધ્યાનમાં રાખી સર્વોચ્ચ અદાલતે જરૂરી ન્યાયિક કાર્યવાહી કરીને ફરિયાદીને તેનો અધિકાર આપવા માટે સંબંધિતોને હુકમ કરવા બંધાયેલી છે.

જો સુપ્રીમ કોર્ટને પોતાને એમ લાગે કે કોઈક વ્યક્તિ/જૂથને મૂળભૂત અધિકારોની વંચિત રાખવામાં આવ્યા છે તો તે સ્વયંભૂ દાવો દાખલ કરીને એ અધિકાર પુનઃ બક્ષી શકે છે. એ જ પ્રમાણ જો કોઈ જાહેર હિતની અરજી કરે તો પણ તે સાંભળીને સુપ્રીમ કોર્ટ આદેશ કરી શકે છે.

## 8.4 બંધારણ અનુસાર નાગરિકોની ફરજો

1976 સુધી બંધારણમાં નાગરિકોની ફરજોનો ઉલ્લેખ હતો નહિં. 1976 માં બંધારણમાં 42 માં સુધારાથી દસ અને 2002 માં 86માં સુધારાથી અગિયારમી ફરજ ઉમેરવામાં આવી છે. આમાંની કેટલીક ફરજો પાળવા માટે નાગરિકો, સભાન થાય તે માટે શિક્ષણ અને પ્રચાર પર ભાર મૂકવામાં આવ્યો છે. એ ફરજોનું જો નાગરિક પાલન ન કરે તો તેને સજા થતી નથી. બીજી બાજુ કેટલીક ફરજો એવી છે કે, જેનું પાલન ન કરવામાં આવે તો તે અંગેના ઘડાયેલા કાયદાઓથી તેવા નાગરિકો સજાપાત્ર બને છે.

**નાગરિકના ફરજોની યાદી :**

1 ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની.

2 બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની.

3 સ્વાતંત્ર્ય માટેની લડતને પ્રેરણા આપનાર ઉદાર વિચારો અને આદર્શોને અનુસરવું અને તેનું નિષ્ઠાપૂર્વક સંવર્ધન કરવું.

4 ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા વિભાગીય મતભેદોથી પર રહીને ભારતના તમામ લોકો વચ્ચે સંવાદિતા સ્થાપવાની તથા ભાઈચારા (ભ્રાતૃભાવ)ની ભાવના કેળવવાની અને સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડે તેવા વ્યવહારોનો ત્યાગ કરવાની.

5 જરૂર ઊભી થાય ત્યારે દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રની સેવા બજાવવાની હાકલ પડે ત્યારે રાષ્ટ્ર સેવામાં જોડાવવાની.

6 આપણી સમન્વિત સંસ્કૃતિના સમુદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની.

7 જંગલો તળાવો, નદીઓ અને વન્ય પશુ પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની.

8 વૈજ્ઞાનિક મિજાજ, માનવતાવાદ ઉપરાંત જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવી.

9 જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસા ત્યાગ કરવાની.

10 રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિના ઉચ્ચતર સોપાનો ભણી સતત પ્રગતિ કરવું રહે તે માટે, વ્યક્તિગત તેમજ સામૂહિક પ્રવૃત્તિઓના તમામ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધ કરવા કટિબદ્ધ થવાની.

11 6 થી 14 વર્ષના (બાળકો)પુત્ર/પુત્રી અને આશ્રિતોને શિક્ષણ મળે તેવી તક આપવાની તેના મા-બાપ/તબીબીની ફરજ છે.

ઉપર દર્શાવેલી ફરજોનું પાલન કરાવવા માટે અદાલતનો આશરો લઈ શકાતો નથી. નાગરિકોએ એક જવાબદાર વ્યક્તિ તરીકે આ ફરજોનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. આથી જ્યારે જ્યારે જુદાં-જુદાં સમયની સરકારો અને સંસદને એવું સમજાયું છે કે ચોક્કસ ફરજોનું પાલન નાગરિકો નહિં કરે તો તેમને સજા કરવાની જોગવાઈ કરવી જોઈએ, આથી આમાંની કેટલીક ફરજોને કેન્દ્રમાં રાખીને કાયદાઓ ઘડવામાં આવ્યા છે.

નોંધવા જેવું છે કે બંધારણનો આ ૪૨ મો સુધારો દેશમાં જાહેર થયેલી કટોકટીના સમયગાળા દરમ્યાન કરવામાં આવ્યો છે. આ સુધારા પછી ઉલટું આ ફરજોમાંથી કેટલીક ફરજોનું પાલન નહીં કરવા બદલ સજાની જોગવાઈ કરતા કાયદાઓ થયા છે. જે આ પ્રમાણે છે.

દેશની એકતા અને અંખડિતાને હાનિ પહોંચાડતા કૃત્યો.

- જરૂર પડ્યે સરકારના ફરજિયાત લશ્કરી ભરતીના હુકમનું પાલન નહીં કરવું તે.
- સ્ત્રીઓની સત્તામણી કે તેમનું માન-ભંગ કરતાં કૃત્યો.
- પર્યાવરણના, પક્ષીના અને વન્ય પ્રાણીઓનાં શિકાર વગેરે કરવા તે.

- જાહેર સંપત્તિનું રક્ષણ કરવું.
- રાષ્ટ્રધ્વજ જેવાં રાષ્ટ્રીય પ્રતીકોનો અનાદર કરવો.
- 6થી 14 વર્ષના બાળકને શાળાએ નહીં મોકલવા.
- આ સિવાય ફરજોનું પાલન નાગરિકો કરે તે માટે શાળા અને લોકશિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે વૈજ્ઞાનિક માનસ કેળવવા માટે શિક્ષણનો અને પ્રચારનો ઉપયોગ કરવાનો રહે છે.

આઠમી ફરજમાં દર્શાવવામાં આવ્યું છે તેને માટે બંધારણમાં અંગ્રેજીમાં Humanism શબ્દ વપરાયો છે. મોટા ભાગના અનુવાદોએ તેનું ગુજરાતી માનવતાવાદ કર્યું છે. માનવતાવાદનું અંગ્રેજી Humanitarianism (યુમેનિટોરિયાનિઝમ) છે. બંધારણમાં માનવતાવાદને ફરજ તરીકે મૂકવામાં આવ્યો નથી, પરંતુ માનવતાવાદને મૂકવામાં આવ્યો છે. માનવતાવાદ નિર્બળ લોકોને તત્કાલિન સહાય આપવાનું સૂચવે છે. એટલે કે ધર્મસ્થાનની બહાર બેઠેલાં ભિખારીને રૂ.25 કે રૂ.20 આપવા તે માનવતાવાહકનો ભાગ છે. એ વ્યક્તિ ભીખ માંગે જ નહિં. પરંતુ સ્વમાનથી જીવે તે માટેના પ્રયત્નો માનવતાવાદમાં સમાવેશ થાય છે. આમ, નાગરિકોની એ ફરજ છે કે એમના દેશવાસીઓ એટલાં સમર્થ બને કે જેથી તેઓ સ્વમાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરવા.

## 8.5 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેના પ્રશ્નોના ઉત્તરો**

**1. આમુખ કોન કહેવાય ?**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**2. આમુખના કોઈ બે ઉદ્દેશો જણાવો ?**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**3. આમુખના બે સિદ્ધાંતો જણાવો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**4. નાગરિકત્વ મેળવવાની પાંચ રીતો જણાવો ?**

..................................................................
..................................................................
..................................................................

..............................................................

..............................................................

..............................................................

**5. બંધારણનાં મૂળભૂત છ અધિકારો જણાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**6. આમુખ કોને કહેવાય ?**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 8.6 સારાંશ

આપણો દેશમાં લોકશાહી છે. ભારતીય બંધારણમાંના મૂલ્યોની ચર્ચા કરવામાં આવી છે. ભારતના બંધારણના આમુખનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આમુખના સિદ્ધાંતો જેમાં ન્યાય, રાજકીય ન્યાય, સ્વતંત્રતા, માન્યતા ધર્મ અને ઉપાસના, સમાનતાની તેમજ લઘુતાની સમજૂતી આપવામાં આવી છે. ભારતના બંધારણમાં નાગરિકની કઈ ફરજો છે અને તેમના હક્કો કયા છે તેની જાણકારી પ્રાપ્ત થાય છે.

## 8.7 સ્વાધ્યાય

1. બંધારણ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
2. લોકશાહીના આવશ્યક લક્ષણો જણાવો ?
3. આમુખમાં વ્યક્ત થતું બીજું ધ્યેય કયું છે ?
4. ભારતનું બંધારણ ક્યારે ઘડવામાં આવ્યું ?
5. ભારતમાં બંધારણનો અમલ ક્યારે થયો ?
6. બંધારણમાં મૂળભૂત કેટલા અધિકારો છે ?
7. બંધુતાનો ટૂંકો અર્થ જણાવો ?

## 8.8 ચર્ચા માટેના મુદ્દાઓ

1. ભારતના એક નાગરિક તરીકે આપણા હક્કો તો પ્રાપ્ત કરીએ છીએ પણ એની સામે આપણે કેટલી ફરજો અદા કરીએ છીએ તે માટે તમારા વિચારો જણાવો ?

## 8.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| 1. | જુઓ 2.4.1 | 4. | જુઓ 2.4.3 |
| 2. | જુઓ 2.4.1 | 5. | જુઓ 2.4.3 |
| 3. | જુઓ 2.4.2 | 6. | જુઓ 2.4.4 |

# એકમ 9 ભારતમાં શિક્ષણ માટેનું નીતિઘડતર

: રૂપરેખા :

9.1 પ્રસ્તાવના

9.2 ઉદ્દેશો

9.3 ભારતમાં જાહેર શિક્ષણ માટેનું નીતિ ઘડતર

9.3.1 સરકારની શિક્ષણ નીતિના ઘડતર પર અસરકરતા પરિબળો

9.4 શાળા ત્યાગ અને શાળા વંચિતતા

9.5 મહિલાઓને આધુનિક શિક્ષણ

9.6 દલિતોને આધુનિક શિક્ષણ

9.7 સ્વતંત્ર ભારતમાં અનુસૂચિત જનજાતિ માટે આધુનિક શિક્ષણ

9.8 તમારી પ્રગતિ ચકાસો

9.9 સ્વાધ્યાય

9.10 ચર્ચા માટેના મુદ્દાઓ

9.11 કેટલાંક ઉપયોગી પુસ્તકો

9.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 9.1 પ્રસ્તાવના

ભારત એ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. લોકશાહી દેશમાં શાસનની ખરી અને આખરી સત્તા દેશમાં વસતા મતદાતાઓ એટલે કે નાગરિકો પાસે છે. લોકશાહીના રક્ષણ અને સંવર્ધન માટે તેમજ દેશના વિકાસ માટે નાગરિકને લખતાં- વાંચતાં અને ગણતાં આવડવું જોઈએ એ દેશની પ્રાથમિક જરૂરિયાત છે. આપણા દેશમાં નિરક્ષરોની સંખ્યા પ્રમાણમાં ખૂબ વધારે છે. આથી રાષ્ટ્રીય વિકાસના લાભોથી મોટી જનસંખ્યા વંચિત રહી જાય છે. તેથી જ્યાં સુધી નિરક્ષરોની મોટી સંખ્યા ઘટશે નહીં ત્યાં સુધી વિકાસ શક્ય નથી. આ ધ્યેય હાંસલ કરવા નવા નિરક્ષરો પેદા ન થાય તે જોવાનું કામ દેશમાં પ્રાથમિક શિક્ષણ વિભાગનું છે.

## 9.2 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે..

1) એકમનો પરિચય મેળવી શકશો.
2) ભારતમાં જાહેર શિક્ષણ માટેનું નીતિ-ઘડતર વિશે વિસ્તૃત સમજ પ્રાપ્ત કરી શકશો.
3) શાળા-ત્યાગ અને શાળા વંચિતતા વિશે માહિતી મેળવી શકશો.
4) દલિતોને આધુનિક-શિક્ષણ વિશે માહિતી મેળવી શકશો.
5) સ્વતંત્ર ભારતમાં અનુસૂચિત જન-જાતિને આધુનિક શિક્ષણ વિશે માહિતી મેળવી શકશો.

## 9.3 ભારતમાં જાહેર શિક્ષણ માટેનું નીતિઘડતર

### 9.3.1 સરકારની શિક્ષણ નીતિના ઘડતર પર અસરકરતાં પરિબળો

**પ્રસ્તાવના :-** આપણે જોયું કે આપણા બંધારણમાં મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક સિદ્ધિ મેળવવાની ભાવના વ્યક્ત થઈ હતી. ઈ.સ. 1950 પછી આજે 65 વર્ષ બાદ પણ એ સંપૂર્ણ સિદ્ધિ થઈ નથી. એ સિદ્ધિ થાય તે માટે સરકારી રાહે પ્રયત્નો જરૂર થયા છે પરંતુ તેની અસરકારકતા એટલી

વર્તાઈ નહિં કે જેથી આ ભાવના વાસ્તવમાં અમલી બને. સરકાર પ્રયત્ન કરતી ગઈ અને સફળતા દૂર રહી, તેથી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે અનેક સમિતિઓ અને પંચોની રચના કરવામાં આવી. આ સમિતિઓ અને પંચોની ભલામણોનો વાસ્તવિકતા સાથે મેળ બેસાડી સરકારે જાહેર શિક્ષણ માટેનું નીતિઘડતર વારંવાર કર્યું. એકવાર એક નીતિના પાંચ દસ વર્ષના અમલ બાદ એમાં ખામી દેખાઈ એટલે એમાં સુધારા કરીને નવી જાહેર શિક્ષણ નીતિ ઘડવામાં આવી. આમ, આપણી જાહેર શિક્ષણ નીતિનું ઘડતર Trial and Error 'પ્રયત્ન અને ભૂલ'ના સિદ્ધાંત પર થયું છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ પદ્ધતિને બહુ ઊંચુ સ્થાન આપવામાં આવતું નથી, પરંતુ ભારતની જાહેર શિક્ષણની નીતિનું પૃથક્કરણ કરતા આ તારણ આવે છે. મજાની વાત એ છે કે દરેક નીતિની ઘોષણા પ્રસંગે બંધારણમાં દર્શાવેલ આદર્શ સિદ્ધિ થશે એવો આશાવાદ મોટા પાયે વ્યક્ત થતો હતો. આ બધી નીતિઓ પૈકી આપણે સર્વશિક્ષા અભિયાન (Education to all movement) અને શિક્ષણ અધિકાર ધારો (Right to Education-RTE) ને તપાસીશું. આ બધી નીતિઓ શરૂઆતમાં કેન્દ્ર સરકાર ઘડતી હોય છે. બંધારણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રાજ્યનો વિષય તેમજ ઉચ્ચશિક્ષણ કેન્દ્ર અને રાજ્યનો સહિયારો વિષય હોવા છતાં નીતિ ઘડતરની આગેવાની કેન્દ્ર સરકારે લીધી છે. આ કરવા માટે કેન્દ્ર સરકાર રાજ્યની પૂર્વસંમતિ મેળવતી હોય છે. એ દૃષ્ટિએ બધી જ જાહેર શિક્ષણ નીતિ અને છેવટે સર્વ શિક્ષા અભિયાન અને શિક્ષણ અધિકાર ધારાને પણ સમગ્ર ભારતની નીતિ તરીકે ઓળખાવી શકાય.

સર્વ શિક્ષા અભિયાન 2000-2001 થી અમલમાં મૂકવામાં આવ્યું હતું. તેને જરૂરી એવું કાનૂની પરિબળ ઓછું હતું. આથી, એના ત્યાર પછીના તાર્કિક પગલાં તરીકે 2009 ઘડાયેલ શિક્ષણ અધિકાર ધારો અસ્તિત્ત્વમાં આવ્યો.

**સર્વશિક્ષા અભિયાન (SSA) :**

આપણે જોયું કે સરકારે અને પ્રજાએ ફરજિયાત સાર્વત્રિક અને નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ આપવાના અનેક પ્રયત્નો કર્યા છતાં બંધારણના આ આદર્શને ઈ.સ.2000 સુધી સિદ્ધ કરી શકાયો ન હતો. બંધારણના આ જ આદર્શને મૂર્ત સ્વરૂપ આપવા માટે સૌથી પહેલાં તો બંધારણમાં સુધારો કરવામાં આવ્યો. આ સુધારો બંધારણમાં 86 મો સુધારો હતો. આ સુધારા હેઠળ બંધારણના આદર્શને આદેશ બનાવવામાં આવ્યો. આ આદેશ આ પ્રમાણે છે કે, ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકારો શિક્ષણના કાર્યક્રમમાં એવી રીતે દરમિયાનગીરી કરશે કે જેથી પ્રાથમિક શિક્ષણ સર્વસુલભ કરવાનું લક્ષ્યાંક સિદ્ધ થાય.

આ આદેશ અનુસાર ભારત સરકારે આ આદેશનું પાલન થાય તે માટે જે સમયાંકિત કાર્યક્રમ જાહેર કર્યા તેને 'સર્વ શિક્ષા અભિયાન'થી ઓળખવામાં આવ્યો. આ પૂર્વના આ જ પ્રકારના કાર્યક્રમો નિષ્ફળ ગયા છે એવું કોઈ તારણ આવ્યું નથી. એ બધા કાર્યક્રમો અંશતઃ સફળ થયા છે એવું તારણ છે. સર્વ શિક્ષા અભિયાન અને શિક્ષણ અધિકાર ધારાનો પરિચય મેળવ્યા પછી આપણે સરકારની શિક્ષણ નીતિઓના ઘડતર પર અસર કરતાં પરિબળો જોઈશું. પહેલાં સર્વ શિક્ષા અભિયાનનો સામાન્ય પરિચય મેળવીશું.

આપણે જોયું કે આ અભિયાન સમયાંકિત ઉપરાંત એમાં કેટલાંક ભૌતિક લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા હતા. ખૂબ જાણીતી વાત છે કે બાળકના ઘરથી ઓછામાં ઓછા એક કિલોમીટરના અંતરે કોઈને કોઈ પ્રાથમિક શાળા હોવી જોઈએ, તે એનો સૌથી વધારે અગત્યનો ભૌતિક લક્ષ્યાંક હતો. આમ કરવાથી જેટલી વધારે નવી શાળા શરૂ કરવી પડે તે શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. શિક્ષણ માનવ સંસાધન સાથે સીધું સંકળાયેલું છે. પ્રવર્તમાન અને નવી શાળાઓમાં શિક્ષકની ઘટ નાબૂદ કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. વાંચન, લેખન અને ગણનમાં વિદ્યાર્થી પ્રવીણ થાય તેટલી ગુણવત્તાવાળું શિક્ષણ આપવાનું પણ નક્કી થયું હતું. કન્યાઓ, પછાત વર્ગનાં બાળકો અને વિશિષ્ટ બાળકો (અપંગ, વગેરે) પર વધારે ધ્યાન આપવાનું પણ નક્કી થયું હતું. આ જ સમયગાળામાં કમ્પ્યૂટરનો ઉપયોગ શરૂ થયો હતો, તેથી બાળકોને કમ્પ્યૂટરનું શિક્ષણ આપવાનો પણ નિર્ધાર થયો હતો. આ બધા નિર્ણયોમાંથી આપણે નવા શરૂ થતાં શૈક્ષણિક વર્ષ શાળા પ્રવેશોત્સવને મૂલવી શકીશું. શાળાઓમાં સરકારી રાહે જે ઢગલાબંધ કમ્પ્યૂટર આવ્યા તેના મૂળમાં પણ સર્વ શિક્ષા અભિયાન હતું.

ઉપરાંત શાળાની વ્યવસ્થામાં સમાજની ભાગીદારી પણ સ્વીકારવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ વડે સામાજિક ન્યાય મળે એ પણ જોવાનું નક્કી થયું છે :-

હવે આપણે જે સમયાંકનો થયા હતા તે જોઈશું.

1. ઈ.સ. 2003 સુધીમાં બધા બાળકો શાળામાં પ્રવેશ મેળવે અને કોઈ શાળા વંચિત ન રહે તેવો લક્ષ્યાંક નક્કી થયો.

2 સર્વ શિક્ષા અભિયાન શરૂ થયું ત્યારે પ્રાથમિક શિક્ષણ ચાર વર્ષનું હતું, તેથી બધા બાળકો 2007 સુધીમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરે તેવા લક્ષ્યાંક નક્કી થયાં. શિક્ષણશાસ્ત્રીઓ ને તે બાબતનો વિજ્ઞાનનો અભિપ્રાય છે કે બાળક દસ વર્ષનું થાય ત્યાં સુધી એને પરીક્ષાનો ભય હોવો જોઈએ નહીં. પાછળથી આ અંગેની વય 14 વર્ષની મૂકવામાં આવી. પરંતુ સર્વશિક્ષણ અભિયાનના સમયગાળામાં દસ વર્ષ સુધી પરીક્ષા મુક્તિનો અભિપ્રાય હતો, તેથી બીજું લક્ષ્યાંક નક્કી થયું કે 2007 સુધીમાં બધા બાળકો, પ્રાથમિક શિક્ષણ પૂરું કરે. આ લક્ષ્યાંકનો અર્થ એ થયો કે આ ચાર વર્ષ દરમિયાન એક પણ બાળક શાળા છોડી ન દે તે જોવું.

3. 2010 સુધીમાં બધા બાળકો સાત ધોરણ સુધી અભ્યાસ પૂરો કરે તે જોવું. અલબત્ત તે સમયે 5 થી 7 ધોરણમાં પરીક્ષા લેવા પર પ્રતિબંધ મૂક્યો ન હતો.

4. આ ત્રણ લક્ષ્યાંકો સિદ્ધ કરતી વખતે એ જોવું કે શિક્ષણ જિંદગી જીવવા માટે છે, તેથી તે સિદ્ધ કરી શકાય તેવી ગુણવત્તાવાળું શિક્ષણ આપવું.

5. 2010 સુધીમાં પ્રાથમિક શિક્ષણ પ્રવેશ આડે આવતાં સામાજિક અને જાતિભેદો દૂર કરવા.

**શિક્ષણ અધિકાર ધારો (Right to Education -RTE)**

આપણે જોયું કે સ્વતંત્રતા મળી ત્યારથી પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક અને સુલભ થાય તે માટેના અનેક કાર્યક્રમો બાદ સર્વ શિક્ષા અભિયાન અમલમાં આવ્યું. એ થકી પણ સફળતા મળી તે અંશત : જ રહી.

ખૂબ મોટા પાયા પર અને એક પ્રતિષ્ઠિત અભિયાન તરીકે સર્વ શિક્ષા અભિયાનને અમલમાં મૂકવામાં આવ્યું છતાં પૂરી સફળતા મળી નહિં. તે દર્શાવે છે કે સરકારની શિક્ષણ નીતિઓના ઘડતર પર બહારનાં ખૂબ હઠીલા અને જોરદાર પરિબળો વિપરીત અસર કરે છે. અમલીકરણમાં સરકારની નબળાઈઓ દેખાય છે. આ પરિબળો અને નબળાઈને અંકુશમાં લેવા માટે સર્વ શિક્ષા અભિયાનના ત્યાર પછીના તાર્કિક પગલાં તરીકે 2009 માં શિક્ષણ અધિકાર ધારો ઘડાયો. આ ધારો ઘડવા માટે પણ બંધારણમાં 2002 માં 86મો સુધારો કરવામાં આવ્યો હતો. આમ, કેન્દ્ર અને રાજ્ય સરકારો બંધારણ સુધારણા કરવા સુધીની મથામણ કરે છે, છતાં ઘડાતી શિક્ષણ નીતિથી ધારેલાં પરિણામો પ્રાપ્ત થતાં નથી. આ પરિબળનો અભ્યાસ કરતાં પહેલાં શિક્ષણ ધારાની વિગતો જાણી લઈએ.

આ ધારાનું આખું નામ The Right of children to free and compulsory Education Act છે. જે જેને RTE ના ટૂંકા નામથી ઓળખવામાં આવે છે, આ ધારા હેઠળ 6 થી 14 વર્ષના બાળકોને 1 થી 8 ધોરણ સુધીનું શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે. દુનિયાના બીજા 134 દેશોએ બાળકોને આ અધિકાર આપ્યો છે, સંસદે 2009 માં પસાર કરેલાં આ ધારાનો અમલ 01-04-10 થી જમ્મુ કાશ્મીર સિવાય સમગ્ર દેશમાં શરૂ થઈ ગયો છે. બાળકો પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવે હાજર રહે અને શિક્ષણ પૂરું કરે તે જોવાની જવાબદારી સરકાર પર મૂકવામાં આવી છે. દુનિયામાં ભારત જ એક એવો દેશ છે કે જેણે આ જવાબદારી સરકારને સોંપી છે.

બાળકોના રહેઠાણથી શાળા દૂર હોય તો તે જાણ નથી એવું વારંવાર પૂરવાર થયું છે, તેથી બાળકની નજીકની શાળા કે જે શેરી શાળા કે પડોશની શાળાથી ઓળખવામાં આવે છે. તેમાં એને પ્રવેશ મેળવવાનો અધિકાર આ ધારાએ આપ્યો છે, શાળા વંચિતોની સંખ્યા ખૂબ મોટી છે અને તે લોકો 6 થી 14 વર્ષની કોઈ પણ ઉંમરના હોય છે. આ ધારાથી બાળક જે ઉંમરનું હોય તેને સમકક્ષ વર્ગમાં પ્રવેશ આપવાનો છે. જો બાળક નવ વર્ષનો હોય તો તેને ત્રીજા વર્ષમાં પ્રવેશ આપવાનો થાય. એ વર્ગને અનુકૂળ કરવા માટે એવાં બાળકોના વધારાના ઓપ વર્ગો ચલાવવાના રહેશે. પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા સ્થાનિક સંસ્થાઓ કરતી હોય છે રાજ્યની વ્યાખ્યામાં સ્થાનિક સંસ્થાઓનો સમાવેશ થાય

છે. તેથી બાળકોને શાળા વંચિત રાખવા માટે કાનૂની રીતે સ્થાનિક સંસ્થાઓને પણ જવાબદાર ઠેરવવાનું આ ધારામાં નક્કી થયું છે.

આ ધારાએ શિક્ષણની મૂળગત બાબતોની પણ જોગવાઈ કરી છે આ ધારા હેઠળ કોઈપણ અપવાદ વિના દરેક શાળામાં વિદ્યાર્થી-શિક્ષણનું પ્રમાણ 30:1 રાખવાનું છે. મકાનો અને ભૌતિક સગવડો એટલી કરવાની અને રાખવાની છે કે જેથી કોઈપણ શારીરિક અને કુદરતી જરૂરિયાત માટે બાળકે શાળાની બહાર જવાનું થાય નહીં. આ સંદર્ભે બાલિકાઓની કુદરતી હાજતની સગવડો કરવાની અને રાખવાની અનિવાર્યતા બતાવવામાં આવી છે.

શાળાએ એક શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાં દિવસો કામ કરવાનું તે અને શાળાએ કેટલા કલાક કામ કરવાનું અને તેમાં શિક્ષકે કેટલાં કલાક કામ કરવાનું તે વખતોવખત જાહેર કરવામાં આવશે. આ જાહેરાત કાનૂની પરિબળ રહેશે. વસતી ગણતરી, ચૂંટણી અને આપત્તિકાળના કાર્યો સિવાયનાં કોઈ પણ કાર્ય શિક્ષક પાસેથી લેવામાં આ ધારાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

બાળકને શારીરિક સજા અને માનસિક હેરાનગતિ પહોંચાડવા પર, પ્રવેશ પ્રસંગે બાળકોની કસોટીઓ વગેરે લેવા પર, દાન લેવા પર, શિક્ષકોના ખાનગી ટ્યૂશન પર અને માન્યતા વિનાની શાળા ચલાવવા પર આ ધારાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આપણા બંધારણમાં જે મૂલ્યોની સરાહના કરવામાં આવી છે તે મૂલ્યોને અનુસરતા અભ્યાસક્રમો ઘડવાના છે. સમગ્ર શિક્ષણ વિદ્યાર્થીકેન્દ્રિ બનાવવાનું છે. અનુદાન નહીં લેતી લઘુમતી શાળાઓ સિવાયની બધી શાળાઓએ કુલ પ્રવેશની 25 ટકા બેઠકો ગરીબો અને પછાતોના બાળકો માટે અનામત રાખવાની છે. આગળ જોયું તેમ આઠમા ધોરણ સુધી દરેક બાળકને ઉપલા ધોરણમાં ચઢાવવાનો તો છે જ, પરંતુ દરેક બાળકનો સમગ્રતયા અભ્યાસક્રમમાં મૂલ્યાંકન કરવાનું આ ધારા હેઠળ ફરજિયાત કરવામાં આવ્યું છે. તેનો અર્થ પરીક્ષાનો હાઉ (ડર) કાઢી નાંખીને બાળકનું સમગ્ર મૂલ્યાંકન કરવાનું છે. મૂલ્યાંકન દરમિયાન દરેક બાળકની સુષુપ્ત શક્તિઓ પારખવાની છે. આ મૂલ્યાંકન અંગ્રેજીમાં Cumprihensive Curriculum Evalution (CCE) કહેવામાં આવે છે.

આમ સમજી શકાય તેવું છે કે બંધારણની મૂળભૂત જોગવાઈ મફત, સાર્વત્રિક અને ફરજિયાત શિક્ષણને આ ધારાથી કાનૂની પીઠબળ આપવામાં આવ્યું છે. કાનૂની પીઠબળ એટલે ધારાની જોગવાઈઓનો ભંગ કરનારને સજા કરવા માટે અદાલતોને હક મળે છે.

સરકારની શિક્ષણ નીતિના ઘડતર પર અસર કરતાં પરિબળો :

**1. નીતિના અમલીકરણમાં નિષ્ફળતા :**

સર્વ શિક્ષા અભિયાન અને શિક્ષણ અધિકાર ધારાના સંદર્ભે આ પરિબળો વિચારવાના છે. આ બે નીતિ પૂર્વ 1950 થી જુદી જુદી શિક્ષણ નીતિઓ અને તેમાં સુધારાનો નિરંતર ક્રમ ચાલ્યા જ કર્યા છે. નીતિ વધારે અસરકારક બને તેથી શિક્ષણને ધ્યાનમાં રાખીને બંધારણમાં એકાધિકાર સુધારા પણ કરવામાં આવ્યા છે. આ બધું એમ દર્શાવે છે કે આપણા રાજકારણીઓ બંધારણના મફત, સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટે ઘણું કરી છૂટ્યાં છે. જે નવી નીતિ ઘડાય તેના થોડાંક વર્ષોમાં અમલ પછી અવલોકન કરવામાં આવે ત્યારે દરેક પ્રસંગે એક જ કડવું સત્ય પ્રકાશમાં આવ્યું છે. ધારેલો હેતું પાર પાડ્યો નથી. સરકારી નીતિઓના ઘડતર અને તેના વારંવાર સુધારા પર જો સૌથી વધારે કોઈ પરિબળો એ અસર કરી હોય તો તે દરેક નીતિના અમલના અવલોકનથી મળેલા નિષ્ફળતાના પ્રતિપોષણ (feedback) નું છે. એનો અર્થ એ થાય છે કે જ્યારે નીતિ ઘડાય છે ત્યારે અથવા તેમાં સુધારો થાય છે ત્યારે એક એવી આશા બંધાય છે કે બંધારણે આપેલો આદેશ સિદ્ધ થશે અને પછી અમલનું અવલોકન થાય છે ત્યારે એક એવી આશા બંધાય છે કે બંધારણે આપેલો આદેશ સિધ્ધિ થશે અને પછી અમલનું અવલોકન થાય છે ત્યારે નિષ્ફળતાનો અહેસાસ થાય છે આ નિષ્ફળતા દૂર કરવા માટે કાં તો નવી નીતિ ઘડાય છે અથવા જૂની નીતિમાં સુધારો થાય છે.

સર્વ શિક્ષા અભિયાન શરૂ થયું ત્યારે પણ મોટી આશા બંધાઈ હતી એના અમલના અવલોકનમાં

નિષ્ફળતા દેખાઈ. તેથી શિક્ષણ અધિકાર ધારો ઘડવામાં આવ્યો. અલબત્ત એવા દરેક અવલોકનમાં એટલું સુખદ પાસું તો જાણવા મળ્યું કે આગલા વર્ષ કરતાં શાળાવંચિતોનું પ્રમાણ ઘટતું જાય છે. શાળાત્યાગીઓનું પ્રમાણ પણ ઘટ્યું પરંતુ તે ઓછા પ્રમાણમાં ઘટ્યું.

**2 રૂઢિગત સમાજ**

આપણે જોયું કે ઉત્સાહથી શરૂ થયેલી પ્રત્યેક નીતિના અમલમાં ધારેલી સફળતા મળતી નથી. નીતિઘડતર પર આ નિષ્ફળતાએ ખૂબ અસર કરી, પરંતુ કારણનું કારણ જાણવાનું અત્રે અનિવાર્ય છે. આ સંદર્ભ જુદાં-જુદાં પ્રકારના કાયદાઓને સમજવાનું જરૂરી છે. બે વ્યક્તિઓ વચ્ચેના ઝઘડામાં ન્યાય કોના પક્ષે છે તે હક અદાલતો જે કાયદાઓ નક્કી કરે છે તેવા વારસાઈ હકના કાયદા જોવા કાયદાઓનો અમલ સરળ છે. એ જ પ્રમાણે રાજ્યનો ગુનો કરનારાઓને સજા કરવા માટેના કાયદાનો અમલ પણ પ્રમાણમાં સરળ છે. બીજી બાજુ, જ્યારે સામાજિક સુધારા કરવા માટેના કાયદાઓનો અમલ બહુ જ મુશ્કેલ જણાયો છે. બાળલગ્ન પ્રતિબંધ, દહેજ પ્રતિબંધ, દારૂબંધી જેવાં કાયદાઓ સમાજને સુધારવા માટે છે. આપણે સૌ જાણીએ છીએ કે આ કાયદાઓનો સો ટકા સંપૂર્ણ અમલ કરવાનું મુશ્કેલ છે જે કુટુંબમાં અને જૂથોમાં પરંપરાગત કોઈએ શાળાએ જઈને શિક્ષણ લીધું જ નહીં હોય તેવી વસતીને સમજાવવી કે બાળકોને શાળાએ મોકલવો તે ખૂબ કઠિન છે.

આ બાળકને શાળાએ મોકલવાનું કાર્ય આ કુટુંબો અને જૂથો માટે અભૂતપૂર્વ ક્રાંતિકારી કદમ બની જાય છે. વિચરતી જાતિઓ, અનુસૂચિત જાતિ, વગેરે જૂથોમાં આ પ્રમાણ વધારે દેખાયું છે તેનું કારણ તેમના વલણો માન્યતાઓ, અજ્ઞાનપણુ, અંધશ્રદ્ધા વગેરે હોય છે. આથી જ બાળ અધિકાર ધારામાં આ આવી બાબતને ટૂંકમાં 'દરમિયાનગીરી'થી સમજાવવામાં આવી છે.

**3 દારૂણ ગરીબી**

ગરીબી જેવું મહાદુઃખ કોઈ નથી. જેઓ ગરીબ છે તેમની દૃષ્ટિ ચોવીસ કલાક દરમિયાન બે રોટલા અને એક કપડાં જેટલી ટૂંકી થઈ જાય છે. તેઓ એનાથી વધારે લાંબાગાળાનું વિચારી શકતા નથી. શિક્ષણએ બાળકોમાં લાંબાગાળાનું રોકાણ છે. બાળક કામ કરતું થાય પછી સવારથી રાત સુધી ગધ્ધાવૈતરું કરીને કમાણી ઘરમાં નહીં લાવે તેને ભૂખે મરવાનો વારો આવશે. એજ મહાદુઃખ મોઢું ફાડીને ઊભું રહેતું હોય છે. 2015 માં શિક્ષણ અધિકાર ધારાના અમલનું અવલોકન કરવામાં આવ્યું ત્યારે ઈતિહાસનું એજ પુનરાવર્તન થયું કે કાનૂની પીઠબળ મળવા છતાં છ વર્ષમાં પણ એનો સંપૂર્ણ સફળ અમલ થયો નથી. તે અંગેના કારણોમાં માલૂમ પડ્યું કે ગરીબી બહું મોટું પરિબળ છે.

**4 સરકારનું કૂણું વલણ :**

આ બાબતમાં સરકારે અત્યાર સુધી જે કૂણું વલણ દાખવ્યું છે તે હવે તેણે છોડી દેવું જોઈએ ભારત સરકારની શૈક્ષણિક નીતિ ઉપર આ કૂણા વલણોએ પણ ઘણી માઠી અસરો નીપજાવી છે. કાયદાઓ ઘડવા અને બંધારણમાં સુધારો સહિતના મહાઅભિયાન કરીને અમલ પ્રસંગે સરકારે જે હંમેશા કૂણું વલણ દાખવીને જવાબદારીઓને સજા કરી નથી તેપણ અગત્યનું પરિબળ છે.

**5 સરકારની બિનકાર્યક્ષમતાઓ :**

બંધારણમાં સુધારા સહિતના મહાઅભિયાન પછી 2009 ની નવી શિક્ષણ નીતિના અમલમાં પણ સરકારની બિનકાર્યક્ષમતા દેખાય છે. આ પૂર્વની શિક્ષણ નીતિઓના અમલમાં પણ તેવી બિનકાર્યક્ષમતા દેખાઈ હતી. આ પરિબળ નીતિ ઘડતર અને તેમાં થતાં ફેરફાર પર આ બિનકાર્યક્ષમતા નામના પરિબળે ઘણી અસર કરી છે.

આમ આપણને જોવા મળે છે કે કૂણાં વલણના લક્ષણો નાઅમલમાં કાયમથી શિથિલતા દાખલ થઈ ગઈ છે. શિક્ષણ અધિકાર ધારામાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ 40:1 થી ઘટાડીને 30:1 નું કરવામાં આવ્યું છે. આ ધારાના અમલને છ વર્ષ પૂરાં થવાના તો પણ આ પ્રમાણને અમલમાં

મૂકવા માટે શિક્ષકોની ભરતીથી માંડી નવા વર્ગખંડો અને મકાનો બાંધવાની કોઈ હિલચાલ દેખાતી નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે આ બાબતમાં સુમેળ સ્થાપવાને બદલે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે. એકબીજાં પર જવાબદારી નાંખી દેવાથી ભંડોળની ફાળવણી સુધીના મુદ્દા પર આ સઘર્ષ ચાલ્યા કરે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો તથા સ્થાનિક સંસ્થાઓ એક જૂથ બનીને શિક્ષણ અધિકાર ધારાનો અમલ કરતા નથી. આમ સરકારની બિનકાર્યક્ષમતા પણ શિક્ષણનીતિ ઘડતર પર અસર કરતું પરિબળ છે.

આમ, સરકારની શિક્ષણ નીતિ ઘડતર પર અસર કરતાં પરિબળોમાં આપણે જોયું કે સર્વશિક્ષા અભિયાન, RTE, નીતિના અમલીકરણમાં નિષ્ફળતા, રૂઢિગત સમાજ, દારૂણ ગરીબી સરકારનું કૂણું વલણ તેમજ સરકારની બિનકાર્યક્ષમતાનો સમાવેશ થાય છે અને તેમાં સુધારો કરવા માટે સરકારે, શિક્ષકોએ વાલીઓએ, સમાજે તેમજ વિદ્યાર્થીઓએ સિંહ ફાળો આપવો જોઈએ તો જ ભારતમાં શિક્ષણનો વિકાસ થશે.

## 9.4 શાળા ત્યાગ અને શાળા વંચિતતા

**પ્રસ્તાવના**

શાળા વંચિતતા એટલે જે બાળકોએ શાળામાં પ્રવેશ લીધો જ નથી તેવા બાળકો, પ્રવેશ લીધો નથી તેવી પરિસ્થિતિ, 'શાળા ત્યાગ' શબ્દ જ સૂચવે છે કે બાળક એક વખત શાળામાં આવી જાય છે, પરંતુ ત્યાં એ ધોરણ-8 સુધી ભણે નહીં. અધવચ્ચે એ શાળાને છોડી દે, પ્રવેશોત્સવની દાર્શનિક અને 100 ટકા બાળકો શાળામાં પ્રવેશ નહીં મેળવે તો કાનૂની કાર્યવાહીનો ભય-આ કારણોએ શાળામાં બાળકોને પ્રવેશ આપી દેવાનું કાર્ય થતું હોય છે. કેટલાંક રાજ્યમાં તો પ્રવેશનો આંકડો 99 ટકાથી પણ વધારે આવે છે. થોડો સમય જતાં બાળકને ઉઠાડી મૂકવામાં આવે છે. મૂળમાં આ બાળકો શાળામાં દાખલ થવા માંગતા જ ન હતાં, પરંતુ ઉપર જણાવ્યું તેમ પ્રવેશોત્સવની દાર્શનિક અસર અને કાનૂની પગલાંના ભયને કારણે, તેમજ અધિકારીઓ અને વાલીઓની સતર્કતાને કારણે પ્રવેશનો આંકડો મોટો થાય છે. આમ, પ્રવેશના આ મિથ્યા વિધિ વિધાનને વચ્ચેથી કાઢી નાંખવામાં આવે તો શાળા ત્યાગ અને શાળા વંચિતતામાં કોઈ ગુણવત્તાકીય તફાવત નથી. આથી, આ બંનેના કારણો અને તે દૂર કરવાનાં ઉપાયોને સાથે વિચારી શકાય. અલબત્ત, શાળા વંચિત બાળકોની સરખામણીએ શાળા ત્યાગી બાળકોને શાળામાં ટકાવવા માટે શિક્ષકની પોતીકી ભૂમિકા હોય છે તે અલગથી તપાસવામાં આવશે.

**શાળા ત્યાગ અને શાળા વંચિતતાનાં કારણો :**

શિક્ષણ નીતિના ઘડતર પર અસર કરતાં જે પરિબળો જોયા તે બધા શાળા વંચિતતા અને શાળા ત્યાગનાં કારણો છે. ઉપરાંત વધારાનાં કારણો નીચે મુજબના છે :

**1 શાળાનું વાતાવરણ :**

શાળાએ આવેલાં બાળકો પૈકી જે બાળકો શાળાનો ત્યાગ કરે છે, તેના કારણો તો આપણે જોયાં, પરંતુ આ બાળકોનાં કુટુંબ, રહેઠાણ અને સમાજનું ચોક્કસ વાતાવરણ છે. આવું વાતાવરણ આ પ્રકારના બાળકોને શાળામાં મળતું નથી. એમના પોતાના વાતાવારણમાં અવૈધિકતા પુષ્કળ હોય છે. શ્રમયોગી નિયમો હોતાં નથી. અને એમની પોતીકી બોલી હોય છે. આ બધું એમને શાળામાં મળતું નથી. ઉલટું ત્યાં તો વૈધિકતા, તાસ વ્યવસ્થા જેવાં સમયાંકિત નિયમો અને બોલીઓ બદલે શુદ્ધ ભાષાના ચલણનું વાતાવરણ હોય છે. આથી, શાળાએ આવ્યા બાદ બાળકને ખૂબ અસુખ રહે છે. આજુબાજુ એની જેટલી જ ઉંમરના બાળકો હોય છે. તેથી એ છૂટ્ટા મોઢે રડી પણ શકતું નથી.આવા બાળકો પોતે જ પ્રવેશ મેળવ્યા પછી થોડા સમય બાદ શાળાએ જવાનો ઈનકાર કરી દે છે. આથી જે કુટુંબમાં બાળકોને શાળાએ મોકલવાની પ્રણાલીકા જ નથી તે કુટુંબો સરળતાથી બાળકની વાત સ્વીકારી લે છે.

**2 શાળાનું નીરસ વાતાવરણ :**

બાળક ભલે છઠ્ઠા વર્ષે શાળામાં પ્રવેશ મેળવવાનું હોય છતાં એ બાળક જ છે. એને ખૂબ રમવાનું

જોઈએ છે, ખૂબ પૂછવાનું જોઈએ, અને ઘરની યાદમાંથી એણે મુક્ત થવાનું છે. આ માટે શાળાનું વાતાવરણ એવું રસિક અને આનંદદાયી હોવું જોઈએ કે બાળક ઓછામાં ઓછુ શાળાના સમય દરમિયાન ઘરને ભૂલી જાય, રમે અને જે કંઈ પૂછ્યું તેના જવાબ મેળવીને સંતોષ પામે. દુનિયા અને ભારતમાં એવું નોંધાયું છે કે જે શાળાઓ આવું વાતાવરણ પેદા કરે છે તે શાળાનાં બાળકો ત્યાગ કરતા નથી. નોંધવા જેવું છે કે મધ્યાહન ભોજન અપાતું હોય. પરંતુ વાતાવરણ આહ્‌લાદક નહીં હોય તો પણ બાળકો શાળાનો ત્યાગ કરે છે.

**3 ભૌતિક સગવડનો અભાવ :**

એ સાચું છે કે શાળા વંચિત અને શાળા ત્યાગી બાળકોના કુંટુબો ગરીબ હોય છે આથી, એમને ઘરમાં બહુ જ ઓછી ભૌતિક સુવિધાઓ મળતી હોય છે. આથી શાળામાં ભૌતિક સુવિધા ઓછી હોવાને કારણે આ બાળકો શાળા ત્યાગ કરે એવું માની શકાય નહીં. ભૌતિક સગવડોનો મુદ્દો જરા જુદી રીતે શાળા ત્યાગનું કારણ બને છે. બાળકો સમવયસ્ક હોય છે, તેથી કુદરતી હાજતોના પ્રસંગે ભૌતિક સુવિધાના અભાવે જો કોઈ બાળકે સમવયસ્કો સમક્ષ ખુલ્લામાં જવાનું હોય તો તેને ઘણોં અજંપો રહે છે. આ બાબત બાલિકાઓ માટે વધારે સારી પુરવાર થાય છે. ગરીબોમાં પણ જેઓ રૂઢિચુસ્ત છે, અને બાળલગ્ન કરાવતાં હોય છે. તેઓ જાણે કે જન્મથી જ છોકરીઓ છોકરાથી અલગ રહેવી જોઈએ. તેઓ બિલકુલ અવિવેકી આગ્રહ રાખે છે. આથી તેઓ બાળકીઓને મિશ્ર શાળામાં મોકલતાં નથી, મોકલે તો ઉઠાડી મૂકે છે. તેમાં પણ ભૌતિક સુવિધાના અભાવે જો બાળકીએ ખુલ્લામાં જવાનું હોય તો તે અચૂક ઉઠાડી મૂકી છે.

**4 વધારે પ્રમાણમાં વહેંચાઈ જતું માનવ સંસાધન :**

શિક્ષણ અધિકાર ધારા હેઠળ જોગવાઈ થઈ છે કે ત્રીસ વિદ્યાર્થીઓએ એક શિક્ષક રાખવો. વૈધિક ધોરણથી આ પ્રમાણ વધારે છે. એટલે કે, વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારે રાખવામાં આવ્યું છે. આવી કાનૂની જોગવાઈ છે છતાં ભાગ્યે જ કોઈ રાજ્યમાં કે શાળામાં આ પ્રમાણ અનુસાર માનવ સંસાધનનું રોકાણ કરવામાં આવે છે. 50-60 વિદ્યાર્થીઓએ એક શિક્ષકનું પ્રમાણ તો હજુ બહું નીચું ગણાય છે શિક્ષક દીઠ 50-60 થી પણ વધારે વિદ્યાર્થી હોવાં જોઈએ એવું હજી કેટલાંક માને છે. પરિણામે બાળકો વચ્ચે માનવ સંસાધન એટલું વહેંચાઈ જાય છે કે શિક્ષક તરફથી અપાતા શિક્ષણની કોઈ અસર પડતી નથી. એક તો મા-બાપના ખોળામાંથી ઉષ્મા અને સ્નેહ માંગતુ બાળક અને બીજી બાજુ તેના પર ધ્યાન નહીં આપી શકતો શિક્ષક, આખરે બાળકને નીરસ બનાવી દે છે, અને શાળા પરત્વે લગાવ જ આપતો નથી. આ પ્રમાણ જાળવવાનું કામ સરકાર અને સ્થાનિક સંસ્થાઓનું છે. તેઓ જાળવતાં નથી. ગુનો કરે છે, છતાં એવા ગુનેગારોને છેલ્લા પાંચ વર્ષમાં સજા થયાનું જાણમાં નથી. સરકાર પોતાને માટે પણ કૂણું વલણ ધરાવે છે !

**ઉપાયો**

શાળા ત્યાગ અને શાળા વંચિતતાના કારણો પૈકી રૂઢિચુસ્તતા અને ગરીબાઈના ઉપાયો શૈક્ષણિક ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતાં નથી એ વિશાળ સામાજિક અને આર્થિક સમસ્યા છે. આ સિવાયનાં જે કારણો છે તેને દૂર કરવા અથવા તેની અસર ઓછામાં ઓછી થાય તેવા ઉપાયો સરકારના પક્ષે અને શૈક્ષણિક ક્ષેત્રે છે.

બંધારણ સુધારા સુધીની નિષ્ઠા સરકાર બતાવે છે ત્યારે તેના અમલમાં શિથિલતા પાલવે નહીં. શાળા વંચિતતા અને ત્યાગનો પ્રશ્ન યુદ્ધના ધોરણે મૂકવો જોઈએ. જો સંશોધનોથી માંડી બાળમંદિર સુધીના બધાં જ ક્ષેત્રો પર માત્ર એક જ માનવ સંસાધન ખાતું પહોંચી ન વળતું હોય તો આ સમસ્યાઓને હલ કરવા માટે કેન્દ્ર અને રાજ્યોમાં તદ્દન જુદું ખાતું હોવું જોઈએ. શિક્ષણ અધિકાર ધારાના અસરકારક અમલ માટે આ ખાતાના મંત્રી (પ્રધાન) તેમજ અધિકારીઓને પૂરી સ્વાયત્તતા આપવી જોઈએ. ઉપલા સ્તરે જો આ કરાય તો એના અમલમાં સખ્તાઈ કરવામાં આવે તો આપોઆપ આ ધારા હેઠળ જે નીતિ ઘડાય તે નિષ્ફળ જાય જ નહીં. સમજી શકાય એવું છે કે નીતિનો સખ્તાઈથી અમલ આપોઆપ સરકારના કૂણા વલણને તરછોડી દેશે. શાળા ત્યાગ અને વંચિતતા માટે દર્શાવાનું કોઈપણ કારણ એક

બહાનું ગણાવું જોઈએ. કાયદાનો અમલ કરનાર અધિકારીઓથી માંડી બાળકોને રોજી આપનારાઓને સજાનો ભય લાગવો જ જોઈએ. જેઓ અમલ નહીં કરે તેમને ખરેખર સજા કરવી જ જોઈએ. જો આવું કરવાનું હોય જ નહીં તો સર્વશિક્ષા અભિયાનમાંથી સંતોષ માનવો જોઈતો હતો. ધારો એટલા માટે ઘડવામાં આવ્યો છે કે કસૂરવારોને સજા થાય.

ધારામાં જ જણાવાયું છે કે ચોક્કસ ભૌતિક સગવડોવાળી શાળા હોવી જોઈએ, પાડોશી શાળા હોવી જોઈએ, બાલિકાઓ અને વિશેષ ધ્યાન માંગતા વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા હોવી જોઈએ. આ બધું પૂરું પાડવા માટે કાર્યવાહી તો યુદ્ધના ધોરણે થવી જોઈએ, પરંતુ તે માટે જરૂરી અંદાજપત્રીય જોગવાઈઓ પણ થવી જોઈએ. આ મુદ્દા પર કેન્દ્ર અને રાજ્યો એકબીજાં પર જવાબદારી ઢોળે નહીં તે માટે કેન્દ્ર અને રાજ્યના માનવ સંસાધન મંત્રીઓ અને અધિકારીઓની સભા મેરેથોન થાય તો પણ તે કરીને દરેકની ફરજ અને જવાબદારીનું સ્પષ્ટ આંકન થવું જોઈએ. રાજ્ય સ્તર પર બધી સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે એવી જ નિષ્ઠાથી સભાઓ કરીને ત્યાં પણ સ્પષ્ટ આંક તો થવો જોઈએ.

બાળક શાળામાં પ્રવેશ લે અને ટકી રહે તે માટે પ્રવેશોત્સવ, મધ્યાહ્ન ભોજન યોજના, પાઠ્ય પુસ્તકો જેવી જરૂરિયાતો નિઃશુલ્ક પૂરી પાડવી, બાલિકાઓ માટે વિશેષ સગવડો, વિશેષ ધ્યાન માંગતા બાળકો માટેની સગવડો, આદિવાસી બાળકો સમજી શકે તેવા પાઠ્ય પુસ્તકોની રચના, ભાર વિનાનું ભણતર અને પરીક્ષા વિના ઉપલા ધોરણમાં ચઢાવવા જેવાં અનેક પગલાં લેવાયાં છે. છતાં 2015 માં પણ 100 ટકા સફળતા મળી નથી તે એ જ બાબત સૂચવે છે કે આ બધાં પગલાંનો અમલ પૂરી નિષ્ઠાથી અને કડકાઈથી થતો નથી.

કોઈપણ કાર્યક્રમની નિષ્ફળતા માટે મહદ્અંશે ટોચની સપાટી જવાબદાર હોય છે ઉપર દર્શાવેલા ઉપાયો ટોચ સપાટીએ લેવાના છે. જો આ ઉપાયો કરવામાં આવશે તો સો (100) ટકા સિદ્ધિ ઢૂંકડી છે. શાળાનું વાતાવરણ બાળકને પોતાની વિરુદ્ધનું લાગે અને તેની બાળસહજવૃત્તિ અનુસાર રસદાયી ન હોય તો એ બાળક શાળાએ આવે જ નહીં અને આવે તો ખોવાયેલું રહે. આ કારણને દૂર કરવાનું શાળાના આચાર્ય, શિક્ષકો અને કર્મચારીઓના હાથમાં છે. એમણે પોતાના કામમાં નિષ્ઠા બતાવવી જોઈએ. ધારામાં પણ જોગવાઈ છે કે એવી નિષ્ઠા નહીં બતાવનારને સજા થઈ શકે. આથી, અભિપ્રેરણાના બંને પ્રકારો નિષ્ઠા વધારવા માટેના હકારાત્મક અને નિષ્ઠા નહીં બતાવનારને નકારાત્મક પ્રોત્સાહનો પૂરાં પાડવા જોઈએ. આ માટે ખાસ કરીને પ્રાથમિક શિક્ષકોની તાલીમમાં જરૂરી સુધારા થવાં જોઈએ. દરેક શિક્ષકને બાળલક્ષી થવા માટેની તાલીમ આપવી જોઈએ અને ઓછામાં ઓછા દર બે વર્ષે એક અઠવાડિયાના એવા ઓપવર્ગો રાખવા જોઈએ કે જેમાં શિક્ષકો પોતાની સમસ્યાઓ રજૂ કરે અને પરસ્પર કે નિષ્ણાતો મારફતે ઉકેલો મેળવે. આ બાબત શિક્ષકોની ભૂમિકામાં વિગતે જોઈશું આ બાબતમાં DIET, GCERT તેમજ રાજ્ય શૈક્ષણિક ટૅકનૉલોજી ભવનો તો સ્થપાયા છે. એમની ભૌતિક સુવિધાઓ અને નિષ્ણાત માનવ સંસાધન પણ છે. આ ઉપાયના અમલમાં એમની સેવાઓ ઘણી કારગત નીવડે છે.

**શિક્ષકની ભૂમિકા :**

શિક્ષક અધિકાર ધારાનો અમલ કરવા માટે શૈક્ષણિક બાબતોમાં શિક્ષકોને પણ ફરજ સોંપવામાં આવી છે. ધો.8 સુધી બાળકોને ઉપલા ધોરણમાં ચઢાવવાનો અર્થ એ થતો નથી કે વર્ષ દરમિયાન વિદ્યાર્થી કેટલું ભણ્યો અને સમજ્યો તેની કોઈ તપાસ કરવાની નથી. છેવટની વાર્ષિક પરીક્ષા રદ થવાને કારણે ઊલટું વિદ્યાથીનું મૂલ્યાંકન કરવાની જવાબદારી વધી જાય છે. ધારામાં સ્પષ્ટ જણાવ્યું છે કે વિદ્યાર્થીઓએ કેટલું અધ્યયન થયું તે અંગેની ચકાસણી સતત કરવી. 2010 માં અમલમાં મૂકાયેલા આ કાયદા પછી એનું જ વારંવાર અવલોકન થાય છે તેમાં સ્પષ્ટ થયું છે કે શિક્ષકોએ આ ભૂમિકાઓ સંતોષકારક રીતે બજાવી નથી. શિક્ષકે આ પ્રમાણેનો બને એટલો વહેલો ત્યાગ કરવાની જરૂર છે. આ અંગે સર્વક્ષણો એવું જણાવે છે કે મા-બાપને જો ખાતરી થાય કે એમનું બાળક ખરેખર ભણે છે અને હોશિયાર થાય છે, તો તેઓ બાળકને શાળામાંથી ઉઠાડી દેતાં નથી. શાળા ત્યાગના પ્રશ્ન ઉકેલમાં શિક્ષકની ફરજ પઠા એક મહત્ત્વનો ઉપાય છે.

શાળા વંચિતતા અને ત્યાગના દર્શાવવામાં આવેલાં કારણો પૈકી 1 શાળાનું વાતાવરણ 2 શાળાનું નીરસ વાતાવરણ એમ જુદાં પડ્યા છે. શાળાના વાતાવરણ હેઠળ જે પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે તે કોઈ પણ શાળાએ પેદા કરવી જ પડે. તાસોની વ્યવસ્થા કરવી પડે અને તે સમય પ્રમાણે કરવા પડે. આમ છતાં વાતાવરણ સાથે પણ બાળક અનુકૂલન નહીં કરે તો એને રઝળતું મૂકી શકાતું નથી આથી, શાળાના વાતાવરણ હેઠળની પરિસ્થિતિ અનિવાર્ય હોય તો પણ એ વાતાવરણને રસિક અને સ્નેહભર્યુ બનાવી શકાય છે. આથી, જે બીજું કારણ છે તેમા શિક્ષકની ભૂમિકા બહુ અગત્યની બની જાય છે ગમે તેટલા આકર્ષક મકાનો બનાવવામાં આવે અને સગવડો ઊભી કરવામાં આવે તો પણ છેવટે તો વિદ્યાર્થીએ શિક્ષક પાસેથી જ શિક્ષણ મેળવવાનું છે. વિદ્યાર્થી-શિક્ષકના મિલન પ્રસંગે શિક્ષક દરેક અને બધાં બાળકોને કેટલો સ્નેહ આપે છે, બાળકોને શિક્ષકો કેટલા હળવાફૂલ બનાવી રાખે છે અને શિક્ષકો ગમ્મત સાથે કેવી રીતે અને કેવું ભણાવે છે તેના પર શાળાના વાતાવરણની રસિકતા-નીરસતા આધાર રાખે છે. સામાન્ય રીતે બાળક સ્નેહનું ભૂખ્યું હોય છે અને બાળકને જો શાળામાંથી પ્રેમ અને હૂંફ મળે તો બાળકનો સર્વાંગી વિકાસ કરી શકાય છે. તેમ જ દેશ માટે ઉપયોગી નાગરિક બનાવી શકાય છે. બદલાતી પરિસ્થિતિ સાથે શિક્ષકે અનુકૂલન સાધીને બાળકને શિક્ષણ આપવું પડે છે. ઘણી વાર નિષ્ઠાવાન શિક્ષકો પણ જો બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખવાનું ભૂલી જાય તો તેઓ પણ તેમાં નિષ્ફળ નીવડે છે.

આજના શિક્ષકો માટે શિક્ષણની પ્રક્રિયા પડકારરૂપ છે. આજે શિક્ષકોએ પોતાના વિષય ઉપરાંત અન્ય વિષયો તેમજ ટૅકનૉલોજી સાથે વિદ્યાર્થીને સતત બદલાતી પરિસ્થિતિમાં શિક્ષણ આપવાનું છે. તેમણે વિદ્યાર્થીઓ સાથે તો ખરું જ પણ વાલી, સમાજ સાથે પણ અનુકૂલન સાધીને બાળકોને શિક્ષણ આપવાનું છે. આમાં ઘણીવાર શિક્ષકની ભૂમિકા લડાયક પણ બની જતી હોય છે. પરંતુ કાયદાના અમલ માટે અને બાળકોના હિતાર્થે તે જરૂરી છે.

આમ શાળા ત્યાગ અને શાળાવંચિતતાને દૂર કરવા માટે શિક્ષકની એક આગવી ભૂમિકા છે તે પ્રત્યેક શિક્ષકે સમજી લેવાની જરૂર છે.

આમ સમગ્રપણે શાળા ત્યાગ અને શાળા વંચિતતા માત્ર વાલીઓનો, સરકારનો કે શિક્ષકોનો પ્રશ્ન નથી, પરંતુ આ ત્રણયેનો છે. આ ઉપરાંત જેમના દિલમાં શાળા ત્યાગી અને શાળા વંચિત બાળકોના ભવિષ્યની ચિંતા છે તેવા સંવેદનશીલ સામાજિક અને રાજકીય આગેવાનો માટે પણ અહીં કરવું અસરકારક કરવાનું ક્ષેત્ર છે. જેઓ શિક્ષણશાસ્ત્રી તરીકે ઓળખાય છે તેમના તરફથી આ બાબતમાં જરૂરી માર્ગદર્શન મળે તે જરૂરી છે. આમ શાળાત્યાગી અને શાળાવંચિતતાના દૂષણો દૂર કરવા માટે કાનૂની ભૂમિકા ઊભી થઈ છે. તેની અદાલતોમાં જાહેરહિતની અનેક અરજીઓ થાય, અને તેની બ્રીફ નીવડેલાં વકીલો સંભાળે તો તે માત્ર બે વર્ષમાં આ કાયદાનો સંપૂર્ણ અમલ થાય. આના માટે બાળકના વાલીઓ, સમાજ, સરકાર, શિક્ષકોએ સમજવાની જરૂર છે કે આ કાયદો વારસદારો વચ્ચેના ઝઘડાનો નિકાલ કરે તેવો કાયદો નથી, પણ સમાજનો એક એવો અત્યંત જરૂરી કાયદો છે.

## 9.5 મહિલાઓને આધુનિક શિક્ષણ

**પ્રસ્તાવના :**

સમાજ સુધારણાના ભાગરૂપે સ્ત્રીઓના દરજ્જાને ઊંચે લાવવાના અનેક પ્રયત્નો શરૂ થયાં હતાં. સુધારાના એક પરિબળ તરીકે સ્ત્રી શિક્ષણને અગ્રિમતા આપવામાં આવી સ્ત્રીને શિક્ષણ આપવા પાછળનો ખ્યાલ તેનાં અત્યંત નીચે ઉતરી ગયેલા દરજ્જાને શિક્ષણનો ટેકો આપી ઉપર લાવવાનો હતો. તેમાં કોઈ ધરમૂળ ફેરફાર કરવાનો હતો નહીં. પરંતુ અક્ષર જ્ઞાન આપતાં ભણેલી સ્ત્રીઓ એમને આપવામાં આવ્યું તે સિવાય બીજું વાંચવા માટે પણ શક્તિમાન થાય છે. બીજાના અનુભવના સંપર્કમાં આવે છે. પરિણામે તેમની પોતાની સમાનતા અને ચેતના ધીરે ધીરે વધી છે. આ સમાનતા અને ચેતના સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકા પર અસર કરતું પરિબળ છે. અને તેમાં ફેરફાર લાવે છે. આ આવેલોં ફેરફાર શો છે ? અને તેનો પ્રકાર કેવો છે ? એવા સવાલ જવાબમાં આપણે જોઈ શકીએ છીએ કે ફેરફાર મૂળ સુધી પહોચ્યો નથી. કારણ કે સ્ત્રીઓનો પરંપરાગત દરજ્જો અને ભૂમિકા જડબેસલાક છે. સમાજમાં શ્રમનું વિભાજન જાતિ આધારિત છે. પરિણામે ઘર/કુટુંબમાં કારખાનામાં

કે ખેતરમાં પણ શ્રમ વિભાજનનો જૂનો નિયમ થોડા ઘણાં ફેરફાર સાથે ચાલુ રહેલો જોવા મળે છે. આથી સ્ત્રી આપણને સ્ત્રી પુરુષના ઉછેરમાં અસમાનતા, સ્ત્રી-પુરુષોની રોજીમાં અસમાનતા, શિક્ષણની તરાહ અને તેના વિષયવસ્તુમાં જાતિ આધારિત અલગતા, ધંધા પસંદગીની પસંદગીમાં તફાવત અને સામાજિક મૂલ્યો અપવાદ સિવાય મહદ્ અંશે ફેરફાર પામ્યા વગર જોવા મળે છે. ફેરફારો સ્ત્રીઓની પરંપરાગત ભૂમિકા અને દરજ્જાને અકબંધ રાખી દાખલ કરવામાં આવ્યા છે. આથી પરિવર્તન તરફ ક્રાંતિ બનવા નથી પામી પરંતુ સુધારાવાદી રહેવા પામી છે. પરિણામે સ્ત્રીઓની ભૂમિકામાં આધુનિકરણ અને નવીનીકરણની પ્રક્રિયા દેખાય છે.

વિશ્વના અનેક દેશોમાં નારીવાદની લડતે જોર પકડ્યું છે. તેમાં સ્ત્રીઓ સાથે પુરૂષો પણ સામેલ છે. કારણ કે તેના વડે સાચું માનવસુખ પ્રાપ્ત કરવાનું છે.

**સ્ત્રી માટે સામાજિક સુધારાનો તબક્કો :**

રાજા રામમોહનરાય પ્રથમ ભારતીય સુધારક હતા જેમણે સ્ત્રીઓની સ્થિતિને અવળી અસર કરતા ધાર્મિક તેમજ સામાજિક કુરિવાજો સાથે અવાજ ઉઠાવ્યો હતો. સ્ત્રીઓની સ્થિતિ સુધારવા તેમણે હિન્દુ ધર્મના સાહિત્યનો આશરો લીધો હતો પછી ભારતમાં સ્ત્રીઓ માટે ઘણાં સુધારણાના કાયદાઓ બન્યા. જેમ કે, સતીપ્રથા નાબૂદી, પુનઃ વિધવા વિવાહ, બાળ લગ્ન, દીકરીને દૂધપીતી કરવી જેવાં કુરિવાજો દૂર કરવામાં આવ્યા. ત્યારબાદ તેમણે શિક્ષણ આપવાનું ફરજિયાત બનાવ્યું.

**સ્વતંત્ર ભારતમાં શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન :**

સ્વતંત્રતા પછી ભણેલી ગૃહિણી અને આદર્શ માતાના મૂળ ઉદ્દેશને શિક્ષણમાં ચાલુ રાખ્યો છે. જો કે, સ્ત્રીઓને શિક્ષણ શા માટે આપવું જોઈએ તે અંગેની માન્યતાઓ હજુ પણ ભિન્ન ભિન્ન અને અસ્પષ્ટ રહેવા પામી છે. સમાજ પરિવર્તનના ખ્યાલ સાથે શિક્ષણમાં કેટલાંક પ્રગતિશીલ વિચારો અને મૂલ્યોને આવરી લેવામાં આવ્યા છે. સ્ત્રી શિક્ષણમાં લગ્નજીવન અને મા-બાપ-બાળકો સંદર્ભિત બાબતો સમાવી લેવી જોઈએ. સ્ત્રીને એવું શિક્ષણ અપાવું જોઈએ કે જેના દ્વારા તે ઘર વ્યવસ્થા અને વહીવટ અંગેની કુશળતા પ્રાપ્ત કરી શકે અને જે પ્રમાણે પુરુષ ઘર બહારની પ્રવૃત્તિમાં રસ લઈ યોગ્યતા મેળવે છે તે પ્રમાણે સ્ત્રીએ ઘરમાં રસ લઈને તે ક્ષેત્રે લાયકાત મેળવવી જોઈએ. શૈક્ષણિક મૂલ્યોના ધોરણે સ્ત્રીઓને પુરુષ સમોવડી બનાવવાના પ્રયત્નો થઈ રહ્યાં છે.

બ્રિટીશયુગથી શરૂ થયેલી નારીમુક્તિની પ્રક્રિયા ધીમે ધીમે વધુ ઝડપી બની અને સ્વતંત્ર ભારતમાં સ્ત્રી સશક્તિકરણનો પ્રારંભ થયો. 26 મી જાન્યુઆરી 1950 થી અમલમાં આવેલાં ભારતીય બંધારણમાં લૈંગિક સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. બંધારણના આર્ટિકલ 14 અને 15 માં સમાનતાનો અધિકાર બક્ષવામાં આવ્યો છે. આર્ટિકલ 15 માં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય કોઈપણ નાગરિક પ્રત્યે લિંગ પાયા પર ભેદભાવ ન રાખે. આમ સ્ત્રી અને પુરુષને સમાનતા બક્ષવામાં આવી છે. શ્રીમતી તાયા ઝિન્કીન જણાવે છે કે "ભારત નારીમુક્તિની પ્રક્રિયા ગામડા સુધી પ્રસારણ પામી છે. સ્ત્રી શિક્ષણ, સામાજિક કાયદા અને આજીવિકાની તકોને સ્ત્રી સશક્તિકરણ દ્વારા સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. "

આમ, સ્વતંત્ર ભારતમાં વિવિધ પરિબળોને લીધે સ્ત્રીઓનું સશક્તિકરણ થઈ રહ્યું છે. સ્ત્રીના સશક્તિકરણમાં નીચેનાં પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે.

**સ્ત્રી સશક્તિકરણ :-**

સ્ત્રી સશક્તિકરણ એટલે સ્ત્રીના વ્યક્તિત્ત્વનો એવો વિકાસ કે જે પુરુષો કે સમાજના અવલંબન વિના સામર્થ્ય અને શક્તિ કેળવે કે જેના દ્વારા તે સમાજમાં પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્ત્વ અને પોતાનો પુરુષ સમાન દરજ્જો સ્થાપિત કરી શકે.

**સ્વતંત્ર ભારતમાં શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન :**

સ્વતંત્ર ભારતમાં સ્ત્રીના સ્થાનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. તેમાં શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

1 **સ્ત્રી પુરુષ શિક્ષણ અધિકાર :**

સ્વતંત્ર ભારતના સંવિધાનમાં સ્ત્રીને પુરુષની જેમ જ સમાન શિક્ષણ અધિકાર આપવામાં આવ્યો છે. ભારતના દરેક રાજ્યે સ્ત્રીઓને શિક્ષણ આપવા માટે વિવિધ સુવિધાઓ ઊભી કરી છે ગુજરાત જેવાં રાજ્યમાં સર્વશિક્ષા અભિયાન, વિદ્યાદીપ યોજના, વિદ્યાર્થીની યોજના, ગંગા જમના યોજના જેવી વિવિધ યોજનાઓ દ્વારા સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવે છે. સ્ત્રી શિક્ષણ અને સહશિક્ષણની સંસ્થાઓને રાજ્ય તરફથી નાણાંકીય સહાય મળી રહે છે.

2 **સ્ત્રી શિક્ષણને સામાજિક સ્વીકૃતિ :**

સ્વતંત્ર ભારતમાં સ્ત્રીને સમાન શિક્ષણ અધિકાર મળવાથી તેમજ મૂલ્યોમાં પરિવર્તન આવવાથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની સંખ્યાવવદ્ધિ થતી રહી છે. આમ છતાં, કેટલાંક રૂઢિચુસ્ત સમાજોમાં સ્ત્રી શિક્ષણને જોઈએ તેટલી સ્વીકૃતિ મળી નથી.

3 **મફત અને ફરજિયાત શિક્ષણ**

2002ના 86માં સુધારાથી 6 થી 14 વર્ષની વયના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. રાજ્યોએ આ સિદ્ધાંતનો અમલ કર્યો છે. કેટલાંક રાજ્યોએ સ્ત્રીઓના માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ માટે પ્રોત્સાહન યોજનાઓ રજૂ કરી છે. જેમ કે ગુજરાત રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ કન્યાઓ માટે નિઃશુલ્ક બનાવવામાં આવ્યું છે.

4 **સ્ત્રી શિક્ષણના પ્રમાણમાં વૃદ્ધિ**

1947 પછી સ્વાતંત્ર્ય બાદ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણના ક્ષેત્રે સ્ત્રી શિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે.

| ઈ.સ. | ટકાવારી |
|---|---|
| 1951 | 7.9 |
| 1961 | 13.0 |
| 1971 | 18.7 |
| 1981 | 24.8 |
| 1991 | 39.4 |

આમ, 1951 થી 1991 ના 40 વરસોના ગાળામાં સ્ત્રી શિક્ષણમય 32 ટકા જેટલો વધારો થયો છે 2001 ની વસ્તી ગણતરી મુજબ પુરુષ શિક્ષણ 35.85 ટકા જેટલું હતું જ્યારે સ્ત્રી શિક્ષણ 54-16 ટકા જેટલું થયું છે.

સ્વાતંત્ર્ય બાદ સ્ત્રીશિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. આથી સ્ત્રી સશક્તિકરણ વધવા લાગ્યું છે.

**મહિલાઓમાં આધુનિક શિક્ષણને પરિણામે આવેલું પરિવર્તન**

1 **આર્થિક સ્વાવલંબન તરફ પ્રયાણ :-** આજે સ્ત્રીઓ આર્થિક સ્વાવલંબન તરફ જઈ રહી છે. શિક્ષિત સ્ત્રીઓનો વિવિધ વ્યવસાય ક્ષેત્રોમાં પ્રવેશ થયો છે. નોકરી કરતી સ્ત્રીઓ આર્થિક રીતે પગભર બની છે. હવે તેમને આજીવિકા માટે પુરુષો પર આધાર રાખવો પડે તેમ નથી. શિક્ષણને કારણે તેમનામાં આત્મનિર્ભરતાની ખુમારી જાળવી છે. આજે એવું કોઈપણ ક્ષેત્ર નથી કે જેમાં સ્ત્રીઓ ન હોય આજે ભારતમાં રાષ્ટ્રપતિથી માંડીને ગામના સરપંચમાં પણ સ્ત્રીઓ કાર્યરત છે. આથી જ પુરુષો તરફથી થતાં શોષણો સામે હવે ભણેલી સ્ત્રીઓ પોતાનો અવાજ વ્યક્ત કરવા લાગી છે.

2 **આરોગ્ય સુધારણા :** છેલ્લા પચાસ વર્ષમાં સમાજના આરોગ્ય સ્તરમાં સારો એવો સુધારો થયો છે આરોગ્ય વિકાસના વિવિધ કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓના આરોગ્યમાં સુધારો થવા લાગ્યો છે. મોટી હોસ્પિટલો, ખાનગી દવાખાનાં, આરોગ્ય કેન્દ્ર, કુટુંબ નિયોજન કેન્દ્ર, માતૃકલ્યાણ, બાળકલ્યાણ, પોષક આહારના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓનું આરોગ્ય સુધર્યું છે.

3 **શિક્ષણને કારણે સ્ત્રીના વ્યક્તિનો વિકાસ :** શિક્ષણના પ્રચાર અને પ્રસારને લીધે તેમજ સ્ત્રી શિક્ષણ અંગે જાગૃતિને લીધે સ્ત્રીશિક્ષણથી સ્ત્રીના વ્યક્તિત્વનો વિકાસ થયો છે. આધુનિક શિક્ષણને કારણે જ આજે સ્ત્રીઓનો માનસિક, શારીરિક, સાંવેગિક અને સામાજિક અને સર્વાંગી

વિકાસ શક્ય બન્યો છે. શિક્ષણથી સ્ત્રીઓમાં સ્વાતંત્ર્ય, બિનસાંપ્રદાયિકતા અને સમાનતાવાદી મૂલ્યોનો પણ વિકાસ થયો છે.

4 **શિક્ષણને કારણે સામાજિક ક્ષેત્રે સ્વીકૃતિ** : આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરીને જ આજે સ્ત્રીઓ સમાજમાં એક અગત્યની વ્યક્તિ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. પહેલાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન નીચે ગણાતુ કુટુંબમાં પણ તેને નિમ્ન સ્થાન આપવામાં આવતું. પરંતુ હવે શિક્ષણને કારણે સ્ત્રી પુરુષ સમોવડી બની છે. સ્ત્રીની શક્તિ, સામર્થ્ય અને સૂઝ-સમજ પુરુષ કરતાં જરા પણ ઊતરતાં નથી તે બાબત હવે સ્વીકારવા લાગ્યા છે. આમ સમાજમાં સ્ત્રીને ભૂમિકા ભજવાની તક મળી રહી છે. તે સામાજિક સ્વીકૃતિનો નિર્દેશ કરે છે.

5 **હક્કો વિશેની સમાનતા** : શિક્ષણ દ્વારા સ્ત્રીઓ સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં પોતાના હક્કો વિશે જાગૃત બની છે. બંધારણ અને કાયદાથી તેમને લગ્ન, કુટુંબ, મિલકતનો વારસો, છૂટાછેડા વગેરે બાબતોમાં મળેલા હક્કોથી સ્ત્રી સમાન બની છે.

6 **અબળામાંથી સબળા બની :** ભારતમાં અંગ્રેજોના આગમન સુધી સ્ત્રી અબળા હતી. તેની શક્તિ અને સામર્થ્ય દબાઈ ગયા હતાં. ગાંધીજીના આગમન પછી સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાવા માટે સ્ત્રીઓ સામૂહિક રીતે પ્રથમ વખત બહાર આવી ત્યારે ભારતીય સમાજને સ્ત્રીઓમાં પડેલી અખૂટ શક્તિનો પરિચય સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી વિકાસની બહુલક્ષી પ્રક્રિયામાં સ્ત્રીઓ સહભાગી બની. આજે સ્ત્રીઓ શિક્ષણને લીધે તે સરકારી કાર્યાલયોમાં, ઉદ્યોગમાં અને ખાનગી કંપનીઓમાં, કલાર્ક, ટાઈપિસ્ટ, એક્ઝિક્યૂટીવ, મેનેજર, પોલીસ ઓફિસર તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું. શિક્ષણના આધુનિકરણને લીધે જ આજે સ્ત્રીઓ, સાંસ્કૃતિક સંગઠનો, મહિલા મંડળો, રાજકીય પક્ષો, પંચાયત, વિધાન સભા, સંસદની ચૂંટણીઓ વગેરેમાં સ્ત્રીઓ ભાગ લેતી થઈ છે. ઘર બહારની પ્રવૃત્તિમાં ભાગ લેવાને કારણે સ્ત્રીઓને પોતાની શક્તિઓ અને પતિનું વ્યક્તિત્ત્વ, કાર્યદક્ષતા વગેરે વ્યક્ત કરવાની તક મળી છે. આથી પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો આવ્યો છે.

**સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ :**

કોઈપણ રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્પાદનમાં નારી મહત્ત્વનો ભાગ ભજવે છે. તે પુરુષની સહધર્મચારિણી છે તે પુરુષની અર્ધાંગિની છે. આથી સમગ્ર પરિવારનો ભાર વહન કરવાની જવાબદારી પરિવારમાં સ્ત્રીની હોય છે. તે પરિવારનું હલન-ચલન છે તેથી પરિવારમાં જો સ્ત્રી અથવા માતા અશિક્ષિત હોય તો તે પરિવારની જવાબદારી બરાબર વહન કરી શકતી નથી.

– ભારત જેવાં દેશમાં સ્ત્રીને શક્તિસ્વરૂપ ગણવામાં આવી છે, ત્યાં આ શક્તિ જો શિક્ષણ પામ્યા વિના શક્તિહીન બને તો તે પરિવાર અને સમાજનું કલ્યાણ કરી શકતી નથી.

– ''યત્ર નાર્યસ્તુ પૂજ્યતે રમ્ન્તે તત્ર દેવતા''જ્યાં સ્ત્રીને સમાન આદર આપવામાં આવે છે. ત્યાં દેવોનો વાસ હોય છે. સ્ત્રીની નિષ્ઠા પ્રતિષ્ઠાએ સમાજનું અવલંબન છે. આથી સ્ત્રીઓને સન્માન અને આદરની અધિકારિણી બનાવવી. હોય તો કન્યાઓને કેળવણી આપવાની તાતી જરૂરિયાત છે.

– 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે' અંગ્રેજીમાં "The hand that rocks the cradle rules the world" આ સૂકિત મુજબ બાળકોમાં સુસંસ્કારોનું સિંચન માતા કરે છે. માતા એ જગજનની છે, બાળકોનું સંસ્કાર શિલ્પ કંડારે છે. આથી માતા જો શિક્ષણ પામીને સુસંસ્કૃત બનેલી હશે તો તે પોતાના બાળકોમાં સંસ્કારોનું સિંચન કરી શકશે. તેથી જ એમ કહેવાયું છે કે Educated the mothers First માતાઓને શિક્ષણ આપવામાં અગ્રતાક્રમ આવે

– સ્ત્રી અને પુરુષ એક જ રથના-સંસાર રથના બે સમાન પૈડાં છે. તેમાંથી એક પૈડું જો અસમાન હોય, અશિક્ષિત કે અસંસ્કારી હોય તો રથ બરાબર ખેંચી શકાતો નથી. આથી કન્યા કેળવણીની ખાસ જરૂરિયાત છે.

– અશિક્ષિત સ્ત્રીઓ સમાજના અન્યાય, શોષણ અને અત્યાચારનો ભોગ બને છે. સ્ત્રીઓ જો શિક્ષિત હોય તો તેઓ જાગૃત બની સમાજના અન્યાય અને શોષણનો વિરોધ કરે છે.

– શિક્ષિત નારી પોતાના અધિકારો પરત્વે જાગૃત રહે છે.

– શિક્ષણ લેવાથી સ્ત્રીઓ વહેમો, અંધશ્રદ્ધા અને કુરિવાજોનો ભોગ બનતી નથી.

આમ, નારી જો શિક્ષણ પામેલી હશે તો તે કુટુંબ અને સમાજ તેમજ રાષ્ટ્રને તારે છે. અશિક્ષિત નારી કુટુંબ અને સમાજને ક્યારેક ડૂબાડે છે. આમ આધુનિક શિક્ષણ સ્ત્રીઓ માટે ઘણું જ મહત્ત્વનું છે.

મહિલાઓમાં આધુનિક શિક્ષણને લીધે સમગ્ર સ્ત્રીઓને એક જૂથ તરીકે લઈને તેમના દરજ્જા અને ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ એકજૂથ તરીકે સ્ત્રીઓનો પરંપરાગત દરજ્જો અને ભૂમિકા કાયમ રહે છે.

ભારતમાં પાશ્ચાત્ય કેળવણીને કારણે ઉદારમત વિચારસરણીની અસર હેઠળ આવે છે. શિક્ષિત લોકોમાં નવજાગૃતિનું બીજ રોપાય છે, અને સમાજ સુધારણાનો યુગ જન્મ લે છે. આધુનિક શિક્ષણનો તબક્કો ભારતીય સ્ત્રીઓ માટે આશીર્વાદરૂપ થઈ પડે છે. શિક્ષણની તરાહ, હેતુ/ઉદ્દેશથી સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકાને લીધે પરિવર્તન આવ્યા પછી આદર્શ ગૃહિણી અને માતાની ભૂમિકાને કેન્દ્રમાં રાખી સુધારા-વધારા થયા છે.

21 મી સદીની સ્ત્રીઓ બજારની માંગ પ્રમાણે સુપર મધર અને સુપર હાઉસવાઈફ થવા પાછળ પણ શિક્ષણનો મહત્ત્વનો ફાળો છે.

સ્વતંત્ર ભારતમાં કાનૂનીકરણ, સ્ત્રી શિક્ષણ વગેરે નવાં પરિબળોના વિકાસને કારણે સ્ત્રીનું સ્થાન વધુ ઊંચુ આવ્યું છે તેટલું ક્યાંક વ્યવહારમાં જણાતું નથી. હજી પુત્રી કરતા પુત્ર જન્મ વધુ ઈચ્છનીય ગણાય છે. સ્ત્રી શિક્ષણની બાબતમાં હજી કેટલાંક સમાજોમાં ઈચ્છનીય વર્તન-પરિવર્તનો થયાં નથી. છતાં, આધુનિક શિક્ષણને કારણે સ્ત્રી સશક્તિકરણ અંગે સમાજમાં જાગૃતિ વધી છે. તે એક આશાસ્પદ ચિહ્ન છે.

## 9.6 દલિતોને આધુનિક શિક્ષણ

### પ્રસ્તાવના

સ્વતંત્ર ભારતમાં જેઓ અનુસૂચિત જાતિના (Scheduled Caste) સભ્યો તરીકે સમાવાયા છે. તેઓ સામાન્ય જનભાષામાં દલિતોથી ઓળખાય છે. આ આખો વર્ગ અસ્પૃશ્ય હતો. આ વર્ગની કરુણતા એ હતી કે જે હિન્દુ સમાજમાં ચતુવર્ણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. તેમાં પણ તેમનો સમાવેશ થતો ન હતો. એટલે કે એમને માણસો જ ગણવામાં આવતા ન હતા ! આપણા પર શાસન કરવામાં આવ્યા હતા, છતાં બ્રિટિશરોને પણ આ સામાજિક અસમાનતા સહન થઈ ન હતી. આથી, એમણે ઈ.સ.1880 માં જાતિ નિર્બળતા નિવારણ ધારો (Caste Disabilities Removal Act) અમલમાં મૂક્યો હતો. આજે ઈ.સ. 2016 ની સાલ છે. પૂરાં 166 વર્ષ પછી પણ આપણા હૃદય પર હાથ મૂકીને આપણે દાવો કરી શકતા નથી કે હિન્દુ સમાજમાંથી અસ્પૃશ્યતા સો ટકા દૂર થઈ છે. સમાજના સબળા વર્ગ સમક્ષ સરકારની દૃઢતા, સુધારકોના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો અને કાયદો પણ વામણાં પૂરવાર થયા છે તે આ દલિતોના ઈતિહાસથી પુરવાર થાય છે. ઈ.સ. 1989 માં સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિ પર આ જુલમોને અટકાવવા માટે કાયદો (SC and ST Prevention of Attrocities Act) અમલમાં મૂક્યો. આ કાયદાથી અસ્પૃશ્યતાને વ્યવહારમાં મૂકનારાઓ ગુનેગાર ઠરશે એવું જાહેર કરવામાં આવ્યું. સ્વતંત્રતા પહેલાં થયેલી, આંબેડકર સમજૂતીનો બંધારણમાં અમલ થયો. દલિતોને ચૂંટણીમાં અને અન્ય બાબતોમાં અનામતનો લાભ આપવામાં આવ્યો. આમ, દલિતોના આ સામાજિક પરિપેક્ષ્યમાં એમના શિક્ષણ માટે સરકારે કરેલા પ્રયત્નોને મૂલવવાનું થાય છે.

અનુસૂચિત જાતિ અને જનજાતિના જન્મજાત પછાત વર્ગો ઉપરાંત પણ ભારતીય સમાજમાં સામાજિક, શૈક્ષણિક તેમજ આર્થિક રીતે પછાત વ્યક્તિઓના અનેક સમૂહો છે. અનુચ્છેદ-340 જોગવાઈ પ્રમાણે એવા વર્ગોની તપાસ કરી જરૂરી સૂચનો કરવા કમિશન નીમવાની રાષ્ટ્રપતિને સત્તા છે.

### સરકારના પ્રયત્નો

આમ તો બ્રિટિશરોએ ઈ.સ. 1850 ના કાયદાથી દલિતોના બાળકોને શાળામાં મોકલવાનો પહેલો સરકારી પ્રયત્ન કર્યો હતો. હમણાં જોયું તેમ સામાજિક માળખું એમની વિરુદ્ધમાં એટલું સજ્જડ હતું કે બ્રિટિશરોને એમાં ખૂબ ઓછી સફળતા મળી. ત્યારબાદ 1989 ના કાયદાથી સરકારે પણ સમગ્ર સામાજિક પરિસ્થિતિ જોઈને એવો નિર્ણય લીધો કે દલિતોના બાળકોને સરકારી અને મ્યુનિસિપલ

પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મળે તો તેનાથી સંતોષ માનવો. એમના પ્રવેશને કાનૂની પીઠબળ હતું અને શિક્ષકો સરકારી અથવા અર્ધસરકારી કર્મચારીઓ હતા, તેથી આ બાળકોને શાળાનો ઝાંપો ઓળંગવાનું તો પ્રાપ્ત થયું. એ વર્ષોમાં 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ' સૂત્ર પ્રચલિત હતું. અને અમલમાં મૂકાતું હતું. સ્વભાવિક છે. કે દલિતોના બાળકો ભણવામાં ખૂબ નબળા હોય. નબળા હોય તેથી શિક્ષકે મારવા તો પડે જ, પરંતુ એમને મારે તો શિક્ષક અભડાઈ જાય ! આથી, એ બાળકો પર શિક્ષક લાકડીનો છૂટો ઘા કરતા હતાં. સમજી શકાય તેવું છે કે આ ઘાથી ગંભીર ઈજા જ થાય, અને એનાથી આગળ વધીને એ બાલમાનસ તૂટી જાય. બીજા દિવસથી એ શાળાએ આવવાનું બંધ કરે. જો કોઈ વીરલો આવે તો શિક્ષકો, સમાજના આગેવાનો અને આચાર્યની સૂચના પ્રમાણે શાળાના ઝાંપા આગળ જ એ બાળક પર બાકીના વિદ્યાર્થીઓ કાદવ નાખતા હતા. આથી ઈ.સ. 1941 ના વસતી ગણતરીમાં માલૂમ પડ્યું કે દલિત બાળકોના 30 ટકા બાળકોને જ ભાગ્યું તૂટ્યું લખતા-વાંચતા આવડતું હતું. જ્યારે સાદા સરવાળાની ગણતરી કરતા પણ આવડતું ન હતું. આમ, ઈ.સ. 1941 સુધી તો સરકારી રાહે 140 વર્ષના પ્રયત્ન પણ વાંઝિયા નીવડ્યા હતાં. અલબત્ત, જે દારુણ સામાજિક પરિસ્થિતિ છે તેમાં આ 30 ટકા સિદ્ધિ પણ નોંધપાત્ર ગણી શકાય.

1. **મફત આરોગ્ય સેવાઓ :** દલિતોનાં જે બાળકો પ્રવેશ લે છે તેમાંના 30 ટકા જેટલાં શાળાત્યાગી બની જાય છે. આ અંગેના કારણો તપાસતા ઈ.સ. 1983 માં માલૂમ પડ્યું કે આ બાળકોનું આરોગ્ય ખૂબ કંગાળ છે. આથી તેઓ વારંવાર માંદા પડી જાય છે. શાળાઓમાં તો આપણી ટ્રેનોની જેમ અભ્યાસક્રમ રોજેરોજ નવા સ્ટેશન પર પહોંચતો હોય છે. આથી, બાળક રોગમુક્ત થઈને આવે ત્યારે વર્ગખંડમાં જે કોઈ શિક્ષણકાર્ય થાય છે તેને સમજી શકતું જ ન હતું. અહીં પહેલી વખત અધિકૃત રીતે સમજાયું કે આરોગ્ય અને શિક્ષણને સીધો સંબંધ છે. આથી, સમગ્ર દલિત વર્ગ અને ખાસ કરીને એમાં બાળકોને મફત અને નજીકમાં આરોગ્ય સેવા આપવાનું શરૂ કરવામાં આવ્યું. પરિણામે આ બાળકોની ગેરહાજરી 25 ટકા ઘટી અને શાળા ત્યાગનું પ્રમાણ પણ 30 ટકા ઘટ્યું.

2 **શેરી શાળા :** NCERT માં એ ઈ.સ.1986 માં કરેલ સર્વેથી માલૂમ પડ્યું કે દલિતોનાં બાળકો દૂરના અંતરે પ્રાથમિક શાળાઓમાં આવતાં હોય છે. તેથી ભણવા જતાં નથી. તેઓ શાળા વંચિત જ રહે છે. આથી એવો નિર્ણય લેવાયો કે વધારેમાં વધારે એમના રહેઠાણથી એક કિલોમીટરના અંતરમાં પ્રાથમિક શાળા હોવી જોઈએ, દલિતોના શિક્ષણને વધારવામાં આ નિર્ણય અને તેનો અમલ ખૂબ સફળ રહ્યો.

3 **નિઃશુલ્ક શિક્ષણ :** દલિતોના બાળકોને નિઃશુલ્ક શિક્ષણ, પાઠ્ય પુસ્તક અને ગણવેશ આપવાનો કાર્યક્રમ અમલમાં મુકાયો, તેથી અને મધ્યાહ્ન ભોજન યોજના શરૂ થઈ તેથી બાળકને ભણાવવા પાછળ ખર્ચ કરવો પડતો નથી તેવું આશ્વાસન મા-બાપોને મળ્યું. જેઓ બાળકોને અભણ રાખીને એમની પાસેથી કમાણીની અપેક્ષા રાખતાં હોય છે એવા મા-બાપનો જ એક વર્ગ એમનાં બાળકોને શાળા વંચિત ન રાખતો થયો. આ યોજનાથી પણ દલિતોના બાળકો મોટી સંખ્યામાં શાળામાં પ્રવેશ લેવા માંડ્યા.

4 **રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થામાં અનામત :** બંધારણના આદેશ અનુસાર જે તે રાજ્યની વસ્તીમાં અનુસૂચિત જાતિના જેટલા ટકા હોય તેટલા ટકા બેઠકો શૈક્ષણિક સંખ્યામાં અનામત રાખવાની છે. ઉપરાંત જે રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ સ્થપાય તેમાં પણ એ અનામત રાખવામાં આવી છે. નવોદય વિદ્યાલયોમાં 7.5 ટકા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગમાંની 43,000 સ્કોલરશીપો, એ જ પ્રમાણે NCERT માં 150 સ્કોલરશીપો, યુ.જી.સી. માન્યતા પ્રાપ્ત 113 યુનિવર્સિટીઓમાં અનામત બેઠકોની નીતિનો બરાબર અમલ થાય તે જોવા માટેના કેન્દ્રો કોમ્યુનિટી પોલિટેકનિક્સમાં તાલીમ આપવા માટે પ્રવેશમાં એમની પહેલી પસંદગી, કેન્દ્ર સરકારની પ્રતિષ્ઠિત IIM અને NIA વગેરેમાં 16 ટકા સુધીની બેઠકો પર અનામત વગેરે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની જોગવાઈ કરી. અનુસૂચિત જાતિના બાળકો અને યુવકોના શિક્ષણને વધારવા માટે પ્રયત્ન થાય છે.

આમ અનુસૂચિત જાતિમાં શિક્ષણને આગળ ધપાવવા માટે સરકારી રાહે ખૂબ પ્રયત્નો થયા છે. પ્રૌઢો પણ લખતા-વાંચતા શીખે તે માટે પ્રૌઢ શિક્ષણની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ માટે રાષ્ટ્રીય અક્ષરજ્ઞાન મિશનની સ્થાપના પણ કરવામાં આવી છે. આ પ્રયત્નના સારા પરિણામ પણ આવ્યા છે. ઈ.સ. 1961 માં અનુસૂચિત જાતિના પુરુષોના 16.69 ટકા અને મહિલાઓના 3.29 ટકા અક્ષરજ્ઞાન ધરાવતાં હતાં, જે ઈ.સ. 2011 ની વસ્તી ગણતરી અનુસાર અનુક્રમે 75.77 ટકા અને 56.46 ટકા થયા હતાં. સમગ્રપણે જોઈએ તો 1961 માં અનુસૂચિત જાતિના 10.27 લોકો અક્ષરજ્ઞાન ધરાવતાં હતા જે ઈ.સ. 2011 માં 66.07 થયા છે.

## 9.7 સ્વતંત્ર ભારતમાં અનુસૂચિત જનજાતિને આધુનિક શિક્ષણ

**પ્રસ્તાવના**

સ્વતંત્રતા પછી ભારતીય સમાજ ઝડપથી પોતાનો સર્વાંગી વિકાસ કરવા કટિબદ્ધ બન્યો છે. રાજકીય અને આર્થિક વિકાસની સાથે-સાથે સામાજિક અને શૈક્ષણિક વિકાસના પગલાં પણ તેણે ભરવા માંડ્યા છે. દરેક પ્રકારની અસમાનતાઓ દૂર કરવા પ્રયાસ આદર્યા છે. ભારતમાં સદીઓથી કેટલાંક વર્ગો પછાત રહ્યાં છે અને તેમાં અસ્પૃશ્ય જ્ઞાતિઓ અને આદિવાસી જાતિઓ સૌથી પછાત છે.

સ્વતંત્ર ભારતમાં સમાનતાના મૂલ્યો સ્થાપવા માટે સમાજમાં જે મહિલાઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જેવાં પાછળ રહી ગયેલા વર્ગના શિક્ષણ માટે જે વિશેષ પ્રયત્નો થઈ રહ્યો છે તેના અભ્યાસના ભાગ સ્વરૂપ હવે આપણે અનુસૂચિત જનજાતિઓ અંગેના પ્રયત્નો જોઈશું. આ પ્રયત્નોમાં સરકાર ઉપરાંત બિનશૈક્ષણિક સંસ્થાઓ પણ કાર્યરત છે, પરંતુ આ ત્રણેય વર્ગો સામે અજ્ઞાનના અંધકારની કાલિમા એટલી ઘટ્ટ છે કે આ સેવાભાવી સંસ્થાઓના પ્રયત્નો ઝાંખા કિરણોથી વધારે પ્રકાશને પાથરી શકતાં નથી. ઉપરાંત આ સંસ્થાઓ સરકારની નીતિ અનુસાર મોટેભાગે કામ કરતી હોય છે. જ્યાં જ્યાં સરકારની નીતિ એમને ભંડોળ આપવા માટે હકારાત્મક હોય છે, ત્યાં ત્યાં મોટે ભાગે આ સંસ્થાઓ સરકારી ભંડોળો મેળવીને સરકારની નીતિ અનુસાર કાર્ય કરે છે આથી જ્યારે આપણે સરકારના પ્રયત્નોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તેમાં બિનસરકારી સંસ્થાઓનો સમાવેશ થઈ જાય છે. આ અંગે એક ઉદાહરણ પૂરતું છે. પ્રૌઢ શિક્ષણ માટે જ્યારે સરકાર ઉત્સાહી હતી અને બિનસરકારી સંસ્થાઓ સામેલગીરી માંગતી હતી ત્યારે આ સંસ્થાઓ દેશમાં લાખોની સંખ્યામાં પ્રૌઢ શિક્ષણ વર્ગો ચલાવતી હતી. સરકારે જેવી તે બાબતની નીતિ બદલી અને ભંડોળો આપવાનું બંધ કર્યું અથવા ઓછું કર્યું. તેવું તરત જ બિનસરકારી સંસ્થાઓની પણ પ્રવૃત્તિ ઓછી થઈ ગઈ. અલબત્ત આ સંસ્થાઓને કેટલાંક શિક્ષણપ્રેમી અને સમાજ હિતચિંતકો તરફથી દાન મળે છે તે પ્રશંસનીય છે. પરંતુ જરૂરિયાત જોતાં એ રકમ ઘણી ઓછી હોય છે. મહિલાઓ અને અનુસૂચિત જાતિઓ તો દરેક સમાજની વચ્ચે જ અસ્તિત્ત્વ ધરાવે છે. તેથી એમના શિક્ષણ માટે પ્રમાણમાં બિનસરકારી સંસ્થાઓ વધારે આગળ આવી છે. બીજી બાજુ અનુસૂચિત જનજાતિના રહેઠાણના ભૌગોલિક વિસ્તારો અલગ છે, તેથી ત્યાં બિનશૈક્ષણિક સંસ્થાઓ ઘણી ઓછી પહોંચી છે. આ લોકો માટે સરકારી પ્રયત્નોનો ફાળો વધારે પ્રમાણમાં રહ્યો છે. આ પૂર્વના પ્રકરણમાં મહિલાઓ અને તેનું શિક્ષણમાં આધુનિકીકરણ જોયું. ઉ.દા.ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે સાત ટકા બેઠકો અનુસૂચિત જાતિ માટે છે, જ્યારે અનુસૂચિત જનજાતિ માટે 15 ટકા છે. આમ સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર કુલ બેઠકોના 50 ટકાથી વધારે અનામત રાખી શકાતી નથી તે અત્રે નોંધવું રહ્યું.

**ભારતમાં જનજાતિઓ અને લઘુમતીઓ અંગેની સમસ્યા :**

ભારતની રાષ્ટ્રીય પદ્ધતિ જે કેટલીક મહત્ત્વની સમસ્યાઓનો ઉકેલ કરવાનો હતો તેમાં દેશમાં વસતી આંધ્ર, મલયાલી, કર્ણાટકી, મહારાષ્ટ્રી વગેરે જેવી કેટલીક જનજાતિઓ તથા ભારતીય મુસ્લિમ, શીખ, દલિતવર્ગો (અછૂતો) જેવી કેટલીક લઘુમતીઓ અંગેની સમસ્યાનું સ્થાન સૌથી વધુ મહત્ત્વ ધરાવતું હતું. એ બધી જનજાતિઓ અને લઘુમતીઓમાં જેમ જેમ રાજકીય સચેતમાં વિકસતી જતી હતી. તેમ તેમ ભારતની રાજકીય સ્વતંત્રતા માટેની ભારતની સમસ્ત જનતાની સંયુક્ત રાષ્ટ્રીય પદ્ધતિની દૃષ્ટિએ તેમજ સ્વાતંત્ર્યોત્તર ભારતની ભાવિ રાજકીય સંરચનાની દૃષ્ટિએ, એ સમસ્યાનું મહત્ત્વ વધતું જતું હતું.જનજાતિઓ અને લઘુમતીઓને લગતી સમસ્યા એકલા ભારતીય રાષ્ટ્રવાદ માટે કોઈ અનન્ય સમસ્યા તો નહોતી. ઓસ્ટિયન, હંગેરિયન, રશિયા અને ઈત્તર આધુનિક પ્રજાના

ઈતિહાસમાં પણ એવી સમસ્યાઓ ઊભી થઈ જ હતી અને ઉકેલ માંગી રહી હતી.

તથાપિ એમ પણ ન કહેવાય કે, દરેક આધુનિક પ્રજાના ઈતિહાસકીય વિકાસ દરમિયાન તેની સાથે એવી સમસ્યા આવી ઊભી હતી. દાખલા તરીકે અંગ્રેજ અને ફ્રેન્ચ પ્રજાઓ રાષ્ટ્ર તરીકે પોતાનું એકીકરણ કરવામાં અને તે પછીની પોતાની વિજયવતી, પૂર્ણ વિકસિત પ્રજા અસ્મિતાના ઘડતરકાળમાં એવી કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નહોતો. તેનાથી વિપરીત ઓસ્ટ્રો-હંગેરિયન મહારાજ્ય, બાલ્કન દેશો વગેરે જેવાં પૂર્વ યુરોપના દેશોની પ્રજાઓને એવી સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો આવા તફાવતના કેટલાંક વિશિષ્ટ ઐતિહાસિક કારણો છે.

**જનજાતિઓના ઉદ્‌ગમ કારણો :**

આધુનિક રાષ્ટ્રોના ઈતિહાસકીય વિકાસની સમીક્ષા એક એવી મહત્ત્વપૂર્ણ હકીકત છતી કરે છે કે, જનજાતિઓનું સર્જન સમાજના મૂડીવાદી અર્થતંત્રના વિકાસને આભારી છે. મૂડીવાદી આર્થિક વિકાસનો વિસ્તાર વધવા સાથે પ્રજાનું આર્થિક, સામાજિક અને રાજકીય ઐક્ય લુપ્ત થતું જાય છે. એક જ આર્થિક અને રાજકીયતંત્ર નીચે તેનું સંઘટન થતું રહે છે અને તેના સાંદેસાંધા સંધાઈ જઈને તેનું સ્કલિષ્ઠ રાષ્ટ્ર બને છે.

આધુનિક મૂડીવાદને લીધે દેશના જુદાં-જુદાં ભાગ વચ્ચે વસ્તીના ભિન્ન-ભિન્ન વિભાગો વચ્ચે વધુ ગાઢ સંબંધ બંધાતા રહે છે. એ એક સમર્થ સંઘટનકર્તા પરિબળ છે. જે સામંતશાહી જમાનાની આડબંધીઓને નષ્ટ કરી નાંખે છે, મોટા મોટા જનસમુદાયોને મોટા મોટા ઔદ્યોગિક કેન્દ્રોને ભેળા વસાવે છે. ગ્રામ વિસ્તારોને શહેરો સાથે સાંકળી લે છે અને સમાજમાં એક એવો નવો મધ્યવર્ગ ઊભો કરે છે, જે શરૂ શરૂમાં રાષ્ટ્રપતિને નવી વિભાવનાનો મુખ્ય પુરસ્કર્તા બનતો હોય છે. એટલે એટલું નક્કી થાય છે કે આધુનિકરણ રાષ્ટ્રોના પાદૂર્ભાવ સામંતશાહીએ સર્જેલા એકાંત અને પૃથક્કતાને નષ્ટ કરી નાખનારી વિશાળ જનસમુદાયમાં સમાન વિચારો ફેલાવીને તેને સાર્વજનિક સંઘર્ષમાં થવા માટે પહેલી જ વાર એકત્ર કરનારી મધ્યમવર્ગી માલદાર લોકશાહી ક્રાંતિઓ સાથે થોડો સંબંધ ધરાવે છે. એ રીતે અંતરની સદીની ક્રાંતિમાંથી બ્રિટિશ રાષ્ટ્ર અને 1979 મી મહાન ફ્રેન્ચ ક્રાંતિનો ફ્રેન્ચ રાષ્ટ્રનો ઉદય થયો છે.

1 મહિલા સમસ્ત કાર્યક્રમ જે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે છે.

2 સર્વ શિક્ષા અભિયાન પણ અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે છે.

3 શિક્ષણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ-પ્રાથમિક સ્તરે અનુસૂચિત જાતિ અને જનજાતિની બાલિકાઓ માટે પણ છે.

4 કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયો અનુસૂચિત જાતિ અને જનજાતિની બાલિકાઓ માટે પણ છે.

5 મફત આરોગ્ય સેવા

6 શેરી શાળા

7 નિઃશુલ્ક શિક્ષણ

8 રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત

આ મુજબના આઠ સરકારી કાર્યક્રમો ઉપરાંત અનુસૂચિત જનજાતિ કે જે આદિવાસી તરીકે પણ ઓળખાય છે. તેમને વધુ શિક્ષણ આપવા માટે આ વિશેષ ટ્રાઈબલ સબ-પ્લાન શરૂ કરવામાં આવ્યો છે. આ પૂર્વે આપણે જોયું કે મહિલાઓ અને દલિતોને માત્ર શિક્ષણ આપવાથી તેઓ સન્માનનીય નાગરિક બની શકતાં નથી. આથી, એમના સશક્તિકરણનો વિચાર અમલમાં મૂકાયો છે. આજ અભિગમ આદિવાસીઓ માટે પણ રાખવામાં આવ્યો.

ટ્રાઈબલ સબ-પ્લાનમાં પણ આદિવાસીઓના સશક્તિકરણ ભાગ સ્વરૂપ એમના બાળકો પ્રાથમિક શિક્ષણ તો મેળવે જ એવો આગ્રહ રાખવામાં આવ્યો. ભૌગોલિક રીતે તેઓ જોડાણવાળા વિસ્તારમાં રહેતા હોય છે તેથી કોઈ એક ટોળી કોઈ એક વિસ્તારમાં રહેતી હોય અને બાળકો ગણ્યાં-ગાંઠ્યા હોય

તો પણ ત્યાં પ્રાથમિક શાળા શરૂ કરવાનો કાર્યક્રમ અમલમાં મૂકાયો. આ સબ-પ્લાનમાં આરોગ્ય વગેરે પર ધ્યાન આપવામાં આવ્યું તેથી અહીં બાળકોનો પ્રવેશ અને હાજરી વધ્યાં.

- **બોલી પ્રમાણે શિક્ષણ :** ઈ.સ. 1986 માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાહેર થઈ. આ નીતિ હેઠળ નક્કી કરવામાં આવ્યું 5 પ્રાથમિક શાળાનું શિક્ષણ આદિવાસીઓની બોલીમાં આપવાનું રાખ્યું. એ પ્રમાણેના અભ્યાસક્રમો ઘડવામાં આવ્યા. એ માટે જરૂરી સાધનો અને માધ્યમો તૈયાર કરવામાં આવ્યા. તેઓ ધોરણ-5 માં પ્રવેશ મેળવે ત્યારે જે તે રાજયની ભાષામાં ભણી શકે તે માટે ખાસ યોજનાઓ અમલમાં મૂકાઈ.
- **આદિવાસી યુવકોને શિક્ષકોનો હોદ્દો :** આદિવાસીઓ એમની રૂઢિઓ અને અલગ ભૌગોલિક વિસ્તાર હોવાથી જરા વધારે પ્રમાણમાં અંતર્મુખી છે. તેઓ બીજા સમાજના માણસો પર વિશ્વાસ મૂકતાં અચકાય છે. આથી, બિનઆદિવાસી શિક્ષકોનું અધ્યાપન ઓછું અસરકારક બને છે. આથી, જે આદિવાસી યુવકો શિક્ષક થવાની લાયકાત પ્રાપ્ત કરે એમને જ શિક્ષક બનાવવા અને એમના જ વિસ્તારમાં નિમણૂંક આપવાની નીતિનો અમલ થયો. આ નીતિના સારા પરિણામો દેખાય છે.
- **આશ્રમ શાળાઓ શરૂ કરવી :** આદિવાસી બાળકોનું રહેઠાણ અને શિક્ષણ એક જ જગ્યાએ રાખવાની યોજના અમલમાં મૂકાઈ, બાળકો આશ્રમમાં રહે અને શાળામાં ભણે તેવી વ્યવસ્થા થઈ.
- **લાક્ષણિકતા અનુસાર શિક્ષણ :** આદિવાસીઓની વિવિધ જાતિઓ છે. જુદાં-જુદાં વિસ્તારના આદિવાસીઓની જાતિના વિશિષ્ટ લક્ષણો છે. એ લક્ષણો સાથે અનુકૂલન સાધીને શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો અને અમલ થયો.

નીચલા વર્ગના બાળકો ઘણી પરિસ્થિતિઓમાં પોતાની જાતને શાબ્દિક રીતે વ્યક્ત કરી શકતાં નથી. તેઓ તેમનો અન્ય સાથેનો વ્યવહાર હંમેશાં શાબ્દિક અભિવ્યક્તિ દ્વારા ચલાવતાં હોતા નથી. મધ્યમ વર્ગના બાળકો કરતાં તેમની સંદેશાવ્યવહાર (Comunication) ની શૈલી જુદી જુદી હોવાની શક્યતા છે. આથી તેમના વિશે કંઈ નિર્ણય કરતાં પહેલાં આપણે તેમના શબ્દભંડોળ (Vocabulary) નું સ્વરૂપ શું છે અને તેમાં ખરેખર કેવા પ્રકારની ઉણપ છે તે જાણવું જોઈએ. શક્ય છે કે તેઓ આપણે ધારીએ છીએ તેટલા બિનશાબ્દિક (non-verbal) ના પણ હોય તેઓ ભલે અમૂર્ત (abstract) વિચારોને શાબ્દિક અભિવ્યક્તિ આપી શકતાં ન હોય, પરંતુ તેઓ જે ક્રિયાઓ અને વસ્તુઓ જોઈ શકે છે, જેનાથી તેઓ પરિચિત હોય છે તેવી બાબતોમાં તેઓ સારી રીતે શાબ્દિક અભિવ્યક્તિ કરી શકતાં હોય છે. આથી આ વર્ગના બાળકોની શીખવાની શૈલીની યોગ્ય સમજ મેળવવાની પણ ઘણી જરૂર છે.

આ ત્રણેય પ્રકરણોમાં આપણે કેન્દ્ર સરકારના મહિલાઓ દલિતો અને આદિવાસીઓમાં શિક્ષણ વિસ્તારવાના પ્રયત્નો જોયા. આ ઉપરાંત જુદી-જુદી રાજ્ય સરકારોએ પણ આ ત્રણેય વર્ગોનું શિક્ષણ વધે તે માટે વિવિધ પ્રયત્નો કર્યા છે. કેન્દ્ર સરકારની જે ભાગીદારીવાળી યોજનાઓ છે, તેમા નિયત ફાળો કરતાં કે તેનાથી વધારે ફાળો આપીને પોતપોતાના રાજયમાં તે યોજનાઓનો અમલ કર્યો.

**ગુજરાત રાજ્યના કેટલાંક વિશિષ્ટ પ્રયત્નો**

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં મહિલાઓ, દલિતો અને જનજાતિઓ માટે કાર્યરત અનેક બિનસરકારી સમાજસેવી સંસ્થાઓએ ગુજરાતમાં નેત્રદીપકનું કાર્ય કર્યું છે. ગાંધીજીની પ્રેરણાથી તૈયાર થયેલાં અને કસાયેલા કાર્યકરોએ નિઃસ્વાર્થભાવે આ ત્રણેય વર્ગોનો ઉત્કર્ષ થાય, તે ધૂનથી કાર્ય કર્યું છે. પૂર્ણિમાબહેન પકવાસા, મૃણાલિની, સારાભાઈ, મણિબહેન પટેલથી માંડી અત્યારના ઈલાબેન ભટ્ટ સુધીના મહિલા કાર્યકરોએ મહિલાઓ સહિત દલિતો અને જનજાતિના શૈક્ષણિક ઉત્કર્ષ સહિત ઘણાં પાયાના કાર્યો કર્યા છે. દલિતો માટે ઠક્કરબાપાનું જીવન સમર્પિત થઈ ગયું હતું. તે આપણે જાણીએ છીએ. પંચમહાલ, રાજપીપળા અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અનેક ગાંધીવાદીઓએ બિનસરકારી સંસ્થાઓ મારફતે અને ખાસ કરીને આશ્રમશાળાઓ ખોલીને આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવાનું કાર્ય કર્યું છે.

આ સંદર્ભે દક્ષિણ ગુજરાતમાં દવેની સેવાઓ નોંધનીય છે. છેવટે નારાયણભાઈ દેસાઈએ પણ આ જ દિશામાં કાર્ય કર્યું હતું. આ બધી સંસ્થાઓ પગભર થાય અને આ ત્રણેય સશક્ત થાય તે માટે જરૂરી ભંડોળો શરૂઆતથી જ ગુજરાત સરકાર આપતી રહી છે.

આ ઉપરાંત ગુજરાત સરકારે આ ત્રણેય જૂથનાં બાળકો વિજ્ઞાન પ્રવાહમાં વધારે સંખ્યામાં પ્રવેશ મેળવે તે માટે વિશેષ જોગવાઈ કરતી રહી છે. એમને રોજગારલક્ષી, કૌશલ્યવર્ધક તાલીમ આપવાની વિશેષ જોગવાઈ થઈ છે.

ખાનગી ટ્યુશન લેવા માટે પણ સહાય આપવામાં આવે છે. ઈજનેરી વગેરે વ્યાવસાયિક અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિશેષ સાધન સહાય આપવામાં આવે છે. ગુજરાત સરકારે જોયું કે કન્યાઓને શાળાએ મોકલતાં કુટુંબોને ઘરકામમાં તકલીફ પડે છે અને કોઈક વાર કમાણી ઓછી થાય છે, આથી 'વિદ્યાલક્ષી બોન્ડ યોજના' હેઠળ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને રૂ.2, 000 ના 'નર્મદાશ્રી નિધિના બોન્ડ' આપવામાં આવે છે. ગરીબીની રેખા નીચે જીવતાં બધા કુટુંબો માટે આ યોજના નો દલિતો તેમજ જનજાતિની બાલિકાઓને પણ આ લાભ મળે છે. એ જ પ્રમાણે માધ્યમિક શાળામાં ભણતી અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિચરતી જાતિની બાલિકાઓ ધોરણ-નવમાં પ્રવેશ કરે છે ત્યારે તેમને ભેટ સ્વરૂપે સાઈકલ આપવામાં આવે છે કે જેથી તેઓનો શાળામાં જવા-આવવાનો સમય બચે, અને તેઓ ભણે.

આમ સમપ્રમાણે સમાનતાને સિદ્ધ કરવા માટે મહિલાઓ, દલિતો અને જનજાતિનાં બાળકો વધારે શિક્ષણ મેળવે તે માટે સરકારી રાહે સઘન પ્રયત્નો થઈ રહયા છે, તે આ ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે.

**9.8 તમારી પ્રગતિ ચકાસો :**

**1. સરકારની શિક્ષણનીતિના ઘડતરમાં અસરકરતાં પરિબળોના સંદર્ભમાં SSA ની ભૂમિકા જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. શિક્ષણ અધિકાર ધારો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. સરકારની શિક્ષણનીતિના ઘડતર પર અસર કરતાં પરિબળો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. શાળા વંચિતતા એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. શાળા ત્યાગના કારણોની ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. શાળા ત્યાગ અને શાળા વંચિતતાના કારણોના સંદર્ભમાં શિક્ષકની ભૂમિકા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. સ્વતંત્ર ભારતમાં શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. મહિલાઓમાં આધુનિક શિક્ષણને પરિણામે આવેલું પરિવર્તન જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

9. સાંપ્રત સમયમાં સ્ત્રી-શિક્ષણનું મહત્ત્વ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

10. દલિતોના આધુનિક શિક્ષણના સંદર્ભમાં સરકારના પ્રયત્નો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

11. સ્વતંત્રભારતમાં અનુસૂચિત જનજાતિ અને લઘુમતીઓ અંગેની સમસ્યા જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

12. અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે અમલમાં મૂકવામાં આવેલ વિશેષ કાર્યક્રમોની માહિતી આપો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

13. અનુસૂચિત જનજાતિઓના વિકાસમાં ગુજરાત સરકારે કરેલાં પ્રયત્નો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

## 9.9 સારાંશ (Summary)

આઝાદી પછી સરકારે પ્રાથમિક શિક્ષણને પાયાની જરૂરિયાત ગણીને તે તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. 1992 માં સરકારે ઘોષણા કરી એમાં દરેક બાળકને શિક્ષણ મળવું જોઈએ. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આપણે એકવીસમી સદીમાં પ્રવેશી એ પહેલાં 14 વર્ષ સુધીની વય ધરાવતાં તમામ બાળકોને સંતોષકારક ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ વિના મૂલ્યે અને ફરજિયાતપણે પૂરું પાડ્યું. આને આધારે ત્રણ બાબતો રાષ્ટ્રીય નીતિમાં સ્પષ્ટ કરી છે.

1. સાર્વત્રિક પ્રવેશ અને બાળકોની નામનોંધણી ફરજિયાત.

2. 14 વર્ષ સુધીનાં બાળકોની શાળાઓમાં સતત જાળવણી.

3. તમામ બાળકો આવશ્યક સ્તરનું ભણતર પ્રાપ્ત કરે તે માટે શિક્ષણની ગુણવત્તામાં મહત્ત્વપૂર્ણ સુધારો.

આપણા બંધારણ પ્રમાણે તો દેશનાં તમામ 6 થી 14 વર્ષ વયજૂથનાં તમામ બાળકોને બંધારણના અમલમાં આવ્યા પછીનાં 10 વર્ષમાં શાળામાં સાર્વત્રિક રીતે લાવવાનાં હતાં. પરંતુ કેટલાંક પ્રશ્નો અને સમસ્યાઓનાં પરિણામે આ ગાળો ખૂબ લાંબો થતો ગયો.

આપણે જાણીએ છીએ કે લોકશાહી દેશ માટે તેના નાગરિકો સુશિક્ષિત હોવા એ અનિવાર્ય શરત છે. વળી વ્યક્તિના વ્યક્તિગત જીવનધોરણને ઊંચુ લાવવા માટે પણ સાક્ષરતા જરૂરી છે. આ માટે દેશનાં તમામ શાળાપ્રવેશ યોગ્ય બાળકોનું નામાંકન થાય, તેઓ શાળામાં પ્રવેશ મેળવે અને પૂર્ણ પ્રાથમિક સુધી શાળામાં ટકી રહે તેવા પ્રયત્નો સરકાર અને સમાજ દ્વારા થઈ રહ્યાં છે.

અનુસૂચિત જનજાતિના લોકો તેમજ પછાત વિસ્તારમાં વસતા લોકોના બાળકોના શિક્ષણમાં અધ્યયનનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. તે માટે સામાજિક, આર્થિક, ભૌગોલિક અને શૈક્ષણિક કારણો જવાબદાર છે. આ ઉપરાંત વાલીની નબળી આર્થિક સ્થિતિ સૌથી મોટું અવરોધક પરિબળ ફી મોટાભાગના વાલીઓ આજીવિકા અર્થે વારંવાર સ્થળાંતર કરતાં હોવાથી તેમનાં બાળકોનું શિક્ષણ બગડે છે. બાળકો શિક્ષણમાં કાચાં પડે છે અને અંતે શાળા છોડી દે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે દેશમાં કેરલ રાજ્ય આગળ છે. ગુજરાતની અન્યક્ષેત્રે થયેલી પ્રગતિના સંદર્ભમાં કન્યાકેળવણી ક્ષેત્રે હજુ વધુ પ્રગતિની જરૂર છે. આ માટે ગુજરાત સરકારે કન્યા કેળવણીના પ્રોત્સાહન માટે વિદ્યાલક્ષી બોન્ડ યોજના, મફત પાઠ્ય પુસ્તક, ગણવેશ, શૈક્ષણિક સામગ્રી, સાયકલ, મધ્યાહન ભોજન, યોજનાની વ્યવસ્થા કરી છે. વળી, પછાત વર્ગની કન્યાઓ માટે વિશેષ શિષ્યવૃત્તિઓની જોગવાઈ કરવામાં આવી છે.

## 9.10 સ્વાધ્યાય

1) સાંપ્રત સમયમાં સરકારની શિક્ષણની નીતિ
2) પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની પુરવાર થાય છે.
3) અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં બાળકોનો શૈક્ષણિક વિકાસ ઝડપી શા માટે નથી ?
4) સર્વશિક્ષા અભિયાન વિશે સમજૂતી આપો ?
6) શિક્ષણ અધિકાર ધારો અને તેના કાર્યો સમજાવો ?
7) સરકાર નીતિ ઘડતર પરિબળો વિશે સમજાવો ?
8) મહિલા સશક્તિકરણ વિશે સમજાવો.
9) દલિત અને આદિવાસી શિક્ષણ એટલે સરકારના વિવિધ કાર્યક્રમો વિશે સમજાવો.

## 9.11 ચર્ચા માટેના મુદ્દાઓ

1) સરકારની શિક્ષણની નીતિના ઘડતર પર અસર કરતાં પરિબળોની ચર્ચાઓ.
2) તમારા મતે શું શિક્ષણ અધિકાર ધારો આવશ્યક છે ?- ચર્ચા કરો.

3) શાળા વંચિતતાના કારણોની ચર્ચા કરો.

4) તમારા મતે શું સ્ત્રી શિક્ષણની આવશ્યકતા છે ?- મંતવ્યો ચર્ચો.

5) ભારતમાં અનુસૂચિત જનજાતિ અને લઘુમતી અંગેની શિક્ષણની સમસ્યાઓની ચર્ચા કરો.

## 9.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1) રાવલ નટુભાઈ, પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો, નીરવ પ્રકાશન.


## 9.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| (1) | જુઓ 2.5.1 | (8) | જુઓ 2.5.3 |
| (2) | જુઓ 2.5.1 | (9) | જુઓ 2.5.3 |
| (3) | જુઓ 2.5.1 | (10) | જુઓ 2.5.4 |
| (4) | જુઓ 2.5.2 | (11) | જુઓ 2.5.5 |
| (5) | જુઓ 2.5.2 | (12) | જુઓ 2.5.5 |
| (6) | જુઓ 2.5.2 | (12) | જુઓ 2.5.5 |
| (7) | જુઓ 2.5.3 | | |

# એકમ 10 ભારતમાં શિક્ષક-શિક્ષણને સંબંધિત બંધારણનીતિ ઘડતર અને પ્રતિનિધિ સંસ્થાઓ

## : રૂપરેખા :


10.1 ઉદ્દેશો

10.2 પ્રસ્તાવના

10.3 NCERTનું બંધારણ

10.4 યુનિવર્સિટી અનુદાન પંચ (University Grants Commission) (UGC) :

10.5 શિક્ષણ-પ્રશિક્ષણ માટેની સંસ્થાઓ

10.5.1 (NCTE-National Council For Teacher Education),

10.5.2 (DIET - District Institute of Education and Training),

10.5.3 (GCERT-Gujarat Council For Education Research and Training)

10.6 તમારી પ્રગતિ ચકાસો

10.7 સારાંશ

10.8 સ્વાધ્યાય

10.9 ચર્ચા માટેના મુદ્દા

10.10 સંદર્ભ સૂચિ

10.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 10.1 ઉદ્દેશો

(1) વિદ્યાર્થી શિક્ષક-શિક્ષણ સંબંધિત બંધારણ નીતિ વિશે જાણે.

(2) શિક્ષક-શિક્ષણ સંબંધિત વિવિધ પ્રતિનિધિ

(3) પ્રતિનિધિ સંસ્થાઓના કાર્યોથી પરિચિત બને.

(4) પ્રતિનિધિ સંસ્થાઓની ફરજોથી સભાન બને.

## 10.2 પ્રસ્તાવના

ઉદારીકરણ, વૈશ્વિકીકરણ, વિશ્વગ્રામની સંકલ્પના અને વૈજ્ઞાનિક ટેકનૉલોજીના આજના વિશ્વમાં ચારે તરફ લોકો સારા માલની, વસ્તુની અને વ્યવસ્થાની ગુણવત્તા ઉપર ભાર મૂકી રહ્યાં છે. ઉત્પાદકો બજારમાં પોતાનો ઉત્પાદિત માલ ખરીદવા મથામણ કરે છે. સારી વસ્તુની પ્રાપ્તિ માટે ઝૂંટાઝૂંટ અને પડાપડી શરૂ થાય છે. સારા માલના ઉત્પાદન માટે સારું વ્યવસ્થાપન જરૂરી છે. સારા વ્યવસ્થાપન માટે સારા અને કૌશલ્યવાળા-ક્ષમતાવાળા માણસોની જરૂર છે. આવાં સારા માનવો પૂરાં પાડવાનું સાધન છે. શિક્ષણ જે ઊંચી ગુણવત્તાવાળા શિક્ષણ માટે જરૂર છે. શિક્ષણ સહાયક સંસ્થાઓ શિક્ષણમાં વિવિધ રીતે સહાયક બને છે. તેમાં શિક્ષકો માટેનું સેવાકાલીન પ્રશિક્ષણ, શિક્ષણમાં નવીન પ્રયોગો, સંશોધનો માટે માર્ગદર્શન અને આર્થિક સહાય, શિક્ષણના નવીન પ્રવાહો શિક્ષણ સંસ્થાઓ સુધી પહોંચાડવા, શૈક્ષણિક ઉપકરણ માટે વિવિધ સહાય, સંસ્થાની ભૌતિક સુવિધાઓ માટે આર્થિક સહાય એમ ઘણાં પ્રકારની સહાય આવી સંસ્થાઓ કરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ CTE, PIET, IASEની સ્થાપના કરવા ભલામણ કરવામાં આવી હતી અને તે અન્વયે ભારતનાં તમામ રાજ્યોમાં આવી સંસ્થાઓ સ્થપાઈ છે. આવી સંસ્થાઓ અસરકારક રીતે કામ કરી રહી છે. એન.સી.ઈ., આર.ટી, નવી દિલ્હીના વિવિધ વિભાગો દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે સારી કામગીરી થાય છે. શિક્ષણનો મુખ્ય હેતુ બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. જેમ કે શારીરિક, માનસિક, નૈતિક, બૌદ્ધિક અનુકૂલન, ઉત્કૃટતા વગેરેમાં શિક્ષણનો ફાળો મહત્ત્વનો છે. માનવીના વિકાસમાં

ઘણી બધી સંસ્થાઓ જેવી કે શાળા, સમાજ, કુટુંબ, ધર્મ, ધર્મસ્થળ, પુસ્તકાલય, વર્તમાનપત્રો, સામાયિકો, રેડિયો, ફિલ્મ, પ્રદર્શન વગેરે અગત્યની ભૂમિકા ભજવે છે. આ સંસ્થાઓને શિક્ષણની વિવિધ સંસ્થા કહે છે.

માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણામાં વિવિધ સંસ્થાઓ જુદી જુદી રીતે મદદરૂપ થાય છે. માધ્યમિક શિક્ષણએ ઉચ્ચશિક્ષણનો પાયો છે. આ સ્તરે વિદ્યાર્થીની કારર્કિદી ઘડાય છે. ઉત્તમ ભાવિનું નિર્માણ થાય છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણી સંસ્થાઓ સરકારી કે બિનસરકારી શિક્ષણના ફેલાવાને પ્રોત્સાહન આપે છે. આમ શિક્ષણની ગુણવત્તા સુધારવામાં વિવિધ સંસ્થાઓ એક યા બીજી રીતે મદદરૂપ થાય છે.

NCERT (રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ- National council for Educational Research and Training.) નવી દિલ્હી.

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ નામની આ સંસ્થા 17 બી.શ્રી અરવિંદ માર્ગ, નવી દિલ્હી 110016 ખાતે આવેલી છે જે રાષ્ટ્રની ઉચ્ચ કક્ષાની ગુણવત્તા સુધારવાનું અને શિક્ષણક્ષેત્રે સંશોધનોને ઉત્તેજન આપી તે સંશોધનોને યોગ્ય વિનિયોગ કરી શિક્ષણ સુધારણા કરવાનું છે. સેવાકાલીન શિક્ષણને આ સંસ્થા ઉત્તેજન આપે છે. તેનું મુખ્ય મથક ન્યુ દિલ્હીમાં આવેલું છે. 1લી સપ્ટેમ્બર, 1961થી આ સંસ્થા અસ્તિત્ત્વમાં આવી છે. તે સ્વાયત્ત સંસ્થા છે અને શિક્ષણક્ષેત્રે તેની આગવી ઓળખ અને પ્રતિભા છે. ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયના વિદ્યાકીય સલાહકાર તરીકે તે કાર્ય કરે છે. તે કેન્દ્રના શિક્ષણ ખાતાને શિક્ષણની ખાસ કરીને શાળા સંબંધ શિક્ષણની નીતિ ઘડવામાં અને કાર્યક્રમો અને શિક્ષકની વ્યાવસાયિક સજ્જતાના કાર્યક્રમો ઉપર આ સંસ્થા ભાર મૂકે છે.

NCERT ની રચના પહેલા રાષ્ટ્રીય કક્ષાએ નીમેલી જુદી-જુદી સંસ્થાઓ કાર્યરત હતી. 1961 પછી બધાનું NCERT માં વિલીનીકરણ કરવામાં આવ્યું. દેશમાં શાળા કક્ષાએ શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા શિક્ષકોની વ્યાવસાયિક કાર્યક્ષમતા સુધારવા માટે આ સંસ્થા કાર્યરત છે. શિક્ષણનાં ત્રણેય સ્તરો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ વચ્ચે આંતરસંબંધો વધુ ગાઢ બને તેમજ આ સંસ્થાઓ એકબીજાંને પૂરક બને તે માટે પ્રયત્નો કરે છે. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિક અને ગુણાત્મક શિક્ષણ માટે આ સંસ્થા હંમેશા માટે પ્રયત્નશીલ છે. કેન્દ્રના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો રાજયોનાં ક્ષેત્રીય કાર્યાલય દ્વારા શાળાઓ સુધી પહોંચે તે માટે પ્રયત્ન કરે છે.

આ સંસ્થાનું વડું મથક દિલ્હીમાં હોવા છતાં તે પોતાના કાર્યક્રમો સમગ્ર દેશમાં પહોંચાડી શકે તે માટે રાજ્યોને પણ તેની સાથે સાંકળવામાં આવ્યાં છે અને રાજ્યોમાં પણ તેનાં ક્ષેત્રીય કાર્યલયો હોય છે. આ ઉપરાંત શાળાનાં શિક્ષણ સંબંધમાં તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંબંધો વિકસાવી તેમાં સહકારથી કાર્યક્રમોનું આયોજન કરે છે.

**પરિષદ અંગે કોઠારી પંચના સૂચનો :**

1 કોઠારી પંચે કહ્યું છે કે નીચે જણાવેલી સંસ્થાઓના વિકાસ થાય તેવી પરિષદની નીતિ હોવી જોઈએ.

(અ) શિક્ષણની સુધારણા માટે રાષ્ટ્રીય મંડળો

(બ) રાજ્યનાં કેળવણી ખાતાં.

(ક) રાજ્ય શિક્ષણ ભવન.

2 બંધારણીય રીતે પરિષદમાં સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ. મોટા ભાગના સભ્યો બિનસરકારી હોવાં જોઈએ. શિક્ષકો અને શિક્ષણક્ષેત્રે વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય તેવી વ્યક્તિઓને પરિષદમાં સ્થાન મળવું જોઈએ.

3 પરિષદના વિકાસ માટે પૂરાં સમયના નિયામક અને સહનિયામક હોવા જોઈએ. તે પ્રખ્યાત કેળવણીકારો અને તેમનું સ્થાન ઉપકુલપતિના સ્થાનની સમકક્ષ હોય. તે પાંચ વર્ષ સુધી હોદ્દો ધારણ કરી શકે. જરૂર પડે તો લંબાવી શકાય.

4 ક્ષેત્રિય શિક્ષણ મહાવિદ્યાલયો બંધ કરવા જોઈએ અને 'સેન્ટ્રલ' ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન દિલ્હી વિશ્વ વિદ્યાલયને સોંપી દેવું જોઈએ.

5 પરિષદના અને રાજ્યોના શિક્ષણખાતાના અમલદારો અરસપરસ બદલાતાં રહેવાં જોઈએ, જેથી કામ સરળતાથી થઈ શકે.

આમ, આ પરિષદના કાર્ય અંગે કોઠારી પંચે સુધારા સૂચવ્યાં છે.

સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન, 1947

સેન્ટ્રલ બ્યુરો ઓફ ટેક્ષબુક રીસર્ચ, 1954

સેન્ટ્રલ બ્યુરો ઓફ એજ્યુકેશન એન્ડ વૉકેશનલ ગાઈડન્સ, 1954

1 ધ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર સેકન્ડરી એજ્યુકેશન, 1955

2 ધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓડિયો-વિઝ્યુઅલ એજ્યુકેશન, 1959

3 ધ ડાયરેકટર ઓફ એક્ષેન્ટનશન પ્રોગ્રામ ફોર સેકન્ડરી એજ્યુકેશન, 1954

- સંશોધન, તાલીમ, સંશોધન અને પ્રકાશન-એમ વિવિધ પ્રકારનાં કાર્યક્ષેત્રોમાં અમલીકરણ અર્થે આ સંસ્થાએ પોતાની કામગીરીને વિભિન્ન વિભાગોમાં વિભાજિત કરી છે.

**વિભાગો :-**

1 શિક્ષણની ક્ષેત્રીય પરિષદો

2 વિજ્ઞાન અને શિક્ષણ વિભાગ

3 સામાજિક શિક્ષણ અને માનવતાવાદી વિષયોનો વિભાગ

4 શિક્ષક-પ્રશિક્ષણ વિભાગ

5 પાઠ્ય પુસ્તકોનો વિભાગ

6 સંશોધન વિકાસ

7 શૈક્ષણિક સાધનોનો વિભાગ

8 માનસશાસ્ત્રીય અને કેળવણીના પાયાનો વિભાગ.

આ ઉપરાંત-ERIC Educational Reserch and Innovations Committees પણ એન.સી.ઈ. આર.ટી.સાથે સંકળાયેલી છે. જે પ્રાંત વર્ષે શિક્ષકો પાસે શિક્ષણના જુદાં જુદાં તબક્કે નવવિચાર સંદર્ભમાં સંશોધન કાર્યો કરાવીને સંશોધન માટે પ્રેરિત કરે છે.

## 10.3 NCERTનું બંધારણ

નેશનલ કાઉન્સિલ ઓફ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગના પ્રમુખ તરીકે કેન્દ્રના માનવસંસાધન વિભાગ એટલે કે શિક્ષણ ખાતાના શિક્ષણપ્રધાન હવાલો સંભાળ્યો છે. આ ઉપરાંત સભ્યો તરીકે (1) રાજ્યોનાં શિક્ષણ પ્રધાનો, (2) યુ.જી.સી.ના ચેરમેન, (3) વિવિધ યુનિવર્સિટીઓમાંથી ચાર કુલપતિઓ ચાર કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત બાર સભ્યો હોય છે. જેમાં ચાર શિક્ષકોનો પણ સમાવેશ થાય છે.

આ કાઉન્સિલમાં પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી હોય છે. તેમજ એક મેનેજમેન્ટ કમિટી હોય છે.

**NCERT ના હેતુઓ :**

1 શૈક્ષણિક સંશોધનોનું આયોજન કરવું તેમજ સંચાલન કરવું.

2 શિક્ષણક્ષેત્રે થતાં વિવિધ શૈક્ષણિક સંશોધનોને ઉત્તેજન આપવું.

3 શિક્ષણક્ષેત્રે નવીનીકરણનાં વિવિધ પ્રયોગો કરવા.

4 વિવિધ પ્રકારના શિક્ષકો માટે સેવાકાલીન તાલીમની જોગવાઈ કરવી.

5 શિક્ષણક્ષેત્ર અંગેની આંકડાકીય માહિતી એકત્ર કરવી અને તેનું વિશ્લેષણ કરવું.

6 ક્ષેત્રિય મહાવિદ્યાલયોની સ્થાપના કરવી, સંચાલન કરવું અને આદર્શ કૉલેજ બનાવવી.

7 શાળાના શિક્ષકો અંગેની તાલીમ અને નિર્દેશન અંગેની જરૂરિયાતોની પૂર્તિ આપવી.

8 રાષ્ટ્રનાં શૈક્ષણિક પ્રશ્નો અંગે આવશ્યક માર્ગદર્શન અને સૂચનાં પૂરાં પાડવાં.

9 સરકારને શિક્ષણની મહત્ત્વની સમસ્યાઓમાં સલાહ આપવી.

10 પોતાની સ્વાયત્તતા જાળવી રાખીને શિક્ષણ મંત્રાલયને શિક્ષણના કાર્યક્રમોમાં સહકાર આપવો.

11 શૈક્ષણિક ઉદ્દેશોની પૂર્તિ અંગે આવશ્યક સાહિત્ય પ્રસિદ્ધ કરવું.

12 રાજ્ય સરકાર અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના સહકારથી કેટલાંક વિશિષ્ટ શૈક્ષણિક સંશોધનો હાથ ધરવા.

13 રાજ્ય સરકારોએ વિશિષ્ટ શૈક્ષણિક પ્રશ્નો અને કાર્યક્રમો અંગે માર્ગદર્શન અને સલાહ-સૂચનો પૂરાં પાડવાં.

**NCERT નાં કાર્યો :-**

સંશોધન

- NCERT એ પ્રાથમીક, પૂર્વ પ્રાથમીક, માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે તે સંશોધનો હાથ ધરે છે.
- શાળાઓ અને પ્રશિક્ષણ કૉલેજોમાં હાથ ધરી શકાય તેવાં સંશોધનો કરવામાં મદદ કરે અને પ્રોત્સાહન આપે છે.
- માધ્યમિક શાળાનાં શિક્ષકો અને પ્રશિક્ષણ કૉલેજોનાં અધ્યાપકોને શૈક્ષણિક સંશોધનો હાથ ધરવા પ્રોત્સાહિત કરે તેવાં પ્રોજેક્ટ તે આર્થિક અને શૈક્ષણિક રીતે સહાયભૂત થાય છે.

**અભ્યાસક્રમ**

- શિક્ષણની રાષ્ટ્રીય સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા અભ્યાસક્રમ સુધારણાનું મહત્ત્વનું કાર્ય હાથ ધરવામાં આવે છે. ઉચ્ચ સ્તરે તે કેટલાંક અભ્યાસક્રમોનું સંચાલન કરે છે.
- જેમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષા અને પીએચ.ડી.ના અભ્યાસક્રમો ચલાવે છે. માર્ગદર્શન, બાળ વિકાસ, એજ્યુકેશનલ ટૅકનૉલોજી જેવાં વિષયોમાં તે ડિપ્લોમા અભ્યાસક્રમો પણ ચલાવે છે.
- આ પ્રકારનાં અભ્યાસક્રમો દેશની ચાર શિક્ષણની પ્રાદેશિક કૉલેજો દ્વારા ચલાવવામાં આવે છે.

**અભ્યાસક્રમ નિર્માણ**

- વિશિષ્ટ અભ્યાસક્રમોનું સંચાલન કરવા ઉપરાંત સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સામાજિક પરિવર્તનનાં અનુસંધાનમાં સામેલ અભ્યાસક્રમોની સુધારણા હાથ ધરે છે. આવા અભ્યાસક્રમો ઘડે છે અને પ્રાયોગિક ધોરણે તેની અજમાયશ કરે છે. દેશનાં જુદાં જુદાં રાજ્યો માટે વિવિધ વિષયોના અભ્યાસક્રમ ઘડે છે.

**પાઠ્ય પુસ્તકોનું પ્રકાશન**

- રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય અભ્યાસક્રમ તૈયાર કરી તેને અનુરૂપ એવાં આદર્શ પાઠ્ય પુસ્તકોનું વિવિધ વિષયોનાં તજજ્ઞો દ્વારા નિર્માણ કરે છે. આ ઉપરાંત વિવિધ રાજ્યોની પ્રાદેશિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ ઘડાવી અભ્યાસક્રમને આધારે દેશનાં જે-તે નિષ્ણાતોની સહાયથી પ્રાયોગિક ધોરણે પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવે છે.
- શાળા કક્ષાએ ચાલતા ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમો અને પાઠ્ય પુસ્તકોમાં આ સંસ્થાનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. NCERT દ્વારા તૈયાર થયેલાં પાઠ્ય પુસ્તકોના આધારે દેશનાં જુદાં જુદાં રાજ્યો પોતાની જરૂરિયાત અનુસાર પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવે છે. આ ઉપરાંત, શિક્ષણોપયોગી સાહિત્યનું પણ પ્રકાશન કરે છે.

**પરીક્ષા સુધારણા**

- રાષ્ટ્રીય કક્ષાની આ પરિષદ પરીક્ષણ અને મૂલ્યાંકન પદ્ધતિમાં સુધારણા લાવવાનો સતત પ્રયાસ કરે છે. આ માટે તે પરિષદો, કાર્યક્રમો અને પરિસંવાદો યોજી પ્રશ્નપત્ર સુધારણાનું કાર્ય કરે છે.

- વિવિધ પ્રકારની કસોટીની રચના, મૂલ્યાંકનની અનામતલક્ષી ક્ષેત્રે પ્રયુક્તિઓ વગેરે દ્વારા પરીક્ષણ અને મૂલ્યાંકનને વધુ વિશ્વસનીય, પ્રમાણભૂત અને અનામતલક્ષી બનાવવાનો પ્રયાસ કરે છે. પરીક્ષા ક્ષેત્રે આવેલાં કેટલાંક પરિવર્તનો જેવાં કે આંતરિક મૂલ્યાંકન, ગ્રેડ સિસ્ટમ, પ્રશ્ન બેંક વગેરે એન.સી.ઈ.આર.ટી. દ્વારા આ ક્ષેત્રે કરેલા પ્રયાસોનું પરિણામ છે.

**શિક્ષકોની તાલીમ અને વ્યાવસાયિક સજ્જતા**

- શિક્ષણ સંશોધન અને તાલીમની આ પરિષદ શિક્ષણની ગુણવત્તા સુધારણાના કાર્યક્રમ માટે શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતાનો વિકાસ થાય તે માટે મુખ્યત્વે પૂર્વકાલીન તાલીમનો પ્રબંધ કરે છે. તે પૂર્વકાલીન પ્રશિક્ષણ પણ આપે છે. શિક્ષણ-પ્રશિક્ષણની કૉલેજોમાં ચાર વર્ષના તેમજ બે વર્ષના એવાં પૂર્વ શિક્ષણ તાલીમના કાર્યક્રમ ગોઠવી માધ્યમિક શિક્ષણના શિક્ષકો તૈયાર કરે છે.
- શિક્ષણકાર્યનાં વિવિધ ક્ષેત્રોમાં શિક્ષકોને તાલીમ આપીને તૈયાર કરે છે. એજ્યુકેશન ટૅકનૉલોજી, કમ્પ્યૂટર, શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન, શિક્ષક વ્યવસ્થાપન અને સંચાલન માટે શિક્ષકોને તાલીમ આપે છે.
- આ ઉપરાંત, પરીક્ષણ અને મૂલ્યાંકન, વાંચન કૌશલ્ય જેવાં વિવિધ ક્ષેત્રો માટે સેમિનાર, વર્કશોપ, ટૂંકાગાળાના અભ્યાસક્રમો ગોઠવીને તાલીમ આપે છે. ઓપવર્ગોનું પણ સંચાલન કરે છે. શિક્ષકોની ઘનિષ્ઠ તાલીમ માટે રાજ્ય શિક્ષણ ભવનની સ્થાપના કરે છે.

**સર્વેક્ષણ**

- આ સંસ્થામાં શિક્ષણક્ષેત્રેની મોજણી માટેના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. એક સર્વેક્ષણ એકમ હોય છે, જેમાં માધ્યમિક શાળાઓની સંખ્યા, વિસ્તાર, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યા, શિક્ષકોની તાલીમનું પ્રમાણ, અનુભવનું પ્રમાણ જેવાં મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલિ રચી શિક્ષક વિષયક મોજણી કે સર્વેક્ષણ હાથ ધરે છે.
- શિક્ષણક્ષેત્રે નવીનીકરણ અને નવવિચાર પ્રસારણ

  શાળા શિક્ષણની સુધારણા માટે આ પરિષદ કેટલાંક નૂતન પ્રયોગો હાથ ધરે છે. શિક્ષણમાં નવીનીકરણ પ્રચાર અને પ્રસાર કરે છે. માધ્યમિક શાળાઓને કે પ્રાથમિક શાળાઓને નવા શૈક્ષણિક પ્રયોગો કરવા પ્રોત્સાહિત કરે છે. તેમને નૂતન પ્રયોગો અને નવીનીકરણ માટે સહાયક અનુદાન આપે છે.

**વિજ્ઞાન-પ્રતિભા ખોજ**

- બાળકોમાં વિજ્ઞાનના અભ્યાસ પ્રત્યે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને વૈજ્ઞાનિક મિજાજ કેળવાય અને તેમનામાં રહેલી સુષુપ્ત અંતર્ગત શક્તિઓનો વિકાસ થાય તે માટે વિજ્ઞાનક્ષેત્રે પ્રતિભાની ખોજ કરી, તેવાં વિદ્યાર્થીઓનો વિકાસ થાય તે માટે કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આથી વિજ્ઞાન-પ્રતિભા ખોજની પરીક્ષા લેવાય છે. અને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આમ N.C.E.R.T.નું શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં, શિક્ષણની ગુણવત્તા સુધારણામાં શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા વધે તે માટે તાલીમ આપવામાં અતિ મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

## 10.4 યુનિવર્સિટી અનુદાન પંચ (University Grants Commission) (UGC) :

ભારતમાં અત્યારે 264 વિશ્વ વિદ્યાલયો છે. તેમને સંલગ્ન 11, 564 કૉલેજોમાં 375 લાખ શિક્ષકો 87 લાખ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે. ઉચ્ચશિક્ષણના આ સમગ્ર તંત્રનું નિયમન તેની ગુણવત્તા સુધારવાનું કામ યુ.જી.સી.કરે છે. અહીં આપણે યુ.જી.સી.નું બંધારણ કાર્ય વિસ્તાર અને સિદ્ધિઓ વિશે ચર્ચા કરીશું.

યુનિવર્સિટી ગ્રાંટસ પંચની રચના ભારતીય ઉચ્ચશિક્ષણની તવારીખમાં એક ખૂબ જ અર્થસૂચક અને દૂરગામી પરિણામો લાવનારી ઘટના છે. યુ.જી.સી.એક વૈધાનિક (statutory) મંડળ તરીકે ઈ.સ. 1956માં પાર્લામેન્ટે ઘડેલા ધારાને પરિણામે અસ્તિત્ત્વમાં આવ્યું.

**સ્થાપના :-**

- સાર્જન્ટ કમિટીએ ઈ.સ.1944 માં યુ.જી.સી.ની સ્થાપના માટેની ભલામણ કરી.
- કેન્દ્રિય શિક્ષણ-સલાહકાર બોર્ડે આ ભલામણને બહાલી આપી.
- ઈ.સ.1945 માં કેન્દ્ર સરકારે યુ.જી.સી.ની સ્થાપના કરી.
- યુ.જી.સી.નું પ્રારંભિક સ્વરૂપ સલાહકાર સમીતી જેવું હતું. કારણ કે તેની પાસે આર્થિક સત્તાઓ ન હતી. ડૉ.રાધાકૃષ્ણન પંચની ભલામણથી યુ.જી.સી.ને આર્થિક સત્તાઓ (Funds)આપવામાં આવી.
- યુ.જી.સી.ના પ્રથમ ચેરમેન ડૉ.સી.ડી.દેશમુખ હતાં.
- હાલના ચેરમેન ડૉ.વિરેન્દ્ર પ્રતાપસિંહ.

**ઉચ્ચશિક્ષણનાં હેતુઓ :**

1 નૂતન જ્ઞાનની શોધ કરવી અને તેનો વિકાસ કરવો.

2 સત્યનું અન્વેષણ કરી જ્ઞાનની ક્ષિતીજોની નૂતન આવશ્યકતાઓ અને નવીન શોધોનાં સંદર્ભમાં સમજાવવા.

3 જીવનનાં વિવિધ ક્ષેત્રે નેતૃત્વ પૂરુ પાડવું.

4 સમાજોપયોગી વિદ્યાઓ વ્યાવસાયો માટે પ્રવિણ નાગરિકો તૈયાર કરવા.

5 શક્તિશાળી યુવાનોને શોધી તેમની આંતરશક્તિ વધારવા સહાય કરવી.

6 પ્રૌઢશિક્ષણ માટેના કાર્યક્રમો વિકસાવવા. ખંડ સમયના અને પત્ર વ્યવહાર દ્વારા અભ્યાસક્રમો યોજવા.

7 વિવિધ વિષયોના શિક્ષણ અને સંશોધન સાથે સંકળાયેલ પુસ્તકોનું પ્રકાશન કરવું.

**સંસ્થાઓ : યુનિવર્સિટીઓ**

ભારતમાં આવેલી બધી જ યુનિવર્સિટીઓ એક સરખી નથી. યુનિવર્સિટીનાં કાર્યો આંતરિક વ્યવસ્થા, સંગઠન માળખું, તેની શિક્ષણની સંસ્થાઓ સાથેના સંબંધો વગેરેના આધારે તેના કેટલાંક ચોક્કસ પ્રકારો પાડી શકાય છે. તેમ છતાં કોઈ એક યુનિવર્સિટીને કોઈ એક જ પ્રકારની કહેવી શક્ય નથી બે ત્રણ પ્રકરણમાં તેનું વર્ગીકરણ કરી શકાય.

**સંલગ્ન પ્રકારની યુનિવર્સિટીઓ :-**

આ પ્રકારની યુનિવર્સિટીમાં બધું શિક્ષણકાર્ય તેની સાથે જોડાયેલી સરકારી કૉલેજો અને ખાનગી કૉલેજોમાં થાય છે. આ પ્રકારની યુનિવર્સિટીને પોતાના શિક્ષણવિભાગો, શિક્ષકો, સંશોધકો વગેરે હોતાં નથી, તેનું મુખ્ય કામ સંલગ્ન કૉલેજો માટે અભ્યાસક્રમો તૈયાર કરવાનું, પરીક્ષાઓ લેવાનું, ડિગ્રી આપવાનું હોય છે. ભારતમાં આજે નિર્ભેળ રીતે કોઈ યુનિવર્સિટી સંલગ્ન પ્રકારની ભાગ્યે જ હશે. છેલ્લે આગ્રા યુનિવર્સિટીમાં પણ હવે અનુસ્નાતક શિક્ષણકાર્ય ઉમેરાયું છે.

**શિક્ષણકાર્ય કરતી યુનિવર્સિટીઓ :-**

સમવાયતંત્રી યુનિવર્સિટીની માફક એક સ્થાનીય યુનિવર્સિટી છે. તેનો વિસ્તાર પ્રમાણમાં નાનો હોય છે. શિક્ષણ આપતી તમામ કૉલેજો કે ભવનો કે વિભાગો યુનિવર્સિટીના જ હોય છે. વિદ્યાર્થી-સંખ્યા મર્યાદિત હોય છે. છાત્રાલયો અને અધ્યાપક-નિવાસ યુનિવર્સિટીની નજીક હોય છે. જેમ કે વડોદરાની સયાજીરાવ યુનિવર્સિટી.

**શિક્ષણ અને સંલગ્ન :** સંલગ્ન યુનિવર્સિટીઓએ હવે પોતાનાં અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન વિભાગો સ્થાપ્યા છે અને તેમણે પ્રત્યક્ષ શિક્ષણ-કાર્ય શરૂ કર્યું છે. તેઓ જે શિક્ષણકાર્ય કરે છે. તે પોતાના ભવનોમાં અને સંસ્થાઓમાં કાર્ય કરે છે. એટલે સંલગ્ન યુનિવર્સિટીના કાર્યો ઉપરાંત પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું કાર્ય પણ આ પ્રકારની યુનિવર્સિટી કરે છે. ગુજરાત યુનિવર્સિટી નર્મદ દ.ગુ.યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર વગેરે તેનાં ઉદાહરણો છે.

**છાત્રાવાસી યુનિવર્સિટી :-**

યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો યુનિવર્સિટીના કેમ્પસમાં નિવાસ કરે છે. તે તેનું અગત્યનું લક્ષણ છે. જેમ કે સયાજીરાવ યુનિવર્સિટી.

**ગ્રામ-વિદ્યાપીઠ અથવા ખેતીવાડી યુનિવર્સિટી :-**

ગ્રામઉદ્યોગો અને ગ્રામજીવનના સામાજિક અને આર્થિક પ્રશ્નોને અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવે છે. ખેતી સમાજશિક્ષણ, આરોગ્ય, ગ્રામ સંશોધન, ગ્રામ અર્થશાસ્ત્ર જેવાં વિષયોને અગત્ય આપે છે. ખેતીવાડી યુનિવર્સિટી. ખેતીવાડી નિલય કેન્દ્રમાં હોય છે.

**આયુર્વેદ યુનિવર્સિટી :-**

વૈદિક શાસ્ત્રના આયુર્વેદ સાથે આ યુનિવર્સિટી સંકળાયેલી છે તેમાં આયુર્વેદનો નિલય કેન્દ્રમાં હોય છે.

આ ઉપરાંત બીજી રીતે જોઈએ તો કેન્દ્ર યુનિવર્સિટીઓ અને રાજ્યની યુનિવર્સિટીઓ એમ પણ પ્રકાર પાડી શકાય. તે સિવાય એક સ્થાનીય અને પ્રાદેશિક યુનિવર્સિટીઓ જોડાણ પણ આપતી હોય, શિક્ષણકાર્ય પણ કરતી હોય તેને છાત્રાલય પણ હોય આમ અનેક લક્ષણો ધરાવે છે. તેમાં કોઈ એકાદ લક્ષણ પ્રધાન હોય અને બીજા લક્ષણો વત્તા-ઓછાં અંશે હોય છે.


**ઉચ્ચશિક્ષણનું સંચાલન :-**

યુનિવર્સિટી :- ભારતમાં કેટલાંક અપવાદો સાથે શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારોની છે. તેનો વિસ્તારમાં નવી યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય રાજ્ય સરકારો કરે છે.

રાજ્ય સરકારોને યુનિવર્સિટીઓનો 40 થી 45 ટકા વાર્ષિક ખર્ચ ગ્રાંટ દ્વારા ઉપાડવો પડે છે. રાજ્ય સરકારો યુનિવર્સિટીને બ્લોક ગ્રાંટ આપે છે. કેટલાંક દેશોમાં ખાનગી યુનિવર્સિટીઓ છે. ભારતમાં એક પણ યુનિવર્સિટી ખાનગી યુનિવર્સિટીથી ભારતમાં યુનિવર્સિટી ધારાસભાના કાયદા દ્વારા જ સ્થાપી શકાય છે.

યુનિવર્સિટીઓનો ધારો જ્યારે ઘડાય છે. ત્યારે તેમ તેનું વિગતવાર સંગમી અને બંધારણ આપેલું હોય છે. યુનિવર્સિટીઓ અધિનિયમ તેના ધારાઓ બાહુકમાં વિનિયમે અને સિન્ડિકેટના ઠરાવો યુનિવર્સિટીના સંચાલનના મહત્ત્વના પાસાંઓ છે.

**યુનિવર્સિટીનું માળખું**



### યુનિવર્સિટી ગ્રાંટ્સ પંચ (યુ.જી.સી.)

યુનિવર્સિટી ગ્રાંટ્સ પંચની રચના ભારતીય ઉચ્ચશિક્ષણની તવારીખમાં એક ખૂબ જ અર્થસૂચક અને દૂરગામી પરિણામો લાવનારી ઘટના છે. યુ.જી.સી. એક વૈધાનિક (Statutory) મંડળ તરીકે 1956માં પાર્લામેન્ટે ઘડેલાં ધારાને પરિણામે અસ્તિત્ત્વમાં આવ્યું.

**કાર્યો :-**

આ પંચના કાર્યોમાં, યુનિવર્સિટી, શિક્ષણને વિકસાવવાનું અને સંયોજન કરવાનું તેમ જ તેની ગુણવત્તાના ધોરણ નક્કી કરવાનું અને તેનો નિભાવ કરવાનું છે. ધારાની 12મી કલાસમાં તેના વિશિષ્ટ કાર્યો નીચે પ્રમાણે નિયત થયા છે.

1 યુનિવર્સિટીઓની આર્થિક જરૂરિયાતો તપાસવી.

2 કેન્દ્ર અને રાજ્યની યુનિવર્સિટીઓની ગ્રાંટ નક્કી કરી તેનું વિતરણ કરવું.

3 ઉચ્ચશિક્ષણની સુધારણા માટે ભલામણો કરવી અને તેના અમલ માટે જે પગલાં લેવાં જોઈએ તે વિશે સલાહ આપવી.

4 યુનિવર્સિટીઓને વિશિષ્ટ હેતુઓ માટે ગ્રાંટ આપવા અંગે સલાહ આપવી.

5 ઉચ્ચશિક્ષણ કોઈપણ પ્રશ્ન પરત્વે કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર કે યુનિવર્સિટીને માંગે ત્યારે સલાહ આપવી.

6. ઉચ્ચશિક્ષણને લગતી અન્ય દેશોમાંથી માહિતી એકઠી કરવી.

7 દેશની કોઈપણ યુનિવર્સિટી પાસેથી નાણાંકીય વિદ્યાકીય કે અન્ય માહિતી માંગવી.

8 ઉચ્ચશિક્ષણના વિકાસ માટે જરૂરી લાગે તે પગલાં લેવા.

**સિદ્ધિઓ :-**

આજ સુધીમાં આ પંચે જે કામગીરી બજાવી છે. તે ખૂબ પ્રશંસનીય છે.

1 યુનિવર્સિટીઓના કેમ્પસમાં નવા મકાનો, હોસ્ટેલો, ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ, વર્કશોપ, આરોગ્ય કેન્દ્રો, હોલીકેન્દ્રો, ઓડિટોરીયમ, વિદ્યાર્થી યુનિયન બિલ્ડીંગ, વિદ્યાર્થી ગૃહો (છાત્રાલયમાં રહેતા હોય તેમને માટે), અભ્યાસ કેન્દ્રો વગેરે યુનિવર્સિટી ગ્રાંટ પંચની આર્થિક મદદને જ આભારી છે.

2 યુનિવર્સિટી અને ખાનગી કૉલેજોના શિક્ષકોના પગારધોરણો નોંધપાત્ર રીતે સુધારી શકાય છે. તેમની નોકરીની શરતોની સુધારણા, અધ્યાપક નિવાસો, આરોગ્ય સેવાઓ શૈક્ષણિક કેન્દ્રની મુલાકાત માટે પ્રવાસ ગ્રાંટ, નિવૃત્ત થયેલા ક્ષમતા ધરાવતા અધ્યાપકો માટે શિક્ષણ અને સંશોધન માટેની ગ્રાંટ વગેરે સવલતો પંચની આર્થિક સહાયને આભારી છે. અધ્યાપકોના વ્યાવસાયિક વિકાસ માટે સેમિનાર, ગ્રામવર્ગો પરિષદો વગેરેનું આયોજન કરવામાં પંચે ખૂબ મોટો ફાળો આપ્યો છે.

3. જનરલ એજ્યુકેશન, ત્રિવર્તી પ્રથમ ડિગ્રી અભ્યાસક્રમો પરીક્ષા સુધારણા, શૈક્ષણિક માર્ગદર્શન અને સલાહ વગેરે નવા શૈક્ષણિક કાર્યક્રમો યુનિવર્સિટીઓમાં દાખલ કર્યા છે.

4 લગભગ બધી જ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થી કલ્યાણ સેવાઓ વિસ્તારી અને સુધારી છે.

5 નવા પ્રકારની યુનિવર્સિટીઓ જેવી કે કૃષિ યુનિવર્સિટી, સંગીત, કલા, સંસ્કૃત, ટૅકનૉલોજી વગેરેની સ્થાપનામાં તેની મદદથી પહેલ થઈ છે.

### ઉચ્ચશિક્ષણની ગુણવત્તા (જાળવણી અને સંકલન)

શિક્ષણ, પરીક્ષણ અને સંશોધનની ગુણવત્તા સાચવવા અને તેનું સંકલન કરી ઉચ્ચશિક્ષણનો વિકાસ કરવા યુ.જી.સી.એ કેટલાંક ચોક્કસ પગલાંઓ લીધાં છે તેમાનાં મુખ્ય નીચે પ્રમાણે ગણાવી શકાય.

1 ઉચ્ચશિક્ષણમાં નવા અભ્યાસક્રમો દાખલ કરવા પર નિયંત્રણ મૂકવામાં આવે છે. પણ જો નવો અભ્યાસક્રમ ગ્રામ્યજીવન અને ગ્રામ્ય વિકાસને સ્પર્શતો ઉત્પાદકલક્ષી હોય તો શરૂ કરવામાં આવે છે.

2 ઘણાં બધાં ધંધાકીય અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

3 ભારતીય લેખકો પાસે યુનિવર્સિટી કક્ષાના પુસ્તકો તૈયાર કરાવવા માટે મદદ કરવામાં આવે છે.

4 પરદેશી ભાષાના પુસ્તકોનું સસ્તી આવૃત્તિના સ્વરૂપે પુનઃમુદ્રણ કરાવાય છે.

5 યુનિવર્સિટી કક્ષાના અભ્યાસક્રમોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે.

6 જુદાં જુદાં વિષયોમાં નિષ્ણાતોની પેનલની રચના કરવામાં આવી છે. માર્ચ-1980ના અંતે 22 વિષયોમાં આવી પેનલની રચના થઈ ચૂકી છે.

7 ગાંધીવિચારના અભ્યાસ માટે એક ખડી (સ્ટેન્ડીંગ) સમિતિની રચના કરવામાં આવી છે. તે સમીતિ અત્યારનાં યુગમાં ગાંધી વિચારની યોગ્યતા અંગે વિવિધ અભ્યાસો અને સંશોધનો કરાવે છે.

8 જાન્યુઆરી 1980માં યુ.જી.સી.એ સંરક્ષણના અભ્યાસક્રમો સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શરૂ કરવાનું સ્વીકાર્યું છે.

9 અનુસ્નાતક શિક્ષણ, સંશોધન અને પ્રાપ્ય સંદર્ભોના અસરકારક ઉપયોગના હેતુ માટે ઉચ્ચ અભ્યાસ કેન્દ્રો (Centers of Adanrted Study)ની સ્થાપના કરવામાં આવી છે.

10 સંશોધન સહાય કાર્યક્રમમાં સંશોધન ફેલોશીપ અને શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. સંશોધન પ્રકાશન કાર્યમાં આર્થિક મદદ કરવામાં આવે છે. આથી અલગ અલગ વિષયોમાં નાનાં મોટા અનેક સંશોધનો થાય છે.

11 વન્યજીવનના અભ્યાસ (Wild-life Study) માટે યુ.જી.સી.એ રાષ્ટ્રની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓએ સૂચન કર્યું હતું કે વિદ્યાર્થીએ વન્ય-જીવનના અભ્યાસ અને સંશોધનો હાથ ધરે.

12 આ ઉપરાંત ઈજનેરી અને યંત્ર ઉદ્યોગશાસ્ત્રમાં સંશોધન કરાવાય છે.

13 પરીક્ષા સુધારણાનો કાર્યક્રમ સતત ચાલે છે. તેને પરિણામે માર્ચ 1980 સુધીમાં 83 યુનિવર્સિટીઓમાં, 15 કૃષિ અને તકૂનિકી યુનિવર્સિટીઓમાં અને 7 યુનિવર્સિટી જેવી સંસ્થાઓમાં જુદાં-જુદાં તબક્કે સત્રકાર્ય મૂલ્યાંકન શરૂ થયું છે. 67 યુનિવર્સિટીએ સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરી છે.

**વિદ્યાર્થીઓ :-**

વિદ્યાર્થી કલ્યાણ માટે જ સંખ્યાબંધ કાર્યક્રમો યુ.જી.સી.દ્વારા યુનિવર્સિટીઓમાં અને કૉલેજોમાં અમલમાં મૂકવામાં આવે છે. આમા એક છેડે ગરીબ વિદ્યાર્થીને ધ્યાન પર રખાય છે. તો બીજે છેડે હોશિયાર વિદ્યાર્થી પણ લક્ષમાં લેવાય છે. આ કાર્યક્રમોનાં-સુષ્ટ એઈડ ફંડ નોન રેસિડેન્ટ સ્ટુડન્ટ સેન્ટર, સ્ટુડન્ટ સ્ટડી હોમ્સ અને 'બુક બેંકનો' સમાવેશ થાય છે.

હોશિયાર વિદ્યાર્થી પોતાનું સંશોધનકાર્ય સારી રીતે કરી શકે તે માટે તેના પોતાના ખર્ચમાં અને પુસ્તકો અને સાધનો ખરીદવા માટે શિષ્યવૃત્તિઓ અને ફેલોશિપ્સ આપવામાં આવે છે. પછાત અને આદિવાસીઓ માટે અનામત વ્યવસ્થા રાખવામાં આવે છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો બાંધવાના કાર્યને અગ્રતા આપવામાં આવે છે. કાર્યક્રમ બુક બેંકની વ્યવસ્થા છે. કૉલેજ અને યુનિવર્સિટીઓમાં કેન્ટીનો ખોલવામાં આવે છે.

યુ.જી.સી.એ ઈ.સ. 1957 ડોંગરેકરીનાં અધ્યક્ષતામા નીચે પરીક્ષા સુધારણાના પ્રશ્નો-તપાસવા એક કમીટી નીમી હતી તેમના સૂચનો હતા કે "શીખવવું" અને "શીખવું" એ બંને પર ખામી ભરેલી પરીક્ષાની ખરાબ અસર થાય છે પરીક્ષા સુધારણા માટે :-

- અધ્યાપનમાં ટ્યુટોરિયલ, સેમિનાર, દાખલ કરવા

- વિદ્યાર્થીને સતત મૂલ્યાંકન કરવું.

- નિબંધ પ્રકારની કસોટીઓ સિવાયની અન્ય પ્રકારની કસોટીઓનો ઉપયોગ કરવો.

- પરીક્ષાના ક્ષેત્રે સંશોધનો હાથ ધરવા વગેરે સૂચનો હતાં.

ડૉ.બેન્જામિન બ્લૂમ 1958-59માં ભારત આવેલાં તેમણે ઓસ્માનિયા, પૂના, પટણા અને અલીગઢ યુનિવર્સિટીમાં સેમિનારો યોજી પરીક્ષા સુધારણા વિશેનો શિક્ષકોને ખ્યાલ આપ્યો હતો. આ સેમિનારનો અહેવાલ ''ઉચ્ચશિક્ષણમાં મૂલ્યાંકન'' શીર્ષક હેઠળ યુ.જી.સી.એ પ્રસિદ્ધ કર્યા છે.

કેન્દ્રની યુનિવર્સિટીઓમાં પરીક્ષા સુધારણા માટે યુ.જી.સી.એ એક વધુ પ્રયત્ન 1969માં કર્યો હતો. એક કમીટિ નીમી તેને પરીક્ષાના વિવિધ પાસાંઓ જેવાં કે પ્રશ્નો સ્વરૂપ, સૂત્રકામ, ભારાંક, પરીક્ષકોની નિમણૂંક, પરીક્ષાઓની સંખ્યા, પ્રશ્નપત્રમાં ઢાંચો ગુણાંકનની એકરૂપતા અને ગ્રેડ પદ્ધતિ વિશે નક્કર સૂચનો કર્યા હતા.

આમ, આટલા પ્રયત્નો થયા હોવા છતાં 1979ની શિક્ષણની રાષ્ટ્રીય નીતિમાં આંતરિક મૂલ્યાંકન અને ગુણાંકન પદ્ધતિ વિશે સુધારણા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## 10.5 શિક્ષણ-પ્રશિક્ષણ માટેની રાષ્ટ્રીય પરિષદ સંસ્થા (NCTE-National Council For Teacher Education)

કેન્દ્ર સરકારે 17 મી ઑગષ્ટ, 1995 ના રોજ માનવ સંસાધન વિકાસ વિભાગ દ્વારા National Council for Teachers Education નામની સંસ્થાની સ્થાપના કરી છે. N.C.T.E.Act 1993 અન્વયે શિક્ષકો તૈયાર કરતી પ્રશિક્ષણ કૉલેજોમાં વિવિધ કાર્યક્રમોનાં આયોજન અને સંકલ્પનાના સંદર્ભમાં સમગ્ર રાષ્ટ્રમાં કાર્ય કરતી વિવિધ પ્રશિક્ષણ કૉલેજોની કાર્યપદ્ધતિ, પ્રસ્થાપિત ધોરણો, નીતિનિયમોનું યોગ્ય અમલીકરણ થયું છે કે કેમ તેનું મૂલ્યાંકન કરે છે. આ કાયદા અનુસાર તો શિક્ષણના તમામ કાર્યક્રમો, પ્રિ.પ્રાયમરી, સેકન્ડરી અને ઉચ્ચ માધ્યમિકના શિક્ષકગણની તાલીમ અને સંશોધન, વૈધિક અને અવૈધિક શિક્ષણ, ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ, પાર્ટટાઈમ શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ જેવાં તમામ અભ્યાસક્રમોને કાર્યક્ષેત્રમાં આવરી લેવામાં આવેલ છે. N.C.T.E ના કાયદા પ્રમાણે સરકારશ્રી, યુનિવર્સિટી, રાજ્ય શિક્ષણ બોર્ડ, સંચાલક ગણ, અધ્યાપક, પ્રવેશાર્થી તેમજ વિદ્યાર્થીગણ અને સમાજની ભૂમિકા નક્કી કરેલ છે. પ્રવર્તમાન બી.એડ્.કૉલેજોએ પણ ફરીથી માન્યતા મેળવવી પડે છે. આ N.C.T.E. ના કાયદા પ્રમાણે સરકારશ્રી, યુનિવર્સિટી, રાજ્ય શિક્ષણ બોર્ડ, સંચાલક ગણ, અધ્યાપક, પ્રવેશાર્થી તેમજ વિદ્યાર્થીગણ અને સમાજની ભૂમિકા નક્કી કરેલ છે. પ્રવર્તમાન બી.એડ્.કૉલેજોએ પણ ફરીથી માન્યતા મેળવવી પડે છે. આ N.C.T.E. નાં ધોરણો પ્રમાણે B.Ed. કૉલેજોની ભૌતિક સુવિધાઓથી માંડી શૈક્ષણિક કાર્યક્રમોના અપેક્ષિત ધોરણોની વિગતવાર છણાવટ કરવામાં આવી છે. આના અમલીકરણ માટેનું તંત્ર પણ સૂચવવામાં આવ્યું છે અને તે પ્રમાણેની કાર્યવિધી અત્યારે ચાલુ જ છે.

NCTE નું વડું મથક નવી દિલ્હીમાં છે. આ ઉપરાંત તેને વિવિધ ક્ષેત્રો માટેની ચાર વિભાગીય કમીટીઓ છે જે નીચે મુજબ છે.

1. ઈસ્ટર્ન રીજિયોનલ કમીટિ (પૂર્વ ભારતનાં રાજ્યો)- ભુવનેશ્વર
2. નોધર્ન રીજિયોનલ કમીટિ (ઉત્તર ભારતનાં રાજ્યો)- જયપુર
3. સાઉર્ધન રીજિયોનલ કમીટિ (દક્ષિણ ભારતનાં રાજ્યો)- બેંગ્લોર
4. વેસ્ટર્ન રીજિયોનલ કમીટિ (પશ્ચિમ ભારતનાં રાજ્યો)- ભોપાલ

NCTE ના વડા મથકનું નેતૃત્વ 'ચેરપર્સન' દ્વારા થાય છે. જ્યારે રીજિયોનલ કમિટિના વડા રીજિયોનલ ડાયરેક્ટર હોય છે. ઉપરોકત ચાર રાજ્યોની કમીટીને સમાપ્ત કરી અત્યારે હાલમાં દરેક રાજ્ય માટે ન્યૂ દિલ્હી તેનું વહુ મપક બનાવ્વામાં આવેલ છે.

**શિક્ષક-પ્રશિક્ષણ માટેની રાષ્ટ્રીય સમિતિનાં કાર્યો :-**

1 દેશમાં શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન અને વિકાસ કરવો.

2 શિક્ષક-પ્રશિક્ષણની વિવિધ શાળાઓમાં પ્રવેશ અંગેના ધોરણ પસંદગીની પદ્ધતિઓ, તાલીમગાળો, વિષયવસ્તુ અને અભ્યાસના સ્વરૂપ વિશે ધોરણો નક્કી કરવાં.

3 નવી શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓની માન્યતા, નવા અભ્યાસક્રમ, કર્મચારી ગણની પસંદગી અને લાયકાતો તેમજ ભૌતિક-સુવિધાઓ અને માર્ગદર્શન સુવિધાઓ પૂરી પાડવા અંગે ધોરણો નક્કી કરવાં.

4 શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનાં પરીક્ષકોનાં ધોરણો, લાયકાત, પરીક્ષા તરીકેની માન્યતા અને તાલીમ કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપવું.

5 માન્ય શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી અંગેના ધોરણો નક્કી કરવાં.

6 શિક્ષણ-પ્રશિક્ષણના ક્ષેત્રમાં નવીનીકરણ અંગેના સંશોધનોને વેગ આપવો.

7 કાઉન્સિલ દ્વારા સૂચિત ધોરણો અને માર્ગદર્શન રેખાઓનું સમયાંતરે મૂલ્યાંકન કરી માન્ય સંસ્થાઓને યોગ્ય સુધારા સૂચવવાં.

8 શિક્ષણ-પ્રશિક્ષણના ક્ષેત્રમાં નવીનીકરણ અંગેના સંશોધનોને વેગ આપવો.

9 શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનું વ્યાપારીકરણ થતું અટકાવવા શક્ય તમામ પગલાં ભરવાં.

10 કેન્દ્ર સરકાર સૂચિત અન્ય કાર્યો કરવાં.

**મર્યાદાઓ :**

1 નાણાંકીય ભંડોળ મર્યાદિત હોવાથી પૂરતી મદદ કરી શકતું નથી.

2 નવી યુનિવસિર્ટીઓની સ્થાપના સંબંધમાં પ્રાદેશિક, રાજકીય અને કોમીદળોની દખલગીરીને નિયંત્રિત કરી શકાતું નથી.

3 યુનિવર્સિટી શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ આંક મોટો છે.

4 મધ્યસ્થ યુનિવર્સિટીઓને વધારે મદદ કરવી પડે છે.

5 યુનિવર્સિટી શિક્ષણની ગુણવત્તા અને ધોરણો સુધારવાની ઉપયોગી યોજનાઓ અમલમાં મૂકવામાં નાણાંકીય સમિતિ ભંડોળ નડે છે.

**DIET**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (District Institute of Education and Training) (D.I.E.T)**

બદલાતા યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવવાના હેતુથી શિક્ષણમાં સમયાંતરે પરિવર્તનો થતાં રહે છે. શિક્ષણમાં નવા પ્રવાહો તેમજ પદ્ધતિઓથી વાકેફ રહેવા માટે તેમજ વ્યાવસાયિક સજ્જતા માટે શિક્ષણક્ષેત્રે સંકળાયેલી તમામ વ્યક્તિઓને તાલીમની આવશ્યકતા રહે છે. આમ તો શિક્ષકો માટે પૂર્વસેવા તાલીમની જોગવાઈ છે ; પરંતુ પૂર્વ સેવા તાલીમમાં શિક્ષણ વ્યવસાય માટે જરૂરી તમામ પાસાંઓનો સમાવેશ શક્ય નથી. કદાચ શક્ય હોય તો પણ પ્રવાહોની જાણકારી માટે સેવાકાલીન તાલીમ જરૂરી છે. આ માટે કેન્દ્ર કક્ષાથી તાલુકા કક્ષા-જૂથ કક્ષા સુધી વ્યવસ્થિત માળખું રચાયેલું છે. તે વિશેની વિગત પ્રસ્તુત છે.

**તાલીમી માળખું :**

| | |
|---|---|
| કેન્દ્ર કક્ષા | N.C.E.R.T<br>NIEPA<br>N.C.T.E. |
| રાજ્ય કક્ષા | G.C.E.R.T |
| જિલ્લા કક્ષા | D.I.E.T |
| તાલુકા કક્ષા | B.R.C (બ્લોક રીસોર્સ સેન્ટર) |
| જૂથ કક્ષા | C.R.C (કલસ્ટર રીસોર્સ સેન્ટર) |

અહીં આપણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન D.I.E.T વિશે ચર્ચા કરીશું :

**ઉદ્‌ભવ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 અપનાવી ત્યાં સુધી રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, રાષ્ટ્રીય શિક્ષણ આયોજન અને વહીવટી સંસ્થા, અને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ જેવી સંસ્થાઓ દ્વારા માત્ર રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ શૈક્ષણિક આયોજન, તાલીમ અને વહીવટ વગેરેનું માર્ગદર્શન અપાતું હતું. રાજ્ય કક્ષાની નીચે પ્રારંભિક શિક્ષણ કેળવણીની સંસ્થાઓ હતી પણ તેની પ્રવૃત્તિઓ પૂર્વ સેવા શિક્ષક કેળવણી પૂરતી મર્યાદિત હતી. એજ રીતે પ્રૌઢ શિક્ષણના ક્ષેત્રમાં, કેન્દ્રિય પ્રૌઢ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્ય સંશોધન કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએ આ સહાય પૂરી પડાતી હતી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અપનાવાઈ ત્યાં સુધીમાં પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણનાં કાર્યો એટલાં વિસ્તૃત થઈ ગયાં હતાં કે માત્ર રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાની એજન્સીઓ એમને સહાય કરવા માટે પૂરતી ન હતી. શિક્ષણના સાર્વત્રિકરણની સાથે વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પણ જરૂરી બન્યું. શિક્ષણમાં આવતા નીતનવીન પ્રવાહો પદ્ધતિઓ-પ્રવિધિઓ તથા શૈક્ષણિક સાહિત્ય-સાધન સામગ્રીથી શિક્ષકો સજ્જ થાય તે પણ જરૂરી હતું. આવી સજ્જતા પ્રાપ્ત થાય તે માટે સેવારત શિક્ષકોને તાલીમ આપવાનું પણ જરૂરી બન્યું.અત્યાર સુધી શિક્ષણ સુધારણાની વાત થાય ત્યારે શાલેય શિક્ષણ ઉપર વધુ ભાર મૂકવામાં આવતો પણ શાળા બહાર જે વિદ્યાર્થીઓ રહી જાય છે. તેનો વિચાર પણ એટલો જ જરૂરી હતો. શિક્ષણમાં સાર્વત્રિકરણ તથા સ્થાયીકરણ આવે તથા ગુણવત્તાવાળું શિક્ષણ સુલભ બને એવાં આ મહાન ભગીરથ કાર્યો શિક્ષણતંત્ર, શિક્ષકો અને થોડી ખાનગી એજન્સીઓથી જ પૂરું થઈ શકે નહિં. તેના માટે સમાજના જુદાં જુદાં વર્ગો, બિન સરકારી સંગઠનો, ગામ લોકો, પંચાયતો વગેરે સૌનો સહકાર લેવો જ પડે. ઉપરોક્ત કાર્યો માટે રાષ્ટ્રકક્ષા અને રાજ્યકક્ષા સુધી કાર્ય અમલીકરણ અને વિસ્તરણની જરૂર જણાઈ અને ઉદ્‌ભવ થયો ''જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો'' આ રીતે ત્રીજુ સ્તર ઉમેરાયું જે સમગ્ર જિલ્લામાં શિક્ષણના નવ સંસ્કરણનું કાર્ય કરી શકે.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ**

1 પૂર્વ સેવા શિક્ષક શિક્ષણ શાખા (Pre-Service Teacher Education Branch)

2 કાર્યાનુભવ શાખા (Work Expriance Branch)

3 પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ માટે જિલ્લા સંસાધન એકમ (District Resource Unit (DRU) For (AE/NFE) Adult Non Formal Education)

4 સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા. (In-Service Programmes Field Interaction and Innovation Co-ordination) (IFIC) Branch)

5 પાઠ્યક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (Curriculum, Material Development and Evaluation (CMDE) Branch)

6 શૈક્ષણિક પ્રૌદ્યોગિક શાખા (Educational Technology (ET) Branch)

7 આયોજન અને વ્યવસ્થાપન શાખા (Planning & management (PSM) Branch)

8 ગણિત-વિજ્ઞાન એકમ (Maths-Science Unit)

ઉપર્યુક્ત દરેક શાખાનાં કાર્યોની વિગત તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા થતાં કાર્યોની વિગત શાખાવાર નીચે મુજબ છે.

**1 પૂર્વ સેવા શિક્ષક શિક્ષણ શાખા :**

આ શાખાને ભવનની પ્રયોગશાળા કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે સેવાકાલીન શિક્ષકો માટે તથા અશાલેય પ્રૌઢ શિક્ષણના કાર્યકર્તાઓ માટે ભવનએ જે કાર્ય કરવાનું છે તે કાર્યની તાલીમ પૂર્વ સેવા શિક્ષણ લેતાં શિક્ષકોને પણ આપવાની છે. ભવનોનાં વિસ્તૃત ક્ષેત્રના કાર્યનો અનુભવ આ શિક્ષકોને આપવાનો છે.

– કેન્દ્રવર્તી શાખા તરીકે સેવા આપવી.

આ શાખામાં કાર્ય કરતાં અધ્યાપકો શાખામાં આવતા તાલીમાર્થીઓના પ્રવેશથી માંડી, પ્રશિક્ષણ, મૂલ્યાંકન પરીક્ષણ, શાખાના અભ્યાસક્રમ તથા તેના વિષયોની શૈક્ષણિક માહિતી આપવાનું કાર્ય કરે છે.

– સંશોધન અને અભ્યાસક્રમ સામગ્રી તૈયાર કરવી વિદ્યાર્થીલક્ષી શિક્ષણ તથા વ્યક્તિત્ત્વ વિકાસ (જેમાં મૂલ્ય શિક્ષણ તથા સાંસ્કૃતિક પણ આવી જાય) સહિતનાં સંશોધન કાર્ય હાથ ધરી યોગ્ય અધ્યાપન સામગ્રી તૈયાર કરવી, તેની તાલીમ આપવી અને વિસ્તરણ કાર્ય દ્વારા પ્રચાર કરવો.

– અધ્યાપન પ્રવૃત્તિને લગતી બાબત

વિવિધ કક્ષાના અધ્યાપનમાં પ્રયોજિત અધ્યાપન પ્રયોગ કરવાં, વિકાસ સાધવો અને માર્ગદર્શન આપવું. તેના અંતર્ગત કાર્યક્રમો તથા અશાલેય કાર્યક્રમોનો પ્રારંભિક શિક્ષકોને ખ્યાલ આપવો.

સંસ્થાની અન્ય સમગ્ર શાખાઓમાં હાથ ધરાતા કે શીખવાતા કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અને વિષયોની માહિતી આપવી.

જેવી કે ;

- પ્રારંભિક શિક્ષકો માટે સેવા અંતર્ગત કાર્યક્રમો
- અશાલેય શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમો
- સ્થાનિક રીતે ઉપયોગ પાઠ્યક્રમ અધ્યયન-અધ્યાપન સામગ્રી, અલ્પ ખર્ચવાળી અધ્યાપન સામગ્રી, પ્રૌદ્યોગિકી તથા મૂલ્યાંકન પરીક્ષણ સાધનો વગેરેનો વિકાસ સાધવો.
- ક્ષેત્રીય આંતરક્રિયા પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવો.
- અભાવગ્રસ્ત જૂથોનાં બાળકોને શીખવવાની બાબતમાં તથા પ્રભાવશાળી વિદ્યાર્થીઓનાં શિક્ષણમાં સુધારો થાય તે રીતનું સંશોધન કાર્ય હાથ ધરવું.

**2 કાર્યાનુભવ શાખા :-**

ભવનની સાત શાખાઓમાં બીજી મહત્ત્વની શાખા કાર્યાનુભવ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સ્વીકારાયું છે. કે શીખવવાની ક્રિયામાં કામ દ્વારા આર્થિક ઉપાર્જન થવું એ આદર્શ છે. વસ્તુઓ કાર્યાનુભવમાં ઉત્પાદન દ્વારા ઉપાર્જન શારીરિક કામ અને શીખવવાની પ્રક્રિયા ત્રણેયનો સંગમ થાય છે.

**શાખાનાં કાર્યો :-**

- ક્ષેત્રોની પસંદગી તથા તેને અનુરૂપ કાર્યાનુભવ વિકસાવવા.
- પ્રારંભિક શિક્ષકો, અશાલેય શિક્ષણ, પ્રૌઢ શિક્ષણના કેન્દ્રો, સેવા અંતર્ગત શિક્ષકો, પૂર્વ સેવા શિક્ષણ શિક્ષકો માટે સ્થાનિક પરિસ્થિતિ. પર્યાવરણમાં વિકસાવી શકાય તેવી કાર્યાનુભવની પ્રવૃત્તિઓ વિકસાવવી.

**સંસ્થાકીય કાર્યોની દેખભાળ :-**

કાર્યાનુભવ પ્રવૃત્તિઓ અંતર્ગત સ્થાનિક પર્યાવરણ પ્રવૃત્તિઓ, સામાજિક પ્રવૃત્તિઓ, હસ્ત કૌશલ્યો, સંસ્થાની સાફ-સફાઈ, સુશોભન, રસ્તા-બાગ-બગીચાની સાર-સંભાળ, માવજતનું કાર્ય આ શાખાએ કરવાનું છે.

- શાળામાં ઉપલબ્ધ થઈ શકે તેવી સામગ્રી આધારિત અને સ્થાનિક પર્યાવરણથી પ્રાપ્ત થતી સામગ્રી આધારિત પ્રવૃત્તિઓ હાથ ધરવી.
- રાષ્ટ્રીય-સામાજિક પર્વોની ઉજવણી કરવી.

**3 પ્રૌઢશિક્ષણ/અશાલેય શિક્ષણ માટે જિલ્લા સંશોધન એકમ**

આ શાખા ખૂબ મહત્ત્વની છે. આનું કાર્ય બધા વિભાગોથી જુદું છે. આ શાખાનાં કાર્યો નીચે મુજબ છે.

- સમગ્ર જિલ્લામાં અશાલેય શિક્ષણ તથા પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું. સાથોસાથ મૂલ્યાંકન સુધીની સમગ્ર વ્યવસ્થા સંભાળવી.
- રાજ્ય સંસાધન કેન્દ્રની સાથે રહી અશાલેય તથા પ્રૌઢ શિક્ષણના પ્રેરકો, કાર્યકર્તાઓને પ્રેરણા તાલીમ આપવી અને નિરંતર શિક્ષણનું કાર્ય હાથ ધરવું.
- સંસ્કરણ કાર્યક્રમો જેવાં કે નહેરુ યુવક કેન્દ્ર, બિનસરકારી સંગઠનો વગેરે માટે યોજવા.
- જિલ્લામાં અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત વર્ગ-મહિલાઓ, અલ્પસંખ્ય સમુદાયો વગેરે માટે ક્ષેત્રીય આંતરક્રિયા દ્વારા સર્વેક્ષણ કાર્ય હાથ ધરી ક્યાં કેવા પ્રકારની જરૂરિયાતો છે તે જાણી કાર્યક્રમો હાથ ધરવાં.
- પ્રૌઢ શિક્ષણમાં તેમના માટે અનુકૂળ આવે તેવી પાઠ્યસામગ્રી શૈક્ષણિક સામગ્રી, પૂરક સાહિત્ય, પદ્ધતિ અને મૂલ્યાંકન પ્રવિધિઓ આપવી, સાથે વિકાસ કરવો.
- અધ્યયન-અધ્યાપન સામગ્રી, અલ્પ ખર્ચે તૈયાર થતી સાધન સાહિત્ય સામગ્રી તથા મૂલ્યાંકન અંગે ભવનના અન્ય વિભાગો સાથે મળી કાર્યવાહી હાથ ધરવી.
- પાઠ્યક્રમના એકમો પૂરક સાહિત્ય, અધ્યયન-અધ્યાપન સાધનો સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ બનાવવા, શુદ્ધ શિષ્ટ ભાષામાં સ્થાનિક લોકો ન સમજી શકતાં હોય તો તેમના માટે જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં બોલાતી બોલીઓના સાહિત્યનો વિકાસ કરવો.
- તાલીમ ભવનના દરેક વિભાગને ખાસ કરીને પૂર્વ સેવા સેવાકાલીન શિક્ષકોને તથા અધ્યાપકોને અશાલેય શિક્ષણ અંગે માહિતી પૂરી પાડવી.
- ગ્રામ શિક્ષણ સમિતિ, નિરંતર શિક્ષણ કેન્દ્ર, અનૌપચારિક શિક્ષણ કેન્દ્ર તથા જિલ્લાની કચેરીઓ બધાનાં કાર્યો સંકલન કરવાનું છે. ભવન આમાં કડીરૂપ બની શકે.
- અશાલેય શિક્ષણ કેન્દ્રો પર આવતાં બાળકોની સમસ્યાઓનાં કારણો વીણી તેનું નિદાન કરવું. એના માટે Action Research હાથ ધરવું.

**4 સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા :**

- પ્રાથમિક શિક્ષકોની જરૂરિયાત જાણી પ્રશિક્ષણ યોજના તૈયાર કરવી તથા ભવિષ્યલક્ષી આયોજન તૈયાર કરવું.
- તાલીમ ભવનોના નેજા હેઠળ થતાં બધાં કાર્યોનું વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવું આ કાર્ય PSM શાખા સાથે મળીને કરવું.
- મુખ્ય શિક્ષકો તથા શિક્ષકોના પ્રશિક્ષણ કાર્યક્રમો આયોજિત કરવા, તાલીમ ભવનો બહાર શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ યોજનાર સાધનરૂપ વ્યક્તિઓના સંસ્કરણ કાર્યક્રમો યોજના તથા દૂર સંપર્ક માધ્યમોની મદદથી સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરવું.
- જુદાં-જુદાં પ્રશિક્ષણ કાર્યક્રમોની ગુણવત્તા, ક્ષમતા તથા અસરનું સતત અવલોકન તથા મૂલ્યાંકન કરવું અને સુધારા વધારા હાથ ધરવા

  અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણ સિવાયના જે કર્મચારીઓ સંસ્થાઓમાં તાલીમ લેતા હોય તેમની માહિતી, જાણકારી તથા સાધનોની જાળવણી કરવી તથા સમયાંતરે તેઓની મુલાકાતો ગોઠવવી ગુણવત્તા સુધારવા અનુસરણ કાર્ય કરવું. ક્રિયાત્મક સંશોધન તથા ક્ષેત્રીય આંતરક્રિયા માટે કેન્દ્રવર્તી શાખા તરીકે ભૂમિકા ભજવવી. આ માટે તાલીમી ભવનોની અંદર હાથ ધરાવતી ક્રિયાત્મક સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવું તથા તેનાં તારણોનો ફેલાવો કરવો, સંસ્થાનું મુખપત્ર બહાર પાડી જિલ્લાની બધી જ શાળાઓને મોકલવું જેથી સંસ્થાનાં કાર્યોનો ફેલાવો થાય.

**4 પાઠ્યક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન**

**શાખાના કાર્યો :-**

- સ્થાનિક પર્યાવરણને અનુરૂપ નવા શિક્ષણ એકમોનું નિર્માણ કરવું.
- ધોરણ 1 અને 12 માટે આદિવાસી વસ્તી જ્યાં વધારે હોય તેમના માટે શિક્ષણ સામગ્રીનો વિકાસ કરવો.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે તકનિકી સહાય માર્ગદર્શન પૂરું પાડવું.
- મૂલ્યાંકન માટે સાધન સાહિત્ય, મોડ્યૂલ, પ્રશ્ન બેંક અને પરીક્ષણ યોજના તૈયાર કરવી.
- જિલ્લા સંશોધન વિભાગ માટે અનૌપચારિક, વૈકલ્પિક શાળાઓ માટે તથા પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો માટે જરૂરી સામગ્રી તૈયાર કરવામાં મદદ કરવી.
- પૂર્વ સેવા તથા સેવાકાલીન શિક્ષકો માટે સામગ્રીનો વિકાસ કરવો. શાલેય અશાલેય માટે પાઠ્યક્રમ સામગ્રી વિકાસ તથા મૂલ્યાંકનનું કાર્ય કરવું.

**5 શૈક્ષણિક પ્રૌદ્યૌગિક શાખા**

**શાખાના કાર્યો :-**

- પાઠ્યક્રમને મદદરૂપ બને તેવા સાહિત્યનું નિર્માણ તથા વિકાસ કરવો.
- શિક્ષકોમાં વિવિધ વિષયો તથા ક્ષેત્રો માટે સરળ, અસરકારક અને ઓછી કિંમતનાં સાધનો જેવાં કે આલેખ, નમૂનાઓ, આકૃતિઓ, ફોટોગ્રાફ, સ્લાઈડ, શ્રવણટેપ, નાટક લેખન, વાર્તાલાપ, સંવાદ ગીતો, વાર્તાઓ, શુદ્ધ જોડણી, શુદ્ધ વાક્યો, મૌખિક ગણિત વગેરે વિકસાવવા તથા ઉપયોગમાં લેવાની આવડત વિકસાવવી.
- ભવનનાં દશ્ય-શ્રાવ્ય સાધનો, કમ્પ્યૂટર, પ્રયોગશાળા, શૈક્ષણિક સાધનો માટે ભવને ઊભું કરેલું પ્રદર્શન, પ્રદર્શન ખંડ, પ્રદર્શન પેટીઓ, શિક્ષણ સંબંધી દશ્ય-શ્રાવ્ય કેસેટોના ગ્રંથાલયની જાળવણી કરવી.
- સાધનો ઉછીનાં લેવા અને આપવાની વ્યવસ્થા ગોઠવવી.
- નજીકનાં રેડિયો સ્ટેશનથી સંપર્ક સાધી પ્રારંભિક શાખાનાં વિદ્યાર્થીઓ, અશાલેય વિદ્યાર્થીઓ તથા શિક્ષકો અને પ્રશિક્ષકો માટે શૈક્ષણિક પ્રસારણની વ્યવસ્થા કરવી.
- વિવિધ કાર્યક્રમોમાં તકનિકી સહાય પૂરી પાડવી.
- શૈક્ષણિક પ્રૌદ્યોગિકીના ક્ષેત્રમાં શિક્ષકો માટે યોગ્ય સેવા અંતર્ગત કાર્યક્રમોનું સંચાલન કરવું.
- શાળા દ્વારા નિર્મિત ઓડિયો-વીડિયો કેસેટ, દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ શાળા કક્ષા સુધી થાય તે માટે આયોજન, વ્યવસ્થા કરવી તેમજ માર્ગદર્શન આપવું.

**6 આયોજન અને વ્યવસ્થાપન શાખા**

બધાં વિભાગોનાં કાર્યોનું આયોજન અને વ્યવસ્થાપન અંગેનો વિચાર આ શાખાએ કરવાનો હોય છે. સાથે સાથે શિક્ષણ સંબંધિત કાર્ય કરતી ભવન બહારની સંસ્થાઓ, શાળાઓ-શાળા સંકુલો, કેન્દ્રો વગેરેને પણ આયોજન મૂલ્યાંકન તથા તકનિકી સહાય પૂરી પાડવાની છે.

**શાખાનાં કાર્યો :-**

- તાલીમ ભવનના તમામ કાર્યક્રમો, પ્રવૃત્તિઓમાં આયોજન અને વ્યવસ્થાપન સંબંધી માહિતી પૂરી પાડવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વાર્ષિક, ત્રિ-વાર્ષિક તથા પંચવર્ષીય સંસ્થાકીય આયોજન તૈયાર કરવા તથા સ્વમૂલ્યાંકન રિપોર્ટ વર્ષાંતે તૈયાર કરવો.
- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ, સ્થાયીકરણ, રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યના લક્ષ્યાંકો સિદ્ધ કરવા વિવિધ આયોજન તથા અમલમાં થયેલી પ્રગતિ ઉપર દેખભાળ રાખવી અને તેનો વિકાસ


સાધવા જરૂરી આંકડાકીય માહિતી આધારો જાળવવા.

- નામાંકન, નિરંતરતા, પ્રૌઢ વિદ્યાર્થી ખાસ કરીને મહિલાઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓના વ્યક્તિઓ, આદિવાસીઓ, લઘુમતિઓ, વિકલાંગો, ઝૂંપડાંવાસીઓ તથા અન્ય વંચિત વર્ગો ઉપર અસર કરનાર પરિબળોનો અભ્યાસ કરી તારણો દ્વારા સલાહ આપવી.
- શૈક્ષણિક તંત્રોને શાળાના નક્શા, કામમાં, સૂક્ષ્મ યોજના તૈયાર કરવામાં, સાર્વત્રિકરણની યોજના તૈયાર કરવામાં, શાળા સંકુલોની રચનામાં, સંસ્થાકીય આયોજનમાં તથા સંસ્થાકીય મૂલ્યાંકનમાં તકનિકી સહાય પૂરી પાડવી.
- પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો, અધિકારીઓ, બી.આર.સી., સી.આર.સી.કો.ઓર્ડિનેટરો માટે સંસ્કરણ કાર્યક્રમોનું આયોજન કરવું.
- જિલ્લામાં ચાલતા સાર્વત્રિકરણ તથા રાષ્ટ્રીય સાક્ષરતા મિશન કાર્યક્રમનું મૂલ્યાંકન કરવું.

**G.C.E.R.T**

દેશની આઝાદી અને બંધારણના અમલ પછી પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બન્યું. પરિણામ સ્વરૂપે શિક્ષણનો વ્યાપ વધ્યો, પરંતુ વ્યાપ વધવા સાથે તેની ગુણવત્તા ઘટી. સરકારે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે દરેક રાજ્યમાં રાજ્ય શિક્ષણ ભવનની સ્થાપના કરી. રાજ્ય શિક્ષણ ભવનોની સ્થાપના પાછળનો હેતુ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાનો હતો. અને ઈ.સ. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના કાર્યક્રમના અમલીકરણના ભાગરૂપે રાજ્ય શિક્ષણ ભવનોની કામગીરીનું વિસ્તરણ કરી અને 1988 માં સંસ્થાને ‘રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ’ SCERT નામ આપી આપગ્રેડ કરવામાં આવી. ગુજરાતમાં આ સંસ્થા GCERT નામે ઓળખાય છે. આ સંસ્થાનું વડું મથક ગાંધીનગર ખાતે આવેલું છે. સંસ્થાનું પોતાનું સંપૂર્ણ સાધન-સુવિધાયુક્ત કેમ્પસ છે. પહેલાં તેનું કાર્યક્ષેત્ર ફક્ત પ્રાથમીક શિક્ષણ પૂરતું મર્યાદિત હતું તેના બદલે હવે પ્રાથમીક, માધ્યમિક અને પ્રશિક્ષણની સંસ્થાઓ સુધી વિસ્તર્યુ છે. આ સંસ્થા વહીવટી રીતે રાજ્યના શિક્ષણ મંત્રાલયના હાથ નીચે સ્વતંત્ર રીતે કામગીરી બજાવે છે.

આ પરિષદનું, રાષ્ટ્રથી સ્થાનીક કક્ષા સુધી વિસ્તરેલું માળખું નીચે પ્રમાણે છે.




GCERT પ્રાથમિક, માધ્યમિક અને શિક્ષક-પ્રશિક્ષણના ગુણવત્તા સુધારા માટે અને ગુણવત્તા અભિવૃદ્ધિ માટે રાજ્ય કક્ષાએ કાર્યરત સંસ્થા છે. તેના કાર્યક્રમોના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા

શિક્ષણ અને તાલીમ ભવનો, તાલુકા કક્ષાએ બી.આર.સી. જેવી સંસ્થાઓ કાર્યરત છે.

શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજોને કારણે, આ સંસ્થાને સરકારશ્રીના ઠરાવ REB-1297 N ને તા.18-4-88 થી સંપૂર્ણ સ્વાયત્ત સંસ્થામાં ફેરવવામાં આવી છે.

**હેતુઓ**

- રાજ્યમાં શિક્ષણના દરેક તબક્કે પૂર્વ પ્રાથમીક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ સુધી ગુણાત્મક સુધારા માટે આ સંસ્થા કાર્યરત છે.
- ગુજરાત સરકારના શિક્ષણવિભાગ અને પ્રાથમીક શિક્ષણ નિયામકની ક્ચેરી દ્વારા સૂચિત શિક્ષણની નૂતન પ્રણાલીકાઓ, પ્રકલ્પો જેવાં કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરાવવું.
- પૂર્વ સેવાકાલીન તાલીમ અને સેવાકાલીન તાલીમના કાર્યક્રમોનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં અધ્યાપકો, અધ્યયન મંદિરના અધ્યાપકો, પ્રાથમીક-માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવી.
- વસ્તી શિક્ષણ, જેન્ડર એજ્યુકેશન, સંકલિત શિક્ષણ, વૈકલ્પિક શિક્ષણ અંગેના કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરાવવું.
- વિજ્ઞાન એકમ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનો યોજવા.
- શિક્ષણમાં વાલીઓની ભાગીદારી વધે તે માટે બાળમેળા, બાળ રમોત્સવ, શાળા પ્રવેશોત્સવ, વિજ્ઞાનમેળા, TLM પ્રદર્શન જેવાં કાર્યક્રમોનું આયોજન કરવું.
- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણની ગુણવત્તા વધે તે માટે જરૂરી શૈક્ષણિક સાહિત્યનું પ્રકાશન કરવું.
- પ્રશિક્ષણ સ્તરે PRE, PTC, CPED, GBTCના અભ્યાસક્રમ તૈયાર કરવામાં મદદરૂપ થવું.
- શિક્ષણમાં નાવીન્યપૂર્ણ કાર્યક્રમોને સ્થાન મળે તે માટે પ્રયત્નો કરવા, DIET દ્વારા તેનું અમલીકરણ કરાવવું
- B.Ed. કૉલેજના અધ્યાપકોને CTE શાખા દ્વારા માધ્યમિક શાળાના શિક્ષકોને વિષયવસ્તુ સંબંધી તાલીમ અપાવવી.
- M.Ed. કૉલેજના અધ્યાપકોને IASE શાખા દ્વારા તાલીમ આપવી જોઈએ.
- નવાં શૈક્ષણિક સાધનોનું સર્જન કરવું તેમજ સર્જન કરનારને પ્રેરણા-પ્રોત્સાહન અને સહાય પૂરાં પાડવાં.
- શૈક્ષણિક ગુણવત્તા સુધારવા જરૂરી વિવિધ સંસ્થાઓનો સહયોગ મેળવવો.
- શિક્ષણના વિવિધ ક્ષેત્રે શૈક્ષણિક સંશોધનો હાથ ધરવાં.
- શિક્ષણમાં શૈક્ષણિક ટૅકનૉલોજીનો વધુ ઉપયોગ થાય તેવા પ્રયત્નો કરવાં.

**G.C.E.R.T ના કાર્યો**

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધ્યાપકો, કો.ઓર્ડિનેટર, કેળવણી-વહીવટી નિરીક્ષકો પાસે ક્રિયાત્મક સંશોધનો, લઘુ સંશોધનો સિદ્ધિ કસોટી આધારિત સર્વેક્ષણો કરાવે છે.

- પ્રાથમીક અને માધ્યમિક શિક્ષકો માટે સેવાકાલીન પ્રશિક્ષણના કાર્યક્રમોનું, આયોજન અને મોનિટરીંગ કરે છે અને એવી સંસ્થાો પર વહીવટી અને શૈક્ષણિક નિયંત્રણ રાખે છે.
- અધ્યાપન મંદિરો, જિલ્લા શિક્ષણ સમીતિ હસ્તકની અર્ધ સરકારી પ્રાથમીક શાળાઓની ગુણવત્તા વધે તે માટે પ્રયત્નો કરે છે.
- શિક્ષણ જગતમાં નવીન પદ્ધતિઓ, પ્રયુક્તિઓ અને અભિગમો વિકસાવે છે અને શાળાઓમાં તેનો મહત્તમ ઉપયોગ થાય તેવું આયોજન કરે છે.
- જિલ્લાના પ્રાથમીક શિક્ષણ કાર્યક્રમ અને સર્વશિક્ષા અભિયાન મિશન જેવાં કાર્યક્રમ આપવા તથા તેના કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરવા સક્રિય ભૂમિકા ભજવે છે. CRC અને BRC કેન્દ્રો અને શાળાઓની મુલાકાત લઈને તેમને માર્ગદર્શન અને અનુદાન સહાય પૂરાં પાડે છે.
- CMDE શાખા દ્વારા પૂર્વ પ્રાથમીકથી પ્રશિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમો નક્કી કરે છે અને પાઠ્ય પુસ્તકો તૈયાર કરવામાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળને મદદરૂપ બને છે.
- પ્રાથમીક શિક્ષણ મૂલ્યાંકન પ્રવિધિ અંગે શિક્ષકોને માર્ગદર્શન આપે છે.
- તારુણ્ય શિક્ષણ, વસ્તી શિક્ષણ, સંકલિત શિક્ષણ એકમો દ્વારા રાજ્યનાં અધ્યાપન મંદિરો, DIET અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યક્રમો યોજે છે. તેનો પ્રચાર-પ્રસાર કરે છે અને તેના આધારિત સંશોધનો હાથ ધરે છે.
- GCERT તાલીમ શાખા દ્વારા યોગ અને સ્કાઉટ ગાઈડ અંગેની તાલીમનું આયોજન અને અમલીકરણ કરે છે.
- શિક્ષણની બધી જ વિદ્યાશાખાઓમાં શૈક્ષણિક સંશોધન પ્રવૃત્તિને સમર્થન, સહાય અને ઉત્તેજન પૂરાં પાડે છે.
- ટેલિકોન્ફરન્સ, દૂરવર્તી શિક્ષણ, આકાશવાણી વગેરેનો સહયોગ મેળવી શૈક્ષણિક કાર્યક્રમો તૈયાર કરાવે છે તેમજ આવાં કાર્યક્રમો નિયમિત પ્રસારિત કરવામાં અગત્યની ભૂમિકા ભજવે છે.
- વર્ષમાં બે વાર DIET ના અધ્યાપકો માટે 'Capacity Building Seminar' યોજી તેમની વ્યાવસાયિક સજ્જતા વધારવા પ્રયત્ન કરે છે.
- ગણિત અને વિજ્ઞાન એકમ દ્વારા પ્રાથમીક અને માધ્યમિક શિક્ષકોને ગણિત-વિજ્ઞાન વિષયનાં શૈક્ષણિક કઠિન બિંદુઓની સમજ આપે છે. તથા વિજ્ઞાન-ગણિત પ્રદર્શન, સાયન્સ કોર્નર, વિજ્ઞાન નગરી જેવાં કાર્યક્રમોનું આયોજન કરે છે. વિજ્ઞાન મંડળોને જરૂરી માર્ગદર્શન આપે છે.
- GCERT ના ઉપયોગ માટે મિલકત ખરીદી કરે છે. અનુદાન સહાય મેળવે છે. જેના દ્વારા GCERT અને રાજ્યના DIET નું સશક્તિકરણ કરે છે.
- પ્રશિક્ષણ અંગેનું સાહિત્ય Print અને Audio-Video સ્વરૂપે તૈયાર કરે છે અને આવું સાહિત્ય શાળાઓ સુધી પહોંચે છે.
- રાજ્યના શિક્ષણ વિભાગ અને પ્રાથમીક શિક્ષણ નિયામકની ક્ચેરી તથા SSAM ક્ચેરી સાથે સંકલન સાધી પ્રાથમીક શિક્ષણની ગુણવત્તા ઊંચી આવે તે માટે મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

**GCERT ની શાખાઓ**

સમગ્ર રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે GCERT જે વિવિધલક્ષી પ્રવૃત્તિઓ અને કાર્યો કરે છે. તેને નીચેની શાખાઓમાં વહેંચી શકાય.

**1 શિક્ષક-પ્રશિક્ષણ**

અધ્યાપન મંદિરનાં અધ્યાપકો માટે તેમજ જિલ્લાના શિક્ષણ નિરીક્ષકો માટેનાં ઓપવર્ગો અને નવસંસ્કરણ વર્ગો યોજી તેમને શિક્ષણ જગતના પ્રવાહો પહોંચાડે છે.

**2 અભ્યાસક્રમ અને વિકાસ**

પ્રવર્તમાન અભ્યાસક્રમમાં સમયની માંગ પ્રમાણે આમૂલ પરિવર્તન કરવું અને અજમાયશ ધોરણે અમલ કરી જરૂરી ફેરફાર કરે છે.

**3 પ્રકાશન અને પુસ્તકાલય**

શિક્ષકોને સીધી રીતે ઉપયોગી બને એવા વિવિધ પ્રકાશનો પ્રગટ કરવાનું કાર્ય કરે છે. ‘જીવન શિક્ષણ’ જેવાં સામાજિક દ્વારા શિક્ષણના નવા પ્રયોગો શિક્ષકો સુધી પહોંચાડવાનું કાર્ય પણ તે કરે છે. તદુપરાંત, પુસ્તકાલય સેવાઓ પણ પૂરી પાડે છે.

**4 સંશોધન**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને શાળા કક્ષાએ સંશોધનો હાથ ધરે છે અને પ્રોત્સાહન આપે છે. આ સંશોધનોનાં તારણોને આધારે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં જરૂરી પરિવર્તન આણે છે.

**5 સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ**

સ્વાસ્થ્ય શિક્ષણની તાલીમી કૉલેજોના અભ્યાસક્રમમાં સુધારો કરે છે અને યોગના શિક્ષણના શાળા કક્ષાએ અમલ કરાવે છે.

**6 વિજ્ઞાન અને ગણિત**

વિજ્ઞાન અને ગણિત વિભાગ દ્વારા પ્રોજેક્ટ પદ્ધતિઓનું આયોજન કરાવી, વિજ્ઞાન-ગણિત પ્રતિભા ખોજની કસોટીઓ તૈયાર કરવી જેવાં કાર્યક્રમો હાથ ધરાયા છે. ગણિત અને વિજ્ઞાન ખૂણાંની રચના જુદાં જુદાં સ્તરે છે તથા વિજ્ઞાનનાં સાધનો વિકસાવે છે.

**7 માહિતી, પ્રત્યાયન અને તકનિકી :**

શિક્ષણમાં તકનિકીનો ઉપયોગ કરવાનો અને કમ્પ્યૂટરનો શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. શાળાઓના જોડાણ કરવાનો મુખ્ય પ્રોજેક્ટ હાથ ઉપર છે.

**8 આયોજન અને વ્યવસ્થાપન**

શૈક્ષણિક કાર્યક્રમોનું સંકલન કરે છે. ભિન્ન ભિન્ન હેતુઓ માટે શિક્ષકોની માહિતી એકઠી કરે છે. વાર્ષિક વાસરિકા અને અહેવાલ તૈયાર કરે છે.

**9 વહીવટ અને હિસાબ**

સંસ્થાકીય શૈક્ષણિક વહીવટ કરે છે. માર્ગદર્શન સુવિધા પૂરી પાડે છે, હિસાબ-કિતાબનું ધ્યાન રાખે છે અને કર્મચારીગણનું નિયમન કરે છે વિશિષ્ટ કાર્યક્રમો વડી ક્ચેરીએથી જાહેર થાય છે

અને સમયમર્યાદાને આધીન હોય છે આ કાર્યક્રમો નિશ્ચિત હેતુ આધારિત હોય છે.

**10 સંકલન**

GCERT નું વ્યવસ્થાપક મંડળ નિયમાનુસાર તેનો વહીવટ, નિયમન અને વ્યવસ્થાપન કરે છે. વ્યવસ્થાપક મંડળના અધિકારીઓ અને સત્તાધીશો નીચે મુજબ હોય છે.

- પ્રમુખ
- ઉપપ્રમુખ
- ચેરમેન
- કારોબારી સમિતિ
- GCERT ના ડિરેક્ટર, જોઈન્ટ ડિરેક્ટર અને મંત્રી

**GCERT ના ખાસ કાર્યક્રમો**

- આઈઈડીસી શાખા (સંકલિત શિક્ષણ યોજના, વિકલાંગ બાળકો માટે)
- વસ્તી શિક્ષણ શાખા (તારુણ્ય શિક્ષણ સહિત)
- આઈપીટીપી- આઈટીવી શાખા (ઈન્ટર એક્ટિવ ટેલીવિઝનના માધ્યમથી શિક્ષકોને તાલીમ)

## 10.6 તમારી પ્રગતિ ચકાસો

**1. NCERT નાં કાર્યો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. UGCના ચાર હેતુઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. શિક્ષક-પ્રશિક્ષણ માટેની રાષ્ટ્રીય સમિતિનાં કાર્યો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. **G.C.E.R.Tના ચાર કાર્યો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 10.7 સારાંશ

સ્વતંત્ર ભારતના શિક્ષણના ઈતિહાસમાં 'વિવિધ પંચો'નું સ્થાન અતિ મહત્ત્વનું છે, કારણ કે આ એક પંચ એવું હતું, જેની ભલામણોનો અમલ કરવા ભારત સરકારે સહૃદથી પ્રયત્નો કર્યા હતા. તેનો અમલ કરવા માટે આવશ્યક વહીવટી તંત્ર ઊભું કર્યું હતું. વળી તે વિવિધ પંચોના સંદર્ભમાં રચાયેલો છે. આ તમામ સંગઠનોની ભૂમિકા દ્વારા તેના કાર્યોની માહિતી પ્રાપ્ત થશે.

## 10.8 સ્વાધ્યાય

1. U.G.C. ની વિવિધ શાખાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરો.
2. D.I.E.T ના ઉદ્‌ભવની ચર્ચા કરી તેની વિવિધ શાખાઓ જણાવો.
3. G.C.E.R.T ની વિવિધ શાખાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરો.

## 10.9 ચર્ચા માટેના મુદ્દા

1. કોઈ એક D.I.E.T. સંસ્થાની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો.
2. U.G.C. ના કાર્યો અંગે બ્રેઈન સ્ટોર્મિંગ પદ્ધતિનો ઉપયોગ કરી અહેવાલ તૈયાર કરો.

## 10.10 સંદર્ભ સૂચિ

1. રાવલ, નટુભાઈ અને અન્ય, ભારતમાં શૈક્ષણિક પ્રણાલીનો વિકાસ, નીરવ પ્રકાશન, અમદાવાદ 2009

## 10.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. 2.3.2
2. 2.3.3
3. 2.3.4
4. 2.3.6

**તમારી પ્રગતિ ચકાસો**

1. **રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સંસ્થા ક્યાં આવેલી છે ?**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. NCERT **નું મુખ્ય કાર્ય શું છે ?**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. **ક્ષેત્રીય શિક્ષણ મહાવિદ્યાલયો બંધ કરીને કઈ સંસ્થાને કાર્ય સોંપવું જોઈએ ?**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. NCERT **બંધારણમાં કોનો કોનો સમાવેશ થાય છે ?**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. NCERT ના મુખ્ય હેતુઓ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. ભારતમાં અત્યારે કુલ કેટલાં વિશ્વવિદ્યાલયો છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

7. UGC ની સ્થાપના માટેની ભલામણ કઈ કમિટીએ કરી હતી ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

8. UGC ના પ્રથમ ચેરમેન કોણ હતા ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

9. UGC ના હાલના ચેરમેન કોણ છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

10. યુનિવર્સિટીનું માળખું આકૃતિ દ્વારા સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

11. UGC ના પરીક્ષા સુધારણા અંગેના નિયમો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

12. DIET નું પૂરું નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

13. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ જણાવો.

..................................................................

..................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

14. GCERT નું પૂરું નામ જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

15. GCERT ના મુખ્ય કાર્યક્રમો જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ES-103**

**શિક્ષક-પ્રશિક્ષણ**

## વિભાગ

# 4

## ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણ


**એકમ-11 અધ્યયન એક વ્યવસાય**

**એકમ-12 બ્રેઈન સ્ટોર્મિંગ**

**એકમ-13 ભારતમાં સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ સંકલ્પના, માળખું, પ્રકારો**

**એકમ-14 શિક્ષક-શિક્ષણમાં મૂલ્યાંકન**

**ES-103, શિક્ષક-પ્રશિક્ષણ (વિભાગ-4)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. રામજીભાઈ એન. પટેલ** | એમ. એડ્. કૉલેજ, વડું |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સોનલ પટેલ** | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-047-2**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-103 શિક્ષક-પ્રશિક્ષણ

**વિભાગ-1 શિક્ષક - પ્રશિક્ષણ : ભૂમિકા**

એકમ-1 શિક્ષક-શિક્ષણ

એકમ-2 શિક્ષક-શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

એકમ-3 શિક્ષક-શિક્ષણના પ્રકારો

**વિભાગ-2 શિક્ષક - પ્રશિક્ષણમાં અધ્યયન-અધ્યાપન**

એકમ-4 શિક્ષક-પ્રશિક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

એકમ-5 શિક્ષક-શિક્ષણમાં આચાર્યોની ભૂમિકા

એકમ-6 શિક્ષક-શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અને પ્રશ્નો

એકમ-7 શિક્ષક-શિક્ષણમાં અધ્યયન-અધ્યાપન

**વિભાગ-3 શિક્ષક-પ્રશિક્ષણની નીતિઓ**

એકમ-8 ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણને સંબંધિત બંધારણ

એકમ-9 ભારતમાં શિક્ષણ માટેનું નીતિ ઘડતર

એકમ-10 ભારતમાં શિક્ષક-શિક્ષણને સંબંધિત બંધારણ નીતિ ઘડતર અને પ્રતિનિધિ સંસ્થાઓ

**વિભાગ-4 ભારતમાં શિક્ષણ-પ્રશિક્ષણ**

એકમ-11 અધ્યયન એક વ્યવસાય

એકમ-12 બ્રેઈન સ્ટોર્મિંગ

એકમ-13 ભારતમાં સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ સંકલ્પના, માળખું, પ્રકારો

એકમ-14 શિક્ષણ-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 11**

# અધ્યયન એક વ્યવસાય

## : રૂપરેખા :

**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 વ્યવસાયની સંકલ્પના**

**11.3 વ્યવસાયનાં લક્ષણો**

**11.4 અધ્યયન એક વ્યવસાય**

**11.5 વ્યવસાયીકરણના વિકાસની પ્રવૃત્તિઓ**

**11.6 વિવિધ સંગઠનોની ભૂમિકા**

**11.7 તમારી પ્રગતિ ચકાસો**

**11.8 સારાંશ**

**11.9 સ્વાધ્યાય**

**11.10 ચર્ચા માટેના મુદા**

**11.11 સંદર્ભ સૂચિ**

**11.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 11.0 ઉદ્દેશો

(1) વિદ્યાર્થીઓ વ્યવસાયની સંકલ્પના સમજે.

(2) અધ્યયન-વ્યવસાયના લક્ષણોથી વિદ્યાર્થી માહિતીગાર થાય

(3) અધ્યયન એક વ્યવસાય વિશે જાણે.

(4) વ્યવસાયીકરણની વિવિધ પ્રવૃત્તિથી વિદ્યાર્થી પરિચિત બને.

(5) અધ્યયન માટે વિવિધ સંગઠનોની ભૂમિકાથી વિદ્યાર્થી માહિતગાર બને.

## 11.1 પ્રસ્તાવના

ગૌતમ બુદ્ધ વૃક્ષની નીચે અંતર્મુખ થઈ જીવનની મૂળભૂત સમસ્યાઓ વિષે ચિંતન કરી રહ્યાં હતાં અને કોઈ એક અલૌકિક પળે તેમને જીવન સત્યનો બોધ થયો. પરિણામે ગૌતમમાંથી તેઓ બુદ્ધ થયા. પોતાને થયેલ જીવનસત્ય બોધને લોકો સુધી પહોંચાડવા જ્યારે તે ગામેગામ વિહાર કરી રહ્યાં હતા ત્યારે એક ગામની સ્ત્રી તેમના ચરણે પડી કરગરવા લાગી.

**માતા :** ભગવંત ! મારી ઉપર રહેમ કરો. હું બહુ દુખીયારી છું. મારો એકનો એક લાડકવાયો બેરહમ ઈશ્વરે છીનવી લીધો છે. પરંતુ આપ તો દયાના સાગર છો ને મે સાંભળ્યું છે કે આપ જીવનદાતા છો. માટે મારી ઉપર દયા કરો મારા જીવનનો આધાર મને પાછો મેળવી આપો.

**બુદ્ધ :** માતા! તમારી વ્યથા હું સમજી શકું છું તારી ઉપર ઘોર આપત્તિ આવી પડી છે તે પણ હું જાણુ છું. પરંતુ

**માતા :** પરંતુ .... બરંતુ .... મારે નથી સાંભળવું....પ્રભુ! આપ શકિતમાન છો. મેં સાંભળ્યું છે કે આપ સહુના દુઃખો દૂર કરનાર છો — શું આ અબળાનું દુઃખ દુર નહિ કરો ? તો હું આપના ચરણોમાં જ મારું માથું પટકીને પ્રાણ દઈ દઈશ તેની વ્યથાની તીવ્રતા પીછાણીને તેમણે નિર્ણય કર્યો કે આ સ્ત્રીને મારે જન્મ-મરણની અવલત્તા શીખવવી જ પડશે, આથી તેમ0ણે એક જ યુકિત વિચારી.

**બુદ્ધ :** માતા! તમારા દુઃખથી હું પણ દુઃખી થયો છું મારો અંતરાત્મા તમને મદદ કરવા મને પ્રેરે છે. હું તમારા પુત્રને સજીવ કરીશ, પરંતુ એ માટે મારે તમારી જરુર પડશે. માતા તો રાજી થઈ બોલી ઊઠી

**માતા :** બોલો બોલો, હું આપને શી મદદ કરું.... કહેશો તો મારી ચામડીના જોડા બનાવી આપું ....

બુદ્ધઃ ના...ના... માતા .... આવું કશું કરવાની જરૂર નથી . હાલ આપ મારી વાત ધ્યાનથી સાંભળો. તમે ગામમાં જાઓ અને એવું ઘર પરિવાર શોધી કાઢો કે જયાં આજ સુધીમાં કોઈનું પણ મોત થયું ન હોય. આવું ઘર પરિવાર મળે એટલે ત્યાંથી મુઠી ભર રાઈ લઈને અહીં આવજો પછી એના દ્વારા હું તમારા પુત્રને જીવતો કરી શકીશ. માતા ઘરે ઘરે જઈ પૂછવા લાગી .... તમારા ઘરમાં આજ સુધીમાં કોઈનું ય મોત થયુ છે? માતા ગામમાં બધે ફરી વળી પણ તેને કોઈ એવું ઘર ન મળ્યું કે જયાં મૃત્યુ ન થયું હોય.માતા ફરી બુદ્ધ પાસે આવી જ નહીં.

પ્રશિક્ષણાર્થી મિત્રો પ્રશ્ન એ છે કે માતાએ પોતાની જીદ છોડી શા માટે ? તે બુદ્ધ પાસે પાછી કેમ ન આવી ?બુદ્ધે તેને શું શીખવ્યું ? માતા ઘેર ઘેર ભટકીને શું શીખી ?

Mudaliar Commission Report Stated,

"We are convinced that the most important factor in the contemplated educational recon saturation is the teacher, his personal qualities, his educational qualification, his professional training and the place that he occupies in the community"

અર્થાત્ અમે સર્વ સન્માનીય સભ્યશ્રીઓ આ બાબતે એકમત ધરાવીએ છીએ કે શિક્ષણના નવનિર્માણમાં સૌથી અગત્યની ભૂમિકા જો કોઈ ભજવી શકે તેમ હોય તો તે છે શિક્ષક, માત્ર શિક્ષક તેથી તેના વૈયકિતક ગુણો, તેની શૈક્ષણિક લાયકાત અને તેની વ્યાવસાયિક તાલીમ તથા સમાજમાં તેનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે.

આનો સામાન્ય અર્થ એ થયો કે શિક્ષકની વ્યાવસાયિકતા વિકસે તેવું પ્રશિક્ષણ, તેવું શિક્ષણનું વ્યવસ્થાપન વગેરે હોવું જોઈએ. સ્વતંત્ર ભારતના દરેક શિક્ષણ પંચોએ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તથા આચાર્ય રામમૂર્તિ સમીક્ષા સમિતિ (1990), મેહરોત્રા પગાર પંચે (1987) પણ વ્યાવસાયિકતા પર ભાર મૂકયો છે. વાસ્તવમાં કોઈ પણ ધંધા, નોકરી, વ્યવસાય કે સેવાક્ષેત્રમાં સફળતા માટે જે-તે કર્મચારીનો વ્યાવસાયિક અભિગમ ખૂબ જરૂરી છે. ક્રિકેટર સચિન તેંડુલકરની ક્રિકેટક્ષેત્રે જબરદસ્ત સફળતાનો પાયો છે પણ તેની ક્રિકેટ રમત પ્રત્યેનો વ્યાવસાયિક અભિગમ માઈક્રોસોફ્ટ કંપનીનો માલિક બિલગેટસ કે જેને યુનિવર્સિટી તો કમજોર વિદ્યાર્થી ગણી તગડી મુકયો હતો તે પણ પોતાના ધંધામાં આટલો બધો સફળ થઈ શકયો પણ કારણ તેનો વ્યાવસાયિક અભિગમ છે.

વ્યાવસાયિકતા એ સફળતાની ગેરેન્ટી છે તો પછી શિક્ષણ કાર્યમાં સફળતા મેળવી દેશના અને સમાજના ઉદ્ધાર અને પ્રગતિ માટે શિક્ષકો એ પણ પોતાની નોકરી પરત્વે વ્યાવસાયિક અભિગમ અપનાવવો જ રહ્યો.

“વ્યાવસાયિકતાનો વિકાસ શબ્દની પરિભાષા કાર્ટર વી ગુડની ડિક્ષનરી ઓફ એજયુકેશનમાં આ રીતે આપી છે. ”

“professional growth means increase in subject matter knowledge, teaching skills and efficiency and insight in to educational problems with a concomitant increase in success as a teacher.”

આનો અર્થ એ થયો કે વિષયનું તલસ્પર્શી જ્ઞાન, અધ્યાપન કૌશલ્યો અને ક્ષમતાઓ તથા શિક્ષણ અંગેના પ્રશ્નો સમજવાની આંતરઃ દૃષ્ટિ શિક્ષકને સફળતાની કેડી પર દોરી જનાર તત્ત્વો છે. આ ત્રણ તત્ત્વોનું સંયોજન એટલે વ્યાવસાયિકતાનો વિકાસ ગણી શકાય.

પ્રત્યેક વ્યવસાય અંગે ચોકકસ ખ્યાલો પ્રવર્તતા હોય છે. પ્રત્યેક વ્યવસાયની આગવી આચાર-સંહિતા તેના નીતિ-નિયમો હોય છે. વ્યવસાયની સફળતા-નિષ્ફળતાનો આધાર તે વ્યવસાય કરનાર વ્યકિત નિષ્ઠા પર નિર્ભર હોય છે.

શિક્ષણ પણ એક વ્યવસાય છે આ વ્યવસાયની એક આગવી વિભાવના છે. આ વ્યવસાયની એક આગવી મુદ્રા છે. અને વ્યવસાયોની તુલનામાં તેની વ્યાવસાયિક સંકલ્પના લાક્ષણિકતાઓ અને આચાર-સંહિતા જુદા પડે છે.

અન્ય વ્યવસાયો કરતાં શિક્ષકના વ્યવસાયને પવિત્ર અને સામાન્ય ગણવામાં આવ્યો છે. શિક્ષકની પાસે અન્ય વ્યવસાયો કરતાં વધુ નિષ્ઠા અને જવાબદારીની અપેક્ષા રખાય છે.

## 11.2 વ્યવસાયની સંકલ્પના

उत्तम खेती, मध्यम बाग

नीच चाकरी जान सुजान ॥

આનો અર્થ એ છે કે, ખેતીનો ધંધો ઉત્તમ છે, વેપાર એ મધ્યમ પ્રકારનો ધંધો છે ને ચાકરી-નોકરી તો નિન્મ પ્રકારનો ધંધો છે. પરંતુ સમાજ વ્યવસ્થાનું અવલોકન કરતા સ્પષ્ટ થાય કે એ ત્રણેય જરૂરી જ નહિ પણ અનિવાર્ય છે. તેમ છતાં વિચારણીય એ છે કે નોકરીને નિમ્ન પ્રકારનો ધંધો શા માટે કહ્યો છે? જો ત્રણેય ધંધાની ખૂબીઓ અને જરૂરી ક્ષમતાઓની તુલના કરશો તો પ્રશ્નનો ઉતર મળી જશે.

પરંતુ આ ધંધા –રોજગાર વ્યવસાય કેવી રીતે બને તે વિચારવા જેવું છે ત્યારે આ દિશામાં વિચારવું પડશે.

### (1) કોઈ પણ ધંધા-રોજગારમાં સફળતા મેળવવા શું કરવું ?

ઉત્તર દેવાને બદલે એક વાર્તા કહું, ત્રણ ભાઈઓ ધંધા રોજગારીની શોધમા નીકળ્યા તેમના પિતાએ ત્રણેયને સરખા રૂપિયા આપ્યા હતા અને આજ્ઞા કરી હતી કે આ રૂપિયા વડે જે કંઈ કમાવ તે લઈને વર્ષને અંતે પાછા આવજો.

ત્રણેય જુદી જુદી દિશામાં નીકળી ગયા. ત્રણેય હતા ઉત્સાહી સંજોગોવસાત ત્રણેય ભાઈઓએ પોતાના પૈસામાંથી લોખંડના ગઠ્ઠા ખરીદ્યા.

એકે વિચાર્યુ કે જો હું આના સળીયા બનાવીશ ને પછી વેચીશ તો મારી મૂડી વધશે, કમાણી વધશે બીજાએ

વિચાર્યુ કે જો હું આ ગઠ્ઠામાંથી નાના નાના ટુકડા કરી પેપર વેઈટ બનાવીશ ને પછી વેચીશ તો મારી મૂડી વધશે ને કમાણી વધશે.

ત્રીજાએ વિચાર્યુ કે આ ગઠ્ઠામાંથી જો હું જુદી જુદી સાઈઝની ખીલીઓ બનાવીશ તો મારો વેપાર વધશે.

ત્રણેયે આ રીતે એક વરસ સુધી ધંધો કર્યો. વર્ષાંતે પિતા પાસે પરત ફર્યા. સૌએ પોતપોતાના ધંધાની વાત કરી. કમાણી જણાવી. સૌથી વધુ કમાણી પેલા ખીલી બનાવનારની થયેલી જાણી પિતાએ જણાવ્યું કે બેટા ધંધાને વિકસાવવા માટે દૂરંદેશિતાની જરૂર પડે છે, વધુ મહેનતની જરૂર પડે છે, વધુ ચીવટ કાળજીની જરૂર પડે છે. ટૂંકા રસ્તે ધંધો કરતાં તે પૂરેપૂરો વિકસી ન શકે.

તો કોઈ પણ ધંધો કે રોજગાર વ્યવસાય ત્યારે જ બની શકે કે જયારે ધંધો કરનાર પોતાના ધંધાની ઝીણામાં ઝીણી ખૂબીઓ જાણી યોગ્ય નિર્ણય કરે. યોગ્ય નિર્ણય કર્યા બાદ તેના અમલ માટે કમરતોડ મહેનત કરે. મહેનત કરતાં કરતાં પૂરતી ચીવટ અને કાળજી રાખે. જેથી ઉત્પાદન ગુણવતાવાળું બની શકે. સફળતા જલદી મેળવવા ગમે તેવા ગોરખધંધા ન કરે અર્થાત્ ધંધામાં ઈમાનદાર રહે, ધંધાને સમર્પિત રહે, નવાં આઈડિયા સ્વીકારતો રહે. અર્થાત્ મન ખુલ્લું રાખે, ધંધામાં નવીનીકરણ કરતો રહે. આત્મનિરીક્ષણ અને સ્વમૂલ્યાંકન કરતો રહે.

આ ઉપરથી વ્યવસાયનો અર્થ એવો થઈ શકે કે જે કોઈ આજીવિકાની પ્રવૃત્તિ હોય તેમાં દિલ દઈને પ્રવૃત્તિ કરવી, એકાગ્ર થઈ પ્રવૃત્તિ કરવી, અવનવા ફેરફારો કરવા, વલણ, લવચિક રાખવું, સમર્પિત થઈ, કટિબદ્ધ થઈ, પ્રતિબદ્ધ થઈ તે પ્રવૃત્તિ ને ગુણવત્તાસભર બનાવવી, વ્યકિત અને સમાજ લાભાન્વિત થાય તે સ્તરનું પરિણામ લાવવું એટલે એ પ્રવૃત્તિ ધંધો કે રોજગાર વ્યવસાય થયો ગણાય.

Saunders (2003) (પ્રોફેશન) વ્યવસાયને આ રીતે વ્યાખ્યાયિત કરે છેઃ

"A profession is a specialized occupation that involves specific orientation and training. It can be defend as an occupation based upon specialized intellectual study and training, the purpose of which is to supply skilled service and to advise others for a definite fees or salary."

પ્રોફેશન એ ખાસ પ્રકારનો ધંધો છે કે જેમાં ખાસ પ્રકારનું અભિમુખીકરણ અને ખાસ પ્રકારનું પ્રશિક્ષણ અનિવાર્ય હોય છે. વ્યવસાય ને આ રીતે પણ વ્યાખ્યાયિત કરી શકાય કે એવો ધંધો કે જે ખાસ પ્રકારના બૌદ્ધિક અભ્યાસ અને પ્રશિક્ષણના પાયા પર વિકસ્યો હોય અને તેનો હેતુ કૌશલ નિપુણ સેવા પૂરી પાડવાનો તથા સલાહ અને માર્ગદર્શન આપવાનો છે. એ માટે ચોકક્સ ફી આપવા વેતન પણ મેળવવાનું રહે છે.

જોકે ફી અથવા વેતન એ તો કોઈ પણ ધંધા-રોજગારનું અભિન્ન ઘટક હોય જ છે. પરંતુ અન્ય ધંધા-રોજગાર કરતાં વ્યવસાયને જુદું પાડનારું ભેદક તત્ત્વ છે. ''બૌદ્ધિક અધ્યયન અને વિશિષ્ટ પ્રશિક્ષણ જે સામાન્ય રીતે અન્ય ધંધા રોજગારમાં હોતું નથી. તેથી ડૉકટર, વકીલ કે એન્જિનિયરના કાર્યને વ્યવસાય ગણવામાં આવે છે બાકીના કાર્યોને વ્યવસાય નથી ગણતા બલ્કે ધંધો ગણવામાં આવે છે.''

શિક્ષકના વ્યવસાયને હજી સામાન્ય વ્યવસાય તરીકે સમાજ દ્વારા સ્વીકૃતિ પ્રાપ્ત થઈ નથી. આવી સ્વીકૃતિ તે ડૉકટર, ઈજનેરો, વકીલોને પ્રાપ્ત થઈ છે. વ્યાવસાયિક દરજ્જો એટલે વ્યવસાયની દૃષ્ટિએ સમાજમાં સ્થાન, શિક્ષકનો વ્યાવસાયિક સજ્જતા કેળવવી પડે. વ્યાવસાયિક સજ્જતા એટલે શિક્ષકે પોતાનાં વ્યવસાયની આદર્શ આચારસંહિતાનું પાલન, વ્યવસાય પ્રત્યે નિષ્ઠા, શ્રધ્ધા કેળવવી પડે. શિક્ષકના વ્યાવસાયિક દરજ્જાની ગુરુચાવી તેની વ્યાવસાયિક સજ્જતા છે સમાજની બદલાતી જરૂરિયાતો અને અપેક્ષાના સંદર્ભમાં શિક્ષકે પોતાનાં વ્યવસાયનું સમાયોજન કરવું પડશે, પોતાની વ્યાવસાયિક સજ્જતા અને કાર્યક્ષમતા વિકસાવવા પડશે. તો જ શિક્ષકનો વ્યાવસાયિક દરજ્જો સુધારવા માટે તેને કાર્ય સંતોષ ત્યારે જ પ્રાપ્ત થાય જયારે તેની આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો થાય.

**અધ્યાપનની સંકલ્પના**

અધ્યાપન એટલે શીખવવું (teaching) કુંટુંબમાં બાળકને ખાતા, બોલતા, ચાલતા વગેરે કેટકેટલું શીખવે છે ? શેરીમાં બાળકને તેના મિત્રો શીખવે છે અને શાળામાં શિક્ષક શીખવે છે. શીખવાની આ ક્રિયા ચાલ્યા કરે છે, પરંતુ શીખવાની આ ક્રિયા નિરર્થક નથી. હેતુલક્ષી પ્રક્રિયા છે એથી કહેવાય છે કે અધ્યાપન હેતુલક્ષી પ્રક્રિયા છે માટે શિક્ષક બનવા થનગની રહેલા પ્રશિક્ષણાર્થીઓએ તે અંગે ઊંડી સમજ કેળવવી જોઈએ અગાઉ પ્રાસ્તાવિકમાં આપણે જોયું કે માતા-પિતા-સમાજ સિદ્ધ કરવાની જવાબદારી શાળા શિક્ષકની ઊભી થાય છે. આ જવાબદારી વહન કરવા શિક્ષક અધ્યાપન કરે છે અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાને અસરકારક બનાવવા ઘણાં સંશોધનો-પ્રયોગો થાય કે તેથી તેના અર્થો, સ્વરૂપો વગેરેમાં પરિવર્તનો આવ્યાં છે. ગઈ સદીના આઠમા દાયકાથી તો આ ક્ષેત્રે નોંધપાત્ર સંશોધનો થયા તેમના તરૂણોને આધારે અધ્યાપન અંગે નવા વિચારો સ્પષ્ટ થયા.

❖ **અધ્યાપનનો અર્થ :**

શિક્ષક જયારે પોતાના એકમને વર્ગખંડમાં વધુમાં વધુ રસમય બનાવવા વિચારે છે ત્યારે હકીકતમાં તે અધ્યયન અંગે જ વિચારે છે અથવા શિક્ષક જયારે એકમને બધા જ અધ્યેતાઓ ગ્રહણ કરે તેવી રીતે ભણાવવા આયોજન કરે ત્યારે પણ તેનું ધ્યાન અધ્યાપન ઉપર કેન્દ્રિત હોય છે તેમ કરી શકાય. આમ અધ્યાપનને અધ્યેતા અને અધ્યાપન અનુભવો (અભ્યાસક્રમ) અને પ્રસ્તુતિકરણ (ડિલિવરી) સાથે પણ સંબધ હોય છે.

અધ્યાપન એટલે શીખવવું તે શબ્દની વ્યુત્પત્તિ દષ્ટિએ જોઈએ તો અધ્યાપન મૂળભૂત રીતે સંસ્કૃત શબ્દ છે તેથી શબ્દની વ્યુત્પતિ આ મુજબ થાય છે અધિક કે ઘણું અધ્યાપન શબ્દના મૂળમાં રહેલો છે. અધિક એટલે શીખવવું. શીખવાનુ પ્રેરકરૂપ શીખવાનું થાય છે. અધ્યાપનનો અર્થ પણ શીખે તેમ કરવું એવો થાય છે

અધ્યાપન માટે અંગ્રેજી ભાષામાં teaching શબ્દ છે તેના મૂળમાં teach શબ્દ છે તેનો ધાતુ રૂપ teach છે teachની ધાતુ teaik જૂની જર્મન ભાષાનાં ધાતુ ઉપરથી ઉતરી આવ્યો છે આ teik ધાતુ પણ જર્મન ભાષા deik ધાતુ પરથી આવી અહીં તેનો સંબંધ સંસ્કૃત ભાષાનું કિશે ધાતુ છે આ દષ્ટિ એ અધ્યાપનમાં અંગ્રજી પર્યાપ્તનો મૂળ અર્થ બનાવવું એવો થાય છે.

હવે અધ્યાપનનો શાસ્ત્રીય અર્થ સમજવા ઘણી વ્યાખ્યાઓ તરફ આગળ વધીએ — શ્રી ભટ્ટાચાર્ય 16 છે અને તે પણ વ્યાખ્યાઓ એકઠી કરી છે તેમાંની કેટલીક અત્રે રજૂ કરવામાં આવી છે અલબત્ત અધ્યાપન ઘણી સંકુલ પ્રક્રિયા શાળા વર્ગોની અતિસંકુલ પરિસ્થિતિમાં થતી હોય છે તેથી તેને વ્યાખ્યામાં બાંધવી ઘણી આકરી પડે છે. બાર (1961) ટકોર કરે છે. અધ્યાપન એ એવી વિવિધ ક્રિયાઓનો સમુચ્ચય છે કે વ્યકિત-વ્યકિતને અને પરિસ્થિતિ-પરિસ્થિતિ એ ભિન્ન ભિન્ન રૂપે સમ્પન્ન થાય છે તે છતાં જે જે વ્યાખ્યાઓ આપવા પ્રયત્ન થાય છે તે આ મુજબ છે.

(English & English (1958) અધ્યાપન અન્યને શીખવામાં મદદરૂપ થવાની કળા છે માહિતી પૂરી પાડવી તથા અધ્યયનને સમૃદ્ધ કરવા માટેની પ્રવૃત્તિએ પરિસ્થિતિને અને શરતો પૂરી પાડવા જેવી બાબતોને તે પોતાનામાં સમાવે છે

## 11.3 વ્યવસાયનાં લક્ષણો :

જો કાર્ય કે ધંધા કે પ્રવૃત્તિ આ મુજબનાં લક્ષણો અનિવાર્યપણે ધરાવતી હોય તેને ધંધો ન ગણતા વ્યવસાય પ્રોફેશન ગણવામાં આવે છે.

(1) આ એક પ્રકારનો વિશિષ્ટ ધંધો છે અને અન્ય ધંધાની તુલનામાં અહીં વિશેષ પ્રકારનું પ્રશિક્ષણ અનિવાર્ય રીતે સંકળાયેલું હોય છે. સામાન્ય રીતે અન્ય ધંધાઓમાં એ તત્ત્વ હોતું નથી .બલકે ધંધાર્થીને તે તાલીમ ઘર-પરિવારમાંથી, પિતા કે મોટાભાઈ પાસેથી મળી રહેતી હોય છે. કેટલાંક આવા ધંધા છે કે જેનો પાયો જનરલ એજયુકેશન (સામાન્ય શિક્ષણ) હોય છે. ઉ.દા.કલેરિકલ કામગીરી. એ માટે વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાત રહેતી નથી, કે વિશિષ્ટ વ્યાવસાયિક યોગ્યતાની પણ જરૂર રહેતી નથી શિક્ષક થવા માટે બી.એ., બી.એસ.સી. ઉપરાંત બી.એડ્.ની લાયકાત અનિવાર્ય છે.

(2) શિક્ષણનાં વ્યવસાય તરફની અભિમુખતા/ અધ્યાપનમાં અભિરૂચિ.

(3) પોતાનાં વિષયમાં પ્રભુત્વ, નિષ્ણાત હોવો જોઈએ.

(4) વિષયનાં અદ્યતન પ્રવાહોની જાણકારી હોવી જોઈએ.

(5) વ્યવસાય માટે વિશિષ્ટ અને કઠોર -ચુસ્ત તાલીમ જરૂરિયાત રહે છે કે જેના અને તેના સર્ટિફિકેટ કોઈ ખાસ પદવી મળે છે.

(6) શિક્ષણનાં વિવિધ કૌશલ્યો, પદ્ધતિઓ પર પ્રભુત્વ તથા અસરકારક રીતે તેનો વિનિયોગ કરવો.

(7) બાળ મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું જોઈએ.

(8) આ પોતાના ગ્રાહકોને કે લાભાર્થીઓને કૌશલનિપુણ સલાહ અને સેવા પૂરી પાડે છે. સ્પષ્ટ છે કે, કોઈ પણ બિનતાલીમી વ્યકિત આવી સેવા પોતાના ગ્રાહકોને પણ લાભાર્થીને પૂરી પાડી શકે.

(9) પોતાનાં કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને કર્તવ્યપાલન અંગેની જાગૃતિ

(10) વિવિધ દશ્ય-શ્રાવ્ય સાધનોનો અસરકારક ઉપયોગ કરવાનું કૌશલ્ય.

(11) શિક્ષણની વિવિધ સમસ્યાઓનાં ઉકેલ માટેની આવડત.

(12) પ્રયોગશીલતા, મૌલિકતા, સર્જનાત્મકતાનો શિક્ષણમાં વિનિયોગ.

(13) વિવિધ પ્રવૃત્તિઓ અને પદ્ધતિઓની જાણકારી.

(14) સહ અભ્યાસ પ્રવૃત્તિમાં રસ.

(15) અહીં પોતાના ગ્રાહકને કે લાભાર્થીને ઉકત પ્રકારની સેવાનાં બદલામાં ફી કે વેતન લેવામાં આવે છે.

(16) શિક્ષણનાં નવા ઉન્મેષોને આવકારવાની ક્ષમતા.

(17) બાલકેન્દ્રિ શિક્ષણમાં શ્રદ્ધા.

(18) સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શ્રદ્ધા.

(19) વ્યવસાય માટેની ખાસ પ્રકારની આચારસંહિતા હોય છે અને તેનું અનુસરણ જરૂરી હોય છે

(20) દરેક વ્યવસાયને પોતાનું નીતિશાસ્ત્ર હોય છે.

(21) રાષ્ટ્રની અને સમાજની બદલાતી જરૂરિયાતો, અપેક્ષાઓ અને બદલાતાં જતાં શૈક્ષણિક દર્શન અને ધ્યેયોની સાથે સમાયોજન સાધવાની ક્ષમતા.

(22) દરેક વ્યવસાયને પોતાનું નીતિશાસ્ત્ર હોય છે

(23) વેતન ફી જેવાં બદલા માટે પણ ચોકકસ પ્રકારની વ્યવસ્થા હોય છે, માંનાક (નોમર્સ) હોય છે તેવાં વ્યકિતગત સ્વાર્થ કરતાં સામાજિક હેતુ લક્ષમાં લેવાતો હોય છે.

## 11.4 અધ્યયન એક વ્યવસાય

આપણે ધંધો અને વ્યવસાયનો તફાવત જોયો તેમાં મુખ્યત્વે વિશિષ્ટ બૌદ્ધિક અધ્યયન, વિશિષ્ટ, કઠોર ને ચુસ્ત તાલીમ, વ્યકિતગત સ્વાર્થ કરતાં સમાભિમુખ અથવા સામાજિક દાયિત્વને લક્ષમાં રાખીને વળતરની ગણતરી, આચારસંહિતા, નીતિશાસ્ત્ર વગેરે વગેરે છે. ત્યારે પ્રશ્ન એ છે કે શું અધ્યાપનને વ્યવસાય ગણી શકાય ? અધ્યાપનને વ્યવસાય ગણવા માટેના સબળ તર્કો કે આધારો કયા કયા ? ચાલો એ દિશામાં વિચારીએ.

અધ્યાપનને વ્યવસાય ગણી શકવાનાં કારણો છે. અમને જ નહિ પણ અનેક વિદ્વાનોને લાગે છે. કે અધ્યાપનને વ્યવસાય ગણવામાં કશું જ અનુચિત નથી. મને વિશ્વાસ છે કે આ મુદ્દાની ચર્ચા કર્યા પછી તમને પણ અધ્યાપનને વ્યવસાય ગણવામાં વાંધો નહિ આવે. પરંતુ યાદ રાખજો એ વ્યવસાયની પવિત્રતા, આચારસંહિતા અને નીતિમત્તાનો છેદ કદાપિ ન ઉડાડશો.

અધ્યાપનને વ્યવસાય ગણતા આનંદ પાડકન લખે છે:

"It is said that teaching is not simply a job, it is an inspired profession or passion, A single inspired teacher can leave a lasting impression on the mind of students, not only in terms of the knowledge and training imparted but also the valves of teaching-learning and profession pride, and can inspire some of them to emulate their teacher and adopt teaching as a profession"

અર્થાત બેશક શિક્ષક એ કોઈ સરળ જોબ- પ્રવૃત્તિ – ધંધો નથી .તે તો પ્રેરક વ્યવસાય છે અથવા એ એક ઝંખના છે. એક સફળ શિક્ષણ હજારો વિદ્યાર્થીઓના મન-મસ્તિષ્ક પર અમીટ છાપ છોડી જાય છે અને તે પણ પોતાનાં જ્ઞાન-નિપુણતાની કે અધ્યાપન શૈલીની નહિ પરંતુ તેના દ્વારા ફલિત થતાં અધ્યયન-અધ્યાપનનાં મૂલ્યોની અને અધ્યાપન વ્યવસાયનાં ગૌરવની અને તે પૈકીની કેટલાંક વિદ્યાર્થીઓ તો પોતાના પ્રેરક શિક્ષકની જીવનશૈલીનું અનુકરણ કરતા પણ થાય છે તેઓ સ્વયં શિક્ષણને પવિત્ર વ્યવસાય તરીકે સ્વીકારે છે.

અધ્યાપન વ્યવસાય છે તે અંગેનો એક અભિપ્રાય જોઈએ. હવે આપણે અધ્યાપનને એક વ્યવસાયરૂપે રજૂ કરી શકાય કે નહિ તે અંગે તાર્કિક વિચારણા કરીએ.

આ માર્ગે સરળ રસ્તો એ છે કે શું વ્યવસાયનાં મોટાભાગનાં લક્ષણો અધ્યાપન પ્રવૃત્તિઓ ધરાવે છે કે નહિ તે ચકાસી લઈએ ને ત્યારબાદ નિર્ણય કરીએ –

**(1) વ્યવસાય માટે ખાસ બૌદ્ધિક શિક્ષણ અને ચુસ્ત તાલીમ અનિવાર્ય.**

શિક્ષણના વ્યવસાયમાં જોડાવા માટે શિક્ષક પાસે ખાસ બૌદ્ધિક શિક્ષણ (મેથડ કન્ટેન્ટ કોર્સિસ) અને બે વર્ષના ગાળાની ઈન્ટર્નશીપ સહિતની ચુસ્ત તાલીમ અનિવાર્ય છે.

એનો અર્થ એવો થયો કે અધ્યાપન પણ વ્યવસાય થવા માટેની અનિવાર્ય એવી પહેલી શરત કે લક્ષણ ધરાવે છે.

(2) વ્યવસાય માટે કઠોર અને ચુસ્ત તાલીમ મેળવ્યા બાદ સર્ટિફિકેટ યા ડિગ્રી હોવી જરૂરી છે. શિક્ષક થવા માટે NCTE સૂચિત અધ્યાપન કાર્યક્રમ પૂર્ણ કરવો ફરજિયાત છે ને આ પ્રશિક્ષણ

પૂર્ણ કર્યા પછી તેને યા તો સર્ટિફિકેટ (પ્રાથમિક શિક્ષકો માટે) યા યુનિવર્સિટી દ્વારા ડિગ્રી મળે છે.

આનો અર્થ એ થયો કે વ્યવસાયનું બીજું લક્ષણ પણ અધ્યાપન ધરાવે છે.

(3) વ્યવસાયમાં વ્યાવસાયિકો પોતાના ગ્રાહક કે લાભાર્થે કૌશલપૂર્ણ નિપુણતાયુકત-સલાહ-માર્ગદર્શન પૂરું પાડે છે.

શિક્ષણનાં વ્યવસાયમાં પણ શિક્ષક તો વિદ્યાર્થીનો ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડ- આમ ત્રેવડી ભૂમિકા અદા કરે છે. કબીરનો એક દોહો સમજવા જેવોં છેઃ

गुरु और पारस में बडो हु अन्तर जान।

एक लोहा कंचन करे, दूजा आप समान ॥

પારસમણિ અને ગુરુમાં એટલો જ ફરક છે કે, પારસમણિના સ્પર્શે લોખંડ સોનું બને (પારસમણિ ન બને), જયારે ગુરુના સ્પર્શે શિલ્પ પણ ગુરુસમાન આદરણીય બની શકે.

આનો અર્થ એ થયો કે વ્યવસાય માટેનું ત્રીજું લક્ષણ કૌશલ્યપૂર્ણ નિપુણતાપૂર્વકની સલાહ અને માર્ગદર્શન પણ અધ્યાપન ધરાવે છે.

(4) વ્યવસાયમાં વ્યાવસાયિક કૌશલ્યપૂર્ણ અને નિપુણતાપૂર્વકની સેવાના વળતર રૂપે ફી કે વેતન મેળવે છે. શિક્ષણમાં પણ શિક્ષક પોતાના અધ્યાપન કાર્યના બદલામાં વેતન કે ફી (ટયુશનિયા શિક્ષકો) મેળવે છે.

એનો અર્થ એ થયો કે વ્યવસાય માટેનું આ લક્ષણ પણ અધ્યાપન ધરાવે છે.

(5) વ્યવસાય માટેની ખાસ પ્રકારની આચારસંહિતા હોય છે. શિક્ષણમાં પણ શિક્ષકો માટેની શિક્ષક મંડળોના સહયોગથી બનાવેલી આચારસંહિતા હોય છે ને તેનું અનુસરણ જરૂરી હોય છે.

એનો અર્થ એ થયો કે વ્યવસાય માટેનું પાંચમું લક્ષણ પણ અધ્યાપન ધરાવે છે.

(6) વ્યવસાયને પોતાનું નીતિશાસ્ત્ર હોય છે. તદ્અનુસાર વ્યવસાય વ્યવહારો થાય છે. અધ્યાપનમાં પણ શિક્ષક માટેનું જાતીશાસ્ત્રિ હોય છે. જેમકે શિક્ષક પ્રમાતિક, નિત્યસની તથા કર્તવ્યનિષ્ઠ હાય વગેરે વગેરે.

(7) સેવાના વળતર રૂપે લેવાની ફી કે વેતન માટે ચોકકસ નોમર્સ (માનાંક-ધોરણો) હોય છે.

શિક્ષણમાં પણ વેતન સરકાર દ્વારા નિર્ધારિત હોય છે તથા ફી (ટયુશન) બાબતે પણ ધોરણો નિર્ધારિત છે.

એનો અર્થ એ થયો કે વ્યવસાય માટેનું આ લક્ષણ પણ અધ્યાપન ધરાવે છે.

આટલાં તાર્કિક સમર્થનો કે પુષ્ટિઓને કારણે અધ્યાપનને વ્યવસાયરૂપે સ્વીકારવું જ રહયું.

## 11.5 વ્યવસાયીકરણના વિકાસની પ્રવૃત્તિઓ

શિક્ષક પણ અન્યની જેમ પોતાનું અંગત જીવન ધરાવે છે. અને તેનો પણ આર્થિક, સામાજિક, અને વ્યાવસાયિક સમસ્યાનો સ્પર્શ કરતી હોય છે. આ ત્રણેય પ્રકારની સમસ્યાને ધ્યાનમાં રાખીને નીચેનાં કાર્યક્રમો હાથ ધરવામાં આવે તો તેને વ્યાવસાયિક વિકાસ કહી શકાય.

**(1) આર્થિક પ્રવૃત્તિઓ**

- સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સંતોષકારક પગાર સુધારણા કરવી.
- શિક્ષણનાં બાહ્ય/અન્ય કાર્ય માટે કાર્યના સંદર્ભમાં આર્કષક વેતન/ભથ્થાં

  દા.ત વસ્તી ગણતરી, સેમિનાર વગેરે.
- મોટી આર્થિક સમસ્યાઓને પાર પાડવા માટે સોસાયટીઓ શિક્ષકબેંક જેવી વ્યવસ્થા ઊભી કરવી.

  દા.ત. મકાન, લગ્ન
- શિક્ષકનાં વ્યવસાય અને સ્થિતિને ધ્યાનમાં લઈ અન્ય લાભો આપવા જેવાં કે

(1) તબીબી સારવાર યોજના

(2) બૌદ્ધિક વિકાસ માટેની પ્રવાસ યોજના

(3) પેન્શન- ગ્રેજયઇટી જેવાં લાભો

(4) બજાર ભાવોને ધ્યાનમા રાખી મોંઘવારી

➢ આર્થિક ભ્રષ્ટાચાર, ટયુશન, પરીક્ષા ગેરરીતિથી દૂર રાખવા કાયદા ઘડાવા જોઈએ.

**(2) વ્યાવસાયિક પ્રવૃત્તિઓ**

➢ નવા જ્ઞાન માહિતીથી પરિચિત કરવા તથા માર્ગદર્શન માટે સમાયંતરે કાર્ય શિબિરો, વર્કશોપ સેમિનારો, પરિસંવાદો મિટીગો યોજવી.

➢ સાંપ્રત સ્થિતિને ધ્યાનમાં લઈ ટૂંકા ગાળાનાં હેતુએ નકકી કરી તાત્કાલિક અસરકારક પરિણામ -ફેરફાર માટેના કાર્યક્રમો.

દા.ત વર્કશોપ, સેમિનારો, પરિસંવાદો વગેરે.

➢ શિક્ષકનાં વ્યાવસાયિક વિકાસ માટે ટૅકનૉલોજીનો ઉપયોગ કરી કાર્યક્રમો ઘડવા.

દા.ત ટૅકનૉલોજી, માહિતી, ઉપયોગ જરૂરિયાતો, સમજાવતાં પરિસંવાદ સેમિનાર

➢ શિક્ષણનાં મુખ્ય પ્રવાહને સમજી, હાલની પરિસ્થિતિ જરૂરિયાતને સમજી, સમાજમાં વિવિધ પ્રવાહોને સમજી યથાયોગ્ય રીતે ભળવુ /વિકસાવવું

➢ તેમની કાર્યક્ષમતા વધારવા, શિક્ષણમાં આગળ વધવા તથા સફળતા જેમણે મેળવી છે, તે તમામ માટે પ્રોત્સાહન કાર્યક્રમો યોજવા જોઈએ.

➢ જ્ઞાનોત્કર્ષ તથા અભ્યાસ કાર્યક્રમો યોજી શિક્ષકો માટે વિકાસાત્મક સ્પર્ધાનું આયોજન કરવું.

➢ શિક્ષકના વિકાસ માટે પ્રોજેકટ –સંશોધનોના કાર્યક્રમો ઘડવા.

➢ સંદર્ભગ્રંથો, સામાયિકો, પરિપત્રો જેવાં માધ્યમથી સતત ક્રિયાશીલ અને માહિતગાર રાખવો.

➢ શિક્ષક પોતાનાં વ્યવસાય કાર્યમાં મંદ કે સ્થગિતતા ન લાવે તે માટે પરીક્ષા આયોજન કરવું

➢ શિક્ષકના વિકાસ માટે પ્રોજેકટ / સંશોધનોના કાર્યક્રમો ઘડવા.

➢ પારિતોષિકો, એવોર્ડ વિતરણ કાર્યક્રમ જેમાં શ્રેષ્ઠ શિક્ષક, કામગીરી, વ્યવહારનાં સંદર્ભે સન્માન કરવું.

➢ વિષય વસ્તુમાં નિષ્ણાત, અસરકારક રીતે તેનો વિનિયોગ કરવો

**(3) સામાજિક પ્રવૃત્તિઓ**

➢ સમાજ અને શિક્ષકનાં પ્રશ્નો સમજી જાણી ઉકેલો શોધી બંને વચ્ચે અનુબંધ સ્થપાય તેવા કાર્યક્રમો ઘડવાં.

દા.ત ઉત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાલી મિટીગો

➢ શિક્ષક માટે સમાજ તરફથી આવાસ-નિવાસનાં પ્રબંધ થવા ઘટે.

➢ શિક્ષકનાં પ્રશ્નો સમાજની ભાગીદારી વધે તેવું વાતાવરણ સ્થાપવું જોઈએ.

➢ સમાજ તરફથી માન, પ્રતિષ્ઠા, કદર તથા અન્ય કાર્યમા શિક્ષકની હાજરી અનિવાર્ય બને તેવી શકયતા ઊભી કરવી.

**(4) શિક્ષક -પ્રશિક્ષણ પ્રવૃત્તિઓ**

જો તાલીમ પામેલાં શિક્ષકો ન હતાં તેમને તાલીમ આપવા માટે રાજય સરકાર શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમો કરતી હતી. તેનાથી શિક્ષણનો દર નીચો જાય છે. તેમાં સુધારો થાય એવા કાર્યક્રમોમાં તાલીમ વગરનાં શિક્ષકોને તાલીમ આપી તેમની સજ્જતામાં વધારો કરવામાં આવે.

**(5) સેવાકાલીન શિક્ષણ કાર્યક્રમો**

શિક્ષકની સેવા દરમિયાન તેની સજ્જતા વધારવા માટે જે કાર્યક્રમો કરવામાં આવે છે તેને સેવાકાલીન શિક્ષણ કાર્યક્રમ કહે છે. સમયગાળો વધારેમાં વધારે 1 માસનો હોય છે.

**(6) ઓરિએન્ટેશન અને રીફ્રેશર પ્રવૃત્તિઓ**

આવાં પ્રકારના કાર્યક્રમોનાં દશ્ય-શ્રાવ્ય સાધનોનો કાર્યક્રમોમાં ઉપયોગ, સમાજની માંગ અને રાષ્ટ્રના નૈતિક મૂલ્યોની જાણકારી વગેરે કાર્યક્રમો આપવામા આવે છે. આવા કાર્યક્રમનું સંચાલન વિષય તજ્જ્ઞો દ્વારા વિવિધ શિક્ષણ કાર્યક્રમ કરવામાં આવે છે. સાથે-સાથે સામાન્ય જ્ઞાન વિશેષ જાણકારી મળે તેવી પણ સુવિધા પૂરી પાડવામાં આવે છે. પરિણામે શિક્ષણની ગુણવત્તામાં સુધારો જોવા મળે છે.

આમ, શિક્ષકનાં વ્યાવસાયિક દરજ્જાને વિકસાવવા માટે ઉપર મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

વ્યાપક અર્થમાં શિક્ષક શિક્ષણનું વ્યાવસાયીકરણ માટે શિક્ષકમાં નીચેની બાબતો હોવી જોઈએ.

(1) શિક્ષકોએ તેમના વ્યવસાયનું અધિકૃત ગૌરવ અનુભવવું જોઈએ.

(2) તેમના વ્યવસાયનું ગૌરવ વધારવા તેમણે શકય બધા જ પ્રયત્નો કરવાં જોઈએ

(3) તેમના વ્યવસાયની છેલ્લી ઘટનાઓથી પોતાને વાકેફ રાખવાં જોઈએ

(4) તેમના હકકોના રક્ષણ માટે અને ક્ષમતાપૂર્વક અને સભાનતાપૂર્વકની ફરજ બજાવવા માટે તેમણે વ્યાવસાયિક સંગઠનો રચવા જોઈએ

(5) તેમના મંડળોએ રચેલી આચારસંહિતાનું શિક્ષકોએ અનુસરણ કરવું જોઈએ.

(7) શિક્ષકોના સંઘોના ધ્યેય અને પ્રવૃત્તિઓ.

(8) શિક્ષક કલ્યાણ જેમકે પગાર, પેન્શન અને સિનિયોરીટી અધિકારો

(9) અધ્યાપન પદ્ધતિ શાસ્ત્રીય નીતિ અને અમલ

(10) સામાજિક અને આદર્શવાદી પ્રશ્નો

જો કે આ મુદ્દાઓ ઉપરનો ભાર વિવિધ મંડળોમાં જુદાં-જુદાં સમયે ઓછો વધતો જોવા મળે છે દા.ત જાપાન અને મેક્સિકોમાં સામ્યવાદ અને કારફનીવાદ જેવી આદર્શ બાબતો-કેન્દ્રિય મહત્ત્વ ધરાવે છે. અમેરીકામાં નેશનલ એજયુકેશન એસોસીએશનને શરૂઆતમાં અભ્યાક્રમ અને અધ્યાપન સુધારણા પ્રકલ્પોમાં એની ઘણી શકિતઓ ખર્ચી, પાછળથી શિક્ષક કલ્યાણ અને શિક્ષણ કલ્યાણ અંગેના પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપ્યું

William E Urich એ વ્યાવસાયિક સંગઠનો સંઘો મંડળની ચાર જરૂરિયાત વર્ણવી છે.

(1) વ્યકિતના અધ્યયનમાં વૈયકિતક અનુભવની અભિવ્યકિત માટે સ્થળની વ્યાવસાયિક જરૂરિયાત

(2) આર્થિક સલામતીની જરૂરિયાત

(3) પસંદિત વ્યવસાયને કલંકિત કરનારાઓથી બચાવાની જરૂરિયાત

(4) શિક્ષકના કાર્યના મહત્ત્વનો અને સરકાર દ્વારા સ્વીકાર અને માન્યતાની જરૂરિયાત

યુલિંગના મતે એક આદર્શ મંડળ શિક્ષકોની તમામ જરૂરિયાતને સંતોષે તેવું હોય, સામર્થ્યયુકત પ્રતિનિધિઓ અને સભ્યો ધરાવતું હોય અને તેના સભ્યોને વિશાળ વૈવિધ્ય પૂરું પાડતું હોય.

The new Encycopeedia Britannica (1985) ના જણાવ્યા મુજબ -USSRમાં આ મંતવ્યો પેન્શન, વેકેશનનો પગાર અને પસંદગીની રજાનો પગાર આપે છે અને આ રીતે શિક્ષક કલ્યાણના ઘણાં પાસાંઓને સ્પર્શે છે.

## 11.6 શિક્ષકોના મંડળની ભૂમિકા/ વિવિધ સંગઠનોની ભુમિકા

➢ દુનિયાભરના શિક્ષક સંગઠનનો એક જ તરાહમાં વિકસેલા કે વિકસતા જોઈ શકાય છે. શરૂઆતમાં ટ્રેડ યુનિયન તરીકે ભૌતિક લાભો મેળવવા માટે બન્યા અને ક્રમશઃ બીજા ઘણાં પાસાંઓ સાથે નિસ્બત ધરાવતા બન્યા.

**શિક્ષક મંડળોના કાર્યો**

શિક્ષણ પંચે શિક્ષક મંડળોના નીચેના કાર્ય દર્શાવ્યાં છે.

(1) તેમના સભ્યોના વૈયકિતક અને સામુહિક રીતે સામાજિક, આર્થિક અને વ્યાવસાયિક અધિકૃત દરજ્જાની સલામતી આપવી.

(2) તેમના વ્યાવસાયિક હિતોનું કરવું અને તેમના કાર્ય અને સેવાની સંતોષજનક પરિસ્થિતિઓની સલામતી આપવી.

(3) અભિસ્થાપન વર્ગો, સેમિનાર, પ્રકાશનો, ગ્રંથાલય સેવા અને સંશોધન દ્વારા શિક્ષકોના વ્યાવસાયિક હિતોના વિકાસની સલામતી આપવી.

(4) સતત બદલાતી સામાજિક, આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં સંરક્ષણ સુધારણા માટે કાર્ય કરવું.

(5) વિષય શિક્ષકોનાં મંડળોની સ્થાપના કરીને વિષય શિક્ષણમાં સુધારણા કરવી.

(6) શિક્ષકો માટેની વ્યાવસાયિક આચારસંહિતાનું સ્થાપન કરવું અને મંડળના સભ્યો દ્વારા તેનું પાલન થાય તેની ખાતરી આપવી.

ઉપર્યુકત કાર્યો બજાવતા અને જવાબદાર પ્રતિનિધિ સભ્યોની વ્યવસ્થાપક માળખું ધરાવતા મંડળોને કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા માન્યતા આપવી જોઈએ. આવા મંડળોને શાળા શિક્ષણની સામાન્ય અને શિક્ષકોના વ્યાવસાયિક શિક્ષણની તેમના વેતન કાર્ય અને સેવાની પરિસ્થિતિની સાથે સંબંધિત તમામ બાબતો તેની સલાહ લેવા માટે તેમને યોગ્ય ગણવા જોઈએ.

## 11.7 તમારી પ્રગતિ ચકાસો

**(1) વ્યવસાયની સંકલ્પના સમજાવો.**

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

**(2) વ્યવસાયીકરણના કોઈ પણ ચાર લક્ષણો જણાવો.**

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

**(3) વ્યવસાયીકરણના વિકાસની પ્રક્રિયાના કોઈપણ બે મુદા વિશે ચર્ચા કરો.**

............................................................................
............................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

**(4) વ્યાવસાયિક સંગઠનોની ભૂમિકા જણાવો.**

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 11.8 સારાંશ

આપણે ત્યાં ગુજરાતમાં કયા સ્તરે વ્યવસાય શિક્ષણ પાંખ પ્રાથમિક તબક્કે છે. ડૉ. આદિસો સિયાંકના ઉચ્ચત્તર ઉપયોગ કરીને ગુજરાત સરકાર +૨ સ્તરે જરૂરી ફેરફાર કરી +૨ સ્તરની વ્યવસાયી ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિકસાવી શકે.

દેશમાં જે બેકારીના પ્રશ્નો છે તેમાં આ નવી વ્યવસ્થા જરૂરી મોટી રાહત આપી શકે તેમ છે. આશા રાખીએ કે +૨ સ્તરે વ્યવસાય શિક્ષણની તરાહ ઉપસાવવા ગુજરાત સરકાર પહેલ કરે.

## 11.9 સ્વાધ્યાય

1) વ્યવસાયકરણની કોઈપણ બે વ્યાખ્યા આપી સમજાવો.

2) વ્યવસાયકરણના વિકાસની પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરો.

3) વ્યવસાયકરણના લક્ષણો જણાવો.

## 1.10 ચર્ચા માટેના મુદ્દા

1) કોઈપણ એક શાળામાં ચાલતી વ્યાવસાયિક સંગઠનની પ્રવૃત્તિઓનો અહેવાલ તૈયાર કરવો

2) તમારી શાળામાં ચાલતા વ્યાવસાયિક સંઘો વિશે માહિતી મેળવી અહેવાલ તૈયાર કરો.

## 11.11 સંદર્ભ સૂચિ


(1) રાવલ નટુભાઈ અને અન્ય માધ્યમિક શિક્ષણમાં કેળવણી અને વ્યવસ્થાપનનો વિકાસ, નીરવ પ્રકાશન, 2009-10

(2) શિક્ષક-શિક્ષણ, માહિતી આચાર્ય,

(3) અધ્યયન-અધ્યાપન,


## 11.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) 3.3.2

(2) 3.3.3

(3) 3.3.5

(4) 3.3.6

એકમ 12

# બ્રેઈન-સ્ટોર્મિંગ

## : રૂપરેખા :

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવિક

12.2 બ્રેઈન-સ્ટોર્મિંગનો અર્થ

12.3 બ્રેઈન સ્ટોર્મિંગની પ્રક્રિયા

12.4 બ્રેઈન-સ્ટોર્મિંગના ફાયદા

12.5 બ્રેઈન-સ્ટોર્મિંગની મર્યાદા

12.6 તમારી પ્રગતિ ચકાસો

12.7 સ્વાધ્યાય

12.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

12.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 12.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

(1) બ્રેઈન સ્ટોર્મિંગનો પરિચય મેળવી શકશો

(2) બ્રેઈન સ્ટોર્મિંગનો અર્થ જાણી શકો

(3) બ્રેઈન સ્ટોર્મિંગ પ્રક્રિયાથી માહિતીગાર બની શકો

(4) બ્રેઈન સ્ટોર્મિંગના ફાયદાથી પરિચિત બનશો

(5) બ્રેઈન સ્ટોર્મિંગના ગેરફાયદા જાણી શકો

## 12.1 પ્રસ્તાવિક :

અધ્યયનની અનેક પ્રવૃત્તિમાંની એક પ્રવૃત્તિ બ્રેઈન-સ્ટોર્મિંગ છે. માનવ મગજ એ એક જ સમયે જુદાં જુદાં વિચારોથી ઘેરાયેલું હોય છે. માનવ સામાજિક જીવન વિતાવે છે. ત્યારે જીવનમાં નડતી સમસ્યાઓના ઉકેલ માટે અનેક વિચારો કરે છે. તે કોઈ એક સમસ્યા અંગે વિચારતો થાય છે. આ વિચાર દ્વારા જે તે સમસ્યાના અનેક સાચા કે ખોટાં યોગ્ય કે અયોગ્ય, કલ્પનાશીલ વિચારોની આદાન-પ્રદાનની પ્રક્રિયા બ્રેઈન સ્ટોર્મિંગની સંકલ્પના સ્પષ્ટ કરે છે. માનવ મગજની આ લાક્ષણિકતાનો અધ્યયયનલક્ષી વિનિયોગ ખૂબજ મહત્ત્વનો છે. અધ્યયનલક્ષી અનેક સમસ્યાઓમાંથી શિક્ષક એક સમસ્યા વિદ્યાર્થીના મગજમાં દાખલ કરે પછી તેની જિજ્ઞાસાવૃત્તિ તપાસ અને શોધની શકિતઓ સમસ્યા ઉકેલ માટે સ્વયં પ્રયત્નોની દિશામાં દોરી જાય છે. મગજ વિચારોની શૃંખલાથી લદાઈ જાય છે શું કરવું ? શું ન કરવું ? તેની મથામણમાં કોઈ એક વ્યાવહારિક ઉકેલનો અણસાર અને તે પછી તે મુજબ સાકાર થતું કાર્ય સ્વ-અધ્યયનની દિશાનું ખૂબ મહત્ત્વનું સોપાન છે આમ, બ્રેઈન-સ્ટોર્મિંગ એ અતિ મહત્ત્વની અધ્યયનલક્ષી પ્રયુકિત છે.

## 12.2 બ્રેઈન-સ્ટોર્મિંગનો અર્થ

અંગ્રેજી ભાષામાં બ્રેઈન-સ્ટોર્મિંગ સમાસ ગુજરાતીમાં સ્વીકારી લેવામાં આવ્યો છે. અંગ્રેજી ભાષામાં સમાસ રચના પ્રસંગે કેટલાંક નિયમોને કારણે બ્રેઈન એટલે મગજ શબ્દ એક વચનમાં વપરાયો છે વાસ્તવમાં તે સ્ટોર્મિંગ ઓફ બ્રેઈન્સ છે. બ્રેઈન એકલું આવેગો, આવેશો, વિચારો અને સ્મરણ જેવાં

અનેક જ્ઞાનતંતુજન્ય તત્ત્વોનું ઉદ્ભવ સ્થાન છે, એટલુંજ નહીં પરંતુ તેનું પરિશીલનસ્થાન પણ છે.

બ્રેઈન-સ્ટોર્મિંગ અર્થાત ચૈતસિક આંધી, માનસિક વંટોળ. આખી પ્રક્રિયા માનસિક સ્તરે અને વિવિધ માનસિક શક્તિઓના સંચરણ(પ્રવાહિતા/ગતિશીલતા) થી થાય છે. આ પ્રક્રિયાના કેન્દ્રમાં કોઈ એક સમસ્યા હોય છે અને તેમાં ભાગ લેનારા તમામ મર્યાદિત સમયમાં તેના શકય તેટલાં વધું ઉકેલો સૂચવે છે.

મગજ બાહ્ય તત્ત્વો સાથે સંપર્કમાં આવે ત્યારે એ મુખ્યત્વે બે કાર્ય કરે છે.

(1) ગ્રહણ કરે છે

(2) પ્રત્યાઘાત આપે છે.

મગજ એકલું એકલું વિચારે છે ત્યારે તે ચિંતન બને છે. આ ચિંતનના પરિણામ સ્વરૂપ ઉત્તમ વિચારની પ્રપ્તિ થાય છે. મગજ જયારે અન્ય વ્યક્તિઓ સાથે એટલે કે એમના મગજો સાથે આદાન-પ્રદાન કરે છે એટલેકે મહદ્ અંશે ચર્ચા કરે છે ત્યારે પણ ઉત્તમ વિચારોની પ્રાપ્તિ થાય છે. અભ્યાસો એવું સૂચવે છે કે ચિંતન કરતા ચર્ચા દ્વારા વધારે જથ્થામાં અને ઊંચી ગુણવાતાવાળા વિચારો પેદા થાય છે. પરંતુ ચર્ચા એવી રીતે થવી જોઈએ કે જેથી મગજ થોડું ઉત્તેજિત રહે, પણ ઉન્માદી બને નહીં. આમ કરવાથી ચર્ચાના ભાગીદારોના મગજમાં તોફાન પેદા થાય છે અને ચર્ચાના મુદ્દા પરત્વે કોઈક નવો જ છતાં લાભદાયી વિચાર વ્યકત થઈ જાય છે. એવો વિચાર વ્યકત કરનારને આગલી મિનીટે ખ્યાલ નથી હોતો કે તે ઉત્તમ વિચાર આપી દેવાનો છે ચર્ચાના અન્ય ભાગીદારો અને પરામર્શક ચર્ચા દરમિયાન ખૂબ સતર્ક રહેવા જોઈએ કે જેથી અણધારેલા આવેલાં ઉત્તમ વિચારને તે પકડી શકે.

આમ, બ્રેઈન સ્ટોર્મિંગનો અર્થ એવો થાય છે કે, ''ચર્ચા/પરિસંવાદ દ્વારા નિશ્ચિત મુદ્દા પર બૌદ્ધિક શકિતનો બરાબર ઉપયોગ કરીને તે મુદ્દા માટે શ્રેષ્ઠ વિચારોને પ્રાપ્ત કરવા તે.''


બ્રેઈન સ્ટોર્મિંગ એ પરિસંવાદની એક એવી પ્રવિધિ છે, જેના દ્વારા સમૂહના સભ્યો કોઈ ચોકકસ સમસ્યા પર સ્વયં સ્ફુરણાથી વિચારણા કરે છે અને સમસ્યાનો ઉકેલ શોધે છે. ***-Alex Osborn***

વિચારોને જન્મ આપવા માટેની એક ઉચ્ચ પ્રવિધિ બ્રેઈન સ્ટોર્મિંગ છે. સમસ્યાના શક્ય શ્રેષ્ઠ ઉકેલો કયા છે તે માટે આ પ્રવિધિનો ઉપયોગ થાય છે વિદ્યાર્થી ઓને સર્જનાત્મક તરફ અભિમુખ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ચર્ચાસ્પદ અને ઉત્તમ વિચારોની રજૂઆત કોઈ પણ ટીકાટિપ્પણના ભય વગર રજૂ થઈ શકે છે. ચોકકસ પ્રકારની સમસ્યાઓના ઉકેલ માટે સ્વયંસ્ફૂરિત વિચારોનું આદાન-પ્રદાન થાય છે. ***-હેન્રીધામ***

આ વ્યાખ્યાઓ જોતાં સમજી શકાય કે બ્રેઈન સ્ટોર્મિંગમાં નિશ્ચિત મુદ્દાને નિશ્ચિત સમય મર્યાદામાં સમજી તેના શ્રેષ્ઠ વિચારોને પ્રાપ્ત કરવામાં આવે છે. સ્ટોર્મિંગને સમજવા માટે આપણી પાસે છાશમાંથી માખણ મેળવવા માટેની ઘમ્મર વલોણાંની જૂની પદ્ધતિ જાણીતી છે. ખાસ કરીને ઘરનો સ્ત્રી સમાજ છાશને બે વિરૂદ્ધ દિશામાં વારંવાર ગોળગોળ ફેરવીને છાશની અંદર વાસ્તવમાં તોફાન એટલે કે સ્ટોર્મિંગ પેદા કરે છે. છાશના કણ કણ પરસ્પર એવા અમળાય છે કે તેનું વિચ્છેદન થઈને તેનામાં સમાવિષ્ટ ઉત્તમ એવું માખણ તરવા માંડે છે. મગજને જરા ઉત્તેજિત કરતી ચર્ચા પણ મગજમાં આ જ પ્રકારનું તોફાન પેદા કરે છે કે જે અંતે શ્રેષ્ઠ વિચારોનું પ્રદાન કરવા ચર્ચાના ભાગીદારને ક્ષમતા આપે છે.

## 12.3 બ્રેઈન સ્ટોર્મિંગની પ્રક્રિયા

બ્રેઈન સ્ટોર્મિંગ વિચાર ઉત્પન્ન કરવાની પ્રક્રિયા છે, પ્રયુકિત છે. આ વિચાર ઉત્પન્ન કરવા વિચારપાત્રને કોઈ ચોકકસ સમસ્યા, પ્રસંગે કે તત્ત્વ આપવામાં આવે છે આપણે એક આકૃતિ વડે સમજીએ.




ઉપરની આકૃતિ બંધ આકૃતિ છે એ દર્શાવે છે. બ્રેઈન સ્ટોર્મિંગ સેશન અમુક મર્યાદિત સમય માટે કરવામાં આવે છે. બ્રેઈન સ્ટોર્મિંગ સમયની દ્રષ્ટિએ ઓપન એન્ડેન્ડ નથી.

આ આકૃતિમાં સમસ્યા એક આપવામાં આવી છે તે બ્રેઈન સ્ટોર્મિંગમાં ભાગ લેનાર પાત્રએ સૂચવેલાં ઉકેલો 16(આશરે) છે. વળી આ દરેક ઉકેલ એકબીજાંથી મુકત હોય છે. આ કાર્યક્રમ દ્વારા પાત્રના પ્રંતચારોમાં વૈવિધ્ય લાવવાનો હેતુ રહેલો છે આવા એકથી વધુ સેશનોમાં જોડાવાથી પ્રતિચારોની સંખ્યામાં અને પ્રતિચારોના વિવિધતામાં ચોકકસપણે વધારો થઈ શકે છે. વર્ગખંડમાં આ પ્રવૃત્તિ વારંવાર કરવી જોઈએ. તેના થકી અધ્યેતાના વિચારોમાં નવીનતા, લવચિકતા, મૌલિકતા, કલ્પનામાં અચૂક વધારો થશે.

અધ્યેતાના સર્વાંગીણ વિકાસ માટે તો આ પ્રયુકિત ખૂબ ઉપયોગી છે વિચાર એ વિકાસની આધારશિલા છે. માટે જો અધ્યેતાનો વિકાસ ઈચ્છતા કોઈએ તો અધ્યેતાને વિચારતા શીખવવું જ જોઈએ. વિચાર શીખવવાની આ એક શ્રેષ્ઠ પદ્ધતિ છે. અલબત્ત તેને વાપરતાં પહેલાં કેટલીક કાળજી લેવી જરૂરી છે.

બ્રેઈન સ્ટોર્મિંગની પ્રક્રિયાના તબકકા ક્રમિક રીતે નીચે દર્શાવ્યા છે.

(1) ગંભીરતાપૂર્વક ભાગીદારો ચર્ચા કરી શકે તેટલી સંખ્યાવાળાં જૂથ બનાવવા, જૂથની સંખ્યા કેટલી હોવી જોઈએ તેની સાર્વત્રિક નિશ્ચિત સંખ્યા આપી શકાય નહીં. ચર્ચાના મુદ્દાને આધારે સંખ્યા નકકી કરવામાં આવે છે. મુદ્દો સભ્યોને ખૂબ જાણીતો હોય અને ચર્ચા દરમિયાન અન્ય ઉત્પાદનોનો ઉપયોગ નહિવત્ કરવાનો હોય તો ચર્ચા જૂથમાં સભ્યોની સંખ્યા વધારીએ તો પણ ગંભીરતાપૂર્વકની ચર્ચા શકય છે.

    દા.ત આપણા બી.એડ્.ના તાલીમાર્થીઓને પાઠ્યક્રમનો મુદ્દો જાણીતો છે પરંતુ કમ્પ્યૂટરના સોફ્ટવેરનો મુદ્દો જાણોતો નથી. આથી પાઠ્યક્રમના ચર્ચા જૂથમાં વધારે વિદ્યાર્થીઓ સમાવી શકાય જયારે સોફ્ટવેરનાં ઓછા વિદ્યાર્થીઓ સમાવવાના રહે. અત્રે એ બાબત ધ્યાનમાં રાખવી કે વિદ્યાર્થી જે તે મુદ્દા પ્રત્યે ગંભીરપૂર્વક વિચારણા કરનારો હોવો જોઈએ

(2) જૂથ નેતા અને ચર્ચાની નોંધ કરનાર વ્યકિતઓની નિમણૂક બીજા તબક્કે થાય છે, છતાં સંકલન માટે કોઈ એક વ્યકિતની જરૂર રહે છે તેવી સમજ ઊભી કરીને જૂથ નેતા નક્કી કરવો. શકય હોય ત્યાં સુધી જૂથ સભ્યને જ પોતાનામાંથી નેતા નકકી કરવા દેવા જોઈએ. ચર્ચા દરમિયાન વિચારોને પકડી લેવાના છે તેથી જૂથમાં ચર્ચાની નોંધ કરનારી નિમણૂક કરવાની થાય છે. કામ ખાસ કસબ માંગી લે છે ચર્ચા દરમિયાન ભાગીદારો અનેકવિધ ઉચ્ચારણ કરે છે તેમાંથી વિચારને

પકડીને તેની નોંધ કરવાનું કામ એક સાંભળતી વખતે ધ્યાન કેન્દ્રિત કરવું અને બે અભિવ્યકિત માંથી વિચારને નોખો પાડવાની શકિતની મદદ લઈને કરવાનું હોય છે આમ આ વ્યકિતની પસંદગી લોકશાહી ઢબે કરવાને બદલે કસબ ચકાસણીના આધારે થવી જોઈએ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે વ્યકત થયેલો વિચાર દેખીતી રીતે ડહાપણયુકત કે મૂર્ખયુકત હોઈ શકે .નોંધ કરનારે વિચારો નોંધવાના છે પરંતુ વિચાર નોંધતી વખતે તેને કામનો કે ન કામનો હોવાનું વિચારવાનું નથી .

(3) ત્રીજા તબક્કે મુદ્દાની સમજૂતી આપવાની છે. શૈક્ષણિક સંસ્થાઓને સંબંધ છે. ત્યાં સુધી આ સમજૂતી મહ્દ અંશે શિક્ષકો તેમજ અન્યત્ર મુદ્દા સાથે સંબંધ ધરાવતા વિચારકો આપતા હોય છે. બ્રેઈન સ્ટોર્મિંગ માત્ર સમસ્યામૂલક નથી. કેટલાંક મુદ્દા સમસ્યા સ્વરૂપે પેદા થાય તો કેટલાંક મુદ્દા ધ્યેયસિદ્ધ અને જ્ઞાનવર્ધન માટે પણ ઉત્પન્ન થાય છે. ચર્ચા માટે ભેગા થતાં લોકો સમસ્યાની જ રાહ જોતાં હોય એવું હંમેશા હોતું નથી મુદ્દાની રજૂઆત પ્રસંગે રજૂઆત કરનારની સ્વલક્ષિતા અને મૂલ્યાંકનો અભિનવ્યક્ત થાય નહી તેની ખાસ કાળજી રાખવી. સભ્યો મુદ્દાને સમજે ને સમજાવટ નિર્લેપભાવે કરવાની હોય છે.

(4) આ તબક્કે ચર્ચામાં ભાગ લેનારને મુદ્દાને પોતાની રીતે સમજવાની, વિચારવા માટે સમય ફાળવવો.આ સમય દરમિયાન પ્રત્યેક સભ્ય મુદ્દો રજૂ કરનાર સાથે અન્ય તેના જાણકારો સાથે કે પુસ્તકો, વીડિયો કે અન્ય માહિતી એકઠી કરનાર સાધનોનો સંદર્ભ લઈ શકે છે. આમ કરવાથી ચર્ચા મુકત રીતે કરવા માટે તેના ભાગીદારો તૈયાર થશે કેટલો સમય આપવો તે પરિસ્થિતિ અનુસાર નકકી થાય છે.

(5) આ તબક્કે બ્રેઈન સ્ટોર્મિંગ કરવું અહીં ચર્ચામાં ભાગ લેનાર પોતાના વિચારો રજૂ કરવા માટે તેમજ ચર્ચામાં ભાગ લેવા માટે પરિપકવ બને ચર્ચામા ભાગ લઈ પોતાના વિચારો રજૂ કરે છે તંદુરસ્ત અને શિષ્ટ ચર્ચા માટે અપેક્ષિત ધોરણ અને શિસ્ત જાળવવાનું કામ જૂથ નેતાનું રહેશે જો જૂથ નેતા આ કરી શકે તો આ તબક્કે સાચે જ બ્રેઈન સ્ટોર્મિંગ થશે.

(6) આ તબક્કે નોંધ કરનાર વ્યકત થતાં એક એક વિચારને બધાજ વાંચી સમજી શકે તે રીતે જો નોંધલે તો આ તબક્કે બ્રેઈન સ્ટોર્મિંગ વેગ પકડે છે ચર્ચા આગળ ચાલતા પૂર્વાધમાં જ વિચારો વ્યકત થયા હોય અને સભ્યોએ તે જાણ્યા- સમજયા હોય તેના પર ઉતરાર્ધમાં પ્રતિભાવ અપાય છે આ તબકકો ખૂબ અગત્યનો છે. કારણ કે અહીં વિચારો પરસ્પર અફળાય થાય છે અને તેની અસરકારકતા માટે કસોટીએ ચઢે છે આ તબક્કે જૂથ નેતાનું કામ પડકારરૂપ બને છે. એણે પ્રત્યાઘાતોને અટકાવવાના છે અને પ્રતિભાવોને પ્રોત્સાહન આપવાનું છે. આમ કરવાથી આ તબક્કે બ્રેઈન સ્ટોર્મિંગનો હેતુ પાર પાડે છે અને શ્રેષ્ઠ વિચાર સંપન્ન થાય છે.

(7) શ્રેષ્ઠ વિચાર સિવાયના વિચારો હલકી કક્ષાના છે તેવા ભાવને પ્રસરતો અટકાવવાનો છે. કોઈ પણ વિચાર હલકો હોતો નથી પરંતુ અસંબંધિત હોઈ શકે. તે ખ્યાલ આ તબક્કે સભ્યોને મળવો જોઈએ. આથી શ્રેષ્ઠ વિચાર એટલે, મુદ્દાને સૌથી વધારે સંબંધિત વિચાર, આ તબક્કે નકકી થાય છે આથી પૂરી ગંભીરતાથી અન્ય વિચારોની યાદી બનાવી તેને સાચવી રાખવાનું કામ આ તબક્કે થાય છે.

## 12.4 બ્રેઈન-સ્ટોર્મિંગના ફાયદા

(1) બ્રેઈન સ્ટોર્મિંગના અંતે મુદ્દાને સ્પર્શતો શ્રેષ્ઠ વિચાર પ્રાપ્ત થાય છે. શિક્ષણ કે અન્યત્ર ક્ષેત્રે શ્રેષ્ઠ વિચાર પ્રાપ્ત થાય તે સૌથી મોટો ફાયદો છે.

(2) વ્યકિતઓ અંગત રીતે ચિંતન કરીને એમને શ્રેષ્ઠ લાગતો જે વિચાર આપે અને એવા પ્રાપ્ત થયેલ વિચારોમાં જે સૌથી ઉત્તમ હોય તેને પસંદ કરવામાં આવે તે વિચાર કરતાં પણ વધારે સારો વિચાર બ્રેઈન સ્ટોર્મિંગને કારણે પ્રાપ્ત થાય છે.

(3) બ્રેઈન સ્ટોર્મિંગ મગજને ઉત્તેજિત કરે અન્ય મગજ સાથે જ્યારે આપ-લેમાં પડે છે ત્યારે બ્રેઈન સ્ટોર્મિંગના ભાગીદારો વાસ્તવમાં મગજને આરોગ્યપ્રદ કસરત કરાવે છે. અન્ય કોઈપણ શારીરિક કસરતની જેમ આ કસરત પણ મગજને વધારે તંદુરસ્ત બનાવે છે.

(4) પોતાના વિચારો, સ્વસ્થતા, નમ્રતા છતાં મક્કમતા વ્યકત કરવાની સાથે સાથે અન્યોના વિચારોને ધ્યાનથી સાંભળવાની ફરજ પાડે છે જે અંતે ચર્ચાના ભાગીદારોને લોકશાહી અભિગમ કેળવવાની તક આપે છે. વૈયક્તિક જીવનમાં અને સામાજમાં લોકશાહી અભિગમ બધાને વધારે સમૃદ્ધિ આપે છે. શિક્ષણ ક્ષેત્રે તો બ્રેઈન સ્ટોર્મિંગ પોતે જ લોકશાહી મૂલ્યોનું સિંચન કરનારી તાલીમ પદ્ધતિ બની જાય છે.

(5) સ્વીકારનો શ્રેષ્ઠ વિચાર કોઈ વ્યકિતનો નથી પણ સમૂહનો હોય છે તેથી તે વિચારના અમલમાં બધાનો સહકાર મળી રહે છે.

(6) બ્રેઈન સ્ટોર્મિંગ ભાગ લેનારાઓને મુદ્દાના ઊંડાણમાં જવાની ફરજ પાડે છે. મુદ્દાના જેટલાં સંદર્ભો હોય તે તપાસવાની તક પૂરી પાડે છે. શિક્ષણક્ષેત્રે શિક્ષકોએ અન્ય વિદ્યાર્થીઓની જેમ ચર્ચાના ભાગીદાર બનવું જોઈએ જો તેમ નહીં કરે અને માત્ર પરામર્શકની સેવા આપે તો પણ શિક્ષકને મુદ્દા પરત્વે તાલીમાર્થીઓની દ્રષ્ટિ એ જોવાની તક મળે છે.

(7) બ્રેઈન સ્ટોર્મિંગના ભાગીદારો પૈકી કોની કઈ આંતરિક શકિત છે તે જાણી શકાય છે. કોઈક સર્જનાત્મક શકિત ધરાવતું હોય, કોઈકની તર્કશકિત ધારદાર હોય તો વળી કોઈની પૃથકકરણાત્મક શકિત ઢબૂરાયેલી પડેલી હોય બ્રેઈન સ્ટોર્મિંગ આ બધી આંતરશકિતઓને બહાર કાઢે છે શિક્ષણક્ષેત્રે આ બાબત બરાબર નોંધીને તાલીમાર્થીને ભાવિ જીવનમાં સફળ થવા માટે ઉપકારી માર્ગદર્શન આપી શકાય છે.

(8) બ્રેઈન સ્ટોર્મિંગ દિર્ધમાર્ગી નહીં જ પણ અનેક માર્ગી સંવાદોની સરિતા બને છે બે થી વધારે ભાગીદારો વિચારો રજૂ કરે છે અને તેના ગુણદોષની ચર્ચામાં ઉતરે છે. આમ કરવાથી કોઈ એક મુદ્દા પરત્વે અનેક દષ્ટિકોણ હોય છે તેનો ખ્યાલ ચર્ચાના ભાગીદારોને પ્રાપ્ત યાથ છે. શરમાળ પ્રકૃતિ ધરાવતા અને કદાચ અભ્યાસમાં અન્યત્ર નબળા ભાગીદારો પણ ચર્ચાની કોઈક ઉત્તેજક ક્ષણે અભિવ્યકિત કરે છે. બ્રેઈન સ્ટોર્મિંગનો આ એક ખૂબ મોટો ફાયદો છે.

ચર્ચા પોતે ભાગીદારોને ચેતનવંતા થવાની ફરજ પાડે છે અને જયારે બ્રેઈન સ્ટોર્મિંગના કારણે તેઓ એકબીજાંના વિચારો પરત્વે આદર રાખતા થાય છે ત્યારે તેમની વચ્ચેના સંબંધો સગપણના નહીં. સહઅધ્યાયીના પણ નહીં પણ વૈચારિક નિકટતાના સંબંધો બને છેં

## 12.5 બ્રેઈન-સ્ટોર્મિંગની મર્યાદા

(1) બ્રેઈન સ્ટોર્મિંગને સફળ કરવા માટેની બધી શરતો તેની મર્યાદાઓ બની જાય છે કારણકે આ શરતોનું પાલન કરવાનું ખૂબ મુશ્કેલ છે. ચર્ચા હંમેશા સમસ્યામૂલક હોતી નથી પરંતુ લક્ષ્યાંક સિદ્ધિ, આયોજનની કે કોઈ પણ બાબતને નવેસરથી તપાસવા બાબતની પણ હોઈ શકે. ''પડશે તેવા દેવાશે''નો અભિગમ ધરાવતા જૂથમાં આ પ્રકારના મુદ્દાઓ કશી ઉત્તેજના લાવતા નથી સમસ્યા મોં ફાડીને ઊભી હોય અને પડકારતી હોય તો જ ઉત્તજના આવે છે. બ્રેઈન સ્ટોર્મિંગમાં સમસ્યા સિવાયના મુદ્દાઓ અંગે શ્રેષ્ઠ વિચાર પ્રાપ્ત કરવાનું ખૂબ મુશ્કેલ બની જાય છે.

(2) ચર્ચાને તંદુરસ્ત રાખવા માટે ઘણી શરતો પૈકીની અનિવાર્ય શરત ખેલદિલીની છે. ''હું મારી રજૂઆતમાં સાચો છું'' પરંતુ તમે પણ સાચા હોઈ શકો !- અભિગમ ખેલદિલી સૂચવે છે. આ અભિગમ કેળવવો ખૂબ મુશ્કેલ છે. પોતાના વ્યકત થયેલા વિચારો જાણે કે શેતાન હોય તેમ માનીને તેને જ શ્રેષ્ઠ પુરવાર કરવા માટેનો અભિગમ બ્રેઈન સ્ટોર્મિંગને નિરર્થક બનાવી દે છે.

(3) બ્રેઈન સ્ટોર્મિંગ પોતે પૂર્વ તૈયારી અને પ્રક્રિયા દરમિયાન ખૂબ સમય માંગી લે છે. અભ્યાસક્રમની પ્રતિબદ્ધ શૈક્ષણિક સંસ્થાઓ અને અભ્યાસક્રમન કેન્દ્રિ અધ્યાપન કરતા શિક્ષકો બ્રેઈન સ્ટોર્મિંગને ઘણી મર્યાદાઓનો સામનો કરવો પડે છે. આ સંદર્ભે વ્યાખ્યાન પધ્ધતિનો વારસો મોટી મર્યાદા બને છે.

(4) શ્રેષ્ઠ વિચાર પ્રાપ્ત કર્યા પછી જો તેનો અમલ નહીં થવાનો હોય તો ચર્ચાના ભાગીદારોને પ્રતિપોષણ મળે છે કે બ્રેઈન સ્ટોર્મિંગ કરાવી તેમને મૂર્ખ બનાવવામાં આવ્યા છે. આથી સમય જતાં બ્રેઈન સ્ટોર્મિંગ નિરસ એવા ભાગીદારોની મર્યાદા મેળવે છે.

આમ, એકંદરે જોતાં શ્રી ઓસ્બોર્ન (1956) દ્વારા રજૂ કરેલ બ્રેઈન સ્ટોર્મિંગ ટેકનિક સર્જનાત્મક વિચાર શકિત વધારવા માટેની એક સારી પ્રયુકિત છે. શિક્ષકોએ હકારાત્મક વલણ દાખવી તેનો વિનિયોગ કરવો જોઈએ.

## 12.6 તમારી પ્રગતિ ચકાસો

**(1) બ્રેઈન સ્ટોર્મિંગનો અર્થ સ્પષ્ટ કરો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**(2) બ્રેઈન સ્ટોર્મિંગના ચાર ફાયદા જણાવો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**(3) બ્રેઈન સ્ટોર્મિંગની મર્યાદા જણાવો (કોઈ પણ ચાર)**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 12.7 સ્વાધ્યાય

(1) બ્રેઈન સ્ટોર્મિંગના અર્થની વિસ્તૃતમાં ચર્ચા કરો.

(2) બ્રેઈન સ્ટોર્મિંગની પ્રક્રિયા જણાવો.

(3) બ્રેઈન સ્ટોર્મિંગના ફાયદા જણાવો.

## 12.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

(1) મોતીભાઈ પટેલ અને અન્ય, શૈક્ષણિક ટૅકલૉલોજી, બી.એસ. શાહ પ્રકાશન

## 12.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) 3.5.1

(2) 3.5.3

(3) 3.5.4

એકમ 13

# ભારતમાં સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ સંકલ્પના, માળખુ, પ્રકારો

: રૂપરેખા :

13.0 પ્રસ્તાવના

13.1 સેવાકાલીન શિક્ષણનો અર્થ

13.2 સેવાકાલીન શિક્ષણની જરૂરિયાત

13.3 સેવાકાલીન શિક્ષણના ધ્યેયો

13.3.1 સેમિનાર

13.3.2 વર્કશોપ

13.3.3 સંમેલન

13.3.4 ઓપવર્ગો

13.4 સેવાકાલીન શિક્ષણનું માળખું

13.4.1 NCERT

13.4.2 NCTE

13.4.3 GCERT

13.4.4 NIEPA

13.5 સેવાકાલીન શિક્ષણનો પ્રબંધ કરતી વિવિધ સંસ્થાઓ

13.5.1 શિક્ષણ મહાવિદ્યાલયો

13.5.2 રાજ્યનું કેળવણીખાતું

13.5.3 GCERT

13.5.4 UGC

13.5.5 CTE

13.5.6 IASE

13.5.7 યુનિવર્સિટી

13.5.8 પ્રાદેશિક પ્રશિક્ષણ મહાવિદ્યાલય

13.5.9 યુનિવર્સિટી અનુદાન પંચ

13.5.10 વ્યાવસાયિક સંઘ

13.5.11 રાજ્ય શિક્ષક પ્રશિક્ષણ બોર્ડ

13.6 સેવાકાલીન શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ

13.6.1 પરિસંવાદ

13.6.2 કાર્યશિબિર

13.6.3 સંમેલન

13.6.4 જ્ઞાનગોષ્ઠિ

13.7 ઈનસર્વિસ ટીચર એજ્યુકેશનના પ્રકારો અને મોડેલ્સ

**13.8 શરૂઆતી, એકવાર, એક પ્રવાહીક બહુ સ્થાનીય શાળા આધારીત અને કોષવર્ક**

**13.9 સારાંશ**

**13.10 તમારી પ્રગતિ ચકાસો**

**13.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

## 13.0 પ્રસ્તાવના

છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષણનું સ્તર નીચુ ઉતરતુ જાય છે શિક્ષણની ગુણવત્તા ઘટતી જાય છે. તેને પરિણામે શિક્ષણની ગુણવત્તા ઘટે તે સ્વાભાવિક છે. શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકની કાર્યક્ષમતા પર રહેલો છે. જેવો શિક્ષક તેવો સમાજ જેવા શિક્ષક તેવા શિષ્ય માટે શિક્ષકની ગુણવત્તા સુધારવામાં આવે તો જ શિક્ષણની ગુણવત્તા વધે. તે માટે શિક્ષકને વર્તમાન શિક્ષણની પદ્ધત્તિઓથી વાકેફ રાખવા પડે. આજે જ્ઞાનમાં અનેક ગણો વધારો જોઈ રહ્યો છો. સંશોધન અને ઈન્ટરનેટના યુગમાં આજનું જ્ઞાન આવતીકાલે જૂનુ થઈ જાય છે. તેથી જો બીજા દેશની હરિફાઈમાં ટકવુ હોય તો શિક્ષકને તાલીમ આપી હંમેશા અપડેટ આપવા પડે તે પોતાના વ્યાવસાયમાં કઈ ને કઈ વધુ શીખ્યા કરે તે ખૂબ જરૂરી છે.

## 13.1 સેવાકાલીન શિક્ષણનો અર્થ

વ્યાવસાયિક તાલીમ લીધા પછી વ્યાવસાયમાં રહીને પણ વ્યાવસાયમા થતાં નૂતન સંશોધન, નૂતન પ્રવાહો અને તે અંગેના જરૂરી કૌશલ્યો વિશે માહિતી પ્રાપ્ત કરવા માટે અને તાલીમ લેવા માટે જે વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે તે વ્યવસ્થાને સેવાકાલીન શિક્ષણ કહે છે.

- નોકરી દરમિયાન વ્યાવસાયિક રીતે સુસજ્જ રહેવા માટે અથવા વ્યાવસાયનું નવુ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને તાલીમ લેવા માટે જે વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે તે સેવાકાલીન શિક્ષણ છે.
- શિક્ષણમાં રોકાયેલી વ્યક્તિઓ જે કાર્યક્રમ દ્વારા નવુ નવુ શીખે અને પોતાના જ્ઞાન અને કૌશલ્યોનો વિકાસ સાધે તે કાર્યક્રમ એ સેવકાલીન શિક્ષણ છે.
- સેવાકાલીન શિક્ષણ આપવા પાછળનો આશય શિક્ષક હંમેશા નવા પ્રવાહોથી વાકેફ રહે. પ્રશિક્ષણ કૉલેજની ટૂકા સમયગાળામાં આપેલી તાલીમમાં રહેલ મર્યાદા દૂર થાય તેમજ શિક્ષક હંમેશા નવી નવી શિ.પદ્ધતિઓને પ્રયુક્તિઓથી વાકેફ રહે. શિક્ષણના નવા નવા સંશોધનો થી માહિતગાર રહે નવા નવા શૈક્ષણિક સાધનોના ઉપયોગ તેમજ રચનાથી વાકેફ રહે.

## 13.2 સેવાકાલીન શિક્ષણની જરૂરિયાત

- વિષયવસ્તુ અને જ્ઞાનનો વધતો જતો વિસ્ફોટ
- સમય પ્રમાણે શિક્ષણની પદ્ધત્તિઓ અને પ્રવિધિઓમાં થતા પરિવર્તન
- પૂર્વ સેવાકાલીન શિક્ષણની તાલીમ દરમ્યાનની ઉણપો દૂર કરવી.
- શાળાકીય શિક્ષણ દરમ્યાન ઉદ્દભવતા પ્રશ્નોને જાણી તેના ઉકેલ માટે
- વિવિધ પ્રકારના શૈક્ષણિક માર્ગદર્શન માટે
- તજ્જ્ઞોના જ્ઞાનનો લાભ શાળાકીય શિક્ષણ સુધી પહોચાડવા
- વિશ્વ કક્ષાએ થતા શિક્ષણ વિચાર વિમર્શને શિક્ષકો સુધી પહોચાડવા
- રાષ્ટ્ર અને રાજ્યકક્ષાએ શિક્ષણમાં જરૂરી પરિવર્તન અંગે વિચારો જાણવા
- વર્ગશિક્ષણ દરમ્યાન વિષયવસ્તુમાં ઉદ્દભવેલી મુશ્કેલીઓ જાણવા
- નૂતન શૈક્ષણિક સાધનો નો ઉપયોગ તેમજ સ્વનીર્મિત સાધનો ના કૌશલ્ય માટે
- પરીક્ષણ અને મૂલ્યાકન દરમ્યાન ના વિચાર-વિમર્શ માટે

- નૂતન શૈક્ષણિક અને વિશ્વમાં થઈ રહેલા શિક્ષણ જગતના પરિવર્તનો થી વાકેફ કરવા
- રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ શિક્ષણમાં પ્રવર્તતી મુશ્કેલીઓ નિવારવા

## 13.3 સેવાકાલીન શિક્ષણ કાર્યક્રમના ધ્યેયો :-

(1) સેવાકાલીન શિક્ષકોને શિક્ષણની નૂતન પદ્ધત્તિઓ અને પ્રવિધિઓથી વાકેફ કરવા

(2) સેવાકાલીન શિક્ષકોને શિક્ષણ કાર્ય દરમ્યાન ઉદ્ભવતી મુશ્કેલીઓ નિવારવા

(3) સેવાકાલીન શિક્ષકોને વિષયવસ્તુના વિવિધ એકમોને શીખવવાની યુક્તિ પ્રયુક્તિઓથી વાકેફ કરવા

(4) સેવાકાલીન શિક્ષકોને પોતાના વિષયમાં અસરકારક શિક્ષક તરીકેની તાલીમ આપવા

(5) સેવાકાલીન શિક્ષકોને પૂર્વ સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ દરમ્યાનની મુશ્કેલીઓ નિવારવા

(6) સેવાકાલીન શિક્ષકોને શિક્ષણકાર્ય ઉપરાંત અન્ય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે તૈયાર કરવા.

(7) સેવાકાલીન શિક્ષકોને પોતાના જ વિષયોના અન્ય શિક્ષકોના વિચાર વિમર્શ તેમજ તેમના જ્ઞાનનો લાભ આપવા.

(8) વર્ગશિક્ષણ દરમ્યાન અધ્યાપનકાર્ય સ્વાધ્યાય કાર્યની મુશ્કેલીઓ સામુહિક ધોરણો વિચાર-વિમર્શથી નિવારવા.

(9) રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ શિક્ષણકારો (તજજ્ઞો) ના જ્ઞાનનો લાભ આપવા

(10) પરીક્ષણ અને મૂલ્યાંકન કાર્યમાં પડતી મુશ્કેલીઓ નિવારવા.

### 13.3.1 સેમિનાર

કોઈ એક વિચાર કે સમસ્યાત્મક વિષયની ચર્ચા કરવા વિચારોની આપ લે કરવા વિષયના ભિન્ન ભિન્ન પાસાંને સમજવા કે સમજાવવા, કાર્યકારણ સંબંધ શોધવા, વિચારના સ્વરૂપ અંગેની સ્પષ્ટતા મેળવવા કોઈ ચોક્કસ નિર્ણય કે તારણ પર આવવા અથવા વિચારોના તાગ મેળવવા સેમીનાર પદ્ધતિ કરે છે.

- સેમીનાર પદ્ધતિમાં એક કે તેથી વધુ નાના નાના જૂથ 15 થી 20 સભ્યોના બનાવવામાં આવે છે.
- સભાના વ્યવસ્થિત સંચાલન માટે એક અધ્યક્ષ વિષયવસ્તુના મુદ્દાની રજૂઆત માટે એક પ્રારંભિક, વિચારો અને ચર્ચાની નોંધ માટે એક વૃતાંત નિવેદક પસંદ કરવામાં આવે છે.

  અધ્યક્ષના રાહબારી નીચે વિદ્યાર્થીઓ પોતાની રજૂઆત મૌખિક રીતે ક્રમશઃ રજૂ કરે છે અન્ય ભાગ લેનાર વિદ્યાર્થી કે સભ્યો સાંભળે છે.
- સેમીનારમાં ભાગલેનાર પોતાની રજૂઆત કર્યા પછી પ્રશ્નોત્તરી કે ચર્ચા થાય છે.
- વૃતાંત નિવેદક ચર્ચાને અંતે સાર નું વાંચન કરે છે.
- અંતે અધ્યક્ષ સેમીનારનું સમાપન કરે છે.
- સેમીનારને અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓ કે સભ્યોને સર્ટીફિકેટ આપવામાં આવે છે.

**સેમીનારનું મહત્ત્વ :**

- શિક્ષકો કે સભ્યોને નેતૃત્વની તાલીમ મળે છે.
- સેમીનારમાં ભાગલેનારનો સભાક્ષોભ દૂર થાય છે.

  કોઈપણ વિષય કે મુદ્દા અંગે નવાવિચાર કે નવી માહિતી મળે છે.
- વિષય કે મુદ્દા બાબતે સ્વસ્થાપૂર્વક તુલના કરવાનું, સમાલોચના કરવાનું તંદુરસ્ત અને લોકશાહી વલણ વિકસે છે.

- સેમીનારમાં ભાગ લેનાર પોતાના વિચાર રજૂ કરી ચર્ચામાં ભાગ લઈ શકે છે.
- અધ્યાપન પ્રક્રિયા નવીનતા આવે છે.

**હેતુઓ :**

- વિષય કે મુદ્દા અંગે ચર્ચા કરી નૂતન જાણકારી થી વાકેફ કરવા
- શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો તેમજ શિક્ષણની વર્તમાન મુશ્કેલીઓ નિવારણ
- શિક્ષકોને નૂતન પ્રશિક્ષણના પ્રવાહો થી વાકેફ કરવા
- શિક્ષકો અને અન્ય શિક્ષકો કે તજ્જ્ઞોના જ્ઞાનનો લાભ આપવા
- શિક્ષકોને પોતાના વિષય કે સંદર્ભ અંગે વર્તમાન પ્રવાહોથી વાકેફ કરવા
- શિક્ષકોમા ચર્ચા - વિચારણા, સ્વસ્થતા પૂર્વક તંદુરસ્ત વલણ અપનાવવા જેવા ગુણો વિકસાવવા
- શિક્ષકોના પોતાના વિચારો રજૂ કરવાની તક આપવા
- કોઈપણ વિષય કે મુદ્દા બાબતે વિવિધ લોકોના જ્ઞાન વિચારોનો લાભ મેળવવા.

### 13.3.2 વર્કશોપ

વર્કશોપ એ એક એવી પદ્ધત્તિ છે કે જેમાં દસથી માંડીને પચ્ચીસ વ્યક્તિઓનું એક જૂથ હોય છે કે જે એક વિષય કે સમસ્યા પર વિચારણા કરે છે. પ્રત્યેક સભ્ય પોતાને સોપાયેલા મુદ્દા પર કાર્ય કરે છે. ત્યારબાદ બધા સભ્યો પોતાના કાર્યનો અહેવાલ આવે છે. સંકલન વર્કશોપનો નેતા કરે છે.

- વર્કશોપમાં ભાગ લેનાર સભ્યે પોતાને સોપાયેલ કંઈને કંઈ પ્રાયોગિક કાર્ય કરવુ પડે છે.
- અભ્યાસુ વિભાગો, પ્રશ્નબેંક વિષયવસ્તુ વિવિધ મુદ્દાઓ પર વર્કશોપ યોજવામાં આવે છે.

**વર્કશોપના હેતુઓ : -**

- શિક્ષણ વિષયક સમસ્યાના ઉકેલ મેળવવા
- અધ્યાપન કાર્ય અને શિક્ષણની પરિસ્થિતિમાં નવો જોશ પૂરવા
- કોઈપણ વિષય કે સમસ્યા અંગે સમજ મેળવવા

  સ્વતંત્ર રીતે કાર્ય કરવાની ક્ષમતા કેળવવા
- આયોજન અને સંગગિની કૌશલ્યો કેળવવા
- વર્કશોપ દ્વારા કોઈ શૈક્ષણિક સમસ્યાના ઉકેલ મેળવવા

**વર્કશોપના વિષયો :**

- પાઠ-આયોજનનું માળખું
- વર્ગખંડની સમસ્યાઓ
- અવૈધિક શિક્ષણ અંગેની વ્યૂહરચના
- કોઈપણ સ્તરના અભ્યાસક્રમે નિમાર્ણ માટે
- વસ્તુનિષ્ઠ કસોટીઓ તૈયાર કરવા
- કાર્યરચના તૈયાર કરવા
- વિવિધ પ્રકારના પ્રશ્નપત્રના પ્રારૂપ ઘડવા
- શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓ અંગે

### 13.3.3 સંમેલન

પરિસંવાદ (Seminar) અને કાર્યશિબિર (Workshop) માં ભાગ લેનાર સંભ્યોની સંખ્યા મર્યાદિત હોય છે. આ મર્યાદિત સંખ્યા હોય તો જ તે સફળ બને છે. જ્યારે સંમેલનમાં ભાગ લેનાર સભ્યોની સંખ્યા વધારે હોય છે. સંમેલનની કાર્યપદ્ધતિ પરિસંવાદ અને કાર્યશિબિર કરતા જુદી હોય છે. સંમેલન માટે વિવિધ ક્ષેત્રો કે રાજ્યો કે રાષ્ટ્રોના તજ્જ્ઞોને નિમંત્રણ પાઠવવામાં આવે છે. જે તે

ક્ષેત્રે કે વિષય અંગે સંમેલન યોજવાનું હોય તેના પેટા વિષયો પ્રમાણે અભ્યાસ લેખ (paper) મોકલવાના હોય તેને રજૂ કરવાની તક આપવામાં આવે છે.

- અભ્યાસ લેખના વાચન પછી પ્રશ્નોતરી દ્વારા વિચાર સ્પષ્ટ કરવામાં આવે છે.
- અભ્યાસ લેખમાં ખામી હોય તો પણ તંદુરસ્ત તટસ્થ પણે ચર્ચા કરી શકાય છે.
- સંમેલન દ્વારા જ્ઞાનને તાજુ કરી નવા જ્ઞાન કે વિચારો રજૂ કરી નવુ જાણી શકાય છે.
- સંમેલન એક, બે કે ત્રણ દિવસનું હોય છે.

**સંમેલનના હેતુઓ :**

- વિવિધ પ્રકારની શિક્ષણ વિષયક સમસ્યાઓના સમાધાન માટે
- વર્તમાન સમસ્યા કે અન્ય વિષયની વધુ જાણકારી માટે
- વિવિધ તજ્જ્ઞોના જ્ઞાનનો લાભ મેળવવા
- સામૂહિક વિચાર-વિમર્શથી નવુ જાણવા.
- શિક્ષણ વિષયક પ્રશ્નો કે એકમોની વિશદ માહિતી ચર્ચા-વિચારણા તેમજ બીજાના જ્ઞાનનો લાભ મેળવવા
- વિવિધ તજ્જ્ઞો એકબીજાની નજીક આવે તેમજ વિચાર - વિમર્શથી ઉકેલ મેળવી શકે તે માટે
- સંમેલનમાં ભાગ લેનાર એકબીજાના જ્ઞાનનો લાભ મેળવી શકે છે.
- એક જ ક્ષેત્રે કામ કરનાર વ્યક્તિઓને એકબીજાની નજીક લાવવા.
- એક જ પ્રકારની મુશ્કેલીઓ હલ કરવા કે એક વિષય પરની સમસ્યા દૂર કરવા સંમેલનો યોજવા
- સંમેલન દ્વારા શિક્ષણ પ્રશિક્ષણને સક્ષમ બનાવવું.

**13.3.4 ઓપવર્ગો**

શિક્ષકો કે અધ્યાપકોના વ્યાવસાયિક વિકાસ માટે ઓપવર્ગનું આયોજન કરવામાં આવે છે. અધ્યાપકોના ઓપવર્ગો HRDC (હ્યુમન રિસોર્ચ ડેવલપમેન્ટ સંસ્થા) દ્વારા યોજવામાં આવે છે. દરેક યુનિવર્સિટી પાસે તેના અધ્યાપકોને પ્રશિક્ષિત કરવા HRDC સેન્ટર હોય છે જેના દ્વારા વર્ષમાં જુદા જુદા સમયે Refresher Course નું આયોજન કરવામાં આવે છે જેમા જુદા જુદા વિષયનાં જુદી જુદી કૉલેજોના અધ્યાપકો ભાગ લે છે. આ જ રીતે શિક્ષકો ટ્રેનીંગ સંસ્થા દ્વારા ઓપવર્ગોનું આયોજન કરવામાં આવે છે. જેમાં શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાના તજ્જ્ઞ અધ્યાપકો દ્વારા કાર્યક્રમમાં સહભાગીદારી હોય છે. જેમાં શિક્ષકસંઘો, શિક્ષણાધિકારી શિક્ષણની પ્રવિધિઓ, પ્રયુક્તિઓ અને અભિગમોથી વાકેફ કરવા ઓપવર્ગોનું આયોજન કરવામાં આવે છે. ઓપવર્ગોનું આયોજન દિવાળી વેકેશન કે ઉનાળું વેકેશનમાં કરવામાં આવે છે. ઓપવર્ગોનો મુખ્ય હેતુ વર્ગ શિક્ષણને સ્પર્શતો હોવો જોઈએ.

**વર્ગશિક્ષણની પ્રવિધિઓ**

- નૂતન અભ્યાસક્રમ પ્રવિધિઓ
- મૂલ્યાકન, પરીક્ષા પ્રયુક્તિ, પ્રશ્નપત્ર રચના
- ક્રિયાત્મક સંશોધન, પ્રાયોગિક તાલીમ
- શૈક્ષણિક સાધન સામગ્રી

**ઓપવર્ગોના હેતુઓ :**

- શિક્ષકોનો વ્યાવસાયિક વિકાસ કરવો
- શિક્ષકોને નૂતન શિક્ષણ પદ્ધતિઓ અને પ્રવિધિઓથી વાકેફ કરવા

- શિક્ષકોની શિક્ષણ સમસ્યાઓના ઉકેલ માટે
- અભ્યાસક્રમ, પરીક્ષણ, મૂલ્યાંકન સંબંધી પ્રશ્નો હલ કરવા
- નવી શિક્ષણ પદ્ધત્તિઓ, પ્રયુક્તિઓ શૈક્ષણિકસાધનોની રચના તેમજ ઉપયોગ માટે
- નવા અભિગમો, નવી પ્રવિધિઓની જાણકારી માટે
- શિક્ષકોને વિષયવસ્તુ સંબંધી નવુ ભાથુ આપવા.
- શિક્ષકોને શિક્ષણની નવી ટેકનૉલૉજીથી વાકેફ કરવા
- શિક્ષકોની વર્ગશિક્ષણ સમસ્યાને હલ કરવી

## 13.5 સેવાકાલીન શિક્ષણનો પ્રબંધ કરતી વિવિધ સંસ્થાઓ

કેન્દ્ર સરકાનું માનવ વિકાસ મંત્રાલય માનવ વિકાસ અને શિક્ષણની કામગીરી સંભાળે છે. દેશમાં શિક્ષણ સંબંધી ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરી આ મંત્રાલય કામ કરે છે દરેક રાજ્યના શૈક્ષણિક આયોજન, અમલીકરણ પર દેખરેખ, નિયંત્રણ રાખે છે તેનું મૂલ્યાંકન કરે છે. દેશમાં પ્રશિક્ષણ ક્ષેત્રે તજજ્ઞોને જરૂરી તાલીમ માટે આર્થિક સહાય કરે છે અનુદાન આપે છે રાજ્યોના શિક્ષણ વિભાગ અને NCERT ના શૈક્ષણિક આયોજન અને અમલીકરણ પ્રકિયામાં સંકલનની ભૂમિકા ભજવે છે. દેશમાં સાર્વત્રિક અને ગુણાત્મક શિક્ષણ માટેના પ્રયત્નો કરે છે રાજ્ય સરકારને જરૂરી માર્ગદર્શન આપે છે.

**રાષ્ટ્રના તાલીમી માળખાની વિગત**

| | કક્ષા | સંસ્થા |
|---|---|---|
| (1) | કેન્દ્રકક્ષા | NCERT |
| | | NCTE |
| | | MHRD |
| | | NIEPA |
| (2) | રાજ્યકક્ષા | GCERT |
| | | GIET |
| (3) | જિલ્લા કક્ષા | DIET |
| | | DPEP |
| (4) | તાલુકા કક્ષા | BRC |
| (5) | ઘટક કક્ષા | CRC |

રાષ્ટ્રકક્ષાએ સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું નિયંત્રણ કરવા NCERT સંસ્થા આવેલી છે. જે દેશની શિક્ષણ પ્રક્રિયા અભ્યાસક્રમ તેમજ શિક્ષણની ગુણવત્તા પર ધ્યાન રાખે છે. MHRD રાષ્ટ્ર કક્ષાની સંસ્થા છે. જે સરકારના સીધા નિયંત્રણમાં રહી શિક્ષણનું કામ કરે છે. રાષ્ટ્રકક્ષાએ પ્રશિક્ષણ માટે NCTE સંસ્થા કાર્યરત છે જે દેશના પ્રાથમીક અને માધ્યમિક શિક્ષકોના પ્રશિક્ષણમાં ગુણવતા સુધારણાનું કામ કરે છે. NIEPA સંસ્થાનું મુખ્ય કાર્ય શિક્ષણના તમામ સ્તરે તાલીમ આપવાનું કામ કરે છે. રાજ્યકક્ષાએ NCERT છે. જે ગુજરાતમાં GCERT તરીકે ઓળખાય છે જે સમગ્ર રાજ્યના પ્રાથમીક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પર નિયત્રણ રાખે છે GIET સંસ્થા રેડિયો, ટી.વી., પર લેશન તૈયાર કરી દૂરદર્શનના માધ્યમથી પ્રસારણ કરે છે. જિલ્લા કક્ષાએ DPEP કાર્યક્રમ પ્રાથમીક શિક્ષણને વધુ અસરકારક બનાવે છે જિલ્લા કક્ષાએ DIET જે GSERT ના સીધા માર્ગદર્શન હેઠળ કાર્ય કરે છે. જિલ્લાના શિક્ષકોને ઈન-સર્વિસ તાલીમ આપવાનું કામ કરે છે તે જિલ્લાના પ્રાથમીક શિક્ષકો અને અધ્યાપન મંદિરના અધ્યાપકોને પણ તાલીમ આપે છે. તાલુકા કક્ષાએ BRC સંસ્થા

કાર્યરત છે જે તાલુકાના શિક્ષકો માટે પ્રશિક્ષણનું કામ કરે છે તેમજ CRC કેન્દ્રોને માર્ગદર્શન આપે છે BRC અને DIET તરફથી મળતા માર્ગદર્શનને પૂરા પાડવામાં CRC ની મહત્ત્વ ની કામગીરી હોય છે.

**(1) NCERT : (નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ)**

**કાર્યો : -**

- સેવા વિસ્તરણ કાર્યક્રમોનું આયોજન કરવું
- દરેક રાજ્યમાં SCERT ની સ્થાપના કરવી
- શિક્ષકોના તાલીમના પ્રશ્નોના માર્ગદર્શન તજ્જ્ઞોની મદદ થતા આર્થિક સહાય પૂરી પાડવી.
- રાજ્યોના અભ્યાસક્રમ પર નિયંત્રણ રાખવું
- પરીક્ષા સુધારણા અને શાખા નિરીક્ષણ અંગે માર્ગદર્શન આપવું.
- સંશોધનાત્મક પ્રોજેક્ટ માટે આર્થિક સહાય કરવી.
- શિક્ષકો, અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતામાં વધારવા માટે પ્રયત્નો કરવા

**(2) NCTE (National Council for Teacher Education)**

વિભાગો (1) અભ્યાસક્રમ (2) પત્રવ્યવહાર (3) સેવાકાલીન શિક્ષણ વૈકલ્પિક પદ્ધતિ (4) વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ (5) શિક્ષક પ્રશિક્ષકોનું શિક્ષણ

**NCTE ના મુખ્ય કાર્યો :-**

- શિક્ષણ - પ્રશિક્ષકોની તાલીમ માટે નિયમો ઘડવા
- શિક્ષક - પ્રશિક્ષણનો અભ્યાસક્રમ ઘડવો
- પ્રવેશ માટે ઓછામાં ઓછી યોગ્યતાને આધારે ઉમેદવારોની પસંદગી પદ્ધતિ નક્કી કરવી.
- નવી પ્રશિક્ષણ સંસ્થાઓની અરજીને આધારે ચકાસણી કરી મંજૂરી આપવી
- પૂર્ણ સમયની તેમજ પત્રાચાર દ્વારા શિક્ષણ આપતી સંસ્થાઓનુ નિયંત્રણ કરવુ
- તાલીમ સંસ્થાઓનું સમયાન્તરે નિરીક્ષણ કરવું
- દેશનું પ્રશિક્ષણ માળખુ સક્ષમ બને તેમજ પ્રશિક્ષણ સંસ્થાઓ અસરકારક પ્રશિક્ષણનું કામ કરે તેવા પ્રયત્નો કરવા.

**(3) GCERT :- (Gujarat Council of Education Research and Training)**

GCERT ની સ્થાપના શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે દરેક રાજ્યમાં કરવામાં આવી.

GCERT સ્વાપત્ત સંસ્થા છે જે રાજ્ય ની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા ના શિક્ષણની ગુણવત્તા સુધારવા કામ કરે છે

**કાર્યો :-**

- જિલ્લામાં આવેલી પ્રાથમીક શાળાઓ માધ્યમિક શાળાઓ અને અધ્યાપન મંદિરોને શૈક્ષણિક માર્ગદર્શન આપે છે.
- પ્રાથમીક અને માધ્યમિક શિક્ષકો માટે સેવાકાલીન પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરે છે.
- ડાયટ (DIET) ના અધ્યાપકો, BRC, CRC ના તજ્જ્ઞો તથા વહીવટી નિરીક્ષકો પાસે ક્રિયાત્મક સંશોધનો, લઘુસંશોધનને સિદ્ધિ કસોટીઓ આધારિત સર્વેક્ષણો કરાવે છે.

- DIET, CTE અને LASE જેવી સંસ્થાઓ પર દેખરેખ રાખે છે. તેમજ માર્ગદર્શન પુરું પાડે છે.

**(4) NIEPA :- (રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજનની વહીવટી સંસ્થા)**

**(National Institute of Educational Planning and Administaton)**

**કાર્યો :-**

- શિક્ષણ વ્યવસ્થાતંત્રોમાં ઉચ્ચકક્ષાના અધિકારીઓ માટે અભિમુખતા તેમજ અભિસ્થાપન માટે તાલીમી કાર્યક્રમો પરિસંવાદો, ચર્ચાઓ વિચાર ગોષ્ઠિનું આયોજન કરે છે.
- રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક સર્વેક્ષણ કરે છે.
- શિક્ષણ આયોજન અને વ્યવસ્થાપનનું સાહિત્ય તૈયાર કરે છે.
- જુદા જુદા દેશોની શિક્ષણ વ્યવસ્થાઓનો તુલનાત્મક અભ્યાસ કરે છે.
- શિક્ષણ સંચાલન માટેની માહિતી એકઠી કરી માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરે છે.
- **સેવાકાલીન શિક્ષણનો પ્રબંધ કરતી વિવિધ સંસ્થાઓ**

(1) શિક્ષણ મહાવિદ્યાલયો

(2) રાજ્ય સરકારનું કેળવણી ખાતુ

(3) રાજ્ય શિક્ષણભવન :- (GCERT)

(4) રાજ્યનું શિક્ષક-પ્રશિક્ષણ

(5) શાળા સંકુલ

(6) યુનિવર્સિટી

(7) યુનિવર્સિટી અનુદાન પંચ

(8) પ્રાદેશિક  શિક્ષણ મહાવિદ્યાલયો

**(1) શિક્ષણ મહાવિદ્યાલય**

શિક્ષણ મહાવિદ્યાલયોનું મુખ્ય કાર્ય પૂર્વ સેવા શિક્ષણ આપવાનું છે આ ઉપરાંત આવી સંસ્થાઓ માધ્યમિક શાળાના સંપર્કમાં (પ્રાયોગિક કાર્ય દરમ્યાન કરવામાં આવે છે જેથી શિક્ષક, આચાર્ય, વિદ્યાર્થીના પ્રશ્નો પરથી જરૂરિયાત લક્ષી સેવાકાલીન શિક્ષણના કાર્યક્રમ યોજે છે તેમજ પોતાની નજીકની શાળાને દત્તક લઈ દાર્શનિક શાળા બનાવે છે. વ્યાવસાયિક સંસ્થા કે શાળા સંકુલ દ્વારા યોજના કાર્યક્રમોમાં તજ્જ્ઞો પૂરા પાડે છે. તેમજ મદદરૂપ બને છે.

**(2) રાજ્ય સરકારનું કેળવણી ખાતુ**

રાજ્યનું કેળવણી ખાતુ DEO ના માર્ગદર્શન હેઠળ કામ કરે છે જે પ્રત્યેક જિલ્લાના શિક્ષણની દેખરેખ રાખે છે. જે શાળાઓનું નિરીક્ષણ કરે છે. શિક્ષકોને કાર્યક્રમ બનાવવા, પ્રોત્સાહન આપવા, અદ્યતન રાખવામાં તેનો ફાળો મહત્ત્વનો છે.

**(3) રાજ્ય શિક્ષણભવન :- (GCERT)**

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પ્રત્યેક રાજ્યમાં ઈ.સ. 1962 માં રાજ્યશિક્ષણ ભવનની સ્થાપના કરવામાં આવી હતી. ઇ.સ.1988 માં તેની કામગીરીનું વિસ્તરણ કરી આ સંસ્થાને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) નવુ નામ આપ્યું બીજા રાજ્યોમાં તે SCERT નામે ઓળખાય છે ઇ.સ.1995 થી GSERT ના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લામાં DIET ની સ્થાપના કરવામાં આવી. GCERT નીચે મુજબના મુખ્ય કાર્યો કરે છે.

- જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓ અને અધ્યાયન મંદિરોને માર્ગદર્શન પૂરા પાડે છે.
- પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરે છે.
- ડાયટના અધ્યાપકો BRC, CRC ના તજ્સો, કેળવણી નાં વહીવટ નિરીક્ષણો પાસે ક્રિયાત્મક સંશોધનો, લઘુસંશોધનો હાથ ધરાવે છે.
- DIET, CTE પર દેખરેખ રાખે છે

**(4) UGC : યુનિવર્સિટી અનુદાન પંચ**

ભારતમાં 264 મહાવિદ્યાલયો તેમને સંલગ્ન આશરે 11564 કૉલેજોમાં 4.75 લાખ જેટલા શિક્ષકો અને 97 લાખ  વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઉચ્ચશિક્ષણ ના સમગ્ર તંત્રનું નિયમન તેની ગુણવત્તા સુધારવાનું કામ UGC કરે છે.

યુનિવર્સિટી અનુદાન પંચે રાષ્ટ્રની વિવિધ યુર્નિવર્સિટીઓ દ્વારા માધ્યમિક શાળાના શિક્ષકો અને કૉલેજના અધ્યાપકો માટે જુદા જુદા વિષયોમાં ઉનાળુ વેકેશન દરમ્યાન તાલીમ યોજે છે આ રીતે શિક્ષકો અને અધ્યાપકોને વિષયના અધત્તન જ્ઞાન અને પદ્ધતિઓથી વાકેફ રાખે છે તેમજ સંશોધન પ્રત્યે અભિરૂચી કેળવે છે. આવા વર્ગોને લીધે કૉલેજના અધ્યાપકો માધ્યમિક શિક્ષણની મુશ્કેલીઓ હલ કરવા સહાયરૂપ બને છે. અને શિક્ષણની ગુણવત્તા વધે છે તે વર્ગો યોજવા માટે સહાય કરે છે દેશના વિષય તજ્જ્ઞો દ્વારા વર્ગોનું સંચાલન કરવામાં આવે છે.

**UGC ના કાર્યો :-**

- યુર્નિવર્સિટીઓની આર્થિક જરૂરિયાતોની તપાસ કરી અનુદાન આપવા માટે સરકારને ભલામણ કરવી અને અનુદાનની વહેંચણી કરવી.
- યુર્નિવર્સિટીએ આપેલી ડીગ્રીની માન્યતા અંગે સરકારને સલાહ આપવી
- યુર્નિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ સુધારણા માટે સલાહ આપવી.
- ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે કેન્દ્ર સરકારના પગલાને અમલમાં મુકવાનું કામ કરે છે.
- યુનિવર્સિટીઓને ગુણવત્તાના ધોરણો અંગે સલાહ આપવી

**(6) CTE : (કૉલેજ ઓફ ટીચર એજ્યુકેશન)**

માધ્યમિક શિક્ષણ પંચની શિક્ષકોને નોકરી દરમિયાન પ્રશિક્ષણ આપવાની મહત્ત્વની ભલામણના ફળ સ્વરૂપે સેવાકાલીન શિક્ષણનો પ્રારંભ ઇ.સ.1955 થી થયો શાળાની સમસ્યા, નિદાન અને સુધારણા કાર્યક્રમમાં કે શિક્ષણના નવા વિચારોના પ્રસારણના કાર્યક્રમમાં સેવા વિસ્તાર વિભાગનો અનેરો ફાળો છે પરંતુ સેવા વિસ્તરણ વિભાગને બંધ થવાથી સ્વ. રાજીવગાંધી એ ઇ.સ.1986 થી સમગ્ર દેશમાં NEP (નેશનલ એજ્યુકેશન પોલીસી) તરફદારી કરી. સમગ્ર દેશમાં શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા માટે પ્રશિક્ષણ સંશોધન માટે લર્નિંગ રિસોર્સિસના મહત્તમ ઉપયોગની વ્યવસ્થા વિચારી જેના ઉપક્રમે ત્રણ સંસ્થા ના પ્રાથમિક શિક્ષકો માટે DIET માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિમક (C.T.E.) અને ઉચ્ચશિક્ષણ માટે (IASE) ની સંસ્થાઓ ઊભી કરવાનું વિચાર્યુ . પ્રશિક્ષણ મહાવિદ્યાલયોને અપગ્રેડ કરી C.T.E. નું નામર્નિમાણ કરવામાં આવ્યું. ગુજરાતમાં મોડાસા, ભાવનગર, સુરત, અમદાવાદ (એ.જી.ટીર્ચસ કૉલેજ), પાટણ (એલ.એન.કે. કૉલેજ ) ને CTE તરીકે પસંદ કરાઈ. CTE ના ચાર વિભાગો છે.

(1) પૂર્વ સેવાકાલીન તાલીમ

(2) સેવાકાલીન તાલીમ

(3) સેન્ટર ફોર લર્નિંગ રિસોર્સિસ

(4) સંશોધન

**સેવાકાલીન તાલીમ** : CTE માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની સેવાથી શિક્ષકો માટે સેવાકાલીન તાલીમ આપવાનું કામ કરે છે તે શિક્ષિકો માટે રિફ્રેશર કે પુનઃ સંસ્કરણ વર્ગો ચલાવે છે.

**સેન્ટર ફોર લર્નિંગ રિસોર્સિસ** :- શિક્ષણના નૂતન અભિગમમાં નવા પ્રવાહો, વૈશ્વિક શિક્ષણ સંદર્ભમાં ભારતમાં આવતા પરિવર્તનોનાં સદર્ભમાં કાર્યશિબિરો પરિસંવાદો, ગોષ્ઠિઓ અને સેમિનારોનું આયોજન કરે છે.

**સંશોધન :** CTE ના ઉપક્રમે શૈક્ષણિક સંશોધનો હાથ ધરવામાં આવે છે કેટલાક પ્રોજેક્ટ તૈયાર કરે છે.

**(7) ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન (IASE)**

ઈ.સ. 1986 માં રાષ્ટ્રીય શિક્ષણનીતિનો અમલ થયો શિક્ષણની ગુણવત્તા સુધારવા પ્રાથમીક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણના અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતા વધે તે માટે વ્યવસ્થા વિચારવામાં આવી. આ વ્યવસ્થાના ભાગરૂપે પ્રાથમીક શાળા ના શિક્ષકો માટે DIET માધ્યમિક શાળાના શિક્ષકોની સજ્જતા વધારવા માટે (CTE) અને ઉચ્ચશિક્ષણમાં સેવાહક અધ્યાપકો માટે IASE ની વ્યવસ્થા વિચારાઈ.

- IASE ના ઉપક્રમે કેટલાક શૈક્ષણિક સંશોધનો હાથ ધરવામાં આવે છે.
- IASE કેટલાંક શૈક્ષણિક પ્રોજેક્ટો માટે સંશોધકોને પ્રોત્સાહન આપે છે મદદ કરે છે.
- IASE શિક્ષક - પ્રશિક્ષકોની ગુણવત્તાનું સ્તર ઊંચુ આવે તે માટે શૈક્ષણિક તાલીમ કાર્યક્રમો ગોઠવે છે.
- IASE એ GCERT સાથે સંકલન કરી કાર્યક્રમો હાથ ધરે છે.
- IASE સેન્ટર તરીકે ગુજરાતમાં નીચે મુજબની સંસ્થાઓ પસંદ થયેલ છે.

  (1) સરકારી શિક્ષણ કૉલેજ, પોરબંદર

  (2) એચ.એમ.પટેલ ઈગ્લિશ ઈન્સ્ટીટ્યૂટ, વલ્લભવિદ્યાનગર

  (3) એમ.એસ.યુર્નિવર્સિટી, વડોદરા

**(8) યુનિવર્સિટી :-**

યુનિવર્સિટી સાથે ઉચ્ચ શિક્ષણ આપતી અનેક કૉલેજો જોડાયેલી હોય છે. યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પરીક્ષા પરિણામ સિવાય પણ સેવાકાલીન શિક્ષણના કાર્યક્રમ યોજવામાં આવે છે. અધ્યાપકો પોતાની શૈક્ષણિક લાયકાત વધારી શકે તે માટે તકો પૂરી પાડે છે. વેકેશન દરમ્યાનના કોર્સ ચલાવી એમ.એડ્. કે બી.એડ્. તેમજ કૉલેજ પ્રવેશ વિના External દ્વારા બી.એ. એમ.એ. થવાની તક પૂરી પાડે છે. શિક્ષકોની ડીગ્રી વધે તો શિક્ષણની ગુણવત્તા વધે છે. કેટલીક કૉલેજો સાહિત્ય નિર્માણ અભ્યાસક્રમ નિમાર્ણમાં યુર્નિવર્સિટી ના અધ્યાપકો મદદરૂપ બને છે. ઉનાળામાં શાળા કોલેજના શિક્ષક-અધ્યાપકોને સેવાકાલીન તાલીમ આપે છે. તેમજ યુનિવર્સિટીના એકેડેમિક સ્ટાફ કોલેજ પણ સેવાકાલીન શિક્ષણ પુરું પાડે છે.

**(9) પ્રાદેશિક પ્રશિક્ષણ મહાવિદ્યાલય :**

NCERT દ્વારા દેશમાં ચાર પ્રાદેશિક પ્રશિક્ષણ મહાવિદ્યાલયો શરૂ કરવામાં આવી છે. તેમાં અજમેર, ભુવનેશ્વર, મૈસુર અને ભોપાલ એમ ચાર સ્થળે પ્રાદેશિક શિક્ષણ મહાવિદ્યાલયો શરૂ કરવામાં આવી. આ મહાવિદ્યાલયો દ્વારા દેશની માધ્યમિક શાળાઓને આવરી લેવામાં આવે છે. આ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા એગ્રિકલ્ચર, હોમ સાયન્સ, ક્રાફ્ટ અને વિજ્ઞાન શિક્ષકો તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત અનુભવી સ્નાતકો માટે એક વર્ષનો બી.એડ્નો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે. આ મહાવિદ્યાલય સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ કાર્યક્રમો પણ યોજે છે. તેમજ પ્રશિક્ષણ મહાવિદ્યાલયના શિક્ષકો માટે પરિસંવાદ કાર્યશિબિર સંમેલનો યોજે છે.

**(10) શાળા સંકુલ : (School Complex)**

શાળા સંકુલનો વિચાર કોઠારી પંચની ભલામણ પછી આવ્યો છે. શાળા સંકુલો સેવાકાલીન શિક્ષણ પૂરું પાડવા માટે અગત્યની સંસ્થા બને છે. શાળા સંકુલો દ્વારા સમાન સમસ્યાનાં ઉકેલ સરળતાથી મળે તે માટેનો હેતુ છે. શાળા સંકુલ જૂથની શાળાઓ એકબીજાને મદદરૂપ બની શકે છે. શાળઓ માટે વાર્ષિક આયોજન, પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આંતરિક મૂલ્યાંકન સંદર્ભ એકબીજાને મદદરૂપ બની કાર્ય કરે છે. ભાષા શિક્ષણ સુધારણા માટે ઓપવર્ગો ચલાવે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી એવા કાર્યક્રમોનું આયોજન કરે છે. રમત-ગમત હરિફાઈ શિક્ષણ પ્રદર્શન, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી પ્રવૃત્તિઓમાં એકબીજા સામેલ થાય છે.

**(11) વ્યાવસાયિક સંઘોઃ**

વ્યાવસાયિક સંઘો (શિક્ષક કે આચાર્ય સંઘો) શિક્ષક કે આચાર્યની સમસ્યાઓ હલ કરવા માટે કામ કરતા નથી. શિક્ષક સંઘો પણ સેવાકાલીન શિક્ષણ કાર્યક્રમો ઘડવામાં તેમજ તેને અમલમાં મુકવામાં ખૂબ ફાળો આપે છે. શિક્ષક સંઘો દ્વારા શિક્ષકોની વર્ગ-વ્યવહાર દરમ્યાનની સમસ્યાઓ માટે કાર્યક્રમો હાથ ધરે છે આ ઉપરાંત રાજ્ય રાષ્ટ્ર કે જિલ્લા કક્ષાએ વિષયવાર શિક્ષક મંડળ રચાતા હોય છે તે પણ સેવાકાલીન શિક્ષણના કાર્યક્રમો યોજી શકે છે સેવાકાલીન કાર્યક્રમો જેવા કે કાર્યશિબિર, પરિસંવાદ કે સંમેલનો સિવાય મુખપત્ર કે સામાયિક ચલાવે છે. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તરફ થી 'સારસ્વત' નામનું સામાયિક ચાલે છે જેમાં પરિપત્રો, નિયમો વગેરેનું અર્થઘટન આપવામાં આવે છે. એ જ રીતે માધ્યમિક શિક્ષણ-પ્રશિક્ષણ મેગેઝીનમાં પણ શિક્ષકોને લેખો નિયમો, પરિપત્રો, શાળાના પરિણામો, વિષય વિશે નવું વગેરેની નોંધ કરેલી હોય છે. આ ઉપરાંત વિજ્ઞાન દર્શન, ગણિત દર્શન જેવા સામાયિકો પણ ચાલે છે શિક્ષક નિદર્શની સંઘ દ્વારા તૈયાર કરી આપવામાં આવે છે. જે શિક્ષકોને ઉપયોગી બને છે. શિક્ષક સંઘો દ્વારા વિષયના સ્વાધ્યાયો સામુહિક ધોરણો તૈયાર કરાવાય છે. તે વિષય તજ્જ્ઞોને આમંત્રણ આપી વાર્તાલેખો ગોઠવે છે. અભ્યાસક્રમના અઘરા મુદ્દાઓ પર ચર્ચા માટે મીટીંગ ગોઠવે છે વાર્ષિક શૈક્ષણિક આયોજન માટે શિબિર ગોઠવે છે નૂતન શૈક્ષણિક અભિગમો, અભિક્રમો, અધ્યાપન, પ્રાયોગિક પ્રકલ્પના અહેવાલ પર ચર્ચા ગોઠવે છે.

**(12) રાજ્ય શિક્ષક, પ્રશિક્ષણ બોર્ડ :**

રાજ્ય શિક્ષક- પ્રશિક્ષણ બોર્ડ સમયસર શાળાકીય આયોજન તેમજ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ પર દેખરેખ રાખે છે રાજ્ય શિક્ષક - પ્રશિક્ષણ બોર્ડ રાજ્યના શિક્ષક - પ્રશિક્ષણની ગુણવત્તાનું નિયમન કરે છે અને રાષ્ટ્રનું શિક્ષણ - પ્રશિક્ષણ બોર્ડ રાષ્ટ્રકક્ષાએ શિક્ષણ - પ્રશિક્ષણના માનાંકો અભ્યાસક્રમ અધ્યાપન ગણની જરૂરિયાતો વગેરે વિશે કાર્યક્રમો યોજે છે તે નીચે મુજબના કાર્યો કરે છે.

(1) શિક્ષક - પ્રશિક્ષણની ગુણવત્તા કાર્યદક્ષતા અને ક્ષમતા સુધારવા માટે સેવાકાલિન કાર્યક્રમોનું આયોજન કરે છે.

(2) સેવાકાલીન શિક્ષણ કાર્યક્રમોને આર્થિક સહાય કરે છે.

(3) શિક્ષક - પ્રશિક્ષકો માટે અમલમાં મુકાતા સેવાકાલીન શિક્ષણના કાર્યક્રમોનું નિરીક્ષણ કરે છે.

(4) શિક્ષણના નવા પ્રમાણો હાથ ધરવા તાલીમ મહાવિદ્યાલયોને પ્રોત્સાહન આપે છે.

(5) રાજ્યની તાલીમી મહાવિદ્યાલયો દ્વારા પ્રાથમીક તેમજ માધ્યમિક શાળાના શિક્ષકોને નવા અભ્યાસક્રમ સંબંધી, નવી પ્રવિધિઓ સંબંધી માર્ગદર્શન આપે છે.

(6) પ્રાથમીક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સંદર્ભે સંશોધનો હાથ ધરાવે છે.

**સેવાકાલીન શિક્ષણની પ્રવિધિઓ અને પ્રવૃત્તિઓ**

(1) પરિસંવાદ

(2) કાર્યશિબિર

(3) સંમેલન

(4) જ્ઞાનગોષ્ટી

(5) પ્રકાશન

(6) અલ્પકાલિન અને દીર્ઘકાલિન વર્ગ

(7) ઓપવર્ગ

(8) અભ્યાસવર્તુળ

(9) ચર્ચાજૂથ

(10) દાર્શનિક કાર્ય

(11) શિક્ષણ પ્રદર્શન

(12) નિબંધ વાચન

(13) વિજ્ઞાનમંડળ

(14) વિજ્ઞાનમેળો

(15) પ્રાયોગિક પ્રકલ્પ અને ક્રિયાત્મક સંશોધન

(16) અર્ધકાલીન વર્ગ : સપ્તાહના વર્ગ

(17) વિસ્તરણ વ્યાખ્યાન

(18) જૂથ ચર્ચા

(19) એકમ ચર્ચા

(20) પુસ્તકાલય સેવા

## 13.6 સેવાકાલીન શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ

### (1) પરિસંવાદ (Seminar)

શિક્ષણ પ્રદાન કરવા માટે ઉત્તમ પદ્ધતિ છે સેવાકાલીન શિક્ષણમાં સવિશેષ ઉપયોગ થાય છે યુર્નિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના શિક્ષણમાં આ પદ્ધતિનો અમલ થાય છે. જે વિષયનું જ્ઞાન અથવા સમાજ શિક્ષકોને આપવાનું હોય છે તે વિષયની સૌપ્રથમ વિશેષજ્ઞ (Resource Person) બાંધી દે છે ભૂમિકા બાંધ્યા પછી વિષયના વિવિધ પાસાની છણાવટ તજ્જ્ઞ કરે છે પછી તે વિષય ચર્ચા માટે રજૂ થાય છે વિષય ચર્ચા માટે રજૂ થયા પછી જૂથના સભ્યો રજૂ થયેલા પાસા અંગે વિચારો પ્રગટ કરે છે. આવી ચર્ચા દરમ્યાન નવા જ્ઞાન ને અમલમાં મૂકવાથી કેવી સમસ્યાઓ ઉભી થાય તેની પણ વિચારણા કરવામાં આવે છે. તજ્જ્ઞ સમસ્યાઓ અંગે પોતાના વિચારો રજૂ કરે છે પરિસંવાદમાં આવેલા કોઈપણ સભ્ય ચર્ચામાં ભાગ લઈ શકે છે. ચર્ચા દરમ્યાન તજ્જ્ઞનું વર્તન લોકશાહી પ્રકારનું હોય છે તે મુક્ત ચર્ચા અને પ્રશ્નોનું સમાધાન થાય તેવી તક અને મુક્ત વાતાવરણ ઊભુ કરવું એજ વિશષજ્ઞની સફળતા છે. તેમાં સામાન્ય રીતે 30-40 શિક્ષકો કે અધ્યાપકો ભાગ લેતા હોય છે. પરિસંવાદ ત્રણ ચાર દિવસનો હોય છે.

### (2) કાર્યશિબિર

જ્યારે નક્કર સાહિત્ય અથવા સાધન સામગ્રી તૈયાર કરવાનો ઉદ્દેશ રાખ્યો હોય ત્યારે આ રીત અપનાવવામાં આવે છે. આ પદ્ધતિ સર્જનાત્મક અભિગમ આધારીત છે. ભાગ લેનાર શિક્ષકો કે અધ્યાપકોને કલ્પના અને ચિંતન પ્રક્રિયા કરવામાં પ્રેરણા આપે છે. વિશેષજ્ઞ કે તજ્જ્ઞ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. કાર્યશિબિરને અંતે શુ મેળવવા માંગે છે તેની સમજૂતી આપે છે જે વિષયવસ્તુ કે સામગ્રી તૈયાર કરવાનું હોય છે તેનું માળખુ સમજાવવામાં આવે છે. જે શિક્ષકોએ ભાગ લીધો હોય

તેને ચાર - પાંચ જૂથમાં વહેચી દેવામાં આવે પ્રત્યેક જૂથને કામ સોપી દેવામાં આવે છે. પ્રત્યેક જૂથ પોતાને સોપેલા વિષયના પાસા પર ચર્ચા કરી તે ઉપરથી ફલિત બાબતોની સવિસ્તારપૂર્વક નોંધ તૈયાર કરે છે આ નોંધ જૂથ નેતા તૈયાર કરે છે બધા જૂથનું કાર્ય નિરીક્ષણ કે તેમની મૂઝવણ મથામણ ને જણાવવા તેમજ માર્ગદર્શન આપવા વિશેષજ્ઞ ફરતા રહે છે. દરેક જૂથ નેતા પોતાનો અહેવાલ વિશેષજ્ઞ ને સોંપે છે. વિશેષજ્ઞ બધા જૂથના અહેવાલ પર પુનઃ દૃષ્ટિ કરી તેને છેવટનું સ્વરૂપ આપે છે આ એક એવી પદ્ધતિ છે જેમાં જૂથના બધા જ સભ્યોને મુક્તપણે પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળે છે.આમ સમગ્ર કાર્યને અને સામગ્રી કે સાહિત્ય તૈયાર થાય છે.

**(3) સંમેલન (Conference)**

પરિસંવાદ કે કાર્યશિબિરમાં ભાગ લેનાર સભ્યોની સંખ્યા મર્યાદિત હોય છે. પરંતુ સંમેલનમાં ભાગ લેનાર સભ્યોની સંખ્યા વધારે હોય છે. પરંતુ દરેક કિસ્સામાં સાચુ નથી. ઓછી સંખ્યા હોય તો પણ સંમેલન યોજી શકાય. સંમેલન માટે જે તે ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવે છે. આ ક્ષેત્રમાં જાણીતી વ્યક્તિઓને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવે છે. જે વિષય પર સંમેલન યોજવાનુ હોય તે વિષયના અભ્યાસ લેખ અગાઉથી મગાવવામાં આવે છે કેટલીક વખત વિષયના અભ્યાસીઓને બહારથી બોલાવવામાં આવે છે. સંમેલનો રાજ્યકક્ષાના, યુનિવર્સિટી કક્ષાના, રાષ્ટ્રકક્ષાના કે આંતરરાષ્ટ્રીય કક્ષાના યોજવામાં આવે છે. જેમની પાસે અભ્યાસલેખ મંગાવવામાં આવે છે તેમને સંમેલનનો ઉદ્દેશ અને વિષય અગાઉથી જણાવવામાં આવે છે. અગાઉથી મેળવેલા અભ્યાસ લેખો મુજબ અભ્યાસલેખ વાંચન માટે સમયપત્રક બનાવવામાં આવે છે. સંમેલનનું ઉદ્‌ઘાટન ના પ્રમુખ તેમજ સમાપન ના પ્રમુખ નિષ્ણાતો કે તજ્જ્ઞોને બોલાવવામાં આવે છે. સંમેલનની પ્રત્યેક બેઠક માટે વિષયને અનુરૂપ પ્રમુખ પણ રાખવામાં આવે છે. જે બેઠકની કામગીરી નું સંચાલન કરે છે. બેઠકમાં જે વ્યક્તિઓએ અગાઉથી અભ્યાસ લેખ મોકલ્યા હોય તેમને રજૂ કરવાનું કહેવામાં આવે છે. અભ્યાસ લેખ અગાઉથી છાપવામાં આવ્યા હોય તો સભ્યોને વહેચવામાં આવે છે બેઠકના સમાપન વખતે પ્રમુખ કાર્યવાહીનું પરિપેક્ષ્ય કરાવી પોતાને જે ઉમેરવુ હોય તે ઉમેરે છે આ પદ્ધતિ દ્વારા જ્ઞાનને તાજુ કરી શકવાની તક મળે છે. સામેલ એક દિવસનું કે બે દિવસનું કે ત્રણ દિવસનું હોય છે. સંમેલનના અંતે સંમેલનમાં ભાગ લેનારને સર્ટીફિકેટ વહેચવામાં આવે છે સંમેલનમાં ભાગ લેનારને જમવાની તેમજ રહેવાની વ્યવસ્થા પણ અગાઉથી કરવામાં આવે છે.

**(4) જ્ઞાનગોષ્ઠિ (Symposium)**

સેવાકાલીન શિક્ષણમાં આ પદ્ધતિ ખૂબ ઓછી વપરાય છે જે વિષય પર જ્ઞાનગોષ્ઠિ કરવાની હોય તે વિષયના વિવિધ પાસાંઓ નક્કી કરે છે. દરેક જુદા જુદા પાસા અંગે કોઈ ચોક્કસ તજ્જ્ઞ સમજૂતી આપે છે ભાગ લેનાર વ્યક્તિઓ માટે કરેલી બેઠક વ્યવસ્થાની સામે વિશેષજ્ઞોને બેસવાની વ્યવસ્થા કરવામાં આવે છે. જે વિશેષજ્ઞ અગાઉ થી નક્કી કરેલા વિષયો પર પોતાની વાત રજુ કરે છે. વિષયનું સમાપન કરતા પહેલા શ્રોતાઓને પ્રશ્નો પુછવાનુ કે વિષય અંગે કોઈ સમસ્યા હોય તો તે રજૂ કરવાનું કહેવામાં આવે છે. પ્રશ્ન કે સમસ્યાનું જે વિષય રજૂ થયો હોય તે વિશે સૌને સંતોષ થાય છે.

**(5) પુસ્તાકલય સેવાઃ-**

સેવાકાલીન શિક્ષણ કેન્દ્ર અથવ સેવા વિસ્તરણ કેન્દ્ર પાસે અદ્યતન પુસ્તકાલય હોવુ જરૂરી છે. પુસ્તાલયમાં શિક્ષણને લગતા સંદર્ભ પુસ્તકોને સામાયિકો, સંશોધનપત્રો, તેમજ છેલ્લામાં છેલ્લી આવૃત્તિવાળા પુસ્તકો હોવા જરૂરી છે. પુસ્તક અદ્યતન હોય તો જ શિક્ષકો, આચાર્યો, અધ્યાપકો વર્તમાન શિક્ષણમાં થઈ રહેલા પરિવર્તનોથી વાકેફ રહી શકે પુસ્તકાલયના પુસ્તકોની સટીક નોંધ કે કોમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા માહિતી એકઠી કરવી જોઈએ. અને શાળાઓને મોકલવામાં આવે છે. જેથી શિક્ષકો, આચાર્યો, કેળવણી નિરીક્ષકો ઉપયોગ કરી શકે પુસ્તકોની લેવડ-દેવડ માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. કેટલીક વખત સંમેલનમાં પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવે છે.

**(6) પ્રકાશન**

પરિસંવાદ કે કાર્યશિબિરમાં બધી જ શાળાના બધા જ શિક્ષકોને નિમંત્રણ પાઠવી તેમની માટે વ્યવસ્થા કરવાનું અશક્ય નહિ પરંતુ મુશ્કેલ છે પરિવસંવાદ કે કાર્યશિબિર યોજવામાં આવે છે તેના પરિપાકરૂપે જે સાહિત્ય તૈયાર થાય છે તે છપાવી જે શાળાઓને મોકલવામાં આવે છે. જેથી પરિસંવાદમાં ભાગ ન લેનાર પણ નવુ જાણી શકી સેવા વિસ્તરણ કેન્દ્ર દ્વારા શાળાઓ માટે ઉપયોગી સાહિત્ય તૈયાર કરાવી છપાવીને મોકલવામાં આવે છે. જ્યારે નવો અભ્યાસક્રમ અમલમાં આવે ત્યારે શિક્ષકોને શિક્ષક માર્ગદર્શની કે અધ્યાપનપોથી જેવુ સાહિત્ય વિશેષજ્ઞ દ્વારા તૈયાર કરાવી શાળાઓને પહોચાડવામાં આવે છે. અધ્યયન માટેના સ્વાધ્યાય, મૂલ્યાંકન માટેની સામગ્રી, નિદાન કસોટીઓ વગેરેનું પ્રકાશન ઉપયોગી નીવડે છે. આવુ સાહિત્ય શાળાઓને પહોચાડવાથી સેવાકાલીન શિક્ષણ સાર્થક બને છે. સેવા વિસ્તરણ કેન્દ્ર દ્વારા પરિસંવાદ, કાર્યશિબિરના અહેવાલો સામાયિકમાં છાપી પહોચાડવામાં આવે છે. સેવા વિસ્તરણ કેન્દ્રો દ્વારા, મૂલ્યાંકન, વર્ગ-વ્યવહાર, શાળા નિરીક્ષણ વિજ્ઞાનમંડળ, એકમ આયોજન, શૈક્ષણિક સાધન સામગ્રી નિમાર્ણ, સંસ્થાકીય આયોજન જેવા સામાયિકોનું પ્રકાશન કરવામાં આવે છે.

**(7) અલ્પકાલીન અને દીર્ઘકાલીન વર્ગ :**

અર્ધકાલીન વર્ગો બે થી ત્રણ દિવસના ગાળાના હોય છે. જ્યારે દીર્ઘકાલીન વર્ગો એક સપ્તાહ થી બે કે ત્રણ સપ્તાહના સમળગાળાના હોય છે. આ વર્ગોમાં શિક્ષકોને શિક્ષણ સુધારવા માટે વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. વર્ગશિક્ષણ દરમ્યાનની સમસ્યાઓ હલ કરવા ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવે છે. મૂલ્યાંકન કસોટીની રચના, વર્ગ વ્યવહાર, પ્રશ્નબેંક, નિદાન અને સુધાર કાર્ય તેમજ વિષયવસ્તુની વધુ સુસજ્જતા માટે ઓપવર્ગોનું આયોજન કરવામાં આવે છે. સેવાવિસ્તરણ કેન્દ્ર માધ્યમિક શિક્ષકો અને NCERT ના શિક્ષકો માટે આવા વર્ગો ગોઠવે છે.

**(8) ઓપવર્ગ (Refresher Course) :**

શિક્ષકોની સજ્જતા વધારવા તેમજ પોતાના વ્યવસાયમાં વધુ સક્ષમ બને તે માટે આવા વર્ગોનું આયોજન કરવામાં આવે છે. જેના દ્વારા શિક્ષકોનો વ્યાવસાયિક વિકાસ થાય છે શિક્ષણની નવી પ્રવિધિઓ અભિગમો, અને વર્ગશિક્ષણને અસરકારક બનાવવા માટે ઓપવર્ગો ગોઠવવામાં આવે છે. મોટા ભાગે આ કાર્યક્રમ દિવાળી કે ઉનાળું વેકેશનમાં ગોઠવવામાં આવે છે. મોટા ભાગે આ કાર્યક્રમ ભોતિક સુવિધાયુક્ત શાળાઓમાં ગોઠવવામાં આવે છે. જેના દ્વારા શિક્ષકો શિક્ષણની વિવિધ નવી પદ્ધતિઓ અને પ્રવિધિઓથી વાકેફ બને છે. મોટે ભાગે ચર્ચા, દાર્શનિક કાર્ય, મુલાકાત પત્રવાચન જ્ઞાનગોષ્ઠી અને પુસ્તક પરિચય જેવી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

**(9) અભ્યાસવર્તુળ (Study groupas study circle)**

અભ્યાસવર્તુળની રચના એક જ વિષય અને એક સરખો રસ ધરાવનાર શિક્ષકો ભેગા મળી રચે છે. શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાના અધ્યાપકોના નેતૃત્વ દ્વારા આ કાર્યક્રમને વધુ સઘન બનાવી શકાય છે. સમાન રસ ધરાવતા શિક્ષકો કોઈ એક વિષય કે મુદ્દા પર ચર્ચા કરે છે. તેમાં કોઈ નવા પાઠ્યપુસ્તક ના વિષયવસ્તુ અંગે પણ ચર્ચા કરી શકાય. અભ્યાસવર્તુળની મીટીંગ, સાપ્તાહિક, માસિક કે સત્રાંત હોય છે જે વિષયવસ્તુ કે મુદ્દો પસંદ કર્યો હોય તેના સંદર્ભમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવે છે. દરેક સભ્ય જે તે વિષય સંદર્ભે પોતાના અનુભવ મુજબ ચર્ચામાં ભાગ લે છે ચર્ચાને અંતે કોઈ ચોક્કસ સર્વાનુમતે તારણો કાઢવામાં આવે છે. અભ્યાસ વર્તુળો શિક્ષણક્ષેત્રે વિકાસ માટે સંગીનકાર્ય કરે છે. અભ્યાસ વર્તુળોથી શિક્ષકો એકબીજાના પરિચયમાં આવે છે.

**(10) ચર્ચાજુથઃ**

સેવાવિસ્તરણ કેન્દ્ર દ્વારા માધ્યમિક શાળાના શિક્ષકોની વિચારશક્તિ કે તર્કશક્તિ વધુ સંગીન બને તે માટે ચર્ચા જૂથની યોજના કરે છે. વર્ષમાં કોઈ કોઈ વાર આવા કાર્યક્રમો યોજવામાં આવે છે. અનુભવી શિક્ષકો અને આચાર્યોને ચર્ચા જૂથમાં સામેલ કરવામાં આવે છે. શાળાનુ સમયપત્રક, નવી

શિક્ષણતરાહ, અભ્યાસક્રમના હેતુઓ, નવી શિક્ષણ પદ્ધતિ, અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન, પરીક્ષણ દરમ્યાન ઉદ્‌ભવતી સમસ્યાઓ હલ કરવાં જુથ ચર્ચા યોજવામાં આવે છે સેમિસ્ટર પદ્ધતિના અમલ પછી ઘણા પ્રકારના સેમીનાર, વર્કશોપ, ચર્ચાજુથ યોજવામાં આવ્યા ત્યારબાદ તેના લાભાલાભનો વિચાર કરવામાં આવ્યાં.

**(11) દાર્શનિક કાર્ય (Demosration Work)**

શિક્ષક - પ્રશિક્ષકો દ્વારા શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. નવા નવા શૈક્ષણિક સાધનોની રચના, વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓ, ગણિત મંડળની પ્રવૃત્તિઓ, સાહિત્ય મંડળની પ્રવૃત્તિઓ, સ્વરચિત શિક્ષણ સામગ્રી વગેરેનું પ્રદર્શન યોજવામાં આવે છે. ચાર્ટ નમૂનાઓનું પ્રદર્શન યોજી તાલુકાની કે જિલ્લાની શાળાઓને આમંત્રણ આપવામાં આવે છે. તે સાથે સેવા વિસ્તરણ કેન્દ્ર દ્વારા સામાયિકો, કે અન્ય પ્રકાશનોનું પ્રદર્શન પણ કરવામાં આવે છે. વર્ગશિક્ષણ પરના અહેવાલો, સંદર્ભ પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવે છે.

**(12) નિબંધ વાચન**

NCERT, DIET, GCERT કે શિક્ષણ પ્રશિક્ષણ ની કૉલેજો રાષ્ટ્રકક્ષાએ માધ્યમિક શાળાના શિક્ષકો માટે, આચાર્યો માટે નિબંધ વાંચન (Seminar Reading) નો કાર્યક્રમ રાખવામાં આવે છે. જે શિક્ષકો, વ્યાખ્યાનોમાં નિબંધ વાચન શ્રેષ્ઠ હોય એને ઇનામ થી નવાજવામાં આવે છે. પ્રથમ દસ, બીજા દસ, ત્રીજા દસ ને જુદા પ્રકારના રોકડ ઈનામો આપવામાં આવે છે. નિબંધ વાચનની જાહેરાત સેવા વિસ્તરણ કેન્દ્રો દ્વારા છાપામાં અગાઉથી જાહેર ખબર આપવામાં આવે છે. ભાગ લેનાર શિક્ષક કે અધ્યાપક કે અગાઉ થી જ નિશ્ચિત તારીખ સુધીમાં નિબંધ પહોંચાડવાનો હોય છે. રાજ્યકક્ષાએ પ્રથમ દસ ગુણવત્તાની દ્રષ્ટિએ પસંદ થાય છે આ યોજના પાછળનો હેતુ શિક્ષકો કે અધ્યાપકો નવું વાંચે, વિચારે અને શિક્ષણના નવા નવા પ્રયોગોથી જાણકાર થાય.

**(13) વિજ્ઞાનમંડળ (Science Club)**

વિજ્ઞાન અને ટેકનૉલોજીના યુગમાં વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક રસ અને વૈજ્ઞાનિક વલણ અપનાવે. વિજ્ઞાનની નવી નવી શોધો થી વાકેફ થાય. વિજ્ઞાને શોધેલા સાધનોનો શિક્ષણમાં ઉપયોગ વિશે જાણે તે માટે વિજ્ઞાન મંડળ શાળામાં રાખવામાં આવે છે. વિજ્ઞાનમંડળમાં શાળાના વિજ્ઞાન શિક્ષક દ્વારા માર્ગદર્શન આપીને જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. વિજ્ઞાન જોવા સાયન્સ સીટી, વિજ્ઞાન પ્રયોગશાળાની મુલાકાત કરવી. બુલેટીન બોર્ડ પર વિજ્ઞાનની જુદી જુદી માહિતી રજૂ કરવી. પ્રોજેક્ટો ધરવાનું કામ કરે છે NCERT નો વિજ્ઞાન વિભાગ જુદી જુદી પ્રવૃત્તિઓ માટે વર્કશોપ માટે અનુદાન આપે છે. વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓ વિજ્ઞાન વિષય પ્રત્યે આકર્ષણ વધે છે

**(14) વિજ્ઞાનમેળો (Science fair)**

વિજ્ઞાનમેળાનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારી કે ડાયેટ તેમજ શાળાના આચાર્યો સાથે મળીને કરે છે. સૌ પ્રથમ વિજ્ઞાન મેળાઓ તાલુકા લેવલે પછી જિલ્લા લેવલે ત્યારબાદ રાજ્યકક્ષાએ યોજાય છે આવા વિજ્ઞાન મેળા યોજવા પાછળનો હેતુ વિજ્ઞાન પ્રતિભાખોજ વિજ્ઞાન પ્રત્યે રસ વૈજ્ઞાનિક વલણ કે અભિગમ વિદ્યાર્થીઓનો વધે તે માટેનો હોય છે વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ વધે, વિજ્ઞાન શોધો કેટલી ઉપયોગી છે તેની ખબર પડે તાલુકા અને જિલ્લા લેવલે પ્રથમ આવનાર કૃત્તિઓને રાજ્યકક્ષાના વિજ્ઞાનમેળામાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. NCERT ન્યુ દિલ્હી પણ સહાય કરે છે. શાળાઓ પોતાની આગવી સમસ્યાઓ લઈ પ્રયોગો કરે છે. દર વર્ષે આ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલે છે આ પ્રવૃત્તિને લીધે કેટલીક શાળાઓ સ્વયં પણ શૈક્ષણિક પ્રયોગો કરે છે આવા શૈક્ષણિક પ્રયોગો સંશોધનવૃત્તિ તરફ પ્રેરે છે શિક્ષિતો સંશોધન પ્રત્યે આકર્ષાય છે જેને લીધે રોજબરોજમાં શાળાકીય પ્રશ્નો હલ કરવામાં આવા કિયાત્મક સંશોધનો નાના પાયે હાથ ધરી સમસ્યાઓ હલ કરે છે. ક્રિયાત્મક સંશોધનને વર્ગ-શિક્ષણના પ્રશ્નો હલ કરવા ઉપયોગી બને છે.

## 13.7 ઈનસર્વિસ ટીચર એજ્યુકેશનના પ્રકારો અને મોડેલ્સ

- ઈન સર્વિસ ટીચર એજ્યુકેશનના મોડેલ
- પ્રત્યક્ષ (Face to Face)
- દૂરવર્તી (Distance)
- ઓનલાઈન
- મિશ્ર પ્રકાર
- એક પ્રવાહીય, બહુ સ્થળીય, શાળાઓ કોર્ષવર્ક અને અવકાશ તેના ફાયદા - મર્યાદાઓ
- ઈન સર્વિસ ટીચર એજ્યુકેશનના મોડેલ :

### (1) પ્રત્યક્ષ (Face to Face)

શિક્ષણ - પ્રશિક્ષણ કૉલૅજોમાં વ્યાવસાયિક તાલીમ લીધા પછી વ્યાવસાયમાં રહીને પણ વ્યાવસાયમાં થતા નૂતન સંશોધન, નૂતન પ્રવાહો અને તે અંગેના જરૂરી કૌશલ્યો વિશે માહિતી પ્રાપ્ત કરવા અને તાલીમ લેવા માટે જે વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે તે સેવા કાલીન શિક્ષણ છે સેવાકાલીન શિક્ષણ દરમ્યાનની તાલીમ રાજ્ય સરકારનું શિક્ષણખાતુ, GCERT, DIET, શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાઓ દ્વારા માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો તેમજ પ્રાથમીક શાળાના શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ આયોજન કરવામાં આવે છે તાલીમ પાછળનો મુખ્ય હેતુ શિક્ષક પોતાના વિષયમાં વધુ સુસજ્જ બને. નૂતન શિક્ષણ પદ્ધિતિઓ પ્રયુક્તિઓથી વાકેફ થાય તેમજ પોતાના દૈનિક શિક્ષણ કાર્યમાં અમલમાં મૂકે તે માટે CTE દ્વારા, GCERT દ્વારા પરિસંવાદો, કોન્ફરન્સ, ઓપવર્ગોનું આયોજન કરવામાં આવે છે. જે મોટે ભાગે દિવાળી વેકેશન કે ઉનાળુ વેકેશન દરમ્યાન ગોઠવવામાં આવે છે. પ્રત્યક્ષ (Face to face) પ્રકારની તાલીમમાં શિક્ષકોને પોતાની વાત રજૂ કરવાની તક મળે છે શિક્ષકો પોતાની શાળામાં શિક્ષણકાર્ય દરમ્યાન જુદા જુદા વિષયો કે તેના એકમોના અધ્યાપન દરમ્યાન અનુભવાતી મુશ્કેલીઓની મુક્તપણે ચર્ચા કરે છે તજ્જ્ઞોના માર્ગદર્શન મેળવી ઉકેલ મેળવે છે. પ્રત્યક્ષ તાલીમમાં જે-તે એકમ કે વિષયના તજ્જ્ઞો દ્વારા દાર્શનીક પાઠ કે શિક્ષણના શૈક્ષણિક સાધનો બનાવવા કે વાપરવાનું કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે. શિક્ષક - પ્રશિક્ષણ દ્વારા વિદ્યાલયના અધ્યાપકોને તજ્જ્ઞ તરીકે બોલાવવામાં આવે છે. ખાસ કરીને જ્યારે અભ્યાસક્રમમાં પરિવર્તન આવે ત્યારે તાલીમ આપવામાં આવે છે. સેમિસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી ત્યારે વિષયવસ્તુ બે ભાગમાં વહેચવાથી ઘણા પ્રશ્નો ઊભા થયા તે આવી પ્રકારની તાલીમથી હલ થાય છે. આમ, આવા પ્રકારનાં સેવાકાલીન તાલીમથી વિચાર ગોષ્ઠિના ફળરૂપે હલ થાય છે શિક્ષણના નૂતન પ્રવાહો પદ્ધત્તિઓ પ્રયુક્તિઓથી માહિતગાર થવાય છે.

### (2) દુરવર્તી સેવાકાલીન શિક્ષણ :

આધુનિક યુગમાં વિશ્વ નાનું બનતુ જાય છે. માનવ વસવાટો દૂર દૂર સુધી અસ્તિત્વ ધરાવે છે. ગામડાઓમાં દૂર દૂર સુધી અંતરીયાળ વિસ્તારોમાં શાળાઓ આવેલી હોય છે. દૂરની શાળાના શિક્ષકોને વાહન વ્યવહારની મુશ્કેલીના નિવારણના આશય થી દૂરવર્તી સેવાકાલીન શિક્ષણ ટેલિવિઝન કે શિક્ષણની ચેનલો દ્વારા કે ઉપગ્રહની મદદ દ્વારા એક જ સેટ ચેનલ દ્વારા સીધુ જ શાળાના શિક્ષકોને તાલીમ આપી શકાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જુદા જુદા સમયે પ્રસારણ કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ મંડળો કે સંઘો દ્વારા મેગઝીનો દ્વારા પણ વિવિધ તાલીમ માહીતી પહોચાડવામાં આવે છે. દૂરવર્તી પ્રશિક્ષણ ઓડીયોવીડીયો સીડી, ટેલીવિઝન કાર્યક્રમ, શૈક્ષણિક ચેલન ઓનલાઇન, ઝૂમ,ગૂગલમીટ, માઈક્રોસોફ્ટ ક્લાસરૂપ દ્વારા આપી શકાય છે.

### (3) ઓનલાઈન ઈ-લર્નિંગ

વર્તમાનયુગ વિજ્ઞાન અને ટૅકનૉલોજીનો યુગ છે. તે માહિતીના યુગ તરીકે પણ ઓળખાય છે. વિજ્ઞાનના સંશોધનોને લીધે આજે ઈન્ટરનેટ ના યુગમાં દુનિયા બહુ નાની બની ગઈ છે. બદલાતા

સમયમાં શિક્ષણમાં પણ પરિવર્તન આવ્યું છે. આજે ઈન્ટરનેટ દ્વારા ઘેર બેઠા આંગળીના ટેરવે ઘણી બધી માહિતી મેળવી શકાય છે વિદ્યાર્થી પોતાના સમયે, પોતાની મેળે જ્ઞાન મેળવી શકે છે ઈ-લર્નિંગ એ વ્યાવસાય કરતા દૂર દૂરના ગ્રામ્ય વિસ્તાર કે અંતરીયાળ વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ કે શિક્ષકો માટે આર્શીવાદરૂપ છે.

**ઈ-લર્નિંગ : (વ્યાખ્યા)**

ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા અધ્યયનને સર્જવા નિયંત્રણ કરવા વિસ્તરણ કરવા અને સમજવા માટે પ્રવૃત્તિઓ અને પ્રૌદ્યોગિકીનો ઉપયોગ કરવો.

ઈ-લર્નિંગ દ્વારા દેશ કે દુનિયાના કોઈ ખૂણે બેઠેલ વ્યક્તિના જ્ઞાનનો લાભ લઈ શકાય. તજ્જ્ઞોના જે-તે વિષયના વ્યાખ્યાનો તાદૃશ્ય જોઈ અને સાંભળી શકાય છે. ઈ-લર્નિંગ દ્વારા શિક્ષકો પણ પોતાના વિષયની શિક્ષણ સજ્જતા વધારવા ઉપયોગ કરી શકે છે. ઈ-લર્નિંગ દ્વારા પોતાના સમયે જ્ઞાન મેળવી શકાય છે. જુદા જુદા શૈક્ષણિક ઘટકો, અભ્યાસક્રમ મૂલ્યાકન વ્યાવસ્થાપન નોંધણી માટે ઈ-લર્નિંગ મદદરૂપ બને છે દૂર દૂર ની ગામડાની અંતરીયાળ શાળાઓના શિક્ષકો પણ DIET કે GCERT દ્વારા યોજના ક્રાર્યક્રમોનો લાભ મેળવી શકે છે.

**મિશ્રપ્રકાર :-**

મિશ્ર પ્રકારના સેવાકાલીન શિક્ષણમાં શિક્ષકો બંને પ્રકારનો ઉપયોગ કરે છે એટલે કે તે સેવાકાલીન તાલીમ વર્ગોમાં જાય છે. વિજ્ઞાન અને ટૅકનોલોજીના યુગમાં આજે સ્માર્ટક્લાસ, ઈન્ટરનેટ પર નિષ્ણાતોના વ્યાખ્યાનો, દેશવિદેશની યુનિવર્સિટીઓના વિષય નિષ્ણાતો દ્વારા શિક્ષણકાર્યની સી.ડી.ઓનલાઈન વ્યાખ્યાન સાંભળી અને જોઈ શકાય છે. શિક્ષણ ચેનલો પણ આજે ચાલુ થઈ છે ત્યારે ઓનલાઈન શિક્ષણ પણ જરૂરી બન્યુ છે ઘણી એવી સમસ્યાઓ કે વિષયવસ્તુની સામગ્રી ઈન્ટરનેટ દ્વારા આજે મળી શકે છે. એની સાથે સેવાકાલીન તાલીમ દ્વારા પ્રત્યક્ષ તાલીમ પણ મેળવી શકાય છે. દૂરના અંતરીયાળ વિસ્તારોમાં હોય તેમને ઓનલાઈન શિક્ષણ ઉપયોગી નીવડે છે કારણ કે તેમના સમયનો બચાવ થાય છે તેની સામે વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય બગડતુ નથી. એ સાથે GCERT કે ડાયેટ દ્વારા યોજાતા સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ વર્ગો દ્વારા પણ શિક્ષણની નવી પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ અંગે જાણકારી મેળવી શકાય છે. શિક્ષણના નવા સંશોધનોથી વાકેફ રહી શકાય છે મિશ્ર પ્રકારના સેવાકાલીન શિક્ષણ - પ્રશિક્ષણમાં શિક્ષક બંને પ્રકારનો લાભ મેળવે છે.

## 13.8 શરૂઆતી, એકવાર, એક પ્રવાહીક બહુ સ્થાનીય શાળા આધારીત અને કોષવર્ક

ભારત દેશ ગામડાનો બનેલો દેશ છે. મોટાભાગના લોકો ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે. દેશની વસ્તીની 70 % વસ્તી ગામડામાં વસે છે. ગામડામાં ભણનાર બાળકોની સંખ્યા ખૂબ ઓછી હોય છે. મોટાભાગની શાળાઓ નાની હોય છે. બધારણની કલમ 45 મુજબ દેશમાં વસતા 6 થી 14 વર્ષના બાળકોને RTE હેઠળ મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનું સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવ્યું છે. દરેકને શિક્ષણ મળી રહે તે માટે ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. કેટલીક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી હોવાથી એકજ શિક્ષક કામ કરે છે આવી શાળાઓમાં એક જ શિક્ષકે બધા જ કાર્યક્રમોનું સંચાલન કરવું પડે છે એક સાથે એક થી વધુ વર્ગના બાળકોને શિક્ષણ આપવામાં આવે છે.

**એક શ્રેણીય અથવા બહુશ્રેણીય શાળાના લાભ અને મર્યાદાઓ :**

**લાભ :**

(1) શાળામાં 50 કરતા ઓછી સંખ્યા હોવાથી વધુ શિક્ષકો રાખવામાં આવે તો આર્થિક બોજ પડે છે.

(2) ઓછા વિદ્યાર્થી હોય તો વધુ સારી રીતે શીખવી શકાય છે.

(3) વ્યાવસ્થાપન કે શિસ્તના પ્રશ્નો રહેતા નથી.

**ગેરલાભઃ**

(1) શૈક્ષણિક ભારણ રહેતા શિક્ષકને મુશ્કેલી પડે છે.

(2) એક સાથે વધુ ધોરણોના શિક્ષણમાં દરેકને સરખો ન્યાય આપી શકાતો નથી.

(3) વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવી શકાતી નથી.

(4) એક જ શિક્ષક બધા જ વિષયોને સરખો ન્યાય ન આપી શકે.

(5) શિક્ષણ તેમજ વહીવટ ના કામો એક જ શિક્ષકે કરવાના હોવાથી મુશ્કેલી સર્જાય છે. છેવટે શિક્ષણની ગુણવત્તા ઘટે છે.

(6) એકજ વર્ગમાં એકથી વધુ ધોરણના વિદ્યાર્થીઓ માટે પૂરતો સમય ફાળવી શકાતો નથી.

**શિક્ષણ બે પ્રકારે આપી શકાય વૈશ્વિક અને અવૈધિક**

**અવૈધિક શિક્ષણઃ**

વૈધિક શિક્ષણમાં નિશ્ચિત શાળા, નિશ્ચિત સમયપત્રક અને નિશ્ચિત પાઠ્યક્રમ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવે છે. પરંતુ શાળામાં પ્રવેશ લીધા પછી. શાળા છોડી લેનાર બાળકો માટે કે વારંવાર નાપાસ થનાર બાળકો માટે જ્યારે અવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો ઊભા થાય ત્યારે અવૈધિક શિક્ષણ તેમના માટે આશીર્વાદરૂપ બને છે. અમુક ઉંમર પછી પણ શિક્ષણ મેળવવાનું મન થાય ત્યારે દૂરવર્તી શિક્ષણ ઉપયોગી સાબિત થાય છે કેટલીક વાર આર્થિક મુશ્કેલીઓને લીધે શાળા શિક્ષણ અધુરું છોડી દેવુ પડે છે. ત્યારે દૂરવર્તી શિક્ષણ ઓપન યુનિવર્સિટી, ઓપન સ્કૂલ દ્વારા આપવાની વ્યવસ્થા તેમને માટે ઉપયોગી નીવડે છે. સતત વધતી જતી વસ્તી બેકારીની સમસ્યામાં નોકરીની સાથે પોતે શિક્ષણની ડીગ્રી મેળવી શકે છે.

**લાભઃ**

(1) અવૈધિક શિક્ષણમાં વૈધિક શિક્ષણ જેવુ જડ ચોકઠું નથી.

(2) વિદ્યાર્થી પોતાના સમયે અનુકૂળતાએ શિક્ષણ મેળવી શકે છે.

(3) શિક્ષણ ફી, ઉંમર વગેરેમાં સગવડતા અનુભવે છે.

(4) વિદ્યાર્થી ડીગ્રી મેળવ્યા પછી બીજા વિદ્યાર્થીની તેમજ નોકરી માટે જાહેર પરીક્ષામાં બેસી શકે છે.

(5) રેડીયો ટી.વી., દૈનિક પેપરો, સામાજિક સી.ડી.ઓ., ટી.વી. કાર્યક્રમો દ્વારા શિક્ષણ મેળવે છે.

**મર્યાદાઓ.**

(1) અવૈધિક કેળવણી માત્ર દશ્ય અને શ્રાવ્ય માધ્યમ દ્વારા જ અપાય છે.

(2) અવૈધિક શિક્ષણમાં વિદ્યાર્થી મુશ્કેલી અનુભવે તો તેના ઉકેલ મેળવવાની વ્યવસ્થા નથી.

(3) વિદ્યાર્થીમાં અન્ય કૌશલ્યો, સહઅભ્યાસીક પ્રવૃત્તિઓનો વિકાસ થતો નથી.

(4) વિદ્યાર્થીમાં સમય પાલન, નિતિમતા પ્રમાણિકતા જેવા મૂલ્યો વિકસતા નથી.

(5) અવૈધિક શિક્ષણના પૂરતા કેન્દ્રો ન હોય તો માર્ગદર્શન નો અભાવ રહે છે.

## 13.9 સારાંશ

ભારતમાં શિક્ષણ કાર્યની શરૂઆત ઋષિમુની દ્વારા થઈ હતી. આશ્રમ શાળાઓમાં શિક્ષણ અપાતું હતું. ત્યારબાદ અંગ્રેજો દ્વારા કેળવણીની પ્રગતિ થઈ. ભારતમાં વિવિધ પંચો દ્વારા આઝાદી પછી ફેરફાર થયા. સેવા કાલીન શિક્ષણ દ્વારા શિક્ષકની સજ્જતામાં વધારો થાય તે માટેના પ્રયત્નો થયા. પ્રસ્તુત એકમમાં સેવાકાલીન શિક્ષણની સંકલ્પના, તેની જરૂરિયાતો, તેના ધ્યેયો અને સેવાકાલિન

શિક્ષણના વિવિધ સ્વરૂપો તેમજ સેવાકાલિન શિક્ષણ-પ્રશિક્ષણનું કાર્ય કરતી વિવિધ સંસ્થાઓ અંગે ચર્ચા કરેલ છે. તેમજ સેવાકાલિન વિવિધ પ્રવૃત્તિઓ અંગે સમજાવેલ છે.

## 13.10 તમારી પ્રગતિ ચકાસો

1. સેવાકાલિન શિક્ષણનો અર્થ સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. સેવાકાલિન શિક્ષણનું મહત્ત્વ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

3. સેમીનાર અને વર્કશોપનું મહત્ત્વ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

4. UGC અને CTE ના કાર્યો વિશે ટૂંકમાં જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 13.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. જુઓ 13.1
2. જુઓ 13.3
3. જુઓ 13.3.2
4. 13.5.4 અને 13.5.5

એકમ 14

# શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન

: રૂપરેખા :

**14.0 પ્રસ્તાવના**

**14.1 ઉદ્દેશો**

**14.2 શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન**

**14.3 મૂલ્યાંકનની સંકલ્પના**

**14.4 મૂલ્યાંકનની અગત્યતા**

**14.5 મૂલ્યાંકનની પ્રક્રિયા, સોપાન, સાધનો**

**14.6 તમારી પ્રગતિ ચકાસો**

**14.7 સારાંશ**

**14.8 સ્વાધ્યાય**

**14.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 14.0 પ્રસ્તાવના

પર્વતના શિખર પર કે કોઈ મંઝિલ પર ક્યારેય એકાએક પહોંચી જવાતું નથી. તેની શરૂઆત તો ચરણનું પ્રથમ ડગલું માંડવાથી જ થતી હોય છે. શિક્ષક પ્રશિક્ષણ દ્વારા જ સારા શિક્ષકો તૈયાર કરી શકાય છે. એક શિક્ષકનું કાર્ય બાળકે કેટલું જ્ઞાન ગ્રહણ કર્યું તેનું માપન કરવાનું પણ છે, અને આ માપન મૂલ્યાંકન દ્વારા જ શક્ય બને છે. મૂલ્યાંકન એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા જ્ઞાનની ઉપલબ્ધિને પરિમાણાત્મક અને ગુણાત્મક સ્તરે માપી શકાય છે અને આવા મૂલ્યાંકના પરિણામોને આધારે શિક્ષણ-વિદ્યાર્થીને શૈક્ષણિક માર્ગદર્શન આપી શકે છે. તેનાથી વિદ્યાર્થીઓને પ્રતિપોષણ પણ મળી રહે છે. સામાન્ય રીતે શૈક્ષણિક પ્રગતિને જાણવા માટે મૂલ્યાંકનના પરિણામોનો જ સ્વીકાર થાય છે. મૂલ્યાંક એ શિક્ષણ પ્રક્રિયાનું અવિચ્છન્ન અંગ છે, કારણ કે આવી પરીક્ષાઓના માધ્યમથી જ શિક્ષકો નિશ્ચિત કરેલાં શૈક્ષણિક ઉદ્દેશોની ઉપલબ્ધિ પરિણામ માપી શકે છે અને તેના પરિણામોથી વિદ્યાર્થીઓ પણ પોતાની પ્રગતિ વિશે આગાહી કરી શકે છે.

## 14.1 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે ....

- એકમનો પરિચય મેળવી શકશો.
- શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનની પ્રક્રિયા સમજી શકશો.
- શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનના સોપાનો સમજી શકશો.
- શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનના સાધનો સમજી શકશો.
- શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનની અગત્યતા સમજી શકશો.

## 14.2 શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન

શિક્ષણ ક્ષેત્રે મૂલ્યાંકનનો ખ્યાલ ઘણો પૂરાણો છે. ઘણાં બધાં વર્ષો પહેલાં વ્યક્તિમાં રહેલી જુદી-જુદી કુદરતી કે પ્રાપ્ત કરેલી શક્તિઓનું મૂલ્યાંકન કરવા માટેના પ્રયત્નો થતા હતા. આપણા પૂર્વજો એ સ્પષ્ટપણે માનતા હતા કે દરેક વ્યક્તિની બુદ્ધિ કૌશલ્યશક્તિ, જુદાં જુદાં કામો કરવાની ક્ષમતા પ્રશ્નોના ઉકેલ શોધવાની યોગ્યતા બીજા વ્યક્તિથી ભિન્ન હોય છે અને એ બધી શક્તિઓનું માપન કરવાની

પદ્ધતિઓ જુદા-જુદા સ્થળે અને જુદા-જુદા સમયે જુદી-જુદી હતી. એમ રામાયણ, મહાભારત અને દેશ પરદેશના ઉદાહરણો પરથી આપણે તારવી શકીએ છીએ. આપણા દેશની અને અન્ય સંસ્કૃતિઓના ઇતિહાસને આધારે આપણે કહી શકીએ કે માપન અને મૂલ્યાંકન માનવજીવનમાં ઘણા જૂના સમયથી અસ્તિત્વમાં હતું.

માનવવિકાસની સાથે-સાથે મૂલ્યાંકનની જુદી-જુદી રીતો અજમાવવાની જરૂર ઊભી થઈ અને એના પરિણામે મૂલ્યાંકન માટેની જુદી-જુદી પદ્ધતિઓ શોધાઈ. મૂલ્યાંકન એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા જ્ઞાનની ઉપલબ્ધિને પરિણાત્મક અને ગુણાત્મક સ્તરે માપી શકાય છે અને આવા મૂલ્યાંકનના પરિણામોને આધારે શિક્ષક-વિદ્યાર્થીને શૈક્ષણિક માર્ગદર્શન આપી શકે છે તેનાથી વિદ્યાર્થીઓને પ્રતિપોષણ પણ મળી રહે છે. સામાન્ય રીતે શૈક્ષણિક પ્રગતિને જાણવા માટે મૂલ્યાંકનના પ્રતિપોષણ પણ મળી રહે છે. સામાન્ય રીતે શૈક્ષણિક પ્રગતિને જાણવા માટે મૂલ્યાંકનના પરિણામોનો જ સ્વીકાર કરીને તેના પરિણામોને પ્રગતિ-પત્રકના રૂપે સ્વીકારી લેવાય છે. મૂલ્યાંકન એ શિક્ષણ પ્રક્રિયાનું અવિચ્છિન્ન અંગ છે. કારણ કે આવી પરીક્ષાઓના માધ્યમથી જ શિક્ષકો નિશ્ચિત કરેલાં શૈક્ષણિક ઉદ્દેશોની ઉપલબ્ધિ પરિણામ માપી શકે છે અને તેના પરિણામોથી વિદ્યાર્થીઓ પણ પોતાની પ્રગતિ વિશે આગાહી કરી શકે છે.

## 14.3 મૂલ્યાંકનની સંકલ્પના :

સામાન્ય રીતે જીવનમાં ડગલે ને પગલે કસોટીઓ તો આવે જ છે, તેને એક જીવનની રીત ગણી લેવાઈ છે. પરંતુ શાળાના ક્ષેત્રમાં મૂલ્યાંકનનો પ્રયોગ શૈક્ષણિક મૂલ્યાંકનના સંદર્ભમાં જ થાય છે.

"Educational assumes a purpose of an idea if what is 'good' of 'desirable' from the stand point of the individual of society of both"

***- Rammers & Gage (1955)***

''મૂલ્યાંકન એટલે જેના માધ્યમથી વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ઉદ્દેશોની પ્રાપ્તિ કેટલી હદે કરી છે તે જાણી શકાય.''

*- દાંડેકર (1971)*

દાંડેકરે પોતાની શૈક્ષણિક દૃષ્ટિથી મૂલ્યાંકનને સ્પષ્ટ કરવા જ્ઞાન અનુભવોની પ્રભાવકારિતા અને ઉદ્દેશોની પ્રાપ્તિની ગુણવત્તાના સ્તરને પણ જોડવા માટેનો પ્રયાસ તેમની પુસ્તિકા 'મૂલ્યાંકન સંકલ્પના'માં કર્યો છે. તેથી મૂલ્યાંકન એ એવી પ્રક્રિયા છે જેમાં આ શૈક્ષણિક ઉદ્દેશોનું નિર્ધારણ કરવું એ પ્રમુખ કાર્ય માનવામાં આવે છે. નિર્દેશાયેલા ઉદ્દેશો અનુસાર વિદ્યાર્થીના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક કાર્ય વ્યવહાર ગતિવિધિ વગેરેને સંચરિત કરવા માટેનો પ્રયાસ કરવામાં આવે છે.

ભણવું અને ભણાવવું એ વર્ષો જુની પ્રક્રિયા છે. કેળવણી એ શિષ્ય અને શિક્ષક વચ્ચેની જીવંત પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને અંતે આપણે વિદ્યાર્થીઓમાં કશુંક લાવવા ઇચ્છીએ છીએ તેનું ચિત્ર આપણે હેતુઓ, ઉદ્દેશો, અપેક્ષિત વર્તન-પરિવર્તનના સ્વરૂપમાં કરીએ છીએ. અભ્યાસ દ્વારા વિદ્યાર્થીના જ્ઞાનમાં, તેના લાગણી અને ભાવોમાં, તેનાં વલણો અને ક્રિયા-પ્રક્રિયામાં અપેક્ષિત-વર્તન ફેરફાર થવા જોઇએ. આવી અપેક્ષા આપણે અભ્યાસક્રમ, શૈક્ષણિક પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, પાઠ્યપુસ્તકો, વિવિધ અનુભવો પૂરા પાડવા માટેની સહઅભ્યાસિક અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. આ બધું આયોજન ચોક્કસ હેતુઓ અને ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને કરીએ છીએ. આ બધાને અંતે આપણે એ જોવા માંગીએ છીએ કે આપણે નક્કી કરેલા હેતુઓ અને ઉદ્દેશો કેટલે અંશે પાર પડ્યા તે નક્કી કરવાની એક પ્રક્રિયા યોજીએ છીએ. આમ, શૈક્ષણિક હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા તે નક્કી કરવાની પ્રક્રિયાને મૂલ્યાંકન કહે છે.

ટૂંકમાં, હેતુલક્ષી શિક્ષણકાર્યનું માપન એટલે મૂલ્યાંકન.

## 14.4 મૂલ્યાંકનની અગત્યતા

શિક્ષણકાર્યના ત્રણ તબક્કા ગણાવી શકાય. આયોજન, અમલ અને મૂલ્યાંકન. શિક્ષણકાર્ય માટે સૌ

પ્રથમ તે માટેનું સહેતુક આયોજન નક્કી કરવામાં આવે છે કે જેમાં શૈક્ષણિક હેતુઓ, શૈક્ષણિક મુદ્દાઓ, અધ્યાપન-અધ્યયનની પ્રવૃત્તિઓ જેવી બાબતોનો વિચાર કરીએ છીએ. આગળ જતાં બીજા તબક્કામાં આયોજન મુજબના હેતુઓને મુદ્દાઓ પરસ્પર ચક્રીય ક્રમમાં નીચે મુજબની આકૃતિથી સમજાવી શકાય. આપણા વર્ગશિક્ષણમાં પાઠ આયોજન અને તેના અમલમાં જ છે ને ? શિક્ષક તેના પાઠ માટેના હેતુઓ બાંધે છે. તે મુજબ તેનો અભ્યાસક્રમ તેની પ્રવૃત્તિઓ અને પદ્ધતિઓનો અમલ કરે છે અને છેલ્લે મૂલ્યાંકનનું કાર્ય ન કરી શકે તો તેનું કાર્ય અધૂરું જે લેખાય. કારણ કે મૂલ્યાંકનથી (1) શિક્ષણકાર્યના કેટલા અને કયા હેતુઓ કેટલે અંશે દ્વારા થયા છે તે જાણી શકાય છે. (2) વર્ગશિક્ષણમાં ઉપયોગમાં લેવાયેલી અધ્યાપન-અધ્યયનની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓની સફળતા વિશે જાણી શકાય છે. (3) વર્ગની વિદ્યાર્થીઓની સિદ્ધિ વિશે પણ જાણી શકાય છે. (4) શિક્ષકની કાર્ય કુશળતા વિશે પણ જાણી શકાય છે. (5) શિક્ષણના વિષય એકમનું કાઠિન્ય સમજી શકાય છે વગેરે...

આમ, સારરૂપે જોઈએ તો મૂલ્યાંકનથી શિક્ષણના હેતુઓ, પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ, વિષય એકમો તેમજ વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિશેની સફળતા અંગે જાણી શકાય છે. જો કે આવી તમામ બાબતોની સફળતા, નિષ્ફળતા પરથી પણ તારવી શકાય શૈક્ષણિક દષ્ટિકોણ મૂલ્યાંકનની નીચે મુજબની વ્યાખ્યા પણ આ રીતે સાચી બને છે.

"Evaluation may be derriend as a systematic process of determinacy the extent to which educational objective are achieved by pupils"

અહીં એ વાતનું ધ્યાન દોરવાનું કે આ process એ સંકુચિત અર્થમાં નથી, વ્યાપક અર્થમાં છે. તે સાતત્યભરી છે. આપણે જેમ પરીક્ષા કે માપનની પ્રક્રિયાથી સમજી બેઠા છીએ તે પૂરતું અહીં સીમિત નથી જ. પરીક્ષા એ તો મૂલ્યાંકનનું એક પાસું છે. એક પ્રવૃત્તિ છે. પરીક્ષાથી વિદ્યાર્થીની સિદ્ધિ સંખ્યાત્મક સ્વરૂપે જાણી શકાય છે. જેને આપણે માપન કહીશું. પરંતુ મૂલ્યાંકનમાં તો આ પરીક્ષા માપનથી પણ વધુ છે. અહીં સંખ્યાત્મક ઉપરાંત વિદ્યાર્થીની ગુણાત્મક સિદ્ધિ પણ મૂલ્યાંકન માટેના વિવિધ સાધનો - પ્રયુક્તિઓ વિકસાવી શક્યા નથી. તેમનો પૂરતો ઉપયોગ સાર્થક બનાવતા નથી અને તેથી જ આપણે વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ સમજી શકતા નથી.

શિક્ષણકાર્ય ઉપર મૂલ્યાંકનની ભારે અસર થતી હોય છે એ ન ભૂલવું જોઈએ અને તેથી જ એમ કહેવાય છે કે, ‘સારું શિક્ષણ’ અને ‘મૂલ્યાંકન’ વચ્ચે કોઈ ભેદ જ નથી. આજે તો શિક્ષણકાર્ય પરીક્ષાલક્ષી થતું જાય છે અને તેથી કરીને તો આ ભેદ વધતો જાય છે. ‘પરીક્ષામાં પૂછાતું હોય તે જ શીખવવું’ અથવા બીજી રીતે જોઈએ તો ‘શીખવ્યું હોય તે જ પરીક્ષામાં પૂછવું’ આવા ધોરણો પ્રવર્તિત છે. ત્યાં સારું શિક્ષણ ક્યાથી ? મૂલ્યાંકન ક્યાથી ? આમ, છતાં ભારતમાં પરીક્ષા સુધારણાના કાર્યક્રમો રાષ્ટ્રકક્ષાએ, તેમજ રાજ્યકક્ષાએ યોજાઈ રહ્યાં છે. તેથી ‘મૂલ્યાંકનથી સારું શિક્ષણ બનશે એવી આશા રાખી શકાય.’

‘મૂલ્યાંકન’ ન હોય તો ? સારું શિક્ષણ ના થાય કારણ કે, શિક્ષણકાર્યની પૂર્વે તેમ જ દરમિયાન મૂલ્યાંકન કરવું જરૂરી બને છે. મૂલ્યાંકનની જરૂરિયાત સૌને છે તેની જરૂરિયાત સર્વકાળે હતી અને રહેશે જ. અગાઉના વર્ષોનાં ભૂતકાળમાં પણ મૌખિક પ્રશ્નોત્તરી વાક્યુદ્ધોથી તેમજ વિવિધ સ્પર્ધાઓ, પ્રવૃત્તિઓથી મૂલ્યાંકન થતાં જ હતા. આજે ત્રીજી રીતે લેખિત કસોટીઓથી પણ મૂલ્યાંકનો થઈ રહ્યાં છે. ખરેખર તો વિદ્યાર્થીનું મૂલ્યાંકન ત્યારે જ સાચું થયું કહેવાય કે જ્યારે આવી બધી જ રીતોથી તેનું મૂલ્યાંકન સર્વાંગીણ મૂલ્યાંકન કરવામાં આવતું હોય અને તો જ ‘સારું શિક્ષણ’ થાય.

મૂલ્યાંકનની ઉપયોગિતા વ્યવહારું રીતે નોંધીએ તો એમ કહી શકાય કે તેનાથી –

- વિદ્યાર્થીને આગળના અભ્યાસ માટે બઢતી આપવાનું કાર્ય થઈ શકે છે.
- વિદ્યાર્થીને આગળના અભ્યાસ કે વ્યવસાય માટે માર્ગદર્શન આપી શકાય છે.
- શિક્ષણનાં ઉપકરણો જેવાં કે, અભ્યાસક્રમ, શૈક્ષણિક સાધનો, અધ્યાપન-અધ્યયન પ્રવૃત્તિઓ, પાઠ્યપુસ્તક વગેરેની મૂલવણી થઈ શકે છે.

- પ્રવર્તમાન શૈક્ષણિક સ્તર વિશેનું સર્વેક્ષણ થઈ શકે છે.
- શિક્ષણ આપતી સંસ્થાની કક્ષા તારવી શકાય છે.

મૂલ્યાંકનની આવી ઉપયોગિતાઓ તેની અનિવાર્યતા પણ સૂચવી જાય છે અને ત્યારે મૂલ્યાંકનકાર્ય શાસ્ત્રીય ઢબે વ્યાપક સ્વરૂપે, સૂક્ષ્મતાભર્યું, સતત થતું રહે એ ખૂબ જરૂરી છે. તેમાં જણાતી ઊણપો વિશે પણ સૌએ જાગ્રત થવું જોઇએ.

## 14.5 મૂલ્યાંકનની પ્રક્રિયા, સોપાન, સાધનો

મૂલ્યાંકનની સંકલ્પના ઉપરાંત મૂલ્યાંકનની પ્રક્રિયા પણ આપણે સમજવી આવશ્યક છે. દરેક મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશો સાથે શૈક્ષણિક મૂલ્યાંકનનો વિચાર કરી ઉકેલનું પાયાનું કાર્ય બાળકોમાં જરૂરી એવા ફેરફારો લાવવાનું છે. આપણે બાળકના જ્ઞાનમાં, જ્ઞાન વિશેની તેની સમજમાં તેના વલણમાં અને તેની જુદી-જુદી ક્રિયા-પ્રક્રિયાઓમાં તેનાં રસ-રુચિમાં અપેક્ષિત પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ તે સૌ પ્રથમ નક્કી કરવું જોઇએ. એટલે કે જો આપણે સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ પ્રકારના ઉદ્દેશો નક્કી કરવા જોઇએ. વાત સંપૂર્ણપણે નક્કી થયા પછી જ આગળની બાબતોના ઉદ્દેશોની અભ્યાસક્રમ સ્પષ્ટતા થઈ શકે. એટલે કે કેળવણી કે વિષયશિક્ષણના હેતુઓનું 'મૂલ્યાંકન' કહે છે. એટલે કે તે શૈક્ષણિક મૂલ્યાંકનની સંકલ્પનાનું પહેલું પગથિયું ગણાય.

મૂલ્યાંકનની શાસ્ત્રીય પદ્ધતિનો વિચાર કરીએ ત્યારે ઉદ્દેશોનું નીચેની રીતે વર્ગીકરણ કરી તેમને વધુ ચોક્કસ બનાવવા પ્રયત્ન થવો જોઇએ.

- જ્ઞાનપ્રાપ્તિ હેતુઓ (Knowledge Objectives)
- સમજપ્રાપ્તિ હેતુઓ (Understanding Objectives)
- જ્ઞાનના ઉપયોગના હેતુઓ (Application Objectives)
- કૌશલ્ય કુશળતા હેતુઓ (Skill Objectives)
- વલણ હેતુઓ (Attitude Objectives)
- અભિરુચિ વિકાસના હેતુઓ (Interest Objectives)

વિષય શિક્ષણમાં આ છ પ્રકારના હેતુઓ મુખ્ય હોઈ શકે. મૂલ્યાંકન કસોટીની રચના વખતે આ છ એ હેતુઓ લક્ષમાં રાખવા જોઈએ. વલણ અને અભિરુચિના માપન માટે આંતરિક મૂલ્યાંકન (Internal Assesment) યોજી શકાય છે.

કેળવણીના ઉદ્દેશો નક્કી થયા પછી આપણે તે ઉદ્દેશો પાર પાડવા અને સિદ્ધ કરવાની પ્રક્રિયામાં આગળ વધીશું. તે માટે અભ્યાસક્રમ, શૈક્ષણિક અનુભવો અને શિક્ષણ પદ્ધતિઓનું કાળજીભર્યું અને સચોટ આયોજન તૈયાર કરીશું. હેતુઓને લક્ષમાં રાખી અભ્યાસક્રમમાં કયા-કયા વિષયોને સ્થાન આપવું તથા દરેક વિષયને કેટલો ભાર આપવો તે નક્કી કરીશું. અભ્યાસક્રમ અને વિષય શિક્ષણના ઘટકો નક્કી થયા પછી બાળકોને જે-તે શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાની જરૂર છે તેનું સહેતુક આયોજન કરવું ખૂબ જરૂરી છે. અધ્યયન અનુભવોની યોજનાનો વિચાર કરતી વખતે પાઠ્યપુસ્તકોનું સ્વરૂપ, અધ્યયન પદ્ધતિઓ, ................

આમ, કેળવણીના હેતુઓ વિષયશિક્ષણના ઉદ્દેશો અને વર્તન ફેરફારોને અનુરૂપ અભ્યાસની યોજના તૈયાર કરવી એ મૂલ્યાંકન સંકલ્પનાનું બીજું સોપાન ગણાય.

હેતુઓ, ઉદ્દેશો અંગે અભ્યાસની યોજના તૈયાર કર્યા પછી તે અનુસાર આપણું શિક્ષણકાર્ય થાય છે. પણ પ્રશ્ન એ ઊભો થાય છે કે આપણે બાળકમાં કશુંક લાવવાં ઇચ્છિએ છીએ એટલે કે તેનાથી અપેક્ષિત ફેરફારો માપીએ છીએ તે આ અભ્યાસયોજના દ્વારા કેટલે અંશે સિદ્ધ થયા ? બાળકના વ્યક્તિત્વના વર્તનના જે શાબ્દિક ચિત્રની કલ્પના કરી આ કાર્ય આરંભેલું તેવી રીતે બાળક તૈયાર થયું કે કેમ ? તેમજ બાળકમાં જે અપેક્ષિત પરિવર્તન લાવવા ઇચ્છતા હતા, તે કેટલે અંશે સિદ્ધ થયું તે જોવું ખૂબ જ અગત્યનું છે.

આમ, શૈક્ષણિક હેતુઓ, અભ્યાસક્રમ અને અભ્યાસયોજનાને ધ્યાનમાં રાખી શૈક્ષણિક મૂલ્યાંકન કસોટીની રચના કરવી એ મૂલ્યાંકનનું સોપાન ગણાય.

સારી કેળવણી અંતર્ગત શૈક્ષણિક મૂલ્યાકનના સોપાન નીચે પ્રમાણે છે.

- કેળવણીના સામાન્ય હેતુઓ અને વિષય શિક્ષણના વિશિષ્ટ ઉદ્દેશો નક્કી કરવા.
- પ્રત્યેક ઉદ્દેશનું વિદ્યાર્થીના અપેક્ષિત વર્તન-પરિવર્તનમાં રૂપાંતર કરવું.
- હેતુઓ અને ઉદ્દેશો સિદ્ધ થાય તેવાં અધ્યયન પદ્ધતિઓ-પ્રયુક્તિઓ, અભિગમો, શૈક્ષણિક સાધનો, પાઠ્યપુસ્તકો અને અધ્યયન પદ્ધતિ નક્કી કરવી.
- હેતુઓ-ઉદ્દેશો અને વર્તન-પરિવર્તનને અનુરૂપ અભ્યાસક્રમ નક્કી કરવો.

**મૂલ્યાંકનના સોપાનો**

↓

| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
|---|---|---|---|---|---|
| અધ્યાપન પ્રક્રિયાના હેતુઓ નક્કી કરવા | જ્ઞાન-અનુભવોનું આયોજન | જ્ઞાન અનુભવોનું પ્રસ્તુતીકરણ | વ્યવહારું પરિવર્તન | મૂલ્યાંકનની પ્રયુક્તિઓની રચના અને ઉપયોગ | વ્યવહારું પરિવર્તનનું પૃથક્કરણ અને અર્થઘટન |

**(1) અધ્યાપન પ્રક્રિયાના હેતુઓ નક્કી કરવા :**

મૂલ્યાંકન એક સહેતુક પ્રક્રિયા છે તેથી મૂલ્યાંકનના પ્રથમ સોપાન તરીકે હેતુઓ નક્કી કરી દેવા કે જેથી મૂલ્યાંકનને ...........

**(2) જ્ઞાન અનુભવોનું આયોજન :**

આ સોપાનમાં નિશ્ચિત કરેલાં હેતુઓની પૂર્તિ માટે જ્ઞાન-અનુભવોની પસંદગી કરવામાં આવે છે તથા તેને આધારે અધ્યાપન પ્રક્રિયા માટેની પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે. જ્ઞાનાનુભવોથી જ અધ્યાપનના હેતુઓને પ્રાપ્ત કરવા પ્રયાસ કરી શકાય. મૂલ્યાંકનના આ સોપાનમાં અધ્યેતાની રુચિ, વલણ, પરિપક્વતાનું સ્તર, તેઓનો આગ્રહ પૂર્વાનુભવો વગેરેનો ખ્યાલ રાખવામાં આવે છે.

**(3) જ્ઞાન અનુભવોનું પ્રસ્તુતીકરણ :**

આ એક સ્વાભાવિક સોપાન છે. જેમાં અધ્યાપનના હેતુઓ અને અનુભવોને ક્રમબદ્ધ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે, જેમાં મહાવરાથી કે વિવિધ પ્રયોગોથી અધ્યેતાઓને જ્ઞાનાનુભવો હોવા માટે પ્રેરિત કરવામાં આવે છે. આ સોપાનમાં મૂલ્યાંકનના દરેક પ્રકાર તેની યોગ્યતા પ્રમાણે પ્રયોજવામાં આવે છે.

**(4) વ્યવહારું પરિવર્તન :**

આ મૂલ્યાંકન પ્રક્રિયાનું અંતિમ ચરણ છે. જેમાં અધ્યેતાની ઉપલબ્ધિ કે સિદ્ધિનું માપન કરવામાં આવે છે. સંપૂર્ણ પાઠ્યક્રમના અંતે સંકલનાત્મક મૂલ્યાંકનના પરિણામ પરથી અધ્યાપકો અધ્યેતાના વ્યવહાર પરિવર્તનને જુએ છે.

શિક્ષક-શિક્ષણ ક્ષેત્રે મૂલ્યાંકનના જુદાં-જુદાં પ્રકારનો વિવેકપૂર્વક ઉપયોગ કરાય છે. જેમાં મૌખિક, પ્રાયોગિક વ્યવહારિક તેમજ લેખિત પરીક્ષાનો વ્યાપક ઉપયોગ કરાય છે. તદ્ઉપરાંત સામાજિકતામિતી, સ્વવિવરણ અને નિરીક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

**(5) મૂલ્યાંકનની પ્રયુક્તિઓની રચના અને ઉપયોગ :**

અધ્યેતાના વિવિધ કૌશલ્યોના મૂલ્યાંકન માટે ઓળખયાદી, પ્રશ્નાવલિ, મુલાકાત નોંધ, લેખિત

કસોટી, પ્રસંગનોંધ, નિબંધલેખન, ક્રમમાપદંડ, સ્વમૂલ્યાંકન જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો.

**(6) વ્યવહાર પરિવર્તનનું પૃથક્કરણ અને અર્થઘટન :**

મૂલ્યાંકન પરથી અધ્યેતાના વ્યવહાર પરિવર્તનનાં મળેલાં પરિણામોનું પૃથક્કરણ કરવું જોઈએ. આ પૃથક્કરણ વખતે અધ્યેતા અન્ય વિષયના પ્રાપ્તાંકો તેમની કુદરતી શક્તિઓ જેવી કે બુદ્ધિ અભિયોગ્યતા, બીજા વિદ્યાર્થીઓના પરિણામો વગેરે ધ્યાનમાં લઇ ......

મૂલ્યાંકનની જુદી-જુદી પ્રવિધિઓ હોય છે. શિક્ષકે દરેક પ્રવિધિઓથી માહિતગાર થવું જ જોઇએ. આ પ્રવિધિઓને શિક્ષણમાં બે સ્વરૂપમાં વહેંચી શકાય. ઔપચારિક અને અનૌપચારિક. આ ઔપચારિક પ્રવિધિઓની યાદી, મૂલ્યાંકનની કસોટીઓ આવશે. આ કસોટીઓ મૌખિક કે લેખિત હશે. આવી કસોટીઓને આપણે મૂલ્યાંકનના સાધનો પણ કહીશું. જ્યારે મૂલ્યાંક પ્રયુક્તિઓમાં મૂલ્યાંકનની અનૌપચારિક પ્રવિધિઓ સંગ્રહિત માહિતીપત્રક, ક્રમમાપદંડ વગેરે મૂકી શકાય.

**મૂલ્યાંકન**

- (ઔપચારિક) સાધનો જેવાં કે –
  - નિબંધલક્ષી કસોટી પ્રશ્નો
  - ટૂંકોત્તરી પ્રશ્નો
  - મૌખિક વસ્તુલક્ષી કસોટી પ્રશ્નો
- (અનૌપચારિક) પ્રયુક્તિઓ જેવી કે –
  - ક્રમ માપદંડ
  - પ્રસંગનોંધ
  - મુલાકાત
  - પ્રશ્નાવલી
  - ઓળખસૂચિ
  - સંગ્રહિત માહિતીપત્રક
  - રોજનિશી
  - સામાજિક આલેખન વગેરે

"Evaluation techniques are indispensable tools to the teacher how were evaluation is not merely a collection of techniques evaluation is a process which underlies all good teaching & learning."

'All good teaching and learning' મેળવવા માટે શિક્ષકે ઉપર્યુક્ત સાધનો પ્રયુક્તિઓનો પૂરતો અને યથાર્થ ઉપયોગ કરવો જોઈએ.

શિક્ષકે શિક્ષણ મૂલ્યાંકનના હેતુને અનુરૂપ વિદ્યાર્થીઓની વય-કક્ષા વગેરેને ધ્યાનમાં રાખીને સમગ્ર પરિસ્થિતિના સંદર્ભમાં સાધનપ્રયુક્તિની યોગ્ય પસંદગી તેમજ તેના આર્થિક ઉપયોગ કરવાના રહે છે.

## 14.6 તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** નીચે આપવામાં આવેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

એકમના અંતે આપવામાં આવેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો.

1. શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન અંગેની સમજ આપો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

.................................................................

.................................................................

2. મૂલ્યાંકનની કોઈ પણ બે વ્યાખ્યા લખો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. મૂલ્યાંકનની અગત્યતા વિશે લખો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. મૂલ્યાંકનની ઉપયોગિતા વિશે લખો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. મૂલ્યાંકનના સોપાનો વિશે લખો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. વિદ્યાર્થીના મૂલ્યાંકન માટે કયા-કયા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે ?

## 14.7 સારાંશ

પ્રસ્તુત એકમમાં શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનની સંકલ્પના, મૂલ્યાંકનની અગત્યતા, મૂલ્યાંકનની ઉપયોગિતા મૂલ્યાંકનની પ્રક્રિયા, સોપાનો તેમજ મૂલ્યાંકનના સાધનોની સમજ આપેલ છે. વર્તમાન સમયમાં શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનના મહત્ત્વની વિશદ્ સમજૂતી આપેલી છે.

## 14.8 સ્વાધ્યાય

1. શિક્ષક-પ્રશિક્ષણમાં મૂલ્યાંકન શા માટે આવશ્યક છે સમજાવો.
2. શિક્ષણ-પ્રશિક્ષણમાં મૂલ્યાંકનના સોપાનો વિશે સમજાવો.
3. શિક્ષક-પ્રશિક્ષણમાં કયા-કયા સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરશો તે નોંધો.

## 14.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. જુઓ 5.3
2. જુઓ 5.3.1
3. જુઓ 5.3.2
4. જુઓ 5.3.2
5. જુઓ 5.3.3
6. જુઓ 5.3.3